तव महालाभो भविष्यति । गुरुः पच त्रिंशत् मुनिभि मह स्थित. । मासी द्विमासी तृमासी चतुर्मासी उ-प्पोसित कारिका । अथ मंत्रीश्वर उहड सुतं भुजंगेन दष्ट· । अनेक मत्रआदिन. आहूता. परं न कोपि समर्थस्तै. कथित अयं मृत दावो दीयतां । तस्य स्त्री काष्टभक्षणे स्मशाने आयाता । श्रेष्टस्य महान् दु.खो जात. । वादित्रान् आकर्ण्य लघुशिष्य तत्रागत ।झंपाणो दृष्ट्वा एव कथापयति भो ! जीवितं कथ ज्वाल्यत तै· श्रेष्टिने कथित एप मुनीश्वर एव कथयति ।श्रेष्टिना झंपाणो वालित क्षुल्लक. प्रनष्ट गुरु पृष्टे स्थित.। मृतकामानीय गुरु अग्रे मुचति श्रेष्टि गुरु चरणे शिर निवेश्य एव कथयति भो दयालु मम देवो रुष्ट. मम ग्रहो शून्यो भवति । तेन कारणेन मम पुत्रभिक्षा देहि । गुरुणा प्रासु जलमानीय चरणौ प्रक्षा-ल्य तस्य छटित। सहसात्कारेण सज्जो बभूव हर्ष वादित्राणि वभूव । लोकै· कथित श्रेष्टि सुत नूतन जन्मो आगत । श्रेष्टिना गुरूणा अग्रे अनेकमणि मुक्ताफल सुवर्ण वस्त्रादि आनीय भगवान् गृह्यता । गुरुणा कथितं मम न कार्य पर भवद्भि जिन धर्म्मो गृह्यता । सपाद लक्ष श्रावकानां प्रति बोधि कारक । पूर्वं श्रेष्ठिना नारायण प्रासादं कारयितुमारब्धं । स दिवसे करोति रात्रौ पतति सर्वे दर्शनिन पृष्टा न कोपि उपायो कथितं तेन रत्नप्रभाचार्यो प्रष्ट·—भगवान् मम प्रासादो रात्रौ पतति । गुरुणा प्रोक्त कस्य नामेन कारयत । नारायण नामेन । एवं नहि महावीर नामेन कुरु मगल भविष्यति । प्रासाद-स्य विघ्न न भविष्यति श्रेष्टिना तथैव प्रतिपन्नं । अथ शासनदेव्या गुरूणा कथितं हे भगवन् अन्य प्रासाद योग्य मया देव गृहात् उत्तरस्यां दिशी लूणद्रहाभिधान डुंगरिकायां श्री महावीर बिंब कारयितुमारब्ध । तत्र तेन श्रेष्टिना गोपाल वचनात् गोदुग्ध स्त्रावकारणं ज्ञात्वा सर्वेपि दर्शनिन पृष्टा तै. पृथक् पृथक् भाषया अन्यदन्यदुक्त । तत· श्रेष्टिना स आचार्योऽभिवंद्य पृष्ट तत· शासन देव्या वाक्यात् आचार्यो ज्ञात्वा एवं कथयति तत्र त्वत्प्रासाद योग्य बिंबो भविष्यति परं षट् मासै. सार्द्ध सप्त दिनै निष्कासनीयं । श्रेष्टि उत्सुक संजात । किंचिदूर्नदिनै निष्कासित. निंबु फल प्रमाण हृदयस्य ग्रन्थी द्वय सहितं । आचार्यै. प्रोक्तं अद्यापि किंचित् असंपूर्ण बिंब विलंबस्व श्रेष्टिना प्रोक्तं गुरूणां कर प्रासादात् संपूर्णं भविष्यति। तेनावसरे कोरटकस्य श्राद्धाना आव्हान आगतं । भगवन् प्रतिष्ठार्थमा-गच्छ । गुरुणा कथितं मुहूर्त वेलाया आगच्छामि ।

> सप्तत्या ७० वत्सराणा चरम–जिनपतेर्मुक्तजातस्य वर्षे
> पचम्या शुक्लपक्षे सुरगुरुदिवसे ब्रह्मण. सन्मूहुर्त्ते ।
> रत्नाचार्यै सकलगुणयुते सर्वसंघानुज्ञाते
> श्रीमद्वीरस्य बिंबे भवशतमथने निर्मितेयं प्रतिष्ठा ॥ १ ॥
> उपकेशे च कोरटे तुल्यं श्री वीरबिंबयो
> प्रतिष्ठा निर्मिता शक्त्या श्रीरत्नप्रभसूरिभि ॥ २ ॥

निजरूपेण उपकेसे प्रतिष्टा कृता वैक्रिय रूपेण कोरटके प्रतिष्टा कृता श्राद्धै द्रव्यव्यय· कृत । ततस्तेन श्रेष्ठिना श्रीऔपकेश पुरस्य श्रीमहावीर बिंब पूजा आरात्रिका स्नात्रकरण देव वंदनादिविधि श्रीरत्नप्र-भाचार्यात् शिक्षिता । तदनतर मिथ्यात्वाभावात् श्रावकत्व केषाचित् श्रेष्टिसबंधिना सजातं। तत आचा-र्येण ते सम्यक्त्वधारी कृता। एकदा प्रोक्त भो युयं श्राध्दा तेषा देवीना निर्दयचित्ताया महिष बोत्कटादि

जीवचधास्थि भगशब्द श्रवण कुतुहलप्रियया अविरताया रक्ताक्तिभूमितले आर्द्रचर्म्मबद्धघदनमाले निष्ठुरजनसेवित धर्म्मध्यानविध्यापने महाबीभत्सरौद्रे श्री सच्चिकादेवि गृहे गन्तु न बुध्यते । इति आचार्यवच श्रुत्वा ते प्रोचु प्रमो युक्तमेतत् पर रौद्रा देवी यदि छलिष्याम तदा सा कुटुम्बान् मारयति। पुनराचार्यै प्रोक्त अह रक्षा करिष्यामि । इत्याचार्यवाक्य श्रुत्वा ते देवीगृहे गमनात् स्थिता । आचार्याणा प्रत्यक्षीभूय देव्या सकोपमित्युक्त आचार्य मम सेवकान् मम देवगृहे आगच्छमानान् निवारणाय त्व न भविष्यति। इत्युक्त्वा गता देवी पर सातिशय कालभावात् महाप्रभावात् अनेकसुररक्षितप्रातिहार्ये आचार्ये देवी न प्रभव ति । एकदा छद्म लब्ध्वा देव्या आचार्यस्य वामनेत्रे काचिव्यथा किंचित् स्वाध्यायादि रहितस्य वामनेत्र भूराधिष्ठिता । वेदना जाता । आचार्यै यावत् सावधानीभूय पीडाया कारण चिंतित तावत् देवी प्रत्यक्षीभूय इति प्रोक्त मया पीडा कृता । अह स्वशक्त्या त्वा स्फेटयिष्यामि इति सावष्टम आचार्योक्त श्रुत्वा सभयाकृत सा विनय प्रोक्त भवादृशाना कृपणा विग्रह विवादो न युक्त । यदि त्व कडडमड्ड ददासि तदाह वेदना अपहरामि। आचद्रार्क त्वत्किंकरी भवामि इति श्रुत्वा आचार्य प्रोक्त कडडमडड दापयिष्यामि। इत्युक्त्वा गता देवी। प्रभाते श्रावकानामाकार्य ते पक्वान्न खज्जकादि सुडकद्वय कर्पूरकुकुमादिभोगश्च आनीय श्रीसच्चिकादेवी देवगृहे श्रीरत्नप्रभाचार्य श्रावकै सार्ध गत । तत श्रावकै पार्श्वात् पूजा कराप्य वामदक्षिणहस्ताभ्या पक्वान्नसुडकादि चूर्णयद्भि आचार्यै प्रोक्त देवी कडडमन्ड दत्तमस्ति । अत पर ममोपासिका त्व इति वचनानतर एव समीपस्थकुमारिका शरीरे आवेश कृत । तत प्रोक्त प्रभो मया अन्य कडडमडड याचित अन्य दत्त । आचार्यै प्रोक्त त्वया वधो याचित स धुलाधु दाधु न बुध्यते इत्यादिसिद्धान्तवाक्य कुमारी शरीरस्था श्रीसच्चिकादेवी सर्वलोक प्रत्यक्ष श्रीरत्नप्रभाचार्य प्रतिबोधिता । श्रीउपकेशपुरस्था श्रीमहावीरभक्ता कृता सम्यक्त्वधारिणी सजाता । आम्ता मांस कुसुममपि रक्त नेच्छति । कुमारिका शरीरे अवतीर्णा सती इति वक्ति भो मम सेवका यत्र उपकेशपुरस्थ स्वयभू महावीरबिंब पूजयति श्रीरत्नप्रभाचार्य उपसेवति भगवन् शिष्य प्रशिष्य वा सेवति तस्याह तोष गच्छामि। तस्य दुरित दलयामि यस्य पूजा चित्ते धारयामि। एतानि शरीरे अवत्तीणा सा कुमारी कथ्यता । श्रीसच्चिकादेव्या वचनात् क्रमेण श्रुत्वा प्रचुरा जना श्रावकत्व प्रतिपन्ना । क्रमेण श्रीरत्नप्रभाचार्य ८४ वर्षे स्वर्ग गत ।

८ तत्पट्टे यक्षदेवाचार्य माणभद्र यक्ष प्रतिबोध कर्त्ता सजम्य विघ्नो निवारित ।

९ तत्पट्टे कक्कसूरि । १० तत्पट्टे देवगुप्तसूरि ।

११ तत्पट्टे सिद्ध सूरि । १२ तत्पट्टे रत्नप्रभ सूरि । १३ तत्पट्टे यक्षदेव सूरि ।

१४ तत्पट्टे कक्क सूरि। स्वयभू श्रीमहावीर स्नात्र विधि काले, कोसौ विधि कथ किमर्थ सजात इत्युच्यते—तस्मिन्नेव देव गृहे अष्टाह्निकास्निकमहोत्सव कुर्वतास्तेषां मध्ये अपरिणतवयसा केषाचित् चित्ते इयदुर्बुद्धि सजाता । यदुत भगवत् महावीरस्य हृदये ग्रन्थी द्वय पूजा कुर्वता कुशोभा करोति अन मशकरोगवत् छेदयिता को दोष । वृद्धै कथित अय अघटित टंकिना घातो न अर्ह । विशेषतो अस्मिन् स्वयभू श्री महावीर बिंबे । वृद्धवाक्यमवगण्य प्रच्छन्न सूत्रधारस्य द्रव्य दत्वा ग्रन्थिद्वय छेदित तत् क्षणादेव सूत्रधारो मृत । ग्रन्थिच्छेदप्रदेशे च रक्त धारा छुटिता । तत उपद्रवो जात । तदा उपकेश-गच्छाधिपति श्रीकक्क सूरिभि पायम्दि चतुर्विधसघेनाहूता वृत्तात कथित । आचार्यै चतुर्विधसघ स-

हिनेन उपवास त्रयं कृत । तृतीय उपवास प्रान्ते गात्रिसमये शासनदेवी प्रत्यक्षी भूय आचार्याय प्रोक्त–हे प्रभो न युक्त कृत बालश्रावकै मद् घटितं बिंब आशातितं । कलानीशक्तं अतोनंतर उपकेशनगर शनै २ उपद्रव भविष्यति । गच्छे विरोधो भविष्यति । श्रावकाणां कलहो भविष्यति । गोष्टिका नगरात् दिशोदिश यास्यंति । आचार्ये प्रोक्तं परमेश्वरि भवितव्यं भवत्येव परं त्व श्रवनु नथिं निवारय । देव्या प्रोक्तं घृत घटेन दधि घटेन इक्षुरस घटेन दुग्ध घटेन जल घटेन कृतोपवासत्रय यदा भविष्यति तदा अष्टादशा गोत्र मेलं कुरु. तेसीं १ तातहड गोत्र । २ बापणा गोत्रं । ३ कर्णाट गोत्रं । ४ बल्ह गोत्र । ५ मोराक्ष गोत्रं । ६ कुल हट गोत्रं । ७ विरिहट गोत्र । ८ श्री श्रीमाल गोत्र । ९ श्रेष्टिगोत्रं । एते दक्षिण बाहु । १ सुचंती गोत्रं । २ आइचणा गोत्र । ३ चारवेडीया गोत्र । ४ भाद्र गोत्र । ५ चींचट गोत्रं (देशलहरशाखा) । ६ कुंभट गोत्रं । ७ कनउजया गोत्रं । ८ डिंड्म गोत्र । ९ लघु श्रेष्टि गोत्रं । एते वाम बाहु स्नात्रं कर्तव्य नान्यथाऽशिवो शान्तिर्भविष्यति । मूल प्रतिष्ठानंतर वीर प्रतिष्ठा दिवमानीत शतत्रये ३०३ अनेहसि त्रयियुगस्य वीरेरस्यत्य भेदोऽजनि दैव योगात् इत्युक्त श्रीमदुपकेशगच्छचरित्र मूत्रे श्लोक–१७३

१५ तत्पट्टे श्रीदेवगुप्तसुरि। १६ तत्पट्टे सिद्ध सूरि। १७ तत्पट्टे रत्नप्रभ सूरि।

१८ एव अनुक्रमेण श्रीवीरात् वर्षे ५८५ श्रीयक्षदेवसूरिर्बभूव महाप्रभावकर्ता द्वादशवर्षे दुर्भिक्षमध्ये वज्र स्वामी शिष्य वज्रसेनस्य गुरो परलोकप्राप्ते यक्षदेवसूरिणा चत्वारि शाखा स्थापिता –

१९ तत्पट्टे कक्कसूरि । २० तत्पट्टे देवगुप्तसूरि । २१ तत्पट्टे सिद्ध सूरि ।

२२ तत्पट्टे रत्नप्रभसूरि । २३ तत्पट्टे यक्षदेव सूरि । २४ तत्पट्टे कक्क सूरि ।

२५ तत्पट्टे देवगुप्तसूरि । २६ तत्पट्टे सिद्ध सूरि । २७ तत्पट्टे रत्नप्रभसूरि ।

२८ तत्पट्टे यक्षदेव सूरि । २९ तत्पट्टे कक्कसूरि । ३० तत्पट्टे देवगुप्त सूरि ।

३१ तत्पट्टे सिद्धसूरि । ३२ तत्पट्टे रत्नप्रभ सूरि । ३३ तत्पट्टे यक्षदेव सूरि ।

३४ तत्पट्टे ककुदाचार्य । तत्पट्टे देवगुप्ताचार्य । तत्पट्टे सिद्धाचार्य । एतानि पंच उपकेशगच्छाधिपाचार्याणा मूलनामानि । तत्पट्टे कक्कसूरि द्वादश वर्षयावत् षष्ट तपं आचाम्लसहितं कृतवान् । तस्य स्मरणस्तोत्रेण मरोटकोटे सोमकश्रेष्टिस्य शृंखला त्रुटिता । तेन चिंतितं यस्य गुरो नामस्मरणेन बंधनरहितो जात एकवार तस्य पादौ वंदामि । स भरुकच्छे आगत । अटणवेलाया सर्वे मुनीश्वरा अटनार्थ गतास्ति । सच्चिका गुरो अग्रे स्थितास्ति । द्वारे दत्तोस्ति तेन विकल्प कृतं । शच्यका शिक्षा दत्ता मुखे रुधिरो वमति । मुनीश्वरा आगता । वृद्धगणेशेन ज्ञातं भगवन् द्वारे सोमकश्रेष्टी पतितोस्ति । आचार्ये ज्ञात अय सच्चिकाकृत । सच्चिका आहूता कथितं त्वया किं कृत । भगवन् मया योग्य कृतं । रे पापिष्ट यस्य गुरुनामग्रहणे बंधनानि शृंखलानि त्रुटितानि सति स अणाचारे रतो न भविष्यति । परं एतेन आत्मकृतं लब्ध । गुरुणा प्रोक्त कोपं त्यज शांतिं कुरु । तया कथित यदि असौ शान्तिर्भविष्यति तदा अस्माकं आगमन न भविष्यति प्रत्यक्षं । गुरुणा चिंतित भवितव्यं भवत्येव स सज्जाकृत । सच्चिकावचनात् द्वयोर्नाम भंडारे कृता श्रीरत्नप्रभसूरि अपरश्री यक्षदेवसूरि एते सप्रभावा एतदनेहसि अस्य उपकेशगणस्य द्वाविंशति शाखा नामानि दत्तानि—

१ नागेन्द्र २ चन्द्र ३ निर्वृत्ति ४ विद्याधराणा स्थाने १ सुन्दर २ प्रभ ३ कनक ४ मेरु ५ सार ६ चन्द्र ७ सागर ८ हस ९ तिलक १० कलश ११ रत्न १२ समुद्र १३ कल्लोल १४ रग १५ शेखर १६ विशाल १७ राज १८ कुमार १९ देव २० आनन्द २१ आदित्य २२ कुभ इति । तत तेनैव कक्कसूरिणा अबुदाचलमेखलाया तृषार्तस्य सघस्य डट स्थापनेन जल प्रगटि कृत। तेनैव सार्धार्मिक वात्सल्ये जेसलपुरात् भरकच्छे घृतो आनीत ।

३५ तत्पट्टे श्रीदेवगुप्तसूरि । तत्पदमहोत्सवे पाठका पच स्थापिता जयतिलकादि। तेन जयति— लकेन श्रीशान्तिनाथचरित्र निर्मित ।

३६ तत्पट्टे सिद्ध सूरि। ३७ तत्पट्टे कक्क सूरि। ३८ तत्पट्टे देवगुप्तसूरि।

३९ तत्पट्टे सिद्धसूरि। ४० तत्पट्टे कक्क सूरि। ४१ तत्पट्टे देवगुप्तसूरि। स० ९९५ वर्ष बभूव।

४२ क्षत्रीयवशोत्पन्नत्वात् वीणावाद्ये तत्पर क्रियाविषय शिथिल । तत चतुर्विधसघेन तत्पट्टे वीस विस्वोपकारक स्थापित श्रीसिद्धसूरि ।

४३ तत्पट्टे कक्कसूरि पचप्रमाणग्रन्थकर्ता। ४४ तत्पट्टे सवत् १०७२ वर्ष श्रीदेवगुप्तसूरि।

४५ तत्पट्टे नवपद प्रकरण—स्वोपज्ञटीकाकर्ता सिद्धसूरि। ४६ तत्पट्टे कक्क सूरि।

४७ तत्पट्टे देवगुप्तसूरि। ४८ तत्पट्टे सिद्ध सूरि। ४९ तत्पट्टे कक्कसूरि।

५० तत्पट्टे सवत् ११०८ वर्षे देवगुप्त सूरिर्बभूव। भीनमाल नगरे साह भईसाभेन पद महो त्सवे सपादलक्ष धन व्ययो कृत । ततो गुरुणा पादप्रक्षालनेन जले विषापहार दर्शी येन भइसाख श्रेष्ठिना श्री देवगुप्त सूरे पद महोत्सव कृत । स पूर्वं डिडुवाण पूरे भइसा भार्या छगणाणि स्थाप्यते ततो गुरूपदे शेन ज्वालितानि छगणानि रूप्यमयानि भवति ततो तेन रूप्येन गद्दहिया मुद्रा पातिता । भइसाख माता श्री शत्रुजय यात्रागता सरल वुच्यते पत्तन मध्ये इश्वरश्रेष्ठिन पार्श्वे स्वरचो याचिता । तेन पृष्ट भवती कस्य माता तेन कथित अह भइसाख माता । तेन हसित अस्माक गृहे पानीयमानयति तेषा माता इति वित र्किन। ततोऽनन्तर पश्चात् धन गृहीत्वा यात्रा कृत्वा सघभक्ति कृत्वा गृहे जगाम। पुत्रेण पृष्ट मान मम क्रियत्भूमौ नाम वर्तते । माता कथित भवता प्रतोली द्वार यावन्नाममस्ति । तेन वचनेन असतोषो जात । श्रेष्टि हास्यवचन कथित । तद्वचन वालयिष्यामि तदा द्वितीय वेला भोजयिष्यामि । एव प्रतिज्ञा कृत्वा पत्तने सामान्यरूपे द्वार हट्टे गत । भो श्रेष्टि रूप्य ग्रहिष्यामि । तेन कथित रोपभरेण वर्लिनिदानयिष्यामि तत्सर्वं गृह्णामि । सचरारो यानित तेन युष्माभिर्नीयते सवालक्ष मुद्रिका दत्ता । ततो गद्दभशतानि भारयरवा पत्तने जगाम। पृष्ट एतावद्धि रूप्य वर्तते एव श्रुत्वा श्रेष्टिन चमत्कृता स श्रेष्टि समग्र पत्तनश्रेष्टि मेल यित्वा चरणे पपात । भइसाभस्तेव कथित गुर्जरधरीत्रीमध्ये महिषेण पानीयमानयेतु तदा मोचयामि । तद्धन देशे सप्तक्षेत्रे व्ययो कृत । ततो गाल्हिया इति शाखा जाता ।

५१ तत्पट्टे श्री सिद्धसूरि । ५२ तत्पट्टे श्री कक्कसूरि सवत् ११५४ वर्ष बभूव । येन हेमसूरि कुमारपाल वचसा श्वपादीना मुनिवरा निष्कासिता ।

५३ तत्पट्टे देवगुप्तसूरि येन रूप द्रव्य त्यजित । ५४ तत्पट्टे श्री सिद्धसूरि ।

५५ तत्पट्टे सवत् १२५२ श्री कक्कसूरिर्बभूव येन मरोट कोट प्रगटी कृत ।

॥ श्रीरत्नप्रभसूरिस्तोत्रम् ॥

॥ श्रीमद्रत्नप्रभसूरिसद्गुरुभ्यो नमः ॥

वामेयपट्टे शुभदत्तनामा तच्छिष्यजातो हरदत्तमुख्यः ॥
आर्याम्बुधि केशी स्वयंप्रभोपि सूरीशरत्नप्रभलब्धिपात्र ॥ १ ॥
भव्यावलीकमलकाननराजभृंग श्रियं प्रवृत्तिमुनिमानसराजहंस ॥
श्रीपार्श्वनाथपदपंकजचंचरीक रत्नप्रभं गणधरं सततं स्तवीमि ॥ २ ॥
विद्याधरेन्द्रपदवीकलितोपि काम श्रीमत्स्वयंप्रभगिर. परिपीय योत्र ।
दीक्षावधूमुदवहन्मुदमादधानो रत्नप्रभस्स दिशतात्कमलाविलास ॥ ३ ॥
मंत्रीश्वरोहडसुतो भुजगेन दृष्ट सज्जीवित सकललोकसभासमक्ष ।
यस्याङ्घ्रिवारिरुहपुष्करसिंचनेन रत्नप्रभस्स दिशतात्कमलाविलास ॥ ४ ॥
मिथ्यात्वमोहतिमिराणि विधूय येन भव्यात्मना मनसि निरस्तेव विश्वे ।
सद्गीत सकलदर्शनतत्त्वरूप रत्नप्रभस्स दिशतात्कमलाविलासं ॥ ५ ॥
येनोपकेशनगरे गुरुदिव्यशक्त्या कोरटके च विदधे महती प्रतिष्ठा ।
श्रीवीरबिम्बयुगलस्य वरस्य येन रत्नप्रभस्स दिशतात्कमलाविलास ॥ ६ ॥
श्रीसत्यिकाभगवती समभूत्प्रसन्ना सर्वज्ञशासनसमुन्नतिवृद्धिकर्त्री ।
यद्देशनारसरहस्यमवाप्य सम्यक् रत्नप्रभस्स दिशतात्कमलाविलासं ॥ ७ ॥
गृह्णति यस्य सुगुरोर्गुरुनाममन्त्रं सम्यक्त्वतत्त्वगुणगौरवगर्भितं ये ।
तेषा गृहे प्रतिदिन विलसति पद्मा रत्नप्रभस्स दिशतात्कमलाविलास ॥ ८ ॥
कल्पद्रुम करतले सुरकामधेनु–श्चिंतामणि· स्फुरति राज्यरमाभिरामा ।
यस्योल्लसत्क्रमयुगाम्बुजपूजनेन रत्नप्रभस्स दिशतात्कमलाविलासं ॥ ९ ॥

इत्थं भक्तिभरेण देवतिलकश्चातुर्यलीलागुरो
श्रीरत्नप्रभसूरिराजसुगुरो· स्तोत्रं करोति स्म च ।
प्रात काव्यमिद पठत्यविरतं तस्यालये सर्वदा ।
सानंद प्रमदेव दीव्यतितरा साम्राज्यलक्ष्मी· स्वयं ॥ १० ॥

इति ओएसनगरे सपालक्षश्रावका. प्रतिबोधिता ओएसवालज्ञाति स्थापिता तस्य स्तोत्रमिद प्रातर्व्याख्यान पद्धतौ प्रत्यह पठनीय ॥ संपूर्ण ॥ ग्रथाग्रंथ ॥ २१९ ॥ श्रीरस्तु ॥

जैन साहित्य संशोधक समिति

पेट्रन

श्रीयुत हीरालाल अमृतलाल शाह बी ए मुंबई

वाइस पेट्रन

श्रीयुत केशवलाल प्रेमचन्द मोदी बी ए एलएल बी वकील अमदावाद

श्रीयुत अमरचंद घेलाभाई गांधी, मुंबई

सहायक

शेठ परमानन्ददास रतनजी, मुंबई

श्रीयुत मनसुखलाल रवजीभाई मेहता, मुंबई

शेठ कान्तिलाल मगलभाई हाथीभाई पूना

शेठ रूपचन्द मणीलाल शाह, पूना

शेठ बाबूलाल ज्ञानचंद भगवानदास झवेरी, पूना

सभासद

श्रीयुत बाबू राजकुमार सिंहजी बद्रीदासजी, कलकत्ता

श्रीयुत बाबू पूरणचन्दजी नाहार एम् ए एलएल बी कलकत्ता

शेठ लालभाई कल्याणभाई झवेरी, बडोदरा (मुंबई)

शेठ नरोत्तमदास भाणजी, मुंबई

शेठ माणेकदास, त्रिभुवनदास भाणजी, मुंबई

शेठ त्रिभुवनदास भाणजी जैन कन्याशाला, भावनगर

शेठ देवकरणभाई मूलजीभाई, मुंबई

शाह मोतीचंद नथुभाई मूलजीभाई, मुंबई

शेठ गुलाबचंद देवचंद, मुंबई

श्रीयुत मोतीचंद गिरधरलाल कापडिया, बी ए एलएल बी सालिसीटर, मुंबई

श्रीयुत केशरीचंदजी भंडारी, इन्दौर

शाह अमृतलाल एण्ड भगवानदास कं० मुंबई

शाह चतुलाल वीरचंद कृष्णाजी, पूना

शेठ आधारजी मोतीलाल, पूना

शाह धनजीभाई बलवन्त साणंदवाळा (अमदावाद)

शाह बाळुभाई नानचंद, शेगाम (उमरेड)

शाह चुनिलाल झवेरचंद, मुंबई

शाह भायीलाल चुनिलाल, सोलापुरबझार, पूना कैंप

पाली, प्राकृत, संस्कृत, गुजराती. हिन्दी भाषानां

केटलांक उत्तम पुस्तको

१ प्राकृत कथासंग्रह. स० मुनि जिनविजय (पुरातत्त्वमन्दिर ग्रंथावली) ०—१४—०
२. पाली पाठावली. " " " ०—१२—०
३. कुमारपाल प्रतिबोध (प्राकृत ऐतिहासिक ग्रंथ; गायकवाड सीरीझ) ७—८—०
४. हरिभद्राचार्यस्य समयनिर्णय (जै. सा. स. ग्रंथमाळा) ०—४—०
५ प्राकृत व्याकरण संक्षिप्त परिचय " " ०—४—०
६. सुपासनाह चरिय (प्राकृत भाषानो महान चरित्रग्रंथ) ७—८—०
७. सुरसुन्दरी चरिय (प्राकृत भाषामां एक सुंदर कथा) २—८—०
८. उपकेश गच्छीय पट्टावली (संस्कृत) ०—४—०
९. गुणस्थानक्रमारोह (हिन्दी भाषान्तर—विस्तृत विवेचन) १—४—०
१०. परिशिष्ट पर्व (हिन्दी भाषामां उत्तम भाषांतर) १—४—०
११. छेदसूत्राणि (आचार कल्प—व्यवहार—निशीथ सानना त्रण छेदसूत्रो बहु शुद्ध अने उत्तम पद्धतीए छपावेलां छे.जे अत्यंत दुर्लभ छे घणी थोडी नकलो छपावेली छे) २—८—०
१२. मातृशिक्षा (सुन्दर हिन्दी भाषांतर) ०—८—०
१३. जैन धर्मनुं अहिंसातत्त्व (तात्त्विक विवेचन) ०—४—०
१४. सुखी जीवन (वांचवालायक शान्तिप्रद सुंदर गुजराती पुस्तक) १—०—०
१५. नयकर्णिका (उत्तम गुजराती विवेचन) ०—६—०

ए सिवाय, आत्म तिलक ग्रन्थ माळामां छपाएला नाना मोटां पुस्तको जे प्रभावना करवा लायक होई नासर्ना किंमते ज वेचवामां आवे छे ते पण नीचेनां ठेकाणे मळे छे.

गुजरात पुरातत्त्वमंदिर,
एलीस ब्रीज,
अहमदाबाद (गुजरात)

भारत जैन विद्यालय,
पूना सिटी (दक्षिण)

मुद्रक—पृष्ठ १–३२ जैन साहित्य मुद्रणालय. पृ० ५७–८० चित्रशाला प्रेस; और बाकी सब—हनुमान प्रेस, सदाशिव पेठ, पूना सीटी.—प्रकाशक चिमनलाल एल् शाहा, भारत जैन विद्यालय, पूना शहर.

मुद्रक— श्रीयुत [illegible] हरगोविन्ददास रामजी शाह सुरत

खंड २) जैन (अंक २

साहित्य संशोधक

(जैन इतिहास साहित्य तत्त्वज्ञान आदि विषयक सामयिक पत्र)

संपादक—

मुनि श्रीजिनविजयजी M R A S

विषयानुक्रमणिका

परिशिष्ट

प्रकाशक—

जैन साहित्य संशोधक कार्यालय.

स्थान–भारत जैन विद्यालय–पूना शहर

ज्येष्ठ विक्रम सं. [illegible]] महावीर नि. सं. [illegible] [जून ई. स. [illegible]

ग्राहक वर्गने नम्र निवेदन.

जैन साहित्य संशोधनना अंको नियमित समये ग्राहकोने नथी मळी शकता तेथी अनेक सज्जनो अकळाय छे अने केटलाकने तो संपादक सुधीने ठपकाना पत्रो लखवा जेटली तस्दी लेवी पडे छे. आ स्थिति जिज्ञासु अने ज्ञानपिपासु सज्जनोने जेटली असह्य लागे छे ते करता मने पोताने अनेक गणी दुःखभरी लागे छे. परंतु ए स्थितिमा परिवर्तन करवानी बनती कोशीशो करवा हु केटलो उत्सुक छु एनी कल्पना ग्राहकोने शीरीते करावी शकु? आ खंडनो १ लो अंक गया वर्षना जेठमासमा प्रकट थयो हतो. ते पछी आजे पाछो. आ वर्षना जेठ मासमा, आ बीजो अंक प्रकट थाय छे एटले वर्षमा एक अंक बहार पड्यो. बारबार महिना सुधी ग्राहकोने अंक न मळे अने ते बदल जो ग्राहक योग्य फर्याद करे तो तेमा तेमनो जराए दोष हु काढी न शकु उलटु, हु तो एवा सज्जनोनो आभार ज मानु. जैनसाहित्य संशोधकना ग्राहक वर्गमा ५-७ पण सज्जनो एवा ज्ञानपिपासु छे के जेओ एना अंकनी कागने डोळे वाट जोया करे. ते जोई-जाणीने मने तो एक प्रकारे संतोष ज थाय छे.

हवे, आ पत्रनी आटली बधी अव्यवस्था केम छे. ते संबंधमा बे वातो ग्राहकोने कही दउ आ पत्रनु कार्यालय जे छे ते फक्त आ अक्षरो लखनार माणसनु एक फुट पहोळु अने छ फुट लांबु दुर्बळ शरीर छे ते ज मात्र छे. ए करता वधारे साधन-संपत्ति हजी सुधी मेळवी थई नथी. अने तेमा वळी आ शरीर जेम आ पत्रनु कार्यालय बनी रह्यु छे तेवी ज रीते बीजा पण एवा केटलाए कार्योनु कार्यालय थई रहेलु छे लेखो तैयार करवानी शुरुआतथी लई अंकने ठेठ पोष्टमा नाखवाजवा सुधीनी सघळी क्रियाओ ज्या एक ज शरीरने करवानी होय त्या बार-महिने पण एक अंक प्रकट थई जाय छे ते माटे जो हु मारी जातने शाबाशी आपवानी ग्राहको पासे मागणी करू तो तेमणे ते खुशीथी आपवी जोईए.

आम छता, हु पत्रने जेमबनेतेम वधारे नियमित करवानी कोशीश तो कर्या ज करू छु. पण तेनी सफळतानो आधार ग्राहकोनी ज्ञानरुचि उपर रहेलो छे जो ग्राहक संख्या संतोषजनक प्रमाणमा होय तो एकाद व्यवस्थाकरनार मनुष्यनी गोठवण कार्यालय करी शके अने ते द्वारा उपरनी केटलीक व्यवस्था नियमित थई शके. ग्राहकसंख्या अत्यारे तो नामनी ज छे, अने पत्र पाछळ थता खर्चनो चोथो भाग पण पूरो ग्राहकोना लवाजमथी कार्यालयने मळतो नथी. आवा खोटना मार्गे कोई पण पत्र चाली शकतु नथी ए सौ कोई जाणे छे. वधारे नहि तो पांचसो ग्राहक पण जो पूरा मळी रहे तो पत्रनो कारभार ठीकठीक नभी शके. आवडा मोटा अने सुसंपन्न जैन-समाजमाथी आवा पत्रने एटला पण ग्राहको न मळे ते समाजने लज्जाकारक छे ए बाबतमा ग्राहकवर्ग जो सहज प्रयत्न करे अने दरेकजण अकेक बब्बे बीजा नवा ग्राहको मेळवी आपे तो सहेजे एटली ग्राहक संख्या पूरी थई रहे तेम छे. शु सज्जन ग्राहको आनो उत्तर आपवानी उदारता अने पोतानी साहित्यप्रियता बताववा कमर कसशे?

—संपादक

त्रीजो अंक तैयार थाय छे.

त्रीजो अंक लगभग अडधा उपर छपाई गयो छे. एमा खासकरीने खरतर गच्छनी अनेक पट्टावलियो अने महत्त्वना लेखो आवशे. खरतरगच्छनो उज्ज्वल इतिहास जाणवानी इच्छावाळाए आ अंक अवश्य जोवो जोईए.

—व्यवस्थापक

॥ ॐ अर्हम् ॥

॥ नमोऽस्तु श्रमणाय भगवते महावीराय ॥

जैन साहित्य संशोधक

'पुरिसा! सच्चमेव समभिजाणाहि । सच्चस्साणाए उवट्ठिए मेहावी मारं तरइ ।'

' जे एगं जाणइ से सव्वं जाणइ, जे सव्वं जाणइ से एगं जाणइ ।'

' दिट्ठं, सुयं, मयं विण्णायं, जं एत्थ परिकहिज्जइ ।'

—निर्ग्रन्थप्रवचन- आचारांगसूत्र ।

खंड २] [अंक २

श्री महावीर-निर्वाण समय-निर्णय

[इन्डियन एन्टीक्वेरी, भाग ४३ मां, प्रकाशित, जार्ल चार्पेन्टीअर, पीएच. डी., उप्सला, ना इंग्रेजी लेखनो अविकल अनुवाद]

'केम्ब्रीज हिस्टरी ऑफ इन्डिआ' पु १ मां जैनोना इतिहास विषेनुं प्रकरण लखती वखते महावीरना निर्वाणनो समय नक्की करवानी मने खास जरूर पडी हती. परन्तु आ महत्त्वना प्रश्न उपरनां अनेक प्रमाणोनो ऊहापोह करवानो तेमां पूरतो अवकाश नहि मळवाथी प्रवर्तित जैन धर्मना संस्थापकना समय विषे में जे अभिप्राय बांध्यो छे तेना मूळभूत तत्त्व विचारोने अहीं दर्शाववानुं मने अनुकूल लाग्युं छे. वळी प्रो. जेकोबीए जैनधर्मना अभ्यासमां अगत्यनां पुस्तको—कल्पसूत्र तथा सैक्रेड बुक्स ऑफ धी ईस्ट पु २२—नी प्रस्तावनामां महावीरना समय माटे[1] सबळ प्रमाणोथी पण संक्षेपमां, जे संकुचित नयथी थोडा भाग पडी आ विषय उपर कोई पण पूरेपूरी चर्चा करवामां आवी नथी तेथी ए विषयने अन्य कोईथी उपाडवो अस्थाने नहि गणाय. प्रो. जेकोबीनी पासे जे प्रमाणो हतां लगभग तेवां ज प्रमाणो मारी पासे छे तो पण मारा आ लेखमां घणे भागे तेमनां कथननुं पुनरावर्तन थशे अने पछी तेमना

[1] महावीरना समय विषे मारा पहेलांना विद्वानोना अभिप्रायो माटे जुओ—लास्सन ... पु ३ पा १४७ इ. थॉमस पु ८ पा ३ पाटक पु १२ पा १ प्रोफेसर जेकोबीना लखवा प्रमाणे आ बधा ... छे तेथी मारा लेखमां ए जूना लखाणो विषे हुं उल्लेख करवानो नथी.

विकास करवामां आवशे घणा वर्षे उपर एमणे महावीरना समय विषे जे अभिप्राय बांध्यो हतो, परंतु जेने आ विषयना अभ्यासी विद्वानोए उपाडी लीधो नथी, ते ज अभिप्राय आ तपासना अंते मारो पण थशे एम सर्वने मालुम पडशे.

जैन धर्म विषेना उपयोगी निबंधोमां. एटले के-हॉर्नेल, प्रोसी० ए० एस्० बी० १८९८, पृष्ठ ३९ अथवा गुरीनॉट, बीब्लीऑग्राफी जैन, पृ० ८ मां. महावीरना अवसाननी तिथि इ. स. पूर्वे ५२७ कही छे. पोताना आ धर्मगुरुनुं निर्वाण विक्रम पहेलां ४७० वर्षे थयुं एम श्वेताम्बरो माने छे, तथा विक्रम पहेलां ६०५ मां थयुं एम दिगंबरो माने छे आ वात सर्वने सुविदित छे आ बे तिथिनी वच्चे जे १३५ वर्षनो तफावत छे ते विक्रम संवत् (इ स पूर्वे ५७) अने शक संवत् (इ स ७८) वच्चेना तफावत जेटलो छे, तेथी प्रो जेकोबी जणावे छे ते प्रमाणे, [2] एटलुं स्पष्ट थाय छे के दिगंबरोए शालिवाहन अने विक्रम ए बे नामनो मांहोमांहे गुंचवाडो कर्यो छे,—अने आवी भूल घणी वार थती जोवामां आवे छे उपलक नजरे जोतां आपणने आ वात एकाएक खरी लागे छे परंतु जेकोबी अने बीजा विद्वानोना कहेवा प्रमाणे ज्यारे आपणे बारीक तपास करीए छीए त्यारे मालुम पडे छे के आ कथनने सबळ प्रमाणोनो आधार नथी इ स. पूर्वे ५२७. नी तिथि विषे बे मुद्दाओ विचारवा योग्य छे:-

(१) महावीरना निर्वाणनो समय अने विक्रमना इ स पूर्वे ५७ मां राज्यारूढ थयानो समय, आ बेनी वच्चेनां ४७० वर्षना संबंधमां जैनोनां कथनो. अने

(२) बुद्ध जे मारा मत प्रमाणे (के जे हुं आगळ समजावीश) इ स पूर्वे ४७७ मां अवसान पाम्या तेमना समकालीन महावीर हता एवुं सप्रमाण साबित थएलुं छे, ते उपरथी महावीरना निर्वाण माटे इ स पूर्वे ५२७ नी मीति खरी होवानो संभव छे या असंभव

अंते मारा लेखना छेल्ला (३) भागमां, हेमचंद्रे दर्शावेली सांप्रदायिक हकीकत विषे चर्चा करी तेमांथी शुं परिणामो आवे छे तेनो विचार करीश

१. जैन कालगणना अने तेनो आधार.

प्रख्यात जैन लेखक मेरुतुंगे वि सं १३६१=इ स १३०४ मां प्रबन्धचिंतामणि नामक ग्रंथ रच्यो अने त्यारपछी लगभग बे वर्षे विचारश्रेणि नामे ग्रथ रच्यो जे भाउ दाजीना [3] कहेवा प्रमाणे तेना थेरावली ग्रंथनी टीका रूपे छे आ ग्रंथमां वीर संवत् अने विक्रम संवत्ना समन्वय माटेना आधार रूपे ते प्रसिद्ध गाथाओ आपेली छे जेनुं प्रथम अवतरण बुल्हरे [4] आप्युं हतुं अने त्यारपछी जेनी चर्चा जेकोबीए करी हती गाथाओ आ प्रमाणे छे:-

जं रयणि कालगओ अरिहा तित्थंकरो महावीर ।
तं रयणि अवंति-वई अहिसित्तो पालगो राया ॥ १ ॥
सट्ठी पालग-रण्णो पणवण्णसयं तु होइ नन्दाण ।
अट्ठसयं मुरियाणं तीसं चिय पूसमित्तस्स ॥ २ ॥

---

2 कल्पसूत्र, पा. ७. ८ जुओ—जर्नल, बॉ० ब्रॅ. रॉ ए. सो. पु. ९, पा. १४७ मेरुतुंगना बीजा ग्रंथो, अने अर्वाचीन लखाणोमा आवेला तेना विषेना उल्लेखो विषे जुओ वेबरनुं कॅटेलॉग, पु २, पा १०२४.

4 इंडि० एन्टी० पु २, पा ३६२

आवा बीजा मौनि विषेनां जैनोनां कथनो संबंधी एक बाबत उपर खास भार मुकवानो छे, अने ते ए के सर्व ग्रंथकारो विक्रम संवतनी स्थापना उज्जयिनीना राजा विक्रमादित्ये करी एम माने छे पण कीलहॉर्ने [9] घणा वखत थयां सिद्ध कर्यु छे के इ. स पूर्वे ५७ थी शरु थता संवत्साथे. उज्जयिनीना राजा विक्रमादित्य, के जे कदाचित जगत्मां थयो पण नहि होय, तेनो संबंध घणो पाछळ थी स्थापित थयो छे अने ए विक्रम संवतनो सौथी प्रथम उल्लेख, संवत् ८९८=इ स ८४२ ना धोळपुरना एक लेखमां करवामां आव्यो छे तथा ते संवतनी साथे विक्रमना नामनुं जे जूनामां जूना साहित्यमां कथन थएलुं छे ते धनपाळना पाइयलच्छी (वि सं १०२९ इ. स ९७२) अने अमितगतिना सुभाषितरत्नसंदोह (वि. सं १०५० इ. स. ९९४) ग्रंथमा छे [10] आ प्रमाणे जो आपणे गणना करिए तो आपणने जणाशे के विद्यमान रूपमां तो आ श्लोको घणा जूना होई शके नहि, एटले के कदाच इ. स ना ८मा अगर ९ मा सैकाना हशे पण आ तो मात्र सूचना ज छे अने आ श्लोकोमां आपेली. महावीरना अवसान अने इ. स. पूर्वे ५७ मां शरु थएला संवत्नी वच्चेना काळमां थएला राजाओनी गणतरी, आ संवत्नो उज्जयिनीना काल्पनिक राजा विक्रमादित्य साथे कोई पण रीतिए संबंध थयो, तेना घणा वखत पहेलां हयात हशे.

ए गाथाओमां करेलां कथनो जरा गूढ लागे छे अहीं अवंतीना राजा पालकने नंद अने मौर्य वंशो साथे, मगधना पुष्यमित्र साथे तथा गर्दभिल्ल, जेने अन्य स्थळे विक्रमादित्यना पिता तरीके वर्णववामां आव्यो छे तेनी साथे, तेम ज पश्चिम हिंदना केटलाक राजाओ साथे अने हिंदना उत्तर-पश्चिम खुणाना अनार्य राजवंशोना शकनी साथे एकत्रित करवामां आव्यो छे जेकोबीए [11] जणाव्युं छे के आ यादी के जे प्रथमथी ज मगधराजाओनां नाम आपवा माटे रचाई हशे, कारण के महावीर तेज देशना हता, तेमां अवन्तीना राजा पालकनुं नाम आवे ए वात शंकास्पद छे त्यारे आ पालक ते कोण? खरेखर आ पालक बीजो कोई नहि पण ते अवन्तीना प्रद्योतराजानो पुत्र अने वारस तथा वत्सना प्रसिद्ध राजा उदयननी [12] राणी वासवदत्तानो भाई, जे पालक नामे ओळखाय छे ते ज छे आ उदयन महावीर तथा बुद्धनो समकालीन हतो तेथी तेनो साळो पालक लगभग महावीरना निर्वाण समयमां राज्यारूढ थयो होय ए संभवित छे परंतु महावीरना समयमा के त्यारपछी मगधमा शासन करता शिशुनागना वंश साथे ए पालकने कोई पण जातनो संबंध नथी. पण आ यादीमां तेनुं नाम आववाथी आपणने गाथाना मूळविषयक प्रश्नना निराकरण माटे एक अमूल्य कुंची मळे छे कारण के उपर जणाव्या प्रमाणे हालना रूपमां तेओ आधुनिक छे, अने तेथी ज्यारे मगधना राज्य साथे जैन लेखकोनो संबंध रह्यो न हतो ते वखतमां रचाएली छे पण तेमा जणावेला ४७० वर्षमांथी २९३

---

9 इन्डि एन्टी० पु २०, पा ३९७

10 समय निर्णयना जरा तफावत माटे (इ स ९९३ अगर ९९४), सरखावो स्मीट (Schmidt) अने हर्टल (Hertel), Z D M G 59, 297

11 कल्पसूत्र, पा ८

12 भाऊ दाजीना कहेवा प्रमाणे मेरुतुंगे स्पष्ट जणाव्यु छे के जे रात्रे महावीरनु निर्वाण थयु ते ज रात्रे प्रद्योतनु मरण थयु, जर्नल बो ब्रॅ रॉ ए सो पु ९, पा १४७ मृच्छकटिकमा जे नाम आवे छे ते एनु छे के नहि ते कही शकाय तेम नथी पण ते नाटकमा तेना अने उदयनना सबंध विषे कोई सावति न होवाथी हु ए वात संभवित धारतो नथी परन्तु त्रिवेन्द्रम् ग्रंथमाळामा छपातु चारुदत्तनु मूळ मळशे त्यारे कदाच आ प्रश्न उपर काइक अजवाळु पाडी शकाशे

जटला वष सुधाना ता मगधना खरा ऐतिहासिक राज्यकर्ताओने गणाव्या छ, तेथी एम चोक्कस अनुमान थइ शके के मगधराजाओना खरा नाम अपनारी जूनी तवारीखोमाथी आ नामो लीधा हशे आ यादीमा छेल्ला नामो उज्जयिनाना राजाओना आवे छे गर्दभिल्ल पण उज्जयिनीनो राजा हतो, तेनो पुत्र विक्रमादित्य तेओमा घणो प्रख्यात हतो तथा जैन लोकोए इस्वी सनना पहेलाना सैकाओमा हिंदना पश्चिम भागमा घणो अगत्यनो भाग भजव्यो हतो, तेम ज तेमने उज्जयिनी साथे घणो सबध हतो,एटला माटे तेमने उज्जयिनीना राजाना नामथी आ यादी शरु करवी तथा तेना ज नामथी इति करवी ए अनुकूळ लाग्यु हशे विशेषमा एम पण एक अनुमान थइ शके के मौर्यराजाओनी पडतीथी ज जैनोना मगध अने पूर्वहिंद साथेनो सबध तूटी गया हतो यादीनी गुजवाडा भरेली वातो उपर थी तथा बीजा वधारे निश्चित प्रमाणो13 उपरथी आपण एम धारी शकीए के पुष्यमित्र घणो ज धर्मद्वेषी हतो अ यना तो एना धराजोथी तेमने घणु सहन करवु पडयु हतु ते समय पछी खरा रीते मगधराज्य विषे तेओ कशु जाणता न हता 14 मगध देशना आ राजाओना यादीमा पालकनु नाम कम आव्यु तेना विषे प्रो जकोबीए 15 एक गुचवण भरेलो तर्क बाध्यो हतो ते एवो के प्रथमताए अजातशत्रुना पुत्र अने वारस उदायिनने बदले भूलथी पालकना बनेवा उदयनने गण्यो अने तेथी उज्जयिनीना पालकनु नाम आ प्रमाणे ए यादीमा आवी गयु मे उपर समजाव्यु छे ते प्रमाणे हु धारतो नथी के पालक मूळ यादीमा होय पण जो तेमा तेना नामनी ह्याती माटे काइ कारण आपवु होय तो हु सरळ रीते ग्राह्य थाय तेवी बीजी सूचना करू छु कल्प सूत्र १४७ (जकोबी—संपादित पा ६७) मा एम कहेवामा आव्यु छ के महावीर ज्यारे छेल्ला पावा (अगर पापा) मा रह्या हता त्यारे हस्तिपालकनी लेखकोवाळी सभामा (रज्जुसभा) निर्वाण पाम्या आ राजानु नाम कल्पसूत्र १२३ मा पण आवे छे ज्या तेने हथिपाल कहेलो छ, अने जकोबीए से० बु० इ०, पु० २२, पा० २६४, २६० ए बन्ने ठेकाणे हस्तिपाल एम नाम वापर्यु छ पण हस्तलिखितग्रथ बन्ने फकराओमा हत्थिपाल अने हात्थपालग एम रूप आपे छे, अने पाछलु रूप जकोबीए कल्प० १४७मा आपेलु छे आ उपरथी एम स्पष्ट थाय छे के तेनु नाम हस्तिपाल अगर हस्तिपालक हतु आ बाबत उपर काइ भार मूकवानी जरूर नथी, कारण के तेमाथी वधारे जाणवानु आपणने काइ कारण नथी हवे हस्तिपाल (क) ने घरगतु भाषामा पालक पण कहेता होय ता ते सभवित छे अने मानी शकाय तेम छे; तेम ज आ राजा महावीरना निर्वाण साथे घणा निकटनो सबध धरावनारा होवाथी आपणे एम सूचवी शकिए के महावीरना निर्वाणनी रात्रिए तेने अभिषेक करवामा आव्यो हतो एम पाछळथी कहेवामा आव्यु हशे मारा अभिप्राय प्रमाणे, कोइक पालक जेने पश्चिम हिंदमा जैनोमा प्रसिद्ध थएला ए ज नामना अवन्तीना राजाने बदले पाछळथी भूलथी गण्यो हशे, तेनो आ यादीमा अस्तित्व भोगववानु आवा पुरतु कारण मळी शके 16 परतु उपर जणावेला केटलाक कारणोने लीधे

13 सरखावो वी ए स्मीथ अर्ली हिस्टरी ऑफ इडीआ पा १८८

14 पूर्वहिंदमा कलिंगना राजा खारवेल जैनोनो रक्षक हतो परतु आ रक्षक पशु थाने यवन राजा हता जेना पोताना ए आ स्वयभूत राजाना नामोल्लेख पण करता नथी तेम ज तेनी मीति पण अनिश्चित छ

15 कल्पसूत्र पा ८

16 पावानो हस्तिपाल (क) राजा कपिलवस्तुना शुद्धोदननी माफक अगर कुण्डग्रामना सिद्धार्थनी माफक एक नाना ठाकोर हशे तेथी हु धारु छु के प्रमाण कोइ पण इतर जैन अगर ब्राह्मण ग्रथोमा तेनु नाम मळी आवतु नथी आ उपरथी एम जणाय छे के एनु नाम याद रहेवानु कारण ए ज के एना राज्यमा महावीर निर्वाण पाम्या अने तेथी ए पण स्पष्ट थाय छे के आवा नानो राजा तेना नामना मोटा राजाने बदले भूलथी गणवामा आवी जाय

आ पालक राजा महावीरनो समय नक्की करवामां, अने महावीर निर्वाण तथा विक्रम संवत्नो प्रारंभ ए बेनी वच्चेनो समय पूरो करवामां, उपयोगी थाय तेम नथी

हाल तुरत आपणे आ श्लोकोमां आपेलो नंदोनो समय (१५५ वर्ष), मौर्योनो समय (१०८ वर्ष) तथा पुष्यमित्रनो समय (३० वर्ष) तपासमां लेता नथी तेनो विचार आगळ उपर करीशुं हमणां विक्रमसंवत् पहेलां ११७ वर्ष सुधीना, एटले के लगभग इ० स० पूर्वे १७४-५७ सुधीना राजाओ विषे हुं बोलवा मागुं छुं. आ राजाओ नीचे प्रमाणेः

बलमित्र अने भानुमित्र, ६० वर्ष राज्य
नहवहण (नभोवाहन), ४० " "
गर्दभिल्ल १३ " "
अने शक ४ वर्ष राज्य

आ राजाओनी विचित्र यादी विषे कांई पण निश्चित रीते कहेवातुं नथी नहवहण जेने बदले बुल्हर अने जेकोबी नभोवहन लखे छे तेनुं नाम बीलकुल जाण्यामां नथी 17 तेने माटे एक ज सूचना थई शके के मौर्य राज्यनी पडतीनो समय अने विक्रमसंवत्ना आरंभनो समय ए बेउनी वच्चमां पश्चिम हिंदमां ए कोई नानो राजा थयो हशे. वळी, जो के बलमित्र अने भानुमित्रना नाम बीजे स्थळे जोवामां आवे छे तो पण एमने माटे पण उपरोक्त कथन ज कहेवुं योग्य थशे. जेकोबीए प्रसिद्ध करेली, जरा गुंचवाडा भरेली कालकाचार्यनी वार्तामां, पा० २६८ उपर आपणे वांचीए छीए के आ राजाओ जे कालकना भत्रिजा थता हता तेओनुं राज्य भरुकच्छ (भरुच) मां हतुं, तथा तेओ जैनधर्म प्रत्ये मित्राचारीथी वर्तता हता ए वार्तामां कह्या-प्रमाणे कालके रोषे भराईने, पोताना शत्रु उज्जयिनीना राजा गर्दभिल्लने मारवाने, शक लोकोने हिंदमां बोलाव्या हता ते उपरथी आ बे राजा विक्रमना समयथी जरा ज आगळ थया हता एम कही शकाय. एक अगर त्रण 18 कालकोनी वार्तानो वधारे गुंचवाडो करवानुं मूकी दईने हुं एटलुं ज कहुं छुं के कालक एक ज थयो हतो जे महावीर पछीनो २३ मो 'स्थविर' हतो. तथा कल्पद्रुमनी 19 पूरवणीमां कह्या प्रमाणे निर्वाण पछी ३७६ मा वर्षमां विद्यमान हतो, एटले के इ. स पूर्वे ५२७ थी गणीए तो इ स पूर्वे १५१ मुं वर्ष आवे. तपागच्छनी 20 पट्टावलीमां कहेलुं छे के आ कालक महावीर पछी ३७६ अगर ३८६ वर्षे, एटले के इ स पूर्वे १५१ अगर १४१ मा पंचत्वने पाम्यो, अने आ समय उपरोक्त श्लोकोमां बलमित्र अने भानुमित्र विषे निर्णीत करेला समय साथे बराबर मळतो आवे छे, कारण के तेओ बंनेए ६० वर्ष सुधी एटले इ. स. पूर्वे १७४-१७२ अने ११४-११२ नी वच्चमां राज्य करेलुं मानवामां आवे छे. परंतु हुं तो आ वातने, तेम ज उपरोक्त श्लोकोने जरा पण अगत्यता आपी शकतो नथी.

---

17 जो आ **नहवाण** नाम कांई पण उपयोगनु होय अने ते सत्रप राजा **नहपान** जे इ स ८०—१२५ मा थयो हतो एम मानवामा आवे छे, ते ज ए होय, तो आ यादी पाछला भागमाथी नकामी नीवडे पण वस्तुस्थिति आ प्रमाणे नथी एम मानवाने मने कारणो मळे छे (१) गमे तेवा गुंचवाडा भरेली वंशावळी होय तो पण **नहपान** ने विक्रम पहेला मूकवो ए असंभव छे, अने (२) जो, ते **नहपान** ज होय, तो चोक्स रीते तेनु नाम कालकाचार्यनी वार्तामा आववु ज जोईए, के जे वार्तानो विषय विक्रमनी पहेला हिंदमा सीथीयन सत्तानो उदय ए छे, पण ए प्रमाणे जोवामा आवतु नथी

18 सरखावो जेकोबी, पा २५०

19 जेणे उत्तराध्ययन सूत्र उपर टीका लखी हती ते लक्ष्मीवल्लभनी बनावेला कल्पसूत्र उपर आ एक टीका छे

20 क्लाट, इन्डि एन्टी० पु ११, पा २५१

आधार हशे ज तथा वार्तानुं 26 सघळुं रूप जोईने हुं धारूं छुं के, ओएमा कडफीसे करेली हिंदना उत्तरपश्चिम भागनी जीत विषे ते कहे छे, ए असंभवित छे कारण के ते वार्तामां शकसत्रपो अने केटिक ग्रीक (?) राजा (गर्दभिल्ल) वच्चेनी लडाई जे पाछळथी उज्जयिनीनी सामान्य लौकिक वार्ता थई तेनी आछी स्मृति ज हशे एम लागे छे इ स पूर्वे प्रथम सैकामां जे शक राजाओ थया तेनो पूर्ण अहेवाल डफ साहेबनी क्रॉनोलॉजी ऑफ इंडिआ, पा १७ मा आपलो छे, अने ते अहेवालथी मारी सूचना निर्बळ थती नथी. चढाई करनारा अरबस्तानी हता तथा साहाणुसाहिनो अर्थ 'राजाधिराज' थाय ए कल्पनाने टेको अपाय तेम नथी कारण के ते एम स्पष्टताथी कहेलुं छे के चढाई करनारा शक हता, नहि के आरबी अगर बॅक्टेरीअन 'शाओनानो शाओ' पद जे आ वार्तानां 'साहाणु साहि' मां हुं जोऊं छुं तेना विषे मारे कहेवुं जोईए के ते कनिष्क पहेलांना सिक्काओ उपर नथी परंतु आ खास महत्वनुं नथी, कारण के एम जणाय छे के ए वार्ता घणा अर्वाचीन समयमां उत्पन्न थई अने ते समयमां पहेलांना शको अने कुशानो वच्चे गुंचवाडो थई शके ते सहज छे. परंतु ए वार्तामां शक वंशनां झीणां झीणां स्मरणो जाळवी राखवामां आव्यां छे, ते उपरथी एम सिद्ध थाय छे के ए वार्ता तद्दन नकामी नथी

आ चर्चाथी हुं बताववा मागुं छुं के उपरोक्त श्लोकोमां आपेली वंशवार यादी जेना उपर जैन लोको महावीरना मरण अने विक्रमसंवत्ना आरंभनी वच्चेनां ४७० वर्षना समयनो आधार राखे छे ते लगभग तद्दन नकामी छे आ समय भरवा माटे क्रमवार करेली राजाओनी श्रेणी तद्दन बिन ऐतिहासिक छे, अने तेथी तेना उपर आधार राखी शकाय तेम नथी. कारण के तेमां निर्वाण पछीनां ६० वर्षोमां उज्जैननो एक राजा थयो, एम कहेलुं छे, पण ते राजाने महावीरनी साथे कोई पण संबंध नथी उपरोक्त यादीमां तेनुं नाम केम दाखल थयुं ते माटे में उपर प्रमाणे कारणो शोधवा प्रयत्न कर्यो छे बाकीनां २९३ वर्षोमां मगधना वंशोनो समावेश करेलो छे, जेनी ऐतिहासिकता विषे कोई पण जातनो शक नथी आ उपरथी एम स्पष्ट जणाय छे के प्रथम आ यादीमां मगधना राजाओने ज मूकवाना हशे, के जे वात स्वाभाविक रीते आपणने पण इष्ट छे कारण के महावीरे लगभग पोतानी आखी जींदगी ए ज देशमां तथा बिंबिसार अने अजातशत्रु राजाओना गाढ संबंधमां गाळी हती विक्रम पहेलांनां ११७ वर्षमां जे जूदा जूदा भागना राजाओनां नामो भर्यां छे, तेना विषे आपणे एटलुं ज कही शकीए छीए के ते राजाओनो मगध साथे कांई पण संबंध हतो नहि

उपरोक्त विवेचनथी जणाशे के जैनोना जे कथन प्रमाणे महावीर विक्रम पहेलां ४७० वर्षे, अगर इ स पूर्वे ५२७ मां थया ते कथनने मात्र कल्पनामय ज आधार छे, अने तेथी अविश्वसनीय छे हवे हुं मारी तपासना बीजा भाग उपर आवीश अने एमां बतावीश के उपरोक्त कथन निश्चित करेली बौद्ध मीतिओ साथे पण असंबद्ध छे, अने तेथी सर्वथा तेनो त्याग करवो जोईए

२. महावीर अने जैनो साथे बौद्धोनो संबंध—बुद्धनो निर्वाण-समय.

जेकोबी अने बुल्हरे ऊहापोह करीने स्पष्ट कर्युं छे के बौद्ध अने जैन आगमोमां घणाखरा एकना एक ज माणसोनां नामो आवे छे-मात्र केटलीक जग्याए ज तेमने माटे जुदां जुदां नामो वापरवामां आव्यां छे आ उपरथी उपरोक्त विद्वान् महाशयो ए निर्णय उपर आव्या छे के बुद्ध

26 कालकनी वार्तामा स्साहाणुसाहि हिंद उपर चढाइ करतो नथी पण तेना साहिओ तेना क्रोधथी नासी छुटवाने चढाइ करे छे

तशत्रु) ए लीधेली महावीरनी मुलाकात विषे कथन करेलुं छे तेथी जो के दीर्घनिकायमां[31] जेनो उल्लेख करेलो छे ते ज आ मुलाकात हशे, एम कहेवाने प्रमाणो नथी, तो पण अजातशत्रु महावीरनी मुलाकात लेतो तेनी कल्पना जैन लेखकोने तद्दन अज्ञात न हती ए सिद्ध करवाने पूरता दाखला मळी शके तेम छे.

मज्झिमनिकाय १, पा० ९२ मां. बुद्धे पोताना सगा शाक्यकुमार महानामन्ने राजगृहनी नजीकमां केटलाक निर्ग्रन्थ साधुओ साथे थएली पोतानी वातचीत विषे कहेलुं छे महावीरना ते शिष्योए पोताना गुरु सर्वज्ञ, सर्वद्रष्टा वगेरे छे एम कही तेमनां वखाण कर्या हता, आमां कांई खास विशेष नथी, कारण के सर्वज्ञता ए महावीर तेम ज गोसाल. बुद्ध तेमज देवदत्त सर्वेनुं सामान्य लक्षण थई पडयुं हतुं. वळी, पाली आगमोमां बीजा घणा दाखला छे के ज्यां उपर प्रमाणे ज महावीरना शिष्योए पोताना गुरुना सर्वज्ञ तरीके वखाण करेलां छे तेवी ज रीते मज्झिमनि० २, ३१ मा राजगृहमां सुकुलदायि तेमां ज २, २१४ मां केटलाक निर्ग्रन्थ साधुओ, अने अंगुत्तर १, २२० मां लिच्छवी कुमार अभय वेसालीमां आनंदनी साथे वातचीतमां नातपुत्तनां वखाण करे छे. परंतु आ सर्व फकराओमां नातपुत्त, तेनी धर्मभावनाओ तथा तेना अनुयायिओ विषे घणी ज्ञाततापूर्वक कहेलुं छे, तेथी एम सिद्ध थाय छे के बौद्ध आगमोने यथास्थित रूप आपनाराओने गौतम अने महावीरना जीवनसमयना बौद्धो अने जैनो वच्चेना संबंधनुं चोक्कस ज्ञान हतुं.

वेसालीमां[32] रहेतो सेनापति सीह जे पाछळथी बौद्ध थयो हतो तेना नातपुत्त साथेना समागम बाबतना महावग्ग ६, ३१,१ ना फकरा विषे, तथा मज्झिम नि० (१, पा० ३७१) ना प्रसिद्ध उपालिसुत्त विषे प्रो जेकोबीए से० बु० इ० पु० ४५, पा० १६ मां चर्चा करी छे. एमां विस्तार पूर्वक कहेलुं छे के उपाली जे नातपुत्तनो अनुयायी हतो, ते ज्यारे नालन्दामां[33] आ बन्ने गुरुओ मळया हता त्यारे धार्मिक विचारोमां बुद्धने हरावबाने त्यां गयो हतो. परंतु आ प्रयत्ननुं परिणाम उलटुं ज आव्युं, कारण के बुद्धे तेने ज (उपालिने) पोतानो शिष्य बनाव्यो. त्यार बाद उपालि पोताने घेर राजगृहमां गयो अने द्वारपालने कह्युं के हवे निर्ग्रन्थोने पेसवा देवा नहि. ज्यारे पाछळथी पोताना शिष्यमंडळ सहित महावीर तेने मळवा आव्या त्यारे उपालिए पोतानो धर्म बदलवानुं कारण कह्युं अने बुद्धनां वखाण कर्या. तेमां अंते आ शब्दो आवे छेः—

अथ खो निगण्ठस्स नातपुत्तस्स भगवतो सक्कारं असहमानस्स तत्थ एव उण्हं लोहितं मुखतो उग्गञ्छीति ।

' पण भगवान बुद्धनां वखाण सहन नहि करी शकवाथी निगंठ नातपुत्तना मुखमांथी उष्ण लोही नीकळी पडयुं. '

---

31 औपपातिकसूत्रमां कह्युं छे के कूणिय चम्पामां रहेतो हतो. दीघनिकायमां कह्युं छे के उपरोक्त समागम राजगृहमां थयो हतो. उवास० १, ७ मां उद्धकित अजातशत्रुनी मुलाकात (वी ए स्मीथ पोताना हिंदुस्ताननना प्राचीन इतिहास, पा ४१ मां तेनुं अवतरण लीधुं छे) चपानो पण उल्लेख करे छे आ विषे हुं आगळ उपर कहीश

32 उपरोक्त फकरो अंगु०निकाय, ४, पा १८० मां पण आवे छे

33 उपर आपेला कल्पसू० १२२ ना अवतरणमां महावीरे राजगृहमां तथा नालन्दाना परा (बहिरिका) मां १४ चोमासा गाळ्या आ स्थळने जैनो पण प्रख्यात मानता हता, सरखावो सूत्रकृतांग २,७–से० बु० इ०, पु० ४५, पृ० ४१९

आ फकरा उपर घणो भार मूकवामां आव्यो छे, कारण के घणा विद्वानोए आ वातने दी० नि० ३ पृ० ११७ अने २०९, म० नि० २, पृ० २४३ वाळी हकीकत साथे जोडीने [34] कह्युं छे के नातपुत्त ज्यारे पावामां मरी गया त्यारे बुद्ध शाक्योनी भूमि उपरना सामगाममां हता आ उपरथी एम अनुमान करवामां आव्युं छे के उपालीनी मुलाकात पछी थोडा ज वखतमां महावीरनुं अवसान थयुं [35] अहीं, महावीरना अवसान विषेना बाद्ध उल्लेखना विषयमां हुं नहि बोलुं; आगळ उपर तेनी चर्चा करीश; परंतु उपालिनी आ वार्ता तथा तेना प्रथम गुरुना अवसान संबंधमां, बे बाबतो उपर हुं भार मूकवा मागुं छुं प्रथम वात ए छे के–हालमां मनातुं महावीरना निर्वाणनुं स्थान पावापुरी पटणा प्रांतना बिहार भागना गिरियेक गामथी लगभग त्रण माइल दूर आवेलुं छे [36] ज्यारे दी० नि० ३, पृ० ११७ विगेरे उपरथी ए स्पष्ट थाय छे के बौद्धो पावा ते स्थळने मानता हता के ज्यां कुसिनाराथी आवता बुद्ध चुन्दना घरमां रह्या हता अने ते शाक्योना प्रदेशमां आवेलुं कहेवाय छे राजगृहमां उपालिसाथे विवाद थया पछी जो महावीर थोडा ज वखतमां अवसान पामवाना होत तो तेवा आजारी माटे आ स्थान घणुं दूर कहेवाय; तथा कल्पसू० १२२ प्रमाणे महावीरे पोतानुं छेल्लुं चोमासुं पावामां 'राजा हस्तिपालनी लेखकोनी सभा मां गाळ्युं हतुं तेथी उपालिने लीधे तेमनुं मरण थयुं एम जो मानीए तो पण उपालिनी मुलाकात पछी तेओ लगभग अधा वर्ष सुधी जीव्या हशे बीजी बाबत ए छे के चु० व० ७,४,३ मां ज्यारे देवदत्तने पण महावीरना जेवुं कारण थयुं त्यारे तेना मुखमांथी पण उष्ण लोही नीकळ्युं एम एज वात कहेली छे जो के केटलीक पाछळनी विगतो उपरथी स्पेन्स हार्डी अने बीग डेट [37] एम माने छे के उपालिना विरोधना परिणामे तेमनुं मरण थयुं परंतु जूना लेखोमां कांई पण स्थळे ए प्रमाणे कहेलुं नथी पण आ उपरथी हुं ए निर्णय उपर आवुं छुं के महावीरना मरणने उपालिना विरोध साथे कार्यकारणनो अगर अन्य कोई पण प्रकारनो संबंध नथी

अभयकुमारसुत्त (म० नि० १ ३९२) मां कहेलुं छे के राजगृहमां निगन्थनाथपुत्ते अभयने कह्युं के तमे बुद्ध पासे जई अप्रिय शब्दो बोलवा ए ठीक के नहि ते विषे प्रश्न पूछो आ प्रमाणे बुद्धने पकडवाने जाळ पाथरवामां आवी, कारण के जो ते ना कहे तो पोते खोटा पडे, अने हा' कहे तो देवदत्तने तेणे शा माटे कठोर शब्दोथी धिक्कार्यो हतो एम अभय पूछे हुं कबुल करुं छुं के आ फकराने अगत्यता आपवानी जरुर नथी कारण के पाली आगममां [38]

[34] सरखावो जामन J R A S 1895 p 665

[35] उपालिना विरोध पछी नातपुत्त थोडा ज वखते मरी गया ए वात स्पेन्स हार्डीए, मेन्युअल ऑफ बुद्धिज्म् पा ४ मां कहेली छे पण सरखावो जेकोबी कल्पसू पा ६

[36] सरखावो इम्पीरीयल गेझेटीअर आफ इन्डिया पु १०, पा २८१

[37] सरखावो स बु इ, पु १३ प २ ९ आ ज बाबत सिद्ध करनारो बीजो प्रसंग सारिपुत्त अने मोगल्लानना गुरु संजयना हाहालमां आवे छे ज्यारे तेना शिष्याए तेनो त्याग कर्यो त्यारे तेणे लोही आक्युं हतुं एम कहेलुं छे पण तेना मरण विषे कांई कहेलुं नथी, जो ते वखत थयुं नहि होय, कारण के मारा धारवा प्रमाणे ते ज वखते बुद्ध पुत्त नामे पागली हता पण बील अने बीगन्डेट कहे छे के ते त्यारपछी तरत ज मरी गयो जे बाबत स्पेन्स हार्डीना कथनथी विरुद्ध छे Manual p 205 सरखावो स बु इ, पु १३ पृ १४९

[38] संयुत्त० नि० ४ ३२२ मां जणाववामां आव्युं छे के एक वखत दुष्काळना समये बुद्ध अने नातपुत्त बन्ने एक साथ नालन्दामां रह्या हता ते समये नातपुत्त पोताना धर्मानुयायी एक गृहस्थ जेनुं नाम असिबन्धक पुत्त (सरखावो उपरोक्त पुस्तक पृ ३१७) हतुं अने ते गामना ग्रामणी हता तेने बुद्धनी पासे जई एक प्रश्न पूछवा कह्युं के 'आ (दुकाळना) वखते तमारा बधा श्रमणोने अहीं राखी गरीब लोकोना खोराकने नुकसान करावी देवा ए शुं तमने योग्य लागे छे ?'

उल्लेख होय तेम संभव छे, कारण तेना नाम उपरथी जणाय छे के तेमां अन्यमतना 45 ज समयमा ऊहापोह करेलो हतो।

(२) वर्तमानकालीन सिद्धान्त तद्दन कृत्रिम छे के तेमा जोडता हकीकतो साथी कालथी असमर्थित छे कारण के ते सब खंडित रूपे छे—जो के केटलेक स्थळे केटलाक भागोने कटाळाभरेली भाषाशैलीमा विस्तृत करेला छे,—तेम ज ते (सिद्धान्त) उपरोक्त स्मारक गाथाओनी मारफत तारवी काढी संघेला या तो जना सिद्धान्तमाना सामान्य रीते साचवी राखेला भागो जेवा छे

आ विषय उपर हवे वधु चर्चा न करता हु जैनोना समयमा काई खास हकीकतो आपता बाद्ध केटलाक बौद्ध ग्रंथोमाना उदाहरणो आपीश कारण उपर चर्चेलो विषय हु अन्य स्थळे 46 चर्चवा मागु छु आवी जातना घणा फकराओ जेमा मतोनी गिनती जणावेली छे ते प्रा जेकोबीए संगृहीत कर्या छे आ स्थळे साधारण महत्त्वनी वातोना विषयना केटलाक फकराओ आपीश अने ते, जरूर होय ता, प्रमाणरूपे बताबी शकाश के बाद्धो अने जैनो, पोताना सम्प्रदायोना आरंभ काळमा—तेओना संस्थापकोना जीवनकालमा—परस्पर घणा ज निकट समयमा रहेता हता जैनो पोताना धर्मप्रवर्तकोने अर्हत् नु पद आपे छे ए सुविख्यात छे अने आ पद खारवेलनी शिलालिपिमा आवेला—समणो या ब्राह्मणो वा अरहा (खारवेल ५ ८, १) 47, आ एक वाक्यमा जोतामा आवबाथी मारा धारवा प्रमाणे तेना अर्थ 'जैन' होवो जोइए बीजी पण एक बाबत ध्यानमा राखवा जेवी छे के पाली ग्रंथोमा नातपुत्त अने बीजा पाच पाखंडी मताचार्यो माटे 'गणिन्', 'गणाचरिय', गणस्स सत्था', (संयुत्त नि० १, ६६) अने 'तित्थकर' एवा इल्काब जणावेला छे मारा मत प्रमाणे आ इल्काबो बुद्ध ने 48 कदापि लगाडवामा आवता नथी, पण जैन तीर्थंकर माटे ते बराबर बंध बेसता लाग छे, कारण के 'गण' शब्द प्राचीन समयमा जैन संघनो एक विभागसूचक हतो; जैनो अवा चीन कालना 'गच्छ' प्रतिशब्द छे अने तीर्थंकर पद ता महावीरना अत्यंत सामान्य इल्काब छ जेना एक गोशाले पण कर्यो हतो आ समयमा कोइने शंका थाय तेम छे के आ बाबत काइ विशेष साबीत करी शके तेम नथी कारण के आ इल्काबो बधा तीर्थिको माटे सरखी रीते वापरवामा आव्या छे पण आपणे याद राखवुं जोईए के जे गोशाल महावीर पछी साथी वधारे महत्त्वनो मनाता हतो ते शरूआतमा महावीरनो मात्र शिष्य ज हतो, अने तेणे पोताना गुरु महावीरथी व वर्ष पहेला ज तीर्थंकरपद प्राप्त कर्यानो दावो कर्या हता बीजी गाथामा आ वर्षनी साथे पशुधनस्थापन अने पूरणकस्सपनो उल्लेख थयेलो छे आ गाथा खरेखर जूनी छ अने ते संयुत्त नि० २ ३, १०, ९ मा आवेली होवा थी विशेष प्रामाणिक गणावी जोइए अने सु

40 प्रा जेकोबीने (स बु इ पु २२ पृ ४) दृष्टिवादना एक विशिष्ट भाग तरीके मतानो याद पूर्वो नष्ट थयानु प्रधान कारण तेमां महावीरना विरोधीओना सिद्धान्तोनु वर्णन आपेलु हतु त लाग छ परंतु आ अनु मान मत बील्कुल स्वीकारवा लायक लागतु नथी एनाथी विषय अविश्वासपात्र कारण वगर ग्रथ्यु छ Ind Stud XVI 248; Cf al o Leumann Actes du VIe congres des Orient III 559

46 उत्तराध्ययनसूत्रनी आवृत्ति ज तयार थाय छे तेनी प्रस्तावनामा

47 बाद्ध धर्मग्रथोमा अर्हत् ए इल्काब पाखंडी मताचार्योना नाम तरीके वपराएला भाग्य ज गाथामा आवे छे सरखावो राइस डेविड्स Hastings' Encyclopaedia 1 774

48 सामञ्ञफलसुत्त (दी नि १, ४७) मा बुद्ध आ तना विरोधी मताचार्यो पथार्थी ए बहु नवीकना सबधमां भाषामां आव छे तमना भिन्न भिन्न बनावना गुणा या प्रमाणे जुआ

एटले इ स. पूर्वे ५२७ मां थयानुं जणावीए तो आपणने आ अनुमानना संबंधमा शक उठे खरो कारण के बुद्ध निर्वाणनी, जनरल कनिंगहाम अने प्रो. मेक्समुल्लरे पहेली ज वखेत अने मारा अभिप्राय प्रमाणे बराबर रीते निर्णीत करेली मिति इ स पूर्वे ४७७ मां आवे छे अने सघळा मूळ लेखो एकमते निर्वाण समये तेमनी ऊंमर ८० वर्षनी बनावे छे, ते उपरथी ते इ स. पूर्वे ५५७ मां जन्म्या होवा जोईए आ उपरथी ए स्पष्ट छे के जो महावीर इ. स. पूर्वे ५२७ मां निर्वाण पाम्या होय तो बुद्ध ते समये ३० वर्षनी वयना होवा जोईए परंतु बुद्धे पोतानी ३६ वर्षनी वय पहेलां लगभग इ स.पूर्वे ५२१ मां बुद्धत्व प्राप्त नहि करेलुं होवाथी अने अनुयायिओ पण नहि मेळवेला होवाथी,ते समयमां महावीरने कदापि मळी शके ए तद्दन असंभवित छे.आ उपरांत वळी बन्ने अजातशत्रुना राज्यकाल दरम्यान विद्यमान हता एम पण आपणे जाणीए छीए. आ राजा बुद्धनिर्वाण पहेलां ८ वर्षे अभिषिक्त थयो हतो अने तेणे ३२ वर्ष राज्य कर्युं हतुं तेथी पण उपरोक्त मितिओ बिल्कुल अविश्वसनीय बने छे आटला माटे, महावीरना निर्वाणनी मिति कांतो इ स. नी शरुआतनी वधारे नजदिक लाववी जोईए, अगर तो बुद्धना निर्वाणनी तारीख आगळ खसेडवी जोईए. परंतु इ स पूर्वे ५२७ वाळी महावीरनिर्वाणनी तारीख परंपरागत होवाथी अने बुद्ध निर्वाणनी इ स पूर्वे ४७७ नी मिति मात्र संशोधित होवाथी कदाचित् कोईने बीजी मितिने माटे—बुद्धनी निर्वाणमितिनी सत्यताना संबंधमां शंका उठे आ उपरांत मि विन्सेन्ट स्मिथ आदि विद्वानोनी नवीन शोधमां बुद्धनिर्वाणनो समय इ. स. पूर्वे ४८६ अगर ४८७ वर्षे स्थापित करवामां आव्यो छे अने डॉ० फ्लीटनी शोध अनुसार इ. स. पूर्वे ४८२-८३ मां स्थापित थाय छे उपर निर्दिष्ट शोधो जो खरेखर साची नीवडे तो महावीरनिर्वाणना इ स पूर्वे ५२७ ना समयनी सत्यताना संबंधमां संभावना उपस्थित थाय. परंतु हुं उपरोक्त फेरफारोमां कांई तथ्य समाएलुं मानतो नथी, अने विशेषमां मानुं छुं के जनरल कनिंगहामे अने प्रो मेक्समुल्लरे जे बुध्द निर्वाणनुं वर्ष इ स पूर्वे ४७७ मुं नक्की कर्युं छे ते प्रामाणिक छे, अने तेथी मारा आ मतने साबीत करवा ते समयना निर्णय योग्य वधी महत्वनी बाबतोनो एकवार फरीथी अहीं विचार करवो उचित धारुं छुं

हिंदुस्थाननी साची कालगणना, अलेकझेन्डरना हुमलाबाद, चंद्रगुप्तथी शरु थाय छे परंतु हजी सुधी चंद्रगुप्तना अभिषेकना काळनो संपूर्ण रीते निर्णय थयो नथी, कारण के विद्वानोना मतान्तरो अनुसार अभिषेकनो समय इ स पूर्वे ३२५ थी ३१२ वच्चे होवानुं मनाय छे वळी बुद्ध अने चंद्रगुप्तनी वच्चेना समयना संबंधमां, जूना ग्रंथोमां आपेली गणत्री वजनवाळी लागती नथी तेथी करीने मॉ सेनार्ट (इ० ए० २०, २२९) अने मि बी गोपाल ऐय्यर (पु० ३७, पृ० ३४१) अने अन्य विद्वानोना मानवा प्रमाणे मारुं पण एम मानवुं छे के कालगणनानी शरुआत मात्र अशोकना शिलालेखोथी ज थई शके तेम छे. डॉ बुलरे, इ० ए० पु० ६, पृ० १४९, पु० २२, पृ० २९९, ए० इ० पु ३, पृ० १३४ उपर. अने डॉ० फ्लीटे ज० रा० ए० सो० १९०४, पा० १ मां जे सूचना करेली छे के सिद्दापुर, सहसाराम अने रूपनाथनी आज्ञाओना अंतमां २५६ नो अंक छे, ते बुद्धना निर्वाण पछी व्यतीत थएली वर्षसंख्या सूचवे छे ते सूचनानुं डॉ एफ् डबल्यु टोमसे (J A 1910, p 507) संपूर्ण रीते निराकरण कर्युं छे. ते जे अनिषेध्य प्रमाणथी आ बाबत साबीत करे छे तेनो अर्थ एम समजवानो छे के आ आज्ञा प्रसिद्ध थई त्यारे २५६ रात्रिओ सुधी अशोक घर छोडीने चाल्यो गयो हतो. 57 आ लेख जोवामां आव्यो त्यार पहेलां आ सूचना अश्रद्धेय लागती न हती.

57 डॉ थोमसना पाठने स्वीकारीने डॉ फ्लीटे (J. R A S 1910, p 1301) तेना आधारे जे अनुमान कर्युं हतुं ते कोईपण रीते टके तेम नथी मॉ लेवीए (J. A. 1911, p. 119) २५६ दिवसोनुं जे अनुमान कर्युं छे, ते मात्र शक्य छे

कारण के अशोक पोताना आध्यात्मिक गुरुने व्युथ ना नामथी दर्शावे ते असंभवित लागे छे वळी, आ विशेषण तेणे अन्य कोइ स्थळे वापर्यु नथी; लुंबिनी स्तंभ उपर त बुद्ध, शाक्यमुनि अने भगवान एवा गुणनामो वापरे छे आथी कालगणनाना दृष्टि ते सूचनानु बिल्कुल महत्त्व रह्यु नथी मॉ० सनार्टे घणा वखत पहेला जणाव्यु हतु के कालगणनानी दृष्टिए अतिनु केन्द्र १३ मी खडक उपरनी आज्ञामा छे, कारण के ते स्थळे अशोक अंतियोक[58] नामना योन राजा अने तेना राज्यनी पार तुरमय, अंतिकिन, मक अने अलिकसुंदरनो उल्लेख करे छे आ मतने हु अनुसरु छु लॅसने (Ind Alt II 254) अगाउ ज सूचवी दीधु हतु के आ राजाओ अनुक्रमे नीचेना राजाओ छे -सीरीआनो राजा थीओस एन्टिओकोस वाजो (इ० स० २६१ ई स पूर्वे), इजीप्तनो वाजो टॉलेमेइओस (मृत्यु २४७ ई स पूर्वे), मेसिडोनिआनो आन्टिगोनोस गोनटस (मृत्यु, ई स पूर्वे २३९), सिरीननो मगस (मृत्यु २५८ ई स पूर्वे) अने एपिरसनो अलेक्झाण्डर (मृत्यु २ ८ ई स पूर्वे) हवे खडक उपरनी आज्ञाओ अशोकना अभिषेकने १२ वर्ष थया हता त्यारे एटले के तेना अभिषेकना १३ मा वर्षमा प्रसिद्ध थई हती ए विषयमा हजी सुधी कोइने पण शंका थई नथी तेम ज थाय तेम पण नथी के, ए १३ मी आज्ञामा जे पाच राजाओनो निर्देश करेलो छे ते सघळा, ते वखते हयात न हता कारण के अशोके दरेक राजा पासे पोताना धर्मप्रवर्तकोने मोकल्या हता अने आ उपरथी ए सहज समजी शकाय तेम छे के तेओनी साथे ते गाढ सबध धरावतो होयो जोईए अने तेथी करीने ई स पूर्वे २५८ वर्ष पछी एक या बे वर्षो बाद जे तेमांमाना बे राजा गुजरी गया हता ते वखते जाणमा न आवे एम मानवु अशक्य छे कारण के आ बेमानो एक तो (मगस) टॉलेमेइओस (Ptolemaios) नो एक निकटनो सगो हतो अने टॉलेमेइओस ए अशोकना वखतनो एक घणा ज बळवान राजा हतो जेणे बिंदुसारना दरबारमा अने वळी अशोकना दरबारमा पण पोतानो दिओनिसीओस (Dionysios) नामनो एल्ची मोकल्यो हतो[59] आटला माटे वधारे तो आपणे एम मानवु जोईए के एन्टिओकस थीओस (Antiochos Theos) ना राज्यधिरोहणना ई स पूर्वे २६१ मा वर्ष पछी अने मगसना अवसान तथा प्राय अलेक्झाण्डरना मरणनी पूर्वे—जो आ छेल्लो राजा ए वखते वधारे वहेलो न गुजरी गयो होय- एटले ई स पूर्वे २५८ मा वर्ष पहेला आववु जोईए जो ए प्रमाणे आ तेरमु वर्ष ई स पूर्वे २६०-२५८ नी वचमा आवे तो तेनो अभिषेकना समय ई स पूर्वे २७२-२७० मा पडे अने सघळी बौद्ध परंपरा तेना एक मते अशोक पोताना अभिषेक पहेला चार वर्षे राजा थयो हतो ते उपरथी तेना पिता बिंदुसार ई स पूर्वे २७६ अने २७८ नी वचमा गुजरी गयो हशे

उपरोक्त गणत्री तत्कालीन स्मरणस्तंभादिना असंदिग्ध आधार उपर तैयार करवामा आवी छे परंतु पाछ इतिहास ग्रथो एम जणावे छे के बुद्ध पछी २१८ मा वर्षमा अशोक पोताना ९९ भाइओने[60] मारी मागधीय राज्यासिंहासने थयो हतो आ कथन जो विश्वासपात्र लेखाय तो बुद्धनु निर्वाण ई स पूर्वे ४८९-४८७ नी वचमा नक्की थयु मानवु जोइए पण आ कथन

58 सरखावो गिरनार उपरनी आज्ञा बीजी अहीयां पण तेज राजाओनो मतलब छे

59 सरखावो स्मीथ ए र्ली Early History P 139

60 आ हकीकत सहस-आज्ञा मे थी मळी पड छ कारण के था आज्ञामा अशोक पोताना भाइ तेमो निर्देश कर्या छ आ बाबत सेनार्टे शोधी काढी हता (Ind Ant XX 230)

विरुद्ध ने ज इतिहासोमां 61 वीजुं कथन मळतुं होवाथी तेओनी गणत्रीमां क्यां भूल छे ते हुं आ स्थळे समजावीश.

राजगृहनो राजा विंबिसार अने तेनो पुत्र तथा उत्तराधिकारी अजातशत्रु-जेने जैनो कूणिय अथवा कोणिय नामे ओळखे छे-तेमना संबंधमां ब्राह्मण, बौद्ध अने जैन आ त्रणे धर्मोमां परंपराओ जोवामां आवे छे. बौद्धोना पुरातन लेखो जणावे छे के विंबिसार बुद्धनो समकालीन हतो अने बुद्ध निर्वाणथी आठ वर्ष पहेलां ते पोताना पुत्रना हाथे मरण पाम्यो हतो पुराणोनी हकीकत अनुसार आ विंबिसार शैशुनाग वंशनो पांचमो राजा हतो अने तेणे २८ वर्ष राज्य कर्युं हतुं. परंतु दीपवंश ३, ५६-६१, अने महावंश २, २५ मां एम जणावेलुं छे के ते बुद्ध पछी पांचमे वर्षे जन्म्यो हतो, पंदर वर्षनी उम्मरे राज्यासन पर आव्यो हतो अने ५२ वर्ष सुधी तेणे राज्य कर्युं हतुं. जो के आ हेवाल मां कांई तथ्यांश नथी. कारण के विंबिसार बुद्ध अने महावीर बन्नेनी पहेलां गुजरी गयो हतो विंबिसार पछी अजातशत्रु (उर्फे कूणिक) गादिए आव्यो अने तेणे पुराण अनुसार २५ वर्ष, अने सिलोनना इतिहास प्रमाणे ३२ वर्ष राज्य कर्युं तेने गादी उपर आव्याने आठ वर्ष थयां त्यारे बुद्धनुं अवसान थयुं पण आ पछी पौराणिक अने बौद्ध हेवालो नामोमां मळता आवता नथी. कारण के पुराण जणावे छे के अजातशत्रुनी पछी हर्षक अथवा दर्शक नामनो राजा थयो अने तेणे २५ वर्ष राज्य कर्युं त्यारपछी उदय राजा बन्यो जेणे ३३ वर्ष राज्य कर्युं बौद्धो एम कहे छे के अजातशत्रु पछी उदायिभद्द (दीघनिकाय) अथवा उदयभद्दक62 (दीपवंश, महावंश) राजा बन्यो अने तेणे १६ वर्ष राज्य कर्युं. जैनो आने उदायिन् कहे छे अने तेना शासननो समय लांबो बतावे छे 63

हवे आ हकीकत ने शरुआतनुं केन्द्र मानीने विविध कालगणना विषयक लेखोनो एक पछी एक लई विचार करवो जोईए अने तेथी हुं पहेल वहेलां वायुपुराणमांथ मळी आवती ब्राह्मणपरंपराथी शरुआत करीश

आ ग्रंथनी अनुसार, दर्शक (अथवा हर्षक) 64 ना २५ वर्ष पर्यंत राज्य करी रह्या पछी उदय (अथवा उदयाश्व) राजा बन्यो अने तेणे ३३ वर्ष राज्य कर्युं. आना पछी अनुक्रमे नन्दिवर्धन अने महानन्दिन् आव्या जेओ बंनेए ८५ वर्ष राज्य कर्युं महानन्दिन् शैशुनाग वंशनो छेल्लो राजा हतो अने तेनी पछी नव नन्दो, महापद्म इत्यादि राजाओए वे पेढी सुधी कुल १०० वर्ष राज्य कर्युं छेल्ला नंदनी पछी मौर्य राजाओ गादीए आव्या तेमांना चन्द्रगुप्ते २५ वर्ष, बिन्दुसारे २५ वर्ष अने अशोके ३६ वर्ष राज्य कर्युं जो हवे आपणे अजातशत्रुथी मांडीने अशोकना अभिषेक सुधीनां बधां राजाओनो सरवाळो करीए तो ते सरवाळो ३१७ वर्षनो थाय छे अने जो आपणे सिद्धरूपे मानी लईए के अजातशत्रुना अभिषेक पछी ८ वर्षे बुद्ध निर्वाण पाम्या तो अशोकनो समय बुद्धनिर्वाण पछी ३०९ मां आवे, ए अशक्य छे कारण के सिलोननो सन्-जेना आधारे बुद्ध इ. स पूर्वे ५४४ वर्षे निर्वाण पाम्या हता तेनी-अनुसार उपरोक्त समय इ. स पूर्वे २३४ वर्षे आवे छे अने आपने जाणीए छीए के इ स पूर्वे २६० अने २५८ वच्चेना वर्षथी १२ वर्ष पहेलां अशोकने राज्याभिषेक थयो हतो. इ स. पूर्वे

61 उत्तरीय बौद्धोना कथनने हु बिलकुल महत्त्वनु मानतो नथी, ते एम कहे छे के अशोक बुद्धनिर्वाण पछी १०० वर्षे जन्म्यो हतो.

62 आ कदाच तेनु खरु नाम हशे कारण के बौद्धोनी तेम ज जैनोनी जूनामा जूनी परपरा आ नाम जणावे छे

63 आ विषय हु आगळ उपर चर्चीश

64 विष्णुपुराणमा तेनु नाम दर्भक आपेलु छे सरखावो, मॅकडॉनल्ड, Ancient Skt Lit P 296

४७७ ने निर्वाणना वर्ष तरीके स्वीकारीए तो तेनी अनुसार अशोकनो अभिषेक ई स पूर्व १६८ वर्षे आवी पडे परंतु आ परिणाम तो विशेष असगत बने छे

आ हिसाबे जोता पुराणोमा भूल थई होय तेम जणाय छे अने ते सहेलाईथी शोधी शकाय तेवी छे पिता अने नव पुत्रो मळी नन्दोनी बे पेढीओ हती एम ब्राह्मणोना, जैनोना अने केटलेक अंशे बौद्धोना ग्रंथोमा पण वर्णन जोवमा आवे छे वळी हेमचन्द्र अने अन्य जैन ग्रंथकारो तो स्पष्ट रीते ज कहे छे के उदय अथवा उदायि ते शैशुनाग वंशनो छेल्लो राजा हतो आ उपरथी स्पष्ट थाय छे के महानन्दिन् अने नन्दिवर्धन जेवा नामोनु शैशुनाग नामो साथे काई सादृश्य नथी परंतु ते नंद अने महानंदिन् महापद्मनन्दनु 65 जाण टुकु रूप होय एम शका उत्पन्न करे छे आ उपरथी तेमज वर्षोनी अतिशयोक्ति भरेली सख्या उपरथी हु एवी कल्पना करु छु के पुराणोमा बे वखत नन्दोनी गणत्री थई छे अने आम थयु ते, नंदोना इतिहासना सबधमा ते ग्रंथोमा थएलो मोटो गोटाळो जोता, तद्दन शक्य लागे छे वळी पिता अने पुत्रोना राज्यना मळी ज एकदर १०० वर्षो आपवामा आव्या छे ते घणा शकास्पद लागे छे कारण के आजे प्रत्येकने बराबर १० वर्ष फाळे आवे छे, आ दाखलाओ उपरथी हु अनुमान करु छु के महानन्दिन् अने नन्दिवर्धन आ बे पुरुषो असलमा नन्दो के जेमणे कुल मळीने ८ वर्ष राज्य कर्यु हतु तेमना बे पेढीओना प्रतिनिधिओ हता 66 अने नन्दोना जे सो वर्ष बतावबामा आव्या छे ते पाछळथी साची हकीकतोना विस्मरण अने गेरसमजुतिने लईने उमेरो थएलो छे तेथी करीने जो आपणे नंदोना १०० वर्ष उडावी दईए तो बुद्धनिर्वाण अने अशोकना अभिषेक वच्चेनो काल २०९ वर्षोने बदले २०९ वर्षोनो थाय अने पछी निर्णीत कालगणनानुसार तेनो समय ई स पूर्वे २६८ मा पडे परंतु बौद्धो जेमने अशोक परत्वेनी उमत्त माहिती छे तेओ कहे छे के तेणे पोताना अभिषेक पहेला चार वर्ष अने अभिषेक पछी ३७ वर्ष राज्य कर्यु हतु जे हकीकत पुराणमा जणावेली ३६ नी सख्याने साधारण निकट थाय छे जो आम होय तो आपणे ३६ मा ५ उमेरवा जोईए अने तेम कर्याथी तेना राज्याधिरोहणना काल ई स पूर्वे २७३ मा वर्षमा आवशे आ मिति शिलालेखो उपरथी तारवी काढेली मिति अर्थात् ई स पूर्वे २७८-२७४ साथे लगभग मळती आवे छे

आटलु विवेचन ब्राह्मणग्रंथना सबधमा कर्यु जैन हेवाल के जे उपर टाकेली स्मारक गाथाओमा मळी आवे छे ते हेमचन्द्रना परिशिष्ट पर्वमा अंतर्गत थएली परंपरारूप ज छे पण आनो विचार अंतमा ज करवो घटे छे तेथी करीने हालमा बौद्धोनी हकीकत, के जे सिलोनना

65 खारवेलना शिलालेखमा तेम ज कालिंगना पृ ४२९ उपर नन्दराजनो बे वखत निर्देश थएलो छे नन्दनु मूळ रीत Justin XV 4, 1 मांना अलेक्झ डुस माट सुधारणा छ (जुओ Gut chmid) Diodoras XVII 93 अने Curtins IX, 2 मा चन्द्रगुप्तनी पहेलाना मगधना देश राजाना नाम बताव्यु Xandramas अथवा Aprainmes नु संस्कृत रूप शु थाय ते हु चोक्कस समजी शकतो नथी Xandramas मां संस्कृत शब्द चन्द्र अथवा तो चण्डना भाम थाय छ खरा पण नदोमा आवु नाम नहि मळी शकतु होवाथी आ उपरथी कांई अनुमान करी शकाय नहि

66 बे पेढीओए मळीने कुल ८५ वर्ष राज्य कर्यु होय ते बाबत जो के धार्मिक अने अतर्नीय लाग खरी परंतु मि विन्सन्ट स्मीथे पोतानी Early History of India मा अंग्रेजी इतिहासमाथी लाबा राज्यकाल लाग वलो ज उदाहरणो आप्या छे ते जोता आ वात पण अशक्य होय एम लागती नथी वाचक नीचेनी हकीकत उपर ध्यान आपशे के आठमो हेनरी अने तेना पुत्रोए मळीने ९४ वर्ष (१५ ९-१६ ३) राज्य कर्यु हतु अने ते हेनरी इलिझाबेथना मरण पूर्वे ११२ वर्षे जन्म्यो हतो

इतिहासामां मळी आवे छे ते उपर चर्चा करीश. शरूआतमां महावंश ग्रंथ लईशुं. कारण के एमां आपेली हकीकतो तद्दन स्पष्ट छे, ज्यारे दीपवंशमां आपेली बधी हकीकतो घणी गोटाळा भरेली छे. 67

महावंश २, २५, अने ४, १, ५, १४ मां जणावेलुं छे के बिंबिसारे ५२ वर्ष राज्य कर्युं हतुं अने तेनी पछी तेनी हत्या करनार तेनो पुत्र अजातशत्रु आव्यो तेणे बुद्ध निर्वाण पहेलां आठ वर्ष अने त्यारपछी २४ वर्ष एम कुल ३२ वर्ष राज्य कर्युं हतुं. अजातशत्रु पछी आवेला राजाओ बुद्धधर्मना सारा आश्रयदाता थया होय तेम लागतुं नथी, कारण के महावंश ४, १ मां पछीना राजाओने 'पितुघातवंश' एटले पितानी हत्या करनाराओनो वंश, एवुं नाम आपेलुं छे. अने वधारेमां जणाव्युं छे के ते वंशना सघळा राजाओ अनुक्रमे पोताना पिताने अगर पूर्वजने मारीने ज पोते गादी उपर आव्या हता आ राजाओ ते अनुक्रमे--उदयभद्दक जेणे १६ वर्ष 68 राज्य कर्युं अनुरुद्धक अने मुण्ड बन्ने मळीने ८ वर्ष राज्य कर्युं अने छेल्लो नागदासक जेणे २४ वर्ष राज्य कर्युं हतुं आ राक्षसो--जेमांना छेल्लाने आवेशमां आवी गएला लोकोए ठारमारी नाख्यो हतो तेमनी-पछी एक धर्मात्मा मंत्री शुशुनागे १८ वर्ष राज्य कर्युं अने तेनी पछी तेनो पुत्र कालासोक राजा थयो अने तेणे २८ वर्ष राज्य कर्युं. तेना शासनना ११ मां वर्षमां (अतीते दसमे वस्से, ४, ८) वेसालीमां बीजी सभा मळी जेनी मिति बुद्धनिर्वाण पछी १०० वर्ष आपेली छे कालासोकनी पछी तेना दश पुत्रो गादिए आव्या अने तेमणे २२वर्ष राज्य कर्युं. तेओनी पछी नव नंदो थया जेओए बीजां २२ वर्ष राज्य कर्युं. 69 छेल्ला नंदने चाणक्ये गादी उपरथी उठावी दीधा पछी चंद्रगुप्त राजा थयो जेणे २८ वर्ष राज्य कर्युं. तेना पुत्र बिन्दुसारे ५८ वर्ष राज्य कर्युं अने तेनी पछी अशोक गादीए बेठो. ते पोताना ९९ भाईओने मारी नाखीने निर्वाण बाद २१८ वर्षे राज्याभिषिक्त थयो आ सघळी तारीखो एक बीजा साथे साधारण रीते ठीक बेसती आवे छे परंतु उपरोक्त समन्तपासादिकामांनी 'भूल' निःशंकपणे बतावे छे के आ परंपरा सघळी बाबतोमां विश्वास राखवा लायक नथी अने तेथी आपणे बुद्धनिर्वाण पछी २१८ वर्षे अशोकनो अभिषेक थयो हतो ए जणावती नोंधने बहु महत्व

67 बुद्ध पछी सो वर्षे अशोक राजा थयो हतो ए प्रकारनु दिव्यावदाननु कथन हु अहिं विचारमा लई शकतो नथी. (pp 368, 379 etc) अने ए ग्रंथना, पृ ३६९, ४३० उपर एक तद्दन अविश्वसनीय एवी राजाओनी यादी आपेली छे जे यादी कोई पण अन्य नोंध साथे मळती आवती नथी बल्के अन्य सर्व नोंधथी विरुद्ध पडे छे आ यादीमा नीचे प्रमाणे मगधराजाओनी यादी आपेली छे बिंबिसार, अजातशत्रु, उदायिन् (उदयिभद्र),मुण्ड काकवर्णिन्, सहालि, तुलकुचि, महामण्डल, प्रसेनजित्, नन्द, बिन्दुसार, अशोक, सम्प्रति (अशोकनो पौत्र अने कुणालनो पुत्र), बृहस्पति, बृहसेन (?) पुष्यधर्मन् अने पुष्यरथ. आ स्थळे एटलु सूचववा मागुं छुं के आ यादीमां चन्द्रगुप्त ने सर्वथा छोडी देवामा आव्यो छे अने ए ज एक बाबत उपरथी तेनी किमत आकी शकाशे

68. बुद्धघोषनी समन्तपासादिकाना ३२१३ पृ मा, आ राजाओमाना प्रत्येकना ८ वर्षोने बदले १८ वर्ष बतावेला छे आ परंपरा घणी अजायबी भरेली लागे छे, अने ते बुद्ध अने अशोकनी वच्चेनी कुल वर्ष सख्या साथे मोटो विरोध दर्शावे छे आ उपरथी एटलु ज अनुमान काढी शकाय छे के सीलोननी परपरा गभीर रीते अचोक्स छे

69 मारा जाणवा प्रमाणे, आ पहेला, ए कोईनी जाणमा नथी आव्यु के जैनपरपरामा पण कालासोक अने तेना उत्तराधिकारीओनु झाखु स्मरण बच्युं छे. उपाग ८ अने ९ मा(निरयावली) कालराज अने तेना नव भाईओ, जेओने परपरागत कथन अजातशत्रुना ओरमान भाईओ होवानु बतावे छे, तेओ सबधी उल्लेख मळी आवे छे अने आगळ ऊपर तेना दश पुत्रो जेमाना बे नामे महापद्म अने नन्दन हता तेमनो पण उल्लेख थएलो छे आ उपरथी नंदोना बीज पण सगाओना सबधमा तद्दन अस्तव्यस्त रूपमा केटलुक मळतापणु जोवाय छे-

आपवु जोईए नहि तेम छता उपरोक्त मितिओमा एक पनी मिति छे जेने बौद्धो साधारण रीते बराबर जाणता होया जोईए अने ते अन्य कोइ नहि पण ते बीजी सभानी तारीख छे आ सभा बुद्ध पछी १०० वर्षे मळी तेम बु० घ० १२-११ मा जणावेलु छे त तारीख साची हो या न हो, अथवा सभा पण मळी हो या न हो तेनी साथे आपणने आ स्थळे काम नथी 70 आपणो मुख्य मुद्दो जे छे, ते ए छे के आ वर्ष सिलोननी कालगणनामा एक महत्वनु प्रारभ केन्द्र हतु अने मारी दृढ मान्यता छे के सिलोनना भिक्षुओ प्राचीन परपराओ द्वारा जाणता हता के आ सैकु कालासोकना शासनना बराबर १० मा वर्ष पछी आवतु हतु आ विषयमा एक वार फरीथी हु मात्र बुद्धघोषनी एक जरा विषयान्तर बतावती हकीकत उपर भार मूकवा मागु छु कारण के तेने लईने कदाच आपणे कोइ रीते कालासोकना पहेलाना राजाओनी यादीमा काइ फेरफार करवो पडे परतु तेना समय पुर्वेनी यादीओ, महान् अशोकनी मितिने असर करती नथी, कारण के ते वखते तेना अभिषेकना समयमा एवी चोक्कस परपरा प्रचलित हती के तेनो अभिषेक बीजा सघमिलन पछी ११८ वर्ष बाद अने बुद्ध पछी २१८ वर्ष थयो हतो हवे निर्णीत कालगणनाना आधारे गणत्री करता अभिषेकनी आ मिति इ स पूर्वे २६०-९ मा आवे खरी पण शिलालेखो साथे तेनो मेळ मेळवा शकाय तेम नथी

ए तो नि सदेह छे के अशोकनी समय-गणना, सघळा तारीखवाळा शिलालेखोमा स्पष्ट जोवामा आवे छे ते प्रमाणे अभिषेकना वर्षथी थाय छे 71 परतु आपणे उपर गणत्री करी छे के तेनो अभिषेक इ स पूर्वे २७२-२७० नी वच्चे थयो हशे आ उपरथी बुद्धनिर्वाण स्पष्ट रीते इ स पूर्वे ४९०-४८८ नी वचमा आवे छे, जे साल जनरल कनिंगहाम अने प्रा मेक्समूलरनी गणत्री साथे एक थती नथी पण अहीं एक बीजी बाबत पण विचारणीय छे

बौद्ध अहेवालो अनुसार अशोक तेना राज्यकाळना प्रथम भागमा अथवा शरुआतमा नास्तिक हतो अने अभिषेक बाद त्रण वर्षे ते बौद्धधर्ममा दाखल थयो 72 हतो आ बाबत घणी महत्वनी छे कारण के प्राय करीने अशोकना पोताना कथनो साथे ए समत थाय छे खडक उपरनी आज्ञा न १३ नी सुप्रसिद्ध उपोद्घातमा जणाव्यु छे के

अ[ठव]स अभिसित [स द] वन प्रिअस प्रिअद्रशिस रजो क [लिग विजित] 73

आथी कलिंगनी जीत इ स पूर्वे २६४-२६२ वर्षोनी वचमा थइ हशे अने आ पछी तरत राजाए वधला नरसहार अने रक्तपात नो पश्चात्ताप करवा माडयो अने केटलाक प्रमाण मा ते नवीन धर्ममार्गी बन्यो आगळ उपर ते सहसाराम वगेरे आज्ञाओमा जणावे छे के हु अढी वर्ष करता वधारे वखत सुधी मन्दोत्साही (उपासक) हतो परतु त्यार बाद एक वर्षथी हु उत्साही थई सघनो सभ्य बन्यो छु

अधिकान् (नि) अढातियानि वसानि य हक (उपासके) नो तु खो बाढ पकते हुस एक स (म्)वछर सातिरेके तु खो स (म्) वछर् [अ] म् य मये सघे उपयीते बाढ च मे पकते

70 आ मत मारो नथी कारण के आ सबधमा बौद्धपरपराने मुख्य पणे निर्मूळ ठरावनाना हेतुथी R O Franke ए बतावेली सघळी दलीलोथी पण हजी मन खात्री थइ नथी

71 खडक उपर कोतरेली आज्ञा न १३ मा ८ मा वर्ष (कालिंगनी जीत) थी ते २६ मा वर्ष (स्तभ-आज्ञा १ ४ अने ५) अने २७ मा वर्ष (स्तभ—आज्ञा ७) सुधीनी तारीखो

72 दीपवश ६ १८ वळी प्रमित गाथा ६ २४ मा अभिषेक बाद त्रण वर्षे धर्मपरिवर्तन जणावेलु छे

73 शाहबाझगढी एपि इन्डि २ ४६२

आनो तात्पर्य ए छे के, अशोक बुद्धधर्मनो साचो अने विश्वासु अनुयायी बन्यो ते वखते तेना अभिषेकने, साडा दश करतां वधारे, आशरे अगीआर वर्ष; थयां. अने ते प्रमाणे गादी उपर आव्याने लगभग पंदर वर्ष थयां हता. खडक आज्ञा नं. ८ मां तेणे जणाव्युं छे के ते पोताना अगीआरमा वर्षमां 'संबोधि प्राप्त करवा नीकल्यो' हतो (अयाय संबोधिं), आ हकीकत सहसाराम आज्ञामां 74 लखेली बाबत साथे ठीक मळती आवे छे हवे आपणे दीपवंशमां कह्या प्रमाणे अभिषेक पछीना त्रण वर्षोने, जो, सहसाराम आज्ञामां जणावेलां 'अढी वर्षोथी अधिक' काळ साथे सरखावीशुं तो आपणे कबुल करवुं पडशे के ते बन्नेनी वच्चे असरकारक साम्य दृष्टिए पडे छे, अने ते उपरथी एवुं अनुमान थाय छे के वस्तुत ते बन्ने उल्लेखो एकज बीनाने उद्देशीने करवामां आवेला छे 75 आ उपरथी बीजुं पण एक अनुमान नीकळे छे के सिलोनना आ हेवालो—अथवा तेमनी मूळभूत प्राचीन अट्ठकथा—नी, अशोकना अभिषेक अने निर्वाण वच्चेना अंतरालने २१८ वर्षोनुं बताववामां गेरसमजुति थएली छे आ २१८ वर्षो मूळमां अभिषेकने उद्देशीने नहि हतां परंतु कलिंगनी विजयसमाप्ति अगर प्रथम धर्मप्रवर्तन, अथवा आ बन्ने बीनाओनी साथे संबंध धरावतां हतां. एटलुं तो आपणे कबुल करवुं जोईए के बौद्धोना माटे अशोकना अभिषेक करतां तेनुं बुद्धधर्ममां प्रवर्तन अति महत्त्वनुं हतुं अने आटला माटे अशोकना आ बनावने एक केन्द्र मानी बौद्धोए त्यांथी तेना संबंधनी तेमनी कालगणनात्मक तेमज ऐतिहासिक नोंधोनी शरुआत करी होय. कलिंगनी जीत कालगणनात्मक गणत्रीओमां घणुं करीने वधारे अगत्यनी न होती, परंतु तेनुं महत्त्व तेना धर्मप्रवर्तनने अंगे ज छे कारण के मारा पोताना अभिप्राय प्रमाणे, कलिंगनी अंदर, अगर कोई अन्य स्थळमां, अशोकना राज्य साथे कलिंगना मिश्रण थया उपर कोईपण संवत्नी स्थापना थई होय एवो एक पण पुरावो नथी. 76

त्यारे सिलोनना अहेवालोमां जणावेलां २१८ वर्षो असलमां अशोकना अभिषेकनी साथे

74. अहीआ में डॉ. एफ् डब्ल्यु थोमसनी J. A 1910, p 507 मा आपेली स्पष्ट अने विश्वासजनक हकीकतोनो संपूर्ण उपयोग करेलो छे

75. बौद्धशास्त्रो अने आज्ञाओना परस्पर सरखापणाना टेकामा घणा प्रमाणो छे, जेनो कोई पण निषेध करी शके तेम नथी उदाहरण तरीके, दिव्यावदानमा, धार्मिक आज्ञाओना अस्तित्वना संबधमा उल्लेख थएलो छे, अने ते स्थळे तेमनी संख्या ८४००० नी बताववामा आवी छे आ संख्या हास्यजनक—कल्पनामय—लागे छे परतु तेमा आ आज्ञाओना संबंधमा (पृ० ४१९, ४२९ इत्यादि) पञ्चवार्षिक नामनी संस्थानो निर्देश करे छे आ संस्था ते धर्मयात्रा ज होवी जोईए, जे प्रस्तर–आज्ञा (Rock–Ed.) ३ अने ४ मा बताव्या प्रमाणे पाच पाच वर्षे थती हती. वळी दिव्यावदान पृ० ४०७ मा जणावेलु छे के कुणालने तेना पिताए तक्षशिलाना सुबा तरीके मोकल्यो हतो (हेम. परिशिष्ट, ९, १४ मा जणावेलुं छे क तेने उज्जयिनी मोकलवामा आव्यो हतो) आ उपरथी धौली अने जौगडनी आज्ञा १ ली मा आवता 'उजेनि (ते) कुमाले' अने 'ताखसिलाते (कुमाले)' शब्दोनु स्मरण थई आवे छे दिव्यावदान पृ० ३९० अने रुम्मिन्देई शिलालेखनी वच्चे जे मेळ Barth, Journal des Savants, 1897, p 73 अने बुल्हर, Ep Ind. V, p 5 बतावे छे, तेनो पिशल S B Pr A W 1903, p 731, अस्वीकार करे छे, अने ते वास्तविक रीते लागे छे पण अवोक्रम परंतु, दिव्यावदानमा अशोकनी तीर्थयात्रा सबधी जे उल्लेख मळे छे ते वास्तविक छे

76 डॉ. फ्लीट J R A. S. 1910, p p 242 ff, 824 ff, जे कहे छे के खारवेलना शिलालेख उपरथी मौर्यवंशना अस्तित्वना संबधमा कोई पण तर्क बाधवानो आपणने हक्क मळतो नथी, तेने हु समत छु जो के ते लेखनी १७ मी लीटीना तेणे करेला अर्थने हु सर्वथा अस्वीकारणीय मानु छु. डॉ. फ्लीटनु भाषातर आ प्रमाणे

संबंध धरावना नहि परंतु धर्मपरिवर्तनने उद्देशीने रचेला होय तो आ बनाव, बुद्धनिर्वाणनी मिति इ. स. पूर्वे ४७७ नी स्वीकारता इ. स. पूर्वे २५९ मा थयो होय, अने छेवटनु धर्मपरिवर्तन आशरे त्रण वर्ष पछी एटले इ. स. पूर्वे २५६ थयु हशे परंतु आ मितिमा केटलाक वर्षो वधारे गणावला लागे छे कारण के कलिंगनी जीत मोडामा मोडी इ. स. पूर्वे २६२ मा परिसमाप्त थइ होवी जोईए तेम छता आपणे नीचेनी बे बाबतो ध्यानमा राखवी जोइए कारण के ते द्वारा घणु करीने बधी मितिओ संपूर्ण रीते संगत थाय तेम छे (१)उपर जणाव्या प्रमाणे बुद्धघोष अने अहेवालो वच्चेनो विरोध केटलोक अगत्यनो छे, अने (२) महावंशमा ज्यारे बिंदुसारे २८ वर्ष राज्य कर्यानु जणावेलु छे त्यारे ब्राह्मणग्रंथो के जे ए बाबतमा वधारे सत्य होइ शके तेमा २५ वर्ष अर्थात् त्रण वर्ष ओछा दर्शावेला छे आ सूक्ष्म भेदोने भेगा करवाथी एवु अनुमान नीकळे छे के उपरोक्त २१८ वस्तुत अतिशयोक्ति भरेला छे, अने तेथी इ. स. पूर्वे ४७७ वर्षे नक्की करेली बुद्धनिर्वाणनी मितिमा आ अतिशयोक्ति काइ बाधो करती होय तेम मने लागतु नथी, एटलु ज नहि पण तेने वधारे दृढ करे छे

महावंशना केटलाक कथनो जो के अविश्वसनीय छे खरा छता पण दीपवंशमा आपेला, राजाओ तथा तेमना राज्यो संबंधी वर्णनो एवा गोटाळा भरेला जोवामा आवे छे के तेने मुकाबले महावंशना वर्णनो वधारे स्पष्ट लागे छे आ गुचवाडावाळा वर्णनोमा पण हु काइक जे माग शोधी शक्यो छु तेमा मने मगधना राजाओना संबंधमा बे मुख्य परंपराओ जणाई आवे छे आमानी पहेली तो घणी ज गुंचवणी भरेली छे अने बीजी सिलोनना राजाओनी कारकीर्दीनी गणत्रीओ साथे विचित्र रीते भेळसेळ थएली छे शरूआतमा कहेवु जोईए के दीपवंशमा अने महावंशमा जे बे मुख्य बाबतो स्पष्ट जोवामा आवे छे तेमानी एक तो द्वितीय संघसम्मेलन संबंधे छे के जे सम्मेलन बुद्ध पछी १०० वर्षे थयु हतु आ वखते शिशुनागना[77] पुत्र अशोकना राज्यना १५ वर्ष अने १० दिवसो व्यतीत थया हता अने बीजी बाबत ए छे के अशोक बुद्ध पछी २१८ वर्षे अभिषिक्त थयो हतो [78] बीजी जे हकीकतो दीपवंशमा ३ ५६ थी मांडीने ६ १ ज्या अशोकना अमलनी शरुआत थाय छे त्या, सुधीमा जणावेली छे, ते ए छे के बिंबिसारे ५२ वर्ष राज्य कर्यु हतु अजातशत्रुए ८ वर्ष बुद्धना जीवता अने २४ वर्ष निर्वाण

छे — सात अंगोना समूहना ६४ मा अध्ययनने (अथवा अन्य विभागने त उल्लेख करे छे बहार आववा प्रेरणा करे छे(अर्थात् ताजु करे छे) आनो अर्थ शु' मारा जाणवा प्रमाण पहेला सात अंगो कदापि एक भाव धारण करता होय तेम शास्त्रमा मानवामा आव्यु नथी अने तेम बराबर रीते करी शके पण नहि कारण के उवासगदसाओ रचनाशैलीमा छठ्ठा अंगनी अपेक्षाए आठमा अने नवमा अंगनी साथ वधारे समान छे अने आपणे कदाचित मानी लइए के धर्मशास्त्र–आगम–जे रूपमा अत्यारे विद्यमान छे ते ज रूपमा ते वखते हता–जो के आ वात तद्दन आर्दश सपात्र छे तो ६४ मु अध्ययन ते भगवतीना ५ मा ' संघ साथे बंध बेसे जेने सारवेले करीथी ताजा कर्यो होय परंतु आम मानवु ते मूर्खता भरेलु छे वळी १–११ अंगोमा कुल ६४ अध्ययनो नथी परंतु ३३+१ +२० एटले ६३ ज छे परंतु आ विषय हु अन्य स्थळ चर्चीश कलियुग कोइ पण मायायुग स्थाप्यो न हतो ते बात तो खुल्ली छे कारण के अशोक तेनो उपयोग करतो नथी अने ए उपरान्त प्लाइनी (Pliny) ६, १७ (२१) मा जे मेगेस्थिनीसनु कथन आपेलु छे के बेक्कसपिता (Father Bacchus) थी माडीने ते अलेक्झान्डर सुधी एटले ६४ ५१ वर्षोमा हिंदुओ १५३ राजाओनी गणत्री करे छे ते मने तो कलियुग अगर अन्य कोइ लौकिक युगनी गणतरीनी कदी नोंध होय तेम लागतु नथी सरखावो वळी Arrian Ind ch 8

77 दीपवंश ४, ४४ ५ ३५ 78 दीपवंश ,, १

बाद एटले कुल ३२ वर्ष अने उदय-(भद्द) १६ वर्ष. 79 परंतु महावंशमां जे जणावेलुं छे के अनुरुद्धक अने मुंडे ८ वर्ष राज्य कर्युं हतुं. ते बाबत दीपवंशमां तद्दन छोडी ज दीधी छे अने ५, ७८ थी तो चोक्कस अनुमान थाय छे के उदयनो उत्तराधिकारी नागदास हतो. नागदासे ओछामां ओछां २१ वर्ष 80 राज्य कर्युं हतुं. ते ११, ३० उपरथी मालुम पडे छे. शिशुनागे १० वर्ष 81 राज्य कर्युं अने तेनी पछी कालाशोक गादी उपर आव्यो. परंतु तेनी कारकीर्दी केटलो काळ रही ते संबंधी दीपवंशमां कांइ कथन होय तेम मारा जाणवामां नथी. दीपवंश ५, ९९ मी गाथा, जे नीचे आपी छे तेमां कालाशोकने जरूर तेना पिता सुसुनाग साथे भेळसेळ करी दीधो हशे कारण के तेमां कह्युं छे केः—

सुसुनागस्सच्चयेन होन्ति ते दस भातरो ।
सब्बे बावीसति वस्सं रज्जं कारेसु वंसतो ॥

आमां कालसोकना दश पुत्रोनो स्पष्ट निर्देश थएलो छे, जेमणे महावंशमां जणाव्या प्रमाणे ६२ वर्ष राज्य कर्युं हतुं नंदोनो तो पतो ज नथी चन्द्रगुप्ते २४ वर्ष राज्य कर्यानुं जणावेलुं छे बिंदुसारनो मात्र ५, १०१ ६, १५ मां अशोकना पिता तरीके निर्देश थएलो छे, परंतु तेना अमलनो काळ आप्यो नथी 82

अशोके ३७ वर्ष राज्य कर्युं हतुं (५, १०१) बुद्ध पछी २१८ वर्षे तेनो अभिषेक थयो हतो, अने अभिषेक थया बाद त्रण वर्षे तेणे धर्मपरिवर्तन कर्युं हतुं. विगेरे विगेरे. आ बधी हकीकतो सुप्रसिद्ध छे परंतु बीजी बाजुए, नीचे आपेली प्रकट कृत्रिम गाथा ६, २४ -

परिपुण्णवीसवस्साम्हि पियदस्साभिसिञ्चयुं ।
पासण्डं परिगण्हन्तो तीणि वस्समतिक्कमि ॥

के जेनी अंदर २० वर्षो कोई अज्ञात बीनानी साथे लगाड्यां छे उपरांत अशोकना समयना संबंधमां एक गोटाळा भरेली बीजी हकीकत आपेली छे' ६, १०२ मां जणावेलुं छे के अशोकना २६ मा वर्षमां तिस्स गुजरी गयो परंतु ७, ३२ मां ते आठमा वर्षमां गुजरी गयो हतो तेम जणावेलुं छे आ परस्पर विरोधी कथनो केवी रीते उत्पन्न थयां हशे ते हुं समजी शकतो नथी.

११, १, थी आपणने सिलोनना राजाओ संबंधी हकीकत मळे छे के, जेमांना प्राचीन राजाओए तो घणा लांबा समय सुधी राज्य भोगव्युं हतुं, अने पछीना राजाओए घणांज थोडां वर्षो तेम करी शक्या. ५, ११, ८ मां जणावेलुं छे के विजयराजा अजातशत्रु 83 पछी ८ मे वर्षे गादी उपर आव्यो अने ३८ वर्ष राज्य करी उदयना १४ मा वर्षमां गुजरी गयो. त्यार-

---

79 दीप० ४, ३८ ५, ९७

80. नागदास जो खरेखर उदयनो उत्तराधिकारी होय तो तेणे ४० वर्ष राज्य जरूर कर्युं होय कारण के कालाशोकने निर्वाण पछीना १०० मा वर्षमां, राज्य करता १० वर्ष अने १५ दिवस थयां हता

81. दीप० ५, ९७,

82 परंतु आनी गणतरी ११, १२-१३ (जुओ, हेठळ) थी करी शकाय, अने ते प्रमाणे तेना राज्यसमयनां वर्षसंख्या २९ मेळवी शकीए.

83. दी० ९, ४० प्रमाणे बुद्धना अंतिम वर्षमां ते सिलोन आव्यो महावंश ७, १ प्रमाणे जे रात्रिए बुद्धनिर्वाण थयुं ते ज रात्रिए.

पछी लगभग एक वर्ष जेटलो निनायकी-अराजक-काल गया पछी एटले उदयना १६ मा वर्षे पण्डुवासनो राज्याभिषेक थयो अने ते ३० वर्ष राज्य करी नागदासना एकवीसमा वर्षमा अवसान पाम्यो तेना पछी अभय राजा थयो अने तेणे २० वर्ष राज्य कर्युं अने त्यारपछी फरीथी १७ वर्ष अराजक पणु रह्युं ते अंधाधुंधी दरम्यान पकुण्डक या पण्डुकाभय जे लुटारा तरीके जीवन गुजारतो हतो (चोरो आसि, ११, २) ते पोताना नव मामाओने मारीने (११,३) अनुराधपुरमा अभिषिक्त थयो अने ७० वर्ष राज्य करी चन्द्रगुप्तना १४मा वर्षमा मरण पाम्यो ते पोतानो राजमुकुट पोताना पुत्र मुटसीवने सोंपतो गयो हतो आ मुटसीव ६० वर्ष राज्य करी अशोकना[84] अभिषेक पछी १७ वर्ष इ स पूर्व २७ मा देहान्त पाम्यो आ सघळी हकीकतो उपरथी चन्द्रगुप्तनो समय इ स पूर्वे ३१५-३१४ मा आवे छे अने अशोकनो राज्याभिषेक इ स पूर्वे २५७ मा पडे छे परन्तु आ वर्षे मिति ओ वधारे अचोक्कस थाय छ हवे विचार करीए के पकुण्डक जे पोताना अभिषेकना समये ३७ वर्षनो हतो तेणे ७० वर्ष राज्य कर्युं होय अने तेना पछी तेना पुत्रे ६० वर्ष राज्य कर्युं होय ते अशक्य जेवुं ज लागे छे[85] परन्तु आमा कये स्थळे भूल रहेली छे तेनो मात्र निर्णय करवो कठीण छे छतां गणतरीनी चूक पण बहु मोटी नहि होवाथी, सिलोनना ऐतिहासिक ग्रंथो, व्यवस्थित करेली इ स पूर्वेनी ४७७ नी तारीखने कायम राखवामा प्रतिबंध करे तेम लागतुं नथी

आ टुंकी तपासनुं संक्षेपमा तात्पर्य -अशोकना राज्याभिषेक इ स पूर्व २७२ अने २७०नी वचमा थयो हशे अने तेनुं वास्तविक राज्याधिरोहण तेनाथी लगभग चार वर्ष पहेला एटले इ स पूर्वे २७६-२७४ वर्षे थयुं हशे जो एनाथीए वधारे चोक्कस तारीख मेळववा माटे उपर आपेला बीजा वर्षो गणत्रीमा लईए अने अशोक इ स पूर्व २७४ मा राजा थयो हतो एम धारीए तो तेना राज्यकालना ४१ (४+३७) वर्षो गणत्रीमा लेवाथी तेना देहान्तनी तारीख तरीके आपणे इ स पूर्वे २३३ मुं वर्ष मेळवी शकीए बिन्दुसारना सम्बधमा ब्राह्मणग्रंथोनुं कथन बौद्धग्रंथोना कथन करतां वधारे साचुं-प्रामाणिक छे तेम मारुं धारवुं छे अने तेना राज्य कालनो समय आपणे वधारेमा वधारे २५ वर्षनो ज स्वीकारी शकीए आ अनुसार तेनो समय इ. स पूर्वे २९९ अने २७४ वर्षोनी वच्चे निर्णीत थाय अने मारुं एम पण मानवुं छे के तेनुं राज्य पछी ज शरु थयुं हतुं चन्द्रगुप्ते इ स पूर्वे ३२३ अने २९९ नी वच्चे राज्य कर्युं हशे अने आम थयुं ज मने तो वधारे संभवित लागे छे परन्तु कारण ए छे के जस्टिन १५, ३ माथी जो कोईपण अनुमान नीकळी शकतुं होय तो ते एज छे के चन्द्रगुप्त पाश्चिमात्य प्रान्तो[86] जीत्यानी पहेला ज केटलाय वर्षे मगधनो राजा थयो हतो जो के तेणे ते समय पहेला[87] अलेक्झान्डरने खरेखरी रीते जोयो होय तो पण आ अनुमानने बाधो आवतो नथी मेगेस्थिनीज स्यारी पूर्व इ स पूर्वे ३०३-३०२ मा, पाटलीपुत्रना[88] राजदरबारमा आवेलो हतो तेथी अने

84 आ कथन उपरथी बिन्दुसारना समयनी गणतरी करी शकाय तेथी आशरे ९ वर्ष राज्य कर्युं हतुं एम जणाय छ

85 आ वात तो खरेखर आश्चर्य पमाडे छ के एक कथना वधारे लेखरानुं केम्बु छ के Taprobane ना निवासीओ घणा लांबा आयुष्यवाळा हता सरखावो, उदाहरण तरीके प्लाइनी (Pliny) ६, २ (२४)

86 मि विन्सेन्ट स्मिथ पोताना प्राचीन इतिहासना पृ ११५ उपर दर्शावेलो अभिप्राय जो के बाधी वेदक छे छतां हुं तेने स्वीकारी शकतो नथी

87 प्लुटार्क Alex ch 72　　　88 Smith l c p 118

त्यां केटलांक वर्ष रहेलो होवाथी, चंद्रगुप्तना मरणनी प्राचीनमां प्राचीन मिति, मेगेस्थिनीजे तेना जीवना होवानुं चोक्कस कथन करेलुं होवाथी, ते मात्र इ. स. पूर्वे २९९ वर्षे ज घटी शके.

त्यारे हवे, इ स पूर्वे ४७७ अने ३२२ मा वर्षनी वच्चेनुं १६४ वर्षोनुं अंतर आपणे अजातशत्रु अने तेना वंशना राजाओ, तथा नंदराजाओना राज्यकालथी भरी शकीशुं. अजातशत्रु बुद्ध पछी २४ वर्षे राजा थयो हतो एम कहेवाय छे. अने ते उपरथी तेनी अवसानमिति तरीके लगभग इ. पूर्वे ४५३ 89 आपणे प्राय नक्की करीए उदय अथवा उदायि जेने हुं शैशुनाग वंशनो छेल्लो राजा मानुं छुं तेणे पुराणमां आपेली हकीकत अनुसार ३३ वर्ष, अने सिलोनना इतिहास अनुसार मात्र १६ वर्ष राज्य कर्युं हतुं परंतु आ स्थळे आपणे जैनोनुं पण शुं कथन छे ते ध्यानमां लेवुं जोईए आ बाबत हुं आगळ उपर चर्चीश. परंतु ते कथन, एकंदर पौराणिक कथनने पुष्टि आपतुं होय तेम लागे छे दीघनिकाय उपरथी एटलुं तो स्पष्ट जणाय छे के अजातशत्रुए ज्यारे बुद्धनी मुलाकात लीधी त्यारे उदायि ते अगाउ जन्मेलो हतो तथा ते वखते ते ऊंमर लायक थयो हतो,एम मनातुं हतुं. आम छतां तेणे ३० वर्ष राज्य कर्युं पण होय आ गणतरी आपणने स्थूल रूपे इ. स पूर्वे ४२५ अगर ४२० अर्थात् चन्द्रगुप्त पूर्वे सो वर्ष जेटला अर्वाचीन काळमां लावी मूके छे. अने आ समय मुख्यत्वे करीने नंदराजाओनो होय, जेमणे हेमचंद्रना कहेवा मुजब ९५ वर्ष, तेमज जे रीते में उपर पुराणमांथी तारवी काढ्यां छे ते मुजब आसरे ८५ वर्ष, राज्य कर्युं हतुं शुशुनाग नाम खास सन्देहजनक लागे छे कारण के शिशुनाग तो ते वंशनो स्थापक हतो, जेमां बिंबिसार आदि राजा थया हता जो कालासोक खरेखर थई गयो होय तेम आपणे मानीए तो ते नन्द ज हशे आ प्रमाणे शैशुनाग वंशनो इ स. पूर्वे ४२० ना अरसामां अंत आवी गयो हशे अने आम मानवाथी हेमचंद्रना नंदराजाना अभिषेक संबंधी कथन साथे तेनो विरोध पण आवतो नथी. तेथी आ मितिने पासेनी मिति तरीके स्वीकारी शकाय अने हुं इ स. पूर्वे ४७७ वर्षने बुद्धनिर्वाणनी अतिशय संभवित मिति तरीके स्वीकारवामां कोई पण वांधो होय तेम जोतो नथी. 90 हवे जो बुद्धनिर्वाणनी अन्य सौ-

---

89 आ २४ वर्षने पुराणमा अजातशत्रुना राज्यकालना जणावेला २५ वर्ष साथे अद्भुत मळतापणु छे आनो भावार्थ शु ए होय के गणनानो उपयोग बुद्धनिर्वाणथी थयो हशे, कारण के ज्यारे पौराणिक राजयादी उत्पन्न थई त्यारे आ बुद्धनिर्वाण मोजुद हतु आ उपरात बीजु पण एक मळता पणुं अशोकना संबधमा मळे छे. कारण के पुराणमाना अशोकना ३६ वर्षो, बौद्धोए अशोकना अभिषेक बादना बतावेला ३७ वर्ष साथे मळता आवे छे

90. मि विन्सेन्ट ए. स्मिथ, प्राचीन इतिहास, पृ ४२ f, मा बुद्धनिर्वाणने इ. स पूर्वे ४८७–८६ मा नक्की करवा रजु करेला कारणोना विषयमा कंइनु जोईए के ते बीलकुल विश्वसनीय जणाता नथी. वर्षगण्य अने विंध्यवास ए बन्ने वसुबन्धुना समकालीन हता अने चीनी ग्रंथोमा एम जणावेलु छे के 'तेओ निर्वाण पछी ९०० वर्षे थया हता' परतु एम्. एन्, पेरिए B. E F E O XI. 339 ff पुरता प्रमाणो आपी बताव्यु छे के चीनी ग्रंथकारो निर्वाणसमय इ स पूर्वे छठ्ठी सदीमा मूके छे, अने बीजु ए के वसुबन्धु इ स ३५० नी पहेला थई गयो हतो केन्टननी "खण्डित-टिप्पणिका" (Dotted record) जे इ.स ४८९ मा समाप्त थई हती ते बुद्धनिर्वाणनो समय इ स. पूर्वे ४८६ मा बतावे छे अने ते टिप्पणिका उपलक जोता, उपयोगी होय तेम भासे छे परतु ज्यारे आपणे वधारे विचार करीए छीए त्यारे भिन्न भिन्न शाखाओना बौद्धोनुं आ समयना विषयमा भिन्न भिन्न मन्तव्य जोवाय छे अने कोईपण बौद्धशाखा निर्वाणना आ समय अर्थात् इ स पूर्वे ४८६ थी गणत्री करती नथी त्यारे केवल आ एकज नोंधमां आपेली तारीख ज खरी छे एम मानी लेवु बहु अजब लागे छे. उदाहरण तरीके परमार्थ-

मिति करता विश्वसनीय मितितरीके इ स पूर्वे ४७७ मु वर्ष जो स्वीकारी शकाय तो तदनुसार बुद्धनो जन्म अवसानसमये तेमनु वय ८० वर्षनु हतु तेथी इ स पूर्वे ५५७ मा थयो हशे अने आ विषयना सघळी हकीकतोनु आपणु एकज मूळ जे पालिग्रंथो छे ते एम जणावे छे के तेमणे २९ वर्षनी ऊमरे सन्यास ग्रहण कर्यो हतो तथा ३६ मा वर्षे बुद्धत्व मेळव्यु हतु ते उपरथी आ छेल्ली घटना जरूर इ स पूर्वे ५२० मा वर्षे हशे आ गणत्री-जे लगभग साची ज छे-ते अनुसार एटलु तो सुगम्य छे के जो महावीरनु देहावसान जे एक परपरानुसार कहेवाय छे के इ स पूर्वे ५२७ मा थयु हतु ए जो खरु होय तो ते प्रमाणे तेओ अने तेमनो महान् प्रतिस्पर्धी बुद्ध बन्ने कोई पण वखते परस्पर मळी शक्या होय तेम मानी शकाय ज नहि, अने ते प्रमाणे पालिग्रथोमा नातपुत्त अने तेमना अनुयायीओना सबधमा करेला सघळा उल्लेखो कल्पनाजन्य अने इतिविपरीत बनावी लीधेली योजना रुपे ज ठरे परतु आम मानवु ते तो कोई पण दृष्टिए सगत होई नहि शके

आ रीते आपणे जोई शक्या छीए के बुद्धनिर्वाणनी तारीख जो इ स पूर्वे ४७७ वर्षना होय-अने आम होवामा काई शका नथी-तो महावीर निर्वाणनी इ स ५२७ नी तारीख यथार्थ होय ए शक्य ज नथी आ महावीर नीर्वाणनी उपरोक्त तारीख जे पछी गणतरी उपर अस्तित्वमा आवेली के तेओ विक्रम पूर्व ४७० वर्षे निर्वाण पाम्या हता, तेनो पायो मजबूत नथी, तेटला माटे आपणे निःसदेह रीते आ मितिनो अस्वीकार ज करवो जोईए अने तेने बदले कालगणनात्मक बधी गणत्रीओनी साथे बधबेसे तेवी बीजी मिति शोधी काढवा प्रयत्न करवो जोईए आ प्रकारनी मिति डॉ जेकोबीए[91] घणा वर्ष पूर्वे सूचवी दीधेली होवाथी मारू कर्तव्य मात्र तेमनी दलीलोनु महत्त्व बतावावानु तथा तेने केटलाक नवा हेतुओ द्वारा मजबूत करवानु छे, एम हु मानु छु

३ हेमचन्द्रनी जैन परपरा अने महावीरनो सत्य समय

जैन ग्रन्थकारोमा सौथी महान् मनाता हेमचन्द्रे (इ स १०८८-११७०) पोताना स्थविरावली चरित—जे साधारण रीते परिशिष्टपर्वने नामे ओळखाय छे-तेमा बिंबिसारथी माडीने अशोकना पौत्र अने तेना उत्तराधिकारी सम्प्रतिना वखतना काळनो एक प्रकारनो इतिहास आपेलो छे आ ग्रथ जे घणे स्थळे मात्र एक मन कल्पित अने पौराणिक ऐतिहासिक नोंध जेवो जणाय छे ते तेमणे पोताना धर्मप्रवर्तकोना पुराण-वर्णनना एक परिशिष्ट रुपे लखेलो छे परतु मारी खातरी थई छे के आ नोंध जो के केटलेक स्थळे गुचवाडा भरेली तथा पौराणिक लागे छे छता पण तेमा अहीं तहीं केटलीक साचा अने ऐतिहासिक बाबतो सूचित थएली छे अने आ ऐतिहासिक बाबतो महावीरनो समय निर्णय करवामा उपयोगी थाय तेम छे

जेना समय ४९९, ५६९, छे ते एम जणावे छे के तेनी एक कृति बुद्ध पछी २६५ मां वर्षे समाप्त थई हती (परि l c p 361) हवे जे परपरा जणावे छे के अशोक बुद्धनिर्वाण पछी २२ वर्ष थया हता तथा ते शी-हाग-ति (इ स पूर्व २४६-२१) नो समकालीन हता ते परपरानुसार बुद्धनिर्वाणना समय इ स पूर्व ४९६ (२४६+ २५) मां मुकाय मि वि गायगर ऐय्यर, इन्डि एन्टी ३७ ३४१ मां जणावेला कारणोना सबधमां एटलु जणाववु बस थाय के ते सघ दलीलो सहसाराम आज्ञामां आवेला २५६ नी गणतरी उपर अवलम्बित होवाथी तेमज सिलोनना दानहागप्रथामां आपेली मितओने सबधी अर्थघटनपर बहुल रीते ऊभी करवामां आवेली होवाथी साची नथी

91 कल्पसूत्र, पृ ८ अने ते पछीना

श्रेणिक (बिंबिसार) अने तेनो पुत्र कूणिक (अजातशत्रु) जैनोमां सुप्रसिद्ध छे, परंतु तेमना राज्यकालनी मितिओ, मारी जाण मुजब, कोई पण स्थळे आपवामां आवी नथी. हेमचंद्र ६, २१ मां जणावे छे के कूणिक चंपामां मरण पाम्यो हतो अने तेनी पछी उदायिन् राज्यगादी उपर आव्यो हतो, अने तेणे राजधानी तरीके नवुं नगर, पाटलीपुत्र, वसाव्युं हतुं. आ राजा चुस्त जैन हतो अने घणो सत्ताशाली थई शक्यो हतो. परंतु तेना उपर एक शोकजनक विपत्ती आवी पडी हती हकीकत ए छे के तेणे कोईएक राजाने गादी उपरथी उठावी दीधो हतो, तेना पुत्रे युक्तिथी जैन साधुनो वेश पहेरी तेना महेलमां प्रवेश कर्यो अने तेने मारी नांख्यो उदायीनी पाछळ वारस न हतो अने तेथी करीने तेनां पांच राजचिन्होने तेनो उत्तराधिकारी शोधवा बहार मोकलवामां आव्यां पसंदगी विलक्षण थई, कारण के एक नापित अने गणिकानो पुत्र जेनुं नाम नंद हतुं ते आ रीते पसंद थयो (६, २३१) अने राज्यासने तेनो अभिषेक थयो आ बीना, परि० ६, २४३ ना नीचे आपेला श्लोकनी अनुसार, महावीरनिर्वाण पछी ६० वर्षे बनी

अनन्तरं वर्धमानस्वामिनिर्वाणवासरात्। गतायां षष्टिवत्सर्याम् एष नन्दोऽभवन्नृपः॥

आ नंदना संबंधमां हेमचंद्रे विरोधदर्शक विचार बिलकुल प्रदर्शित कर्यो नथी. अने ते उपरथी आपणे साधारण एम मानी शकिए के आ नंद केटलाक प्रमाणमां जैनधर्मनो संरक्षक मनातो हशे आ धारणाने उदयगीरिमांथी मळेला खारवेलना शिलालेख रूप एक अतिशय महत्त्ववाळा लेखद्वारा साचुं समर्थन मळतुं होय तेम जणाय छे ते लेखमां नंदराजना संबंधमां बे उल्लेखो थएला छे अने आ नंदराज ते सामान्य रीते नंदवंशनो ज हशे. आ लेखनो प्रथम फकरो जो के सर्वथा अस्पष्ट छे अने बीजो फकरो त्रुटित थएलो छे परंतु तेनी पछीनो भाग स्पष्ट जणावे छे के खारवेले 'मगधना राजाने अग्रजिन (प्रथम तीर्थंकर) ना पगे पडाव्यो जेने नंदराज लई गयो हतो (?) [पादे च (मू) दापयाति नंदराजनितस अगजिनस]. आ 'अग्रजिन' शब्द ते महावीर तथा ऋषभ बन्नेने लागु पडी शके–अने अहींआं गमे तेने लागु पडतुं होय—परंतु आटलुं तो स्पष्ट ज छे के कालिंग उपर स्वारी करी ते वखते नंदराजा जिननी 92 प्रतिमाने लई गयो हशे अने जो ते जिनमां श्रद्धावाळो न होय तो ते शा माटे आवी वस्तु लई जवानी पसंदगी करे? आ उपरांत नंदनो पूर्वाधिकारी–पूर्वज उदायी ते एक श्रद्धालु जैन हतो अने अजातशत्रु पण थोडेक अंश तेवो ज हतो. 93 आ उपरथी आ बधा राजाओने बौद्धो 'पितृघातक वंश' एवुं जे नाम आपे छे तेमां कांई नवाई जेवुं जणातुं नथी. जो के आ नाम अन्य स्थळे वस्तुतः मात्र अजातशत्रुने ज घटतुं होय एम मानवामां आव्युं छे

आ प्रमाणे महावीरनिर्वाण अने नंदना राज्याधिरोहण वच्चे ६० वर्षोनुं अंतर पडे छे आ कालांतरमां स्पष्ट रीते कूणिकना राज्यसमयनो केटलोक भाग तथा उदायिन्नी संपूर्ण कारकीर्दीना समयनो समावेश थएलो छे अने मे उपर सिद्ध कर्युं छे के उदायी प्राय तेना वंशनो छेल्लो ज राजा हतो. हवे बुद्ध, इ स पूर्वे ४७७ मां निर्वाण पाम्या होय, तो ते हिसाबे अजातशत्रु इ. स पू. ४८५ मां राजा थयो हशे अर्थात् निर्वाण पहेलां आठ वर्षे आ राजानुं पहेलुं साहस तेणे कोसलना वृद्ध राजा साथे युद्ध आरंभ्युं ते हतुं आ कोसलनो राजा ते

92 आ हकीकतने मळती एवी एक वात, प्रो. जेकोबीना 'आउस्गेवाल्ट इर्त्सेलुंगेन, पान ३१ अने ते पछीनामां, प्रद्योत अने उदयनना संबंधमां लखेली मळी आवे छे

93 जुओ जेकोबीनुं कल्पसूत्र, पृ० ५

तेनी ओरमान मातानो भाई हतो भगवतीसूत्रना १५ मा [94] सयमा एम जणावेलु छे के पाछ डात्राय गोशाल, जे महावीरनो कट्टो प्रतिस्पर्धी हतो ते आ लडाइना [95] अत तरतज थाय स्त्रीमा मरण पाम्यो हतो अने तेना मरण पछी १६ वर्ष महावीर जीवता रह्या आ मिति गोशालना सबधमा आपवामा आवेली अन्य मितिओ साथे मळती आवे छे ते आपणे नीचेनी हकीकत उपरथी जोई शकीशु महावीर पहेला बे वर्ष ज्यारे गोशाले जिनत्व प्राप्त कर्यानो दावो करेलो हतो त्यारे महावीरनी ऊमर ४० वर्षनी हती अने त्यारपछी १६ वर्ष सुधी तेओ बन्ने मळ्या ज न होता त्यारपछी तेओ मात्र, गोशालना मरणना वर्षमा एटले छेल्ली वखते मळ्या हता आ उपरथी गोशाले काळ कर्यो ते वखते महावीरनी ऊमर ५६ वर्षनी हशे महावीरनी कुल ऊमर ७२ वर्षनी हती एटले ते उपरथी तेओ गोशाल पछी १६ वर्ष जीवता रह्या हता ते पण साबित थाय छे [96] आ १६ वर्षनी गणतरी करता आपणे ई स पूर्वे ४५०थी सहेज पाछळ एटले आशरे ४६८-६७ मा उतरी आवीए छीए आ तारीख हेमचद्रना कथन-आधारे महावीरना निर्वाण तरीके सूचवेली तारीख साथे तद्दन मळी जाय छे जो के कूणिक अजातशत्रुना राज्यसमय दरम्यान महावीर स्वामीनु निर्वाण थयु हतु एवु चोक्कस कथन मारा जाणवा प्रमाणे, मळतु नथी ए वात खरी परतु तेवी रीते, तेमनो अने उदायीनो मेळाप थया हता एवु बतावनार पण कोई कथन जणातु नथी अने हु धारु छु के, आपण वळके एवु ज अनुमान करवु जोईए के बौद्धग्रथोमा अजातशत्रुना राज्यकालना जे ३० वर्ष बताव्या छे ते साचा छे उदायीनु राज्य १६ वर्ष चाल्यु हशे अने कदाच, अजातशत्रु अने तेना वच्चे जो बीजो कोई न थयो होय तो ३२ थी पण वधारे वर्ष तेणे राज्य कर्यु होय [97]

नदराजाओ के जेमनी सख्या ९ हती तेमना मत्रिओ घणा कुशळ हता ए मत्रीओ सघळा, प्रथम नदराजाना मत्री कल्पकना वशजो ज हता छेल्ला नदराजाना प्रसिद्ध मत्रीनु नाम सकटाल हतु आ सकटालने प्रस्तुतविषयमा स्थूलभद्रना पिता तरीके वर्णववामा आव्यो छे अने स्थूलभद्र ते जैन धर्मना सातमा (अगर नवमा) युगप्रधान आचार्य हता अने तेओ महावीर पछी २१५ (अथवा २१०) मा वर्षमा गुजरी गया हता ए पुस्तकमा नद सकटाल वररुचि, चद्रगुप्तनी युवावस्था तथा चाणक्य साथेनो तेनो सबध—ए विषयक जेटली कथाओ—वातो आपवामा आवी छे ते सघळा मात्र परीनी वातो (Fairy tales) जेवा देखाय छे परतु ए जोता आश्चर्य उत्पन्न थाय छे के आ कथाओ छेक आवश्यक निर्युक्तिनी टीकामा पण आवेली छे अने ते तेनाथी पहेला लखायेली होय तेम देखाय छे तेम ज केटलेक अशे कथासरित्सागरनी वातोओने पण मळती आवे छे अने महावश टीकाना ११९, ८ थी, १२१,

94 हानल आवृत्ती उवा परिशिष्ट १ तथा हरिभद्रसूरी इन्सा ए २६ मानी हकीकत साथ सरखावो

95 आ बनाव ल्हाई पछी बन्यो हतो तेनी साबीती भगवती पृ १२५४ अने त पछीनामाना उपरथी, स्पष्ट मळी आवे छे गोशालना ज निर्यतिना ८ सिद्धाता बताव्या छे तेमा ए लडाइनु सूचन पण थाय छे सरखावो हार्नल) ८ पा २६२

96 सरखावो हानल, उवा भार २ पा ११

97 जो आपणे महावीरना मृत्यु माटे ई स पूर्वे ४६७ नु वर्ष स्वीकारी लईए तो पछी अजातशत्रु जो ते बुद्ध पछी २४ वर्ष जीवतो रह्यो होय तो तेमना पछी १४ वर्ष मरण पाम्या होवा जोईए महावीरना निर्वाण अने नदना राज्यारोहण वच्चे हेमचद्रना कथनानुसार जो ६ वर्षनो अतर होय तो ते मुजब उदायीए ४६ वर्ष पर्यंत राज्य कर्यु जोइए पण आ समय बहु वधारे पडतो लेखाय कारण के तेना गादीए आव्या पहेला ३ वर्ष उपर ज्यारे कणिक बुद्धनी मुलाकात लीधी हती त्यारे तेनो जन्म थएलो हतो एवो उल्लेख मळी आवे छे (नि १५)

२२ ff, 98 भागो साथे तो तेनाथी पण वधारे मळती आवती होय तेम जणाय छे. परंतु आपणने आ स्थळे आ बाबत काई महत्वनी नथी. तेनाथी जे कांई सिद्ध थाय छे ते मात्र एटलुं ज छे के 'आपणा सननी पछी केटलीक सदीओ सुधी नंदो अने मौर्यराजाओना कालना संबंधमां केटलीक कथाओ हिंदुस्तानमां प्रचलित हती.' (जेकोबी, परिशिष्ट पर्व पृ. ५० टि. २). आ बधुं छतां आ ग्रंथमां जो कोई महत्त्वनो श्लोक होय तो ते ८, ३३९ मां आवेलो नीचेनो श्लोक छेः—

एवं च श्रीमहावीरमुक्ते वर्षशते गते । पञ्चपञ्चाशदधिके चन्द्रगुप्तोऽभवन्नृपः ॥

आ श्लोकना महत्त्व उपर भार मूकतां, जेकोबिए केटलांक वर्षो आगम च जणावी दीधुं छे के आ श्लोक, महावीरना निर्वाण संबंधी एक नवी अने वधारे संगत परंपरानो सूचक छे 99 'चन्द्रगुप्तोऽभवन्नृपः' अने ६, २४३ ना अंते आवतो 'एप नन्दोऽभवन्नृपः' आ बन्ने पदोनी रचनाशैली एटली बधी मळती लागे छे के जेथी भाग्ये ज एम कही शकाय के ए अणधारेली रीते—आकस्मिक रीते— लखाई गया होय अने तेना उपरथी एवुं अनुमान निकळतुं होय तेम लागे छे के हेमचंद्रे आ श्लोको कोई विशेष प्राचीन ग्रंथोमांथी अक्षरश उद्धृत कर्या हशे अथवा तो कोई प्राचीन कालगणनात्मक प्राकृत गाथाओनुं भाषांतर कर्युं हशे हेमचंद्र फक्त एटलुं ज जणावे छे के चन्द्रगुप्तनी पछी तेनो पुत्र बिंदुसार गादी उपर आव्यो हतो (८, ४४५) अने बिंदुसार पछी तेनो पुत्र अशोकश्री राजा थयो हतो. (९, १४) अने अशोकश्रीए पोतानुं राज्य पोताना पौत्र संप्रतिने सोप्युं हतु. आ संप्रति ते कुणालनो पुत्र हतो(९, ३५) अने एक श्रद्धावंत जैन हतो. हेमचंद्रे आ स्थळोमां तेओना समयनुं बीलकुल सूचन कर्यु नथी, तेम कालगणना साथे पण तेओनुं अनुसंधान बताव्युं नथी. ते उपरथी जेकोबीना मानवा प्रमाणे आपणे एम धारी शकीए के तेमणे विक्रमसंवत् अने चंद्रगुप्तना राज्याधिरोहणना काल वच्चेनुं अतर २५५ वर्षनु बतावती परंपराने सत्यरूपे स्वीकारी हशे आ गणतरी अनुसार महावीरनिर्वाण अने विक्रमना राज्यधिरोहणनी वच्चेनो काल २५५ + १५५= ४१० बराबर थाय अने ए उपरथी ए पण अनुमान फलित थाय के महावीर इ. स पूर्वे ४६७ मा वर्षमां निर्वाण पाम्या हता. मारा मानवा प्रमाणे आ ज तारीखथी निर्वाण संबंधी बीजी पण बधी बाबतोनो निकाल आवी शके छे, अने तेटला माटे ते ज खरी छे एम मानवुं जोईए

98 सरखावो, टर्नर, महावग १ पृ० ३९ नी फुटनोट तेम ज गायगर, दीप० महा० पृ० ४२ फू. आ ग्रन्थ अने परिशिष्ट पर्व वच्चे नानामा नानी विगतोनी पण समानता छे महावशनी टीका पाछलथी थएली जणाय छे (गायगर, तेज पृ. फु ३७) पण तेमानी सामग्री जूनी छे

99 कल्पसूत्र, पृ. ८. नी फुट नोट

100 दिव्या पृ० ४३० मा अशोक पछी सप्रतिनो जे उल्लेख थएलो छे ते आथी वधारे महत्वनो बने छे नागार्जुनी गुफाना लेखोथी मालूम थयु छे के मगधमा अशोक पछी दशरथ गादिए आव्यो हतो के जेना विषे जैनो कशु कहेता नथी आ उपरथी, मि विन्सेन्ट ए. स्मीथे पोतानी अर्ली हिस्टरी ऑफ इन्डियामा जे एम सूचन कर्यु छे के—अशोकना मरण पछी तेना साम्राज्यना पूर्व अने पश्चिम एम बे विभागो थई गया हता, ते मने खरु लागे छे सप्रतिना पिता कुणालनो उज्जयनी अने तक्षशिला साथेनो सतत संबध ए ज बाबत सूचवे छे. अने जैनो जे मौर्योनो राज्यकाल १०८ वर्षनो गणे छे तेनो पण कदाच आ हकीकतथी निकाळ आवी शके कारण के इ. स पूर्वे १८५ मा मगधमाथी ज्यारे पुष्यमित्रे ए वशनो उच्छेद कर्यो तेनी पहेला ज पश्चिममा ए वंशनु राज्य बन्ध थई गयु हशे तेम छता, ए वात नोंधवा जेवी छे के मेरुतुंगे आपेली कालगणनात्मक गाथाओमा पुसमित्त (पुष्यमित्र) नी राज्यना ३० वर्षोनी नोंध लेवाएली छे अने आ समय इ स. पूर्वे २०४-१७४ ना गाळा साथे बंध बेसतो आवे छे ह, महाभाष्य अने मिनेन्डरना समयथी जे कालगणना नक्की थाय छे तेनाथी विरुद्ध आ उल्लेखने घटावी शकतो नथी.

मेरुतुंगे नोंधेली परंपरानुसार चन्द्रगुप्तना राज्याधिरोहणनुं वर्ष ई स पूर्वे ३१२ मुं आवे छे आ मिति घणी ज गुंचवाडो उत्पन्न करनारी छे मौर्यसंवत् ई स पूर्वे ३१२ मा वर्षे शरु थयो हतो ए बाबत, सेल्युसिडनना संवत्नी साथे ते संबंध अभिन्न छे एम बतावबा खातर मानवुं मने उचित लागतुं नथी जो के आपणे सारी पेठे जाणीए छीए के चन्द्रगुप्ते सेल्युकसने हिंदुस्तानमांथी देशवटो आप्यो हतो तेम ज तेनी पासेथी तेनी सत्ता हठेळना बेक्ट्रीआना मुल्कनो एक भाग रुचावी लीधो हतो परंतु ए बात समजमां नथी आवती के चन्द्रगुप्ते, तेना पराजित शत्रुना नाम उपरथी, पोताना संवत्नो आरंभ कर्यो होय आ उपरांत एम पण मनाय छे के चन्द्रगुप्ते नवो युग स्थाप्यो न होतो (सरखावो, उपर पृ ११५) परंतु चन्द्रगुप्त वीर पछी १५५ वर्षे राज्याभिषिक्त थयो हतो एम कहेवातुं होवाथी एम लागे छे के आ संवत्नो आरंभ पण कोई एक घणीज महत्वनी जैन बाबत साथे संबंध धरावतो हशे अने हुं धारुं छुं त प्रमाणे छे पण तेम ज

चन्द्रगुप्तनो समय जैनधर्ममाटे खरेखर एक अतिशय पीडा अने दुःखनो समय हतो आ समयमां जैनधर्म राज्याश्रयथी वंचित थयो हतो जो के जैनो चन्द्रगुप्तने जैनधर्मानुयायी तरीके अने पाछली वयमां तो खास तेने एक जैन साधु तरीके पण बतावे छे; परंतु चाणक्यनी राजनीति आवा पाखंडी मतोनी [1] अनुकूळ नहीं पण प्रकट प्रतिकूल हती अने वास्तविक रीते जोतां जैनोनो पूर्वहिंदुस्थान साथेनो संबंध ज अशोक पछी सर्वथा तूटी गयो हतो (आमां खारवेलनुं राज्य अपवाद रूप छे परंतु तेनो समय हजी सुधी अनिश्चित छे) ते त्यार पहेलां पण कटलेक अंशे शिथिल थयो होय एम लागे छे परंतु आ उपरांत चन्द्रगुप्तना राज्यकालमां १२ वर्षनो एक दारुण दुष्काळ पडयो हतो के जे दुष्काळ जैनधर्ममां भेद उभो करवामां निमित्त बन्यो हतो एम जणाववामां आवे छे ए ज समयमां श्वेतांबर अने दिगंबर नामना बे संप्रदायोनी शरुआत थई हती जे कालमां चन्द्रगुप्त राजा थयो हतो ते वखते—जैन इतिहासमां घणा ज थोडा कालांशोमां जोवामां आवे छे तेम—एक ज समये जैनधर्म संभूतिविजय अने भद्रबाहु नामना बे युगप्रधानोनी सत्ता हेठळ प्रवर्तती हती परंतु संभूतिविजये, चन्द्रगुप्त जे वर्षमां राज्याभिषिक्त थयो तेनी पछीना ज वर्षमां एटले वीर पछी १५६ मा वर्षमां काल कर्यो आ वर्ष ते कदाच हेमचन्द्र परिशिष्ट पर्व, ८ ३३९ मां जे कहे छे के १ १मुं वर्ष पूर्ण थयुं हतुं (गत) ते ज वर्ष छे; अने ते उपरथी मारी एवी मान्यता छे के आ बनावने अनुकूल आववा माटे ज हेमचन्द्रे चन्द्रगुप्तना राज्यनी शरुआत ई स पूर्वे ३१२(अथवा ३११)नी बराबर मळता एवा ते ज वर्षमां त्यार पहेलांना दशमा अगर अगीआरमा वर्षे न मूकतां मूकी छे संभूतिविजयनो मरणकाल जैन इतिहासना एक कालभागनो अंतसूचक छे ए बाबत खरी छे के तेमना पछी १५ वर्षे गुजरी गया हता ते भद्रबाहु तथा तेमना उत्तराधिकारी स्थूलभद्र ए

1 सरखावो —ई थामस गुप्तवंशनी नोंध (Records of the Gupta dynasty) पा १७ जेकोबी कल्पसूत्र पा ८ वि ए स्मीथ हिंदुस्ताननो प्राचीन इतिहास पा ३३ टी ; ४ टी १८७ टी फ्लीट, ज रा ए सो १९११ पा ८२५ टी० १

अथवा ज्यां सुधी ते अन्यकृत सिद्ध थाय नहीं त्यां सुधी हुं ते चाणक्यकृत ज मानुं छुं ए अर्थशास्त्रमां सांप्रदायिक अथवा जैन नगरना जराए उल्लेख जणाता नथी सिवाय के, पृ ५५वीगेरे उपरना उल्लेख के जमां बीजा बीजा देवोनी साथे कदाचित् जैन सम्मत अपराजित, जयंत अने वैजयन्तनो पण निर्देश छे पण मारा मते एमां कांई विशेषता नथी पृ १९९ इत्यादि उपरना तापकरनो उल्लेख जैनधर्म प्रवर्तकने सूचवे पण आपणे याद राखवुं जोईए के पाली पिटकमां अन्य तीर्थिक ए शब्द अनेक संप्रदायना भिक्षुओ माटे वापरायलो छे

वंने चतुर्दशपूर्वधारी हता, जो के स्थूलभद्रने छेल्ला चार पूर्वो बीजाने शीखववा मनाई थएली हती दिगंबरो भद्रबाहुने छेल्ला श्रुतकेवली माने छे त्यारे श्वेतांबरो स्थूलभद्रने छेल्ला श्रुतकेवली माने छे [2] आ उपरथी एम जणाय छे के संभूतिविजय करतां भद्रबाहु वधारे महत्त्वना लेखाता हशे अने तेम हतुं पण खरूं परंतु भद्रबाहु जो के आखा जैनधर्मना युगप्रधान हता छतां पण केटलेक अंशे सांप्रदायिक हता आम मानवानुं कारण ए छे के ज्यारे ते पोते दक्षिण तरफ जवा नीकळ्या त्यारे तेमणे पोताना अनुयायीओनी एक मंडळी मगधमां छोडी दीधी हती अने जे मंडळी तेमनी साथे दक्षिणमां गई हती तेणे पछी, जे मंडळी मगधमां रही हती तेमनां चारित्र तथा सिद्धान्तने पसंद कर्या नहि अने त्यारपछी भद्रबाहु नेपाल तरफ चाल्या गया अने सघळा सिद्धांतोने [3] एकत्र करवा उद्युक्त थएला संघने तेमणे मदद करवा घणी खुशी न बतावी ते उपरथी लागे छे के तेओ ते लोकोना आ कार्यमां संमत नहि होय अथवा तो तेने पूर्ण रीते पसंद कर्युं नहि हशे अने तेथी आखरे ए अनुमान थाय छे के मूळ प्राचीन, अविभक्त अने महावीरना समयथी निर्विकृत स्वरूपे चालता आवता जैनधर्मना वास्तवमां छेल्ला युगप्रधान संभूतिविजय छे, परंतु तेमना घणा ज वधारे प्रसिद्ध साथी भद्रबाहु, अन्यवस्थितकालनी असरने लईने कोई जुदीज हालतमा मूकाया. तेटला माटे मारुं धारवुं छे के चंद्रगुप्तने संभूतिविजयना देहान्तकालना वर्षमां मूक्यो हशे, जेम के महावीरनिर्वाणनी रात्रिमां पालकनो राज्याभिषेक मूकेलो छे [4]

इ स पूर्वेना ४६७ मा वर्षने महावीर निर्वाण वर्ष तरीके मानवाना पक्षमां अन्यान्य बाबतोनुं विवेचन प्रो० जेकोबीए पोतानी कल्पसूत्रनी आवृत्तिमां कर्युं छे. हुं फक्त बे ज मुद्दा उपर चर्चा करवा मागु छुं, कारण के ए मुद्दाओ आ प्रश्नना विषयमां घणी महत्ता धरावे छे.

हेमचंद्रथी [5]मांडीने अर्वाचीन काळनी सघळी जैनपरंपरा भद्रबाहुना निर्वाणसमय तरीके वीर पछी १७० मुं वर्ष जणावे छे आ वर्ष परंपरागत निर्वाणसमयने हिसाबे इ. स. पूर्वे ३५७ मां आवे परंतु प्रो जेकोबीनी व्यवस्थित करेली मितिनी अनुसार इ स. पूर्वे २९७ मां मूकाय आ बने मितिओमांनी बीजी ज मिति शक्य जणाय छे, कारण के सघळी जैनपरपराओ भद्रबाहुने चन्द्रगुप्त साथे नजीकमां नजीक संबंध धरावनार तरीके स्पष्ट जणावे छे. अने आ रीते इ स पूर्वे ३५७ नी मिति बहिष्कृत थाय छे

कल्पसूत्रमांना जिनचरित्रनुं १४८ मुं सूत्र आपणने जणावे छे के ते ग्रंथ महावीर पछी ९८० वर्ष समाप्त थयो हतो परंतु साथे साथे एक बीजो पण उल्लेख छे (वायणन्तरे) जेमां ९९३ मुं वर्ष आपेलुं छे सघळी टीकाओ जे प्राचीन चूर्णिना [6] आधारे रचाएली छे ते सर्वे आ मितिओनो जुदी जुदी बीनाओ साथे संबंध बतावे छे.[7]

(१) देवर्धिगणीना अध्यक्षपणानीचे थएली वलभीनी सभा, जे वखते सिद्धांतने पुस्तकारुढ करवामां आव्युं हतुं ते प्रसंग

---

2. पण, श्वेतांबरो पण केटलेक ठेकाणे भद्रबाहुने छेल्ला युगप्रधान माने छ, ए बाबतनो पुरावो मळे तेम जणाय छे. सरखावो–जेकोबी, कल्पसूत्र पृ० ११ Z D. M G. 38 14

3 आ विषयनी वधारे विगतो माटे जुओ प्रो० जेकोबीनो 'श्वेतांबर अने दिगंबर सम्प्रदायोनी उत्पत्ति' वाळो लेख Z D M G. 38. 1

4 सरखावो –उपर पृष्ठ 5. परिशिष्टपर्व, ९, ११२ 6 जेकोबी कल्पसूत्र पृ० ५

7. जेकोबी. सेक्रेट बुकस् ऑफ धी इस्ट २२, पृ० २७०

(२) स्कंदिलाचार्यना अध्यक्षपणा हेठळ मथुरामा मळेली सभा जेमा प्राय सच सिद्धांतोमा सुधारा वधारा करवामा आव्या हता

(३) आनदपुरना राजा ध्रुवसेन नाग तेना पुत्रना मरणनो शोक निवारण करवा अथे कल्पसूत्रनु जाहेर वाचन, अने

(४) कालकाचार्ये करेलो पज्जुसणना दिवसनो फेरफार 8

मथुरामा भरेली सभाना विषयमा जणाववु जोईए के तेनु, तेनाथी वधारे महत्वनी अने प्रसिद्ध वल्भीनी सभा साथे गुचवण थएलु छ वल्भीनी सभामा सिद्धान्तग्र थोने अत्यारना रूपमा खरेखर ठरावचामा—नक्की करवामा आव्या हता परतु आ सभा साच ज थएली हती के नहीं, ते प्राचीनकाळनी वात होवाथी अत्यारे विचारणीय नथी9 परतु वल्भी सबधी वर्णनो तेम ज आनदपुरना राजा ध्रुवसेन समक्ष कल्पसूत्रनी थएली जाहेर वाचना, ए बे बाबतो घणा उपयोगनी छे दुर्भाग्ये आनदपुरना सबधमा कोई हकीकत मळती नथी, टीकाओमा ते महास्थान होवानु जणावेल छे परतु आटली माहीतिथी आपणने विशेष मदद मळती नथी तेम छता आपणे नीचेनी बाबतो ध्यानमा लेवी जोइए

१ ध्रुवसेन ए नाम घणु अजाण्यु नथी ते वलभीना एक वशनु नाम छे अने आपणे जाणीए छीए के पहेलो ध्रुवसेन इ स ५२६ मा राज्यगादी उपर आव्यो हतो

२ आ ध्रुवसेनने पुत्र न हतो कारण के इ स ५४० मा तेनी पछी तेनो भाई गृहसेन10 गादी उपर आव्यो हतो अने

३ महावीरनिर्वाणनी तारीख तरीके इ स पूर्वे ४६७ मा वर्षने स्वीकारी कल्पसूत्रनी एक वाचना के—जेना माटे कहेवु जोईए के, ते खरेखर प्राचीन अने उपयोगी छे ते वाचनामा आपेला ९९३ वर्षना, त्यारथी गणना करीए छीए तो एक आश्चर्यजनक सरखापणु मेळवीए छीए कारणके (९९३-४६७= ५)९९३ माथी ४६७ वर्ष बाद करता ते ५२६ मु वर्ष आवे छे ते बराबर वल्भीनी गादी उपर ध्रुवसेनना अधिरोहणनु वर्ष छे

आ सघळी हकीकतो उपरथी मारु चोक्कस अनुमान थाय छे के वल्भीनी महासभा ध्रुवसेनना राज्यारोहणना वर्षमा ज मळी हती, ए बीजु ए के कल्पसूत्रमा आपवामा आवतु महावीरनु जीवनचरित्र पण जे छेल्ली बाबत ते ज सभामा निर्णीत करवामा आव्यु हतु तेनु ध्रुवसेन राजानी समक्ष वाचन करवामा आव्यु हतु अने आ बाबत मारा अभिप्राय प्रमाणे महावीरनिर्वाणना इ स पूर्वे ४६७ मु वर्ष सूचवती हकीकत माटे एक घणु किमती साधन छे

हवे मात्र एक ज प्रश्नने उहापोह करवो बाकी रहो छे जे विद्वानो आ मिति मारा मत्य तेओ एकदम जणावशे के ा सूत्रना गातपुत्तना अवसानना सबधमा पाली सिद्धान्तोमा आवता वर्णनोथी विरुद्ध छे कारण के ते ग्रथोमा जणावेलु छे के बुद्ध ज्यारे शाक्यभू

8 आ कालकाचार्य जैन परपरामा जेना ए महावीर पछी ४० वर्षे विद्यमान गर्दभिल्लना राजा काळमा थ ह आ गणी गरकारा–Z D M G 34 241

9 आ सभाना प्रमुख हकीकत ए जा हाल प्रसिद्ध करेली (Testgruss an Bohtlingl p 54 ff) ग्रथमा जेना उल्लेख छे ते न हाय ना ते मा वीर पछी ९१४ वर्ष एटले इ स पूर्वे ११३ मा मरणपाम्या एम कहेवाय छे

10 आ गणामा भाइया स्कधाजा पछी गादीए आवना एवा कोई नियम न हता ए बाल गृहसेन पछी तेना पुत्र गृहसेन बीजा ज इ स ५ ९ मा गादीए बेठा हता ते उपरथी सिद्ध थाय छे

मिना सामगाममां विचरता हता त्यारे नातपुत्ते पावामां काळ कर्यो हतो; अर्थात् महावीर-निर्वाण बुद्धनिर्वाणनी पूर्वे थयुं हतुं आ वर्णन मने तद्दन मान्य छे परंतु हुं मानुं छुं के ए विद्वानो आ प्रश्नना संबंधमा थोडो संभाळपूर्वक विचार करशे तो तेमने जरुर जणाशे के आ हकीकत बहु महत्त्वनी नथी

प्रो. जेकोबीए पोताना ग्रंथमां एक घणुं ज मजबुत प्रमाण रजु करेलुं छे अने जणाव्युं छे के इ. स. पूर्वे ५२७ ना वर्षने बरतरफ करी, हेमचंद्रना कहेवा मुजब इ. स. पूर्वे ४६७ मुं वर्षज स्वीकारणीय छे. अने मारे आ स्थळे जणाववुं देवुं जोईए के डॉ. जेकोबीनुं प्रमाण एटलुं वधुं मजबुत छे के तेने पालीग्रंथमां मळी आवता आवा प्रकारना वर्णनने लीधे फेंकी देवाय तेम नथी

उपरोक्त वर्णन दीघनिकाय ३, ११७ २०९; अने मज्झिमनिकाय २, २४३[11] मां जोवामां आवे छे अने ते एम जणावे छे के ज्यारे बुद्ध सामगाममां रहेता हता त्यारे तेमने खबर केहवामां आवी हती के तेमना प्रतिस्पर्धीए पावामां काळ कर्यो. अने बीजुं ए के निर्ग्रंथोमां गंभीर भेदो—सांप्रदायिक फांटा पडी गया हता, तेम ज आखो जैनसमाज भग्न थई जवानी तैयारीमां हतो पावा संबंधी वर्णन केटलेक अंशे खरुं छे, कारण के जैनोनी मान्यतानुसारे पण महावीर पावामां ज निर्वाण पाम्या हता परंतु केटलेक अंशे खोटुं पण छे, कारण के में उपर जणाव्युं तेम[12] बुद्धो ए पावाने–राजगृहनी पासे आवेली पावाने—मानता नथी के जे आज दिन सुधी पण जैनो माटे तीर्थ स्थळ मनाय छे. बौद्धो पावाने, ज्यां आगळ बुद्धे चुंदना घरे छेल्लुं खाणुं खाधुं हतुं ते कुशीनारनी पासे आवेला नाना शहेर तरीके ओळखावे छे, के जे बाबत पण शंका उत्पन्न करवा वाळी छे आ उपरांत हुं उपर जणावी गयो छुं के, उपालि साथेनो मेळाप, जेने महावीरना मरणना साचा कारण तरीके बताववामां आव्यो छे, तेवुं कशुं वर्णन सौथी प्राचीन सूत्रोमां मळतुं नथी. अने, अंतमां जणावुं छुं के धर्मभेद संबंधी तेमां आपेलो वृत्तांत आ नोंधने पहेलां करतां वधारे शंकापात्र बनावे छे, कारण के जैनग्रंथोमां आ प्रकारनुं बीलकुल वर्णन नथी, पण तेथी उलटुं ते तो एम जणावे छे के आ अवसरे तो समाजमां सर्व स्थळे शांति फेलायली हती वळी जैन ग्रंथोमां धर्मभेदो छुपावेला छे ज नहीं. ते ग्रंथोमां एवा बे नाना धर्मभेदोनुं वर्णन आपेलुं छे, अने ते तीर्थकरना[13] विद्यमानतामां ज उत्पन्न थया हता तेम कहेलुं छे आ स्थळे हुं गोसाल अने तेना अनुयायीओनी करेली पजवणीनुं वर्णन करतो ज नथी के जेनो महावीरस्वामीना निर्वाण वखते अंत आवी गयो हतो आ बाबतमां, मारुं एम धारवुं छे के आ धर्मभेदोनो झांखो हेवाल निकायोना रचयिताओने मळ्यो हशे अने तेओए तेने पावामां थएला नातपुत्तना निर्वाण संबंधी तेमणे मेळवेला ज्ञान साथे गुंचवी नांख्यो हशे अने तेथी तेओए आ पावाने, भूलथी तेओनी वधारे परिचित पावा मानी लीधी हती आखरे मारे कहेवुं जोईए के आ दंतकथामां उपरोक्त तपासना निर्णयने बाधा पहोंचाडे तेवुं एक पण तत्त्व नथी अने महावीर बुद्ध करतां थोडा वखत पाछळ थया हता ते प्रकारना मतने बरोबर बेसती आवती अन्य बे बाबतो हुं नोंधवा इच्छा राखुं छुं.

दी० नि० २,५७, म० नि० १, ३७७, सं० नि० १, ६६, इत्यादि ग्रंथोमां जैनधर्मने चातुर्याम

---

11 प्रो चामर्स ज रा ए सो १८९५, पृ० ६६५ आदिमा ए उल्लेखोनु अवतरण अने भाषांतर कर्युं छे

12. जुओ उपर पृष्ठ

13. सरखावो--लायमान,इन्डियन स्टडीज़, १७, पृ ९८ नी नोट

एटले ' चार यमवाळो ' [14] कहेलो छे परतु खरी रीते ए महावीरनो धर्म नथी ए तो तेमनी पूर्वे थएला पार्श्व नामना तीर्थंकरनो प्ररूपेलो धर्म छे कारण के महावीरे तो पोताना धमा वलवीओ माटे पाच व्रतनु विधान कर्यु हतु अने खुद जैनोमा पण महाव्रतो ' नी सख्याना सबधमा वास्तविक रीते गुचवण होय तेम जोवामा आवे छे [15] सामञ्ञफलसुत्त आदि पालीग्रथोनी आवा रीते वणन करवामा भूल थएली हती एम मानवानु कारण नथी कारण के आ वर्णन बुद्ध अने महावीर परस्पर वधारे निकटना सबधमा आव्या ते समयनी जैनी परिस्थिति हतो तेनो चितार मात्र छे अने आ उपरथी आपणे कदाच अनुमान करी शकीए के महावीरे, तेमना बुद्ध साथे काईक सबध थयो हतो ते वखते एटले थोडोक वखत वाद पोताना पाच महाव्रतनो सिद्धात छेवटरूपे नक्की कर्यो हतो

आ उपरात बौद्ध धमना ग्रथोमा मुख्य राजा तरीके मात्र बिंबिसारनु वणन थएलु छे अजातशत्रुनो उल्लेख वधारे प्रमाणमा थएलो जोवामा आवतो नथी आ उपरथी ए हकीकतने टेको मळे छे के अजातशत्रुना राज्यनी शरूआत थई त्यारे आगमन बुद्धनु जीवन पोताना अवसान समुख थवा लाग्यु हतु अर्थात् तेमनु जीवन समाप्त थवानी तैयारीमा हतु परतु जैनधमग्रथोमा महावीरना जीवनकालमा कूणिके घणो मोटो भाग भजवेलो छे अने खचीत तेनु वर्णन वधारे नहि तो निदान तेना पिताना जेटलु तो थएलु छे ज बौद्धो ज्यारे जणावे छे के तेमना तीर्थंकर बुद्ध अने आ राजाओनो परस्पर मेळाप मगधनी जुनी राजधानी राजगृहमा थतो हतो त्यारे जैनग्रथोमा स्थळे स्थळे तेमना तीर्थंकर अने कूणिकना मेळापनी भूमी तरीके कूणिकनी नवी राजधानी चपाने बतावबामा आवी छे आ बाबत पण खरेखर अजातशत्रुना राज्यना उत्तरकाळनी द्योतक छे

हवे हु मारी तपासनी अते आवी पहोंच्यो छु मारे न्यायदृष्टिए जणावी देवु जोईए के आ लेखमा लखेली सघळी बाबत एक या बीजा रूपमा आ लेखनी पहेला ज वर्णित थई गएली छे परतु आ प्रकारनु पिष्टपेषण आ जातनी सामान्य रूपनी अत्यारनी सघळी शोधोने साधारण छे, अने तेथी ए बाबतमा मने बीलकुल दिलगीरी थती नथी अत्यार सुधीमा मळी आवेली सघळी हकीकतोनु भडोळ एकवार फरीथी वाचको समक्ष मूकवानु मने घणु ज अनुकूल लाग्यु छे, कारण के ए द्वारा तेओ आना सबधमा वधारे योग्य अभिप्राय-पछी ते अभिप्राय उपरोक्त अभिप्रायने अनुकूल थाय के प्रतिकूल थाय-बाधवा शक्तिमान थशे अने मारु खासुस मानवु छे के महावीरना समयनिणयनो प्रश्न घणो ज महत्त्वनो छे अने तेटला माटे जेटला वधारे साधनो मळे तेटला बधा साधनो द्वारा विवेचन करवा योग्य छे जो हु एटली मोटी आशा न राखी शकु के सघळा लेखको मारा अनुमानने समत थशे, के जे अनुमान मा जेकोबीए लावा काळ उपर सूचवेलु हतु अने जेने में मात्र अन्य नवी दलीलो द्वारा मजबुत करवा ज प्रयत्न करेलो छे तो पण हु एटली आशा तो जरुर राखी शकु छु के उपरोक्त विवेचन घणा लाबा समयथी उपेक्षापात्र बनेला एवा आ अति महत्वना विषय तरफ तेओ पोतानु ध्यान दोरशे मने नहि मळी शकेली एवी घणी नवी माहीतिओ विद्वानोने उपलब्ध थशे अने आ गभीर प्रश्ननो कोई नवो चूकादो जन्म पामे ए पण बनवु सभवित छे अत्यारे तो आनाथी अन्य

14 सरखावो—उत्तराध्ययन सूत्र २३ १२ मा वहेग चाउज्जामो धम्मो

15 सरखावो—हेस्टींगनी इन्साइक्लोपीडिया, पु १, पृ २६४ मा डॉ हॉर्नलनो लेख

प्रकारनो निर्णय थई शके ए मने शक्य लागतुं नथी-के जे निर्णय आ महावीरनिर्वाणना समय साथे संबंध धरावती तेमज तेना उपर आधार राखती अन्य बाबतोने वधारे बंधबेसतो थाय

टिप्पण—आ निबंधना वाचकने जरूर लाग्युं हशे के मैं प्रो. गायगर (Geiger) ना महावंशना भाषांतरना (London 1912) उपोद्घातनो बीलकुल उल्लेख कर्यो नथी. वास्तवमां मारे जणाववुं जोईए के हुं आ निबंध पूरो करी रह्यो त्यांसुधी मैं ते उपोद्घात वाच्योज न हतो. अने तेथी करीने मारां करेला केटलांक अनुमानो त्यार आगमच प्रो. गायगरे साबीत करेली बाबतोनी मात्र पुनरुक्ति रूपे जणाशे. परंतु आ प्रसिद्ध विद्वान् सिलोनना परंपराविषयक सघळी बाबतोनुं अपूर्व ज्ञान धरावता होवा छतां तेमनां कालगणनात्मक तपासना मुख्य परिणाम साथे हुं संमत थई शकतो नथी. बुद्धनिर्वाणनी मिति तरीके इ. स. पूर्वे ४७७ ना वर्षने मानवा माटेनां मारां सघळां कारणो-प्रमाणो-में मारा लेखमां आपेलां छे अने इ. स. पूर्वे ४८३ वर्षथी गणाता सीलोनना संभवित संवत्ना अस्तित्वमात्रथी, मारो मत खोटो होय तेवी मारी खातरी थती नथी. आनुं कारण ए छे के आ संवतनो पत्तो-उल्लेख ११ मी सदीना पहेलां, बुद्धनिर्वाण पछीना १५०० वर्षना अरसामां, थएलो मळतो नथी. अने प्रो. गायगर ज्यारे अशोकनो अभिषेक इ. स. पूर्वे २६४ नक्की करे छे त्यारे तेओ शिलालेखना प्रमाण तरफ उपेक्षा करता होय तेम जणाय छे. कारण तेमां जणावेलुं छे के अभिषेक पछीनुं १२ मुं वर्ष इ. स. पूर्वे २६० अने ५५८ नी वचमां पडे छे. अने ते ज काळना शिलालेखो द्वारा आ प्रमाण पुरावो मळतो होवाथी, सिलोनना ऐतिहासिक ग्रंथोनुं प्रमाण, स्वाभाविक रीते ज निरुपयोगी निवडे छे.

आ निबंधनो उपसंहार करता पहेलां, हुं मारा निबंधना हस्तलिखित कागळोने अतिशय मायाळुपणे वांची जई अंग्रेजी भाषाना शुद्ध प्रयोगने लगती मारी केटलीक भूलो सुधारी आपनार डॉ. एफ्. डबल्यु. थॉमसना तरफ मारी अंतःकरणनी उपकारवृत्ति प्रकट करूं छुं.

तीर्थंकर वर्धमाननो समय

[जर्नल ऑफ धी रॉयल एशियाटिक सोसायटीना सन १९१७ पृष्ठ १२२-३० मां प्रगट थएल एल्. डी. बरनेटना THE DATE OF VARDHAMANA नामना लेखनो अनुवाद]

वर्धमान ए आधुनिक जैनधर्मना संस्थापक छे तथा तेमनो समय ते प्राचीन हिंदुस्थान (आर्यावर्त) नी कालगणनामां एक जूनामां जूनो सीमासूचक स्मरण-स्तंभ छे आम छतां तेमना निर्वाणना समयना विषयमां घणा मतभेदो छे जैन तीर्थंकरोना जीवन तथा युगना संबंधमां पौराणिक हकीकतो तो पुष्कळ उपलब्ध थाय छे परंतु आ परंपरागत कथनोनी विगतो अत्यंत गुंचवणीवाळी तथा परस्पर घणी विरोधात्मक जणाई आवे छे तेमां वळी केटलाक तो सामान्य पणे खोटी रीते समजवामां तथा समजाववामां आवेली छे आ लेखमां आ सघळां परंपरागत कथनोने तेमना युगना रीतरिवाजो गौतम बुद्धनी साथेनो वर्धमाननो संबंध तेमज आ बन्ने त्यागी महापुरुषोनो, मगधना राज्यवंश—के जे वंशनी साथे भारतवर्षना इतिहासना प्रारंभिक काळमां आ बन्ने धर्मो अत्यंत गाढ संबंध धरावता हता—ते वंशना राजाओ तथा महाराजाओनी साथेना तेमना संबंधने अनुकूल थाय ते रीते समजाववानो यत्न करवामां आवेल छे भारत वर्षनी, ई स पूर्वेनी छट्ठी अने पांचमी शताब्दिनी कालगणनानी साधारण रीते यथार्थ योजना हिंदु बौद्ध अने जैन साधनो, के जे अनुक्रमे पुराणो दीपवंश अने गाथाओमांथी मळी आवे छे, ते साधनोमांथी मळी आवता अनेकविध कथनोने परस्पर संगत करवाथी करी शकाय छे आ प्रकारनी कालगणनानी एक विगतवार योजना गत वर्षना इंडियन एन्टीक्वेरीमां आपेली छे तेटला माटे ते ज बाबतनी पुनरुक्ति करवानी अहीं जरूर नथी मारी पद्धतिनी गणना अनुसार वर्धमान साथे संबंध धरावता शैशुनाग राजाओनी तारीखो आपवी ज अहीं पूरती थशे बिंबिसार उर्फे श्रेणिकनो समय ई ५१३-४८० ई स पूर्व छे अजातशत्रु उर्फे कूणिक ई स पूर्वे ४८०-४५३, उदय उर्फे उदायी भद्रक, ई स पूर्वे ४५३-४३७, अने दर्शक ई स पूर्वे ४३७-४१३[1]

जैनपरंपरा अनुसार वर्धमान श्रेणिक बिंबिसार साथे संबंध धरावता हता श्रेणिकनी राणी चेल्लणा वैशालिना चेटक राजानी पुत्री हती अने वर्धमाननी माता त्रिशला ते ए राजानी बहेन हती[2] आ उपरथी बिंबिसारनी राणी ए वर्धमाननी पहेली नेहा (मामानी छोकरी) थाय आपणने मळी आवती नोंधो उपरथी वर्धमाननो पोतानी बेन-मगधनी राणी-साथे अगर तो तेना पति बिंबिसारनी साथ वयोविषयक शो संबंध हतो, ते कल्पी काढवुं अशक्य छे जैन नोंधोमां वर्धमान अने बिंबिसार ए बन्नेना परस्पर थएला मेळाप संबंधी घणी ज जूज हकीकत मळे छे जेकोबीनुं मानवुं छे के उत्तराध्ययनसूत्रना वीसमा अध्ययनमां आवी एक परस्पर थएली मुलाकातनो उल्लेख छे जो ते कदाच तेमज होय तो पण बिंबिसार ए वखते खासो वृद्ध होवो जोइए अने ए जैन यति ना ते समये तरुण युवान हता तथा स्पष्ट रीते तरत ना ज दीक्षित थएला हता[3] परंतु वास्तविक रीते, आ अध्ययनमां उल्लिखित जैन यतिने वर्धमान कहेवा ए वधु शंका भरेलुं लागे छे, कारण-यति एम कहे छे के तेमना पिता कौशाम्बिना (वडीला) छे ज्यारे आपणे ए तो स्पष्ट जाणीए छीए के वर्धमानना पिता तो वैशालीना

---

1 इन्डि॰ एन्टि॰ १९१५ पा॰ ४१-५२ 2 कल्पसूत्र (जेकोबीनी आवृत्ति) पा॰ ११३ 3 S B E, Vol XLV pp 100-1

नजीक आवेला कुण्डग्रामना एक सरदार—उमराव हता. यतिए एम कहेलुं छे के तेमनुं कुटुंब पुष्कळ समृद्धिवान हतुं. परंतु वर्धमानना कुटुंबना विषयमां आवुं कोई खास कथन थएलुं नथी.

अजातशत्रुना विषयमां बौद्धो करतां जैनो घणुं वधारे जाणे छे तेना राज्यकालना अंतिम समयमां तेनी राजधानी चंपा हती अने त्यां ज ते मरी गयो हतो[4] एम जाणवामां आव्युं छे. तेणे वर्धमाननी घणी वार मुलाकातो लीधी हती,[5] अने तेनो पुत्र उदायी ते तो खरेखर एक चूस्त जैन हतो उवासग-दसाओमां [6] गोसालनो मरण समय. कोसल साथे अजातशत्रुना थएला युद्ध बाद बतावेलो छे, अने वर्धमाननुं निर्वाण गोसालना मरण पछी १६ वर्षे थयानुं जणावेलुं छे जैन सूत्रोमां [7] एम कहेलुं छे के वर्धमाननो मामो चेटक, जे वखते अजातशत्रुए चंपा नामनी पोतानी राजधानीमांथी वैशाली उपर हुमलो कर्यो ते वखते, त्यांनो राजा हतो. आ उपरथी आपणे न्यायसर एटलुं अनुमान करी शकीए छीए के ते राजाना भाणेज आ जैन यति, आ बनाव बाद घणा वर्ष सुधी विद्यमान रह्या हता तेम ज एटलुं तो आ परथी स्पष्ट ज थाय छे के जैनो, अजातशत्रुना राज्यना प्रारंभिक वर्षोना करतां तेना अंतनां वर्षोनी घणी ज वधारे अने चोक्कस माहीति धरावे छे.

उदय अने दर्शकना राज्योनुं, आ बंने धर्मोनी नोंधोमां घणुं ज झांखुं प्रतिबिंब नजरे पडे छे. सर्व आटली वात तो कबुल राखे छे के अजातशत्रुनो उत्तराधिकारी उदय बन्यो हतो, अने आ वात पुराणोक्त हकीकतो द्वारा समर्थित न थती होवा छतां आपणे ठीक ठीक तेम मानी शकीए छीए. बौद्ध परंपराओनी अनुसार उदय ए अजातशत्रुनो, बिंबिसारनी हयातिमां सुद्धां एक मानीतो पुत्र हतो, तथा पोताना पितानो बुद्धनी साथे मेळाप थयो ते वखते, ए एक युवान पाटवी कुंवर हतो. आथी अजातशत्रुना मरण समये उदय मध्यवयस्क होवो जोईए परंतु दर्शक, मात्र भासना वासवदत्ता नाटकमांथी ज तेना विषयमां जे फक्त एक परंपरा मळी आवे छे ते अनुसार, गादीए आव्यो ते समये घणो ज जुवान—नानी उंमरनो हतो आ रीते जोतां, पुराणोमां जणाव्या प्रमाणे अजातशत्रु अने उदयनी वच्चे दर्शक आव्यो हतो तेम मनाय नहि. संभवित छे के जे उदय राजानी गादीए ते आव्यो हतो ते राजानो, ते एक पुत्र या तो नानो भाई होई शके. बौद्धो उदय विषे आथी वधारे कांई जाणता नथी, परंतु जैन नोंधोमां जणाव्या प्रमाणे, ते (उदय) जैन धर्मनो एक चुस्त अनुयायी हतो, [8] पोताना पितानो उत्तराधिकारी बन्यो हतो तेम ज पाटलिपुत्रनो [9] वसावनार हतो अने छेल्लुं ए के तेनी कारकीर्दिनो टुंक समयमां ज तेना खूनने लईने अंत आव्यो हतो

दर्शकना विषयमां, सिलोनना बौद्धो फक्त एटलुं ज जणावे छे के तेनुं नाम नागदसक हतुं. परंतु आ उपरांत तेओ कांई जणावता नथी. दर्शकना राज्यना प्रारंभ कालमां चंडप्रद्योत विद्यमान हतो.[10] चण्ड तथा तेना पुत्र पालकने जैनपरंपराओमां जे महत्त्व आपवामां आव्युं छे ते उपरथी एम अनुमान नीकळे छे के ते युगमां जैनधर्मनुं मुख्य स्थान अने केन्द्र मगध नहि परंतु उज्जैन हशे. तेम ज वर्धमान अने चण्ड ए बंने समकाले देहांत थया हता, ते वात जो खरी होय तो, आपणे मानी शकीए के जैनधर्मना संस्थापके दर्शकनुं राज्य जोयुं हशे

---

4. हेमचन्द्र रचित स्थविरावली चरित, ६,२१. 5 औपपातिक सूत्र पृ ३९ 6. हॉर्नलनी आवृत्ति. परिशिष्ट १ अने २. पृ. ११०. 7 निरयावली सूत्र, पृ २७. 8 कल्पसूत्र, op cit, p 5 9. हेमचन्द्र, op. cit जेनी साथे पाटलीपुत्र वसाव्यानी बाबतमा वायुपुराण पण मळतु छे 10 भासकृत स्वप्नवासवदत्तम् (त्रिवेन्द्रम् सीरीझ) पृ० ४

आटली हकीकतो उपरथी एटलो निर्णय थाय छे के वर्धमाननु निर्वाण गौतमबुद्धनी पछीथी थयु हतु परतु विद्वानोनो एक बीजो मजबुत पक्ष पण रहेलो छ जे आ विचारथी सख्त विरुद्ध छे उदाहरण तरीके मि विन्सेन्ट ए स्मीथ,[11] हजी पण माने छ के वर्धमान ए बुद्धनी पहेला केटलाक वर्ष थई गया हता ते लखे छे के जैन यति (तीर्थंकर) ' सभवित रीते बिंबिसारना राज्यना अतनी नजीकना कालमा निर्वाण पाम्या हता " अने गौतम बुद्धनु निर्वाण " अजातशत्रुना प्रारभना राज्यकालमा थयु हतु ' महावीरना निर्वाणना परपरागत चाली आवेला समयने माननाराओनो पण आवो ज मत छे वास्तवमा तेओ, जैन तीर्थंकरना निर्वाणने, बुद्धना निर्वाण करता पचासथी वधारे वर्षो पूर्व मूके छे आथी करीने आ विषयनी विगतवार तपास करवानी जरूर छे

मि स्मीथनो उपरोक्त मत दीघनिकाय ३, ११७ आदि, अने मज्झिम निकाय २, २४३ आदिने आधारे उत्पन्न थएलो छे आ विषयमा प्रथम तो आपणे ए ध्यानमा राखवु जोईए के दी० नि० ? २७ आदि अने म० नि० १, ३७७ मा जनधर्मनो उल्लेख " चातुयाम " (चार मतो वालो) धर्म तरीके करेलो छे जैन आगमग्रथोमा [12] पण ए उल्लेख मळी आवे छे अने ते धर्म वर्धमाननी पूर्वे २५० वर्ष थएला पार्श्वनाथनो हतो परतु ते धर्म वर्धमान-जेमणे पार्श्वनाथना आ चार मतोमा पाचमु ब्रह्मचर्यनु व्रत उमेरीने पाच मतो अमलमा मूक्या-मूकाया हता-तेमनो न हतो बीजु ए के बुद्ध अने बिंबिसार ए बनेनो परस्पर अनेक वखत मेळाप थयो हतो [13] अने आ विषयमा एक बौद्धसप्रदाय [14] तो एटले सुधी कहे छे के बुद्ध अने बिंबिसार ए बन्ने एक ज दिवसे जन्म्या हता आ थी विरुद्ध जैनपरपरानु [15] एम कहेवु छे के वर्धमान अने अवन्तीपति चण्डप्रद्योत ए बन्ने एक ज दिवसे स्वर्ग गया भासकृत वासवदत्ता द्वारा आपणे जाणीए छीए के प्रद्योत खरेखर अजातशत्रुना स्वर्गवास पछी तथा उदयना पण देहात थया बाद पोते हयाती धरावतो हतो आजी यावत ए छे के बुद्ध अजातशत्रुना प्रारभिक राज्यकालमा एटले ते तेना ५ अथवा ८ मा वर्षमा होय, निर्वाण पाम्या हता ए वात सघळी बौद्धपरपराओने समत छे परतु जैनपरपराओ तो एम जणावे छे के वर्धमान कोसलना राजानी साथे अजातशत्रुना युद्ध थई गया पछी ओछामा ओछा १६ वर्ष तो हयाती धरावता हता

आ उपरात आ बने धर्मोना प्राचीनग्रथोना सामान्य अभ्यास द्वारा एटलु अनुमान स्पष्ट रीते नीकळी आवे छे के वर्धमान, बुद्धना समयमा नहि परतु तेमना केटलाक वर्षो पछी जन्म्या हता प्राचीन बौद्ध ग्रथोमा [16] जैनोना भिन्न भिन्न सप्रदायोना उल्लेखो थएला छे जेवा के —पार्श्वनाथ वर्धमान अने पुराण काश्यप एमना अनुयायीओ आ काळ तेमनो विविध धार्मिक पथो स्थवातो हतो तीर्थंकर ए शब्द जैनो अर्थ बौद्धो ' पाषडीमतनो सस्थापक ' एवो करे छे ते शब्दनो जैन ग्रथमा थएलो अर्थ धर्मनो सस्थापक ' छे हवे तैर्थिक अगर तो पाषडीमतोना खास खास सस्थापकोनो विचार करता जैनग्रथोमा नोंधाया प्रमाणे गोसाल ए साथी प्रधानपद भोगवे छे परतु बुद्धना विरोधी तरीके तेनु

11 Early History of India 3 rd ed p 33

12 उदाहरण तरीके जुओ उत्तराध्ययन सूत्र अध्ययन २

13 जुआ, स बु इ पुस्तक ५ (इन्डेक्स्) प्रमाणमा? पा ९९

14 Rockhill Life of the Buddha (Citing *Dulva* XI), p 16

15 The Literary Remains of Dr Bhau Daji p 130

16 सरखावो-महावग्ग ८, ५, २ अगुत्तरनिकाय ३ ३८३

स्थान एटलुं मोटुं जोवामां आवतुं नथी आपणे जाणीए छीए के गोसाल वर्धमाननी पहेल
१६ वर्षे मरी गयो हतो तथा तेणे आजीविक नामे एक सुप्रसिद्ध पंथ स्थाप्यो हतो. जो
गोसाल बुद्धनो समकालीन होत तथा एक विरुद्ध पंथना संस्थापक तरीके प्रसिद्धि भोग
वतो होत तो आपणे सहजे आशा राखी शकिए के, तेनो प्राचीन बौद्धग्रंथोमां, तेव
रूपमां जरुर उल्लेख करवामां आव्यो होत. तेमज जमालि नामनो वर्धमाननो एक प्रसिद्ध सम
कालीन पुरुष, के जेणे जैनधर्ममां पहेलो पक्षभेद उभो कर्यो हतो, तेना विषयमां पण बौद्धो
कशी माहीति नथी अंतमां जैनग्रंथोमां वर्णववामां आवेलुं तत्त्वशास्त्र ए सांख्य तेम ज वेदां
बंनेथी विरुद्ध छे परंतु बौद्ध तत्त्वशास्त्रनो पायो आ बे प्राचीन धर्मो उपर नंखायलो छे
तथा तेमां (बौद्ध दर्शनमां) पाछळना वखतमां व्यवस्थित थएल वैशेपिक दर्शननो क्या
पण उल्लेख थएल नथी, परंतु, एनाथी उलटुं, जैनदर्शने, जेम डॉ भाण्डारकरे स्पष्ट रीते
जणावी आप्युं छे 17 तेम " ते एक बाजुए सांख्य अने वेदांत अने बीजी बाजुए वैशेपिक
बंनेनी वच्चे करेला समन्वयना रूपनुं छे "

हवे आपणे वर्धमानना समय साथे कोईपण रीते संबंध धरावनी एवी जुदी जुदी परंप
रागत हकीकतोने तपासीए

१ आ परंपराओमां प्रथम उल्लेखनीय एवी एक सुप्रसिद्ध गाथा छे. आ गाथाने दिगंबरो
तथा श्वेतांबरो—बंने संप्रदायो माने छे. अने तेनुं तात्पर्य ए छे के महावीरनुं निर्वाण ' विक्र
मनी पूर्वे ४७० वर्ष ' थयुं हतुं परंतु डॉ. होर्नलना 18 जणाव्या मुजब आ गाथानो अर्थ बंने
संप्रदायो जुदी जुदी रीते करे छे. दिगंबरो आने विक्रमना जन्मथी गणे छे त्यारे श्वेतांबरो
तेना राज्याधिरोहणना समयथी आ गाथा साथे विक्रमनुं नाम जोडाएलुं छे ते उपरथी ते
एक अर्वाचीन परंपराद्वारी मानी अने ते रीते ऐतिहासिक दृष्टिए महत्त्व विनानी गणीने तेन
इनकार करवानो नथी. कारण के आ गाथानुं स्वरूप निःशंक आधुनिक होवा छतां पण
शक्य छे के ते कोई एक प्राचीन परंपराने आधारे रचाएली होय. अने तेम मानवाने मो
अधिक मजबुत कारण ए छे के ए गाथा बंने संप्रदायने मान्य छे

आ गाथाविषयक जे खरो प्रश्न छे ते तेना अर्थना संबंधमां छे प्रॉ कीलहॉर्ने 19 ए
जणावे छे के इ स. पूर्वे ५८ वर्षे शरु थएला संवत् साथे विक्रमनो संबंध छेक ९ मी
अने १० मी शताब्दिमां उत्पन्न थवा मांड्यो हतो. अने आ संवतने विक्रमादित्ये स्थापि
कर्यो हतो एवो खास उल्लेख, पहेल पहेलो, सन ११९८ ना एक शिलालेखमां जोवाम
आवे छे परंतु आ उल्लेखनीय संवत्ना विषयमां एक बाबत प्रॉ. कीलहॉर्नने विचारवी रही ग
छे के बारमी शताब्दिमां विक्रमसंवत् ने अनंदविक्रमसंवतना नामे लखवानी एक खास गणन
पद्धति उभी थई हती आ अनंदविक्रमसंवत् 20 लगभग इ स ३३ मां एटले पहेल
विक्रमसंवत् पछी ९० अगर ९१ वर्षे शरु थयो हतो. बीजी 'सनंद' नामनी गणना पद्धति
स पूर्वे ५८ अगर ५७ वर्षे उत्पन्न थई हती चन्द वरदाई नामना ते ज (१२ मी) शताब्दिन
प्रसिद्ध कविए पोताना काव्यमां आ गणत्रीनो अथथी ते इति सुधी उपयोग करेलो छे.
उपरथी एटलु स्पष्ट थाय छे के विक्रमसंवतनी गणतरीनी आ सनन्द अने अनन्द ए बंने रीति
ओ, जे समये प्रस्तुत गाथाने वर्तमान रूपमां मूकवामां आवी ते समये, प्रचलित हत

---

17 जुओ तेमनो रिपोर्ट सन १८८३–८४, पृ १०१ आदि　18. Inp Ant XX p 360
Ind. Ant XIX and XX　20 J R. A S, 1906, p. 500

हवे जो आपणे सन् गणतरी स्वीकारीए तो तदनुसार निर्वाणसमय इ स पूर्वे ५२७मा मूकाय परंतु आपणे जेम पाछळ जोई गया, वर्धमान बुद्धनी पछी थएला होवाथी आ तारीख प्रकट रीते असमंजस छे तेथी परिणामे गाथामा उल्लेख करवामां आवेल विक्रमसंवत् ते इ स ३३मा शरु थएल अने विक्रम संवत् होवो जोईए इ स ३३ थी पूर्वे ४७० वर्ष गणता वर्धमानना निर्वाणनी तारीख तरीके इ स पूर्वे ४३७ मुं वर्ष आवे

२ हवे आपण ते परंपरागत हकीकत [21] तपासीए, जेनी अनुसार मौर्यवंशीय चंद्रगुप्त राजानुं राज्याधिरोहण वीरनिर्वाण पछी १५५ वर्षे थलावेलुं छे चंद्रगुप्तना राज्याधिरोहणनी सौथी वधारे संभवित तारीख [22] ग्रहण करता निर्वाणना समय तरीके आपणे ३१९+१५५= ४७४ इ स पूर्वेनुं वर्ष प्राप्त करीए छीए परंतु जैन गणनीमा भूल थई होय तेम जणाय छे कारण के तेमा ज्यारे पालकना राज्यना ६० वर्ष आपेला छे, त्यारे पुराणोमा तेना राज्यकालना फक्त २४ अगर २८ वर्षो ज गणावेला छे [23] मत्स्यपुराण जेवा सौथी प्राचीन पुराणमा पालकना राज्यना फक्त २८ वर्षो जणावेला छे आ रीते मात्र पालकना ज राज्यकालमा ३२ वर्षनो तफावत पडे छे नंदोना संबंधमा एम छे के हेमचंद्रे तेमना राज्यकाल तरीके ९५ वर्षो गणेला छे परंतु आपणी कालगणनानी पद्धति अनुसार उदयना मरण पछीना नंदोना—मात्र एकला नंदोनो ज जैन ग्रंथमा विचार करवामा आवेलो छे—राज्यना बराबर ९० वर्ष सिद्ध थाय छे जेन गणतरामा आ भूलो छे एम जो स्वीकारी लईए तो आपणे वर्धमानना निर्वाण समय तरीके ४७४-(३२+५), एटले इ स पूर्वे ४३७ मुं वर्ष नक्की करी शकीए

३ हवे आपणे ते परंपरागत हकीकत [24] तरफ फरीए, जेमा कहेलुं छे के महावीर पछीना सातमा पट्टधर स्थूलभद्र ते नवमा नंदना मंत्री हता तथा जे काळे चंद्रगुप्ते नंदनुं खून कर्युं हतुं ते अरसामा स्वर्गे गया हता जो के आपणे सम्राट् अने यति ए बनेना मरणोनी समकालीनता जेवा मुद्दा उपर वधारे भार न मूकीए छता आ मुद्दाना संबंधमा एटली नोंध लेवा जेवी छे के ते गणतरी आपणी तारीख साथे बंध बेसे छे एटलुं याद राखवुं जोईए के गणधरो या पट्टधरोनी परंपराना विषयमा लगाडेली वर्षोनी सरेराश वखतनी माफक ज बराबर बंधबेसा शकती नथी अने एनुं कारण ए छे के पट्टधरनी वारनमा उत्तराधिकारी केंद्र लीघ घणुं एक मोटी उमरनो होवाथी तेना पूर्वजनो समकालीन गणाय छे; नहि के तेनी पछीनी नवी पेढीनो मारा मतनी पुष्टिमा हुं तपागच्छनी[25] पट्टावलीमाथी तेमज लक्ष्मीवल्लभना कल्पद्रुममाथी वर्ष संख्याओ टाकुं छुं आ बने ग्रंथे मा—ए वात परस्पर मळती आवे छे के वर्धमान पछी २७५ या ३८५ वर्षना कालमा २३ स्थविरो थया हता आ उपरथी आपणे प्रत्येक पेढीना १६ अगर १७ वर्षो मेळवी शकीए छीए वर्धमाननी जे निर्वाण तारीख आपणे नक्की करी छे तेनी साथे संगत राखवा खातर चंद्रगुप्त सुधी थएली स्थविरोनी सात पेढीओना ११८ वर्ष नक्की करवा जोईए अने आ वर्षसंख्या, उपर प्रत्येक पेढि माटे मेळवेली वर्षसंख्या साथे मळती थाय छे

---

21 हेमचंद्र एना उल्लेख कर्यो छे अने मरतुंगे तेनी समालोचना करी छे

22 Dr Hultzsch s in JRAS 1914

23 वायु अने ब्रह्माण्ड पुराणमा २४ तथा मत्स्यपुराणमां २८ वर्ष आपेला छे

24 जुओ स्थविरोनी सूचि SBE xxii,pp 278 -89 तथा इन्डि एन्टि पु ११ २४६

25 Ind Ant XI 251

४ अंतमा, आपणे वर्धमान अने अवन्तीपति चण्डप्रद्योत ए बंनेना अवसाननी समकालीनता बतावनारी परंपराना संबंधमां विचार करीए. अहीआं पण आपणे आ समकालीनताने अक्षरशः न लई शकीए छतां पण एटलुं तो स्वीकारी शकाय के आ महात्मा तथा राजा बंने लगभग सरखा समये देहांत पाम्या हशे. भासना "वासवदत्तामां जे एक परंपरा आवेली छे तदनुसार चण्डप्रद्योतनुं मरण मगधना दर्शकना राज्यना प्रारंभमां (४३७-४१३ इ. स. पूर्वे) थयुं होवुं जोईए. कारण एम छे के, भासे. प्रद्योत पासे तेना पुत्रने माटे दर्शकनी बहेननुं मागुं करावेलुं छे आ नाटकना पोताना जर्मन अनुवादमां प्रो. जेकोबी एवो मत धरावे छे के आ प्रद्योत "प्राय महासेननो पुत्र छे " परंतु मारी पासे स्पष्ट पुरावा छे के ते महासेननो पुत्र नहि पण खुद महासेन ज हतो बीजा अंकमां भासे जणावेलुं छे के " प्रद्योत जे महासेन कहेवाय छे तेनुं कारण तेनी मोटी सेना छे [26] छट्ठा अंकमां प्रद्योतनी राणी उदयनने कहे छे के " तुं अमारा पुत्र गोपाल बालकना जेटलो वहालो अमारो जमाई थयो छुं " [27] बौद्धग्रंथो द्वारा आपणे जाणीए छीए के उदयने चंडप्रद्योतनी पुत्रीनुं हरण करी तेनुं पाणिग्रहण कर्युं हतुं

हवे मात्र एटलुं ज बतावबानुं रह्युं छे के-भासनी आ कथा एक प्राचीन अने विश्वासपात्र परंपराने आधारे रचाएली छे ते कथानी अंदर लावाण्यकनुं दहन अने प्रद्योतनी पुत्रीनुं कल्पित मरण ए एक मुख्य साकळ छे अने आ बाबतमां आ कथाने बौद्ध दिव्यावदान [28] द्वारा पुष्टि मळे. भासे प्रद्योतने जे महासेननो विरुद आपेलो छे तेने बाणना कथननुं पण समर्थन मळे छे. कारण के बाणे पण हर्षचरित्रमां[29] ते राजाने ते ज उपनाम आपेलुं छे गोपालपालक एवुं नाम विष्णुपुराणमां पण मळी आवे छे परंतु अन्य पुराणो अने जैन मेरुतुंग तेनुं नाम फक्त पालक एटलुं ज आपे छे, अने आ नाम ते घणुं करीने तेना पूर्ण नामनुं एक रूपान्तरित संक्षिप्त नाम छे. भासे आ रीते स्पष्ट रूपे एक प्राचीन परंपरानो उपयोग करेलो होवाथी आपणे तेनी कथाने स्वीकारीए के चंडप्रद्योत दर्शकना राज्याधिरोहण पछी पण हयाती धरावतो हतो आ कथन जो खरु होय तो तेनुं अने वर्धमाननुं अवसान इ स पूर्वे लगभग ४३७ वर्षनी पहेलां होई शके नहि

आ रीते इ स. पूर्वेनुं ४३९ मुं वर्ष अगर तो अनन्दविक्रमनु ४७० मुं वर्ष ते जैन कालगणनाविषयक प्राचीन परंपराओने पूर्ण करतुं जणाय छे. तेमज आ हिंदु, बौद्ध अने जैन पुरावाओना आधारे ए युगना सामान्य इतिहासना संबंधमां जे जाणीए छीए तेनी साथे पण बंधबेसतुं थाय छे

---

26. त्रिवेन्द्रम् संस्कृत ग्रन्थावलीमा मुद्रित पृ० २०

27. तेज पुस्तक पृ० ६९.

28. जुओ, अवदान ३६

29. हर्षचरित्र उच्छ्वास ६, पृ १२१ (In the Bombay edition of the Text.)

मेरुतुगाचार्यनी स्थविरावली

[जर्नल आफ धी बाम्बे ब्रँच आफ धी रायल एशियाटिक सोसायटी भाग ९ (सन् १८६७-७) मा प्रकाशित डॉ भाउ दाजीना निबंध]

इ स नी पदरमी (१चादमी) शताब्दिमा मेरुतुग नामना एक जैन आचार्य थइ गया छे तेमना रचेला ग्रथो पैकी चार ग्रथोनी नकलो मारी पासे छ एक प्रबधचिंतामणि जेनो फॉर्बससाहेबे रासमाला नामे गुजरातनो इतिहास लखवामा सारो उपयोग करेलो छे बीजु महापुरुषचरित्र, जेमा अनेक अतिप्राचीन जैन सत्पुरुषोना चरित्रो वर्णववामा आव्या छे त्रीजानु नाम षड्दर्शनविचार छे आ ग्रथमा जैन बौद्ध, साख्य, जैमिनीय अथवा मीमासा औलुक्य अथवा कणाद अने नास्तिक एम छ दर्शनोनु सक्षिप्त वर्णन करेलु छे अने चोथा ग्रथनु नाम थेरावली छे आमा स्थविरोनी एक वशावली यानि परपरा आपेली छे आ छेल्लो ग्रथ त, काल गणनात्मक अने ऐतिहासिक मुद्दावाळी केटलीक प्राचीन गाथाओना उपर एक टीकारूप छे आ सघळा ग्रथो सस्कृत भाषामा रचाएला छे परतु तेमा प्राकृत भाषानी गाथाना अवतरणो आपेला छे मारी पासे छ भिन्न भिन्न जैन सूरिओ या पडितोनी रचेली छ सपूर्ण पट्टावलीओ छे अने बीजी पण केटलीक पट्टावलीओना अशो छे परतु तेमानी एके ऐतिहासिक रसिकताना दृष्टिए मेरुतुगनी थेरावलीने पहोंची शके तेवी नथी प्रबधचिंतामणि ग्रथ, तेमा अंते जणाव्या प्रमाणे सवत् १३६७ एटले इ स १४२२(? १३१० जोइए-सपादक) मा वाढीआवाडमा आवेला वर्धमानपुर अर्थात् वढवाण शहेरमा रचेलो हतो

पट्टावलीनो सार नीचे मुजब छ —

कार्तिक वदी १५ ने दिवसे श्रीमहावीर तीर्थंकरनु निर्वाण थयु आ बाबत कल्पसूत्र नामना ग्रथमा वर्णवेलो छ एक प्राचीन गाथानो पण आ स्थळ उल्लेख करेलो छे ते गाथामा एम जणावलु छे के जे रात्रिए अर्हन् तीर्थंकर महावीर निर्वाण पाम्या तेज रात्रिए अवन्ता (माळवा) मा चडप्रद्योत नामना राजा पण मरण पाम्यो तेनी पछी तेनो पुत्र पालक अव तीनी गादी उपर अभिषिक्त थयो मेरुतुग पातानी तारीखो अने कथनोना प्रमाणमा रूपात रित मागधीमा रचेली गाथाओनो उल्लेख करे छे अने ते गाथाओने सस्कृतगद्यमा विवरण पूर्वक समजावे छे

आ पालक राजानु राज्य ६० वर्ष चाल्यु ते वरसत पाटलिपुत्रमा राज्य करता कूणिकना पुत्र उदायीनु खून थयु * आ राजाने सतान नहि होवाथी नापित-गणिकाथी उत्पन्न थएल नदनो पाच देदिप्यमान आभूषणथी भूषित एवा मुख्य हस्तीना पसदगी अनुसार, राज्याभिषेक थयो परिशिष्ट पर्व (हेमचद्रकृत) मा एवु वर्णन मळी आवे छ के ' वर्धमान स्वामी (अर्थात् वीर) ना निर्वाण पछी साठ वर्षो वीती गया पछी आ नद राजा थया अने तेनी पाछळ एक पछी एक एम अनुक्रमे नव नदो पाटलिपुत्रना गादीए आव्या तेमनु राज्य कुल १५ वर्ष चाल्यु ' आम वीर पछी २१५ वर्ष थाय पण परिशिष्ट पर्वमा एम पण कहेलु छे के महावीरनिर्वाण पछी १५ वर्ष चद्रगुप्त राजा थया तदर्थे माटे मेरुतुग आ हकीकत विचार णीय छे एम जणावे छे कारणके आ हकीकत प्रमाण ६० वर्ष थोडा थाय छे तेम अन्य ग्रथोनी हकीकतो साथे पण आ बाबत विरोध धरावे छ

---

* कौणिक अगर कूणिक ते श्रेणिकना पुत्र हता आ श्रेणिक भागवतना मत आठमाना छे अने ते बाद ग्रथोमा वर्णवेल राजगृहनो राजा बिंबिसार ज हता

त्यारपछी १०८ वर्ष मौर्ये राज्य चाल्युं. चाणाक्ये नवमा नंदने गादी उपरथी दूर करी चंद्रगुप्त आदि मौर्य राजाओने पाटलिपुत्रनी राज्यगादी उपर स्थापित कर्या एम वीर पछी ३२२ वर्ष वीत्या. मौर्यराज्य पछी पुष्यमित्रे ३० वर्ष राज्य कर्युं.

त्यारबाद बलमित्र अने भानुमित्रे ६० वर्ष सुधी राज्य कर्युं. आ राजाओ ते उज्जयिनीनी गादी उपर थई गएला तेज नामना राजाओथी जुदा हता कल्पचूर्णि (कल्पसूत्रनी एक टीका) मां एवी हकीकत आपेली छे के आ राजाओए (उज्जयिनीना) चतुर्थी पर्वना संस्थापक कालिकाचार्यने पोताना राज्यमांथी बहिष्कृत कर्या हता. तेमना पछी चालीस वर्ष नभोवाहने, जे केटलांक स्थळोमां नरवाहनना नामथी ओळखाय छे तेणे, राज्य कर्युं. आ बनावनो समय वीर-निर्वाण पछी ४५३ वर्षे आवे छे अने आ वर्षे गर्दभिल्लने निर्मूळ करनार कालिकाचार्य, मानपूर्ण सूरिपद पाम्या. नभोवाहन पछी गर्दभिल्ले १५२ वर्ष राज्य भोगव्युं अर्थात् गर्दभिल्लवंशनु राज्य कुल १५२ वर्ष रह्युं नभोवाहन पछी गर्दभिल्ले उज्जयिनीमां ज्यारे १३ वर्ष मात्र राज्य कर्यु हतुं ते वखते, कालिकाचार्ये पोतानी बेन सरस्वती उपर करवामां आवेला जुलमने कारणे गर्दभिल्लनुं निपूढन कर्युं, अने उज्जयिनीमां शक राजाओने स्थापित कर्या तेओए त्यां चार वर्ष राज्य कर्युं अने ते रीते कुल १७ वर्ष थयां.

गर्दभिल्लना पुत्र विक्रमादित्ये उज्जयिनीनुं राज्य पाछुं लीधुं अने सुवर्णना दानथी विश्वना करजने दूर करीने विक्रमसंवत् नामे नवीन संवत्सर प्रवर्तान्यो आ (युग) नी स्थापना वीर ना वार्षिक दानना वर्षथी * शरु थता वीर संवत् ५१२ वर्षे करवामां आवी.

विक्रमना राज्यकालनां	६०	वर्षो.
तेनो पुत्र विक्रम चरित्र उर्फे धर्मादित्यना राज्यकालनां	४०	.
तेना पछी थएला राजा भाइल्लना राज्यना ,,	११	,,
,, . नाइल्लना राज्यना ,	१४	.
,, ,, नाहडना ,, ,	१०	,
	१३५	..

आ राजाना समयमां श्रीमहावीरनुं यक्षवसति नामनुं मोटुं चैत्य, जालोर नजीक आवेला सुवर्णगिरिना शिखर उपर, एक वेपारी (श्रेष्ठि) ए पुष्कळ द्रव्य (९९ लाख) खरची बंधाव्युं हतुं. विक्रम पछीना १३५ वर्षमां १७ वर्ष उमेरतां १५२ वर्ष थाय छे, अने (गाथामां) पण तेम ज कहेलुं छे विक्रमराज राज्यकाल एटले के विक्रमनां वंशात्मक वर्षनी नभोवाहननी पछी १७ वर्षे शरुआत थई; विक्रम संवत् अगर राज्यारंभ ते विक्रमना राज्यथी, अथवा मेरुतुंगनी कल्पनानुसार विक्रमराज्यकालना १७ मा वर्षथी, शरु थयो. तेथी १५२–१७=१३५ वर्षो विक्रमकालयुगनां थाय छे. जिनकाल ते विक्रमकालनी पहेलांनो जिनवीरनो काल छे आ ४७० वर्षनो काल ते श्रीमहावीर अने विक्रमनी वच्चेना कालनी बराबर छे श्रीवीर अने विक्रमादित्यना काल या संवतनी गणत्री केवी रीते करवामां आवी हती ? विक्रमना राज्यनी शरुआत पहेलां ४७० वर्ष श्री वीरनुं निर्वाण थयुं हतुं, एटले के विक्रमना राज्यनी शरुआत वीरनिर्वाण बाद ४७० वर्षे थई.

---

* दाननुं वर्ष के जे नवा संवतनी स्थापनानुं एक मुख्य कारण छे. राजा आखुं वर्ष अतिशय सुवर्णराशि दानमां आपे छे त्यारे ते प्रवर्ते छे एम मानवु छे. महावीर पोताना मरण अगाउ ४२ मा वर्षमां तेम कर्युं हतुं एम कहेवाय छे

पालक	६०	विक्रमादित्य	६०
नन्द	१५५	धर्मादित्य	४०
मौर्य	१०८	भाइल्ल	११
पुष्यमित्र	३०	नाइल्ल	१४
बलमित्र भानुमित्र	६०	नाहड	१०
नभोवाहन	४०		१३५
गर्दभिल्ल	१३		४७०
	४७०	कुल संख्या	६०५

शक संवतनी आ गणतरी—वीरनिर्वाण पछी ६०५ वर्षे भारत (हिंदुस्थान) मां शरुआत थई हती

आगळी वातचीतनु वर्णन करीने मेरुतुंग अनेक स्थविरो (थेरा, वडील महान यतिओ) ना पट्टप्रतिष्ठाकाल (सूरि पदवी उपर प्रतिष्ठापन) नी तारीखो आपे छे

श्रीवीरना निर्वाणथी —

सुधर्मस्वामीनु पट्टाधिरोहण	२० वर्षसुधी
जंबुस्वामीनु	४४
	६४

परिशिष्ट पर्वमां पण एमज छे के जंबुए वीरनिर्वाण पछी ६४ वर्ष आयुष्य भोगवी पोतानी पाट कात्यायन गोत्रना प्रभवने स्थापित कर्या अने सर्व कर्मथी निवृत्त थई अक्षय्य स्थानने पाम्या

प्रभव	११ वर्ष
शय्यंभव	२३
यशोभद्र	५०
संभूतिविजय	८ ,
भद्रबाहु	१४ ,
	१७०

आ रीते वीरनिर्वाण पछी १७० वर्ष थयां परिशिष्ट पर्वमां जणाव्युं छे के वीरनिर्वाणथी १७० वर्षो गया पछी भद्रबाहु समाधिपूर्वक स्वर्गे गया

स्थूलभद्र	४५ वर्ष अर्थात वीरनिर्वाणथी २१५ वर्ष
आर्यमहागिरि	३०
आर्यसुहस्ति	४६
गुणसुंदर	४४
	३३५ वर्ष

आ समये (अणुनिगोद व्याख्याता) कालिकाचार्य प्रादुर्भूत थया कालिकाचार्यना अणुनिगोद उपरना व्याख्यान सांभळवा इन्द्र आव्यो हतो ते वात कथावली स्थविरावलीमां पुनरावृत्त करी छे कालिकाचार्य प्रज्ञापनाना सूत्रना कर्ता छे मूळमां ३४० ना अंक आप्यो छे जे लहियानी भूल छे कारण के आना प्रमाणमां परिशिष्टपर्वनी जे एक गाथा टांकवी छे तेमां ३७० होवानु जणावेलु छे ते वीर पछीना ११ गणधर सहित पट्टधरोमांना २३ मा पट्टधर हता सिद्धांतमां ते श्यामार्यना नामे ओळखाय छे

कालिकाचार्य	४१ वर्ष
स्कंदिलसूरि	३८ ,,
	४१४ वर्ष

आ आप्या पछी मेरुतुंगाचार्य वृद्धसंप्रदाय एटले प्राचीनपरंपरागत कथनो नोंधे छे स्थूल-भद्रना आर्यमहागिरि आर्यसुहस्ति नामे बे शिष्यो हता.

आर्यमहागिरि शाखा ते मुख्य शाखा छे अने ते स्थविरावालीमां नीचे प्रमाणे आपवामां आवी छेः—

वलिस्सह सूरि		रेवइसिंहो	(रेवतिसिंह)
सांयि	(स्वाति)	खंडलो	(स्कंदिल)
सामज्जो	(श्यामार्य)	हिमवं	(हिमवान्)
संडिलो	(शांडिल्य)	नागज्जुणो	(नागार्जुन)
जियधरो	(जित-धर)	गोविंदो	(गोविन्द)
अज्जसमुद्दो	(आर्यसमुद्र)	भूयदिन्नो	(भूतदिन्न)
मंगू	(मंगु)	लोहित्यो	(लौहित्य)
मंडिल्लो	(मंडिल)	दूसगणि	(दुष्यगणि)
नागहत्थि	(नागहस्ती)	देवड्ढी	(देवर्धिन्)

आ देवर्धी ते वीरथी २७ मा पट्टधर हता. तेमणे संपूर्ण सिद्धान्त, रखेने ते नष्ट थई जाय, तेटला माटे लखाव्यो

कल्पसूत्रमां आपेली बीजी शाखा नीचे प्रमाणे छेः—

अज्जसुहत्थि	(आर्यसुहस्ति)
सुट्ठिय	(सुस्थित)
इंददिन्नो	(इन्द्रदिन्न)
अज्जदिन्नो	(आर्यदिन्न)
सिंहगिरि	(सिंहगिरि)
वइरसामी	(वज्रस्वामी)
सोपारग वइरसेनो	(सौपारक वज्रसेन)

परंतु आ शाखाओमां आर्यसुहस्तिनी पछी गुणसुंदरनुं नाम आवतुं नथी, तेमज श्यामार्यनी पछी स्कंदिलाचार्यनुं नाम पण नथी परंतु मेरुतुंगे पुरातन यादीओमां तेओना नामनो निर्देश थएलो जोवाथी अहीं पण तेमणे ते नामो वचमां मूकी देवानी हिंमत करी छे आवी ज बाबत रेवतिमित्रना संबंधमां जाणवानी छे स्कांदिल पछी ३६ वर्षे रेवतिमित्र थया हता. (अने तेमना पछी), आर्य मंगु २० वर्षे एटले आ काळ ते वीरनिर्वाण पछी ४७० वर्षनो काळ थयो. (वीरनिर्वाणथी) ४५३ वर्ष थयां पछी कालिकसूरि जेमणे गर्दभिल्लनो विनाश कर्यो हतो तेओ थया. तेमना पछी २४ वर्षे आर्यधर्म थया केटलाकनुं एम मानवु छे के मंगु अने धर्म ए बंने एकज व्यक्तिनां नामो छे तेओना मते आर्यधर्मनो काल ४४ वर्षनो बने छे.

भद्रगुप्त	३९ वर्ष
श्रीगुप्त	१५ ,,
श्रीवज्र	३६ ,,

आ समय वीरनिर्वाण पछी ५८४ वर्षनो छे तदनन्तर श्री आर्यरक्षित १३ वर्ष पुष्यमित्र २० वर्ष पट्टधर रह्या आमणे यथार्थ रीते सूत्रार्थनो बोध कराव्यो हतो आ प्रमाणे आपणे या रथी ६१७ मा वर्षमा आवाए छीए आ समये शक संवत्सरनी शरुआत थइ (नकल अत्रे दोषयुक्त छे अने उल्लिखित गाथा मेळववानी जरुर छे)

साधारण रीते नीचे दर्शेल कथन उपलब्ध थाय छे —

अगाउ (प्राचीन समयमा) चन्द्रगुप्त राजाना समयमा बार वर्षनो दुष्काळ पडवाथी उत्पत्तिलब्धि (उत्कृष्ट ज्ञानना अर्थो) अने नीजा हजारो प्रकीर्णको नष्ट थया बहुल्सम अने बलिस्सह आ बने एकज व्यक्तिना नामो हता स्थविरावलीमा आर्य मंगु पछी भिन्नशाखामा उत्पन्न थएला एवा आर्यधर्म, भद्रगुप्त, वज्रस्वामी अने आर्यरक्षितना नामो मुकेला छे अने आम करवानु कारण पटलुज हतु के ते व्यक्तिओ नामांकित या प्रधानपुरुष हता रेवतिसिंह सूरि ते ब्रह्मद्वीपकथी भिन्न छे त्यारपछी वज्रस्वामीना समयमा फरीथी १२ वर्षनो दुष्काळ पड वाथी सिद्धान्तनु व्याख्यान बंध थयु परतु ज्यारे फरी आबादी थइ त्यारे स्कंदिलाचार्ये मथुरामा संघने एकठो करी फरीथी सिद्धान्तना वाचनानो आरंभ कर्यो अने आ वर्णन 'जेसि इमो अणुओगो' थी शरु थती गाथा अनुसारे मानवामा आवे छे \

बीजी शाखामा आर्यसुहस्तिना १२ अंतेवासीओमाना सुस्थित नामे पांचमा अंतेवासी हता तेमनी द्वारा कोटिकगणनी उत्पत्ति थइ अने कल्पसूत्रमा एम जणावेलु छे के व्याघ्रापत्य गोत्रना आर्यमहागिरिने उत्तरथेरो नामना प्रथम अने षडुलुक उर्फे रोहगुप्त जे आठमा अंतेवासी हता तेओना उपरांत आठ शिष्यो हता छेल्ला अंतेवासी षडुलुक उर्फ रोहगुप्तद्वारा कल्पसूत्रमा जणाव्या प्रमाणे त्रैराशिक शाखानो प्रादुर्भाव थयो

आवश्यकसूत्रमा भिन्नभिन्न निह्नवोनो समय नीचे प्रमाणे आपेला छे —

प्रथम निह्नव (जमालि) वीर प्रभुने केवळ ज्ञान थया पछी १४ मे दिवसे (? वर्षे) थयो

बीजो (तिष्यगुप्त)	१६ वर्षे
त्रीजो (अव्यक्त)	२१४ ,
चोथो (समुच्छेदिक)	२२० ,
पांचमो (गंग)	२२८
छट्ठो (रोहगुप्त त्रैराशिक)	५४४
सातमो (गोष्ठा माहिल)	५८४
आठमो (दिगंबर पंथ)	६०९

हवे विचारो के षडुलुक रोहगुप्त आर्यमहागिरिनो शिष्य होय तो ते समये वीर पछी ५४४ वर्षो केवी रीते व्यतीत थया होय ? आर्यमहागिरि ए स्थूलभद्रना शिष्य हता अने स्थूल भद्र उपर समजाव्या प्रमाणे वीरनिर्वाण पछी २४ वर्षे उत्पन्न थया हता आथी (आर्यमहा गिरिना) अंतेवासीने वीर पछी ५४४ मा वर्षमा मूकी शकाय ज नहि

आ संदेहनिराकरण माटे बहुश्रुत विद्वानो ज प्रमाण छे आ ज प्रमाणे बार वर्षना दुष्काळना अंते वज्रस्वामीए पोताना वज्रसेन नामना शिष्यने जाहेर कर्यु हतु के—' ज्यारे तमने एक लाख रूपीआनी किंमतनु भोजन मळे त्यारे तमारे हवे लोकमा समृद्धि (अथवा रेलचेल) थशे एम समजवु ' एम कहीने बने मददो आर्या मोकल्यो, ते शिष्य सोपारगमा वसता जिनदत्त नामना श्रेष्ठि (व्यापारी) ने त्या गयो तेनी इश्वरी नामना पत्नीए तेने झेर भेळव्या विना

एक लाख रुपीआनी किंमतनुं भोजन अर्पण कर्युं.* अने शिष्ये तेमने कह्युं के आवती काले समृद्धि थशे--अने पछी ते त्यां सुखपूर्वक रह्या पछीथी तेने नेन्द्र, चन्द्र अने विद्याधर नामना शिष्यो प्राप्त थया हता

एक सो शाखावाळा वड अगर पिपळाना झाडनी माफक चंद्रकुल, आज सुधी कीर्तिमंत वर्ते छे अने तेना संबंधमां नीचेनी एक गाथा पण प्रचलित छे --

" कोडि गणो गणो मे, वइर साहा साहा से; चन्दकुलं कुलं मे."

" गणोमा कोटी गण, शाखाओमां वज्रशाखा अने कुलोमां चन्द्र कुल (श्रेष्ठ) छे "

भृगुक्षेत्रमां आर्य खपुटाचार्य अने सिद्धसेन प्रभावक (थया)

वळी. वज्रस्वामी पछी वज्रसेन थया हता	३३	वर्ष
नागहस्ति	६९	,
रेवतिमित्र	५९	,
ब्रह्मद्वीपक सिंह	७८	.
	२३९	

त्यार पछी स्कंदिल, हिमवत्सूरि अने नागार्जुन ७८ वर्ष

आ ७८ वर्षमांनां २२ वर्ष ज्यारे व्यतीत थयां त्यारे वलभिनो नाश थयो. तेना माटे एवो उल्लेख छे के--" पण सयरी वाससाइं तिण्णि सयाइं अइक्कमेउण, विक्कमकालाउ तओ वल-ही-भंगो समुप्पण्णो " --विक्रमकाल पछी ३७५ वर्ष व्यतीत थयां पछी वलभिनो भंग थयो.

विक्रम पछी वज्रस्वामी ११४ वर्ष थया.

वज्रस्वामी पछी स्कंदिल २३९ वर्ष थया

तेना पछी २२ वर्षे वलभिभंग थयो अने एम एकंदर ३६५ वर्षो थयां तेज रीते, विक्रम पछी ५१० वर्षे, अने वीरनिर्वाण पछी ९८० वर्षे देवर्धिगणीए सिद्धान्त लखाव्यो अने ते वखते कल्पसूत्रमां तेमणे लख्युं के --" श्रमण भगवान महावीरना निर्वाण पछी ९०० वर्षो पसार थयां पछी १० मां सैकाना ८० मा वर्षमां आ ग्रंथ रचायो हतो '

आना पछी १३ वर्षे (कालकसूरिए) शुक्ल चोथने दिवसे पर्युषणापर्व उजव्युं: अने आ बाबत (उल्लिखित गाथामां) वर्णवेली छे.

१०५५ मा वर्षमां (उल्लिखित) गाथामां जणाव्या मुजब, हरिभद्रसूरिनुं मरण (थयुं).

पछी जिनभद्रक्षमाश्रमण	६५	वर्ष	थया
,, पुष्यमित्र	६०	,,	,,
,, स्वातिसूरि	७५	,,	,,

जेमणे शुक्ल चौदशने दिवसे पाक्षिक प्रतिक्रमणनी स्थापना करी हती. (उल्लिखित गाथा)

केटलाक ग्रंथोमां पुष्पमित्रने स्वातिसूरिनी पछी मुक्या छे, परंतु आम करवुं (उल्लिखित) गाथाथी विरुद्ध छे मुख ग्रंथ (जे अनुक्त या अनिर्दिष्ट छे परंतु जेमां गाथा आपेली) मां एम कहेलुं छे के तेमणे वीर पछी १३०० वर्षे सूरिपद मेळव्युं हतुं परंतु आना संबंधमां बहुश्रुत पुरुषोए तपास करवानी जरुर छे, कारण के तेमां एम जणावेलुं छे के स्वाति (सूरि) पछी संभूतिविजय थया हता पचाश वर्ष माठर, ६० वर्ष संभूतिगुप्त अने वप्पभट्टसूरिः परंतु आ विषयमां उत्तम प्रमाण मात्र संप्रदाय ज छे.

* ग्रंथकार आ स्थळे एम सूचवे छे के श्रेष्ठिनी स्त्रीनो इरादो, दुष्काळपीडीत कुटुंबिओने झेरमिश्रित भोजन आपी अनिवार्य चिरतन पीडामाथी मुक्त करवा माटे एकी वखते मारी नाखवानो हतो

वीरनिर्वाण पछी १६३९ वर्षे अने विक्रम पछी ११६९ वर्षे श्री विधिपक्ष मुख्याभिधान आर्यरक्षितसूरिए अचल गच्छ स्थाप्यो

वारनो शिष्य श्रेणिक हतो तेनो पुत्र कूणिक तेनो पुत्र उदायी तेना पछी पाटलिपुत्रमा नव नदोए राज्य कर्युं चाणाक्ये तेओने हाथी कादी चद्रगुप्तने राज्याभिषिक्त कर्यो तेना पुत्रनु नाम बिंदुसार हतु तेना पुत्रनु नाम अशोक श्री अने तेनो अध पुत्र कुणाल हतो एना पुत्र सप्रति राजाए उज्जयिनीमा राज्य कर्यु हतु आनो वंशज गर्दभिल्ल हतो ए राजानो शक राजाए नाश कर्यो गर्दभिल्लना पुत्र विक्रमादित्ये शक राजाने नसाडी उज्जयिनीनी गादी उपर पोते वेठो तेणे वीरना मोक्ष पछी ४७० वर्षे सवत्सरथुग स्थाप्यो त्यारबाद सवत ८२१ ना वैशाख सुद २ ने सोमवारे चावडा वश (चाउडा अगर चावडा वश) मा वनराजे अणहिलपुर वसाव्यु तेणे पोते ६० वर्ष कुल राज्य कर्यु तेना पुत्र योगराजे ९ वर्ष राज्य कर्यु। पछी सवत ८९१ मा श्रीरत्नादित्ये त्रण वर्ष राज्य कर्यु तेनो पछी वैरिसिंहे ११ वर्ष राज्य कर्यु

सवत ९०१ मा तेनो पुत्र क्षेमराज गादी उपर आव्या अने ३९ वर्ष राज्य कर्यु

सवत ९४४ मा चामुड राजे क्षेमराजनो उत्तराधिकारी बनी २७ वर्ष राज्य कर्यु

सवत ९७१ मा तेनो पुत्र धाघड गादी उपर आव्यो अने तणे २७ वर्ष राज्य कर्यु

सवत ९९८ मा तेनो पुत्र भूअड गादीए आव्यो अने तेणे १७ वर्ष राज्य कर्यु

आ प्रमाणे चाउडा वशना आठ राजाओए कुल १९६ वर्ष राज्य कर्यु

सवत १०१७ मा चालुक्यवशनो श्रीमूलराज(दौहित्र)गादीए आव्यो तणे३ वर्ष राज्य कर्यु

सवत १० ॰ मा तेनो पुत्र वल्लभराज गादीए आव्यो अने तणे चौद वर्ष राज्य कर्यु

सवत १०६६ मा तेना भाइ दुर्लभ राज्यगादी उपर आव्या अने तणे १२ वर्ष राज्य कर्यु

सवत १०७८ मा तेनो भाइ अने नागराजनो पुत्र नामे भीमदेव गादीए आव्यो अने तेण ४२ वर्ष राज्य कर्यु

सवत ११२० मा तेनो पुत्र श्रीकर्णदेव तेना उत्तराधिकारी थया अने तेणे ३० वर्ष राज्य कर्यु

सवत ११५० मा तेनो पुत्र जयसिंहदेव तेनी पछी गादी उपर आव्या अने तेण ४० वर्ष राज्य कर्यु

सवत् ११९९ नी कार्तिक सुद ३ थी सपूर्ण त्रण(?) दिवस सुधी अराजक स्थिति (पादुका राज्य—पावडी ओनु राज्य)

तेज वर्षना मार्गशीर्ष सुद ४ ने दिवसे भीमदेवना पुत्र क्षेमराजना पुत्र देवपालना पुत्र त्रिभुवनपालना पुत्र कुमारपाल गादीए आव्यो अने सवत १२२९ ना पौष सुद १२ सुधी एकंदरे ३० वर्ष, १ मास अने सात दिवस तेणे राज्य कर्यु

ते ज दिवसे तेना भाई महिपालनो पुत्र अजयपाल गादीए आव्या

सवत १२३२ ना फाल्गुन सुद १२ ने दिवसे अर्थात् ३ वर्ष अने ९ महीना पछी लघु मूलराज गादीए आव्या

सवत १२३४ ना चैत्र सुद १४ ने दिवसे तेना राज्यना २ वर्ष, एक महीनो अने बे दिवस पूरा थया अने ते दिवसे भीमदेव राजा थयो

थेरावली समाप्त

(टिप्पण) त्यारबाद गर्जनक (विजननिा महमुदना) राज्यनी स्थापना थई (एक गाथानो उल्लेख कर्यो छे) पछीथी संवत १३०० मा श्री वीरधवलनो भाई वीसलदेव गज्य गादी उपर आव्यो

१३१८ मा अर्जुनदेव
१३३१ मां सारंगदेव
१३३५ मा लघुकर्ण
१३६० मां माधव नामनो एक नागर ब्राह्मण यवनोने लाव्यो

कुमारपालना प्रधान नामे वाहडे, संवत १२११ मां [शत्रुंजय उपर] एक पत्थरनुं मंदिर बंधाववामां बे करोड ९७ लाख रुपीआ (रु २,९७ ००,०००) खर्च्या

संवत १३७१ मां यवनो (मुसलमानो) तरफथी थएला त्रासने लइने, ज्यारे जावडिनी स्थापेली मूर्ति नष्ट थई हती त्यारे समराके एक नवी मूर्ति स्थापित करी

[केटलोक खुलासो.]

थेरावलीना प्रारंभमां आपेलां नामो तथा तारीखो घणांज महत्वनां छे

महावीर ए छेल्ला जैन तीर्थंकर छे.

बौद्धो गौतमने महावीर कहे छे अने तेमना मुख्य अने प्रसिद्ध शिष्य तरीके महाकाश्यपनुं नाम आपे छे जैनो काश्यपने महावीर कहे छे अने गौतमने तेमनो मुख्य शिष्य (गणधर) बतावे छे. जैनो तथा बौद्धो बंने मगध अथवा बिहारनी राजधानी राजगृहना राजा श्रेणिक, जेने जैनो भंभासार कहे छे तथा बौद्धोना मतानुसार जे बिंबिसरो छे. तेने महावीरना मित्र तथा धर्मानुयायी तरीके एकमते जणावे छे. आ पुरुषो तथा त्यारपछीना राजाओना संबंधमां मारी समालोचना हुं बीजा लेखमां करवा इच्छुं छुं. ते लेखमां हुं बुद्धनो काल तथा खिस्ति सन् पूर्वेनो हिंदुस्थाननो इतिहास, जेमना संबंधमां बौद्ध अने ब्राह्मणग्रंथोमांथी जडी आवती तारीखोथी जैन ग्रंथोमां आपेली तारीखो घणीज जुदी पडे छे, तेना विषयमां आलोचना करवा मारो इरादो छे.

परिशिष्ट पर्वमां हेमाचार्ये उदायीना खूनना विषयनी विगतो आपेली छे थेरावली प्रथम नंदनी उत्पत्तिना विषयमां एक संक्षिप्त अने अत्युपयोगी हकीकत आपे छे अत्यारसुधीमां प्रकाशित थएला बौद्धग्रंथोमां ते विषयमां कांई लखेलुं जोवामां आवतु नथी पुराणोमां तेने शूद्रथी उत्पन्न थएल जणाव्यो छे परंतु तेनी नापित (हजाम) कुलमां उत्पत्ति विषयक जे जैन हेवाल मळे छे ते हेवाल अलेक्झान्डरे पंजाब उपर चढाई करी ते समये पाटलिपुत्रना राजाना डिओडोरस सिक्युलस (Diodorus Siculus) अने क्विन्टस कर्टिअसे (Quintus Curtius) आपेला हेवाल साथे जो के तद्दन एकरूप नथी छतां घणो मळतो छे. आ राजा ते, चंद्रगुप्त अगर ग्रीकोना संड्रकोटसनो पूर्वज हतो

प्राकृत ग्रंथोमां शको तेमज सिथिअनोने सग कहेला छे. विक्रमसंवत् अने विक्रमादित्ये करेलो शकराजाओनो पराजय आ बे बनावो समकालीन होय तेम जणाय छे परंतु शकनृपकाल के जे शालिवाहननो युग ज छे ते शक लोकोए करेली मालवा अने दक्खण उपरनी जीतनो समकालीन छे शककाल अथवा शकोना युगने. भारतवर्षीय विद्वानो सुद्धांए केटलीक वखत पहेली बाबत साथे अने केटलीक वखत बीजा बनाव साथे गोटाळो करी दीधो छे, अने ते रीते तेमनी गणत्रीमां १३५ वर्षनी भूल थाय छे.

भरुचनी एक प्राचीन जैन लाइब्रेरीना अवशिष्टोमांथी मळी आवेल एक पट्टावलीना छुटा

पानामा शा कारणथी कालिकाचार्ये शक राजाओने दाखल कया तथा विक्रमादित्य तेमने केवा रीते हाकी मूकी पोतानो मत्सर स्थाप्यो ते बाबतनो खुलासा आप्या पछी नीचेनी बाबत उमेरेली छ "विक्रम पछी १३' वष वीत्या पछी शाक लोकोए फरीथी विक्रमपुत्र (विक्रमनो पुत्र अगर वशज) ने हाकी काढ्या अने तेनु राज्य जीती लीधु

चाउडा (चापोत्कट) वशनी कालगणाना जे वनराजथी शरू थाय छ ते कालगणना प्रबधचिंतामणि तथा अन्य यादीओमा आपेली कालगणनाथी राजाओना नाम सबधी क्रम अने सख्या परत्वे तथा तेओना राज्यकाळनी सख्या परत्वे भिन्न पडे छे आ उपरथी स्वाभाविक रीते एक एवो प्रश्न उभो थाय छे के थेरावलीना कर्ता मेरुतुग ने प्रबधचिंतामणिना कर्ता जेमनु नाम पण मेरुतुग छे ते होय के नहि ?

आ स्थळे हु प्रबधचिंतामणि, जिनमण्डनोपाध्यायकृत कुमारपाल प्रबध तथा एक नमामी पट्टावली उपरथी तारवी काढेलु एक तुलनात्मक कोष्टक नीचे रजु करु छु —

	मेरुतुगनी प्रबध चिंतामणि	जिनमण्डनोपाध्याय कृत कुमारपाल प्रबध	पट्टावली (नाम वगरना)
वनराज	,०	०	६०
यागराज	३५	३५	२२
क्षमराज	२'	२	२'
भूयड	२९	२९	,०
वैरिसिंह	२'	२५	२'
रत्नादित्य	११	११	१५
सामतसिंह	७	७	७
मूलराज	५५	५	५१
चामुण्डराज	१३	१३	१३
वल्लभराज	६ महीना	६ महीना	६ महिना
दुर्लभराज	११—'	११—६	११—६
भीमराज उर्फे भीमदेव	' ४२	४,	४२
कर्णदेव	नथी आप्यु	२९	२९
जयसिंहदेव	प्रतिना दोषने लइन ४९	नथी आप्यु	४८-८-१०
कुमारपाल	३'	३१	३०-८-२७
अजयदेव उर्फे अजयपाल	३		३ ११ २८
मूलराज	'		२-१-२४
भीमदेव	६३		६' -२—८
लघुक राज (अराजक स्थिति)			६ दिवस
त्रिभुवनपाल			२ मास १२ दिवस
वीसलदेव			१८-७-११
अर्जुनदेव			१३-६—६२
सारगदेव			२१-८—८

१ एक प्रतिमा २ अने बीजीमा मूलनी माफक छे

साहित्य-समालोचन

Ardha-Magadhi Reader By Banarasi Das Jain M. A.
Published by the University of the Punjab, Lahore

अर्धमागधी रीडर, ग्रन्थकार प्रो. बनारसी दास जैन, एम्. ए. ओरिएन्टल कॉलेज, लाहोर।

बम्बई, कलकत्ता और पंजाब युनिवर्सिटीके अभ्यासक्रममे कुछ वर्षोंसे जैन साहित्यको भी स्थान मिला है और बम्बई इलाखेमें तो कुछ विद्यार्थी जैन साहित्यका अभ्यास कर एम्. ए. तक भी पहुंचे हैं। लेकिन विद्यार्थियोंको और प्रोफेसरोंको इस विषयमें अभी तक सबसे पहली कठिनाई तो इसी बातकी हो रही है कि पढने-पढानेके लिये वैसी कोई पुस्तकें ही अभी तक तैयार नहीं हैं। कुछ वर्षोंसे जैन साधुओंका प्रयत्न इस बारेमें तो यथेष्ट हो रहा है कि भंडारोंमे पडे पडे सडने वाले संस्कृत प्राकृत आदि जैन ग्रन्थोंको छपवा छपवा कर प्रकट कर दिये जांय। परंतु साधुओंके इस प्रयत्नकी मर्यादा बहुत ही संकुचित और कार्यकी पद्धति बहुत ही शिथिल होने के कारण, युनिवर्सिटीके विद्यार्थियोंको उसका कोई लाभ नहीं मिलता। इस लिये यह काम, जैनसाहित्यके आभ्यासी जो थोडे बहुत स्कॉलर हैं उन्हींके द्वारा किये जानेकी आवश्यकता है।

हमें यह जान कर प्रसन्नता हुई कि श्रीयुत प्रो. बनारसी दासजीने यह अर्धमागधी रीडर तैयार कर, इस महत्त्वके कामका प्रशंसनीय प्रारंभ कर दिया है। यह रीडर, अर्धमागधी अर्थात् जैनागमोंकी प्राकृत-भाषाके अभ्यासियोंको प्रावेशिक ज्ञान करानेमे अच्छी मदत दे सकेगी। इसका संकलन और संपादन उत्तम रीतिसे किया गया है। प्रारंभमे, पहले अर्धमागधीका संक्षिप्त व्याकरण दिया गया है; उसके बाद, अर्धमागधी भाषा और उसके साहित्यका परिचय कराया गया है। तदनन्तर, कुछ उपयुक्त ऐसे छपेहुए जैन ग्रन्थोंकी सूचि, जैन साहित्यके प्रकाशन-कार्यमें विशिष्ट योग देनेवाली कुछ व्यक्तियोंका परिचय, और अन्तमें हस्तलिखित ग्रन्थ पढनेवालोंके लिये पुरानी लिपि विषयक कुछ सूचनाएं भी देदी हैं। फिर कोई ७८ पन्नोंमें, विवागसुय, नायाधम्मकहा, ओववाइयसुत्त, आयारंगसुत्त, पण्हावागरणसुत्त, सूयगडंगसुत्त, उत्तरज्झयणसुत्त और दसवेयालियसुत्त आदि जैन सूत्रोंमेंसे चुन चुन कर कितनेक मूल-पाठ दिये हैं। पाठोंका चुनाव अच्छा और भाषा तथा साहित्यकी दृष्टिसे विशिष्ट परिचायक किया गया है। फिर इन मूल-पाठोंका इंग्रजी अनुवाद और कुछ आवश्यक टिप्पणियां देकर सबोंतमें महत्त्वके शब्द और नामोंकी एक सूचि भी दे दी है। इस प्रकार नवीन अभ्यासीकेलिये इस रीडरको उपयोगी बनानेमें प्रो. जैनने जो खूब परिश्रम और प्रयत्न किया है तदर्थ वे विद्यार्थियोंके धन्यवादके पात्र हैं और हम आशा करते हैं कि भाई श्री बनारसी दासजी इस विषयका अपना प्रयत्न सतत जारी रखेंगे और आगे पर हमको इससे भी अधिक महत्त्वकी कोई ऐसी पुस्तक भेट करेंगे।

प्रस्तुत रीडरकी एक हिन्दी आवृत्ति भी बनारसी दासजीने तैयार की है जो कभी शायद जैन साहित्य संशोधकके पाठकोको पढनेको मिल सकेगी।

प्रकाशक —शाह केशवलाल माणेकचंद, माननीय कार्यवाहक जै० सा० सं० कार्यालय,
भारत जैन विद्यालय, पूना शहर.
मुद्रक —गणेश काशिनाथ गोखले, सेक्रेटरी; श्री गणेश प्रिंटिंग वर्क्स, ४९५ शनवार पेठ, पुणे शहर.

તરંગવતી

અર્થાત્

ભગવાન્ શ્રી મહાવીરદેવના શાસનની એક સાધ્વીની

હૃદયંગમ અને આદર્શભૂત

આત્મકથા

પ્રાકૃતમાં

મૂળ કર્તા પાદલિપ્તાચાર્ય– સંક્ષેપ કર્તા નેમિચંદ્ર ગણિ

પ્રો. લૉયમેનના જર્મન અનુવાદ ઉપરથી ગુજરાતી કરનાર

નરસિંહભાઈ ઈશ્વરભાઈ પટેલ

શાન્તિનિકેતન

પ્રકાશક

બબલચંદ કેશવલાલ પ્રે. મોદી

હાજાપટેલની પોળ–અમદાવાદ.

વિક્રમ સં. ૧૯૮૦ [સર્વ હક્ક સ્વાધીન] સને ૧૯૨૪

આવૃત્તિ ૧ લી. કી. રૂ. ૦-૧૨-૦ નકલ ૧૪૦૦

શ્રી વીર-શાસન પ્રિન્ટીંગ પ્રેસમાં શા કેશવલાલ હરસુખભાઈએ છાપ્યુ

ઠે. રાજપુર ટંકશાળ—અમદાવાદ

કેશવલાલ પ્રેમચંદ મોદી (પ્લીડર) ની પુત્રી

(મોહનલાલ પોપટલાલ ડોક્ટર (પ્લીડર) ની પત્ની)

માણેક

જન્મ સંવત ૧૯૬૨ ના કારતક શુદ ૧૨
બુધવાર તા ૮ નવેમ્બર સને ૧૯૦૫

દેહત્યાગ સં. ૧૯૭૯ ના માગસર વદ ૧૩
શનીવાર તા ૧૬ ડીસેમ્બર સને ૧૯૨૨

અર્પણ પત્રિકા

મ્હારી વ્હાલી ભગિની !

પૂર્વસંચિતની કૃપા વિના આવી બેન કયાથી મળે? ડાહી અને વિવેકી
તો ઘણીય બહેનો હોય, પણ આવી કુટુંબવત્સલ અને સત્કર્મમા
આમ વાર્યું કરનારી તે તો દુર્લભ જ માણે- ! ત્હારા મનોરથ
ઉમદા અને પરોપકારી, એ મનોરથ પાર પાડવામા ત્હારો આ-
ગ્રહ અને ત્હારૂ બળ અમને સૌને હરાવે છે ! તુ ગર્યુ
કરનારી, તુ ત્હારા ગુણથી, બુદ્ધિથી અને કર્મથી સૌને
જીતનારી ! તે અમારામાં જન્મી, એજ અમારો
ભાગ્યોદય છે ધન, વૈભવ કે રાજ્યસત્તા કરતા
તારા જેવા રત્નના મહવાસીને કેમ અભિ
માન ના ચડવુ જોઇએ ? છતાય તારો
મહવાસ કેટલો ટુંકો સુવાસવાળુ ઉ-
ત્તમ કમલ ખીલતા પહેલાજ કર-
માઇ જાય તે દેખી કોને શોક ના
થાય ? એમ છતાય શોક કર્યે શુ વળે
એમ માની ત્હારા સ્મરણાર્થે તારા
જેવીજ સુંદર, પ્રેમાળ અને ગુણવાન
નાયિકાવાળી મહાન્ કથા, સમયના ગાઢ
તિમિરમાથી બહાર પ્રકાશમા લાવવા પ્રયત્ન કરવો
તે ઉત્પન્ન થતા શોકને ભુલવવાનો એક સરલ માર્ગ છે
એમ માનીનેજ આ પુસ્તક ત્હારા સ્મરણાર્થે અર્પણ કરૂ છુ

વિષયાનુક્રમ.

પ્રકાશકના બે બોલ

પાદલિપ્તાચાર્યનું નામ જૈન સાહિત્યમા સુપ્રસિદ્ધ છે પ્રભાવક ચરિત્ર, પ્રબધ ચિતામણિ આદિ અનેક ગ્રથોમા એમના સબધમા કેટલુયે લખેલુ મળી આવે છે સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ જૈનતીર્થ શત્રુજયગિરિની પવિત્ર તળાટીમા વસેલુ પાલીતાણા નામનુ પાટનગર એ જ આચાર્યના નામનુ અતિ પ્રાચીન સ્મરણસ્થાન છે એમ ઘણી જુની જૈન માન્યતા છે પ્રભાવક અને ચમત્કારી પુરુષ તરીકેની ચિરપ્રચલિત ખ્યાતિ કરતા યે પદિનગણમા પ્રકૃષ્ટ પ્રતિભાશાળી પુરુષ તરીકેની કીર્તિ એમની ઘણી જૂની છે જે રસપૂર્ણ કથા વાચકોના હાથમા છે તેના મૂળ કર્તા એ જ આચાર્ય હતા એક કાળે–ઘણા જૂના સૈકાઓમા જ્યારે સસ્કૃત ભાષાની સર્વશ્રેષ્ઠ ગદ્ય કાવ્ય અને કથાના કર્તા ભટ્ટ બાણનો જન્મ યે થયો ન હતો ત્યારે પાદલિપ્તાચાર્યની તરગવતી કથા સહૃદય વિદ્વાનોના સુકુમાર મનને ગગાના કલ્લોલોની માફક નચાવ્યા કરતી હતી સસ્કૃત વાસવદત્તા અને પ્રાકૃત તરગવતી એ બને કથાઓ સેકડો વર્ષો સુધી ભારતીય સરસ્વતી દેવીની કર્ણ–કલિકાઓ મનાતી હતી જૈન આગમ સાહિત્યના દ્વિતીય યુગના મૂળ સૂત્રધાર વિદ્યમાન જૈન વાઙ્મયને અમર સ્વરૂપ આપનાર યુગપ્રવર જિનભદ્રગણિક્ષમાશ્રમણે પોતાના આવશ્યક મહાભાષ્યમા (જુઓ ગાથા ૧૫૦૮) તરગવતીનો નામનિર્દેશ કર્યો છે અને તેનુ જ પુનરુચ્ચારણ આચાર્યવર્ય હરિભદ્રે પોતાની આવશ્યક ટીકામા કર્યું છે હરિભદ્રના શિષ્ય અને કુવલયમાલા કથાના કર્તા દાક્ષિણ્યચિહ્ન ઉદ્યોતન સૂરિએ (શક સવત ૭૦૦, વિક્રમ સવત્ ૮૩૫) પોતાની કથાના પ્રારભમા પાદલિપ્તાચાર્યની પ્રતિભાની પ્રશસા સૂચવતા ત્રણ શ્લોકો લખ્યા છે તેમા તરગવતી માટે લખ્યુ છે કે —

चक्काय जुवल सहिया रम्मत्तण–रायहस–कयहरिसा ।
जस्स कुलप्पव्वयस्स व वियरइ गगा तरगवई ॥

મહાકવિ ભટ્ટબાણને વિધિએ અર્પેલા અદ્વિતીયતાના આસનથી ઉતારી પાડનાર સિદ્ધ સારસ્વત કવીશ્વર ધનપાળે પણ પોતાની તિલકમજરીની પીઠિકામા પાદલિપ્તની સ્તુતિ કરતા લખ્યું છે કે —

प्रसन्नगम्भीरपथा रथाङ्गमिथुनाश्रया ।
पुण्या पुनाति गङ्गेव गा तरङ्गवती कथा ॥

સુપાસનાહ ચરિય નામે પ્રાકૃત ભાષામા એક ઉત્તમ ચરિત્ર રચનાર લક્ષ્મણ ગણિએ (વિ સ ૧૧૯૮), એ ચરિત્રની પ્રસ્તાવનામા પૂર્વ કવિઓના ગુણગાન ગાતા તરગવતીનુ ગૌરવ આ પ્રમાણે ગાયુ છે —

को न जणो हरिसिज्जइ तरंगवइ–वइयरं सुणेऊण ।
इयरे पबंध–सिंधू वि पाविया जीए महुरत्तं ॥

પ્રભાવક ચરિત્રના કર્તાએ પાદલિપ્તાચાર્યનું મૃત્યુ સાભળી કોઈ કવિએ કાઢેલ દુઃખોદ્ગારનિદર્શક એક પ્રાચીન પ્રાકૃત ગાથા સંગ્રહી રાખી છે જેમાં જણાવ્યું છે કેઃ—

सीसं कह वि न फुट्टं जमस्स पालित्तयं हरंतस्स ।
जस्स मुहनिज्झराओ तरंगलोला नई वूढा ॥

પાદલિપ્તાચાર્યની તે મૂળ કૃતિ આજે ક્યાંયે ઉપલબ્ધ નથી. ઘણા જૂના ભંડારોમાં અને તેવી જૂની ટીપોમાં પણ આ કથાનો ઉલ્લેખ મળી આવતો નથી. આથી જણાય છે કે એ મૂળ કથા ઘણા જૂના સમયમાં નષ્ટપ્રાય થએલી હોવી જોઇએ.

જે કૃતિને આધારે પ્રસ્તુત અનુવાદ તૈયાર કરવામાં આવેલો છે તે એક મૂળ કથાના સારરૂપે પાછળથી રચાયેલો સંક્ષેપ છે, અને આ વાત પહેલા જ પાના ઉપરના બીજા પ્રેરેગ્રાફમાં સ્પષ્ટ જણાવેલી છે આ સારના કર્તા હાઇયપુરીય ગચ્છમાં થએલા આચાર્ય વીરભદ્રના શિષ્ય નેમિચન્દ્રગણિ છે, એમ છેવટે આપેલી ગાથા ઉપરથી જણાય છે. એ ગાથા આ પ્રમાણેઃ—

हाईयपुरीयगच्छे सूरी जो वीरभद्दनामेत्ति ।
तस्स सीसस्स लिहिया जसेणा गणिनेमिचंदस्स (?) ॥

આ હાઇયપુરીય ગચ્છ અને તેમાં થએલા આચાર્ય વીરભદ્ર તથા તેમના શિષ્ય નેમિચન્દ્ર વિગેરેના સમય ઈત્યાદિના સંબંધમાં હજી કાંઇ વિશેષ જાણવામાં આવ્યું નથી, આખો ગ્રંથ ગ્રં૦ ૧૬૪૮ પ્રાકૃત આર્યાઓમાં રચેલો છે.

મૂળ કથા ગદ્યપદ્ય ઉભયમાં હશે એમ જણાય છે અને તેની ભાષા પ્રાચીન અપભ્રંશ હશે. ઉપર જે મૂળ કથાની પ્રશંસા જણાવનારા પદ્યો ટાંકેલાં છે તે ઉપરથી તેનું મહત્ત્વ સહેજે જાણી શકાય તેમ છે. વિદ્વાન શોધકો અને મુનિઓ આ બાબત લક્ષ્ય રાખે અને જૂના પુરાણા ભંડારોમાંથી જો મૂળ ગ્રંથ મળી આવે તો જૈન કથાસાહિત્યની કીર્તિ દિગંત પર્યંત ગહેકી ઉઠે તેમ છે.

આ ગ્રંથની એક મૂળ પ્રતિ, અમદાવાદમાં, રૂતાસાની પોળમાં હરકોર શેઠાણીના નામથી ઓળખાતી હવેલીમાંના બેન શ્રીચંચળબાઇ–શેઠ ઉમાભાઈ હઠીસિંગના ધર્મપત્ની–તરફથી મળી આવી હતી, અને એક બીજી પ્રત પાલીતાણાના આણંદજી કલ્યાણજીના ભંડારમાંથી મળેલી છે.

આમાંની એક પ્રતિ જર્મનીના પ્રસિદ્ધ વિદ્વાન પ્રો. યાકોબીને, રા. રા. કેશવલાલ પ્રે. મોદીએ મોકલેલી, અને તેમણે તે પ્રતિ પોતાના મિત્ર ડૉ. લૉયમાનને આપી ડૉ. લૉયમાનને એ ગ્રંથ અતિશય રસદાયક જણાયાથી તેમણે પ્રથમ આખા ગ્રંથની પોતા-

હાથે નકલ કરી અને પાઠશુદ્ધિ કરવાનો પ્રારંભ કર્યો એ પછી તેની અર્થ નકલના કરતા દરમ્યાન મૂળ પાઠ કેટલેક ઠેકાણે વધારે અશુદ્ધ અને ક્યાંક કઠિન જેવો જણાવાથી બીજી પ્રતિ મેળવવા માટે તેમણે રા રા મોતીચંદ સાથે પત્ર વ્યવહાર શરૂ કર્યો એમ કરવામાં ઘણો સમય જશે એમ જણાયાથી, વચ્ચે તેમણે આ ગ્રંથનો જર્મન ભાષામાં ઉત્તમ અનુવાદ કરી તેને છપાવીને પ્રસિદ્ધ કરી દીધો ડૉ લૉયમેનનો એ અનુવાદ ઘણો સરલ અને કાવ્યમયી ભાષામાં થએલો હોવાથી તેમજ મૂળ કથાની વસ્તુ પણ એક ભાવપૂર્ણ ભારતીય આદર્શ હોવાથી યુરોપમાં તેના તરફ ખાસ લક્ષ્ય ખેંચાયું છે અને બીજી યુરોપીય ભાષાઓમાં પણ તેના ભાષાન્તરો થવા લાગ્યા છે અમારી પાસે એ જર્મન અનુવાદ આવતા અમને પણ એનું ગુજરાતી ભાષાન્તર પ્રકટ કરવાની ઇચ્છા થઈ પણ તે પૂર્વે જ શાન્તિનિકેતનમાં હતા શ્રીયુત નરસિંહભાઈ ઈશ્વરભાઈ પટેલને હાથ જર્મન ભાષાન્તર આવવાથી ગુજરાતી ભાષાન્તર કર્યું અને તેને પુરાતત્ત્વ મંદિરના આચાર્યશ્રી જિનવિજયજી મહારાજે ગાઈડન્સ લઈ, પાલીતાણાની મૂળની પ્રતિની સાથે સરખાવી શોધી આપ્યું છે

આ સાથે પાદલિપ્તાચાર્યના સમય વિગેરેના વિચાર સંબંધમાં એક વિસ્તૃત નિબંધ લખી આપવા માટે મુનિશ્રી જિનવિજયજીને નિવેદન કરતા તેમણે તેમ કરી આપવાની ઇચ્છા દર્શાવી હતી, પરંતુ સમયાભાવે અદ્યાપિ તેઓથી તે લખી ન શકાયા તેથી, હાલ તુરત તો અમે આ સંબંધમાં આટલું જ નિવેદન કરી સંતોષ માનીએ છીએ

ડૉ લૉયમાન મૂળ ગ્રંથ તૈયાર કરી રહ્યા છે અને તે થોડાજ દિવસમાં પૂર્ણ કરી શકવાનું જણાવે છે એ મૂળ ગ્રંથ પ્રસિદ્ધ થવાને પ્રસંગે આ સંબંધમાં સવિસ્તર ઐતિહાસિક હકીકત વાચકોને જોવા મળશે એવી આશા રહે છે

આ બાબત માટે અમે શ્રીયુત નરસિંહભાઈ તથા શ્રી જિનવિજયજીના અત્યંત આભારી છીએ

તેમજ કેટલાક પ્રુફો વિગેરે જોવામાં અને ઉપયોગી સૂચનાઓ આપવામાં સાક્ષરવર્ય રા બ શ્રીયુત રમણભાઈ મહિપતરામ નીલકંઠ બી, એ એલ્ એલ્ બી, તથા શેઠ વર્ધમાન સ્વરૂપચંદે જે પરિશ્રમ લીધો છે તે બદલ તેમનો પણ અમે અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ

અમદાવાદ હાજાપટેલની પોળ — લી

એપ્રીલ ૧૯૨૪ — પ્રકાશક

પ્રો૦ લૉયમેનની જર્મન પ્રસ્તાવનાનો ગુજરાતી અનુવાદ.

સાધ્વી

અર્થાત્

પ્રાચીન ભારતની એક નવીન કથા.

હું આ જે કથા રજુ કરૂ છું તે ખરેખર એક નવીન કથા છે કારણ કે ભારતવાસીઓ સિવાય બહારના કોઇએ અદ્યાપિ એ વાંચી નથી અને જે ભારતમા એકવાર એ લોકપ્રિય થઇ પડી હતી, ખુદ તે ભારતમા પણ અત્યારે એને કોઇ જાણતુ નથી આ કથા પ્રાચીન ભારતનુ દાન છે, પણ વાંચીને એને વાચક કયા કાળમાં મુકશે એ હું ચોક્કસ રીતે જાણતો નથી. ટુંકામાં એટલુ જ કહેવાનુ કે એમા વર્ણવેલા ધાર્મિક સિદ્ધાન્તો બૌદ્ધ કાળમાં પ્રકટ થયા છે, તેથી કથા ક્રાઇસ્ટના પછીના કાળમા એટલે કે બીજી કે ત્રીજી સદીમા લખાઇ હોવી જોઇએ.

કાળનિર્ણય ચોક્કસ રીતે વાચક જાણશે ત્યારે વખતે ફરીવાર એનો ભ્રમ ઉડી જશે. મથાળે મે કથાકાર પાદલિપ્તનુ નામ આપ્યુ નથી વળી પુસ્તકનુ નામ એમણે જે આપ્યું છે તે પણ લીધું નથી પોતાની કથા કહેનાર સાધ્વીના નામ ઉપરથી એમણે 'તરંગવતી' નામ રાખ્યુ છે. આમ લેખકના અને કથાના મૂળ નામને મે શામાટે વિસારી મુક્યા છે? મારે એ વિસારી મુકવા પડયા છે, કારણ કે એ નામવાળી એમની મૂળ કૃતિ ખરી રીતે તો બહુ કાળથી નાશ પામી છે એમાના વસ્તુ ઉપરથી આશરે એક હજાર વર્ષ પછી 'તરંગલોલા' એવા નવા નામથી તેનું એક નવુ સંસ્કરણ થયુ હતુ એ હજી સચવાઈ રહ્યું છે. અને તેના જ ઉપરથી આ અનુવાદ થયો છે

મે આપેલા નામ પ્રમાણે તેના સમયનિર્ણયની જે લોકોએ આશાઓ રાખી હશે તે આશાઓ તો મારે ઢીલી કરી નાખવી પડે છે, પણ એટલુ તો હું નક્કી માનુ છું કે એ બધુ છતા આપણુ આ પુસ્તક દરેક સાહિત્યભક્તને અને દરેક ધર્મશોધકને બહુ ઉપયોગી થઇ પડશે માનસશાસ્ત્રીને પણ ઉપયોગી થઈ પડશે, અને એ આશ્ચર્ય સહિત જોઈ શકશે કે પુનર્જન્મનો સિદ્ધાન્ત કેવી પ્રબળતાથી ભાવનામય પ્રદેશ ઉપર અમલ કરીને ઠેઠ વસ્તુસ્થિતિમા આવી રહે છે અને શ્રદ્ધાના સામાન્ય મતો પેઠે એ મત પણ વ્યવસ્થિત રીતે પ્રવર્ત્તે છે વૈદ્ય સુદ્ધાંને પણ એમાથી ત્રિદોષ વિષે વાચવાનો આનંદ મળશે—એક ત્રિદોષ એવો પણ જણાશે કે જે કથા-નાયિકાને જ નહિ, પણ સુધરેલા સમસ્ત સંસારને અને એ કથાકાર સુદ્ધાને લાગેલો છે—વળી આપણી કથામા પુનર્જન્મની ભાવના અવિરોધભાવે પ્રકટ થાય છે, કારણ કે આપણે માત્ર કોઈ કોઇ વાર સાંભળેલી એવી પ્રકૃતિજીવનની સાચી કથાઓ પણ એમા આવે છે. બ્રેમના (Brehm) પ્રાણીજીવ વિષેના લેખો વાચીશુ તો આખા એશિયામા અને બીજે પણ પોતાના સ્નેહને માટે પ્રખ્યાત થયેલા ચક્રવાક જાતિના પખી માટે નીચે પ્રમાણે જાણી શકીશું (ત્રીજી આવૃત્તિ, ૧૮૯૦–૧૮૯૨, ભાગ ૬, પૃષ્ઠ ૬૨૪)

1.

"તુર્કસ્તાનમા અમારામાના એક જણે એક જોડામાની માદાને ગોળી મારીને તેની પાપ્રાન

પ્રકારનો ધર્મ વિકસાવ્યો. તેથી યુરોપમાં આપણા જુગો કરતાં ઇતિહાસના જુગ—જેવા કે પ્રાચીન, મધ્ય અને નૂતન જુગ ભારતમા પણ પાડી શકાય—પણ વહેલા શરૂ થયા.

આશરે ઈ. સ. પૂ. ૧૫૦૦ વર્ષથી ભારતમા પ્રાચીન જુગ શરૂ થાય છે. ત્યાર પછી હજારેક વર્ષથી મધ્યજુગ શરૂ થાય છે, એ જુગમાં પ્રકર્ષનો વિકાસ થયો અને ઉપભાષા બનેલી સંસ્કૃત ભાષામાં વિકસતા બ્રાહ્મણધર્મના પ્રકર્ષની રેખા પાસે એક નવુંજ પગલુ મુકાયું. ચાલતી આવેલી બળિપૂજાનો અને સાથે સાથે એ સંસ્કૃત ભાષાનો પણ બુદ્ધધર્મે અને એવા બીજા ધર્મોએ અનાદર કર્યો, અને વિવિધ પ્રકારની લોકભાષાઓનો—એટલે કે પ્રાકૃત ભાષાઓનો—ઉપયોગ કર્યો. મુસલમાનોના હુમલા થયા ત્યારથી છેવટે નૂતન જુગ બેઠો: ઉપર વર્ણવેલા એ પ્રકારના પ્રકર્ષોમાં એક પરદેશી—મુસલમાની પ્રકર્ષ પોતાનુ ફારસીઆરબી ભાષાધન લેઇ આવી મળ્યો.

આમ ધર્મના તથા ભાષાના ઇતિહાસને હિસાબે ભારતનો સમસ્ત મધ્ય જુગ, એક બીજાની સાથે વહેતા તથા ભેગા વહેતા વિરુદ્ધ પ્રકારના પ્રવાહોનો બનેલો છે. પ્રથમ તો નવા ધર્મોએ સામા બળને રોકી દીધું. આમ પ્રખ્યાત મહારાજ અશોકે આશરે ઈ. સ. પૂ. ૨૫૦મા બૌદ્ધ-ધર્મ ગ્રહણ કર્યો અને આખા ભારતમા એણે જે વિખ્યાત લેખો કોતરાવ્યા તે પ્રાકૃતમા કોતરાવ્યા. વળી બુદ્ધધર્મમા અને તેના સહચર જૈનધર્મમાં ધાર્મિક પ્રદેશ ઉપરાંત સાહિત્યના બીજા સર્વ સાધારણ પ્રદેશમાં પણ પ્રાકૃતનો છુટથી ઉપયોગ થવા લાગ્યો. પણ પાછળથી, આશરે ઇ. સ. ની ચોથી સદીમા સંસ્કૃતે પાછો ફરી પોતાનો સર્વોપરિ અધિકાર મેળવ્યો; અને, એ ધર્મોમા પણ એણે પગ પેસાડયો ને કંઇક અંશે તો એનો પુરો કબજો લીધો.

તેથી હવે થયું એમ કે પ્રાકૃત લેખકો જે દેશમા ને કુળમા ઉછર્યા હોય તેને અનુસરીને તથા તેમના ઉપર જે પ્રમાણમા સંસ્કૃત ભાષાનો પ્રભાવ પડ્યો હોય તે પ્રમાણમા સંસ્કૃત નહિ એવી શુદ્ધ લોકભાષાના—એટલે કે દેશમાં બોલાતી ભાષાના ભંડારમાથીજ વિવિધ સમૃદ્ધિ વાળા શબ્દોનો ઉપયોગ કરતા થયા. ઇ. સ. ની શરૂઆતની સદીઓમા જે ઝોક આ ભાષાધન-પ્રાન્તભાષાઓના શબ્દો—તરફ મોહથી વળ્યો, તે પછીની સદીઓમાં સંસ્કૃત ભાષા પાછી સર્વ સાધારણ થઈ ગઇ ત્યારે એનો તે પ્રમાણમા ત્યાગ થયો.

જે કાળમા, ગ્રંથો લખવામા પ્રાન્તની પ્રાકૃત ભાષાનો ઉપયોગ કરવાનુ વલણ હતુ અને સાહિત્યવ્યવહારમા એ ભાષાઓ બધાને સમજાતી હતી તે કાળમાં—ઈ. સ. ની શરૂઆતની સદીઓના એ કાળમા આપણી કથા રચાઈ હતી. પણ સંસ્કૃતના દબાણને લીધે પાછળથી પ્રાન્ત-ભાષાઓ વ્યવહારમાથી ખસતી ગઇ અને સમજવી કઠણ થતી ગઇ. અને પછી એવુ થયું કે જે લેખકો એ ભાષાઓ સમજતા હતા તેઓ એ ગ્રંથોના નવાં સંસ્કરણ કરવા લાગ્યા. એવા પ્રાચીન સમયના ગ્રંથો પાછળથી એવી રીતે નિરૂપયોગી થઈ પડ્યા ને તેથી નાશ પામવાના ભયમાં આવી પડ્યા. એવા ગ્રંથોને આપણી આ કથાની પેઠે સંસ્કૃત શબ્દોથી અર્વાચીન પ્રાકૃતમાં ઉતારી લેઇને, એટલુંજ નહિ પણ સીધો સંસ્કૃત અનુવાદ કરીને બચાવી લીધા છે. આ કથાની પેઠે ઇ. સ. ની શરૂઆતની સદીઓમા લખાયેલી અને પાછળથી નાશ પામેલી બૃહત્કથાનાં એ જાતનાં ત્રણ નવા સંસ્કરણ હાલ મળી આવે છે.

હાલની ગાથાસપ્તશતીને નામે ઓળખાતા શૃંગારિક ગ્રંથની કાળગણનામાં, પ્રાન્તિક ભાષાઓમા પ્રધાન એવી એની પ્રાકૃતને માટે ગુંચવણ ઉભી થઇ હતી. પણ એ ગાથાસમૂહમાં

સાતમી અને આઠમી સદીના ટીકાકારોની ટીકાઓથી, ત્રીસ વર્ષ પહેલાથી જ મારા ધ્યાનમાં આવેલી છે. મારા મિત્રે એ પુસ્તકની તપાસ કરવા, એ હસ્તપ્રતિ ખુશીથી મને સોંપી એમને એ પ્રતિ અમદાવાદના રા. કેશવલાલ પ્રેમચંદ મોદીએ આપી હતી. આ પ્રત કેટલીક સદીઓ ઉપર લખાએલી કોઇ પ્રતિના ઉતારા રૂપે છે તેના પંદર પાના પ્રથમ રા. કેશવલાલે (ગાથા ૧–૪૫૭) તપાસી જોવાને પ્રો. યાકોબીને મોકલ્યા હતા પાછળથી તેમણે પુરી પ્રત મળ્યે મને મોકલી દીધી હતી

હસ્તપ્રતના ખુટતા ભાગ ઉપરથી (અને હુ માનુ છુ ત્યાંસુધી તેના સ્વરૂપ ઉપરથી) યથામતિ મારૂ અનુમાન એવુ છે કે કથા પદ્યમા છે અને ગાથાની સંખ્યા કરવામા આવી છે. એવો ખુટતો મોટો ભાગ એક જ જગાએ છે અને તે ગાથા ૬૭૧ ઉ થી ૬૭૭ ઉ સુધીનો તેર પંક્તિઓ વાળો છે. ગાથાઓના અંકની ગણતરી બધેય (૧૦, ૨૦, ૩૦, એમ) દશકાથી કરેલી છે, અને ૮૦ના અંકને બે વાર મુકયો છે, તેથી ૯૦થી બધા અંકમા દશદશની ભૂલ છેકસુધી ચાલી આવી છે. એક જગ્યાએ ખુટતો ભાગ તો છે જ નહિ છતાં ગમે તો મૂળ લેખના કે ગમે તો સંસ્કારકના દૃષ્ટિદોષથી કંઈક ભૂલ થયેલી લાગે છે. પરણ્યા પછી નાયકનાયિકાએ અનેક માસ પછી સંસારત્યાગ કર્યાનુ એક જગાએ જણાવ્યુ છે બીજી જગાએ બાર વર્ષ પછી સંસાર ત્યાગ કર્યાનુ જણાવ્યુ છે. વાર્તાને આખી મળગ ગોઠવ્યા પછી આ વિરોધભાવ ટાળી શકાય અનુવાદમા આવી પૂર્તિ (બ્રેકેટ કોંસમા) ૧૦મા અધ્યાયને આરંભે મુકી છે. ૧૩૦૯મી ગાથા પૂર્વે હસ્તપ્રતિમા અમુક ભાગ ખુટતો હોય તેમ લાગે છે, પણ (ગાથાના અંક જોતા) કંઇ ભાગ ખુટતો જણાતો નથી; એટલે એ લેખક કે સંસ્કારકનો માત્ર દૃષ્ટિદોષ જ છે.

૧૬૪૪ ગાથામા ભારતભાષામા આ કથા પુરી થાય છે મેં એમા ૧૨ અધ્યાય પાડ્યા છે અને માર્જિનમા ગાથાના અંક મુક્યા છે તેથી અંકોના ભાગને એક બીજા સાથે સરખાવી જોતા કયા અને કેવી રીતે મે અનુવાદને સંક્ષિપ્ત કર્યો છે એ સમજી શકાશે. બાર અધ્યાયના નામ, તેમજ કથાભાગમા હકીકત સ્પષ્ટ કરવા કે કથા ગળગ કરવા કેટલાક શબ્દો મે કૌંસમા મુક્યા છે.

Freiburg i/B. im Hause Sutterlin
Mitte Mai 1921.

Ernst Leumann.

તરંગવતી[1]

(૧ મંગલ અને પૂર્વકથન)

૧-૪ શાશ્વત, અચળ અને અનુપમ સુખને પ્રાપ્ત કરનાર તથા જન્મમરણના કલ્લોલોવાળા દુઃખસમુદ્રથી પાર થનાર સર્વ સિદ્ધાત્માઓને વંદન હો. ગુણ, ગંભીર, વિનય અને વિજ્ઞાન વડે નયધર્મસમુદ્રની શોભા વધારનાર સત્પુરુષોને નમસ્કાર હો. જેના પ્રભાવથી મૃત છતા પણ જે કવિવરો સદા જીવિત જણાય છે તે સંગીત અને સાહિત્યની અધિષ્ઠાત્રી દેવી સરસ્વતી સુપ્રસન્ન થાઓ. કાવ્યરૂપી સુવર્ણના ગુણદોષોની પરીક્ષા માટે જે કસોટી સમાન ગણાય છે તે વિદ્વત્સમાજનું કલ્યાણ થાઓ.

૫-૬ પાદલિપ્ત આચાર્યે તરંગવતી નામે એક કથા લોકભાષામાં રચી છે, તે ઘણી વિસ્તૃત અને વિચિત્ર છે. એમાં કેટલાયે કુલકો ભરેલા છે, કેટલાયે યુગલોથી ગુંથેલા છે, અને કેટલાયે ષટ્કોના ષટ્કો રચેલા છે, એ કારણથી એ કથાને નથી તો કોઈ સાંભળતુ, નથી તો કોઈ પૂછતુ અને નથી તો કોઈ કહેતુ. કેવળ એ વિદ્વાનોના જ ઉપયોગની વસ્તુ થઈ પડી છે, ઈતર જનોને એનો કાંઈ ઉપયોગ થતો નથી, તેથી એવા જનોના હિતાર્થે, તેમજ એ કથા સર્વથા નષ્ટ ન થાય એ માટે પણ, એમાની દેશીગાથાઓ અને લોક પદોને છોડી દઈને અતિસંક્ષેપમાં મેં આ કથા ગુંથી છે. એમ કરવા માટે મારા આ દોષ મૂળ કથાકાર આચાર્યને ક્ષન્તવ્ય થાઓ !

૭-૧૩ ભૂમિતલ ઉપર ઉતરી આવેલ સ્વર્ગલોક સમાન કોશલા (અયોધ્યા) નામે વિશાળ નગરી છે. ત્યાં રહેતી પ્રજા દ્વારા બ્રાહ્મણ, શ્રમણ, અતિથિ અને દેવતાઓની કરાએલી, પૂજાએ કરીને સંતુષ્ટ થએલા દેવો એ લોકો ઉપર સંતતિ અને સંપત્તિના આશીર્વાદો વર્ષાવે છે, એવી એ પુણ્યભૂમિમાં થએલા આચાર્ય પાદલિપ્તના બુદ્ધિવૈભવના નમુના રૂપ આ કથાને અનન્યમનવાળા થઇ તમે સાંભળો. પ્રાકૃત જનોના સર્વ સાધારણ કલ્યાણને અર્થે કરાએલી આ પ્રાકૃતકથા જો ધર્મબુદ્ધિપૂર્વક સાંભળવામાં આવે તો પછી જન્મના ભયથી પણ ડરવાનું કાંઈ પણ કારણ રહે નહિ.

(૨. ભૂમિકાઃ સાધ્વીનું ભિક્ષા લેવા માટે જવું.)

૧૪–૨૧. સમૃદ્ધિશાળી લોકોથી ભરેલા એવા અનેક ગામ અને નગરોથી શોભતો મગધ નામે પ્રસિદ્ધ દેશ છે. એ દેશમાં, પૃથ્વીમાં પ્રધાન, અને રમણીય ઉદ્યાન તેમ જ વનોથી વિભૂષિત, રાજગૃહ નામે સ્વર્ગના જેવું સુન્દર નગર છે. એ નગરમાં પોતાના પરાક્રમો વડે સઘળા શત્રુઓનો જેણે પરાજય કર્યો છે અને વિપુલ સૈન્ય અને સંપત્તિનો જે સ્વામી છે એવો કોણિક નામે રાજા રાજ્ય કરે છે. એ રાજા પોતાના કુળનો પ્રકાશક, શૂરો, અને સર્વ દોષ રહિત છે. રાગદ્વેષ સર્વથા વિલીન થઇ ગયા છે જેમના એવા પરમ શાન્ત વીતરાગ તીર્થંકર મહાવીરના જન્મમરણથી મુક્તિ અપાવનાર શાસન (ધર્મ) નો એ અનુરાગી છે. એ રાજાના શરીર અને જીવિતના રક્ષક જેવો, તથા સર્વ પ્રજાને પ્રિય, કુળવાન અને સદાચારી એવો ધનપાલ નામે નગરશેઠ ત્યાં વસે છે. એ શેઠને અનુરૂપ અને સૌભાગ્યવતી એવી સોમા નામે પતિવ્રતા પત્ની છે.

૨૨–૨૩. એ શેઠના મકાનની સમીપમાં એક ઉપાશ્રય આવેલો છે, એમાં પોતાની ઘણી શિષ્યાઓ સાથે સુવ્રતા નામે એક સાધ્વી આવીને રહેલા છે. એ સાધ્વી કૌમાર-બ્રહ્મચારિણી છે. અનેક પ્રકારનાં તપો તપીને એમણે પોતાની કાયાને ખૂબ કૃશ કરી નાખેલી છે, જૈન ધર્મના તત્ત્વજ્ઞાનને એ પૂર્ણ જાણનારી છે અને એકાદશ અંગો એમને સારી રીતે અવગત છે. પોતાના આત્માની મુક્તિના માર્ગમાં એ હમેશા ઉદ્યુક્ત રહે છે.

૨૪–૨૮. એ સાધ્વીની અનેક શિષ્યાઓમાંથી એક બહુ વિનીત શિષ્યાને એક સવારે છટ્ઠ (બે ઉપવાસ) વ્રતના પારણા કરવાં હતાં, અને તે માટે બીજી એક નવદીક્ષિત ભિક્ષુણીને પોતાની સાથે લઇને તે ભિક્ષા લેવા માટે પોતાની વસતિ (ઉપાશ્રય) બહાર નિકળે છે. નાના મોટા બધા જીવો ઉપર દયાપ્રેમ—ભાવ ધારણ કરતી અને નીચી નજરે તથા ધીમે પગલે ચાલતી એ સાધ્વી ભિક્ષા ગ્રહણ કરવા યોગ્ય એક ઉંચી હવેલીના પ્રશસ્ત આંગણામા આવીને ઉભી રહે છે.

૨૯–૩૦. અતિથિઓના આગમનની રાહ જોતી ઘરની કેટલીક દાસીઓ આંગણામા ઉભી છે તે એ સાધ્વીના સૌન્દર્યને જોઇને ચકિત થઇ જાય છે.

૩૧–૩૫. માંહોમાંહે તે વાતો કરવા લાગે છે કે જુઓ આ લક્ષ્મી સમાન સાધ્વી! એના વાળ કેવા સુન્દર અને આંકડીયા છે! એનું મુખ ચંદ્રના જેવુ મોહક છે. વિના શણગારે હો પણ ચીકણે વસ્ત્રથી એના કાન ઢંકાયલા છે. અને પાણીમાથી કમળ બહાર નિકળે છે તેના જેવો એનો સુંદર હાથ ભિક્ષા માગતી વખતે વસ્ત્રમાંથી બહાર નિકળે છે.

૩૮-૩૭ તેનો શબ્દ સાભળીને ઘરની શેઠાણી બહાર નીકળે છે તે સુ દર ને પ્રભાવશાળી છે, તેની વાણી બહુ ધીમી છે, શરીર ઉપર તેણે બહુ જ આછા પણ બહુ કિમતી ઘરેણા ઘાલેલા છે અને ધોળુ-ઉજળુ વસ્ત્ર પહેરેલુ છે

૩૯-૪૧ પોતાના આગણાને પાવન કરતી આ પવિત્ર સાધ્વીને અને તેની સહચરીને જોઇને પ્રથમ તો સાગરકન્યા લક્ષ્મી સમાન એ સાધ્વીને અને પછી તેની સહચરીને તે આદરભાવે નમસ્કાર કરે છે, ત્યાર પછી કમળકુન ઉપર ભમરા બેઠા હોય એવી કાળી કીકીઓવાળા ચદ્રસમાન એ સુદર મુખ સામે એકી દ્રષ્ટિએ તાકીને જોઇ રહે છે

૪૨-૫૪ લક્ષ્મી જેવી સુદર એ સાધ્વી સબધે તે વિચારે છે "નથી તો સ્વપ્નમા આવી અનુપમ સુદર સ્ત્રીનુ ચિત્ર મે જાયું, કે નથી વર્ણનમા પણ આવુ વાચ્યુ આવુ સુદર તે શ્રીકમળ કોણ હશે? સુદર સ્ત્રીઓને ઘડવાના જે દ્રવ્યો તેમાથી સર્વોત્તમ દ્રવ્યો લે ને જ વિધાતાએ આને ઘડી હશે? જ્યારે આ અત્યારના મુડિત મસ્તકવાળા ભિક્ષુણીવેશમા પણ આટલી બધી સુદર દેખાય છે, ત્યારે રૂપશ્રીસપન્ન ગૃહિણીના વેશમા તો એ કોણ જાણે કેટલી બધી અનુપમ લાગતી હશે! એના એક અગ ઉપર શણગાર નથી અને વળી તે મો ઉપર ધૂળ લાગી છે, તોપણ મારી આખ એના ઉપરથી ખસતી નથી, ઉલટી અગે અગે ફર્યાં કરે છે સ્વર્ગની કુમારિકાઓ પણ આની અનુપમ સુન્દરતાની વાચ્છના કરે તેમ છે શુ આ તે કોઈ અપ્સરા કે દેવકન્યા હશે? પણ એમ કેમ હોય! શિલ્પીએ ઘડી કાઢેલી મૂર્તિની આખોની પેઠે દેવલોકની દેવાગના ઓની આખો તો સાભળવા પ્રમાણે મીંચાતી નથી, તેમ જ તેમના હાર અણકરમાયા રહે છે, અને તેમને ધૂળ લાગતી નથી, પણ આ આર્યાને પગે તો ધૂળ લાગેલી છે અને એની આખો હાલે છે તેથી એ નક્કી દેવી તો નથી જ, છે તો અવશ્ય માનવી લોકની જ કોઇ નારી પરતુ મારે આ રીતે શકામા શા માટે રહેવુ? હુ એમને ધીરે રહીને પૂછી લઉં માણસને જ્યારે સાક્ષાત્ હાથી જ નજરે પડે તો પછી તેના પગલા ખોળવાની શી આવશ્યકતા?"

૫૫-૫૬ એમ વિચાર કરી શેઠાણી સાધ્વીને આદરપૂર્વક પ્રથમ ભિક્ષા આપે છે, અને પછી ઉત્સુકતાએ અને આશ્ચર્યે પ્રશ્ન કરે છે "પૂજ્ય સાધ્વીજી, જો તમને કોઈ નિયમનો બાધ ન થતો હોય તો ક્ષણભર વિસામો લ્યો અને મને કોઈ ધર્મકથા કહો"

૫૭-૬૧ ત્યારે સાધ્વી કહે છે કે "સર્વ જગતના જીવોને હિત કરનાર એવા ધર્મનો ઉપદેશ કરવામા કોઇને કશાનો બાધ હોઇ શકે નહિ અહિંસાલક્ષણધર્મ તો કહેનાર અને સાભળનાર બન્નેને પવિત્ર કરે છે જો કોઇ થોડીવાર પણ ક્રિયાથી મુક્ત

હોય અને ધર્મનો ઉપદેશ સાંભળ્યા પછી તે અહિંસા ધર્મનું વ્રત લે, તો ઉપદેશકનો ઉપદેશ આપ્યો સફળ છે; કારણકે પોતાના ઉપદેશથી તે માત્ર બીજાને જ નહિ, પણ પોતાને પણ પુનર્જન્મના અપાર સમુદ્રથી પાર ઉતારી જાય છે; આથી ધર્મનો ઉપદેશ દેવો એ તો સદા શ્રેષ્ઠ છે. તેથી હું જે કાંઇ જાણું છું તે કહું છું, તમે ધ્યાન દેઇને સાંભળો."

૬૨–૬૫. તે વખતે દાસીઓ આનંદે તાળીઓ લે છે અને બોલે છે કે "હવે આપણે એકીટસે આ સાધ્વીની અજબ સુંદરતા નિહાળી શકીશું!" પછી એ સાધ્વી અને તેની સહચરી તેમને માંડી આપેલ આસન ઉપર એકાન્ત સ્થાન પર બેસે છે અને આનંદ જેમનો માતો નથી એવી દાસીઓ તથા શેઠાણી પણ તેમને સભ્યતાપૂર્વક નમસ્કાર કરીને સામે ફરસબંધી ઉપર બેસી જાય છે.

૬૬–૬૮. પછી એ સાધ્વી સ્ફુટ અને વિશદ વાકયોએ કરીને, કાન તથા મનને મધુર લાગે તેવે સ્વરે, દુકાણુમાં પણ સહજ સમજાય તેવી શૈલીમાં, જગત્‌ના સર્વ જીવોને સુખ આપનાર અને જન્મ, જરા, રોગ, મરણ આદિના દુ:ખોનો નાશ કરનાર એવા જિનમહાત્માએ કહેલા ધર્મનો સાર સંભળાવે છે, સમ્યગ્‌જ્ઞાનદર્શન, અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ સ્વરૂપ પાંચ મહાવ્રત; તપ અને સંયમ, વિનય અને ક્ષમા આદિ ગુણવિશિષ્ટ ધર્મના તત્ત્વોનુ રહસ્ય સમજાવે છે.

૬૯–૭૭. જ્યારે સાધ્વી ઉપદેશ આપી રહે છે, ત્યારે શેઠાણી એમને વિનયભાવે કહે છે કે "ધર્મનો ઉપદેશ તો મેં સારી પેઠે સાંભળ્યો; પણ હે પવિત્ર આર્યા! મને બીજી એક વાત કહો, તમારા સુંદર મુખના દર્શનથી મારી આંખો તો તૃપ્ત થઇ છે, પણ તમારા જન્મની કથા સાંભળવાને મારા કાન આતુર બની ગયા છે. વિષ્ણુને જેમ પદ્મ વહાલું છે, તેમ તમે કિયા પિતાને વહાલા હતા? અને આખા જગત્‌ને નમસ્કાર કરવા જેવા તમારાં માતા કોણ હતા? તમારા પિતાના ઘરમાં અને પતિના ઘરમાં કેવુ સુખ હતુ? અને કિયે દુ:ખે તમારે સાધ્વી થવું પડ્યું? એ બધું જાણવાની મને બહુ આકાંક્ષા થઇ રહી છે. જગત્‌માં એમ કહેવાય છે કે સુંદર નારીનું અને નદીનુ, તેમ જ સાધુનું અને સાધ્વીનું મૂળ ન પૂછવું (કારણ કે વખતે એથી એમની તુચ્છતા તરી આવે છે અને અસંતોષ થાય છે અને તેથી તેમના પ્રત્યેનુ માન ઘટે છે). વળી હું એ પણ જાણું છું કે ધર્માત્માઓને નકામી વાતો પૂછી સારે કઇ દેવું નહિ જોઇએ. પણ તમારી સુંદરતાથી આશ્ચર્ય પામીને જ એ પ્રશ્ન પૂછવાનું મને મન થાય છે."

૭૮–૮૦. સાધ્વીએ ઉત્તર આપ્યો કે: "એનો જવાબ આપવો જરા કઠણ છે, કારણ કે આવા નકામા (એટલે કે આત્માની પવિત્રતાને લાભ કરતાં હાનિ વધારે કરનારા)

વિષયો સબંધે અમે વિચાર કરી શકીએ નહિ પૂર્વે ગૃહજીવનમાં જે આનંદ અમે ભોગવતા તે યાદ પણ કરી શકીએ નહિ તોપણ જગતના દુઃખથી જે ઘૃણા પેદા થઈ એ તરફ જ નજર રાખીને, કર્મનું ફળ મને કેમ પ્રાપ્ત થયું એ વિષેનું જ હું સ્વાનુભવનું થોડુંક વર્ણન કરીશ "

૮૧-૮૫ આ શબ્દોથી રાજી થઈને શેઠાણી પોતાની દાસીઓને બધું ધ્યાનથી સાંભળવાની સૂચના કરે છે અને સાધ્વી હવે પોતાના પૂર્વજન્મની કથા કહી સંભળાવે છે પોતના આશ્ચર્યજનક સદ્ભાગ્ય વિષે અભિમાન કર્યા વિના અને માત્ર ધર્મ ઉપર જ દૃષ્ટિ રાખીને સુંદર સરસ્વતી દેવી જેવી એ સાધ્વી આમ આરંભ કરે છે હું જે જાણું છું અથવા જે મને યાદ છે તે પ્રમાણે મારા જીવનની કથા હું ટુંકામાં કહું છું

(૩ સાધ્વીની પૂર્વકથાનો પ્રારંભ)

૮૬-૯૪ મધ્ય દેશમાં વત્સ નામે એક મનોહર પ્રદેશ છે અમૂલ્ય પદાર્થોથી એ પ્રદેશ પરિપૂર્ણ ભરેલો છે ત્યાં અનેક ધર્માત્માઓ વસે છે, અને જીવનની ત્રણ કામનાઓ ધર્મ, અર્થ ને કામનું ઉચિત રીતે પરિપાલન કરે છે તે પ્રદેશની રાજધાની કૌશામ્બી ખરેખર સ્વર્ગનગરી છે, મધ્યદેશનું જાણે મોતી એ છે, બીજી નગરીઓને નમુનારૂપ છે, અને જમુનાને કિનારે જાણે રત્ન છે ત્યાં ઉદયન રાજા રાજ્ય કરે છે, તે યુદ્ધમાં અને પ્રતાપમાં પ્રખ્યાત થયેલ છે, સાધુઓનો અને સાધ્વીઓનો ભક્ત છે, મિત્રોને સુખકર છે, અને શત્રુઓને ભયંકર છે અશ્વે, હાથીએ, રથે અને પાયદળે બળવાન, દેહ ધરીને વશમાં એ ઉતરી આવેલો છે, પૂર્ણચન્દ્ર જેવી એના મુખની શોભા છે, હંસના સ્વર જેવો એનો સ્વર છે, અને સિંહની ગતિ જેવી એની ગતિ છે કુળે, રૂપે ને ગુણે પ્રખ્યાત એવી એની વાસવદત્તા રાણી છે

૯૫-૧૦૧ રાજાને સમાન વયનો એક મિત્ર એ નગરનો નગરશેઠ છે, એનું નામ ઋષભસેન છે નગરના મહાજનનો એ મુખી છે, પ્રજામાં એનો બોલ વજન ભર ગણાય છે, અર્થશાસ્ત્રના સિદ્ધાન્તોને તે સારી રીતે જાણે છે, લોકોમાં અને વ્યાપારીઓમાં યાચ ચુકવી જાણે છે, બધાની સાથે મિત્રભાવે રહે છે, લોકનું ભલું કરવાની વૃત્તિવાળો છે, સત્યનિષ્ઠ અને પ્રમાણિક છે, નિષ્કલંક ગૃહસ્થજીવન જીવે છે, અને જૈન ધર્મના ઉપદેશનું નિરંતર શ્રવણ કરે છે

૧૦૨-૧૦૬ તે શેઠને આઠ પુત્રો થયા પછી છેક એમણે યમુનાની પ્રાર્થના કરી, અને તેના ફળ રૂપે હું એમને ઘેર અવતરી અવતર્યા પછી મને સારી તજવીજથી પારણામાં સુવાડી, અને મારી સંભાળને માટે હું શિઆર દાસીઓ રાખી થોડા સમય પછી નાહી

છેદનની ક્રિયા કરી ને તે સમયે મારાં માબાપે પોતાનાં સગાંસ્નેહીઓને જમાડયાં. પછી જન્મ આદિ જે જે સસ્કાર કરવા ઘટે તે સૌ કર્યા, અને પિતાની ઈચ્છા પ્રમાણે સંબંધીજનોએ મારૂં નામ, તરગવતી યમુનાના તરગોની કૃપાએ હું અવતરી માટે, તરગવતી પાડયું.

૧૦૭–૧૧૫. શય્યામાં જ્યારે હું બેચેન થતી, ત્યારે હાથપગ પછાડતી મારી ધાવ અને દાસી જુદા જુદા ખડોમાં મને વારંવાર ફેરવતી પછી તો મારે માટે સોનાનાં રમકડા આણ્યાં. મારે જે જે જોઈએ એ સૌ સોનાનું આવતું. મારાં સગાં સૌ મને પોતપોતાના ખોળામાં લેતા અને બહુ લાડ લડાવતા, હું ખૂબ તેમના આનંદનું કારણ થઇ પડી. ધીરે ધીરે લોકનાં આખ, મો અને હાથ હાલતા તે ઉપર હું ધ્યાન આપતાં શીખી, અને મારી મેળે કંઇ કઈ ઉચ્ચાર કરતા પણ શીખી પછી એક દહાડો મેં પગ માડવા માડયા ને જ્યારે અશુદ્ધ ઉચ્ચારે તા–તા બોલી, ત્યારે તો મારા કુટુબીઓના હર્ષનો પાર રહ્યો નહિ. ત્યાર પછી થોડે કાળે ચુડાકર્મનો સસ્કાર કરવામા આવ્યો પછી તો હું આમતેમ છુટથી ફરવા લાગી, સખીઓ સાથે સોનાની પુતળીએ રમત રમવા લાગી, અને માટીના ઘરો બાધી તેની રમતમાં લીન થઈ જવા લાગી

૧૧૬–૧૨૧ જન્મ પછી બારમે વર્ષે મારી સમજશક્તિ એટલી બધી ખીલી ઉઠી કે મારે માટે ઉત્તમ પ્રકારના શિક્ષકો રાખવામા આવ્યા, અને રીતસર ધીરેધીરે હું ગણિત, વાચન, લેખન, ગાન, વીણાવાદન, નાચ, અને પુષ્પઉછેરની કળાઓ શીખી, વળી વનસ્પતિશાસ્ત્ર અને રસાયણશાસ્ત્ર પણ મને શીખવવામાં આવ્યા. આ ઉપરાત મારા પિતા જૈન ધર્મના અનુરાગી હતા તેથી તેમની ઇચ્છા એવી થઈ કે મારે ધર્મશાસ્ત્રમા પણ પ્રવીણ થવુ જોઇએ, એટલા માટે નગરમા ઉત્તમ મનાતા ધર્મપડિતો મારે માટે રાખ્યા અને તેમની પાસેથી પાચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત વગેરે શ્રાવકધર્મની ભાવનાઓનો મેં સારો અભ્યાસ કર્યો.

૧૨૨–૧૨૪ પછી તો હું ઉમ્મરમા આવી, મારા શરીરના અંગો ખીલી ઉઠયાં અને સ્નેહજીવન શું તે સમજવા લાગી તે વખતે દેશના ઘણા ધનાઢ્ય કુટુબોમાથી મારે માટે માગા આવવા લાગ્યા. પણ તેમાંથી કોઈ પણ કુળે, રૂપે ને ગુણે મારે લાયક ન હોવાથી એ બધાં માગાંને મારા પિતાએ રીતસર પાછા વાળ્યા.

૧૨૫–૧૩૧ હું મારા પ્રિય મડળમાં મોટી થવા લાગી. મારી સખી સારસિકા જે કઈ નવી વાત સાભળતી, તે આવીને મને કહેતી. આનંદ કરવાને જે કોઇ સખીઓ આવતી તેમને હુ મારી હવેલીને સાતમે માળે અગાસી ઉપર લેઈ જતી અને ત્યા અમે

ખુશી હતામા આનદ કરતા, તેમ જ દૂર-દૂર સુધીના દેખાવ જોતા મારા માબાપ અને ભાઈઓ ફુલ, કપડા, ઘરેણા, રમકડા અને મીઠાઈની મને ભેટ આપતા મારા વિનયથી મારા માબાપ, મારા દાનથી ભિક્ષુકો, મારી પવિત્રતાથી મારા ભાઈઓ અને મારા સ્નેહથી બીજા બધા આનદ પામતા લક્ષ્મી જેમ મદર પર્વત ઉપર આનદ પામે તેમ હુ પિતાના ઘરમા મારી ભાભીઓ અને સખીઓ સાથે આનદમા રહેતી, પૌષધના દિવસોમા હુ ઘણી વખતે સામાયિક વ્રત આચરતી અને જૈનધર્મનુ તત્ત્વજ્ઞાન મેળવવા માટે ગણધારિણી સાધ્વીજીઓની ઉપાસના કરતી આ રીતે માબાપ, ભાઈઓ અને સગા સબધી સાથે સ્નેહમા રહીને હુ મારા દિવસો સુખમા નિર્ગમતી હતી

૧૩૨-૧૩૫ એક વાર મારા પિતા, ભગવાનની સેવા કર્યા પછી, સ્નાન કરીને મારા સ્વચ્છ કપડા પહેરીને કુવેથી શણગારેલા ખડમા બેઠા હતા અને મારી સાથે મારી માતા સાથે વાતો કરતા હતા, જાણે ગોવિંદની સાથે લક્ષ્મીજી બેઠા હોય એમ એ શોભતા હતા હુ પણ સ્નાન કર્યા પછી જિનેશ્વર દેવની પૂજાપ્રાર્થના કરીને માબાપને પ્રણામ કરવા ત્યા ગઈ મે નીચી વળીને તેમના ચરણોમા માથુ મુક્યુ, ત્યારે તેમણે 'તારુ કલ્યાણ થાઓ' કહી સ્નેહથી આશીર્વાદ આપ્યા અને પોતાની પાસે બેસવા કહ્યુ

૧૩૬-૧૩૮ પછીવારમા જાણે ચદ્રમામાથી શણગારાઈને શરદ ઋતુની કાળી રાત્રી આવી હોય એમ, બહાર કામ કરવાને લીધે કાળી જેવી કાળી થઈ ગયેલી અમારી માળણ ફુલોના વસ્ત્ર પહેરી ફુલઘરમાથી નીકળીને અમારી બેઠકમા આવી પહોચી, અને સુવાસ પ્રસરાવી દીધો તે હાથમા ફુલની ભરેલી છાબ લઈ આવી હતી અભ્યનાથી મારા પિતા પાસે જઈ વિનયશીલ વિદ્યાર્થીની પેઠે નીચી નમી અને મધમાખીઓના ગુણગણાટ જેવા મધુર સ્વરે બોલી

૧૩૯-૧૪૦ 'હસ અહીંથી જ તેમની ઉનાળાની વાસભૂમિ, હિમાલયના ઉત્તર પ્રદેશમા આવેલા માનસસર, ઉપરથી પાછા આવ્યા છે અને અહીંની તેમની વાસભૂમિમા આનદ કરવા લાગ્યા છે તેઓ કર્ણમધુર સુદર બોલ બોલે છે અને તે વડે આપણને સમાચાર આપે છે કે શરદ ઋતુ આવી છે અને સફેદ પાંખવાળા હસની પેઠે શરદ ઋતુ પણ યમુનાના કિનારાના ઝાડા વને કરીને પોતાના આવ્યાના સમાચાર આપે છે એણે સુવાસિત વનોને આસમાની રગના, અસનવનોને પીળા રગના અને ટીકા સપ્તપર્ણના* વનોને સફેદ વર્ણના વસ્ત્રો પહેરાવી દીધા છે હે શેઠ, તમારા ઉપર એની કૃપા થાઓ, અને સદ્ભાગ્ય તમારા ઉપર હસો'

---

* Alstonia Scholaris આ ઝાડ શાતિનિકેતનમા જોયા છે, અને તે ત્યા 'છાતીમ' એવે અપભ્રશ નામે ઓળખાય છે —અનુવાદ

૧૪૩–૧૪૬. એમ કહીને એણે ફુલની છાબડી ઉઘાડી અને સપ્તપર્ણનાં ફુલથી ભરેલી છાબ મારા પિતાના હાથમાં મુકી. એ ફુલનો સુગંધ, હાથીના મદના ગંધ જેવો, તીવ્ર હતો અને તેથી ચારે દિશામા તેનો સુગંધ પસરી રહ્યો. પ્રભુને અર્પણ કરવાના સંકલ્પે તે છાબને મારા પિતાએ પોતાને કપાળે અડાડી, અને પછી દેવને ચઢાવવાને માટે એમણે તેમાથી થોડાક ફુલ જુદાં કાઢ્યાં, થોડાંક મને આપ્યાં, થોડાંક મારી માને આપ્યા ને બાકીનાં મારા ભાઈઓને અને ભાભીઓને પહોંચાડ્યાં.

૧૪૭–૧૫૬. એ બધાં ફુલ હાથીદાંતના જેવા સફેદ હતા; પણ મારા પિતાની નજર અમુક એક ફુલ ઉપર પડી. એ પુલ ભવ્ય સ્રીના સ્તન જેવડું મોટુ હતું અને રંગે સ્હેજ પીળુ હતુ. થોડીક વાર સુધી તો એ પુલની સામે એ ચકિત થઈને જોઇ રહ્યા. પછી જ્યારે એ વિચારમાંથી જાગ્યા, ત્યારે હસીને મને એ પુલ આપ્યુ ને બોલ્યા.

'આનો રંગ તો જો! ફુલ ઉછેરવામાં અને સુગંધ પારખવામા તું નિપુણ બની છે, તેથી એ વાત તો તું સારી રીતે સમજે. આ બધાં સફેદ સપ્તપર્ણના ફુલોમાં આ એક પીળું કેમ? વખતે કોઈ કુશળ કારીગરે આપણને આશ્ચર્ય પમાડવા અથવા તો ફુલ ઉછેરવાની કળામાં નિપુણતા દેખાડવા આમ કર્યું હશે? કેમકે દાહક અને બીજા દ્રવ્યોથી (તેમને ફુલના કયારાની માટીમા મેળવવાથી) ફુલના અને ફળના ધાર્યા રંગ લાવી શકાય છે. કારણ કે એવા પદાર્થોમા છોડને ખીલવી તેમાં ફેરફાર કરવાનું વલગુ હોય છે, જે આપણે ચોમાસામાં નજરે જોઈએ છીએ છતા યે જુદાજુદા રંગનાં ફુલ અને ફળ ઝાડથીજ પરખાઈ આવે છે'

૧૫૭–૧૫૯ પિતાનાં વચન સાભળીને મેં એ ફુલને બરાબર તપાસી જોયું અને પછી એ બાબતમાં ચોકકસ નિર્ણય ઉપર આવતા હું વિનયભાવે બોલી

૧૬૦–૧૬૨. 'જમીનની જાત ઉપર, વાવેતરની ઋતુ ઉપર, બીજ કે દરૂ ઉપર, તથા ખાતર અને વરસાદ ઉપર ઝાડની જાતનો આધાર રહે છે. અને આ બધી વસ્તુસ્થિતિ ઉપર બારીક નજર રાખીને કુશળ કારીગર ફુલને બધી જાતના રંગ લાવી શકે છે. પણ આ ફુલના સંબંધમા એવું કંઈ થયું જણાતુ નથી, કારણ કે એના સુગંધ ઉપરથી હું પારખી શકું છું કે પીળો રંગ એ ફુલનો પોતાનો નથી, પણ કમળના પુલના રજકણ એ ફુલને લાગેલા છે તેનો છે.'

૧૬૩. મારા પિતાએ ઉત્તર આપ્યો· 'પણ બાગ વચ્ચેના સપ્તપર્ણના ઝાડ, ઉપર આપણું આ જે ફુલ ફુટયું છે તેને કમળના ફુલના રજકણ લાગે કેવી રીતે?'

૧૬૪–૧૬૯. મેં કહ્યુ 'આ ફુલમાંથી જે વાસ આવે છે, તેમા કમળનો વાસ વધારે પડતો છે અને તે ઉપરથી આપણે એ અનુમાન ઉપર આવવું જ જોઇશે કે

આપણુ સમવર્ણનુ ફુલ કમળફુલને રજકણે પીળુ રગાયુ છે સમપર્ણના એ ઝાડ પાસે તળાવ હોવુ જોઇએ ને આ શરદઋતુમા એમાના કમળફુલ ખુબ ખીલ્યા હોવા જોઈએ, અને ત્યા એ પીળે રજકણે રગાયેલા કમળફુલ ઉપર તેમાનુ મધ ચુસવા હજારો મધમાખીઓ બેસતી હશે અને ત્યાથી આગળ ઉડતા એ મધમાખીઓ સમપર્ણના ધોળા ફુલ ઉપર થઈને જતી હશે અને પોતાની પાખ ઉપર આણેલા કમળના રજકણુ એ ફુલ ઉપર પડતા હશે અને આ રીતે આપણુ આ ફુલ પીળુ થયુ હોવુ જોઈએ બીજો તો કોઇ જ સભવ નથી, અને હુ જે કહુ છુ તેની ખાતરી આપણને આપણી માળણ પાસેથી થઈ શકશે ’

૧૭૦-૧૭૨ મારૂ કથન માળજી પિતાએ મારા કપાળ ઉપર વહાલથી ચુબન કર્યું ને બોલ્યા ‘બહુજ સુદર રીતે આ કોહાડો તે ઉકેલ્યો છે, હુ પણ મારી મેળે એ જ અનુમાન ઉપર આવ્યો હતો, પણ તારી પરીક્ષા કરવાને માટે જ મે તને એ પ્રશ્ન કર્યો હતો ખરેખર હવે તુ સત્વર લગ્ન કરવાને યોગ્ય થઈ છે અને તારે યોગ્ય વર શોધી કાઢીશ ’

૧૭૩-૧૭૪ આ વખતે મારી માતાએ મારા પિતાને કહ્યુ ‘આપણી દીકરી જેને વિષે આવા સુંદર અનુમાન પર આવી તે ઝાડને જાતે જોવાની મને બહુ આકાક્ષા છે ’ પિતાએ કહ્યુ ‘ભલે, તમારા સમગ્ર સ્ત્રીમડળને લેઇને ત્યા જઇ શકો બહાર ફરવા જવાથી તમને બીજા પણ લાભ થશે ’

૧૭૫-૧૭૬ અને પછી પિતાએ ઘરના મુનીમને બોલાવીને કહ્યુ ‘કાલે સવારે બાગમા ઉજાણીનો બન્દોબસ્ત કરો બધી વ્યવસ્થા બરોબર કરજો સ્ત્રીમડળ ત્યા આનદ કરવા જનાર છે ’

૧૭૭-૧૮૧ દાસીઓ, સખીઓ અને ભાભીઓએ મને વધાવી લીધી અને મારા ભોજનની સભાળ રાખનારી દાસી બોલી ‘હવે વખત થયો છે, માટે જમી લો કારણ કે જેમ ઇંધણ વિના દેવતા ટકતો નથી, તેમ અન્ન વિના શરીર ટકતુ નથી ખાવાની વેળા વટાઈ જાય એમ ન થવુ જોઇએ ’

૧૮૨-૧૮૭ ચદ્ર અને દૂધના જેવી સફેદ અને ઉત્તમ પ્રકારે બનાવેલી ખીર પછી મે ખાધી અને ત્યાર પછી તાજા માખણનો બનાવેલો પાક ખાધો પછી એક વાસણમા મારા હાથ ધોઇ નાખ્યા ને રૂમાલે લોહીને સાફ કરી નાખ્યા ત્યાર પછી મારા હાથ અને મો ઉપર તેલ ચોળ્યુ

૧૮૮-૧૯૩ આવની સવારે બાગમા જવાની વાત જેતી નો સ્ત્રીઓના મો ઉપર આનદ આનદ છવાઇ ગયો, અને એટલામા જ આ રામ અને નિદ્રા લેતી શક્તિ આવી

પહોંચી. મેં પણ આ અજવાળી રાત ખૂબ આનંદમાં ગાળી, અને જ્યારે ઉંઘ આવી ત્યારે દીવાને અજવાળે જ પલંગમાં જઇ સૂતી. સવાર થતાં મે હાથ મો ધોયાં અને દેવને નમન કરી સાધુપુરૂષોના ગુણસ્મરણ પૂર્વક સંક્ષેપમા પ્રતિક્રમણ કર્યું. પણ અનેક સ્ત્રીઓને તો રાત ઉતાવળે પુરી થતી ન હતી એટલા માટે રાતને ગાળો ભાડતી, અને ખરેખર કેટલીક તો બાગમાં શું શું જોવાનુ મળશે અને સરોવરમા સ્નાન કરવાથી કેવો આનંદ થશે ઇત્યાદિ અનેક વિષયો ઉપર વાતો કરતી આખી રાત જાગતી બેશી રહી.

૧૯૪–૧૯૮. ઉજાણીની વ્યવસ્થા કરવાને મુનીમ તો જોઇતા ચાકરોને લેઇને આગળથી મળસ્કે જ બાગમાં ગયા હતા. એવે પૂર્વાકાશના કમળને ખીલવતા, આકાશમા પોતાનો પ્રવાસ કરતા કરતા સૂર્યદેવ ઉદય પામ્યા. હવે સ્ત્રીઓ જુદા જુદા રંગના–કોઈ સુતરાઉ તો કોઈ હીરાગળ તો કોઇ ચીનાઈ, એમ–બહુ મૂલ્યવાન વસ્ત્રો પહેરી બહાર નિકળી; એમણે વળી મોતીનાં અને સોનાનાં રત્નજડિત ઘરેણાં પહેર્યા હતાં. સ્ત્રીઓની સુંદરતાએ શોભામાં વળી શોભા વધારી મુકી અને તેમની જુવાનીએ તેના ઉપર વળી ઓપ ચઢાવ્યો

૧૯૯–૨૦૪. મારી માતા પણ એટલામાં તૈયાર થઈ ગઈ હતી અને શુભ મુહૂર્ત જોઇને એણે આધેડ નારીઓના ભવ્ય સંઘને પોતાની પાછળ લીધો. પાછળ તેમની ચંચળતાએ મ્હાલતી જુવાન નારીઓ ચાલી. તેમના ઝાંઝરના, કટિમેખળાના અને બીજા ઘરેણાના ઝણકારથી હવેલીનું આગણું એવું તો ઝણઝણી રહ્યુ કે જાણે તે સંઘને વિદાય દેનારા વાજાં વાગતાં હોય અને આ સંઘ નિકળવાના સમાચાર મારી માએ મને, મારી સખીઓ મોકલી, કહાવ્યા.

૨૦૫–૨૦૯. મારી સખીઓ શણગારાતી હતી તે વેળાએ હું પણ સૌથી અનેરાં જ કપડાંથી અને ઘરેણાથી શણગારાતી હતી, અને મારા અતિ મૂલ્યવાન શણગારે કરીને તેમનાથી ત્રણ ગણી શોભા પામી ચંપાના ફુલ પેઠે ખીલી નીકળી હતી. પછી હું સખીમંડળની વચ્ચે મ્હાલતી મ્હાલતી હવેલીના આગણામાં આવી ઉભી. ત્યા આવીને જોયુ તો ઇંદ્રના સ્વર્ગમાં જાણે જુવાન અપ્સરાઓ ટોળે મળી હોય એમ અમારા આંગણામા જુવાન નારીઓ પુર ભપકામા ટોળે મળી હતી.

૨૧૦–૨૧૪. રથને બળદ જોડી દીધા હતા, અને પોતાની બેઠક પાસે ઉભેલા સારથિએ મને દેખતાં જ કહ્યું 'અહીં બેન; શેઠે તમારે માટે આ અનુપમ સુદર રથ નક્કી કર્યો છે' એમ બોલતાંની સાથે જ તેણે મદદ કરીને મને રથમાં ચઢાવી રથમાં સુદર મૂલ્યવાન ગાલીચો પાથર્યો હતો. મારી દાસી અને સખી સારસિકા પણ એજ રથમા આવી બેઠી ને પછી રથ પોતાની ઘુઘરીઓ ખખડાવતો ચાલવા લાગ્યો. પાછળ અમારો

ગ્ખવાળ પોતાનો પોશાક પહેરીને ચાલતો હતો બાજુ બાજુ અમને જોવા આવનાર સ્ત્રીઓની ખૂબ ભીડ જામી હતી

૨૧૫-૨૨૪ અમારો સુદર મધ નગ ના રાજમાર્ગ વચ્ચે થઈને ચા યો, ઠેર ઠેર લોકો ટોળેટોળા મળીને અમને જોવા લા યા નારીઓ પોતપોતાના ઘરની બારીઓમાથી મો કાઢીને બહુ આતુરતાએ અમને જોઈ રહી હતી એ જોઇ હુ તો છક થઇ ગઈ તેમ જ રસ્તા ઉપર અને ઘર ની બારીઓમા જાણે હીન જડી દીધા હોય એમ-સજ્ડ થઇ ગયેલા માણસો પણ અમને જોઈને છક થઈ ગયા સ્વર્ગ, રથમા બેગી ને જતી લક્ષ્મીને જેમ જોઈ રહે તેમ લોક મને એકીનજર જોઈ રહ્યા નગરના જુવાન પુરૂષોના હૈયા મને જોઈને આતુર અને બળવાન કામરાગને લીધે એવા તો બળી ઉઠ્યા કે તેમના જીવન જોખમમા આવી પડયા પણ જુવાન નારીઓને બીજી જ ઈચ્છા થઈ આવી – જો આપણી જાતને સ્વર્ગની સુન્દરતા સાથે સરખાવવી હોય તો આપણે આના જેવુ સુન્દર થવુ જોઇએ માગ સુખની સુંદરતાથી અને મૃદુતાથી નગરનો એ રાજમાર્ગ ગાડો ગાડો થઈ ગયો, અને સુદર દેખાવથી ભરાઇ ગયો એમા મારો દેખાવ તો સૌથી ચમકારી હતો લોકો પાસેથી સાભળેલી આ બધી વાતો મારી સખીઓએ મને કહી

૨૨૫-૨૨૮ બા ને દરવાજે આવી પહોચતા અમે બધા રથમાથી ઉતર્યા અને ત્યા આગળ ચોકીદાર સુમીને અમે બધા ફરવા નિ ળ્યા જાણે સ્વર્ગના નદનવનમા જુવાન અપ્સરાઓ ફરતી હોય, તેમ બધી નારીઓ ફરે તેમ પોતપોતાને માર્ગે ફરવા લાગી ખીલતા ઝાડો એ બી ત ી સાથે ગુથાઇને જે ઉપર ન્ગ્વાજા જેવા બની ગયા હતા, તેની નીચે થઈને તેઓ ચાલવા લાગી, અને ઝાડ ઉપરથી ફુલસરી ડાળખીઓ તોડવા લાગી

૨૨૯-૨૩૦ ચોટલામા મારી માતાએ બૂમ મારી 'આવો આપણે મારી દીકરીએ બતાવ્યુ છે તે, તળાવને કાંઠે ઉગેલુ, સપ્તપર્ણનુ ઝાડ જોવા જઈએ', એની સૂચના પ્રમાણે બધુ એ નારીમડળ આનદભર્યા પગના ભરતુ તે દિશાએ ચાલ્યુ

૨૩૧-૨૩૬ રથમાની મારી સહચરીઓ અને હુ રથમાથી ઉતર્યા પછી બાગની શોભાથી સુબધ મને અને આખે અદર પેઠા શરદઋતુએ બાગના વિવિધ પુષ્પોને સુદર ખીલાવ્યા હતા જાણે ફુલે ફુલે ભમરો ભમતો હોય તેમ હુ તો ભમવા લાગી, અને પક્ષીઓના હ તરો તરેહના ગાનથી મારા કાનને પરિતૃપ્ત કરવા લાગી જેમ જુગારી પોતાની મૂઠ હારી બેસે ને રમતનો તેનો જોમ ભાગી જાય, તેમ વસતને આરભે જેના સુન્દ પીછા ખરી પડયા છે એવા મો સભોગની આતુરતા વિના જ ફરતા જોયા વળી કળોના અને તાલના માડવા અને બાગકોને ખેલવાની કુજો અને

એવી એવી ઘણી જગાઓ બાગમાં જોઈ. ફુલને લીધે સફેદ થઇ ગયેલાં સપ્તપર્ણનાં ઝાડ પાસે રાતા અશોકવૃક્ષ અને આસમાની બાણવૃક્ષ હતાં.

૨૩૭–૨૫૦. ચાલતાં ચાલતાં એક સુંદર સપ્તપર્ણનું ઝાડ અમારી નજરે આવ્યું. એ ચારે બાજુએથી, ફુલશણગારના ભારે કરીને, લચી ગયું હતું. ફુલથી સફેદ થઇ ગયેલી એની ડાળીઓ મધમાખીઓનાં ટોળાંથી નમી ગઇ હતી અને જાણે કાળા રંગનો પોષાક ચઢાવ્યો હોય એવું દેખાતું હતું. અને પવને કરીને જે ફુલ ભોંય ઉપર પડી ગયાં હતાં તેને ગાંડછાએ ચઢેલા કાગડા સફેદ માખણના લોચા માની ઉપાડી ઉડતા ફરતાં હતા. એ ઝાડ ઉપરથી નારીના સ્તન જેવડું મોટું ને ચાંદીના વાડકા જેવું સફેદ એક ફુલ મેં ચુંટયું કે તરત જ મધ ચુસનારી માખીઓનું એક ટોળું, કમળ ઉપર બેસવાની લાલસાએ કમળના ઘાટના અને કમળના જેવો વાસ આપતા મારા મોં તરફ ધસી આવ્યું. મોં ઉપર એ મધમાખીઓ બેસવા જતી હતી, તેમને મેં મારા મૃદુ હાથ વડે વારી; પણ મારા હાથ તો જાણે પવનમાં ડાંખળી હાલતી હોય એમ માની એની દરકાર કર્યા વિના જ તે મો ઉપર આવી લાગી. વેદનાએ મે ચીસ પાડી અને હું પાછી પડી, પણ માખીઓના ગણગણાટ અને પંખીઓના કલબલાટમાં મારી ચીસ તો કયાંય દબાઇ ગઇ. ઘોડાના મોંના ફેણ કરતાંએ નરમ એવી મારી ઓઢણી મેં મારા મો ઉપર ખેંચી લીધી, કે જેથી ઘણીખરી માખીઓ ખશી ગઈ. પણ આમતેમ દોડવાથી મારાં રત્નજડિત ઘરેણાં વિખેરાઇ પડયાં, અને કામદેવનું બાણ જેના વડે ચઢાવાય એવી કટિમેખળા કેડેથી છુટી પડી. પણ વેદનાને લીધે એની પરવા કર્યા વિના જ હું તો દોડી ને કેળના માડવામા પેશી ગઇ. ત્યાં મારી સખી સારસિકા હતી તેણે મને આશ્વાસન આપી કહ્યુ· ‘તને મધમાખીઓ તો હજી યે બહુ લાગેલી છે, પણ ડરવા જેવુ કશુ નથી.’

૨૫૧–૨૬૧. જે સપ્તપર્ણને અમે જોવા આવ્યા તે ઝાડ પાસે હવે હું ગઇ. કમળના તળાવવાળી મધમાખીઓનાં ટોળેટોળાં તેના ઉપર બેઠાં હતા પુનેમના ચાંદા જેવા મધપુડાને છોડીને આજે એ બધી શરદ્‌નાં ફુલોમાં ભરાઇ બેઠી છે. અમારા સાથમાંની જે સ્ત્રીઓ ત્યાં પહોંચી હતી તેમણે તો ફુલોના મોહમા ઝાડની ડાખળીઓ સુદ્ધા બધી ચુંટી નાંખી હતી. મારી સખીના ખભા ઉપર મારા ડાબા હાથનુ કાડુ ટેકવીને અને કમળસરોવર ભણી નજર રાખીને હું આગળ ચાલી રહી હતી. બધી જાતનાં કમળફુલ પુરેપુરાં ખીલ્યાં હતાં. બાગના રત્નસમાન આ સરોવરની સપાટી પક્ષીઓના શબ્દોથી ગાજી રહી હતી અને મધમાખીઓનાં ટોળાંથી છવાઈ રહી હતી. રાતા ફુલ પ્રભાતની, સફેદ ફુલ ચંદ્રપ્રભાની, અને શ્યામળાં ફુલ વાદળાંની યાદ આપતાં હતાં. મધમાખીઓનો ગણગણાટ અને હંસોના નાદથી ગગન ભરાઈ ગયું હતું. પાણીની ઉપરના મોજા ઉપર ફુલ પવનથી હીંચકા ખાતા હતાં. ત્યા મેં કલબલાટ કરતી બતકો, નર–માદાની જોડીએ

ચાલતા ચકવાકો, અને ધોળા પીળા વળા આનદી હંસો જોયા પીળા કમળ ઉપર બેઠેલી મધમાખીઓ સોનાની તાસકોમા મુકેલા નીલમ જેવી શોભી રહી હતી, અને રેતીના કિનારા ઉપર રૂના જેના સફેદ પીછાવાળા હંસ શરદના સુદર હાસ્ય સાથે પોતાનુ હાસ્ય મેળવતા હતા

૨૬૨-૨૬૭ પછી મે નર-માદાની જોડીએ બધાયેલા અને પોતાના સ્નેહને લીધે પકડાયેલા અનેક ચકવાકોને જોયા એમના રાતા રગમા પીળો રગ મેળવાયાથી એ રમણીના સ્તનના રગ જેવા બહુરગી દેખાતા હતા તળાવમા રગિન કમળની જેવા લીલા પાનના જે આસન બધાઈ રહ્યા હતા તેના ઉપર કેટલાક આવા ચક્રવાક આરામ લેતા હતા, અને કેટલાક વળી આવા પત્રાસનોની વચ્ચે વચ્ચે સોમલના જેવા રાતા રગના, જાણે સ્નેહને લીધે જ રાતા બન્યા હોય એવા, પોતાની નારીઓના સ્નેહને પોષતા બેઠા હતા જે વખતે તળાવમાનો આ દેખાવ હુ જોતી હતી તે વખતે એ ચકવાકેનો પરસ્પરનો સ્નેહ અને મમતા જોઈને મારા મનમા કાઈ અગમ્ય વિચારો આવવા લાગ્યા આ જન્મમા નહિ અનુભવેલી એવી કાઈ કલ્પના મને થવા લાગી અને એ ઉડા વિચારો ને વિચારમા મને મારો પૂર્વ અવતાર પ્રત્યક્ષ થઈ આવ્યો એ પૂર્વ જન્મનુ સ્મરણ થતા જ મને મૂર્છા થઈ આવી અને ચેતન વિનાના શરીરની માફક હુ જમીન પર ઢળી પડી

૨૬૮-૨૭૨ જ્યારે મને ભાન આવ્યુ ત્યારે જાણ્યુ કે મારી આખમાથી તો શુ પણ મારા વેદના ભર્યા હૈયામાથી પણ આસુની નદી વહે જતી હતી, અને મારી સખી કમળપત્રનો પડીઓ બનાવી તેમા પાણી લેઈ આવીને મારા દુખભર્યા હૈયા ઉપર અને આખો ઉપર એ પાણી છાટતી હતી હુ ઉભી થઈ અને પાસેની કળોની ઘટા અદરની એક કુજમા પડેલી આસમાની કમળને યાદ કરાવતી કાળી શીલા ઉપર જઈને હુ બેઠી ત્યાર પછી મારા દુખમા અને અશાન્તિમા હૃદયથી ભાગ લેતી મારી સખી મને પુછવા લાગી ‘બેન, તને એકદમ આ શુ થયુ ? શુ તને ચક્કર આવવા લાગ્યા કે બહુ થાક લાગ્યો કે ખરેખર તને મધમાખીએ ચટકો ભર્યો ?’

૨૭૩-૨૭૭ મારી આખમાના આસુ તો એ લુછી રહી હતી, પણ મારા ઉપરના સ્નેહને કારણે એની આખમાથી આસુ દડદડ વહે જતા હતા વળી એ બોલી ‘તને આમ મૂર્છા શાથી આવી ગઈ ? બેન, તુ જે જાણતી હોય તે કહે કે જેથી જલદી તેનો ઉપાય થાય, તારૂ શરીર કથળી ન જાય એટલા માટે હવે ખોટી થવાય નહિ દરદ બેશક કઈક ભારે હોવુ જોઈએ, ઓપરવા કે બે દરકાર કર્યે પાલવે નહિ વાત હાથમા હોય એટલામા જ કઈક ઉપાય કરી લેવો જોઈએ, નહિ તો માત્ર ઉઝરડો હોય તે પણ ઢાઢીના ઘા જેવો થઈ જાય ’

૨૭૮–૨૭૯. સખીને કહી શકાય એવું એણે મને ઘણું કહ્યું ત્યારે મેં ઉત્તર આપ્યો: 'ભય જેવુ કશું નથી, બેન, મને ચક્કરે આવ્યા નથી, બહુ થાકી યે ગઈ નથી કે મધમાખીના ચટકા યે લાગ્યા નથી.

૨૮૦–૨૮૧. પણ એ તો વચ્ચે જ બોલી ઉઠી કે 'ત્યારે તુ રંગ વિના ફીકા પડી ગયેલા રામધનુષની પેઠે મૂર્છા ખાઇને એમ ભોય ઉપર કેમ પડી ગઈ? બેન, તું તારૂં હૈયું ખોલ, હું તો તારી પ્રિય સખી છુ.'

૨૮૨–૨૮૬. નીલમ જેવી સુંદર કુંજમાં મે સખી સારસિકાને કહ્યું- 'મારી પ્રિય સખી, પવનથી તુટી પડેલા પાનની પેઠે મૂર્છા ખાઇને હું શા માટે ભોય ઉપર પડી એ બધી હકીકત હુ તને ટુંકામાં કહીશ. તું મારી નાનપણની સખી છે અને મારા સુખદુ ખની ભાગિયણ છે; તેમ મારા બધા છાના પણ તુ જાણે છે ત્યારે આજની વાત પણ બધી તને કહીશ પણ બધી વાત તારા હૈયામાં રાખજે. એ તારે મોએથી બીજા કોઇને કાને જવા પામે નહિ! મારા ગળાના સમ ખા કે બીજા કોઇને આ વાત કહીશ નહિ.'

૨૮૭–૨૮૮. ત્યારે સારસિકા મારે પગે પડી ને બોલી. 'બેન, તારા પગના સમ ને તારા ગળાના સમ, હુ કોઇને નહિ કહું.'

૨૮૯–૨૯૧. પછી મારી વહાલી ને વિશ્વાસુ સખીને મેં કહ્યુ 'બહુ દુ ખની વાત છે કે મારા પાછલા અવતારની વાત મારી આંખોએ આસુ વડે બહાર નિકળી જવા દીધી છે. મારા પ્રિયનો મને જે વિજોગ થયો છે તેનું સ્મરણ થઇ આવવું એ, પણ બહુ દુ ખની વાત છે જે સ્નેહ મે એકવાર માણ્યો છે ને જે દુ ખ ભોગવ્યુ છે તે સૌ હુ તને કહુ છુ, જે મન દેઇને સાભળ.'

૨૯૨ મારી સખા મારી બાજુમાં સાભળવાને અધીરી થઇને બેસી ગઇ ને આસુ વહેતી આખોએ મે વાત શરૂ કરી.

(૪. પૂર્વ જન્મનુ વૃત્તાન્ત)

૨૯૩–૨૯૪. આપણી પાડોશમાં અગ નામે અસિદ્ધદેશ છે અને એ દેશ શત્રુથી, ચોરથી ને દુષ્કાળથી સદા નિર્ભય છે. ત્યા ચપા નામે સુદર નગર છે જેમા અનેક સુદર બાગબગીચા તથા રમણીય જલાશયો છે ત્યાની વસ્તી સાચે જ સ્વર્ગસમી છે.

૨૯૫–૨૯૯. તે દેશની વચ્ચે થઈને પવિત્ર ગંગાનદી વહે છે. તેને બન્ને તીરે અનેક નગર અને ગામ વસેલાં છે અને જળપખીઓના ટોળે ટોળા તેમા રહે છે સમુદ્રની જાણે વ્હાલી પત્ની હોય એમ એ તેના તરફ ધસે છે. કાદંબ પક્ષી તો જાણે એના કુંડળ છે, હંસની હાર જાણે એની કટિમેખળા છે, ચક્રવાક પક્ષીની જોડ જાણે એનાં બે

તન છે, એના મોજાથી જાણે એ હમણી દેખાય છે એને કિનારે હાથી, બગ, વાઘ, ચિત્તા ને વરુ રહે છે પાણીની સપાટી ઉપર પાકા ગતા ઘણા તરતા હોય એમ ચક્રનામ જેડા આનંદે રમ્યા કરે છે હંસ બતકો અને એવાજ બીજા જળપ્રાણીઓ પણ ચિંતા વિના સ્વતંત્રતાએ ફરતા કરે છે

૩૦૦-૩૧૪ મારી પ્રિય સખી, ત્યા હુ આગના અનંતરમા રાતાપીળા પીંછા વાળી ચક્રવાકી હતી અને સ્વતંત્રતાનુ પૂરુ સુખ ભોગવતી ચકવાકોમા સ્નેહ જેટલો સાચો અને મગન હોય છે તેવો સ્નેહ આખા જગતમા બીજે ક્યાય નહિ હશે અને મારા નર તો વળી ચચળ માથાએ કરીને અને ગોળ દગ જેવે શરીરે કરીને પ્રખ્યાત હતો, તેમા વળી એ કુશળ તરનારો હતો અને કોટના કુંદના ગોળ જેવો સુંદર હતો તેના કાળા અને રૂવાંટી વગરના પગના ચાપ્પા કમળના કાળા પાન જેવા હતા છેવટ સુધી તેનો સ્વભાવ તપસ્વી જેવો નમ્ર હતો, એનો હાથ તો બહુ પહેલેથી બળી ગયેલો હતો રાતા પ્રભાતસમયે તેની સાથે જ હુ તરવા જતી ઉડતી પણ તેની સાથે જ એવી રીતે અમે સ્નેહમા સાથે રહેતા, અમારા ઉત્તરતા સુર શબ્દથી આમાગ કાનને અને હૃદયને આનંદ આપતા, એક બીજાને સુખી કરતા, એક બીજાની પાછળ જતા, સાથે રમત રમતા અને એકબીજાનો વિયોગ કદી સહી શકતા નહિ નદીએ, કમળસરોવરે, રેતીને કિનારે કે કિનારાના જંગલે-જંગલ જતા ત્યા અમે સ્નેહનો દેખાવ કર્યા વિના જ પણ સાચે સ્નેહે બંધાઈને સાથે જ રહેતા

૩૧૫-૩૨૬ એક સમે તો જળપક્ષીઓ સાથે અમે પણ ગગાને પાણીએ બનેલા સુંદર તળાવમા રમતા હતા, તેવે સૂરજને તાપે બળ્યો બળ્યો થાક્યો થયેલો એક હાથી ત્યા નદીમા નાહવા કાંઠે આવ્યો ગતગોના ભારસમા ચચળ એના કાન આમ તેમ હાલતા હતા, મૃદંગના જેવો મૃદુમૃદુ અવાજ તે દયા કરતો, પણ વળી એ ગગનસમુ પ્રાણી વચ્ચે વચ્ચે મેઘગર્જનાના જેવો ભયંકર નાદ પણ કરતુ તેના કુંભસ્થળમાથી મદ ઝરતો હતો અને સપ્તપર્ણના ફુલના જેવો એનો તીવ્ર વાસ પવનને બળે ચારે દિશાઓમા પ્રસરી રહેતો કિનારાના ઘુમ્મટ ઉપરથી આ મહાપ્રાણી નીચે ઉતર્યું રેતીમા પડતા એના પગલા વડે જાણે ગગાની કેડી ઉપર કાંઈ બનાવતુ હોય તેમ દેખાવા લાગ્યુ અને સમુદ્રની રાણી જેવી ગગા જાણે એ હાથીથી ભાર પામીને પોતાના મોતીને લઈને દોડી જતી હોય તેમ દેખાવા લાગી એણે પાણી પીધુ ને પછી સુઢથી ફુવારો મારીને પાણી એવુ ઉડાડ્યુ કે જાણે નદી ઉપર વાદળ ચઢી આવ્યુ પછી પ્રવાહમા એ ઉંડે ઉતર્યો અને સુંઢ વડે પાણીનો પર્વત જેવો પ્રવાહ પોતાની પીઠ ઉપર વહેવરાવ્યો નદીમા એણે એવા તો મોજા ઉછાળ્યા કે તે અમે હતા તે તળાવમા પણ આવી પહોચ્યા એ જ્યારે સુંઢ ઉંચી કરતો અને તેથી એનુ મો પહોળુ થતુ

ત્યારે એનાં જડબાં, જીભ અને હોઠ વડે એવી બખોલ દેખાતી કે જાણે એ અંજન પર્વતની સિંદુરની ગુફા હોય.

૩૨૭–૩૩૫. ભયથી ત્રાસીને બીજાં જળપ્રાણીઓની પેઠે હું પણ મારા સ્વામીની સાથે ઉંચે ઉડી ગઈ. પછી હાથી નદીમાંથી નિકળી પોતાને રસ્તે પાછો ચાલ્યો જતો હતો, તેવે સમે વનફુલાંએ શણગારાએલો, હાથમા ધનુષબાણ લેઇને સાક્ષાત્ જમદૂત જેવો એક જુવાન પારધી આવી પહોંચ્યો. એના પગ ઉઘાડા હતા અને નખ વાઘના પંજાશા ખૂબ લાંબા વધેલા હતા. એનું શરીર ખૂબ મજબુત હતું અને એની પહોળી છાતીમાંથી, ધનુષની પણછ ફુટે એમ, બે લાંબા હાથ ફુટતા હતા. તેની દાઢી રાતાશ પર અને સુંવાળી હતી; હોઠ કંઈક ફાટેલા હતા અને બળવાન ખાંધ ઉપર માથું હાલતું હતુ; માથા ઉપર વાંકડીઆ વાળ હતા અને વાળના છેડા સાપની જીભશા દેખાતા હતા વળી પવને અને સૂરજને તાપે કરીને એની ચામડી કાળી થઈ ગએલી હતી. તેથી એ રાક્ષસસમો કે જમદૂતના સાક્ષાત્ અવતારસમો દિસતો હતો. તેની પીઠે એક તુબડું લટકતું હતુ, અને તેમાં બાણ ભર્યાં હતાં. તેણે ભયંકર વ્યાઘ્રચર્મ પહેર્યું હતું, અને તે જાણે વસ્ત્ર ઉપર મેશના કે સહીંના લીસોટા તાણ્યા હોય એમ દેખાતું હતું.

૩૩૬–૩૪૧. પારધીએ એ હાથીને જોયો કે તરત જ, જરૂર પડે તો ઉપર ચઢી જવા માટે, દોડીને એક મોટા ઝાડ નીચે જઈ ઉભો. પછી ધનુષ પર બાણ ચઢાવીને ખુબ જોરથી ખેંચ્યુ ને હાથી ઉપર તાક્યું. પણ કમનશીબે એ નિશાન ચુક્યો અને તે હાથીને ન લાગતા સામે જ ઉડતા મારા સ્વામીને જઈ ચોટ્યું. તેનાથી એમની એક પાખ કપાઈ પડી ને તેની સાથે એ પણ મૂર્છા ખાઇને પાણીને કિનારે પડ્યા. હુ મારા પ્રિયની પાછળ ઉડી અને એમની વેદના મારાથી નહિ સહન થઇ શકવાને કારણે હું પણ તેમની પાસે જ મુર્છિત થઈ ધરણી ઉપર ઢળી પડી..

૩૪૨–૩૪૬. જ્યારે મને ભાન આવ્યું ત્યારે મેં બળતે હૈયે અને આંસુભરી આંખે શું જોયુ ! મારા સ્વામીની પાંખ છુટી થઈને જાણે પવનના બળે તુટીને કમળ પડ્યુ હોય એમ એમની પાસે પડી હતી અને તેમના શરીરમાં બાણ ચોંટ્યુ હતુ. પાસે પડેલી પાંખ કમળના પાન જેવી વિખરાઇ પડેલી હતી. જાણે રાતાપીળા ઘડા ઉપર લાખના ડાઘા પડ્યા હોય તેમ મારા સ્વામીના શરીર ઉપરના લોહીના ડાઘ દેખાતા હતા. એ ડાઘ એટલા બધા પડ્યા હતા કે જે જોઇને કોઇને તો એમ જ લાગે કે અશોક ફુલના ગોટા ઉપર ચંદનરસની છાંટ મારી છે; અને છતાં યે એ પાણીને કિનારે જ પડેલા હોવાથી કિંશુકવન જેવા કે આથમતા સૂર્ય જેવા ભવ્ય દેખાતા હતા.

૩૪૭-૩૫૦ મારી ચાચ વડે મેં એમના ધામાથી બાણુ ખેચી કાઢયુ, અને રડતી આખે મારી પાખો વડે મે એમને પવન નાખ્યો પછી મે એમને બોલાવ્યા, પણ એ તો જડ જેવા નિશ્ચેટ થઈને પડી રહ્યા હતા તેમ છતા સ્નેહને લીધે અને મુઝવણને લીધે તે વખતે તો મે માની લીધુ કે હજી એ જીવતા છે

૩૫૧-૩૫૩ પણ જ્યારે મને બધુ સમજાઇ ગયું ત્યારે વણુવી નહિ શકાય એવી વેદનાએ હુ તો થોડીવાર બેભાન થઇ ગઇ પછી મારી પાપોમાથી સુદર પીંછાને મારી ચાચ વડે ચુથી નાખ્યા, મારા સ્વામીની પાખોમા પણ મે ચાચો મારી અને મારી પાખો વડે હુ એમને બાઝી પડી હુ એમની આસપાસ ઉડવા લાગી અને આમ રૂદન કરવા લાગી

૩૫૪-૩૫૯ તમને, આ ગગાના શણુગારને, કીયા પાપીએ માર્યા ? મારા સુખની ઇર્ષ્યાએ કોણે મને અનાથ કરી મુકી કે જેથી વિજોગનુ દુ ખ મને આગના ભડકાની પેઠે બાળે છે, અને ભયકર વિચારોની અદર મારે ડુબી જવુ પડયુ છે ? મારા પ્રિય સ્વામી, હવે તમારે વિજોગે કરીને કમળસરોવર ઉપર હુ આનદ શી રીતે ભોગવી શકીશ ? આપણા બેની વચ્ચે કમળના પાદડાએ કરીને પણ વિજોગ થતો, તો જાણે તમે પરદેશ ગયા હો એમ મને તેનુ દુ ખ સાલતું, ત્યારે હવે તો મૃત્યુએ આપણુને આજે કાયમના જુદા પાડયા છે, માટે હવે મારા દુ ખનો અવધિ કયા આવશે?

૩૬૦-૩૬૫ ફરીવાર પાછો એ પારધિ આવ્યો અને મારા જીવનના સાથી ઉપર નજર કરીને જોવા લાગ્યો ત્યા તો હાથીને બદલે મારા સ્વામી માર્યા ગયેલા જણાયા, તેથી વેદનાએ કરીને એ બોલી ઉઠયો 'હા, પ્રભુ !' એ ભયકર માનવીના ભયથી હુ પાછી ઉડી ગઈ પણ મારા સ્વામી માર્યા ગયા તેથી એને પણ દીલગીરી થઈ એણે એમને ઉપાડીને ચદ્રપ્રકાશ જેવી રેતી ઉપર મુકયા પછી કિનારા ઉપર એ લાકડા શોધવા ચાલ્યો એટલે ફરીને હુ મારા પ્રિય સ્વામી પાસે જઈ બેઠી

૩૬ -૩૬૯ ડુસકા ભરતી ભરતી વિદાયના છેલ્લા શબ્દો હુ બોલતી હતી તેવામા તે પારધિ લાકડા લેઇને વળી પાછો આવ્યો અને હુ ફરી પાછી ઉડી ગઇ મને જણાયુ કે એ પાપી હવે મારા સ્વામીનો અગ્નિસસ્કાર કરશે, તેથી એમના મૃત દેહ ઉપર આમતેમ આકાશમા મે નિરાશાએ ઉડ્યા કર્યું

૩૭૦-૩૭૩ અને સાચે જ એ પારધિએ પોતાનુ ધનુષ અને બાણુભર્યું તુબડુ ભોય પર મુકીને મારા સ્વામીને લાકડાની ચિતામા મુકયા પછી એમા અગ્નિ મુક્યો, અને લાકડાની ચીપાટો આમતેમ ખોશી ઘાલી મને તો એ અગ્નિ દાવાનળ કરતા પણ ભયકર લાગ્યો અને વિચારમા ને વિચારમા મારા સ્વામીને શોકભર્યે હૃદયે કહેવા લાગી

૩૭૪-૩૭૮ ઓ પ્રિય સ્વામી, આજ સુધી આપણા મિત્રરૂપ પાણીમા તમે વાસ કરતા, તે આજે આ શત્રુરૂપ અગ્નિને શી રીતે સહન કરી શકશો ? જે અગ્નિ

તમને બાળે છે તેથી હું પણ બળી મરૂં છું, એ અગ્નિ તમે શી રીતે સહન કરી શકશો ? આનંદ અને શોક ઉપજાવનારૂં આપણું પ્રારબ્ધ હજી યે ધરાયું નથી કે આપણને એકવાર એક કર્યા પછી પાછાં ફરી જુદા કર્યાં ? અરેરે ! મારૂં હૈયું લોઢાનું હોવું જોઇએ, નહિ તો એ તમારૂં દુઃખ, ઓ પ્રિયતમ, આમ જોઈ રહે નહિ, પણ તરત જ તમારી ચિતામાં કુદી પડે. આમ દુઃખમાં ને વિજોગમા હું તમારાથી દૂર રહું એના કરતાં તો એ ભલું કે હું તમારી સોડમાં ચિતા ઉપર સુઉં.

૩૭૯–૩૮૩. આમ શોકના આવેગને કારણે ને નારીસુલભ વીરતાને પ્રભાવે હું સતી થવાના ઠરાવ ઉપર આવી. જે સ્નેહી આત્માની પાછળ એમનું શરીર ચાલ્યું જતું હતું તેમની પાસે હું અગ્નિમાં જઈ પડી; અગ્નિ હવે મને હિમ જેવો ઠંડો લાગવા લાગ્યો, કારણ કે હું મારા સ્વામીની સોડમાં હતી. ફુલમાં જેમ માખી, તેમ હું અગ્નિમાં ડુબી ગઈ, અને એ અગ્નિએ મને મારા સ્વામી ભેળી કરી દીધી. જોકે એ રાતીપીળી અગ્નિની શિખા મને બાળતી મારી ચારે બાજુએ રમતી હતી, તોયે પતિના વિચારમાં મને જરા યે દુઃખ થયું નહિ. એમ, મારી સારસિકા, હું સતી થઇને મારા પ્રિય પતિની પાછળ ચાલી નિકળી.

૫ કામના, સાધના અને સિદ્ધિ.

૩૮૪–૩૮૫. (સાધ્વી તરંગવતી આગળ બોલે છે:) અમારાં મરણની કથા મારી સખીને હું વર્ણવી રહી કે તરત જ શોકને લીધે ફરી હું મૂર્છા પામી. ફરી જ્યારે મને ભાન આવ્યું ત્યારે ફરીથી એને અચકાતે શબ્દે અને ધડકતે હૈયે કહેવા લાગી:

૩૮૬–૩૯૬. ગંગાને કાંઠે હું સતી થયા પછી કૌશામ્બી નગરીમાં ઋષભસેન શેઠના ધનવાન્ અને આબરૂદાર ઘરમાં અવતરી એક વખતે આ જળતરંગો જોઇ મને એ મારી પૂર્વજન્મ વાર્તા સાભરી આવી હતી, તેમજ આજે પણ અહીં આ તળાવના ચકુવાકોને જોઇને મને ફરી બળવાન સ્નેહ–સ્મૃતિ થઈ આવી. આ પ્રમાણે મારા પાછલા જન્મનું પ્રારબ્ધ મને બધું કેમ સાભરી આવી તાજું થયું, અને હું મારા સ્વામીથી મૃત્યુ થયે કેમ વિજોગ પામી, એ બધું મેં તને ટુંકામાં કહ્યું છે. પણ તેં મારા જીવના સોગન ખાધા છે તે પ્રમાણે, હું મારા પ્રિયને ફરી મળી શકું નહિ ત્યાં સુધી, આ વાત કોઇને કહેતી નહિ. હવે જ્યારે મારી કામના સફળ થશે, ત્યારે જ મને સુખ થશે.

આજ સાત વર્ષથી હું મારા એ સ્નેહીને ભેટવાની આશામાંને આશામાં, મારા માતાપિતાને ખોટી ખોટી આશાઓ આપ્યે જાઉં છે. જો એમાંથી કશું હવે વળશે નહિ તો હૈયાના દુઃખને ટાળવાનો માત્ર એક જ માર્ગ બાકી છે, જે જિનપ્રભુએ જગતના ઉદ્ધારને માટે સાર્થવાહ થઇને બતાવ્યો છે. તે નિર્વાણનો માર્ગ સાધવાને માટે હું સાધ્વી

થઈશ સંસારના સંબંધમાં બંધાવાથી આ જાતનું જે વિજોગનું દુ:ખ ખમવું પડે છે, તે દુ:ખ ફરી બીજી વાર ન થાય તેવે માર્ગે હું વિચરીશ સંસારના દુ:ખની સાથે સાથે જન્મમરણના દુ:ખ ટાળીને આત્માના સાચા સ્થાનમાં પહોંચવાને માટે હું સાધ્વી થઈશ.

૩૯૭–૪૦૧ (તરંગવતી વળી આગળ બોલે છે) સ્નેહને બળે મારી સખી ઉપર વિશ્વાસ રાખીને મારા દુ:ખની બધી વાત મેં એને કહી એ ભવી સારસિકા પણ મારા ઉપરના સ્નેહને લીધે અને મારા દુ:ખની દયા આવવાને લીધે ભારે વિલાપ કરવા લાગી પછી એ રડતી આંખે બોલી

અરેરે સખી, મારા પ્રારબ્ધમાં આ શી તારા સ્વામીના વિજોગની દુ:ખભરી વાર્તા સાંભળવાની! પૂર્વનાં કર્મ, વખત જતાં પાકીને, કેવાં કેવાં ફળ આપે છે! પણ બેન, ધીરજ ધર, દેવ તારા ઉપર જરૂર કૃપા કરશે અને તારા એકવારના સ્વામી ભેળી તને કરશે.

૪૦૨–૪૦૩ આવાં પ્રિય આશ્વાસનનાં વાક્યો બોલીને સારસિકાએ મને શાંત કરવાના પ્રયત્ન કર્યો, અને પાણી લાવીને મારી આંસુભરી આંખો ધોઈ નાખી પછી અમે કેળોની એ કુંજમાંથી નિકળીને ચાલ્યાં અને જે જગાએ મારી માતા સ્ત્રીઓના સાથને લેઈ આનંદ ઉડાવતી હતી ત્યાં ગયાં

૪૦૪–૪૦૬ મારી માતા તળાવને કિનારે હતી ને ત્યાં સાનાં સ્નાનને માટે વ્યવસ્થા કરતી હતી હું તેની પાસે ગઈ મારી આંખો રાતી અને મારું મોં ફીક્કું જોઈને તરત જ તે ગભરાએલા અવાજે બોલી —બેટા, તને આ શું થયું? આ બાગના આનંદમેળામાં તને દુ:ખ જેવું શું લાગ્યું? તારું મોં કરમાઈ ગયેલી કમળમાળા જેવું કેમ દેખાય છે?

૪૦૭–૪૧૦ શોકને લીધે આંસુભરી આંખો ઢોળાતાં ઢોળાતાં મેં ઉત્તર દીધો –'મા, મારૂં માથું દુખવા આવ્યું છે' તરત જ મારી મા છળી ઉઠી ને બોલી –'દીકરી, ત્યારે તું ઘેર જા! હું પણ તારી સાથે જ આવું છું તને – મારા આખા ઘરના મોતીને – દુ:ખભરી દશામાં એકલી શી રીતે મોકલું?'

૪૧૧–૪૧૪ મારા ઉપરના સ્નેહને લીધે એણે બધી વાતો પડતી મેલીને ઘેર જવાની તૈયારીઓ કરી નાખી, અને નાનીમંડળને ધીમે રહીને એણે કહ્યું 'જ્યારે તમે નાહી રહો અને ઉજાણી જમી રહો, ત્યારે પાછળથી ધીરે ધીરે ઘેર આવજો કંઈક જરૂરનું કામ આવી પડવાથી હું તો અહુણાં જ જાઉં છું તમે આનંદે કામ પતવજો!' આમ એણે પોતાની આનંદની કામના છોડી દીધી, પણ સ્ત્રીઓને એમના કામમાં બગાડો રાખી તેમને આનંદમાં રાખવાને કારણે જ અમારા ઘેર જવાનું કારણ એણે એમનાથી સંતાડી રાખ્યું

૪૧૫–૪૧૬. ચોકીદારોને, વ્યવસ્થાપકોને, ઝનાનખાનાના વ્યંઢળોને તેમના કામની જરૂર પુરતી સૂચનાઓ આપીને પોતાના નાના ટોળા સાથે અને થોડા ચાકરો સાથે મને લેઇને એ સત્વર શહેરમાં આવી.

૪૧૭–૪૧૮. ઘેર આવીને સારસિકાએ મારો શણગાર અને વસ્ત્રો ઉતારી લીધાં ને હું ઘરનાં વસ્ત્રો પહેરીને પલંગમાં સુતી.

૪૧૯–૪૨૨. પછી મારી માતા મારા પિતા પાસે ગઇ અને બોલી:–'આપણી દીકરીને લેઇને હું પાછી ઘેર આવી છું. એના માથામાં વેદના થાય છે તેથી એને બહુ ઉઘાડામાં રાખવી સારી નથી. મારે જે સપ્તપર્ણનું ઝાડ જોવું હતું, તે મેં સારી પેઠે અને ફુલે પૂરૂં ખીલેલુ જોયું છે, અને નારીમંડળ એમની ઉજાણીના આનંદમાંથી નિરાશ ના થઇ જાય એટલા માટે મારા ઘેર આવવાનું કારણ મેં તેમનાથી છુપું રાખ્યું છે.'

૪૨૩–૪૨૬. મારી માતાને મોંએથી આ સમાચાર સાંભળીને મારા પિતા તો અશાન્તિએ અને ચિંતાએ ગભરાઈ ગયા, કારણ કે એમનો સ્નેહ મારા બધા ભાઇઓ કરતાં પણ મારા ઉપર વધારે હતો. એમણે તરત એક સારા કુળમાં અવતરેલા, ચતુર અને વિશ્વાસપાત્ર, તથા આખા નગરમાં પ્રખ્યાત એવા વૈદ્યરાજને બોલાવી આણ્યા. એ શસ્ત્રવૈદું પણ જાણતા હતા. એમનો હાથ હલકો અને વેદના વિના ક્રિયા કરે એવો હતો. રોગની પરીક્ષા કરવાના અને પછી રોગ ટાળવાના ઉપચાર કરવાને આશયે એમણે સામે બાજઠ ઉપર બેશીને મને પુછયું:

૪૨૭–૪૨૮. 'બેન, તમને તાવને લીધે કે માથાના દુખાવાને લીધે શરીર ભારે લાગે છે? મને ખુલ્લું કહો જેથી ઉપચાર થઇ શકે. આજ સવારમાં શું ખાધું હતું? ખાધેલું બરાબર પચી ગયું છે? ગઇ રાત્રે ઉંઘ બરાબર આવી હતી?'

૪૨૯. મારે બદલે સારસિકાએ જે ઉત્તર આપ્યો અને મેં સવારમાં શું ખાધું હતું અને અમે બાગમાં કેમ ગયાં હતાં એ બધું વર્ણવી બતાવ્યું, પણ મારા પાછલા અવતારના અનુભવની વાત ટાળી દીધી.

૪૩૦–૪૩૭. અનેક પ્રશ્નો પુછીને ચિકિત્સા કર્યા પછી વૈદ્યરાજે મારાં માબાપને કહ્યું: 'તમારી દીકરી માંદી દેખાય છે, એટલું એ જ. બાકી ચિંતા કરવા જેવું કશું નથી: કારણ કે, જો ખાધા પછી તરત જ તાવ ચઢે તો એનું કારણ સ્નેહ હોય છે અને એને કફ કહે છે. પચનક્રિયા ચાલતી હોય તે વેળાએ જો તાવ ચઢે તો એનું કારણ બીજું છે ને તે પિત્ત છે, પણ જો પચન થઇ રહ્યા પછી તાવ ચઢે તો તે વખતે વાતને કારણે પણ હોય. જો ત્રણે કારણો એકઠાં થયાં હોય તો એમાં અનેક રોગ હોય, અને એવા ત્રિદોષમાં બે ત્રણ લક્ષણ દેખા દે છે. બીજા એક પ્રકારનો તાવ હોય છે એને અકસ્માતજ્વર કે ખેદજ્વર કે સ્વપ્નજ્વર કહે છે, તે સોટી કે ચા-

ભુકના ફટકાથી, કે હથિયારના ઘાથી કે ઝાડના પડવાથી કે એવા જ કારણથી આવે છે તમારી દીકરીના સબધમા તાવ નક્કી કરવામા એવા કોઈ લક્ષણ દેખાઈ આવતા નથી, તેથી તમારે કશી ચિતા કરવાનુ કારણ નથી એ નીરોગ છે ગાડીના આચકાથી એ હાલી ગઈ છે અને બાગમા ફરવાથી થાકી ગઈ છે એટલે અત્યારે એ નરમ છે ને તાવ જેવુ લાગે છે, પણ એ તો માત્ર થાક જ છે પણ વખતે એને ભીતરની ચિતા પણ હોય અને એ કોઇ ભારે શોકને કારણે થઇ હોય'

૪૩૮-૪૪૧ મારા સબધમા મારા માબાપને વૈદરાજે સાચુ જ કહ્યુ હતુ, અને જ્યારે એ ઉઠયા ત્યારે એમને માન આપવાને માટે હવેલીના દરવાજા સુધી એ એમને વળાવવા ગયા પાછલે પહોરે મારી માતાએ મારા શોકભર્યા હૃદયને ખાવાનો આગ્રહ કર્યો ને મારે કઈક ખાવુ પડયુ એટલામા બાગમા ગએલુ નારીમડળ પાછુ આવ્યુ અને તેમને સ્નાનમા અને ઉજાણીમા કેવો આનદ આવ્યો એનુ વર્ણન કરવા મડયુ રાતે પથારીમા ઉઘાડી આખે આમતેમ મે આળોટયા કર્યું, પણ રાત તો જાણે કેમે કરી જાય નહિ તેવી લાગી

૪૪૨-૪૪૩. સવાર થતા, જે જુવાનોના હૃદયમા આગલે દિવસે મને જોઇને મદનના બાણ વાગ્યા હતા, એવા સેકડો જુવાનોના પિતા મારૂ માગુ કરવાને મારા પિતા પાસે આવવા લાગ્યા ગમે તેવા એ આબરૂદાર હશે, પૈસાદાર હશે, પણ એ બધાના માગા મારા પિતાએ પાછા વાળ્યા, કારણ કે કોઈની નૈતિક કે ધાર્મિક યોગ્યતા એમની નજરમા બેઠી નહિ

૪૪૪-૪૫૧ પણ પછીથી એ પાછા વાળેલા ઉમેદવારોના જુદા જુદા પ્રકારનાં રૂપગુણની વાતો સાભળીને મારા પાછલા અવતારની કથા પાછી મને યાદ આવી ને આંખોમાથી આસુની ધારા વહેવા માડી જેમ જેમ એ સ્મૃતિમા હુ ડુબતી ગઈ, તેમ તેમ ખાવું પીવું હુ ભૂલતી ચાલી માત્ર મારાં માતાપિતાને અને સગાસબધીને રીઝવવાને ખાતરજ વેદનાભર્યે હૈયે પણ કઈક ખાતીપીતી કે ઓઢતીપ્હેરતી જો જીવનના તરગ મને મારે રસ્તે દોરી જાય નહિ, તો એ તરગ ઉપર મારો જીવ શી રીતે ચોંટે? સપ્તપર્ણના ફુલવાસના તરગ જો આકળા થઈને સ્નેહને નચાવે, તો પહેલા ગમે એટલુ સુખ આપતા હોય, પણ આજે મને બાણની પેઠે કેમ ન વાગે? ચદ્રના કિરણો જો મદનનાં બાણ થઈને મારી છાતીમા ભોકાય તો મને શી રીતે સુખકર લાગે? ગમે તો ફુલમાથી અમૃત ઝરે, ગમે તો શાન્તિ આપતો વરસાદ પડે, ગમે તો સવારમા ઝાકળ પડે, પણ મારે મને તો એ સો જાણે અગાર ઝરનો હોય એમ લાગતું ટુકામા જે બધુ બીજી વેળાએ સુખ આપે, તે અત્યારે મારા સ્નેહી વિના મને દુઃખ આપતું હતુ

૪૫૨-૪૫૪ ગુરૂજનોના ઉપદેશ અનુસારે મે મારી કામના સિદ્ધ કરવાને માટે

કઠણ તપસ્યા કરવી શરૂ કરી. એ તપસ્યા એકસોને આઠ આચામ્લ[1] કરવારૂપ હતી. મારાં માબાપે એ વ્રત કરવાની સમ્મતિ આપી. કારણ કે આવા વ્રતથી દુર્ભાગ્ય ટળે છે અને સભાગ્ય વધે છે. મારી મનઃકામનાની તો એમને ખબર જ નહોતી; તેથી જેમ જેમ હું સુકાતી ગઈ તેમ તેમ એમને લાગતું ગયુ કે એ તો વ્રતને કારણે એનું શરીર સુકાતું જાય છે. મારી કામના સિદ્ધ નથી થતી તેથી આ શરીર સુકાય છે એની એમને શી રીતે ખબર પડે?

૪૫૫–૪૬૩. મારી આંતરિક વેદનામાં મને અકસ્માત્ એક નવીન વિચાર સ્ફુરી આવ્યો અને તે અનુસારે મેં કેટલાંક ચિત્રપટ આલેખ્યાં. મારા પાછલા અવતારમાં મારા સ્વામી સાથે રહીને મેં જે અનુભવ લીધો હતો, તે પ્રકટ કરવાને વસ્ત્રપટ ઉપર સુંદર પીંછી વડે અનેક ચિત્રો મે આંક્યાં. અમે એકઠાં સ્નેહે કેમ રહેતાં, કેમ ચરતાં, મારા સહચરને કેમ બાણુ વાગ્યું, પારધિએ કેમ એમને અગ્નિસંસ્કાર દીધો, હું પોતે તેમની પાછળ કેમ સતી થઈ; એ બધા દેખાવોના મેં ચિત્રો ચીતર્યાં. વળી ગંગા, ને તેની પાસેનુ ભર્યું તળાવ, ને નદીનાં બળવાન મોજાં, ને તેના ઉપરનાં સૌ જળપક્ષીઓ, ને તેમાં ચે વળી ખ સ કરીને ચક્રવાકો—એ સૌનાં પણ ચિત્રો આંક્યાં. વળી હાથી ને તેની પાછળ પડેલો ધનુર્ધારી પારધિ પણ ચીતર્યો. કમળતળાવ ફુલે ખીલેલું અને વિવિધ ઋતુના ખીલેલાં ફુલોએ લચકાતાં વિશાળ ઝાડવાળું વન પણ ચીતર્યું—અને એ જુદાં જુદા ચિત્રની ચિત્રમાળાની સામે કલાકોના કલાકો બેશીને મારા હૈયાનો હાર જે ચકુવાક તેના સામુ એકીટશે નિહાળી રહેતી.

૪૬૪–૪૬૬. એવે કાર્ત્તિકી પૂર્ણિમા આવી, એ કૌમુદીપર્વ તરીકે મનાય છે. તે પર્વને મોટા આનંદનો દિવસ ગણવામા આવે છે. હિંસક ધંધા કરનારાઓનાં હાટ બંધ રહે છે અને કષ્ટ કરીને આજીવિકા કરનારાઓને વિશ્રાંતિ મળે છે. ધર્મનિષ્ઠ મનુષ્યો તપ, જપ, દાન, પુણ્ય આદિ કરીને પોતાના જન્મને સફળ કરવા પ્રયત્ન કરે છે.

૪૬૭–૪૭૨. એ દિવસે મેં પણ મારા માતાપિતાની સાથે ઉપવાસ કર્યો. સંધ્યાકાળે ચાતુર્માસિક પ્રતિક્રમણ કરીને બધા આત્માઓની સામે જાણ્યેઅજાણ્યે થએલા અપરાધ માટે મનોભાવે ક્ષમાપ્રાર્થના કરી. સવાર થતાં મેં ઉપવાસનું પારણું કર્યું અને પછી મારી હવેલીની અટારીએ ચઢીને આનંદી નગરની શોભા નિહાળવા લાગી. કળાકુશળ કારીગરોએ ચીતરેલા થાભલાઓ વડે હવેલી આકાશ સુધી ઉંચી શોભી રહી હતી. મુખ્ય દરવાજા ઉપર પાણીએ ભરેલા સોનાના કળશ મુકવામાં આવ્યા હતા, જે જાણે દાનની ઘોષણા કરતા હોય તેવા દેખાતા હતા; અને એથી લોક જાણી લેતા કે આ હવેલીમાં રહેનાર ગૃહસ્થ પુષ્કળ દાન કરનાર છે અને ખરેખર તે દિવસે અમારે ત્યાં પુષ્કળ જ દાન

---

૧ દિવસમાં એક જ વાર અને તે પણ માત્ર લુખૂં સૂકૂં અન્ન જમવું તેને જૈનધર્મમાં આચામ્લ અથવા આયંબિલ વ્રત કહ્યું છે.

કરવામાં આવ્યુ સોનુ, ચાંદી, ગાય, કન્યા, ભૂમિ, શયન, આસન આદિ જેને જે જોઈતું હતું તેને તે આપવામા આવ્યુ

૪૭૩-૪૭ તેની સાથે નગરમા જેટલા જિનમંદિરો (મંદિરો) હતા તે પણ ખૂબ શણગારવામા આવ્યા અને સુવ્રતી સાધુસંતોને સ્વીકારવા લાયક વસ્ત્ર, પાત્ર, ભોજન, શયન, આસન આદિ વસ્તુઓનુ પણ સદ્ભાવપૂર્વક દાન કરવામા આવ્યું મંદિરોમા બિરાજમાન જિનેશ્વરદેવની મૂર્તિઓ આગળ સોના અને રત્નના ભેટણા મુકયા

૪૭૭-૪૮૦ દાનનુ સદા ફળ મળે છે, સારા દાનનુ સારૂ ને નબળાનુ નબળુ જ્ઞાની અને તપસ્વી સાધુઓને દાન દીધાથી હમેશા સારૂ ફળ મળે છે એ વડે આ જીવનના દુ ખ ટળે છે ને પેલા જીવનમા સારે ઘેર જન્મ મળે છે, જેથી આત્માની ઉન્નતિ કરવાનો અવસર મળી શકે છે સત્પુરૂષોની આ રીતે દાન વિગેરે દ્વારા કરેલી સેવાથી નિર્વાણનો માર્ગ સહજે જડી આવે છે

૪૮૧-૪૮૩ પણ જો રાજાના શત્રુને, ચોરને, જુઠ્ઠાને અને વ્યભિચારીને દાન અપાય તો તેનાં ફળ ખોટા પમાય આ પ્રકારે દાનનો વિવેક કરી અમે અમારે ઉદાર હૃદયે માત્ર આપણા ધર્મના સાધુઓને જ નહિ, પણ બ્રાહ્મણો અને ભિક્ષુકો વગેરે બીજા પણ બધા પ્રકારના દાનાર્થીઓને પુષ્કળ દાન આપ્યા ટુંકામા કૌમુદીપર્વ એ અમારે માટે તો પૈસાની કોથળી છોડી મુકવાનો, દાન આપવાનો અને પવિત્રતા ખીલવવાનો મહાન્ દિવસ હતો

૪૮૪-૪૮૭ સાંજ થઈ અને મે નગરની ઉંચીનીચી છબિ નિહાળવા માંડી; સૂર્યભગવાને પોતાના કિરણની જાળ સંકેલી લીધી ને પોતે અદૃશ્ય થઈ ગયા તેમની સવારની રાણી પ્રભાતદેવીની સાથે રઝીરઝીને એ કંટાળી ગયા હતા ને ફીક્કા પડી ગયા હતા અને સાંજની રાણી સંધ્યાદેવી પાસે તેના શાન્તિનગરમા જઇ રહ્યા લોક એમ પણ કહે છે કે આકાશના આટલા લાંબા પ્રવાસને લીધે થાકયાથી રાતાં-સોનેરી-કિરણોની-માળા-પહેર્યા વીરની પેઠે ધરતીમાતાને ચરણે લીન થઇ ગયા, અને પછી અંધારેલીટી રાત્રિએ આ જીવનને પોતાની અંદર વીંટી લીધા

૪૮૮-૪૯૧ હવે, અમારા ઘરના મુખ્ય દરવાજા આગળ જે એક સુંદર આ ગૃહ આવેલુ હતું તે અમારી હવેલીનો અને ખરી રીતે તે આખા રાજમાર્ગનો શણગાર ગણાતું એ આગળમા અતિ મૂલ્યવાન્ તાજીમા જડીને મે મારી દાસીઓ લોકોને લેવાને માટે મુકી, અને એની સંભાળ રાખવાને મારા સુખદુ ખની અભિપ્રેત, મારી બહેની સખી સારસિકાને પાસે ઉભી રાખી, એવી કામનાથી કે પૂર્વજન્મના સ્વામી, જે જરૂર તે વખતે મનુષ્યજન્મમાં આવ્યા હતા, તેમને ખોળી કાઢ્યા મારા ઘરનાં કે બહારના માણસોમા મર્મ જાણી લેવામા ને પરીક્ષા કરવામાં એના જેવુ કોઇ ચતુર નહોતું મે એને કહી રાખ્યું હતું કે

૪૯૨–૫૦૫. 'માણુસના અંતરને તેના શબ્દો ઉપરથી અને હાવભાવ ઉપરથી કેમ પારખી કાઢવું એ તું તો સારી રીતે જાણે છે. તેથી મારા જીવનને સુખી કરવાને મારૂં કહેવુ સાભળઃ જો મારા તે વખતના સ્વામી આપણા નગરમાં જ જન્મ્યા હશે તો તો બીજા બધા લોકની પેઠે એ પણ ફરવા જરૂર આવશે અને આ ચિત્રો જોશે, અને જોશે ત્યારે અમારો પાછલો ભવ યાદ આવશે. કારણ કે જે માણસ સુખદુઃખમાં સ્નેહી હોય છે, તેણે ગમે એટલો લાંબો વિજોગ સહ્યો હશે તો ય એને એવાં ચિત્રો ઉપર આખ પડતાંની સાથે જ બધું યાદ આવે છે, અને હૈયામાં છુપાઈ રહેલો ઉભરો આંખમાં તરી આવે છે. અસંસ્કારી માણુસની આખ કઠણ હોય છે, મિત્રની આંખ ખુલ્લી અને શુદ્ધ હોય છે, સાચા માણુસની આંખ દૃઢ હોય છે, બેદરકારી માણુસની આખ ઢીલી હોય છે, દયાળુ માણુસ બીજાનું દુઃખ જુએ છે ત્યારે એને દયા ઉપજે છે, અને જ્યારે એ પ્રસંગ એના પોતાના જ જીવનનો અનુભવ હોય છે, ત્યારે તો એથી યે વધારે એને લાગી આવે છે! ત્યારે તો જાણે એની છાતીમાં બાણુ વાગ્યુ હોય એમ એને લાગે છે! વળી લોક કહે છે કે જેને પાછલો ભવ યાદ આવે છે એ ગમે એટલો બળવાન હોય તો ય મૂર્છા પામે છે. તેથી મારા સ્વામીને પોતાના પાછલા ભવનું શોકભર્યું સ્મરણ આ ચિત્રોથી જાગશે કે તરત જ મૂર્છા પામશે. પછી જ્યારે એમને ભાન આવશે ત્યારે હૃદયે અને આંસુભરી આંખે કોણે આ ચિત્રો ચીતર્યાં એમ અધીરાઈથી પુછવા માંડશે. ત્યારે તારે ખાત્રીથી માનવું કે એ જ મારા ખોવાયલા ને મનુષ્યયોનિમાં હાલ અવતરેલા સ્વામી છે. તેમનો દેખાવ અને હાવભાવ તું ધ્યાન દેઈને નિહાળી લેજે અને એમનું નામઠામ જાણી લેજે અને પછી બધી વાત મને સવારમાં કહેજે અહા! એમને ફરીથી મળીને મારૂં બધું દુઃખ વામીશ અને એમને ભેટીને મારો સ્નેહ તાજો કરીશ! પણ અરેરે! જો એ ના જડ્યા તો! મારે સાધ્વી થઈને નિર્વાણને માર્ગે ચાલવા નિકળી પડવું. સ્વામી વિના અને છેવટની સીમાએ જલદી પહોંચવાની આશા વિના જીવતર ગાળવું એમાં જ નવા નવા અવતાર ધરવાનું અનંત દુઃખ છે.'

૫૦૬–૫૦૮. એમ પતિ સાથે ફરી સંજોગ થાય એ કામનાએ મેં સારસિકાને બહુ બહુ સૂચનાઓ આપી ને પછી ચિત્રો સાથે એને વિદાય કરી. અને હવે તો સૂર્ય પૂરેપૂરો આથમી ગયો હતો અને સૌને ઢાંકી દેનારી રાત્રિ આવી હતી. આપણા ધર્મ પ્રમાણે પર્વને દિવસે હમેશના સુવાનાં ખંડમાં સુવાને બદલે પોષધ લેવાના ખંડમાં જમીન ઉપર જ સૂવું જોઈએ તે રાત્રે રાત્રિજાગરણ કરવું જોઈએ અને પ્રભુનું ધ્યાન ધરવું જોઈએ; એ પ્રમાણે હું પણ પોષધ લેવાના ખંડમાં ગઈ અને મારાં માબાપ સાથે જિનપ્રભુની સ્તુતિ–વંદના કરીને દૈવસિક અને ચાતુર્માસિક પાપમાંથી મુક્ત થવા માટે પ્રતિક્રમણ કર્યું.

૫૦૯–૫૧૨. એ બધું કરી રહ્યા પછી હું સ્થિરભાવે ભોંય ઉપર ઉંઘી ગઈ.

એ ઉંઘમાં મે, જાણે હુ પર્વત ઉપર ચઢીને ભમતી હોઉં, એવુ સ્વપ્ન જોયુ જ્યારે હુ જાગી ત્યારે મે મારા પિતાને પુછ્યુ કે–'આવા સ્વપ્નનુ ફળ શું?'

પર૩–પર૩ ત્યારે મારા પિતાએ ઉત્તર આપ્યો –'સ્વપ્નશાસ્ત્ર પ્રમાણે એવુ સ્વપ્ન સદ્ભાગ્ય સૂચવે છે સ્વપ્નવડે માણસનો આત્મા સદ્ભાગ્ય કે દુર્ભાગ્ય, આનદ કે શોક, જીવન કે મરણ આગળથી જાણી શકે છે કાચુ માસ, લોહીભર્યાં ઘા, હાથ પગ ભાગવો, વેદનાની ચીસ, અને આગનો ભડકો એવા એવા સ્વપ્ન નઠારા ફળની સૂચના આપે છે, પણ હાથી ઉપર કે બળદ ઉપર કે મહેલ ઉપર કે પર્વત ઉપર કે દૂધાળા ઝાડ ઉપર ચઢવુ એ આવતા ભાગ્યની સૂચના આપે છે અને સ્વપ્નમા સમુદ્ર કે નદીને જે ઓળગી જાય છે તેના દુ ખ નિશ્ચય ટળે છે વળી જાતિ ઉપર પણ ઘણો આધાર રાખે છે કોઇને સ્વપ્નમા નરજાતિની કે નારીજાતિની વસ્તુ મળે કે ખોવાય તો ધારેલો લાભ કે હાનિ થાય ટુકામા માણસ જે સારાની આશા રાખે છે કે જે નઠારાથી ડરે છે તે સ્વપ્ન ઉપરથી જાણી શકાય છે અને સ્વપ્નમા ફળવાના ફળ ક્યારે ફળે છે એ સ્વપ્નના સમય ઉપરથી નક્કી થાય છે જો સ્વપ્ન સમીસાજે ઉંઘ આવતા જ આવે તો તેનુ ફળ છ મહિને ફળે, જો મધ્યરાતે આવે તો તેનુ ફળ ત્રણ મહિને ફળે, જો બ્રાહ્મમુહૂર્તે એટલે કે ગાયો ચરવા નિકળે તે સમયે સ્વપ્ન આવે તો દોઢ મહિને ફળે અને જો સવાર થતા આવે તો તરત ફળે છેવટે કહેવાનુ એટલુ જ કે સારે શરીરે આવેલા સ્વપ્નો જ ભવિષ્ય સૂચવે છે પણ એથી વિરૂદ્ધના સ્વપ્નોનુ ફળ કઈ જ નથી જ્યારે કન્યા પર્વત ઉપર ચઢ્યાનુ સ્વપ્ન જુવે ત્યારે ધાર્યો પતિ મળે, અને બીજાને એવુ સ્વપ્ન આવે તો ધાર્યું ધન મળે મારી દિકરી! સાત દિવસની અદર તારૂ સદ્ભાગ્ય ખુલશે.'

પર૪–પર૮ મારા પિતાના આ વચનથી મને વિચાર ઉઠ્યો કે મારા હૈયામા જેને માટે કામના છે, તેના સિવાય બીજા પુરૂષ સાથે મારાથી રહી શકાય નહિ મારી ગુપ્ત કથા તો મારા માબાપથી સતાડી રાખવાનો મે ઠરાવ કર્યો તેથી સાર સિકાની વાટ જોતી આખી રાત હુ ત્યા પોષધશાળાના ખડમા બેસી રહી અને પછી વિચારમા ને વિચારમા જિનપ્રભુનુ ધ્યાન ધરતી બિછાનામાથી ઉઠી ઉભી થઈ અને રાત્રિ પ્રતિક્રમણ કર્યું સૂર્યોદય થયા પછી દાતણ કર્યુ ને ત્યાર પછી મારા માબાપથી છુટી પડીને ધીરે ધીરે ઉપર ચાલી ગઇ

પ૨૯–પ૩૨ પછી અમારી હવેલીની અગાશી ઉપર હુ ચઢી, છેક એની ફરસ ઉપર સુદર ચિત્રો ચીતર્યાં હતા અને તેમા મૂલ્યવાન હીરા મોતી જડયા હતા મારૂ તુટી પડે એવુ શરીર માત્ર આશાને લીધે જ ટટાર ચાલી શકતું હતું એવામા સૂરજ ઉગ્યો, એના કિંશુકપુલના જેવા લાલ કિરણો પૃથ્વી ઉપર પથરાઈ રહ્યાં અને પછી દૂર દૂર સુધીની પૃથ્વી કેશર રંગે રગાઇ ગઇ સર્વ જગતને એણે જગાડ્યુ અને રાત્રે બીડાઇ ગયેલા કમળોને ખીલવ્યા

૫૩૩–૫૩૪. એવે સારસિકાએ પણ દેખા દીધી. ઉતાવળે ઉતાવળે એ મારી પાસે આવી અને સ્નેહભરી દૃષ્ટિએ એણે મને આવતાની સાથે જ હૈયા સાથે ચાંપી લીધી. પછી આનંદી મ્હોંએ કુતેહ મળ્યાના સર્વ સમાચાર આપ્યા. એના બોલમાં જ કંઈક અનેરી મિઠાશ હતી. એણે હાંફતે હાંફતે કહેવા માંડયું:

૫૩૫–૫૩૬. 'બહુ દિવસથી ખોવાયલા તારા સ્વામી જડ્યા છે. વાદળાં વિનાની શરદ્‌ઋતુની રાત્રિનો ચંદ્ર જાણે પ્રકાશતો હોય એવું એમનું મુખ પ્રકાશે છે. બેન, હવે ધીરજ ધર. તારી આશા હવે થોડા જ વખતમાં ફળીભૂત થશે.'

૫૩૭–૫૩૮ આ શબ્દો સાંભળ્યા કે તુરત જ હું તો સુખના વરસાદમાં નવાઈ ગઇ, મહાનંદે સારસિકાને ભેટી પડી. પછી મે પુછ્યું: 'ઓ વહાલી સખી, મારા સ્વામીનું સ્વરૂપ તો અત્યારે ફરી ગયું હશે, તો ય તેં એમને શી રીતે ઓળખી કાઢ્યા?'

૫૩૯–૫૬૨. ત્યારે એણે ઉત્તર આપ્યો: "પ્રિય સખી, કેવી રીતે તારા સ્વામી જડી આવ્યા તે વિગતવાર કહું, તું સાભળ તેં ચોકસી રાખવાની જે જે સૂચનાઓ સંધ્યાકાળે આપી હતી, તે સાભળી લેઈ હું છબિઓ લઈ ચાલતી થઈ હું એ છબિઓ ચોતરા ઉપર ગોઠવી રહી તેવે સમયે, રાત્રિએ ખીલતાં પદ્મનો મિત્ર જે ચંદ્ર તે ઉગ્યો. પ્રકાશને ફેલાવતો રાત્રિનો પ્રિયજન, કામદેવનો વહાલો, એ ચંદ્ર ધીરે ધીરે ઉપર ચઢવા લાગ્યો. સરોવરના જળ પર જેમ ખીલેલું કમળ તરે તેમ એ આકાશપટમાં ખીલીને તરવા લાગ્યો. તેવે રાજમાર્ગ ઉપર સુંદર ગાડીઓમાં બેશીને ધને મદમત્ત નગરજનો જાણે રાજા હોય તેમ ફરવા નિકળ્યા. રાતની શોભા જોવાને આતુર સ્ત્રીઓ ગાડીઓમાં બેશી નિકળી. પગે ચાલતા જુવાન પુરૂષો જુવાન સ્ત્રીઓ સાથે હાથેહાથ ભીલાવીને હૈયેહૈયાં મિલાવી આમ તેમ ચાલતા દેખાયા. આનંદે ઘેરાયલાં લોકના ટોળા સામે આવતાં, ટોળામાં મળી જતાં ને પછી પાછાં વળી સાથે ચાલતા. ટુંકામાં, ચોમાસામાં પાણીનો પ્રવાહ નદીનું રૂપ ધારણ કરીને જેમ સમુદ્ર તરફ વહે છે, એમ રાજમાર્ગ ઉપર લોકનો પ્રવાહ વહેવા માંડચો. જે ઉંચા હતા, તે સહજે જોઇ શકતા, પણ જે નીચા હતા તેમને પગની આંગળીઓનાં ટેરવાં ઉપર ઉંચું થવું પડતું. ઘણા ભીડમાં ભચડાતા અને ખાસ કરીને જાડા તો એથી ચીસો પાડતા રાત કેમ ચાલી જાય છે એની કેટલાક માણસો પોતાના ફરવા આગળ પરવા કરતા નહોતા, પણ કેટલાક પોતાના ફાનસમાં અર્ધ ઉપર બળી ગએલી દિવેટો તરફ આંખ રાખ્યા કરતા; અને રાત જેમ જેમ જતી ગઇ તેમ તેમ લોકની આખ ઉંઘે ઘેરાતી ગઇ; અને તેમની આતુરતા ઓછી થતી ગઇ; તેથી ભીડ પણ ઓછી થતી ગઇ; અને આખરે થોડા જ લોકો છબિઓ પાસે આવવા લાગ્યા. પણ હું લોક તરફ અને વખત જોવાને દીવા તરફ જોતી હતી, તેવામાં અકસ્માત્ સરખી વયના પોતાના મિત્રોના ટોળા વચ્ચે ચાલતો એક યુવાન પુરૂષ ત્યાં આવી પહોચ્યો અને છબિઓ જોવા લાગ્યો. કાચબાના પગ જેવા એના પગ મૃદુ હતા, પગની પિંડીઓ ઘાટદાર હતી, એની જાંગો મજબુત હતી, એની છાતી સપાટ વિશાળ અને

માસ ભરી હતી, તેના હાથ લાબા ગત્ર અને બળવાન હતા પોતાના મિત્રોના મુખને કમલ ફુલોની પેઠે ખીલાવતો અને તેમની વચ્ચે ચ દ્રનો જાણે બીજો ચદ્ર આવ્યો હોય એમ એ ચદ્રથી યે વધારે સુદર શોભનો હતો એની જુવાની ની સુદરતા અને મૃદુતા એવી તો ભવ્ય હતાં કે જુવાન સ્ત્રીઓ એને ચ્નેહ્યથી જોઇ રહેતાં ખરખર એવી તો એકેય સ્ત્રા નહીં હેય જેના હૃદયમા આ પુરૂષ પેસી ન શકે લોક તો બોલવા લાગ્યા કે ગમે તો એ દેવલોકનો પુરૂષ હોવો જોઇએ કે ગમે તો એ પોતે જ એકાદ દેવ હોવો જોઇએ એ છબિઓને થોડી વાર જોઈ રહ્યો અને પછી એમા પ્રકટ થતી ઉત્તમ કળાના વખાણ કરતો બોલ્યો

૫૬૨-૫૭૭ 'અહીં આ રેતીના બે કિનારા વચ્ચે નીચાણમા વહેતી ને ભમરા ઉડાવતા મોજાવાળી ચચળ ગગાને કેવી સુદર ચીતરી છે! કમળભર્યા તળાવવાળુ અને વિવિધ ઝાડોથી ઉચુનીચુ દેખાતુ આ વન કેવું સુદર છે! વળી શરત્, શીત, વસત, ગ્રીષ્મ વગેરે ઋતુઓ વનફળ અને વનફુલ વડે કેવી આરોગ્ય બનાવી છે! અરે, અને આ બે સ્નેહને પાજરે પુરાયલા ચકવાક જીવનના સમસ્ત પ્રવાહમા કેવા સુદર રીતે એક બીજાની સાથે જડાઈ ગયા છે! અહીં તેઓ પાણી ઉપર સાથે તરે છે, તહીં રેતીના કિનારા ઉપર સાથે આરામ લે છે, પણે આકાશમા સાથે ઉડે છે અને વળી પણે કમળફુલોની વચ્ચે સાથે જ બેસે છે, સદા અને સર્વત્ર તેઓ એક બીજા સાથે અચળ સ્નેહમા કેવા જડાઈ રહ્યા છે! ચકવાકની ગરદન ટુકી ને સુદર છે અને એનો રગ કિશુક ફુલના જેવો લાલચટક છે વળી મૃદુ અને ટુકી ગરદનવાળી ચકવાકી તેના રગને લીધે કોરેત ફુલના જેવી લાગે છે અને એ ચકવાકની પાછળ કેવી ચાલે ચાલી રહી છે આ હાથી પણ કેવો સુદર ચીતર્યો છે! એ એની નાતના મુખી જેવો લાગે છે અને ઘાડા વનમા પોતાનો માર્ગ કરવાને માટે ઝાડના ડાળ તોડી પાડનો ચાલે છે નદીમા નાહવાને હોસે હવે તે નીચે ઉતરે છે હવે અહીં એના ભવ્ય શરીરને લેઇને એ પાછો નિકળે છે ત્યા તે શિકારી એના ઉપર બાણ તાકે છે પહોળે પગે ઉભો રહીને એ ધનુષ ઉપર બાણ ચઢાવીને કાન સુધી ખેચે છે પછી બાણ છોડે છે—આ પણ બહુ સુદર ચીતર્યું છે—પણે ડાગરના કણુમના જેવા કે કમળના તતુ જેવા રાતાશ રગે ચળકતો ચક્રવાક ઉડે છે અને એ બાણ એને વાગે છે અરે જુઓ, આ ચક્રવાકી સતાપને લીધે વિલાપ કરે છે કારણ કે પારધિએ તેના પતિના જીવનનો અને સ્નેહનો નાશ કર્યો! એ પોતાના સ્વામીની પાછળ પડે છે અને અનત વેદનામા બળી મરે છે ખરેખર! આજના ઉત્સવમાં જે કઇ જોવા જેવુ છે એમાં આ ચિત્રો સૌથી સુદર છે, પણ આ ચિત્રોની બધી હારને અનુક્રમે જોવી જોઇએ'

૫૭૭-૫૮૫ આમ બોલતાંની સાથે જ એ સુદર પુરૂષ ચિત્રો સામે આશ્ચર્યથી જોઇ રહ્યો હતો એટલામા બેભાન થઈ ધરતી ઉપર ઢળી પડ્યો વાસ ઉપર બાંધેલી ધજાની દોરી કપાતા જેમ પળ બળ દઇને જમીન ઉપર પડી જાય એમ એ ઢળી

અને ધંધો વગેરે ચોકસાઇથી પુછી લીધું અને એ બધી હકીકતોથી જ્યારે મને પુરો સંતોષ થયો ત્યારે ઉતાવળે પાછી આવતી રહી.

૬૨૫–૬૨૮. એવામાં નક્ષત્રો, ગ્રહો તેમ જ ચંદ્ર પણ એકેએકે કરી અદૃશ્ય થઇ ગયા અને ફુલો–ચુંટી–લીધા તળાવ જેવું આકાશ કોરૂં થઇ ગયું. અને પછી સઘળા જીવજંતુનો જે મિત્ર અને દિવસનો જે પ્રભુ સૂર્ય તે બધુજીવ (બપોરીઆના) ફુલના જેવો લાલ રંગે ઉગી નીકળ્યો. ચારે દિશાઓ સૂર્યથી સોનારંગે રંગાઇ ગઇ તે જ વેળાએ તને બધા સમાચાર આપવાની આતુરતાએ હું તારી પાસે દોડતી આવી. તારો સ્વામી જણાની જે જે બધી હકીકત મેં જોઇ જાણી તે બધી મેં તને આ રીતે કહી દીધી છે અને મારા ઉપર જે વિશ્વાસ તેં મુકયો હતો તે આજે સફળ થયો છે; એવી લાગણી અત્યારે હું અનુભવું છું."

૬૨૯. (સાધ્વી તરંગવતી પોતાની કથા શેઠાણી પાસે વળી આગળ ચલાવે છે) મારી સખી પોતાની વાત પુરી કહી રહી એટલે હું અધીરી થઇને બોલી: 'પણ એમના માબાપનાં નામ ને વ્યવસાય તો મને કહે '

૬૩૦–૬૩૫. વળતી સારસિકા બોલી: 'એનો પિતા ધરતી અને સાગરના ખજાનાનો ધણી છે. ખુદ હિમાલય પણ એના જેટલો અચળ નથી. વળી એણે ધરતીને ધર્મશાળાઓ અને આનંદશાળાઓથી એવી તો શણગારી દીધી છે કે તેનું નામ જેમ મોટા વ્યાપારી તરીકે તેમ જ મોટા ધર્માત્મા તરીકે પણ ચારે દિશામાં પ્રખ્યાત થઇ ગયું છે. એ શેઠનું નામ ધનદેવ છે. શેઠનો આ પુત્ર ઘરડાં અને જુવાન સૌને વહાલો છે અને એનું નામ પદ્મદેવ છે. એ કામદેવ જેવો સુંદર છે અને વળી પદ્મ જેવો મનોહર છે.'

૬૩૬–૬૩૯. સખીએ જે બધા સમાચાર આપ્યા તેથી મારા કાનની સ્નેહભરી ઉત્કંઠા તૃપ્ત થઇ. છતાં યે સારસિકાની આંખ અને કાનને ધન્યવાદ દેતી હું બોલી–'તું બેન ભાગ્યશાળી કે તેં મારા સ્વામીનાં દર્શન કર્યાં ને એમના વેણ કાનોકાન સાંભળ્યાં' પછી મારી પાસેથી એ ચાલી જતી હતી ત્યારે પણ મેં મારા આનંદના આવેગમાં કહ્યું: 'મારો શોક હવે ટળ્યો છે અને આનંદ ઉભરાયો છે, કારણ કે મારા સ્વામી મને આસક્ત છે'.

૬૪૦–૬૪૨. પછી મેં નાહી લીધું, પંખીઓને દાણા નાખ્યા, જિનપ્રભુની પૂજા કરી અને પારણાં કરીને ઉપવાસ પૂરો કર્યો. ત્યારપછી ઉપવાસે અને પારણાએ થયેલા શ્રમથી આરામ લેવાને કાજે શેતરંજી–પાથર્યા અને પવને–ઠંડા–થયા ખંડમા ગઈ. ત્યાં સ્વામીને મળવાની હજારો આશાઓ હું ઘેરાઇ ગઇ અને એમના સ્નેહથી વિખુટી પડી અનેક વિચારોમાં વખત ગાળવા લાગી.

૬૪૩-૬૪૭ એવે સારસિકા પાછી આવી, એનો શ્વાસ તો જાણે માતો જ નહોતો અને આંખોમાથી બોર બોર જેવ । આંસુ જતા હતા એ બોલી "સવમા ય શેઠ ધનદેવ પોતાના મિત્રો અને સબધીજનોને લેઇને (તારા પિતા) નગરશેઠ પાસે આવ્યા અને સ્પષ્ટ શબ્દોમા એમને કહ્યુ 'તમારી દીકરી તરંગવતીનુ મારા દીકરા ધનદેવ માટે માગુ કરૂ છુ, બોલો, કેવો આંકડો આપને જોઇશે?' પણ નગરશેઠે અસભ્યતાભર્યા આ શબ્દો એમને સભળાવી દીધા

૪૮- ૫૦ 'જે ધણી વેપારને કારણે હમેશા પરદેશમા રહે, કદી ઘેર રહે નહિ અને તેથી કરીને દાસીઓની સાથે રમ્યા કરે, એવા માણસને મારી આવી કન્યા ને શી રીતે સોપુ? એને તો સદા પ્રોષિતભર્તૃકાના જેવા વાળ રાખવા પડે અને (બીજી સ્ત્રીઓની પેઠે) શણગાર સજવાના કદી પ્રસગ જ નહિ આવે સ્વામીથી વિખુટી પડેલી એને ભીની અને રાતી આંખે માત્ર કાગળો લખવામા ને સ્નાન કરવામાં વખત ગાળવો પડે આમ મારી દીકરીને વેપારીના ઘરમા પુષ્કળ ધન હોવા છતા મરતા સુધી વિધવાની દશા ભોગવવી પડે, એના કરતા તો ભીખારીને આપવી સારી પછી ભલેને એવા નાવણીઆ, શણગાર, સુગધી પદાર્થો અને એવા સુદર સોહાગ એને ના મળે'

૬૫૩ સારસિકાએ કહેવા માડયું કે આમ એમણે એ શેઠનુ માગુ તુચ્છકાર્યું અને (વાતચિત્તમા) સભ્યતા, મિત્રતા અને માનવૃત્તિ અશક્ય થઈ પડી તેથી તે શોકાતુર થઈને ચાલી નિકળ્યા

૬૫૪-૬૫૫ મારી સખીએ આણેલા આ સમાચારે શિયાળાનો હિમ જેમ કમળની દાડીને ભાગી નાખે એમ, મારા મનોરથને મૂળથી ભાગી નાખ્યો મારૂ સર્વ ભાગ્ય થા યુ ગયું મારૂં હૈયું એકવાર તો આનદને બદલે પાછુ શોકથી ભરાઈ ગયું અને આંસુભરી આંખોએ મે મારી રોતી સખીને કહ્યુ

૬૫૬-૬૫૮ "મારો સખા જાણે વાગે જીવી શક્યો નહિ, તેથી હુ પણ જીવી શકી નહિ એ જીવે તો જ મારાથી જીવાય પક્ષીના ભવમા પણ હુ એની પાછળ મૃત્યુમા પેઠી! ત્યારે આ આ માનવભવમા એમના વિના-મારા સ્નેહી વિના હુ શી રીતે જીવી શકુ? જા, સારસિકા, અને એમને આ પત્ર આપ, વળી કહેજે કે:

૬૫૯-૬૬૦ 'થરથરતી આંગળી વડે ભોજપત્ર ઉપર લખેલો આ પત્ર સ્નેહની સુદર કથા કહેશે એ છે તો ટુકો, પણ અદર હકીકત મહત્ત્વની છે તમને આપવા એ પત્ર મારી સખીએ આપ્યો છે'

૬૬૧ અને એમના આત્માને આધાર આપવાને માટે વળી આ સ્નેહશબ્દો એમને કહેજે

૬૬૨–૬૬૫. 'તમો સ્વામીને અનુસરવાને માટે જેણે ચક્રવાકીના ભવમાં પોતાનું જીવન સમર્પી દીધું, તે આજે નવે અવતારે નગરશેઠની કન્યા થઇને અવતરી છે. તમને શોધી કાઢવાને જ ચિત્રમાળાનું પ્રદર્શન કર્યું હતું. જેટલામાં તમે એની પાસે આવ્યા કે એની કામના પુરી થઈ. અરે, ગયા ભવમાં ખોવાયેલા અને ફરી પાછા આજે મળી આવેલા પ્રિયતમ! આપણુને ગયા ભવમા એકરૂપ કરનારો સ્નેહસંબંધ હજી યે હોય, તો તમારા જીવનને બાળવી રાખો અને તમારી સાથે મારા જીવનને પણ બચાવો!"

૬૬૬. 'વળી અમને એકસૂત્રે બાંધનારો સ્નેહ પરિપૂર્ણતાએ પામે ત્યાં સુધી સૌ ગુપ્ત રાખવાની એમને સૂચના આપજે.'

૬૬૭–૬૬૯. આ અને એવી બહુ બહુ વાતો મેં ભારે હૈયે સારસિકાને કહી ને પછી કાગળ આપીને વિદાય કરી. (અને છેવટે મેં એને સોગન દેઈ કહ્યું:) 'અમે બે સ્નેહસંબધે જોડાઇશું' એવા સમાચાર ગમે તે રીતે જરૂર લાવજે. મેં તને કહી ન હોય કે કાગળમાં લખી ન હોય, એવી સૌ વાતો મારા વ્હાલની હોય તે, એમને કહેજે.'

૬૭૦–૬૭૧. પછી મારી એ સારી સખી મારા સ્વામી પાસે પત્ર લઇને ગઇ ને સાથે મારા હૃદયને પણ લેતી ગઇ. એની ગેરહાજરીમા ચિંતાએ કરીને મેં નિશ્ચય કર્યો·

(અહીં મૂળ ગ્રંથમા દા શ્લોક ૬૭૧ ઉ. થી ૬૭૭ ખુટે છે.)

૬૭૮–૬૮૦ (સખી પાછી આવી અને મને કહેવા લાગી·–) "સખી, તારી પાસેથી પત્ર લઇને હુ નિકળી એટલે નગર વચ્ચે આવેલા રાજમાર્ગ ઉપરની સુંદર હવેલીઓ પાસે થઈને ચાલી. અનેક ચકલાં વટાવીને હું એક મહેલ પાસે આવી ઉભી, વૈશ્રવણ (કુબેર) અને શ્રી જાણે ત્યા એકઠા થયા હોય એવો એ મહેલ લાગતો હતો. ભારે હૈયે હું તો દરવાજા પાસે આવી ઉભી. ત્યાં ચોકીદાર હતો તેણે અનેક જતીઆવતી દાસીઓમાંથી પણ મને ઓળખી કાટી કે આ કોઇ અજાણ્યું માણુસ છે; અને મને વાતે વળગાડીને પ્રશ્ન કર્યો કે 'તું ક્યાંથી આવે છે?' સ્રીઓને વાતો ઉડાવી દેતાં આવડે છે, તેથી મેં જુઠું જ કહ્યુ, કે 'હું અજાણી છું એ તમે સાચે જ પારખી કાઢ્યું છે, પણ મને તમારા મહેલના કુમારે બોલાવી છે.' ચોકીદારે (આનંદથી) કહ્યું: 'અહીં થઇ જનારઆવનાર કોઇ મારાથી અજાણ્યુ નથી!' તે ઉપરથી મેં એનાં વખાણ કરી કહ્યુ: 'જેને ઘેર દરવાજા આગળ તમારા જેવા ચોકીદાર હોય છે તે શેઠ સુખી છે (અને વળી કહ્યુ) હવે મને શેઠના પુત્રની પાસે લેઈ જાઓ.' એણે ઉત્તર વાળ્યો. 'બીજાની સ્રીઓ મારા ઉપર એવો વિશ્વાસ કરે ત્યારે તો એ કામ હું ખુશીથી કરૂં.' એવુ કહીને તેણે એક દાસીને ભલામણ કરી કે 'સૌથી ઉપરને માળે કુમાર પાસે આને લેઇ જા.' પછી દાસી સાથે હીરામોતીએ

જડેલા મહેલના સૌથી ઉપરના ભાગે હુ પગથારમા જઈ ઉભી ત્યાથી રાજમહેલમા લાબે સુધી નજર પહોચતી હતી દાસી મને રત્નજડિત આસન ઉપર બેઠેલા જુવાન પુરૂષને દેખાડી ચાલતી થઇ

૬૯૧-૭૦૯ વિશ્વાસ રાખીને હુ કુમારની પાસે ગઇ પાસે એક ભોળા જેવો બ્રાહ્મણકુમાર હતો, શેઠનો દીકરો ઢીચણ ઉપર મુકીને એક ચિત્ર જોતો હતો એની આખમાથી આસુ ઝરીને એ ચિત્ર ઉપર પડયુ, તે જેમ કોઇ કાગળમા થયેલી ભૂલ લુછી નાખે એમ એણે લુછી નાખ્યુ આમ એ તને-મળવાની-આશાભર્યો અને વળી તારા-વિજોગથી-ચિતાભર્યો હૈયે બેઠો હતો મે વિનયથી નમીને હાથ કપાળે અડાડી નમસ્કાર કર્યા અને કહ્યુ 'ઘણુ જીવો કુમાર'! તે સાભળી હાથમા વાકો દડ અને લાલચોળ જામા નીચે બ્રાહ્મ્ચર્ય છે જેની પાસે એવો પેલો મૂર્ખો અને બહુબોલો બ્રાહ્મણ ચીભડાના બી જેવા દાત કાઢી બોલી ઉઠયો 'મને બ્રાહ્મણને તે પહેલા નમસ્કાર શા માટે ન કર્યો? ને આ શૂદ્રને કેમ કર્યા?' ભયથી મારી ચુડી તો ખડથી સરી ગઈ, જાણે હુ પોતે સોય ઉપર પડી ગઈ, અને બોલી 'મહારાજ, નમસ્કાર તમને' હુ તરત જ પાછી ઉભી થઈ ગઇ ને બોલી 'સાપના જેટલી મને તમારી બીક લાગે છે, એણે બૂમ મારી 'શુ? મને તુ સાપ કહે છે?' મે ઉત્તર આપ્યો 'સાપ કહેતી નથી, હવે થયો સતોષ?' પણ એ બોલી ઉઠયો 'મને સાપ કહીને હવે ફરી જાય છે? યાદ રાખ કે હુ ઉચા બ્રાહ્મણકુળનો છુ, મારા પિતા હારિતગોત્રના કાશ્યપ છે, અને હુ છાદોગ્ય સપ્રદાયનુ મીઠુ ખાઉ ખાઉ છુ હજી તુ મને ઓળખતી નથી?' આમ એણે મને અનેક મહેણાટુણા સભળાવ્યા શેઠના કુવરથી આ સાભળ્યુ ગયુ નહિ તેથી તેણે એ બ્રાહ્મણને ખખડાવ્યો ને કહ્યુ 'અરે પાજી, પારકા ઘરની દાસીને આમ સતાવ ના તારો ખાલી બડબડાટ બધ કરી દે તુ મહા મૂર્ખ જ છે, બીજુ કાઈ નહિ' શેઠના કુવરે એને આમ ધમકાવ્યો એટલે પછી માત્ર દૂર રહીને મારી સામે આખો કાઢવા લાગ્યો ને બીજા એવા એવા ચાળા કરવા લાગ્યો, બીજુ એનાથી કશુ થઇ શક્યુ નહિ પછી એ ચાલતો થયો એટલે રાજી થઇને, પણ જાણે રડવા જેવી થઇ ગઈ હોઉ એમ, હુ બોલી 'ધન્ય પ્રભુ, એ ગયા'

૭૧૦-૭૧૬ "શેઠના એ કુવરે પછી મને પુછ્યુ 'સુદરી, તુ કયાથી આવે છે? તારે શુ જોઇએ છે તે જલદી બોલી દે'

'ત્યારે હુ બોલી 'હે કુળભૂષણ, અવગુણવિહીન, સદ્ગુણસપન્ન સકળહૃદય મોહન, મારો એક નાનોશો સદેશો સાભળો નગરશેઠ ઋષભસેનની સ્વર્ગની અપ્સરા સમાન કન્યા તરગવતીએ એ સદેશો મોકલ્યો છે તરગવતીએ પોતાના હૃદયની જે ઇચ્છા પોતાના ચિત્રમા ચીતરી છે, તે ઇચ્છા સફળ થવાની આશા રાખે છે પાછલા ભવનો (ચિત્રમા ચીતરેલો) સ્નેહબધ જો હજી યે રહેવાને હોય તો એનુ જીવન ટકાવવા

માટે એને તમારો હાથ આપો. આ સંદેશો મારે તમને આપવાનો છે. સંદેશાનો મર્મ તો (એના લખેલા) આ પત્રમાં તમે જોશો.'

૭૧૭–૭૨૧. "આ શબ્દો સાંભળી એના મોં ઉપર તો આસુનો પ્રવાહ વહેવા લાગ્યો અને એનું આખું શરીર થરથરવા લાગ્યું. આમ એણે પોતાનો સ્નેહ તો દેખાડી આપ્યો, પણ તરત કંઇ ઉત્તર દેઇ શકયો નહિ. કારણ કે ડુસકાંથી એનો સ્વર નિકળી શકયો નહિ. નિરાશાને દાબી દેવાને જે ચિત્ર એણે આંકયું હતું, તે પાછું આંસુથી ફરી પલળી ગયું. કંઈક શાન્ત થઇને એણે પત્ર લીધો અને જેમ જેમ એ પત્ર તે ધીમે ધીમે વાચતો ચાલ્યો તેમ તેમ એની આંખો રમવા લાગી. પત્રનો (ચતુર વાકયોએ લખેલો) ભાવ એ સમજી ગયો એટલે એ સારી રીતે શાન્તિ પામ્યો અને પછી દૃઢ, સ્પષ્ટ, રણકતે શબ્દે બોલ્યો:

૭૨૨–૭૨૪. "વિસ્તાર કરવાનું કારણ નથી. મારી શી દશા છે તે ટુંકામાં જ સાંભળ. જો તું આવી નહોત તો હું જીવી શકત નહિ. ઠીક પળે તું આવી પહોંચી છે ને હવે મને આશા પડે છે કે પ્રિયાને મળવાને કારણે જીવનમાં રસ આવશે. વળી તારા આવવાથી, કામદેવ પોતાના બાણુથી ઉંડા ને ઉંડા ઘા કર્યે જાય છે, તેની સામે રક્ષણ કરવાનું બળ હું પામ્યો છું.'

૭૨૫–૭૨૬. "ત્યાર પછી, તારાં ચિત્રે કરીને એને પાછલો ભવ જે યાદ આવેલો તેની સૌ કથા મને કહી બતાવી અને તેં મને જે કહેલી એને રજેરજ મળતી આવી. બાગના તળાવ પાસે ફરતાં ચકવાકને જોઇને તને તારો પાછલો ભવ જે સાભરી આવેલો તે કથા મેં પણ તેને વિગતવાર કહી સંભળાવી.

૭૨૭–૭૪૫. "એણે કહ્યું: 'અરેરે, (તારી સખીનાં) ચિત્રો જોઇને ત્યાં ને ત્યાં જ મારા હૈયામાં (વિજોગના) દુ:ખનો કાંટો ઉંડે સુધી પેશી ગયો, જેટલો અમારો સ્નેહ એકવાર ઉંડો હતો તેટલો જ ઉંડો એ કાંટો પેઠો. ઉત્સવ પુરો થતાં જેમ વાવટો જમીન ઉપર પડી જાય તેમ ઘેર જઇને હું પથારી ઉપર પડયો, ચારે બાજુ મારા મિત્રો વિંટાઇ વળ્યા ને એજ સ્થિતિમાં બાકીની રાત મેં ગાળી. કિનારા ઉપર આવી પડેલી માછલી જેમ તરફડે, તેમ હું સ્નેહદર્દે પીડાતો અને અસહાય નિરાશાએ હાંફતો પથારીમાં પડી રહ્યો. હું શૂન્યમાં તાકી રહેતો, આંખને અણુસારે ઉત્તર આપતો, વળી હસતો અને ગાતો અને વળી પાછો રોઈ પડતો મારા મિત્રો મારૂં સ્નેહદર્દ પારખી ગયા અને એમણે શરમ છોડીને મારી માતાને વાત ઉઘાડી પાડી કહ્યું કે જો તમે તમારા (પુત્ર) પદ્મદેવને માટે નગરશેઠની દીકરી તરંગવતીનું માગું નહિ કરો તો એ મરી જશે. મારી માતાએ આ વાત મારા પિતાને કરી. તે તુરત જ નગરશેઠને ત્યાં ગયા, પણ નગરશેઠે એમનું માગું તરછોડી કાઢયું. આથી મારાં માબાપે શાન્ત કરવાને પાધરૂં મને કહ્યું–કે તું કહે તેની સાથે તને પરણાવીએ, માત્ર એની વાત છોડ. આ વાત સાંભળીને હું એમને પગે પડયો, નમ્રતાપૂર્વક

હાથ જોડ્યા અને જમીને કપાળ અડાડ્યું, પછી સભ્યતાપૂર્વક બોલ્યો કે જેમ તમે કહેશો એમ કરવા તૈયાર છું, એનામાં એવું શું વધારે છે! આથી મારા માબાપ શાન્ત થયા અને એમની ચિન્તા ટળી પણ મે તો આપઘાત કરવાનો નિશ્ચય કર્યો હતો, કારણ કે મળવાની મારી બધી આશાઓ ભાગી પડી હતી અને દિવસે મારી યોજનાનો અમલ કરતા વખતે લોક મને અટકાવે એ બીકથી રાતે બધા ઊંઘી જાય ત્યારે આપઘાત કરવાનો સંકલ્પ કર્યો જીવવાની તૃષ્ણાથી મુક્ત થઈને અને મરવાને માટે તૈયાર થઈને આ બધા સંકલ્પવિકલ્પ કરતો હતો, એવામા જ તું આ સંદેશો લઈ આવી એથી મારા હૃદયમાં ઉત્સવ થયો ને મારા જીવનમાં અમૃત રેડાયું પણ તારી સખીનો શોકભર્યો કાગળ વાંચતા મારી આંખોમાંથી આંસુ નિકળી પડ્યાં ને મને બહુ દુ:ખ થયું તારી સખીને મારા તરફથી આટલું કહેજે જેને મરતા તું સતી થઈ અને જેને તે આટલે મૂલે ખરીદી લીધો છે તે તારો (ખરીદેલો) દાસ થવાનું સ્વીકારે છે તારા ચિત્રથી એને નો વાતો સાંભરી આવી છે અને જ્યાં સુધી તું એની થઈ નથી, ત્યાં સુધી એ દુઃખિયો છે, અને હવાં એ તારા પ્રેમની અને સ્નેહ પ્રમાણની જે આશાએ એને આજ આનંદ થઈ રહ્યો છે, અને એ આશાએ કરીને એ સુખિયો છે '

૭૪૬-૭૫૮ "આ સંદેશો આપ્યા પછી પણ એ મહાનુભાવે તારા સ્નેહની આશાઓ ઉપર બહુ સ્નેહવાળો કરીને મને બહુવાર ઉભી નાખી ને છેવટે—ના છુટકે—રજા આપી પણ પછી મહેલમાંથી બહાર નિકળતાં મને તો જાણે આકાશપાતાળ એક થઈ ગયાં ખરેખર, (તમે પિતાનો) નગરશેઠનો મહેલ બહાર કરવા (આખા રાજમાર્ગ ઉપર) એવો બીજો કોઈ મહેલ નથી હજી પણ એ ભવ્યતા, એ શોભા, એ આડંબર મારી આંખો આગળ તરી આવે છે, અને તારા પ્રિયની અતુલ સુંદરતા પણ ઝળકી આવે છે હવે એવું લખી આપેલો ઉત્તર તને આપું, એમાં એણે રને, અને આશાઓની ધારાઓ પ્રકટાવી છે "

(તરંગવતી હવે સાધ્વીરૂપે પોતાની કથા આગળ ચલાવે છે) જે પત્ર રૂપે મારા પ્રિય મારી પાસે આવ્યા હતા, તે પત્ર મે લીધો ને તેની ઉપરની મહોરને પટ ધ્યાસે ચુંબન કર્યું હજી તો ગણી આવ્યો એ મહોર ઉપર હતી અને કાનમાં મારી સખીના શબ્દો ઊતરતા હતા, તેવે જ વખતની પાંખડીઓ ઉઘડતાં જેમ અંદરથી તણખલું બહાર નિકળી આવે એમ મારા હૃદયમાં આનંદનો ફુવારો ફૂટ્યો તરત જ ને મહોર તોડી અને વાંચવાને આતુર થઈ કાગળ ઉકેલ્યો મારા પ્રિયતમના મૃત્યુ નિશ્ચયની વીગત જાણી અમારા ભાગ્ય બળની કથાનું એમણે મનન અને સમર્થન કર્યું હતું ત્યાં સુધી અને સાથે હતા ત્યાં સુધીનું બારીકીથી વર્ણન હતું અને મારા મરણની કથા તો એ જાણતા ન હતા જેનાથી ઉપજેલ દુઃખે એમણે પીડાયો છે એ પત્ર મે

વાંચવા માંડયો. જે લાગણી મને થઈ હતી એ એમને પણ થઈ હતી અને તે એમણે સુંદર શબ્દોમાં વર્ણવી હતી. વાંચતાં એમનો સ્નેહ મને સ્પષ્ટ થયો. કાગળમાં આમ હતું:

૭૫૯-૭૬૭. "મારા હૃદયની સ્નેહપાત્રી તરંગવતી જોગ આ સ્નેહસંદેશ છે. જેનું મુખ કમળસમું છે અને જેનું આખું અંગ અનંગને બાણે કરીને આટલી તીવ્ર વેદના સહે છે એવી જુવતીનું મંગળ અને કુશળ હો! (વિજોગમાં પણ) આપણને સ્નેહે કરી જેણે બાંધી રાખ્યા છે એવા કામદેવની કૃપાવડે હું કુશળ છું. માત્ર અનંગનું બાણ મને ચોટયું છે એટલે જયાં સુધી તું મારાથી દૂર છે ત્યાં સુધી મારૂં અંગ ઢીલું ને નબળું પડતું જશે. આ સાજાતાજાના સામાન્ય સમાચાર પછી, કમળપત્રના જેવી સુંદર આંખોવાળી હે પ્રિય, બીજી વાત હવે કહું. આપણા એક વખતના સ્નેહાનંદને યાદ કરતાં આજે પણ તારે માટેની કામનામાં હું ડુબી જાઉં છું; મારા મિત્રો અને સંબંધીઓની મદદથી હું નગરશેઠનું મન મનાવી લેઉં, ત્યાં સુધી તું ધીરજ ધર. પિતાની ઇચ્છા થાય ત્યાં સુધી ધીરજ ધર."

૭૬૮-૭૬૯. આ પત્ર વાંચીને મને લાગ્યું કે મારા પ્રિય (જો કે એમણે અમારા અંતર્જીવનનું યથાસ્થિત વર્ણન કર્યું હતું, તોપણ મને ધીરજ ધરવાનું કહેલું હોવાથી) સ્નેહમાં ઠંડા પડી ગયા છે. આથી મારો ઉત્સાહ ને ઉત્કંઠા પણ ભાગી ગઇ. હું ઢીલી થઇને બેશી પડી અને જાંગ ઉપર કોણી ટેકવી તથા હાથ ઉપર મોં ટેકવી બાવરાની પેઠે તાકી જોઇ રહી.

૭૭૦-૭૭૩. મારી સખી મને સભ્યતાથી સમજાવવા લાગી ને દિલાસો આપવા લાગી. એ બોલી: "પણ મારી સખી, તારી લાંબા કાળની કામના સફળ થવાના, અને તમારો સ્નેહસંબંધ બંધાવાના સમાચાર જે પત્ર આપે છે તે જ પત્રથી તારો શોકજંતુ તારા પ્રિયના વચનામૃતથી મરી જઈ મીઠો થઈ જવો જોઇએ; તેથી નિરાશ થતી ના. થોડા જ સમયમાં તમે એક બીજાને આલિંગન કરી શકશો."

૭૭૪-૭૭૫. મેં ઉત્તર દીધો: "સાંભળ હું શાથી એટલી બધી નિરાશ થઇ ગઈ તે: મને લાગે છે કે દૂર રહેવાથી સ્નેહ ઠંડો પડી જાય છે, કારણ કે એથી અમારા સંબધનો આધાર ભવિષ્ય ઉપર લટકતો રહે છે."

૭૭૬-૭૮૧. હાથ જોડીને ફરી સખી બોલી: "સખી, તું નક્કી જાણજે કે, વીરપુરૂષો પોતાનું સાધ્ય સાધવાને કંઇક યોજના અને વ્યવસ્થા રચે છે. સાચા સાધનને અભાવે જેનોતેનો ઉપયોગ કરી લેવો એ સારૂં નથી. ઉતાવળમાં વગરવિચારે સાચાં સાધન વિના કંઇ કામ કોઇ ઉપાડે તો એ સફળ થાય તો ય પરિણામ કડવાં આવે. સારાં સાધનનો ઉપયોગ કર્યો છતાં માણસ ધાર્યું ના ઉતારી શકે, તો ય એનો દોષ કોઇ કાઢે નહિ. માટે વીરપુરૂષો, કામના બાણથી ગમે એટલા પીડાય તોપણ, કુમાર્ગે જઇને પોતાના કુળને ડાઘ દેઇ બેસે નહિ.

(૭. પલાયન)

૭૮૨-૭૮૭ આમ મારી સખી સાથે વાત કરતા કરતા પદ્મનો ખીલવનારો જે સૂર્ય તે આથમી ગયો એનુ મને ભાન એ રહ્યુ નહિ ઉતાવળે ઉતાવળે મે નાહી લીધુ ને સખી સાથે ઠીક ખાઇ લીધુ પછી એને લેઇને અગાશીમા ગઇ અને સુદર આસન ઉપર બેશીને એની સાથે મારા પ્રિય વિષેની વાતો મોડા સુધી કરી જેમ જેમ મોડુ થતુ હતુ તેમ તેમ અતરની અશાતિ વધતી જતી હતી, અને તે અસહ્ય થતી જતી હતી સ્નેહને બળે હુ એટલી બધી પીડાવા લાગી કે મારૂ જીવન ટકાવી રાખવાને ખાતર મારી સખીને (સારસિકાને) મારે વિનતી કરવી પડી (હુ બોલી-)

૭૮૮-૭૯૦ "કુમુદને ખીલવનારો ચદ્ર જેમ જેમ ઉપર આવે છે તેમ તેમ એ વૈશ્યને (શેઠના દીકરાને) મળવાની મારી ઉત્કઠા બહુ જ વધતી જાય છે અને જેમ પવનને બળે અગ્નીના મો આગળનુ પાણી ઉડી જાય છે એમ એ ઉત્કઠાને બળે મારા હૃદયમાથી તારી મીઠી વાણી પણ ઉડી જાય છે-ટકતી નથી અરે મારો જીવ એમની પાછળ તલસે છે! અત્યારે જ મને એમને ઘેર લેઇ જા! એકવાર એ મારા પતિ હતા, સ્નેહની વેદી ઉપર હુ મારી લાજ હોમી દેઇશ"

૭૯૧-૭૯૨ મારી સખીએ મને સમજાવવા કહ્યુ "તારે તારા કુળની લાજ રાખવી જોઇએ આવું કશું સાહસ કરતી ના! તારે એને કલક ન લગાડવુ જોઇએ. એ તારો થયો છે, તુ એની થઈ છે તારે મુશ્કેલી વહોરી લેવી જોઇએ નહિ તારા માબાપ જરૂર તારી વાત માનશે"

૭૯૩ આપણે સ્ત્રીઓ ઘણીવાર આવેશથી ખેચાઈ જઇએ છીએ, મને પણ એમ જ થયું આવેશનો માર્યો મારો સૌ વિવેક ચાલ્યો ગયો સ્નેહથી હેવર બાવરી બની હુ બોલી-

૭૯૪-૭૯૭ "માણસે બધા જોખમ ખેડવા તૈયાર થવું જોઇએ જે માણસ સાહસ ખેડતા, તેમા આવી પડનારા વિઘ્નોથી ડરતો નથી તે જગતમા વિજય પામે છે એકવાર કામ શરૂ કર્યું કે પછી તે ગમે તેવું આકરૂ હોય તો ય સહેલુ થઈ જાય છે આટલી ઉત્કઠા પછી જો તુ મને મારા પ્રિય પાસે નહિ લેઈ જાય તો સ્નેહને બાણે વીંધાઇને તારી નજર આગળજ મને મરી ગયેલી તું જોઇશે વખત જરા યે ખોવી ના! મને લેઈ જા! જો મને તારે મરેલી જોવી ન હોય તો જ અપકૃત્ય પણ કર!"

૭૯૮-૮૦૯ આવા કમાણુષી કરીને મારા જીવનને આનદ આપવા માટે એ મારી સખી મારા પ્રિયને મહેલે આવવા કબુલ થઈ (જેના ઉપર સ્નેહનુ બાણ ચડાવી શકાય એવું) કામદેવનુ ધનુષ-કામને ઉશ્કેરવા-મારો શણગાર આનંદે ઝટપટ સજી લીધો મારી આખોમા અપ્ય તેજ આવ્યું, કારણ કે એની સાથે મારા પ્રિયને ત્યાં જવા મારા પગ તલપાપડ થઇ રહ્યા હતા અને કેવું તો રોકાને થકીને કમારનું ય આવનુ બઇ ગયુ

હતું. પછી અમે ધ્રુજતે શરીરે એકએકનો હાથ ઝાલીને પાછલે બારણે થઇને મારા ભવ્ય મહેલમાથી બહાર નિકળી ગયાં. (અમારા નગર) કોશામ્બીને સ્વર્ગસમી શોભા આપનારે રાજમાર્ગે થઇને અમે ફુલમાળાના જેવા લાંબા ચૌટામાં ચાલ્યાં. પણ આ સુંદર દેખાવ ઉપર મારી આંખ ચોટે શી રીતે? કારણ કે મારા વિચાર તો મારા પ્રિયમા જઇ ચોંટ્યા હતા! આજે મારા પ્રિયને જોઇ શકાશે એ જ વિચારો મારા મનમાં ઘોળાતા હતા. એથી મને થાક પણ લાગ્યો નહિ. માણસોની ભીડ તો હતી, તો ય અમે ઉતાવળે પગલે ચાલ્યાં અને અનેક હરકતો વેઠીને પણ આખરે અમે સ્નેહમંદિરમા આવી પહોંચ્યાં. સખીએ મને એ બતાવ્યા, તે વેળાએ એ પોતાના મિત્રોની વચ્ચે દરવાજા ઉપર બેઠા હતા અને વીણા વગાડતા હતા. શરચ્ચંદ્રની પેઠે સૌને પ્રકાશ આપી રહ્યા હતા.

૮૧૦-૮૨૦. વગર હાલ્યેચાલ્યે મેં તો એમને જોયા જ કર્યા, છતાં યે મારી આંખો એમને જોઇને ધરાઇ નહિ. વારંવાર એ તો આંસુથી ભરાઈ જતો. મારા ચક્રવાકના ભવના મારા સ્વામીને જેમ જેમ જોયા કર્યા, તેમ તેમ એમને જોવાની મારી તૃષ્ણા અત્યારે વધતી ગઈ. માત્ર એમની જ નજર અમારા ઉપર પડવાને કારણે આનંદ પામીને અમે ત્યાં પાસે ઉભાં, અને છતાં ય પાસે જઈ શકતા નહોતાં. એવામાં સારે નશીબે એમણે પોતાના મિત્રોને રજા આપી. "જાઓ હવે, શરદ્રાત્રિમાં જઈ આનંદ કરો, હું હવે સુઇ જઇશ." એ લોક ગયા કે તરત જ એ મારી સખી (જેને એમણે ઓળખી લીધી હતી) તરફ જોઈ બોલ્યા: "આવ, જે ચિત્રો નગરશેઠને ઘેર મુકયાં હતા, તે આપણે જોઇએ." (આમ એ બોલતા હતા ત્યારે) હું મારા શણગારને અને કપડાને ઠીકઠાક કર્યો જતી હતી ને મારે અભિમાની હૃદયે, કામદેવનો જાણે અવતાર ના હોય એવા મારા પ્રિયને મનમાન્યા જોઇ રહી હતી. સખી સભ્યભાવે એમની પાસે ગઇ, એટલે એ તુરત જ સભ્યભાવે ઉઠ્યા ને જે ખડમાં હું શરમ ને ગભરાટની મારી સંતાઈ ઉભી હતી તે જ ખંડમાં (મારી સખીના દોરાયા) આવી ઉભા. પછી એ આનંદભરી આંખોએ સ્નેહસુખ વદને બોલ્યા.

૮૨૧-૮૨૫. "તારી સખી, મારા જીવનસરોવરને પોષનારી, મને સુખ આપનારી સહચરી, મારા હૃદયની રાણી કુશળ તો છે ને? જ્યારથી મદનપ્રભુનાં બાણથી હું ઘવાયો છું ને તેને મળવાને ઉત્સુક બન્યો છું ત્યારથી મને કશું ચેન પડતું નથી. 'તમે શરદ્રાત્રિમાં આનંદ કરો મારે હવે સુઈ જવું છે' એવુ બહાનું કાઢીને મારા મિત્રોને મેં વિદાય કરી દીધા એ તો માત્ર મારી ચાલાકી જ હતી. (સાચી વાત તો એ હતી કે) તેમની સોબતમાંથી છુટા પડી મારે ફાવે તેમ તમારે મહેલે જવું હતું અને ત્યાં એ ચિત્રો જોવાં હતાં. પણ તને જોતાની સાથે જ મને થયેલા આનંદને લીધે મારા હૃદયનો થાક ઉડી ગયો છે. કહે, મારી પ્રિયા પાસેથી તું શો સંદેશો લઈ આવી છે?"

૮૨૮ ત્યારે મારી સખી બોલી "કશો સદેશો હુ લાવી નથી, એ પોતે જ અહી આવી છે"

૮૨૭-૮૨૮ વળી એ બોલી "સખી છે તો બહુ યે કુશળ, પણ એ એવી તો સ્નેહઘેલી બની ગઈ છે કે તમારે હવે એનો હાથ ઝાલવો જ જોઇશે સમુદ્રની નારી ગગા જેમ સમુદ્રમા વહી જાય છે, તેમ સ્નેહે કરીને તણાની તરગવતી તમારી પાસે દોડી આવી છે"

૮૨૯-૮૩૬ (આ શબ્દો સાભળીને) મારે તો આખે શરીરે પરસેવાના બિ દુઓ ચમકી ઉઠચા, મારામા કશું બળ રહ્યુ નહિ મારી આખોમા આનદના આંસુ ભરાઇ આવ્યા ગભરાતી ને થરથરતી હુ સભ્યતાએ મારા પ્રિયને પગે જઇ પડી, પણ તરત જ એમણે પોતાને બળવાન ને સ્નેહભર્યે હાથે મને ઉઠાડી ઉભી કરી, એમણે મને બાથમા ભીડી લીધી, એમની આખોમા પણ સ્નેહના આસુ ભરાઈ ગયા પછી એ બો યા "મારા શોકને હણનારી મારી સખી, તારૂ ક ય ણ હો!' એમ બોલતા એ, પુરા ખીલેલા કમળ જેવે આનદભર્યે મુખે મારી મામે એકીટસે, જોઇ રહ્યા, એ મુખ જાણે કમળમા બેસનારી પણ કમળ વિનાની લક્ષ્મી ના હોય એવુ મને જણાયુ ચરમની મારી હુ તો એમની એમ ઉભી રહી, આનદના મોજામા ડુબતી અને કમ ળના પાન જેવા મારા કોમળ પગ ધરતી ઉપર આમતેમ ફેરવતી, હુ ત્રાસી આખે એમના તરફ જોયા કરતી અને જ્યારે એ મારી આખ સામે જોતા ત્યારે પાછી નીચુ જોઈ જતી તેમના બધા હાવભાવમા તેમનુ સ્વરૂપ એવુ તો મોહક અને સુદર હતુ કે મારા મોહનો પાર રહ્યો નહિ મારા હૃદયની ભૂમિ ઉપર એમની દૃષ્ટિનો એવો સુખભર્યો વરસાદ રેલાયો કે મારા આનદના બીજ ફુટી નિકળ્યા

૮૩૭-૮૪૧ પછી એ બોલ્યા "મારી કોમલાંગી, આ સાહસ તુ શો રીતે કરી શકી? તારા પિતાની મરજી સપાદન કરતા સુધી જોવાનુ મે તને કહ્યું જ છે તારો પિતા રાજદરબારનો કૃપાપાત્ર છે, મહાજનનો અગ્રેસર છે, મિત્રમડળમા એમનો ભારવક્કર આખા નગરમા સૌથી વધારે છે, એમની ઇચ્છાને જો આ તારા આચરણથી આઘાત લાગશે તો એ પોતાની ઇચ્છા પ્રમાણે ચલાવવાને બધા ઉપાયો યોજી શકશે અને ક્રોધના માર્યા માગ આખા કુટુબ ઉપર વેર વાળશે તેથી તને વિનતી કરૂ છુ કે તારી ગેરહાજરી જણાઇ આવે તે પહેલા તું ઘેર ચાલી જા સીધે રસ્તે તને પ્રાપ્ત કરવાના હુ બધા ઉપાય લઈશ મારી પ્રિયા, આપણે આપણુ મિલન ગમે તેટલુ છુપુ રાખવાનુ કરીએ તોપણ તે તારા પિતાની જાણમા આવી જશે કારણકે ગમે તેટલુ ગૂઢ કાર્ય પણ સાવધાન મનુષ્યો જાણી શકે છે" મારા સ્વામી મારી સાથે આ પ્રમાણે વાત કરે છે એ જ વખતે રાજમાર્ગે જતા કોઈ પુરૂષના નીચે પ્રમાણેના ઉદ્‌ગારો સાભળવામા આવ્યા

૮૪૨-૮૪૩. "પોતાની મેળે ચાલી આવેલ પ્રિયા, યૌવન, અર્થ, રાજલક્ષ્મી, વર્ષાસમય, જ્યોત્સ્ના અને ચતુર સ્નેહીઓના આનંદનો ઉપભોગ જે કરી શકતો નથી તે જાતે ઘેર ચાલી આવેલી લક્ષ્મીની કિંમત જાણતો નથી.

૮૪૪-૮૪૫. "જીવિતના સર્વસ્વસમાન રમ્ય પ્રિયાને પ્રાપ્ત કરીને જે છોડી દે છે તે મનુષ્ય સફળ કામનાવાળો થતો નથી."

૮૪૬-૮૪૮. એ ઉદ્‌ગારના ભાવાર્થથી પ્રેરાઈને વળી મારા પ્રિયે મને કહ્યું: "જો આપણે પરદેશમાં ચાલ્યાં જઇએ, તો જ વિઘ્નથી ને શંકાથી મુક્ત થઈને આનંદે રહી શકીએ." ત્યારે મેં રડતે હૃદયે ઉત્તર આપ્યો: "હા! મારા પ્રિય, હવે મારાથી ઘેર જવાય એમ નથી, હું તો તમે જ્યાં જશો ત્યાં, તમારી પાછળ આવીશ."

૮૪૯. (હુ એમના વિચારો પ્રમાણે અનુસરી શકું એટલા માટે) અનેક તરેહથી એમણે મને ઉત્તેજન આપ્યું, અને હું પાકા ઠરાવ ઉપર આવી એટલે એ બોલ્યા: "ઠીક ત્યારે, આપણે નાશી જઇએ! હું હવે મુસાફરીની તૈયારી કરી લેઉં."

૮૫૦-૮૫૨. માર્ગમાં જરૂર પડે એવી ચીજો એકઠી કરવાને એ મહેલની અંદરના ભાગમાં ગયા, એટલે મારા દરદાગીના લેઇ આવવાને મેં મારી સખીને ઘેર મોકલી. એ દોડતી ગઈ; પણ એટલામાં તો મારા પ્રિય હાથમાં કોથળી લઈને પાછા આવ્યા અને કહેવા લાગ્યા: "ચાલ મારી પદ્મિની, વખત વહ્યો જાય છે. નગરશેઠ જાણી જાય તે પહેલાં આપણે ખશી જવુ જોઇએ."

૮૫૩. મેં ગભરાઈને ઉત્તર આપ્યો: "મારા દાગીના લેવા મેં સખીને ઘેર મોકલી છે. એ આવે એની આપણે વાટ જોઇએ."

૮૫૪-૮૫૮. એમણે ઉત્તર આપ્યો: "અર્થશાસ્ત્રમાં લખ્યું છે કે દૂતી એ પરિભવ-તિરસ્કાર કરાવનારી છે, એ કાર્યની સાધક નગી પણ ખરી રીતે બાધક છે. ખરેખરી ગુપ્ત વાતથી દૂતીને સદા દૂર જ રાખવી જોઇએ. એ જલદી જ ફસાવી દે છે, કારણ કે બૈરીઓથી કશું છાનું રાખી શકાતું નથી. વળી જો સાથે દરદાગીના લીધા, તો તો એથીયે વધારે ફસાઈ પડવાનો ભો. વળી એના આવવાથી આપણને માર્ગ કાપતાં અડચણ પડશે અને આપણી શાન્તિનો ભંગ થશે, માટે એને તો આપણે છોડી દેઇએ! અને હવે વખત ખોવો જોઇતો નથી. હીરા, ઝવેરાત અને એવું એવું સૌ કીંમતી મેં લેઇ લીધું છે. જેની આપણને જરૂર પડશે તે એનાથી ખરીદી લેવાશે. માટે આવ હવે, આપણે ચાલતાં થઇ જઇએ."

૮૫૯-૮૬૩. એ સાંભળીને હું તેમ કરવા તૈયાર થઇ ને સારસિકાની વાટ જોયા વિના જ અમે તો રસ્તે પડયા. નગરના દરવાજા સારી રાત ઉઘાડા રહે છે તેથી અમે બહાર નિકળી ગયા અને જમુનાને કિનારે જઈ પહોંચ્યાં. ત્યાં અમે એક

મછવો ખોળી કાઢ્યો એને દોરથી એક ખીલા સાથે બાંધ્યો હતો અને (સુભાગ્યે) એની અંદર પાણી પેસતુ નહોતુ અમે એને છોડી લીધો ને બંને જણ ઝટપટ અંદર ચઢી ગયા મારા પ્રિયે હાથમાની કોથળી અંદર મુકી દીધી ને હલેસુ પકડ્યુ ત્યાર પછી નદીમા રહેતા કાલીયનાગની અને ખુદ નદીની પણ, નમસ્કાર કરીને, સ્તુતિ કરી પછી સમુદ્રને મળવા જતી નદીમા અમે અમારી હોડી હંકારી

૮૬૪-૮૭૦ પણ અમારા જમણા હાથ તરફ શિયાળવા રખડતા હતા તે અકાળે બોલવા લાગ્યા પશુઓમા સૌથી લુચ્ચા એ શિયાળવાનો અવાજ અમને સંભળાવા લાગ્યો જોરથી વગાડાતા શંખ જેવો બેસુરો એમનો અવાજ હતો તરતજ મારા પ્રિયે મછવો અટકાવ્યો અને મને કહ્યુ "શુકન મળે ત્યાસુધી આપણે ઉભા રહીએ કારણ કે ડાબી બાજુથી નિકળીને જો શિયાળ જમણી બાજુએ જાય તેમજ પાછા જાય અથવા પાછળ આવે તો અપશુકન થાય જીવને કશું જોખમ થવાનુ નથી, કશુ વિઘ્ન આવવાનુ નથી એવી આપણે ખાતરી કરી લેવી જોઈએ"

૮૬૮-૮૭૨ એમ બોલ્યા પછી મોજાના (અટકાવી રાખેલા મછવા ઉપરના) મારાથી ડરીને ફરીથી મછવો નદીમા હંકારવા માંડ્યો હલેસાને જોરે મછવો ચાલ્યો ને વળી મોજાને પ્રવાહ ખમ ઉતાવળો ચાલ્યો, અને આમ અમે મછવામા બેઠી ઘણી ઉતાવળે આગળ ચાલ્યા દૂરના કિનારા ઉપર નવા નવા ઝાડ દેખાતાં ને પાછળ અદૃશ્ય થઈ જતા પવનનો સુસવાટ અને પંખીઓનો કિલકિલાટ અત્યારે બંધ થઇ ગયો હતો અને તેથી જમુના શાન્તિની પ્રતિજ્ઞા પાળતી હોય એવી દેખાતી હતી પણ ત્યારે મારા પ્રિયે, ભય ગયો છે અને ચિંતા જેવું કશું નથી, એમ જાણીને હૃદયને આનંદ આપનારી વાતો કરવા માંડી

૮૭૩-૮૭૯ એ બોલ્યા "આટલા લાંબા વિજોગ પછી આપણે પાછા એક બીજાને આલિંગન દેઈ શકયા એ આપણું કેવું સદ્‌ભાગ્ય! તે આપણો સંજોગ ઇચ્છ્યો ના હોત, એ ચિત્રો ચીતર્યાં ના હોત, તો આપણે એક બીજાને મળી શકયા ના હોત; કારણ કે (પાછલા ભવ પછી) આપણા રૂપ તો બદલાઈ ગયા હતા મારી પ્રિયા, (ખરેખર) તે ચિત્રો ચીતરીને મારા પ્રત્યેની એટલામા મોટી (સ્નેહ-અને) જીવન-સેવા સિદ્ધ કરી છે" આવું આવુ મારા કાનને ને હૃદયને સુખ આપનારૂ એ બહુ બોલ્યા હુ એનો કશો ઉત્તર વાળી શકી નહિ હુ તો માત્ર શરમની મારી મો નીચુ રાખીને ત્રાસી નજરે એમના તરફ જોઇ જ રહી ગળામાથી અવાજ નિકળ્યો જ નહિ, સ્નેહની આશાઓ સફળ થતી જોઇને સ્નેહભર્યું હૈયુ કંપવા લાગ્યું (અંતે) મારાં સુખના ભાવ છુપા કરવાને, મારા પગનો અગુઠો મછવાને પાટીએ ઘસ્તી ઘસતી, હુ બોલી —

૮૮૦-૮૮૩ "આહા પ્રિય, તમે ભલે મારા પ્રભુ છો તમારી સાથે સુખદુખ ભોગ

વવાને મારા અંતરની પ્રેરણાથી મેં આપ સાથે પાસા નાખ્યા છે. મારૂં ગમે તે કરો; માત્ર એટલું માગું છું કે વિષમ સ્થિતિમાં આવી પડતાં પણ મને એકલી મુકી જશો ના ગમે તે થતાં પણ હું તો તમારી સાથે સ્નેહે બંધાઈ રહીશ. જો તમે મને ખાવાનું બંધ કરશો તો મારાથી ભૂખે રહેવાશે, પણ જો મારા હૃદયનું ખાવાનું બંધ કરી દેશો, તો તમારા વિના મારાથી રહી શકાશે નહિ."

૮૮૪-૮૯૨. માનવહૃદયની ચંચળતા દેખાડનારા મારા આ શબ્દો સાંભળીને એમણે ઉત્તર આપ્યો "આહ મારી વ્હાલી, તું એવી કશી ચિંતા કરતી ના, તને એવું કશું નહિ થવા દઉં. આપણે હવે શરદ્‌ઋતુની ઉતાવળી નદીમાં અનુકૂળ પવનને બળે વિના મુશ્કેલીએ આગળ ચાલીએ છીએ અને સુંદર કાકન્દી નગર પાસે આવતા જઇએ છીએ; પેલા એના સફેદ મહેલો દેખાય. ત્યાં મારાં ફોઈ રહે છે, એમના મહેલમાં આપણને આવકાર મળશે અને સ્વર્ગમાં જેમ અપ્સરા તેમ ત્યાં તું ચિંતામુક્ત થઇ સુખમાં રહી શકશે. તું મારા સુખની વધારનારી છે ને દુઃખની હરનારી છે. તું મારા જીવનનું સર્વસ્વ છે ને મારા વંશની રાખનારી છે." એવું કહીને અમારા ચક્રવાકના ભવને સંભારતાં એમણે મને આલિંગન દીધું; ઉનાળામાં (સૂરજથી) તપેલી ભોંયને વરસાદના સ્પર્શથી જેવી આનંદની લાગણી થાય, એવી આનંદની લાગણી મેં મારા પ્રિયના સ્પર્શથી અનુભવી.

૮૯૩-૮૯૬. ત્યાર પછી ગાન્ધર્વલોકો જેમ કરે છે એમ, માનવભોગને શિખરે પહોંચાડનાર ગાન્ધર્વવિવાહે અમે પરસ્પર બંધાયાં. દેવોની પ્રાર્થના કર્યા પછી તરત જ (જેમ વ્યાવહારિક લગ્ન પ્રસંગે થાય છે એમ) મારો હાથ ઝાલવાને બદલે મારા સ્વામીએ મારી જુવાનીની કળી ચુંટી લીધી. પરસ્પર ધરાતા સુધી દાંપત્ય વિલાસનો આનંદોપભોગ કરી લીધો.

૮૯૭. એટલીવારમાં અમારો મછવો અમને લેઇને (અમારી ઇચ્છા હતી તે પ્રમાણે, જમુનામાંથી નીકળીને) ગંગામાં આવી પહોંચ્યો. એકવાર જેમ પૂર્વભવમાં આ નદી ઉપર અમારી ચક્રવાકની જોડી તરતી હતી તેમ આજે સ્નેહી યુગલની જોડી તરવા લાગી

૮૯૮-૯૦૧. રાત્રિ ચાલી ગઈ; લલાટમાં જેને ચંદ્ર છે, ચંદ્રિકા જેનાં સુંદર સફેદ વસ્ત્ર છે અને તારા જેના ભવ્ય અલંકાર છે એવી એ જુવાન રાત્રિનારી સરી ગઇ. પૃથ્વીના જળદર્પણ ઉપર ચંદ્ર હવે તો માત્ર હંસની પેઠે તરવા લાગ્યો; જેને રાત્રિના ચાર પહેરેગીરે અત્યારસુધી પકડી રાખ્યો હતો તે હવે ઉપર ઝાંખો ને નીચે માત્ર ઝાંખો દેખાવા લાગ્યો. મળસકામાં પંખીનાં સૌ ટોળાં જાગી ઉઠયાં, તેમનાં ગાનથી ને સાદથી જાણે નદી સાથે એ સંબંધ જોડતાં હોય એવું દેખાતું હતું. અંધારાનો શત્રુ સૂર્ય, માનવીઓની દિનચર્યાને માટે પ્રકાશતો ગગનદીવો પ્રકટયો હોય એમ, ઉગ્યો.

૮. લૂટારાને હાથે પકડાવુ.

૯૦૨-૯૦૪ ગગાના વહેતા પાણી ઉપર કેટલાક સુધી એમ સુખે વહ્યા પછી મારા પ્રિય બોલ્યા "પ્રિયે નિતબિની, સૂર્ય ઉગ્યો છે એટલે હવે દાતણ કરવાની વેળા થઈ છે, તેથી જમણા હાથ ઉપર શખલા જેવી સફેદ રેતીથી ચળકતો જે કાઠો દેખાય છે ત્યા આપણે ઉતરીએ"

૯૦૫-૯૦૮ ત્યા આગળ પહોચીને મછવો લગયો અને ઉતર્યા જ્યા હજી કોઇ માનવીનો સચાર થયો નહોતો એવા રેતીના કાઠા ઉપર અમે ફરવા લાગ્યા પણ સામે દેખાતી સુદર જગા હજી તો અમે પુરી જોઇ પણ નહોતી તેવામા, જ્યા ભયની શકા સુદ્ધા નહિ પડે એવી તે જગામાથી, એકાએક લૂટારા દેખાયા કાઠા ઉપરના ઝાખરામાથી એ બહાર નિકળી આવ્યા અને જમરાજના ભયકર દૂતો જેવા દેખાતા એ અમારી તરફ ધસ્યા

૯૦૯-૯૨૦ ભયથી હુ તો ચીસ પાડી ઉઠી ને "હવે આ સકટમા શુ કરીશુ?" એમ મારા સ્વામીને પૂછવા લાગી એ બોલ્યા "ડરતી ના! અહુણા જ તને ખબર પડશે કે મારી લાકડીના ઝપાટાથી એમને કેવા હાકી કાઢુ છુ તને મારી જીવનનૌકા બનાવવાના મનોરથમા હુ એવો તો મુગ્ધ થઈ ગયો હતો કે ઘેરથી હથિયાર લેવાનુ પણ ભુલી ગયો સ્નેહના આનદોત્સવને માટે બધા પ્રકારના ઝવેરાત સાથ લીધા, પણ સ્નેહસાહસને અગે જે સકટ રહેલુ છે તેનો તો વિચારેય આવ્યો નહિ છતા યે તું શાન્તિ રાખ! બળવાન્ હશે તે જુદ્ધમા જીતશે આ જગલી ચોર મને ઓળખતા નથી અને એમણે હજી મારો હાથ જોયો નથી, એથી જ એ આવી હિમત કરી શકા છે એક જણને હુ નીચે પાડી દેઇશ અને એના હથિયાર લેઇ બીજાઓની પાછળ પડીશ પરિણામ અનિષ્ટ જ આવશે તો તને લુટાતી દેખવા કરતા મારૂ ઝૌય સમાપ્ત કરી દેઇશ કારણકે તારા કપડા ને ઘરેણા કાઢી લેવાને લૂટારા તને બાધે એ તો મારાથી કદી જોયું જાય નહિ મારે માટે તું પહેલા ભવમા સતી થઈ હતી અને મારે માટે આ ભવમા પરદેશમા નિકળી પડી છે ત્યારે મારામા જ્યા સુધી પ્રાણ છે ત્યા સુધી તને બચાવવાને માટે મારાથી બને એટલુ બળ વાપર્યા વિના શી રીતે રહેવાય? મને જવા દે અને લૂટારાની સાથે જુદ્ધમા ઉતરતા મને અટકાવ નહિ હવે તો જિતવુ કે મરવુ!"

૯૨૧-૯૨૬ આ શબ્દો સાભળીને હુ પ્રિયને પગે પડીને બોલી "મારા નાથ, મને અનાથ કરીને એકલી મુકી જતા ના તમારે જુદ્ધે ચઢવુ જ હોય તો મારો જીવ લેઉ ત્યા સુધી ઉભા રહો કારણ કે લૂટારાના હાથમા તમને પડ્યા આગથી જોવાશે નહિ લૂટારાને હાથે પડ્યા હો એવુ જોવાને જીવવુ એના કરતા તો આશાભેર મરવુ ભલુ. અરેરે મારા પ્રિય, આખરે તમે મારા થયા તો ખરા, પણ એટલામા તો આ ગગા

કાંઠે જ, જાણે માત્ર ચંચળ સ્વપ્ન જ હોય, એમ તમે ચાલી જવા બેઠા ! આવતા ભવમાં આપણે એક બીજાને મળીશું કે નહિ એ તો બીજી વાત છે, પણ અત્યારે તો હું જીવું છું ત્યાં સુધી મારી પાસે રહો ! આપણે એક બીજાથી વિખુટા પડીએ નહિ, બાકી બીજું તો જે થવાનું હોય તે થાય ! કારણકે બીજા બધાને આપણે ભુલાવી શકીશું, પણ આપણાં કર્મના ફળને ભુલાવી શકીશું નહિ." (તેથી કરીને આવતા ભવમાં વિખુટાં પડાય નહિ એટલા માટે આજે પણ વિખુટાં પડવું નહિ જોઇએ)"

૯૨૭–૯૨૮. આ પ્રમાણે કલ્પાન્ત કરીને મેં મારા સ્વામીને જુદ્ધે ચઢતાં વાર્યા. લૂટારાઓને મેં, રડી પડી, હાથ જોડી, કાલાવાલા કરીને, કહ્યુઃ "મરજીમાં આવે એમ મારાં અંગ ઉપરથી ઘરેણાં ઉતારી લો; અમારા સ્નેહની ખાતર મારા સ્વામીને મારશો નહિ (એટલું માગી લેઉં છું)."

૯૨૯–૯૩૮. પછી અમને લૂટારાએ પકડયાં. એક પાખ કપાઇ ગઇ છે જેની એવું પંખી જેમ ઉડી શકે નહિ તેમ અમારાથી પણ નાશી જવાય એમ નહોતું. થો ડાક લૂટારાએ એટલામાં જઇને મછવો અને (તેમાં મુકેલી) કોથળી પણ કબજે કરી લીધી. બીજા મને દૂર લેઈ ચાલ્યા તેથી મેં ચીસો પાડવા માંડી. કેટલાકે મારા સ્વામીને પકડ્યા; પણ, વાદીના શબ્દથી ઝેરી સાપ જેમ ઠંડો પડી જાય તેમ, મારા શબ્દથી એ (યુદ્ધ કરવાની ઇચ્છા છતાં) ઠંડા રહ્યા. અમને બંનેને અને ઝવેરાતની કોથળીને લૂટારા ગંગાના રેતીના કિનારા ઉપર લેઇ ગયા. મારા શરીર ઉપરથી બધાં ઘરેણાં તો ઉતારી લીધા, પણ અમને બેને જરા ય જુદાં કર્યા નહિ છતાં વેલીનાં જેમ ફુલ ચુંટી લેવાય તેમ મારાં બધાં ઘરેણાં ઉતારી લેવાતાં જોઇને મારા સ્વામી રોવા લાગ્યા. હું પણ રોવા લાગી, કારણ કે મારા સ્વામી લૂટાયેલા ભંડાર જેવા, અથવા તો કમળ જેમાંથી તોડી લીધાં છે એવા સરોવર જેવા, દેખાતા હતા. મારી ચીસો બહુ કારમી થતાં એ ભયંકર લૂટારાઓએ મને ધમકાવી (ને કહ્યું): "બૂમો તારી બધ કર ! નહિ તો તારા ધણીને મારી નાંખીશું." એથી હું દબાઇ ગઇ ને મારા સ્વામીનો જીવ બચાવવાની ચિંતા કરવા લાગી, અને માત્ર ધીમે ધીમે છાનાં ડુસ્કાં ખાવા લાગી જોકે આંસુ તો મારી છાતી સુધી દદડી પડતાં હતાં, તો ય મારૂં રોવું તો હોઠ આગળ જ અટકી પડતું

૯૩૯–૯૪૩. અમારા ઝવેરાતની કોથળી લૂટારાના સરદારે જોઇ ત્યારે એ મલકાઇને બોલ્યોઃ "ઠીક શિકાર મળ્યો છે !" એક જણ બોલ્યોઃ "આખો મહેલ આપણે શોધી વળ્યા હોત, તો ય આટલું તો ના મળ્યું હોત." બીજો બોલ્યો "જુગારમાં માણસનું ભાગ્ય ગમે એટલું ખુલે અને વર્ષોનાં વર્ષો સુધી રમે તો ય આટલું તો ભેગું ના થાય. આપણી બૈરીઓને આ બધું આપીશુ ત્યારે એ શું કહેશે ?" આવી વાતો કરતા કરતા એ લૂટારા (અમને લેઇને) કિનારો છોડી વિન્ધ્યાચળની દક્ષિણ દિશા તરફ ચાલતા થયા.

૯૪૪-૯૪૭ પર્વતની ઉંડી સુદર ખોમા લૂંટારાઓની ગુફા હતી ત્યા અમને બનેને એક વેલાવડે એકઠા બાધીને લેઇ ગયા કેટલાક લોક બહાર ઉભા રહીને પાણીની ભિક્ષા માગતા હતા, કારણ કે ગુફાની અદર પાણી ખૂબ હતું ગુફાનો દર વાજો બહુ મજબુત હતો, અને તરવારો ભાલા અને એવા બીજા હથિયારોવાળા લૂંટારા અદર જનાર અને અદરથી નિકળનાર ઉપર સખત ચોકી રાખતા હતા ઢોલ, કરતાલ, શખ અને એવા બીજા વાદ્યોથી તેમજ ગાન, હાસ્ય, નાચ અને બૂમો તથા ચીસોથી થને કોલાહલે કરીને આખી ગુફા ગાજી રહી હતી

૯૪૮-૯૫૪ અદર પેસતા જ અનેક વાવગ ઉપરથી અમે પારખી લીધુ કે આ તો કાળીનુ મદિર છે અને તેના બલિનો ઉત્સવ ચાલે છે દેવીને (નિયમ પ્રમાણે) નમસ્કાર કરવાને માટે અમે જમણી બાજુએ ગયા તો જોયુ કે (અમારા માલ ઉપરાત) બીજો પણ માલ બીજા લૂંટારા લેઇ આવ્યા હતા બને ટોળીવાળા સાજાતાજા પાછા આવ્યા હતા અને મોટી લૂંટ લાવી શકયા હતા તેથી તેઓએ એક બીજાને પ્રણામ કર્યા ને કુશળસમાચાર પુછયા વેલાએ એકઠા બધાયેલા અને લૂંટારાની ગુફામાં આવી પડેલા અમને બેને સૌ જણ આશ્ચર્યચકિત નજરે જોવા લાગ્યા અને એમાથી એક જણ બોલી ઉઠયો "નરનારીઓની જે સૃષ્ટિ પહેલા રચાઈ, તેથી અસતુષ્ટ થઈ (તેનો નાશ કરીને) યમદેવે અતે આ જોડુ સરજ્યું લાગેછે ચાદો રાતથી ને રાત ચાદાથી જેમ વધી જાય તેમ આ એક બીજાથી સુદરતામા વધી જાય એવા છે"

૯૫૫-૯૫૬ અમે એ ગુફામા જરા આગળ ગયા અને જાણે ત્યા સ્વર્ગ અને નરક એકસાથે જ હોય તેમ અદરના આનદી વસનારા અને નિરાનદ કેદીઓને જોયા દેવલોકના જોડા જેવું નરનારીનુ જોડુ અહી આવ્યું છે, એવા સમાચાર ફેલાતા ગુફામાનો રસ્તો (અમને જોવાને) ઉત્સુક લોકથી, ખાસ કરીને બાળકો, વૃદ્ધો અને સ્ત્રીઓથી ઉભરાઇ ગયો

૯૫૭-૯૬૩ શોકાતુર સ્થિતિમા અમને આગળ લેઇ જવામા આવ્યા, ત્યારે કેદમા જીવતી રહેલી સ્ત્રીઓ અમારે માટે વિલાપ કરવા લગી, જાણે અમે એમના જ બાળક હોઇએ પણ પુરૂષના જેવા હૃદયવાળી લૂંટારાની એક સ્ત્રીએ મારા સ્વામીને કહ્યું "તમારૂ સુદર મુખ લેઇને મારી પાસે આવો (અને અમારા ચોકીદારને એણે કહ્યુ) ચદ્ર સમાન સુદર, અને ચદ્રની પ્રિય સખી નક્ષત્રરાણી રોહિણીના જેવી આ સ્ત્રીને આપણી આ પૃથ્વી ઉપર લેઇ આવનાર, આ જુવાન પુરૂષને થોરો વખત અહી ઉભો રાખો, કે જેથી લૂંટારાની નારીઓ પળવાર એની સુદરતા નિરખી લે!" એ ચાલતા હતા ત્યારે મોહ પામવાને ટેવાઇ ગએલી સ્ત્રીઓ મોહવશ થઇને તેમને જોઈ રહવા લગી આ જોઇને હુ તો સતાપથી, ઈર્ષ્યાથી ને સાથે સાથે ક્રોધથી સળગી ઉઠી

૯૪-૯૭ પકડાયેલી સ્ત્રીઓમાની કેટલીક તો, જાણે એ પોતાનો જ પુત્ર

હોય એમ, શોક કરવા લાગી. કેટલીકે એમને કહ્યું: "તારા સ્વર્ગીય સ્વરૂપથી તું અમારું ચિત્ત ચોરી લે છે; તારી દૃષ્ટિનો સ્વર્ગીય ઘુંટડો અમને કૃપા કરીને પીવા દે!" વળી કેટલીક આંખમાં આંસુ લાવીને એમ કહેતી જણાઈ કે "તું તારી સ્ત્રી સાથે અહીંથી વહેલો છુટકારો પામે તો ઠીક!" વળી એક જણી તો એમના સૌન્દર્યથી છેક આશ્ચર્યમૂઢ બની ગઇ ને કટિમેખળાની ઘુઘરીઓ ખણકાવી બોલાવવાના ઈસારા કરવા લાગી.

૯૬૮-૯૭૪. (મારે માટે પણ તરેહવાર વાતો થવા લાગી.) એક જુવાન નર્તકે કામાતુર થઇને કહ્યું "આહ, આ અદ્‌ભુત નારીસ્વરૂપ!" કેટલાક એકબીજાને આંગળી કરી મને બતાવવા લાગ્યા, ને મારા વખાણ કરવા લાગ્યાઃ "એકેએક બાબતમાં એનું સૌન્દર્ય તો જુઓ! એના વેલી જેવા સુંદર શરીર ઉપર કળીઓ જેવાં એનાં સ્તન અને ફણગા જેવાં એના હાથ કેમ ફુટે છે એ તો જુઓ! વળી એને જોઇને પૂરે આવેલી નદી સાંભરી આવે છે; એનાં બે સ્તન તે જાણે ચકવાકનું જોડું બેઠું છે, (અનેક આંકડાથી શોભતી) એની કટિમેખળા તે જાણે હંસની હાર સરખી લાગે છે અને એના નિતંબ તે જાણે પ્રચંડ રેતીના કિનારા હોય એવા દેખાય છે. પૂર્ણચંદ્ર (ઉદયસમયે) પ્રભાતરંગે (એટલે કે રાતે રંગે) રંગાયો હોય એમ એનું સુંદર મુખ રોવાને કારણે કંઇક રાતું થયું છે. અને સર્વ હાવભાવે કરીને સુંદર અને મોહક બનતા એના રૂપથી શ્રીનું સ્મરણ થાય છે. માત્ર એના હાથમાં કમળ નથી એટલી જ ખામી છે. એના કાન જુઓ કેવા રૂપાળા છે! આંખો કેવી કાળી છે! દાંત કેવા શ્વેત છે! સ્તન કેવાં ભરાવદાર છે! જાંગો કેવી ગોળ છે! અને પગ કેવા ઘાટીલા છે!"

૯૭૫-૯૭૬. બીજા બેએક લૂટારા બોલ્યા: "ઘટતાં ઘરેણાં પહેરાવ્યાં હોય તો તો ખરેખર અપ્સરા બની જાય. ખુદ થાભલો હોય તો ય પણ એનો સ્પર્શ કરે તો અંદરથી જાગી ઉઠે મોટો તપસ્વી હોય તે પણ પોતાની કઠોર તપસ્યાના ફળમાં એની વાંચ્છના કરે. ખરે (દેવરાજ) ઇદ્ર પણ પોતાની હજાર આંખો વડે પણ એને જોતાં ધરાય નહિ."

૯૭૭-૯૭૮. પણ પરનારીને દેખી જેઓને કંઈક શરમ આવે છે એવા કેટલાક મને જોઇને સંકોચાયા ને 'અભાગણી' કે 'એ તો પરણેલી છે' એમ કહીને ચાલતા થયા. તો ય અમને બનેને જોઇને કેટલાક લૂટારા અનુમાન કરવા લાગ્યા કે 'જરૂર આપણો સરદાર આ માણસને મારી નાખશે અને પછી એ સ્રીને પરણશે.'

૯૭૯-૯૮૧. આવી આવી વાતો સૌ નરનારીઓ કરવા લાગ્યાં, પણ મારા સ્વામીનું મરણ તો સૌ અનુમાનવા લાગ્યાં અને તેથી મારી ચિંતા અસહ્ય થઈ પડી. સામાન્ય રીતે જુવાન પુરૂષો મને અને જુવાન સ્રીઓ મારા સ્વામીને વખાણતી; બાકીનામાથી કોઇએ જિજ્ઞાસાથી, કોઇએ નિરાશાથી અને કોઇએ તો કશી પણ લાગણી વિના અમારી વાતો કરી. લૂટારાની આ ગુફાની વસ્તી અમારે માટે આમ ત્રણ પ્રકારે

અભિપ્રાય આપ્યા જતી હતી તે સાંભળતા સાભળતા અમે (એ રસ્તાને છેડે) સર દારને ઘેર આવી પહોચ્યા એ ઘર ઉંચુ હતું અને એને કાટાની વાડ હતી

૯૮૨-૯૯૦ આમ અહીં ડાળીઓથી બ ધેલા એક ખડમા અમને લેઈ ગયા એ લોકના સરદારનુ આ દિવાનખાનુ હતું પ્રસિદ્ધ વીરપુરૂષ હોય એમ એ સરદાર કુપળો પાથરેલા આસનઉપર બેઠો હતો, ખીલેલા પુલના મોટા ગોટાથી પોતાને પખો કરતો હતો, એનો એ ગોટો સોના જેવો ચળકતો હતો અને એના ઉપ રના ભમરા સુદર ગુજારવ કરી રહ્યા હતા જુદ્ધ કરીને જીતી આણેલા શસ્ત્રો એ સરદારે પોતાના શરીર ઉપર ધારણ કર્યા હતા, અને અનેક જુદ્ધોમા અને સકટોમા સાચા નિવડેલા લુગારાઓ એની ચારે બાજુ ઉભા હતા જેમ જમને ચારે બાજુએ ગડાળો વીંટાઈ વળે તેમ એની ચારે બાજુએ એ લોક વીંટાઇ વળેલા હતા એના પગની પિંડીઓ માંસના લોચાથી ભરાવાદાર હતી, તેની જાઘો કઠણ અને તેના નિતબ ભારે હતા અમે તો મોતની ચિતાએ થરથરતા થરથરતા હાથ જોડીને તેને નમસ્કાર કર્યા હરણના જોડાને જેમ વાઘ, એમ અમને એ તીણી નજરે જોઇ રહ્યો અને તેથી અમને વળી વધારે ચિતા વધી પડી પાસે ઉભેલુ લુગારાનુ ટોળુ અમારૂ જુવાનીનુ સૌ દય ભયકર, વાકી દૃષ્ટિએ નિહાળવા લગ્યું ને આશ્ચર્યચકિત થઈ ગયું

૯૯૧-૯૯૨ વીરોની, સ્ત્રીઓની અને બ્રાહ્મણોની હત્યા તથા એવા બીજા પાપકર્મો કરવાથી દયામાયા નાશ પામી ગઈ છે જેના હૃદયમાથી, એવા એ (લુગારાના) સરદારે, બીલકુલ લાગણી વિના અમને નિહાળી લીધા, પછી પાસે બેઠેલા એક ભયકર લુગારાને કાનમા આ પ્રમાણે કહ્યુ

૯૯૩-૯૯૪ "(આપણા મડળના) મોટેરાઓ મળીને દેવીને (કાળીને) ઘર ૨નો જે બળિ આપવાનો છે, તેને માટે બે આ નરનારી ઠીક પડશે તેથી કરીને (માતાની) નવમીની રાને આ જોડાનો બળિ દેવાશે એ બેની બરાબર ચોકી કરો જેથી એ નાશી જાય નહિ "

૯૯૫-૧૦૦૭ આ શબ્દો સાભળીને મારા હૃદયમા ચિતા ને મરણની બીક ફરી વળી પેલા લુગારાએ તો એ આજ્ઞા નગલાએ માથે ચઢાવી અને અમને એના ઘરમા લેઈ ગયો ચોકી રાખવામાં જરા પણ ખામી આવે નહિ એટલા માટે એણે મારા સ્વામીને તાણીને બાધ્યા તેમને આપવામા આવતી આવી વિટબણાને હુ જે મારો આત્મા બળી ઉઠયો, તેથી ગરુડ જેના સ્વામીને ઉપાડી ગયો છે એવી સાપણીની પેઠે કલ્પા ત કરવા લાગી વિખરાઇ ગએલે વાળે ને આખમાથી વહી જતે આસુએ હુ એમને અને એમના બ ધને બાઝી પડી, (પછી મે લુગારાને કહ્યુ) "જેમ વનહાથીની સાથે (એને વળગી પડેલી) હાથણીને બાધે તેમ આ નરોત્તમ સાથે મને પણ ભલે બાધો, કારણ કે એમની પીઠ તરફ બાધી લીધેલા એમના ઢીચણ સુધી પહોચતા હાથ મને

આલિંગન દેવાને સર્જાયા છે." (આમ કહીને) હું એમને છુટા કરવા જતી હતી એટલામાં તો એ લૂટારાએ મને મારી, ધમકાવી ને ધક્કો મારી એક કોરા ખસેડી મુકી. મારા સ્વામીએ હિંમત રાખીને પોતાના બંધ અત્યાર સુધી સહન કર્યા હતા, પણ મારી આ સ્થિતિ જોઇને એમની હિંમત જતી રહી રડતા રડતા એ બોલ્યા: "અરેરે, મારે માટે તું આવી કદી ન સાંભળેલી, મરવા કરતાં પણ ભુંડી વેદના સહન કરે છે! મારા સંબંધીઓને અને મારી જાતને માટે કદી પણ નહોતું લાગ્યું તેવું આજે મારી નવવધૂને માટે લાગે છે!" આ સાંભળીને, એ જાણે બળવાન છાતી વાળો હાથી હોય તેમ ધારી એમને પેલા લૂટારાએ ભોંય સાથે દબાવ્યા, જોકે એમના હાથ તો પીઠ તરફ બાંધેલા જ હતા. આમ એમને સૌ રીતે હાલતાચાલતા બંધ કરી દીધા પછી એ નિર્દય લૂટારો એક લાકડા ઉપર બેઠો અને ત્યાં કાચું માંસ તથા મદિરા આરોગવા લાગ્યો.

૧૦૦૮-૧૦૧૪ મરણચિંતાએ મેં મારા સ્વામીને કહ્યું: "અરેરે, આવા દયા વિનાના સ્થાનમાં આપણે મરવું પડશે." એ પછી એ લૂટારાને કહ્યુઃ "આ (મારા સ્વામી) કોશામ્બીના એક વેપારીના એકના એક પુત્ર છે, અને હું પોતે (ત્યાંના જ) નગરશેઠની પુત્રી છું. કહેશો એટલા હીરા, મોતી, સોનુ ને પરવાળાં અમે તમને ત્યાંથી અપાવીશું અમારા પિતા પર કાગળ લેઇને કોઇને ત્યા મોકલો, અને એ બધું જયારે અહીં આવે ત્યારે અમને છુટાં કરજો." પણ એ લૂટારાએ તો ઉત્તર વાળ્યો "તમને (અમારી દેવી) કાળી આગળ બળિ દેવાનું સરદારે નક્કી કર્યું છે. જેની કૃપાએ અમારી સૌ આશા પુરી થાય છે એવી એ માયાને જો માનેલો ભોગ અપાય નહિ, તો એ ક્રોધે ભરાય. અને અમારો નાશ કરે. તેમજ જે અમને અમારી મહેનતનું ફળ, જુદ્ધમા વિજય, ધનમાલ ને બધા પ્રકારનાં સુખ, જે અમને આપ્યા જ જાય છે તેની કૃપા અમારાથી શી રીતે તરછોડાય?"

૧૦૧૫-૧૦૨૧ આવું સાંભળીને અને મારા સ્વામીને આમ ભયંકર રીતે બાંધેલા જોઇને હું તો છાતીફાટ રડવા લાગી. સ્વામીને સ્નેહબંધને બંધાયલી હું છુટે મ્હોંએ વિલાપ કરવા લાગી કારણ કે હવે કોઈ આશા દેખાતી નહોતી. મારી આંખોમાથી એવા તો અનર્ગળ આંસુ વહી ગાલ ઉપર થઇ છાતી ઉપર વહેવા મંડયાં કે કેદ પકડાયેલી બીજી કેટલીક સ્ત્રીઓને પણ રડવું આવ્યું. મેં કલ્પાન્ત કર્યું, માથું કુટયું, માથાના વાળ પીંખ્યા, ને છાતી કુટી (પળવાર સુખદ સ્વપ્નુ આવે તો ય હું તો આમ જ રડું) "મ્હારા વહાલા, સ્વપ્નમાં હું તમને પામી હતી, જાગો ને હું એકલી જ પાછી રોઇશ." મારી વેદનામાં આમ મેં બહુ કલ્પાન્ત કર્યું.

૧૦૨૨ કેટલાક લૂટારા ખૂબ આનંદ ઉડાવતા હતા અને વીણા ઉપર આમ ગાતા હતાઃ—

૧૦૨૩-૧૦૨૬ વારણહારી વાણીની પરવા કર્યાં જ વિના,
જીવનમરણને ઓળંગી સાહસ કરીને,
ધાર્યું લેવુ એ જ વીરનું કામ છે.

કારણકે બીજાની પેઠે મોત તો આવવાનું,
પણ વિના સાહસે ધાર્યું મળવાનું નહિ,
માટે વેળાસર સાહસ કરવા દોડે
જે જિત્યો છે તે જ સુખે મરે છે,
કારણકે વીરપુરુષ જ, ગયેલું સુખ પાછું આવે
ત્યા સુધી, ઉત્સાહને તાબે રાખી શકે છે
૧૦૨૭ સાચે જ, વીર વેદના વેઠતે વેઠતે પણ,
વીરતાથી હરકતોને ધકેલ્યે જાય, તો
સુખરૂપી નારીની સાથે આનદ કરે છે

૧૦૨૮–૧૦૩૩ ત્યાર પછી મારા સ્વામીએ મને કહ્યુ ‘શોક કર ના, મારી વહાલી, પણ હુ તને કહુ છુ તે સાભળ! આ કેદખાનામાથી નાશી છુટ્યુ બની શકે એમ નથી જ વળી માણસે વિના આનાકાનીએ જમદેવની આજ્ઞાને તાબે થવુ જોઇએ એ એકવાર માણસને પકડે એટલે બીજો ઉપાય જ નહિ રાત્રે તારા ને ગ્રહને લેઇને ફરનારો આકાશનો ચદ્ર પણ (સપૂર્ણતામાથી ધીરે ધીરે ક્ષય પામી આખરે બધો ય અંધારો થવાના) દુર્ભાગ્યને તાબે થાય છે ત્યારે સામા ય પ્રાણીને તો કેવડો મોટો ભો છે! સ્થળ, કાળ, વસ્તુ ને પ્રકારને અનુસરી માણસને એના કર્યા કર્મના ફળ મળે ને તેને અનુસરીને સુખદુખ મળે એ તો મહાનિયમ જ છે તેથી મારી પ્રિયા, હિંમત હારતી ના! સમસ્ત પ્રાણીજગતમા એવુ કોઇ નથી કે જે સુખ દુખને નક્કી કરનારા એ નિયમને ઓળગી શકે ’

૧૦૩૪–૧૦૩૮ આ દિલાસો દેનારા શબ્દોથી મારો શોક કઇક ઓછો થયો પતિની સાથે બધાયેલી હરણીની પેઠે હુ બીજી કેદ થઈ પડેલી સ્ત્રીઓ તરફ જોવા લાગી મારા વિલાપથી કેટલાકની આખોમાથી આસુ વહ્યા જતા હતા, અને હવે તે પણ પોતાના દુખ સભારી રડવા લાગી બીજી જે સ્વભાવે જ સહૃદય હતી એ તો અમારા આવવામા જ લાગણી થવાથી રડી પડી હતી રોતી આખે એ પુછવા લાગી ‘તમે કયાથી આવો છો? અને તમે આ લૂગારાને અભાગી હાથે કેવી રીતે પડ્યા!’

૧૦૩૯–૧૦૪૨ (પાછલા ભવની કથાથી માડીને) અમારા નશીબની સૌ કથા મે એમને રડતી આખે કહી સભળાવી હાથી નાઠવા આવ્યો અને શિકારીએ એને બદલે મારા ચક્રવાકને માર્યો, અમે એ ભવમા કેમ સુખી હતા, કેમ હુ એમની પાછળ સતી થઇ અને અમે બે વત્સનગરમા માનવભવમા અવતર્યા, કેમ ત્યા ચિત્રોની સહાયતાથી અમે એકબીજાને શોધી કાઢયા, કેમ મે મારા પ્રિયને વિનતી કરી, પણ એમણે ના પાડી એટલે મે મારી સખી સારસિકાને મોકલી, અને છેવટે અમે મછવામા બેસી નાઠા અને ગગાને રેતીને કાઠે લગારાને હાથે પકડાયા (એ સૌ કહી સભળાવ્યુ)

૧૦૪૩-૧૦૪૬. (ત્યાં ઉભો હતો) એ લૂટારાને આ (બધું) સાંભળીને દયા આવી અને મારા પતિના બંધ ઢીલા કરવા એમની પાસે ગયો. પણ પેલી કેદ પકડાયલી સ્ત્રીઓને તો એણે એવી સખત ધમકાવી કે વાદળાંના કાટકાથી ગભરાઇને જેમ હરણીઓ નાસે એમ એ છુટી પડીને નાઠી. અને એ બધી જતી રહી કે તરત જ એણે મારા સ્વામીને છાનુમાનું કહી દીધું, કે. 'તારે હવે ડરવાનું કારણ નથી; હું તમને મોત-માંથી ઉગારી લેઇશ. તમારાં જીવન બચાવવાને માટે મારા જીવનને જોખમમાં નાખીને પણ ગમે તે પ્રકારે ઉપાય કરીશ.'

૧૦૪૭-૧૦૫૦. એના મુખની આવી વાણી સાંભળીને અમારી મરણચિંતા એકેવારે ચાલી ગઈ અને (અમારા હૃદયમાં) હર્ષ વ્યાપી રહ્યો. છતાં યે છુટવાની અમારી એ આશા સફળ થાય એટલા માટે અમે ઉપવાસ કરી, અમે આજે કોઈપણ પ્રકારનો આહાર લેઇશું નહિ' એવા, જિનપ્રભુને સ્મરી, પચ્ચખાન કર્યો; તેથી લૂટારાએ જ્યારે અમારી સામે સ્વાદિષ્ટ માંસાહાર આણી મુકયો ને બહુ લાંબો પ્રવાસ કરવાનો હોવાથી એ ખાવાને કહ્યું ત્યારે અમે કહ્યું, કેઃ 'અમે એ ખાતા નથી, માટે ખાઈશું નહિ.'

(૯. ઘેર આવવું.)

૧૦૫૧-૧૦૫૫. હવે સૂર્યભગવાનની (આથમતાં) પ્રભુતા ને તાપ ચાલ્યો ગયો, પદભ્રષ્ટ થયેલા રાજા જેવો એ દેખાયો, વાતાવરણમાંથી પાર નિકળી ગયા પછી ઉગતી વખતે દેખાય છે એવો (તાપની નબળાઈથી લાલ) દેખાવા લાગ્યો. દિવસ પુરો થયાના સમાચાર સૌ ઝાડ પણ આપવા લાગ્યાં-એ પણ નમતાં દેખાયાં અને તેમની અંદરના માળામાં પક્ષીઓ આરામ માટે એકઠાં થવા લાગ્યાં. આંખ સામે મરણ દેખીને અમે આટલું બધું રડયા ને કકળ્યાં હતાં ને તેણે કરીને બહુ લાંબો થએલો દહાડો પુરો થયો. પૃથ્વીને આરામ આપતી તથા આકાશને શણગાર સજાવતી રાત્રિ ભવ્યરૂપે આવી. ચંદ્ર પણ પોતાનો મૃદુ, જુઇનાં ફુલ જેવો સફેદ પ્રકાશ પાડતો પોતાના કપાળમાં ચાંલ્લો (સસલાનો દાઘ) કરીને બહાર આવ્યો.

૧૦૫૬-૧૦૬૪. એવે લૂટારાની એ ગુફામાં કોલાહલ મચી રહ્યો. પીતા ને નાચતા લૂટારા તથા કેદીઓ બુમો પાડીને, હશીને, વગાડીને અને ગાઈને શોર કરવા લાગ્યા. જ્યારે એ લોક શાન્ત થઇ ગયા ત્યારે અમારે પહેરેગીરે મારા સ્વામીના બંધ છોડી નાખ્યા ને કહ્યું. 'ચાલો, હવે હું તમને લેઈ જાઉં.' પછી કોઇ જાણે નહિ એવી રીતે અમને એ બહાર લેઈ ગયો, અને એક છુપે વનમાર્ગે આગળ ચાલ્યો. એ ત્યાં ઘણું રખડેલો તેથી ત્યાની સૌ ગલીકુચીઓ જાણતો. એ ચારે દિશાએ નજર રાખ્યા જ કરતો. આ નીરવ પ્રવાસમાં અમને ઘણીવાર થાક પણ ખાવા દેતો. અસ્ત્રશસ્ત્ર એણે સજેલાં હતા ને કમરે પટ્ટો કસ્યો હતો. એવી રીતે એ અમારી સાથે ચાલતો.

૧૦૬૫-૧૦૬૭. એકાદ ઝાડમાથી થોડાંક પખીઓ (અરધી ઉંઘમાંથી જાગીને

ઉડી જતા અને એમની પાખોનો અવાજ, પુ ટ્ડી ખાઇને પડતા સુકા પાદડાના ખખડાટ જેવો સભળાતો વળી રાની ભેસો, વાઘ, ચિત્તા અને જરખની બૂમો, તેમજ પખીઓની અનેક પ્રકારની ચીસો (દૂરદૂરથી) સભળાતી અમે મહાભયમા પડતુ મુકયુ હતુ તે છતા ય, અમે કહી શકીએ કે, વનના બધા પ્રાણીઓ ને પશુપખીઓ સારે નશીબે શાન્તિ રાખી રહ્યા હતા

૧૦૬૮–૧૦૭૧ છેવટે મે હાથીઓએ તોડી પાડેલા ડાળ જોયા, જેના ઉપરથી ફળફુલ તોડી લીધા હતા આ અને બીજી નીશાનીઓથી જાણી લીધુ કે હવે અમે વનને છેડે આવ્યા છીએ અને ત્યારે એ લૂટારાએ અમને કહ્યુ ‘ હવે તમે વનની બહાર આવ્યા છો ને હવે કઇ ભો જેવુ નથી પાસે જ ગામડા આવે છે આ મેદાનને રસ્તે તમે ચાલ્યા જાઓ હુ પણ બીજે રસ્તે ચાલ્યો જાઉં છુ લૂટારાની ગુફામા મારા સરદારના હુકમને અનુસરીન કેદમા રાખ્યા ન સતાવ્યા તે માટે ખમા કરજો ’

૧૦૭૨–૧૦૭૫ મારા સ્વામીએ ઉપકારની લાગણીથી લૂટારાની, અમારૂ ભલુ કરનારની, આખ સામે જોયુ અને શુદ્ધ નમ્રસ્વરે કહ્યુ ‘ અમારે કોઇ (સહાયક) સબધીઓ પાસે હતા નહિ તેવી વેળાએ, તમને એવો હુકમ હતો છતા, તમે અમારા જીવન ઉગારી લીધા છે કોઇ પણ આધાર કે છત્ર વિનાના અને જીવનાશા હારી બેઠેલા અમને તો એમજ લાગ્યુ હતુ કે અમે ફાશીએ ચડી ગયાં છીએ અને અમારા ગળા ઉપર (મોતની) દોરી લાગી છે, એ દોરીને તમે વીરતાથી કાપી નાખી છે વત્સનગરમા વસતા શેઠ ધનદેવનો પુત્ર હુ પદ્મદેવ છુ, એ વાતની કોઇ પણ સાખ પુરશે ’

૧૦૭૬–૧૦૭૯ અને વળી એમણે કહ્યુ ‘ ચાલો ત્યા, અમે તમને સારી પેઠે બદલો આપીશુ ’ લૂટારાએ ઉત્તર આપ્યો ‘ જોઇ લેઈશુ ’ (તે ઉપરથી મારા સ્વામીએ ફરી કહ્યુ) ‘ જ્યારે ત્યા આવવાનુ થાય ત્યારે તમને સમ છે કે, તમે અમા જરૂર મળજો જેણે જીવ બચાવ્યો હોય તેને તેના જેવો સરખો બદલો તો કદી જ આપી શકાય નહિ, પણ તમે અમારા ઉપર કમમા કમ એટલી તો કૃપા કરશો જ કે જેથી અમે તમારો સ્નેહભર્યો આદર કરી શકીએ ’

૧૦૮૦–૧૦૮૧. એણે ઉત્તર આપ્યો ‘તમે મારાથી સતોષ પામ્યા છો એ જ મારે તો ઘણ છે’ આટલુ બોલ્યા પછી વળી એ બોલ્યો ‘હવે તમે તમારી મેળે ચાલતા થાઓ’ એમ કહી એ પર્વતને રસ્તે ચાલતો થયો અને અમે મેદાનમા રખડવા લાગ્યા

૧૦૮૨–૧૦૮૬. રસ્તા વિનાના મેદાનમા મારાથી ચાલવુ મુશ્કેલ થઈ પડયુ અત્યાર સુધી અમે બહુ ઉતાવળે ચાલ્યા હતા અને હવે તો ભુખ, તરસ ને થાકથી અકળાઈ ગઈ હતી તેથી ડેવળ સુકાઈ ગએલું મ્હોએ ચાલતા પગ લથડતા હતા મારાથી જરા ય ચાલવુ અશક્ય થઈ પડયુ એટલે મારા સ્વામીએ મને પોતાની પીઠ ઉપર ઉચકી લીધી, પણ એમને શ્રમ પડે એથી તરત જ નીચે ઉતરી પડવા મે જોર

કર્યું, પણ મને શ્રમમાંથી ઉગારી લેવાને માટે એમણે કહ્યું: 'આપણે છેક ધીરેધીરે જઈશું જો આ વન ધીરેધીરે આછું થઇ ગયું છે. વળી ગાયોએ ઠેરઠેર લોંય ખોદી નાખી છે અને કોઇ કોઇ ઉકરડા પણ દેખાય છે. એ બધાથી સ્પષ્ટ છે કે કોઇ ગામ પાસે જ છે, હવે તને સારી રીતે વિશ્રામ મળશે.'

૧૦૮૭-૧૦૮૯. પળવારમાં મારો ભો ટળી ગયો અને ગાયોને-ગૃહજીવનની માતાઓને-મારી સામે જ જોઇને મને આનંદ થયો. વળી કાનમાં ફૂલના ગોટા ઘાલેલા ને હાથમાં ઝાડની ડાંખળીઓ ઝાલેલા ગોવાળીઆના છોકરા પણ અમે જોયા. ઉત્કંઠાએ એમણે અમને પુછયું: 'આવે ઓતાડે માર્ગે તમે ક્યાંથી આવો છો?' મારા સ્વામીએ કહ્યું કે 'અમે ભુલાં પડયાં છીએ' ને પછી પુછયું:

૧૦૯૦. 'આ દેશનું નામ શું? અને (પાસેના) નગરનું નામ શું? તમારૂં ગામ કયું અને અહીંથી એ કેટલે છેટે છે?'

૧૦૯૧. એમણે ઉત્તર વાળ્યો 'અમારૂં ગામ ખાયગ છે: અહીં આ વન પુરૂં થઇ રહે છે, એથી બીજું કંઈ વધારે અમે જાણતા નથી.'

૧૦૯૨-૧૦૯૪. થોડે આગળ ગયાં ત્યાં તો ખેડેલી લોંય આવી અને મારા પ્રિય બોલી ઉઠયા: 'પણે પેલી જુવાન નારીઓ ગામમાંથી નિકળી વનમાં પાંદડાં વીણવા જાય છે. મારી સુન્દરતનુ પ્રિયા, સફેદ કટિમેખળા નીચે એમની ગોળ ગતાશ પડતી જાગો કેવી સુંદર દેખાય છે!' આવાં આવાં સ્નેહભર્યાં વચનો બોલીને મારા સ્વામીએ મારો ક્લેશજનક થાક ઉતારવા પ્રયત્ન કર્યો

૧૦૯૫-૧૦૯૭. પછી અમે ગામની જરાક એક બાજુએ આવેલા તળાવ ઉપર આવી પહોંચ્યાં, તેના સ્વચ્છ પાણીની અંદર માછલાં હતા ને ઉપર કમળફુલ હતાં. અમે નિશ્ચિંતમને ગામડાના આ તળાવમાંથી કમળે સુવાસિત કંચન જેવુ પાણી ખોબે ખોબે પીધું. ત્યાર પછી વળી અમે (છછરા) પાણીની અંદર ઉતર્યા અને ઠંડું પાણી અમારા (મ્હો) ઉપર છાંટયું, પછી થાક તથા ચિંતાથી મુક્ત થઇને ગામ તરફ ચાલ્યાં.

૧૦૯૮-૧૧૦૦. ત્યાં તો અમે સુંદરીઓને ઘડામાં પાણી ભરી જતી જોઇ, એમણે કેડ ઉપર ઘડા લીધા હતા અને બલૈયાંથી શોભતા હાથ (ઘડાને) ગળે વીંટાળી રાખ્યા હતા. અને મારા મનમાં પ્રશ્ન ઉઠયો: 'ત્યારે આ ઘડાએ એવું તે શું પુણ્ય કર્યું હશે કે એ નવનારીઓની સોડમાં પુરૂપો હોય એવા બેઠા છે અને એમના હાથમાં સુંદર આલિંગન પામ્યા છે?' પણ એ સુંદરીઓ તો એકીટસે આશ્ચર્યદૃષ્ટિએ અમારી સામે જોઈ રહી.

૧૧૦૧-૧૧૦૭. જે ગામમાં અમે આવ્યાં હતા તેની ચારે બાજુએ કળાવિનાની અને છતાં યે સુંદર વાડ હતી. નારીઓ જાણે પહેરા ઉપર ઉભી હોય એવી એ દેખાતી હતી, કારણકે નારીઓનાં સ્તન જેવાં તુંબડાં એના ઉપર લટકતાં હતાં. જ્યાં આ-

ગળથી ગામની સ્ત્રીઓ અમને જોતી હતી, ત્યા આગળથી એ વાડ કમનસીબે ભાગેલી હતી તેથી એ સ્ત્રીઓ આશ્ચર્યથી અમારી સુંદરતા જોતા આખ પણ ફરકાવતી નહિ, અને જોવાની સ્પર્ધામા અદરની બાજુએથી (વાડ) ઉપર પડતી ને તેને હડસેલતી અને કોલાહલ મચાવતી આમ (વાડના) ભાગવાથી અવાજ થતો એટલુ જ નહિ, પણ (ઉત્સુકતાએ બહાર આવેલી) આધેડ સ્ત્રીઓને જોઈને કેટલાક કુતરા ચમ તા ને ઉચા મો કરીને ભસવા લાગતા અમને જે સ્ત્રીઓ જોતી હતી તેમાની કેટલીક તો માદી ને ફીકી દેખાતી હતી, એમને તાવ આવતો હતો અને (દુબળી પડી જવાથી) એમના બલૈયા ઢીલા પડી ગયા હતા એમની પાછલી બાજુએ ધોળો પોશાક પહેરેલી (તદુરસ્ત) તરુણીઓ કેડમા છોકરા લેઇને પોતાના ઘરમાથી બહાર નિકળી આવી હતી આવા આવા અનેક દેખાવ જોયા અને જણના, અને આમતેમ જોતા જોતા અમે ધીરેધીરે (એ ગામની) શેરીમા પેઠા

૧૧૦૮-૧૧૧૦ વનમા હતા ત્યારે ગમે એમ કરીને જીવ બચાવવાની ખાતર અને વનમાથી નિકળી જવાની ખાતર, (જે પગે હુ ચાલતી હતી તે) પગના ઘાની કે ભૂખની કે તરસની કે થાકની મે (બહુ) પરવા કરી નહોતી, પણ હવે તો ભો ટળી ગયો હતો ને ભવિષ્ય નક્કી થઈ ગયુ હતું, તેથી ભૂખ તરસ ને થાક વિષેના મને વિચાર આવ્યા ને મે મારા સ્વામીને કહ્યુ 'પ્રવાસીને કરવુ પડે છે એમ આપણે પણ ખાવાનુ માગીએ '

૧૧૧૧-૧૧૧૭ જેમનુ સો ધન લુગરાએ લૂટી લીધુ હતું એવા મારા સ્વામી બોલ્યા ' જેમને અનગ્ર કુળાભિમાન હોય છે તેમને તો, ગમે એવા સકટમા આવી પડયા છતા, લોકની પાસે ભીખારીને વેશે જવાનુ ભારે પડે છે ગામના લોક પાસે જઇને ઉભો રહુ એ તો મને શરમ ભરેલુ ને નીચુ જોવા જેવુ લાગે કારણ કે (ભીખારીની પેઠે) આમ ઉભા રહેવુ એ તો જેનામા કઈક લાગણી છે એવો માણસ, એનુ બધુ જતુ રહ્યુ હોય અને વગમામા દુખે ઘેરાયો હોય તે ય, પસદ ન જ કરે જે જીભ દુખને સમયે ફરિયાદ કરતા સયમમા રહે એ જીભ ભીખ માગવાનુ શી રીતે કબુલ કરે! અને છતા યે, મારી પ્રિયા, એ અભિમાન હોવા છતા યે તારે માટે ગમે તે કરતા પણ અચકાઇશ નહિ, તેથી આ શેરીના શણગારરૂપ આ મદિરમા તું થોડીવાર થાક ખા, તારે માટે ખાવાનુ શી રીતે લાવવુ એનો હુ વિચાર કરૂ છુ '

૧૧૧૮-૧૧૨૧ ચારે બાજુએથી ખુલુ અને દરેક ખુણાએ થાભલાને ટેકે રહેલુ એવુ એ મદિર હતુ અને ત્યા પવને દિવસે વ ટેલા જુવાનીઆ મેળો ભરતા (વનમાથી નિકળ્યા પછી જે ખેતરો આવ્યા હતા તેની આ બાજુની સીમા ઉપર જ આવેલા) આ મકાનના ખડમા અમે પેઠા એ મુકામ પ્રવ મીઓને ઉતરવા (ગામ લોકોએ) બાંધ્યો હતો તેમા (ગામના) ગૃહસ્થો (જગતની નવીજુની જાણવાની ઈચ્છાએ) અને વળી

ગામનાં છોકરાં (રમવા માટે) એકઠાં થતાં વનમાં બધા પ્રકારનાં બીજ અને પ્રકર્ષે બાળવીને સાચવી રાખનાર, (રાજા) દશરથનાં સત્તીપુત્રવધૂ, જગત્પ્રસિદ્ધ સીતાજીનું સ્મરણ કરીને જમીન ઉપર એક ચોકખી ને ગંગાનાં કણુસલા જેવી ચળકતો જગાએ બેઠાં.

૧૧૨૨–૧૧૨૯. એવામાં તે ખોડખાંપણ વિનાના બાંધાના એક સુંદર જુવાનને ચપળ સિંધી ઘોડા ઉપર બેશીને આવતો અમે જોયો. એણે બહુ જ નરમ ધોળાં સુતરેલ કપડાં પહેર્યા હતાં. તેની આગળ સિપાઈઓ અને બીજા માણસો ઉતાવળે પગલે ચાલતા હતા. હું જરૂર (એની નજરમાં) એક પુરૂષની શોભનમાં નગરનારી જેવી દેખાતી હોઇશ! પણ હું તો શરમાયા વિના અમારા સીતામંદિરના અષ્ટકોણ થાંભલાને અઢેલીને ઉભી રહી કુલ્માષહસ્તી (એ અશ્વારનુ નામ એવું હતું) અમારા મંદિરની ડાબી (દેવના માનમાં) બાજુએ થઈને ચાલ્યો, પણ મારા સ્વામીને દેખતા જ તે એકદમ ઘોડા ઉપરથી છલંગ મારીને ઉતરી પડ્યો એ મારા સ્વામીને પગે પડયો ને ઉંચે સ્વરે રડી પડીને બોલ્યોઃ 'હું તમારા ઘરમાં બહુ દહાડા રહ્યો છું.' મારા સ્વામીએ એને ઓળખ્યો કે તરત જ એને એ આવેગથી ભેટી પડ્યા ને પુછવા લાગ્યાઃ 'તું અહીં ક્યાંથી! (મારા પિતા) શેઠ કુશળ છે? મારાં બા ને બીજાં સૌ આપણાં સંબંધી ને મિત્રો કુશળ છે!'

૧૧૩૦. મારા સ્વામીની સામે એ જમીન પર નમીને બેઠો અને પોતાના જમણા હાથથી એમનો ડાબો હાથ ઝાલી સમાચાર કહેવા લાગ્યોઃ

૧૧૩૧-૧૧૪૨. "નગરશેઠના ઘરમાં મોટે મળસકે ખબર પડી ગઇ કે દીકરી દેખાતી નથી ત્યારે એની સખીએ (સારસિકાએ) તમારી પાછલા ભવની બધી કથા કહી સંભળાવી, અને તમે કેમ તૈયારી કરીને નાશી ગયાં એ વાત પણ એણે કહી. પછી તરત જ નગરશેઠ તમારા પિતા પાસે ગયા અને બોલ્યા 'હું કંઇક કઠોર થયો હતો એને માટે કૃપા કરીને મને ક્ષમા આપશો. મારા જમાઇની (હવે એમને જમાઈ માનીશ) શોધ કરાવો! તરત જ એ ઘેર આવે તો ય એમને (મારાથી) બીવાનું કારણ નથી. એ બિચારો જુવાન પરદેશમાં અજાણ્યા લોકની વચ્ચે શું કરશે?' ત્યાર પછી એમણે (તમારા પિતાને) શેઠને તમારા પાછલા ભવની બધી કથા અથથી તે ઇતિ સુધી, જે પ્રમાણે એમણે સખી પાસેથી સાભળી હતી તે પ્રમાણે, કહી સંભળાવી. અને તમારી કોમળ હૃદયની માતા તો તમે આમ અકસ્માત્ અળગા થઈ ગયા તેથી શોકમાં ડુબી ગયા, અને એવું છાતીફાટ રડવા લાગ્યા કે પાસે બેઠેલાને પણ રડવું આવ્યું. આખા વત્સનગરમાં એક મોંઢેથી બીજે મોઢે એમ સૌ જગાએ વાત જણાઈ ગઇ કે શેઠના દીકરાને ને નગરશેઠની દીકરીને પોતાનાં (સહ)જીવનની કથા યાદ આવી છે. હવે શેઠે ને નગરશેઠે તમને ખોળી કાઢવાને ચારે બાજુ અનેક માણસો મોકલ્યા છે; અને પણ સવારમાજ પ્રયાગ (નામે નગર) તરફ તમારી પુછપરછ કરવા

મોકલ્યો હતો, કારણ કે મારા પિતા ત્યા રહે છે, પણ ત્યા તમારો કશો પત્તો લાગ્યો નહિ છતા યે મે વિચાર્યું કે જેમની મિ કત નાશ પામી હોય છે, કે જેમને માથે બીજા સકટ આવી પડ્યા હોય છે, અથવા જેમણે અપરાધ કર્યો હોય છે, કે જે કઠણ જાદુ વિદ્યા શિખ્યા હોય છે (એમને પ્રયોગ કરવા માટે વનમાની સામગ્રીઓની જરૂર પડે છે), તેમને વનવગડાના પ્રદેશમા ફરવાનુ ગમે છે તેથી એવે એવે ઠેકાણે તપાસ કરવા ને નજર રાખવા ગયો હતો અને અત અહીં આવી પહોચ્યો છુ હવે અહીં મારા શ્રમનો બદલો આપ્યો છે તમારા ઉપર શેઠે અને નગરશેઠે નિજહાથે લખેલા આ કાગળો આપ્યા છે ”

૧૧૪૩-૧૧૪૭ તરત જ માથુ નમાવીને મારા સ્વામીએ પત્રો લીધા અને પોતાના મિત્રને જણાવ્યું કે ‘એ થાક ખાવાને ત્યા બેઠી છે’ કાગળો ઉઘાડીને (પોતે પ્રથમ વાચીને) ધીરે ધીરે વાચવા લાગ્યા, રખેને એમા લખેલુ કઈ છાનુ ઉતાવળે વાચી ના નખાય કાગળોની બધી મતલબ જાણી લીધા પછી, એમણે એ કાગળો (કશુ છુપાવવાનુ હતું નહિ તેથી) મોટેથી વાચી સભળાવ્યા, એટલે હુ પણ એથી વાકેફગાર થઇ કાગળો સાભળ્યા તે પ્રમાણે તો જરા યે ક્રોધ વિના એ લખાયા હતા અને પુષ્કળ વાત્સલ્યભાવ એમા બતાવ્યો હતો, વારવાર લખ્યુ હતું કે ‘ઘેર આવો!’ આથી મારી ચિંતા તો એકેવારે વેગળી થઈ ગઈ અને મારા હૈયામા આનદઆનદ વ્યાપી રહ્યો

૧૧૪૮-૧૧૫૫ એટલામા કુલ્માષહસ્તીની આખો મારા સ્વામીના હાથ ઉપર પડી એમના એ હાથને (લૂટારાની ગુફામા) બહુ સખત બધને બાધ્યાથી સોરાયા હતા ને તેથી જુદી જ જાતના દેખાતા હતા, વળી સુજી પણ ગયા હતા અને એણે (એમને) કહ્યુ ‘રણક્ષેત્રમા ઉતરેલા જોદ્ધાના જેવા તમારા હાથ હાથીની સુઢ સમાન બળવાન છે અને સાથે સાથે અનેક ઘાથી જુદા જ પ્રમાણના ને સુજેલા દેખાય છે એવું જે મે સાભળેલુ તે વાત ત્યારે ખરી કે?’ તરત જ, અમે કેવા કેવા ભયકર દુખ (લૂટારાની ગુફામા) વેઠયા હતા એ એને કહી બતાવ્યું પછી ગામમા સૌથી સારે ઘેર એ અમને, આરામ થાય એટલા માટે, લેઈ ગયો એ ઘર બ્રાહ્મણનુ હતું બ્રાહ્મણ અમારી સાથે સબધ રાખી શકે એવી સ્થિતિના અમે હોવાથી એ બ્રાહ્મણકુટુબમા (બ્રાહ્મણ) સરખો આદર પામ્યા, પાણીના કરવા વાપરી શકયા, વળી હાથ ધોવાને ચોકખુ પાણી મળ્યું અને પછી તરત જ સ્વાદિષ્ટ ભોજન અમને જમાડ્યા, અમે ઉપકાર માન્યો કે અમને આવી પ્રભુની પ્રસાદી મળી અમે હાથ મો ધોઇને અમારા પગના ઘામા ગરમ ઘી ચુકયુ, અને ત્યાર પછી એ કુટુબમાથી વિદાય લેઇ નિકળ્યા

૧૧૫૬ આમ ફરી અમે હતા એવા થઈ ગયા ને હવે બને જણા ઘોડા ઉ

પર ચઢ્યાં. કુલ્માષહસ્તી અને તેના સિપાઇઓ તથા માણુસોને લેઈને ઘર તરફ અમે ચાલ્યાં.

૧૧૫૭-૧૧૭૭. પહેલા તો અમે પ્રણાશક નગર ભણી ચાલ્યા. એ નગર એવું તો સુંદર છે કે એને આખા પ્રદેશનું મોતી અને ભાગ્યદેવીનું સ્થાન કહેવું જોઇએ. પોતાની સખીને ઉતાવળી ઉતાવળી મળવા જતી, ને નીચાણના પ્રદેશમાં બે કાંઠે વહેતી, ને પીવા જેવા સ્વચ્છ પાણીવાળી તમસા નદી (માર્ગમાં આવતી હોવાથી) અમે મ-છવામાં બેશી ઓળગી ગયાં એટલે અમે પ્રણાશક નગરથી શોભી રહેલા એ બે નદી-ઓના સગમસ્થાનમાં તે ને તેજ દિવસે આવી ઉભાં. અને કુલ્માષહસ્તીએ (ઉતાવળે) ગોઠવણ કરી દીધા પ્રમાણે ધોરીમાર્ગે થઇને મહા આનંદે અમારા કુળમિત્રના સંબંધીને ઘેર આવી ઉતર્યાં. ત્યાં અમારો સ્નાનથી, ભોજનથી અને તૈલમર્દનથી સારી રીતે સત્કાર થયો અને ત્યાર પછી વળી રાત્રે સુંદર નિદ્રાનો લાહવો મળ્યો. બીજે દિવસે સવારમાં ઉઠીને દાતણપાણી કર્યાં, નાહ્યાં, દેવની ઉપાસના કરી ને પછી થાક, ભય અને ભૂખથી મુક્ત થઇને વળી પાછાં પથારીમાં સુતાં. તે દરમિયાન કુલ્માષહસ્તીએ અમે ઘર તરફ આવીએ છીએ એવા સમાચાર આપવા, કૌશામ્બીમાં અમારા માબાપ ઉપર કાગળ લખી નાખ્યા. જેટલા દિવસ અમે ત્યાં રહ્યાં તેટલા દિવસમાં ખાનપાન વગેરે સર્વ પ્રકારની અમને જોઈતી સામગ્રીથી અમારાં દુઃખની નિશાની સુદ્ધાં ભુંસી નાંખવા એ લોકોએ પ્રયત્ન કર્યો. થોડા દિવસ પછી જ્યારે અમે પૂરેપૂરા સાજા થયા ત્યારે કૌશામ્બી તરફ જવાની અમે ઈચ્છા દેખાડી પ્રવાસની સૌ તૈયારીઓ થઇ. સ્ત્રીઓએ બહુ યે ના પાડી, તો ય ઘરનાં બાળકોને મેં એક હજાર કાર્ષાપણની (રકમની) બક્ષીસ કરી, જેમાંથી અમારે માટે થયેલું લગભગ બધું ખર્ચ વળી જાય. મારા સ્વામી એટલી બક્ષીસ આપતાં શરમાતા હતા, કારણ કે એવા સ્નેહભર્યા આદરની એવી કિંમત એમને બહુ ઓછી લાગતી અને એવી વાત કરતાં એમને સંકોચ થતો. (જ-તી વખતે મળી લેવાને) એ સ્નેહીઘરની સૌ સ્ત્રીઓને મેં અને સૌ પુરૂષોને મારા સ્વામીએ મળી લીધું. પ્રવાસમાં જરૂર પડે એવી સૌ ચીજો ને ઔષધો સુદ્ધાં અમે સાથે લેઇ લીધાં, જેથી માર્ગમા કશી અડચણ પડે નહિ. ત્યાર પછી મારા સ્વામી સુંદર ઘોડે ચઢ્યા, તે ઘોડો મારા રથની પાછળ ચાલતો હતો. શેઠે અને નગરશેઠે મોકલેલા ચાકરો જ માત્ર નહિ, પણ વળી (એ ચાકરો સાથે કૌશામ્બીથી આવેલો એ અમારો ગૃહમિત્ર) કુલ્માષહસ્તી અને તેનાં માણુસો પણ ચારે બાજુ વીંટાઈ વળીને ચાલતાં તે ઉપરાંત ધાડ પડેલી ત્યારે પોતાની શૂરવીરતા અનેકવાર દેખાડેલી એવા માણુસોને હથિયારબંધ કરીને અમારે રખવાળે મોકલ્યા હતા. આમ અમે ચૌટામાં થઇને પ્રણાશક નગરમાંથી નિકળ્યાં ત્યારે અમારા ભપકાથી સૌ વસ્તી આશ્ચર્યમૂઢ થઇને જોઈ રહી. અને અમારા મિત્રનો અડધો અને અમારો પોતાનો અડધો એમ બેવડો કહેલો લેઇને, કોઈથી ન ઉતરે એવા ભપકાથી, અંતે (એમની નજર) બહાર અમે નિકળી ગયાં ત્યાંસુધી રાજમાર્ગને રસ્તે જતાં હજારો લોક અમારી ઉપર તાકીને જોઈ રહ્યા.

૧૧૭૮-૧૧૮૨. હવે મારા સ્વામીએ ગાડીવાનને કહીને મારો રથ ઉભો રખાવ્યો અને પોતે મારી પાસે અંદર આવ્યા ત્યારપછી વળી પાછો સાથ ચાલ્યો (માર્ગમાં) પછી ઉંચી ડાંગરના ખેતર, વિસામાના ચોતરા તથા પગો જોતા ધીરેધીરે અમે વાસાલિક નામે ગામ આવી પહોચ્યા ત્યાં પર્વતના (લીલોતરીથી ઢંકાયેલા) શિખર જેવું એક પ્રાચીન વડનું ઝાડ જોઈને અમને આનંદ થયો કોઇપણ પ્રવાસીને આનંદ આપે એવું એ મનોહર ઝાડ હતું ખુબ પાંદડાવાળી એની ઘટામાં પંખીઓના ટોળેટોળા એના ઉપર બેઠા હતા અમારો ગૃહમિત્ર એ જોઇને બોલ્યો

૧૧૮૩-૧૧૮૫ 'આપણા ધર્મના પ્રવર્તક વર્ધમાન (મહાવીર-૨૪ માના છેલ્લા તીર્થંકર) સંસારનો ત્યાગ કરીને જ્ઞાન પામ્યા તે પૂર્વે અહીં એમણે વાસ કર્યો હતો અને તેથી આ જગ્યાનું નામ વાસાલિક પડયું પરિણામે એ જિનેશ્વર ભગવાનના સ્મરણમાં હજારો દેવ, કિન્નર ને માણસો આ વડના ઝાડની પૂજા કરે છે '

૧૧૮૬-૧૧૮૮ આ વચનો સાંભળીને અમે બંને પુજ્યભાવે ને આનંદભર્યે હૈયે રથમાથી નીચે ઉતર્યાં જિનભગવાનના સ્થાનકના દર્શન કરવાને અમને ઈચ્છા થઇ અને વડના મૂળને અમારા કપાળવડે બહુ શ્રદ્ધાથી અને નમ્રતાથી સ્પર્શ કર્યો હાથ જોડીને હું બોલી 'હે ભાગ્યશાળી વૃક્ષ, તું ધન્ય છે કે જિનભગવાન મહાવીર તારી છાયામાં આવી રહ્યા '

૧૧૮૯-૧૧૯૦ એ વડની એમ પૂજા કર્યા પછી અને ત્રણવાર એની પ્રદક્ષિણા ફર્યા પછી પાછા અમે તાજા થઇને વિચાર કરતા ફરી રથમાં ચઢયા જ્યાં (ભગવાન) વર્દ્ધમાને શાન્તિએ વાસ કર્યો હતો તે સ્થાનનું દર્શન કર્યાથી મને ઘણો આનંદ અને ઉલ્લાસ થયો અને લાંબા સમય સુધી હું એ વિચારમાં નિમગ્ન થઈ રહી

૧૧૯૧-૧૧૯૫ સ્વામીની પડખે (બેઠી) ગૃહિણીનું સુખ અનુભવતી અનુભવતી એકાકીહરતી અને કાળી એ ગાનડા વટાવી ચાલી પછી રાતવાસો કરવાને અમે, જેની હવેલીઓ વાદળાએ અડકે છે એવી બહુ વસ્તીવાળી શાખાજના નગરીમાં, આવી પહોચ્યા અહીં અમે (મારા સ્વામીના) મિત્રને ત્યાં આનંદથી ગયા, એની કૈલાસના શિખર જેવી હવેલી એ નગરીના અનન્ય શણગારરૂપ હતી અમારે માટે નાહવાની, ખાવાની અને સુવાની ઉત્તમ ગોઠવણ કરવામાં આવી હતી અમારા સમસ્ત સાથને પણ જમાડયો, વળી સારથિની અને બળદની પણ સારવાર કરી આમ અમે બહુ સુખમાં તે રાત ગાળી પછી સવારના મો તથા હાથપગ ધોઇને સૂરજ ઉગતા ત્યાંથી વિદાય લીધી

૧૧૯૬-૧૨૦૨ વિવિધ પંખીઓના અને ભમરાંના ટોળા (ઉડતા) દેખાતા, અમે વાતો કર્યે જતાં હતા તેથી કેટલો પંથ કપાયો એ તો અમને જણાયું ય નહિ

કુલ્માષહસ્તીએ આગળથી કહી રાખ્યું હતું તે પ્રમાણે ગામ અને નગરના રસ્તાની (માપ દેખાડવા) નિશાનીરૂપ ઉભાં રહેલાં પવિત્ર ઝાડોને અમે દૂરથી જોઇ લેતાં. પાછું એક બીજું વડનું ઝાડ દેખાયું; તેની કંઇક પાસે આવ્યાં ત્યારે તેનાં લીલાં પાનને લીધે તે પૃથ્વીનું જાણે શ્યામ, ભવ્ય, પ્રકાણ્ડ સ્તન હોય, એવું દેખાતું હતું; પ્રવાસીઓના સંઘને વિસામો કરવાનું એ સ્થાન હતું, રસ્તાના શણગારરૂપ હતું અને (વળી) કૌશામ્બીના સીમાડાનું મોતી હતું. ડાળડાળીઓની ઘટામાં સેંકડો પંખીઓ રહેતાં; વળી સુવાસિત ફુલકળીઓ અનુપમ શોભા આપતી. ઉપર મેઘ જેવા સફેદ પટ ઝુલતા હતા અને નીચે ઉત્સવહાર પહેરાવેલા અને પાણીએ ભરેલા કોરા ઘડા મુકયા હતા. (અમને ત્યાં સુધી સામે લેવા આવેલાં) ઓળખીતાંએ અને સગાંવહાલાંએ અમને ત્યાં વધાવી લીધાં અને અનેકાનેક આશીર્વાદ આપ્યા.

૧૨૦૩-૧૨૦૭. અમે ત્યાં નાહ્યાં અને તેથી અમારો થાક ઉતરી ગયો. પછી અમે અમારાં સાસરીઆંની પાસે ગયાં અને એમનાં ટોળાંમાં આનંદે જઇ બેઠાં. હવે મારે રથમાં બેસવાનું ન હતું ને તેથી ઘોડે ચઢી. મારી પાછળ (મારી સાચી સખી) સારસિકા અને (મને માન આપવાને આવેલો) આયાઓ, બોનાઓ, દાસીઓ, જુવાનીઆઓ અને બીજાઓનો સાથ ચાલ્યો. પણ ખાસ કરીને મારા સ્વામી પોતાના મિત્રને (કુલ્માષહસ્તીને) લેઇને બીજા ઘોડાઓ જોડેલા સોનાના રથમાં બેશી સાથે ચાલ્યા. વળી નણંદો અને ભોજાઇઓ પણ પોતાના દાસદાસીઓના સાથ સાથે અમને મળવાને આવી હતી, તે પણ સુંદર (બળદ-)ગાડીઓમાં બેશીને મારી સાથે (પિતાના) નગર તરફ ચાલી.

૧૨૦૮-૧૨૧૨. પ્રખ્યાત માણસનાં સુખદુઃખ, જવુંઆવવું, પ્રવાસે નિકળવું ને પાછું ઘેર આવવું, સૌ લોકને તરત માલમ પડી જાય છે. એવી રીતે અમે પણ ઉંચા પ્રભુદ્વારમાં (ઉતાવળે ઉતાવળે તૈયાર કરેલા વિજયતોરણમાં) થઇને કૌશામ્બી નગરમાં પ્રવેશ્યાં. ત્યાં આગળ જમણે હાથે એક નરપંખીનો અવાજ સંભળાયો અને એમ સારા શકુન થયા. અને જે રાજમાર્ગે થઇને અમે ચાલ્યાં તે માર્ગ અમને આવકાર આપવાને સફેદ સુગંધિત ફુલોથી શણગારી કાઢયો હતો, અને ઠેઠ સુધી રસ્તાની બેઉ બાજુની ઉંચી હવેલીઓની હારો ઉપર અને સુંદર દુકાનો આગળ અમને જોવાને આતુરતાથી એકઠાં થયેલાં પુરૂષો અને સ્ત્રીઓની ભીડ જામી હતી. સરોવર ઉપરનાં કમળફુલોની સપાટી પવનથી ઉંચીનીચી થાય એવો દેખાવ લોકનાં કમળફુલશાં મુખોને લીધે અમને દેખાવા લાગ્યો.

૧૨૧૩-૧૨૧૬. મારા સ્વામીને માન આપવાને માટે રાજમાર્ગ ઉપરના લોકોએ સ્નેહભરી દૃષ્ટિએ એમની તરફ જોયું, એટલુંજ નહિ પણ હાથ જોડીને નમસ્કાર કર્યા. વાદળાંથી ઢંકાઈ રહ્યા પછી જેમ શરચ્ચંદ્ર આવે એમ પરદેશથી પાછાં અમને ઘેર આવેલાં

જોઇને સૌને આનદ થયો, એટલુ જ નહિ પણ સૌએ એમને આશીર્વાદ આપ્યા ને તેમાં પણ બ્રાહ્મણોએ અગ્રેસર થઇને અને હૃદયના આ ઉમળકાનો એ કયો હુખો ઉત્તર આપી શકયા નહિ બ્રાહ્મણશ્રમણો અને એવા પૂજ્ય લોકને એમણે પણ હાથ જોડીને નમસ્કાર કર્યો, મિત્રોને આલિંગન દીધા ને બીજાઓને ધન્યવાદ દીધા

૧૨૧૭–૧૨૨૦ કોઈ કોઈ બોલવા લાગ્યા 'નગરશેઠના મહેલ આગળના ચિત્રમા ચીતરેલો ને જેને શિકારીએ વીધી નાખ્યો એ ચક્રવાક પેલો રહ્યો અને તેમા ચીત રેલી અને જે સતી થઇને નગરશેઠને ઘેર દીકરી થઇને અવતરી છે તે આ જ આ (ભાગ્યશાળી) વધૂ છે પ્રારબ્ધે ચિત્રમાના એ બેને કેવી સુદર રીતે એકઠા આણી દીધા છે! બીજા કોઇ બોલવા લાગ્યા 'કેવો સુદર છોકરો!' બીજાએ ટાપસી પુરી 'કેવુ સાચુ!' વળી બોલાયું 'કેવુ જુગને જોડુ!' 'એ એને શોભતો જ છે!'— 'ઉસ્તાદ છોકરો છે!'

૧૨૨૧–૧૨૨૫ એમ સૌ લોકોએ (જુદી જુદી રીતે) મારા પ્રિયતમને વખાણ્યા, પછી અમે ધીરેધીરે એમને મહેલે સાથે આવી પહોચ્યા, ત્યા અમને દાસદાસીઓએ પગ ધોવાનુ પાણી આપ્યુ અને સુદર પાત્રો આણીને તેમાથી દહી, ચોખા અને કુલ દેવને ચઢાવ્યા, પછી અમને માળાઓ અને કમળ ડા આપ્યા ને ત્યાર પછી હુ મારા સ્વામીની સગે બારણામા પેઠી હુ ભૂલથી જરાક પાછળ પડી ગઇ ને ઉતાવળે ચાલીને પાછી સાથે થઈ ગઈ, અને અમે મારા સસરાના મહેલના, લોકની ભીડવાળા સુદર અને વિશાળ ચોકમા આવ્યા

૧૨૨૬–૧૨૩૨ મારા પિતા (નગરશેઠ) પોતાના કુટુબને લેઇને બીજા વેપારીઓ સાથે આગળથી જ આવીને સાગામાચી ઉપર બેઠા હતા કઇક સકોચથી અમે સૌને ચરણે માથુ મુકયુ, અને એમણે સ્નેહાળ દેવોની પેઠે અમારા ઉપર દૃષ્ટિ કરી એમણે અમને આલિંગન આપ્યા, કપાળ ઉપર ચુબન કર્યા, એમની આખમા હર્ષના આસુ આવ્યા ને કયાય સુધી અમારી સામે જોઈ રહ્યા મારી માતા અને સાસુએ પણ અમને હૈયાના ઉમળકાથી આલિંગન આપ્યા અને રોઇ પડ્યા–એમની આખોમાથી આસુ નિકળી પડયા અને સ્તનમાથી ધાવણ નિકળી પડયુ પછી મારા (આઠ) ભાઈ ઓને એકેએકે પગે લાગી અને ભક્તિભાવે મારૂ મસ્તકકમળ એમની આગળ નમા વતી ચાલી ત્યારે એમની પણ આખમા આસુ તરી આવ્યા વળી જે સૌને હુ સ્નેહથી સભારતી તે સૌ આવી મળ્યા મારી દાસીઓ અને સખીઓ (સારસિકાએ) પ્રથમ (વડના ઝાડ નીચે વધાવી લેવા આવ્યા હતા ત્યારે) પોતાના આસુ રોકી રાખ્યા હતા, તેમણે પણ અત્યારે છુટથી વહેતા મુકી દીધા, (કારણ કે થોડી વાર સુધી) એમનું દુખ સમે એવુ નહોતું, ઝાકળના મોતી જેના ઉપર પડ્યાં છે એવી પુલરેખા જેવી એ (બે) દેખાતી

૧૨૩૩–૧૨૩૮. નગરશેઠની અને વેપારીઓની સૂચનાથી પછી (ભેટ મુકતી વખતે લાવવામાં આવે છે એવા પ્રકારનો) એક ઘડો આણ્યો. અમને અમારે આસને બેસાડયા પછી સૌ સંબંધીજનોએ અમારા આજ સુધીના જીવન વિષેની વાતો પુછવા માંડી. ત્યારે મારા પ્રિયે અમને જે અનુભવ થયો હતો તે સૌ (અથથી ઇતિસુધી અનુક્રમે) એમને કહી સંભળાવ્યોઃ અમે એકવાર સાથે વસતાં, એ સહવાસ પ્રિય હોવા છતાં અમારૂં મૃત્યુ થયું ને તેથી વિયોગ થયો, એ ચિત્રોને લીધે પાછો સંજોગ થયો, મછવામાં બેસીને નાશી ગયાં, લટારાના હાથમાં ફસાયાં, મરણના મોંમાં જઇ પડયાં, એમની ગુફામાંથી એક લૂટારાએ બચાવી નસાડયાં, વનમાં પ્રવાસ કર્યો, એક ગામ મળી આવ્યું અને છેવટે કુલ્માષહસ્તી સાથે ભેટો થયો. આ સૌ વાતો વર્ણવી.

૧૨૩૯–૧૨૪૪. અમારો એ સૌ અનુભવ મારા સ્વામીએ વર્ણવ્યો તે સાંભળીને બંને પક્ષની (મારા પોતાના કુટુંબની અને મારા સ્વામીના કુટુંબની) આંખોમાં પાછાં આંસુ ભરાઇ આવ્યાં, અને મારા પિતા બોલ્યાઃ ‘ તમે આ વાત અમને પહેલાં કેમ ના કહી? તમને આટલું દુઃખેય પડત નહિ ને આટલો પસ્તાવોય થાત નહિ. જરા પણ ભલું કર્યું હોય તેને માટે પણ સારો માણસ હદ ઉપરાંત ઉપકાર માને છે અને એનો બદલો વાળી શકાય નહિ ત્યાં સુધી પોતાને ઋણી માને છે. ત્યારે જેનું એક-વાર ભલું કર્યું છે તેના ઉપર વળી ફરી ભલું કરાય તે માણસો ઉપકાર માને નહિ તો શી રીતે જીવી શકે? એવા ભલાનો એને મંદરપર્વત જેટલો ભાર લાગે છે અને તેનો બેવડો બદલો વાળી શકાય ત્યારે જ એને સંતોષ થઇ શકે છે. તમે મને જીવન આપ્યું છે, ત્યારે હું પણ તમને જીવન આપી શકું તો જ જીવવું સારૂં લાગે.’

૧૨૪૫–૧૨૪૮. આવાં આવા વચનોથી ગૃહપતિએ (મારા પિતાએ) અને બીજા શેઠીઆઓએ અમને રીઝવ્યાં. અને અમારા પાછા આવવાથી અમારા ઘરનાં બધાં માણસો ખુશી થયાં હતાં. ખરે, અજાણ્યા લોક, ને સારૂં નગર પણ, અમને હેતે મળવા ઉતાવળે ભરાઇ ગયું; અને વખાણ કરવા માટે, આશીર્વાદ આપવા માટે અને વધાવવા માટે અમે સુંદર કીંમતી ભેટો આપી. કુલ્માષહસ્તીને તો બદલામાં હજાર સોનામહોરો મળી અને અમને પણ સૌ સંબંધીઓએ એકઠાં મળીને અમૂલ્ય ભેટ આપી.

૧૨૪૯–૧૨૫૩. શુભ મુહૂર્ત નિરધારીને અમારા બંને કુટુંબને શોભે એવા ઠાઠથી–નગરમાં કદી થયો નહિ એવા ઠાઠથી–અમારાં લગ્ન થયાં, આખો વખત એવો અસાધારણ ઉત્સવ મંડાયો કે અનેક લોકે આવો આનંદ કદી નહિ અનુભવ્યો હશે! અને અમારા બંને કુટુંબો હૃદયભરી મિત્રતાએ, આનંદશોકનો સમાન અનુભવ કરવા લાગ્યાં, અને બંને કુટુંબો જાણે એકજ હોય એમ દેખાવા લાગ્યાં. વળી મારા સ્વામીએ ગૃહસ્થે લેવાનાં (આપણા ધર્મના) પાંચ વ્રત લીધાં અને જિનપ્રભુના સુંદર અમૃતોપદેશનું મનન

કરતા આદર્શ ગૃહજીવન ગાળવા લાગ્યા હુ પણ આગળ (૪૫૨-૪૫૪ મા) કહી ગઈ છુ એમ એકસો ને સાઠ આયબિલ વ્રત પૂરા કરતી હતી—કારણ કે એ જ વ્રતથી મારી કામના સફળ થઇ હતી

૧૨૫૪ હવે મારી સખી સારસિકાને મે પુછ્યુ 'હુ મારા સ્વામી સાથે ચાલી નિકળી (અને તને ઘેર મોકલી) ત્યાર પછી ઘેર તારી શી સ્થિતિ થઇ?'

૧૨૫૫-૧૨૭૨ સારસિકાએ ઉત્તર દીધો ' તારી સૂચના પ્રમાણે તારા દાગીના લેઇ આવવાને હુ તો ઉતાવળી ઉતાવળી ઘેર ગઈ દરવાજાને આગળો ન જોયાથી ઘરના લોકને વ્યાકુળ થઇ ગયેલા મે જોયા અને મહેલમા મને મારી પણ સલામતી લાગી નહિ છતા યે તારા ખડમાથી તારા દાગીનાની થેલી, નગરના મણિરૂપ એ થેલી લેઇને અહી આવી પણ મારી એટએટલી વાછના છતા તુ તો મને મળી નહિ ને તેથી નિરાશ થઈને એ દાગીનાની થેલી લેઇને પાછી ગઇ 'આહ મારી સખી' એવો નિસાસો નાખીને તારા ખડમા પેઠી ને (દુ ખની મારી) ખૂબ છાતી કુટી ધીરેધીરે મારી ગભરામણભરી એકા તમા શાન્તિ વળતી ગઇ ને મને આમ વિચાર આવ્યો '(પૂર્વ જન્મના યાદ આવ્યાનો) એમનો પડદો નગરશેઠને નહિ ખોલુ તો એ પોતાની દીકરી ઉપર ભારે ક્રોધ કરશે માટે હુ એમ કરીશ, (એટલા માટે કે) જતે દહાડે એ એમની દયા પામે મારૂ પોતાનુ પણ થાડુ ઘણું ઋણ આ પ્રમાણે વળશે ' મારા અકળાએલા હૃદયમા આવા આવા વિચારો ઉઠ્યા અને હુ પથારીમા જઈ પડી, પણ તે રાતે ઉંઘ બીલકુલ આવી નહિ પછી સવારમા હુ નગરશેઠને પગે પડી અને તારો પૂર્વભવ તને સાભરી આવ્યાની અને તારા પ્રિયની સાથે તારા ચાલી ગયાની સૌ કથા એમને કહી દીધી પણ એ તો પોતાના અનમ્ર કુળાભિમાનને કારણે, રાહુએ ગ્રહાએલા ચદ્રની પેઠે પોતાનુ સૌ તેજ હારી બેઠા હાથ ચોળીને એ બોલ્યા 'અરેરે! કેટલુ ભયકર આ પણા કુળ ઉપર આ શું કલક આવી પડયુ! એ ચક્રવાકનો કે શેઠના દીકરાનો પ્રણ કશો દોષ નથી, દોષ માત્ર મારી દીકરીનો કે જે આમ સ્વચ્છદ થઇને ચાલી ગઇ નદી જેમ પોતાના જ કિનારાને ડુબાડે તેમ ભ્રષ્ટ નારીઓ પોતાના કુળની આબરૂને ડુબાડે અશુદ્ધ પુત્રી ઉંચા અને ધનવાન્ કુળને હાનિ કરે છે, અને એ પોતાના ભ્રષ્ટાચારથી આખા કુળને, તે ગમે તેવું સારૂ હોય તો ય, કલક આણે છે, તેથી તે એ કુળને શોભતી નથી સાચુ જ કહ્યુ છે કે કપનાના સ્વપ્ન ઉપર અને સુદર મૃગજલ ઉપર જે ટલો વિશ્વાસ રખાય એટલો જ વિશ્વાસ ચચળ અને ચતુર નારી ઉપર રખાય' વળી એમણે કહ્યુ 'પણ તે આ બધી વાત મને વહેલી કેમ ના કહી? હુ ત્યારે જ એને પરણાવત અને આ સકટ આવવા ના દેત'

૧૨૭૩-૧૨૭૪ "મે ઉત્તર દીધો 'એની કામના સફળ થાય નહિ ત્યા સુધી એ વાત છાની રાખવા માટે મારે એના જીવના સોગન ખાવા પડ્યા હતા હુ

એ સંતલસમાં ભળી હતી, તેથી મારે પગતો પણ ચુપ રહેવું પડ્યું હતું. તેથી શેઠ, મારા ઉપર દયા કરો.'

૧૨૭૫–૧૨૭૯. "શેઠાણીએ જ્યારે આ બધી વાત સાંભળી ત્યારે એ તો તારા દુઃખના ને વિજોગના વિચારમાં બેભાન થઈ પડ્યાં. અને એમને પડેલાં જોઈને, નાગણને ગરૂડના પંજામાં સપડાએલી જોઈને ગભરાએલા નાગરાજની પેઠે, શેઠ પોતે પણ તરત જ છુટે મ્હોંએ રડવા લાગ્યા. ભાન આવ્યા પછી શેઠાણી એવું તો હૃદયભેદક રૂદન કરવા લાગ્યા કે બીજાં બધાને રોવું આવ્યું. ભાઈઓ ભોજાઈઓ ને બીજાં બધાં, સખી, તું જતી રહી તેથી, ખૂબ રોપીટ કરવા લાગ્યાં. પણ શેઠાણીનું હૈયું સ્નેહાળ, તેથી દીકરીના સ્નેહને કારણે એમના શોકનો ને રૂદનનો તો પાર જ રહ્યો નહિ; છેવટે એમણે શેઠને કાલાવાલા કરી કહ્યું:

૧૨૮૦–૧૨૮૪. 'જે લોક શુદ્ધાચારી હોય છે ને આબરૂદાર મનાય છે એમને પણ દીકરી તરફનાં બે દુઃખ તો હોય છે: વિજોગ ને કલંક. પણ એ સૌ પૂર્વકર્મે કરીને નક્કી થયેલા પ્રારબ્ધને આધીન છે. માણસની ઇચ્છા હોય કે ના હોય, પણ એ પ્રારબ્ધ વડે માણસ સુખદુઃખ પામે છે, તેથી ભૂલ થઈ જાય તેનો દોષ લેવો ના ઘટે; કારણકે કુટિલ કાળદેવતા એને ખેંચી ગયો. પૂર્વભવની વાત એને સાંભરી આવી અને તેથી એક વખતના કર્મનું ફળ એને મળ્યું, ત્યારે તો એની ભૂલ બહુ નાની કહેવાય. અને મારો એ દીકરી ઉપર એવો ભાવ છે અને મારા હૈયામાં એ એવી વશી રહી છે કે એના વિના મારાથી જીવાશે નહિં.'

૧૨૮૫–૧૨૮૯. "આવે વચને કાલાવાલા કરીને નગરશેઠની પત્ની પોતાના સ્વામીને પગે પડી, અને 'ઠીક ત્યારે' એવું એમની મરજી ના છતાં ય એમની પાસે કહેવરાવ્યું. પછી એમણે કહ્યું: 'ધીરજ ધર! એ તારી લાડકી તને લાવી આપીશ; એ બે ક્યાં ઉપડી ગયાં છે તેની શેઠ પાસેથી ખબર પડશે' એમ બોલી તારા પિતા પછી રથમાં બેશીને અહીં આવ્યા અને તમને બેને શી રીતે ઘેર પાછાં લાવવાં એ બાબત શેઠ સાથે વિચાર કરવા લાગ્યા, પણ (તે દરમિયાન તારા પિતાના) ખરાબ કુટુંબે તો મને ધમકાવી, આંખો કાઢીને એક લપડાક ચોઢી કાઢી ને આમ મને સજા કરી. વળી એ કહેવા લાગ્યાં કે 'તું એને ત્યાં લેઈ જ કેમ ગઈ?' વળી તમને ખોળવાને માટે માણસો મોકલ્યાં અને તમને આવતાં સાંભળીને એ સૌ રાજી થઈ અહીં પાછાં આવ્યાં."

૧૨૯૦–૧૨૯૧. (સાધ્વી કહે છે:) સારસિકાએ જે બધું જાણ્યું હતું એ સૌ એણે મને વિગતવાર કહી સંભળાવ્યું. અને પછી મારા સ્વામીએ શા માટે ઉતાવળ કરી હતી ને દાસદાસી વગર અમે કેમ ચાલ્યાં ગયાં એ વાત મેં એને કહી સમજાવી.

૧૨૯૨–૧૨૯૭ મારા પતિએ વિદ્વાન મિત્રોની સહાયતાથી એક નાટક રચ્યુ હતું તે નાટક નટીઓ મને ભજવી બતાવે એવી વ્યવસ્થા થોડા દિવસ પછી મારા સસરાએ કરી આમ અમે આ ભવ્ય મહેલમ સબધીઓ અને મિત્રો વચ્ચે, કમળ સરોવરમાના ચક્રવાકની પેઠે, મહા આનદે રહેવા લગ્યા અમારા હૈયા સ્નેહાનદે કરીને ગઠાઇ ગયા અને અમે પળવાર પણ એક બીજાથી અળગા રહી શકતા નહિ હુ જાણે સ્નેહના લાબા સુખને માટે સરજાઈ હતી તેથી એક પગ પણ જો હુ એકલી પડતી તો ય મને એ પગ બહુ લાબો લાગતી, નાહતા, ખાતા, શણગાર સજતા, સુતા, બેસતા, ટુકમા મો કાજ કરતા, અને ચદ્રની એકતાનો આનદ ભોગવતા, તે એટલે સુધી કે અમે માળાઓ પહેરીને, અને સુગધી પ ાથી અમારા શરીર ઉપર છાટીને અને ચોળીને નાટક જોવા જતા ત્યારે પણ એવી એકતાનો આનદ ભોગવતા આમ અમે કશી પણ ચિ ત વિના સ્નેહમા એકવત્ થઈ રહેતા

૧૨૯૮–૧૩૦૮ આમ સુખસાગરમા તરતા તરતા તારાઓ અને ચદ્રથી પ્રકાશતી રાતોવાળી સુદર શરદ્ સુખમા ચાલી ગઇ પછી શિશિરની રાતો આવી તે લાબી થવા લાગી ને ઝાકળ પડવા લાગ્યો, (એ ઋતુમા) સૂરજ પોતાનો પ્રકાશ ઉતાવળે એચી લેવા લાગ્યો, (ગ્રીષ્મની વિલાસસામગ્રીઓ) ચદ્ર, ચદન, મોતીની માળા, કકણ, સુતરના ને રેશમના કપડા એ મો મનથી ઉતરવા લાગ્યા શિયાળો આવ્યો, બરફ સાથે એની પણ મજાઓ લેતો આવ્યો ઘેરઘેર સ્નેહીજન અને (ઘેર આવેલા) બધા પ્રવાસીઓ આનદ કરવા લાગ્યા ત્યારપછી વસતમા ઠડી ચાલી ગઈ ત્યારે સહકાર ફુલ (સા પ્રકૃતિમા) ખી યા તેની સાથે સ્નેહનું રાજ્ય પણ ખીલ્યુ તેવારે નારીઓએ કામ પડતા મેલવા માડ્યા ને Cતાવળી ઉતાવળી હીંડોળાખાટે ગઈ હિ ડોળાખાટને મજબુત બાધી હોય અને સ્નેહી હ થે કરીને એ હિ ડોળાય તો વગર બીએ ખુબ હીંચકા આવે ને ખુબ આનદ મળે અમારા અતુલ, અદ્ભુત અને જોવાજેવા બાગની શોભા નિહાળતા અમે નદનવનના દેવજુગલની પેઠે આનદ કરતા (મારા પ્રિય મને કહેતા) 'મદનવાડીના દૂતરૂપ આ ભમરા તો જો ઝાડના ફુલ અને બીજી વનસ્પતિ ઉપર, નારી લોકની આખના કાજળની પેઠે, ચોટી બેઠા છે અને વેલીઓ ઉપર (તેમની કળીઓ રૂપ) ચદ્રને (ચદ્રગ્રહણમા) ઢાકી નાખતા રાહુ સરખા દેખાય છે' આવી શૃંગારિક ઉપમાઓથી મારા સ્વામી મને આનદ આપતા અને મારા વાળમા ફુલ ખોસતા, જેથી એ બધાનો મિશ્ર સુગધ નિકળતો આવુ આવુ કરવાને લીધે ખીલેલી વનસ્પતિ જોવામા અમને બહુ મજા પડતી અને આવી રીતે આનદમા તથા સ્નેહમા અમે જડાયા રહેતા.

(૧૦ લૂટારાનું સાધુ થવું.)

૧૩૦૯–૧૩૧૪. (ઋતુઓ બદલાતાં ફરી પાછી વસંત આવી અને પ્રકૃતિની શોભા નિહાળવા ફરી પાછાં અમે બાગમા ગયા) ત્યાં એક અશોક વૃક્ષની નીચે મુકેલી પત્થરની બેઠક ઉપર (આપણા ધર્મના) એક સાધુને નિશ્ચિંતમને મ્હોં નીચુ રાખીને બેઠેલા જોયા. તરત જ મારા વાળમાંના ફુલ ખરી પડયાં, મેં મારાં અંગ ઢાંકી દીધાં અને મારા મ્હોને શોભાવતા ચૂર્ણ(પાઉડર)ને લુંછી નાખ્યો. મારા સ્વામી પણ સ્વસ્થ થઇ ગયા; એમણે જોડા ઉતારી દીધા ને ફુલ મુકી દીધાં, કારણ કે લભકાલેર પોશાકે મહાપુરૂષ પાસે જવું શોભે નાહિ. પછી અમે ઉતાવળે ઉતાવળે એમની તરફ ગયાં, અને કંઇક દૂરથી માથું નમાવી પૂજ્યભાવે, પણ શાન્તિથી, અમૂલ્ય રત્નની પેઠે એમને નિહાળવા લાગ્યાં. પછી અમે જરા વધારે નજીક ગયાં, અને માયા, મદ, મોહ આદિથી વિરકત, શુભધ્યાનમાં સંલગ્ન અને શરીર તરફ પણ અનાસકત એવી એ ધર્મમૂર્તિના ચરણમા અમે અમારી કરાંજલિ અર્પણ કરી. ક્ષણભર અમે પણ એમની આગળ, અવ્યગ્ર મનવાળા થઇ, શાન્તચિત્તે ધ્યાન ધરીને બેઠાં અને પછી જ્યારે પોતાના ધ્યાનમાંથી મુકત થઇ, એમણે પ્રશાન્તદૃષ્ટિએ અમારી તરફ જોયું ત્યારે અમે ઉભા થઈ વિનયભાવે એમને ત્રણવાર વંદન કર્યું.

૧૩૧૫–૧૩૧૭ આ પ્રમાણે વંદન અને નમન કરીને તપોગુણનો ઉત્કર્ષ ઇચ્છીને એમના શરીર અને જીવનયાત્રાના કુશળ પ્રશ્નો પૂછ્યા.

૧૩૧૮. એના જવાબમાં તેમણે આશીર્વાદ આપીને કહ્યુ કે 'જ્યાં જવાથી જગતનાં બધાં દુઃખોનો અંત થાય છે અને અતુલ તથા અક્ષય સુખ પમાય છે એવું જે નિર્વાણ સ્થાન તે તમને પ્રાપ્ત થાઓ.'

૧૩૧૯–૧૩૨૦. તેમનો એ આશીર્વાદ અમે અતિ નમ્ર અને શ્રદ્ધાળુ ભાવે મસ્તકે ચઢાવ્યો અને પછી જરા અને મૃત્યુની પેલી પાર લઇ જનાર કલ્યાણકારક ધર્મનો ઉપદેશ આપવાની પ્રાર્થના કરી.

૧૩૨૧. એના ઉત્તરમાં તેમણે જીવ–આત્માનાં બંધન અને મોક્ષ વિષે શાસ્ત્રમા જણાવ્યા પ્રમાણે ધીરેધીરે સરળતાપૂર્વક આ રીતે ઉપદેશ આપ્યોઃ

૧૩૨૨–૧૩૨૬. 'જગતમાં રહેલા પદાર્થોનાં સ્વરૂપને જાણવાનાં ચાર સાધન છેઃ ૧ પ્રત્યક્ષ, ૨ અનુમાન, ૩ ઉપમાન, અને ૪ આગમ. આપણી ઇન્દ્રિયોથી જે વસ્તુ જોઇ–જાણી શકાય, તે પ્રત્યક્ષ ગણાય. જે વસ્તુના કોઇએક ગુણધર્મને જોઈ–જાણી તેના વિશેષ સ્વરૂપનો નિર્ણય કરવો, તે અનુમાન કહેવાય. પ્રત્યક્ષ અગર પરોક્ષ વસ્તુ સાથે કોઈ બીજી વસ્તુને સરખાવવી તેનું નામ ઉપમાન હોય છે, અને કોઈ શાસ્ત્ર અગર શિક્ષક પાસેથી જે વસ્તુનું જ્ઞાન મેળવવું તે આગમ કહેવાય છે. આ ચાર રીતે બંધ અને મોક્ષનું પણ જ્ઞાન મેળવી શકાય છે.

૧૩૨૭–૧૩૩૪. 'હવે આત્મા તે શું છે તે વિચારીએ. આત્મા રૂપ, શબ્દ, ગંધ, રસ અને સ્પર્શ એ ઇન્દ્રિયગોચર ગુણોથી સદા સર્વદા મુકત છે, એ ઇંદ્રિયથી પણ

અગોચર છે એ અનાદિ અને અનત છે જ્યા સુધી એ શરીરના બધનથી બધાયો છે ત્યા સુધી એ સુખદુ ખ અનુભવે છે, અને ત્યારે (અનુભવે એટલે) – ઇંદ્રિયોવડે નહિ, પણ પ્રત્યક્ષ પ્રમાણ વડે – વિવિધ પ્રકારની સમ્મતિ ઇચ્છા, વિચારો આદિ દર્શાવવા માટે દેહના જે હલનચલન થાય છે તેના વડે – પ્રમાણભૂત થાય છે વિચાર, અહકાર, જ્ઞાન, સ્મરણ, બુદ્ધિ આદિ સ્વરૂપે એ પ્રકટ થાય છે સસારના સ્વભાવ નિયમ પ્રમાણે (પૂર્વ જન્મના પુણ્યના કે પાપના ફળરૂપ) કર્મ ભોગવવનો આત્મા હર્ષ કે શોકનો, સુખ કે દુ ખનો, શાન્તિ કે અશાતિનો, આનદ કે ઉદ્વેગનો, ભય કે વૈરના અનુભવ કરતો પરિભ્રમણ કર્યા કરે છે

૧૩૩૫-૧૩૩૯ "આત્મા પોતે કરેલા સારા નરસા કર્મવડે સસાર વધારે છે અને તે ત્રણ રીતે મનથી, વાચાથી ને કર્મથી મૂઢ જીવન (મોહે કરીને સસારમા) લિપ્ત થઇ જતા કર્મના બધનમા પડે છે, પણ મોહથી મુક્ત થઇને સસારમા વસે છે તો તે પોતે કર્મથી અલિપ્ત રહે છે, એ જ તીર્થંકરોએ (આપણા ધર્મના સસ્થાપકોએ) એ જ પ્રકારનો ટુકામા (આત્માના) બધ અને મોક્ષ સબધે ઉપદેશ આપ્યો છે એક બાજુથી આત્મા (અમુક કર્મોથી) મુક્ત થાય છે, અને બીજી બાજુથી (અમુક કર્મોથી) એ બધાય છે, એ રીતે સસારપ્રવાહના ચક્રમા ભમરાની પેઠે એ ફર્યા કરે છે સારા કર્મે એ બધાય તો (ફળ પાકીને) દેવયોનિમા અવતરે છે, મધ્યમ કર્મથી માનવયોનિમા અવતરે છે, મોહમય કર્મથી પશુયોનિમા પુનર્જન્મ પામે છે, ને બીલકુલ ખરાબ કર્મથી નરકમા પડે છે

૧૩૪૦-૧૩૪૩ "રાગ અને દ્વેષને જે દબાવી દેતો નથી, તે કર્મના બધનમા પડે છે વળી (પાચ મહાપાપ, જેવા કે) પ્રાણાતિપાત, અસત્ય, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ, તેમજ ક્રોધ, માન, માયા અને લોભ, (તથા વિવિધ પ્રકારની બીજી નિર્બળતા) ભય, તરગ, કુટિલતા અપ્રામાણિકતા આદિ, આ બધા દુર્ગુણો જ્યારે અજ્ઞાન સાથે ભેગા થાય છે, ત્યારે કર્મના બધનનું મૂળ દૃઢ બને છે, એમ સારરૂપ તિર્થંકરોએ કહ્યુ છે

૧૩૪૪-૧૩૪૬ "તેલ ચોળેલા માથા ઉપર જેમ ધૂળ ચોટી જાય છે, તેમ રાગ અને દ્વેષના વિચારોએ ખરડાએલા આત્માને કર્મ ચોટી જાય છે, અને તેના પ્રભાવથી આત્મા પૃથ્વી, પાણી, અગ્નિ, પવન, અને વનસ્પતિ જેવી અતિ સૂક્ષ્મ જીવયોનિઓમા વારવાર જન્મમરણ કરતો પરિભ્રમણ કર્યા કરે છે

૧૩૪૭-૧૩૪૮ 'સાધારણ રીતે વર્ણવીએ તો (આત્માને બધનમા રાખનારા) કર્મ આ આઠ પ્રકારના છે

૧ જ્ઞાનાવરણીય	૫ આયુ
૨ દર્શનાવરણીય	૬ નામ
૩ વેદનીય	૭ ગોત્ર
૪ મોહનીય	૮ અતરાય

૧૩૪૯-૧૩૫૨ "અને જેમ જુદા જુદા દાણાના બીજ પૃથ્વીમા વેરવાથી પોતપોતાની જાત પ્રમાણે જુદા જુદા ફળફુલ આપે છે, તેમજ વિવિધ પ્રકારના કર્મો

પોતપોતાની વિવિધતા પ્રમાણે શુભ અશુભ–સારાં નરસાં ફળ આપે છે. કર્મકૃત ફળોદયનું સ્વરૂપ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવને આશ્રયે જાણી શકાય છે. દ્રવ્ય એટલે કે (આ વિષયમાં) આત્મા, નક્કી થયેલે ક્ષેત્રે એટલે કે ત્રણ લોકમાં (સ્વર્ગમાં, મર્ત્યમાં અને પાતાળમાં અથવા નરકમાં), કાળમાં એટલે કે ફળને અનુસરી જન્મજન્માન્તરના ફેરામાં ભટકે છે, જેથી એક સ્થિતિ ફરીને બીજી થાય છે અને પૂર્વનાં કર્મને લેઇને નવાં નવાં જીવન ધારણ કરે છે.

૧૩૫૩–૧૩૫૬. "(આત્માના સામયિક શરીરને ધારણ કરતી) સ્થિતિ ઉપર શરીર આધાર રાખે છે, શરીર ઉપર માનસિક કર્મનો આધાર છે, માનસિક કર્મ ઉપર અંતઃકરણનો આધાર છે, અંતઃકરણ ઉપર તદ્રૂપતાનો (ભાવ અને વસ્તુની એકરૂપતાનો) આધાર છે, તદ્રૂપતા ઉપર પરિણામનો આધાર છે અને પરિણામ ઉપર આત્માને લાગતાં બાહ્ય અને આભ્યંતરિક દુઃખોનો આધાર છે. આ દુઃખો ટાળવાને માટે માણસ આનંદ કરવા જાય છે ને ત્યાં બહુ પાપ આચરે છે; આ પાપને લીધે (કારણકે એનું પ્રાયશ્ચિત્ત કરવાને માટે બીજા દેહ ધરવાજ જોઇએ) જન્મમરણના ફેરા ફર્યા જ કરવાની ઘટમાળને ચાકે બંધાય છે. આમ માણસને પોતાના કર્મને અનુસરીને યોજાયા પ્રમાણે ગમે તો નરકમાં, ગમે તો પશુયોનિમાં, ગમે તો માનવજાતિમા કે ગમે તો સ્વર્ગમાં ભમવું જ પડે

૧૩૫૭–૧૩૬૧. "(ઉપર બતાવેલી યોનિઓમાંથી ત્રીજીમાં એટલે માનવજાતિમાં અવતરે તો) માણસને (ઉદાહરણ તરીકે) તેના કર્મને અનુસરીને પુનર્જન્મમા ચંડાળ, ભિલ, અંત્યજ, પારધિ, શક (સિથિયન), યવન (સેમેટિક અને ગ્રીક), બર્બર (વનવાસી) આદિને ત્યા અવતાર આવે. માનવજાતિમાં જન્મ આવતાં પણ તેને પોતાનાં (પૂર્વ)કર્મને અનુસરી અનંત સુખદુઃખ ભોગવવાં પડે; શરીર અને બુદ્ધિના વિકાશને અનુસરી માણસ ચાકર થઈ દુઃખ ભોગવે કે ધણી થઈ સુખ ભોગવે, સંજોગ પામે કે વિજોગ સહે, કુલીનને ઘેર કે કુલહીનને ઘેર અવતરે, જીવનબળ ને જીવનવિલાસમાં આગળ કે પાછળ પગલાં ભરે; લાભ પામે કે હાનિ સહે. એ સૌ કરતા પણ વધારે તો એ ધ્યાન રાખવાનું છે કે આત્મા મનુષ્યના જ (સ્વર્ગના કે બીજા કોઇમાથી નહિ) અવતારમાંથી સર્વ દુખનો અંત આણનાર મોક્ષને પામી શકે.

૧૩૬૨–૧૩૭૧. "(હવે આ મોક્ષ સંબંધેઃ) સસારમાંનો અજ્ઞાન ઝાંખરાએ પુરાઇ ગયેલો જે માર્ગ તે તીર્થંકરોએ સમ્યગ્ જ્ઞાને તથા શુદ્ધ જીવને કરીને ઠેઠ મોક્ષ સુધી ચોકખો કર્યો છે પૂર્વકાળથી પોતાને વળગી આવેલાં કર્મને (જીવના જન્મજન્માન્તરના માર્ગમાં એના ઉપર લાગેલા કર્મસંસ્કારને) આત્મસંયમ વડે જે દબાવે છે અને (રહી ગએલાં અથવા વધતાં જતાં) બાકીનાં કર્મને સંયમ વડે નષ્ટ કરે છે. એ જ્યારે (માનવદેહમાંથી મરીને) પોતાનાં સર્વ કર્મનો ક્ષય કરે છે ત્યારે તે કર્મમુક્ત થાય છે અને પરમપવિત્ર બને છે. નિમેષમાત્રમાં એ ઉંચામાં ઉંચું સ્થાન પ્રાપ્ત કરે છે, અને ફરી

જન્મવાના દુ ખથી અને ચિંતાથી મુક્ત થઇને, અવિચળ પવિત્રતા ભોગવે છે વિવિધ યોનિમા અવતાર આપનાર કર્મથી મુકત થતા આત્મા પવિત્ર બનીને ઉપાધિના પંજામાથી છુટી પોતાની મેળે જ ઉંચે ચઢે છે સર્વોત્તમ દેવોના (ન્ગ્રૈવેયકોના) ઉપર એ પવિત્ર પ્રદેશ આવેલો છે, તે પ્રભાતના જેવો પ્રકાશે છે અને સોના તથા શંખ જેવો સ્વચ્છ છ ત્રિલોકને શિખરભાગે એ અવસ્થિત છે અને રત્નનિર્મિત છત્રના જેવો આકાર ધારણ કરે છે એને કોઇ સિદ્ધક્ષેત્ર, કોઇ પરમપદ, કોઇ અનુત્તરસ્થાન અને કોઇ બ્રહ્મલોક કહે છે અખિલ જગતને શિરોભાગે આવેલા એ સ્થાનની ઉપરે સર્વ કર્મથી વિમુક્ત થએલા સિદ્ધાત્માઓનો શાશ્વત વાસ હોય છે એ સિદ્ધાત્માઓ સર્વ કર્મથી મુકત હોય છે, રાગદ્વેષના સસ્કારોથી અલિપ્ત હોય છે પાપ અને પુણ્યની પેલે પાર ગએલા હોય છે સુખદુ ખના વિકારોથી અસ્પૃષ્ટ હોય છે અનંતજ્ઞાન અને શક્તિથી પરિપૂર્ણ હોય છે એ સિદ્ધાત્માઓ ફરી વાર કયારે પણ પુનર્જન્મને પ્રાપ્ત થતા નથી એક આત્મજ્યોતિમા અનત આત્મજ્યોતિઓ સમિલિત થાય તોપણ તેમના સ્વરૂપાવસ્થાનમા કોઇ પણ પ્રકારનો સકોચ કે વિસ્તાર થતો નથી"

૧૩૭૨–૧૩૭૪ (સાધ્વી તરંગવતી એ શેઠાણી આગળ બોલે છે) સાધુના આ ઉપદેશથી હુ તો એક પ્રકારના આનદમા ડુબી ગઇ, ને હાથ કપાળે લગાડીને બોલી 'અમે આ ઉપદેશને કારણે આપના અત્યત ઋણી છીએ' મારા પ્રિયે તો એમને અચળ શ્રદ્ધાથી નમસ્કાર કરી કહ્યું 'આપ જગતના બધનથી મુકત થઇ ગયા છો, ધન્ય છે આપને જો આપને એ સાભરતું હોય તો આપ એ સાધના શી રીતે સાધી શકયા છો, તે પણ મને કહો મારી ઉત્કઠાને માટે, હે મહાત્મા, મને ક્ષમા આપશો'

૧૩૭૫ તીર્થંકરોના ધર્મમા પરગત થયેલા એ સાધુએ પોતાના જીવનની કથા આનદમય શાન્તિએ મીઠી અને શાત વાણી વડે આ પ્રમાણે કહી

૧૩૭૬–૧૩૮૮ "ભેંસ, સાપ, ચિત્તા અને જગલી હાથીઓ જ્યા વસે છે એવા ભયકર વનપ્રદેશમા આવેલા ચપાપ્રાન્તની ધારે પારધિઓ રહેતા હતા, તેઓ વનમા સહાર કર્યા કરતા, તેમનું સસ્થાન યમરાજના ગુપ્તવાસ સ્વરૂપ હતુ તેમની જોબનવતી કન્યાઓ રાતા રગના વસ્ત્ર પહેરતી અને વળી એમની નારીઓ જુવાન હાથીઓના દાતવડે હથિયાર બનાવવાનુ કામ કરતી હુ પણ પાછલા ભવમા ત્યા પારધિ હતો અને હાથીઓનો શિકાર કરતો વનમા જીવન ગાળતો ને માસ ખાતો, મારા સફળ બાણવેધના લોક વખાણ કરતા અને તેથી મને 'સિદ્ધબાણ' કહેતા મારા પિતા પણ પારધિ હતા, એ પોતાની નેમ કદી ચુકતા નહિ, પોતાના ધધામા કુશળ હોવાથી એમને લોક 'વ્યાધરાજ' કહેતા મારી માતા મારા પિતાની માનીતી હતી ને તે પોતે પણ એક પારધિની પુત્રી હતી વનનુ ભયકર અને અભિમાનભર્યું સૌન્દર્ય તેનુ પોતાનુ જ હતું, એથી લોક એને 'વનસુદરી' કહેતા

૧૩૮૫–૧૩૯૩ "જુવાનીમા એકવાર મે મારૂ તીર એક હાથી ઉપર તાક્યુ,

ત્યારે મારા પિતાએ મને શીખામણ આપી: 'આપણા કુળમાં જે આચાર પળાય છે તે તું સાંભળ. પ્રજા ઉત્પન્ન કરી શકે એવો હોય ને ટોળાનો નાયક હોય એવા ભવ્ય હાથીને તારે મારવો નહિ. વળી પોતાનાં બચ્ચાંનું રક્ષણ કરવાને સ્નેહવશ થઇને પારધિનો ભય કર્યા વિના બચ્ચાની સાથે ચાલે છે એવી જે હાથણી તેને પણ બચાવવી. તેમજ હાથીનું જે બચ્ચું હજી ધાવતું હોય તેને પણ મારવું નહિ, કારણ કે નાનાને મોટું થવા દેવું જોઇએ વળી કોઈ નર તથા માદા સ્નેહવશ થઇને દૈવજોગે આગળથી જ સંભોગ કરતાં દેખાય, તો તારે એ બેને વિખુટાં નહિ પાડવા, કારણકે તેમના સ્નેહસંભોગથી બચ્ચાં થાય છે. આવો આપણો કુળનો આચાર છે તે તારે પાળવો જોઈએ. જે એ આચાર ઓળંગે છે તે અને તેનાં કુટુંબીઓ નાશ પામે છે. (હાથીનાં) બચ્ચાંને મારવાં નહિ અને તેના વંશને બચાવવો જોઇએ. આ શીખો લે અને (પછીથી) તારા પુત્રોને પણ શીખવજે.' આ ભાવનાએ જ હું મારો ધંધો ચલાવતો હતો અને ગાઢા જંગલમાં રસ્તો કાપતો અને ગેંડા તથા જંગલી બળદો તથા જંગલી ભેંસો તથા હરણો તથા હાથીઓ તથા સુવરોની પાછળ પડતો.

૧૩૯૪-૧૪૦૦. "સરખા ઘરની એક જુવાન ને સુંદર કન્યા સાથે મને મારાં માબાપે પરણાવ્યો. એ મને સ્નેહાનંદ આપતી. એ રંગે શ્યામળી હતી, એનાં સ્તન કામોદ્દીપક હતાં, નિતંબ ભારે હતા અને ચદ્રમાના હાસ્યથી પ્રકાશ પામતું હોય એવું એનું મુખ હતું. એની આંખો રાતા કમળ જેવી હતી અને જુવાનીના જોરથી એનું કલેવર ખીલી ઉઠેલું હતું. ટુંકામાં, એની વિશુદ્ધ સુંદરતાને લીધે અને એના સ્નેહને બળે મારી જુવાનીમાં એ મારા મહાભાગ્ય રૂપ બની રહી હતી. વનનું આવું મનગમતું રત્ન જેની પાસે હોય તે શિકારના આવા ખજાનાથી સંતોષ પામ્યા વગર કેમ રહે ! મારી પારધણના મોહભર્યા આલિંગનમાથી છુટી સવારમાં ઉઠતો અને પછી મદિરા અને રતિક્રીડાના ઉપભોગથી જે કંઇ થાક ચઢયો હોય તેને દૂર કરી અમારા પારધિ-લોકની દેવીની પ્રાર્થના કરવા જતો. પછી ખાનપાન કરી તાજો થઇ પાછો મારા લોહીથી ખરડાએલે ધંધે લાગી જતો.

૧૪૦૧-૧૪૧૪. "એક દિવસ ઉનાળામા મેં ધનુષબાણ લીધાં, ભાથું લટકાવ્યું ને રસ્તે પડયો. કાન પાછળ વનફુલ ખોસ્યાં હતા ને પગમાં પાવડીઓ પહેરી હતી. એવી રીતે હું વનહાથીની શોધમા નિકળ્યો, અને આખરે (ખાધાપીધા વગર ને કંઇ શિકાર મેળવ્યા વિના) તાપે ને દુઃખે નબળો પડી જઇ આખા વનમાં રખડતો રખડતો ગંગાનદી સુધી જઈ પહોચ્યો. ત્યા સ્નાન કરીને તરતનો જ નિકળેલો પર્વત જેવો ઉંચો માત્ર એક જ હાથી મેં જોયો. હું જાણી ગયો કે એ મહાજીવ ગંગાની ઝાડીમાંનો ના હોય, કારણ કે ઝાડોથી ગાઢી થયેલી આ ઝાડીમાં એને હતા એવા સુંદર વાળ (વાળા હાથી) મળી શકે એમ નહોતા. તેથી એ હાથી બીજા કોઇ વનમાંથી આવેલો હોવો જોઇએ, એને દાંત તો હતા નહિ, તોપણ એ સર્વોત્તમ શિકાર હોવાને માટે એને મારવો

જોઈએ તેથી પારધિના નિયમ પ્રમાણે બરાબર એકાગ્ર થઈને એ હાથી ઉપર જીવનસહારક બાણ છોડયું પણ તે બાણ કંઈક ઉંચુ નિકળી ગયું ને હવામાં ઉડયું, એ બાણથી એ હાથી ન વિંધાતા એક ચક્રવાક વિંધાઈ પડયો હું ખથી પીડાતા એ ચક્રવાકની એક પાંખ તુટી પડી અને પળવારમા એ જળપટ ઉપર આવી પડયો પાણી જાણે રક્તસાગરમાંનું હોય એમ રાતુ થઈ ગયું એની નારી, રૂદન કરતી એના કલેવર ઉપર આમ તેમ ઉડવા લાગી એથી મને પણ રડવું આવ્યુ ને હું બોલ્યો 'અરેરે, સ્નેહી જોડા ઉપર મે આ શું દુઃખ આણ્યું!' પતિ હજી જીવતો છે એ ભ્રમમા એણે મારૂ બાણ ઘામાથી ખેંચ્યુ એટલામા તો હાથી અદ્રશ્ય થઇ ગયો મે એ પંખીને ત્યાથી ઉપાડી રેતીને કિનારે મુકયો અને પછી થોડી વારે સહાનુભૂતિ સાથે એનો અગ્નિસંસ્કાર કર્યો પણ એટલામા તો મે જે અગ્નિ સળગાવ્યો હતો તેમાં એની ચક્રવાકી પોતાના સાથીના સ્નેહબંધનથી તણાઇને પડી, અને એની સાથે બળી મુઇ

૧૪૧૫-૧૪૨૨ "એ જોઇને મને ભયંકર પરિતાપ થયો (ને વિચાર આવ્યો) 'આવા સુખી જોડાનો મે શા માટે નાશ કર્યો!' હું વિલાપ કરવા લાગ્યો 'અમારા કુળધર્મના નિયમો મે પાળ્યા છે અને છતા યે, અરેરે, આજે આ બીજનો (જેમાથી ફળ પેદા થઇ શકે તેનો) નાશ કર્યો આવા વિહારથી અને આવા કુળધર્મથી મને તો તિરસ્કાર છુટે છે મારાથી આવુ જીવન જીવાય શી રીતે? આ જીવન કરતા તો મરવુ ભલુ!' આમ આપઘાત કરવાની મને પ્રબળ ઈચ્છા થઈ આવી અને તેના આવેશમા મે પણ ચક્રવાકીની પાછળ અગ્નિમા પડતું મે યું ને મારા પાપી શરીરને બાળીને ભસ્મ કર્યું હું મારા કુળધર્મને સખ્ત રીતે વળગી રહ્યા હતો, અને વળી મને મારા કર્મનો પસ્તાવો થયો હતો, તેમજ મારા એ જન્મની અપૂર્ણતાથી ખેદ થયો હતો આ કારણથી, પશ્ચાત્તાપને લીધે પ્રાપ્ત થએલા શુભકર્મના ફળથી—એ શરીરનો નાશ થતાંની સાથે જ નરકમા પડવાને બદલે, ગંગા નદીને ઉત્તર કિનારે એક ધનવાન વ્યાપારીને ત્યા મારો જન્મ થયો

૧૪૨૩-૧૪૨૭ "અનેક ખેડુતોની વસ્તીવાળો, ફળદ્રુપતાએ વખણાએલો અને ઉત્સવોથી ભરપુર એવો બહુ વિશાળ કાશી નામે દેશ છે કમળસરોવર ઉપર અને બાગમા આનંદ કરવાને અનેક પ્રવાસીઓ અહીં આવે છે સાગરરાણી ગંગાનદી કાંઠે દ્વારવતી સમાન વારાણસી નગરી એ દેશમા મુખ્ય નગરી છે, ગંગા નદીના મોજા એ નગરીને કિલ્લા સમાન છે એમા અનેક મોટા વ્યાપારીઓ વસે છે તેમની સ્ત્રીઓ અમૂલ્ય આભૂષણોથી કલ્પવૃક્ષ જેવી શણગારાએલી રહે છે અહેંકો વ્યાપારી લાખોને હિસાબે માલ વેચે છે ને ખરીદે છે એમની હવેલીઓ અલગ અલગ છે, તેથી તેમના આંગણામાં જ નહિ પણ (હવેલીઓની) વચ્ચે લાંબે રાજમાર્ગે પણ વાતાવરણમાં થઈને ઠેઠ જમીન સુધી સૂરજ પોતાનાં કિરણ ફેંકી શકે છે

૧૪૨૮-૧૪૪૦ "અહીં (એક વ્યાપારીની આવી હવેલીમા) મારો

જન્મ થયો અને મારૂં નામ રૂદ્રયશસ્ પડ્યું. રિવાજ પ્રમાણે લેખન આદિ વિવિધ
કળાઓ શીખ્યો. પણ થોડા જ સમયમાં ઉડાઉ બનાવનાર, કલંક લાવનાર, ટુંકામાં
બધા દુર્ગુણ વસાવનાર જુગારની રમત તરફ મારૂં વલણ થયુ. એ રમતે કરીને
(વ્યાપારી વર્ગના) હલકા લોકો અનેક રીતે નષ્ટભ્રષ્ટ થઇ જાય છે અને છળકપટમાં
નિર્દય અને જિતવાને માટે ગાંડા બની જઇને બધા સદ્‌ગુણોને વિસારી મુકે છે. આ
જુગારના મોહમાં હું પડ્યો અને અંતે ચોરી કરવા લાગ્યો અને એથી મારો કુળ-
પર્વત દાવાનળની પેઠે બળવા લાગ્યો. ઘર ફાડવાં ને જાત્રાળુઓને લૂટવા એ મારો ધંધો
થઇ પડ્યો ને મારાં આવાં કર્મને લીધે મારાં(કુટુંબીઓ)ને નીચું જોવાનો પ્રસંગ
આવ્યો. એવી રીતે (એકવાર) બીજાઓનું ધન લૂટવાને ઈરાદે રાતે હાથમાં તલવાર
લેઇને રાજમાર્ગે નિકળી પડ્યો, પણ નગરમાં આ વાતની જાણ થઇ ગઇ અને હરામ-
ખોરનો જીવ હવે સલામત નહોતો એમ જોઇને હું બારીકવનમાં નાશી ગયો.
વિંધ્યાચળની વિભૂતિ સમાન એ વનમાં અનેક જાતનો શિકાર મળી શકે એમ હતો,
પંખીઓનાં પુષ્કળ માળા હતા તથા લૂટારાની પુષ્કળ ગુફાઓ હતી. વિવિધ પ્રકારનાં
ઝાડોની ઘટા સૌને અંધારામાં ઢાંકી દેતી. વિંધ્યાચળની અંદરની બાજુએ આવેલી
આવી એક ગુફામાં હું આવી પહોચ્યો. એને એક જ બારણું હતું અને એ ગુફાનું
નામ સિંહગુફા હતું. ત્યાં હથિયારબંધ મજબુત માણસો રહેતા તે વેપારીઓને ને વણ-
જારાને લૂટી આનંદ કરતા. એ એમના ધંધામાં અને બીજી એવી અનેક કળાઓમાં
તથા હળીમળીને કામ કરવામાં ખૂબ પ્રવીણ હતા. પણ છતાં યે એમાં કેટલક એવા
પણ હતા કે જેઓ બ્રાહ્મણશ્રમણને, સ્ત્રીબાળકને અને ઘરડાંમાંદાંને સતાવતા નહિ.
લૂટતાં હજારોવાર ઘા પણ ખાતા, છતાં યે એકંદર રીતે એમનો ધંધો સારી રીતે
ચાલ્યો જતો. આ ટારાઓમાં હું પણ એક લૂટારા તરીકે દાખલ થઇ ગયો.

૧૪૪૧–૧૪૫૦. "ભલ્લપ્રિય (ભાલો પ્રિય છે જેને એવો) નામે એક જણ એ
મંડળનો નાયક હતો, એ હમેશા પોતાના મજબુત હાથમા ભાલો ઝાલી રાખતો, હલ્લો
કરવામાં સાહસી હતો અને સર્પની પેઠે સર્વને ભયંકર હતો. પોતાના હજારો લૂટારાને
પોષવાને અને પિતા પ્રમાણે તેમનું રક્ષણ કરવાને એ અજાણ્યા ધનવાનોને ખૂબ સતા-
વતો. પોતાના બાહુબળને કારણે એ ઘણો પ્રખ્યાત થયો હતો અને તેથી લૂટારાઓમાં
નાયક તરીકે બહુ માન પામ્યો હતો. એની પાસે મને લઇ જવામાં આવ્યો. મારી સાથે એણે
માયાથી વાતચિત કરી, તેથી બીજા લૂટારા પણ મારી સાથે આદરથી વર્તતા; આથી હું
ત્યાં વિના હરકતે ને આનંદે રહેવા લાગ્યો. ઘણાં ધીંગાણામાં મેં મારૂં ખૂબ શૌર્ય
બતાવ્યું ને તેથી મારો મોભો ને માન વધ્યાં અને આ રીતે આખરે હું એક નામી
લૂટારો ગણાવા લાગ્યો. જુદ્ધ હોય કે ના હોય, અમે નાશી જતા હોઇએ કે કોઇની
પાછળ પડ્યા હોઇએ, પણ હું હમેશાં નાયકની બાજુમાં જ રહેતો, અને મારા સોબ-
તીઓ મને 'શક્તિધર' 'નિર્દય,' 'જમદૂત' આદિ નામે ઓળખતા. શત્રુને હું ચીરી

નાખતો, મિત્રોને બક્ષીસો આપતો અને જુગાર રમતી વખત મરતમા મારી જાતને પણ મુકતો, એવી રીતે બહુ કાળ સુધી મે એ લૂટારાઓની ગુફામા મારા સાથીઓ સાથે યમદેવના ખપ્પર હલાવ્યા

૧૪૫૧-૧૪૫૫ "એકવાર અમારી એક ટોળી અમારા એ નિત્યકર્તવ્ય ઉપર ગઈ હતી ને ત્યાથી લગ્નમા એક જુવાન જોડાને ઘેર લેઈ આવી એ વાતની ખબર થતા એમને જોયા પહેલા જ કાળીની સ્તુતિ થવા લાગી ને એમને (અમારા) સરદાર પાસે આણ્યા એ સ્ત્રીપુરુષને જ્યારે એણે જોયા, ત્યારે તે સ્ત્રીએ પોતાની સુન્દરતાને લીધે એનુ હૈયું હરી લીધુ એણે નિશ્ચય કર્યો કે આ અપ્સરાશી સુન્દરીનો કાળીને ભોગ આપવો કાળીની બીકથી એને પોતાની સ્ત્રી બનાવવાની એની હિમત ચાલી નહિ, પણ મનમાની રીતે લૂટારાઓને દાગીના તો લેઈ લેવા દીધા અને એ જોડા પાસે જે કઇ કીમતી ચીજ હતી તે સૌ એણે એમને સોપી દીધી

૧૪૫૬-૧૪૬૧ "સરદારે મને કહ્યુ 'આ મહિનાની નવમીએ એ બેનો કાળીને ભોગ આપવાનો છે' પછી મને એમના ઉપર ચોકી કરવા રાખ્યો, અને મરણચિતાને લીધે એ બે જણ આસુભરી આખોએ બાવરા જેવા થઈ ગયા, ત્યારે હુ એમને મારા ઘરમા લેઈ ગયો એ પુરુષને મે તાણી બાધ્યો તેથી તે સ્ત્રી પોતાના સ્વામી ઉપરના સ્નેહને લીધે ભયકર વિલાપ કરવા લાગી ને છતીફાટ ચીસો પાડવા લાગી એથી બીજી કેદ પકડાએલી ને જીવનથી નિરાશ થઈ ગયેલી સ્ત્રીઓ ત્યા ટોળે મળી ગઇ ને દયાભાવે ને આકાક્ષાએ એમને પુછવા લાગી 'ક્યાથી આવો છો ને ક્યા જતા હતા ? લૂટારાના હાથમા કેવી રીતે પડ્યા ?'

૧૪ ૨-૧૪૭૧ "આસુભરી આખે ડુસકા ખાતા એણે ઉત્તર આપ્યો 'અમે અહીં શી રીતે આવ્યા એનુ દુ ખભર્યું વર્ણન પહેલેથી સાભળો સુદર ચપાનગરવાળા વનમાં ગગાને કાઠે અમે ગેરૂઆ રગના ચક્રવાક પખી હતા આ મારા સ્વામી તેવારે મારા ચક્રવાક હતા અને હુ એમની પ્રિય નારી હતી અમે ગગા ઉપર કુશળતાએ તરતા અને મોજાના રેતીકિનારા પેઠે શણુગારરૂપ હતા એકવાર એક પારધિ ધનુષબાણ લેઈને આવ્યો અને એણે એ જગલી હાથીને મારવા જતા એમને મારી નાખ્યા (આ અપકૃત્યને કારણે) ખેદ કરતા કરતા એણે એમના મૃતદેહને અગ્નિદાહ દેવા માટે કિનારા ઉપર અગ્નિ સળગાવ્યો સ્વામીની પાછળ જવાને માટે મે પોતે પણ એ અગ્નિમા પડતુ મેલ્યુ એમ મરી ગયા પછી જમુનાને કિનારે આવેલા સુદર કાકન્દી નગરમા નગરશેઠને ઘેર હુ તો કન્યારૂપે અવતરી, અને તે જ નગરમા ત્રણ સમુદ્ર પાર પ્રખ્યાત થયેલા શેઠને ઘેર આ મારા પ્રિય નવા અવતારમા પુત્ર થઈને અવતર્યા (મોટા થતા) અમે ચિત્રવડે એક બીજાને ઓળખી કાઢ્યા, એમણે મારૂ માગુ કરાવ્યુ, પણ મારા પિતાએ એ માગુ પાછુ વાળ્યુ મે એમની પાસે દૂતી મોકલી અને પછી જૂના વારના સ્નેહથી પ્રેરાઇને રાતને અધારે હુ પોતે પણ મારા પ્રિયની હવેલીએ ગઇ

અમને અમારાં માબાપની બીક લાગી, તેથી મછવામાં બેશી નાશી ચાલ્યાં ને પછી ગંગાને રેતીકિનારે લૂટારાને હાથે પકડાઈ ગયાં.'

૧૪૭૨–૧૪૭૮ "એ રીતે એ જુવતીએ પોતે અનુભવેલી પોતાની સુખદુઃખભરી સૌ કથા રોઈરોઈને એ પકડાએલી સહભાગિનીઓને કહી સંભળાવી. પણ મને એ વર્ણનથી મારા પૂર્વભવની વાતો સાંભરી આવી ને તેથી હું બેભાન થઇ ગયો જ્યારે મને પાછું ભાન આવ્યું ત્યારે તે (ભવના) મારા પિતા, મારી માતા તથા પત્ની અને તે વખતનો મારો સૌ અનુભવ તેમજ (તે કાળે હું પાળતો હતો તે) કુળધર્મ પણ મારા મન આગળ તરી આવ્યો અને તે સ્ત્રીએ તેના (પોતાના સ્મૃતિ–) સ્વપ્નમાં જે જોયુ હતું તે હું સમજી ગયો, તેથી મારૂં હૈયું દયાથી અને ભલી લાગણીથી (એ જોડા તરફ) નરમ બની ગયું હું જાણી શકયો કે જેનું મેં વગર વિચારે મોત નિપજાવ્યુ તે ગગાના શણગારરૂપ ચક્રવાકનું જોડું આ જ છે. હવે આ સંકટમાં આવી પડેલા સ્નેહજુગલને ફરી તો મોતના મોંમાં મુકી શકું નહિ. એકવાર કરેલી એ હિંસાનો બદલો મારા જીવનને જોખમે પણ આપવો જોઇએ. એ બંનેને હું ઉગારી લેઈશ અને તે રીતે હું શાન્તિ પામીશ.

૧૪૭૯–૧૪૮૨. "આવો ઠરાવ કરીને હું ઘરમાંથી નિકળ્યો અને તે પુરૂષના બંધ ઢીલા કરી નાખ્યા. પછી મેં પોતે કેડ બાંધી કટાર તથા તલવાર લીધી અને રાત્રે તે કેદીને અને તેની સ્ત્રીને લૂટારાની ગૂફામાંથી બહાર કાઢયાં ને ભયંકર જંગલમાં થઇને એક ગામ સુધી મુકી આવ્યો. જુદા પડયા પછી સંસારથી વિરક્ત થઇને મેં હૈયામાં વિચાર્યું.

૧૪૮૩–૧૪૮૬. મેં "લૂટારાઓનો અપરાધ કર્યો છે તેથી હું એમની પાસે તો પાછો જઇ શકું નહિ એ જમદૂત સરદારની આંખ સામે હવે ફરી હુ શી રીતે જઇ શકું ? વળી મેં લોભે ને વિલાસવાસનાએ જે કર્યું છે એ સૌ મહાભયંકર પાપ છે, માટે હવે તો એમાંથી મોક્ષ મેળવવાને માટે મારે પ્રાયશ્ચિત્ત કરવું જોઇએ. વિલાસની માયામાં પડીને જે બીજાની હિંસા કરે છે તે પોતાની મૂર્ખતાએ કરીને (મનગમતું) વધારે દુઃખ માગી લે છે. જે મમતામાયામાથી મુક્ત થઇ શકે છે, સ્ત્રીઓના પ્રપંચજાળમાંથી સરકી શકે છે અને પ્રેમનાં બંધનથી છુટો રહી શકે છે એ જ સુખી થઇ શકે છે અને સુખદુઃખમાં સમાન રહી શકે છે.'

૧૪૮૭–૧૫૦૦ "આવો વિચાર કરીને હું ઉત્તર તરફ (અથવા પાછો પર્વત તરફ) ચાલ્યો, મેં સંન્યસ્ત લીધું ને (સાંસારિક) વાસનાઓનો ત્યાગ કર્યો. દેવનગરી અલકાપુરીનાં તાલવનોની યાદ આપતી 'પૂર્વતાલ' (નામની નગરી) જઇ પહોંચ્યો. નગરની દક્ષિણ બાજુએ કોઈપણ મદનવાટિકા કરતાં પણ સુંદર, અને માત્ર સ્વર્ગના નંદનવનની જ સરખામણીમાં મુકી શકાય એવો એક બાગ છે. એની લીલોતરી, ફુલ અને ફળની શોભાએ કરીને હૃદયને આનંદ આપે છે. ભમરાનાં ટોળાંએ અને પંખીઓના

ગાને કરીને પૃથ્વીના સૌ બાગોનો જાણે અહીં સાર ખેંચાઈ આવ્યો હોય એવું લાગે છે માત્ર ખામી એટલી જ છે કે પંખીના ગીતનો અને ભમરાના ઉડવાનો મધુર સુર (ત્યા ભરાતા) માણસોની વાતચિતના ગણગણાટમા ભળી જાય છે એ ઉદ્યાનમા, ધોળા વાદળ-માથી નિકળતા સૂર્યના વિમાન જેવુ ભવ્ય અને ચળકતું દેવમંદિર મારી દૃષ્ટિએ પડ્યુ, તે લાકડાના કોતરકામ વાળુ અને નો થાભના ઉપર ઉભુ કરેલુ હતું એના પ્રાગણમા શ્રદ્ધાળુ જાત્રાળુઓ દ્વારા ફુલ, ફળ, પત્ર, માળા અને ચંદન વિગેરેથી પૂજાએલ અને વસ્ત્રખંડોથી વિભૂષિત થએલ રમણીય ન્યગ્રોધ વૃક્ષ શોભી રહ્યુ હતુ પ્રથમ તો મે એ દેવમંદિરની બહારથી પ્રદક્ષિણા કરી અને પછી એ પવિત્ર વૃક્ષ નીચે જઇ ઉભો રહ્યો એની નરમ પાદડાવાળી ડાળીઓ ચારે બાજુ પ્રસરી હતી અને મીઠી મધુર પત્રશોભા આપતી હતી ત્યા ઉભેલા એક જણને મે પુછ્યુ 'આ બાગનુ નામ શુ ? અને કયા દેવની અહીં સ્થાપના છે? મે ઘણા ઘણા સ્થાનો અને સ્થળો જોયા છે, પણ કયાય કદી મે આવે બાગ તો જોયો નથી'

૧૫૦૧-૧૫૦ "હુ કોઇ પરદેશી છુ એવુ એ તુરત કળી ગયો ને તેથી તેણે ઉત્તર આપ્યો 'આ બાગનુ નામ શકટમુખ છે પૂર્વે ઇક્ષ્વાકુ કુળના મુકુટમણિ સમાન ઋષભ નામે રાજા થઇ ગયા તેઓ હિમાચળથી લઈ સાગર સુધી પ્રસરી રહેલી પૃથ્વીના સ્વામી હતા જન્મમરણની જાળમાથી છુટવા માટે જ્યારે તેઓ એ સર્વ ઋદ્ધિસમૃદ્ધિનો ત્યાગ કરી તપસ્યા તપતા હતા ત્યારે આ વૃક્ષ નીચે તેમને અનંત અને અક્ષય એવુ કેવલ્ય જ્ઞાન પ્રાપ્ત થયુ હતુ એટલા માટે આ પરમપવિત્ર સ્થાન મનાય છે અને એથી જ અદ્યાપિ લોકો એની પૂજા કરે છે આ મંદિરમા પણ એ જ યુગાદિદેવ ઋષભતીર્થંકરની પ્રતિમા સ્થાપિત થએલી છે'

૧૫૦૭-૧૫૦૯ "આ સાભળીને મે પણ એ ઝાડની અને મૂર્તિની વંદના કરી ત્યાર પછી આસન વાળીને ઉડી શાન્તિમા બેઠેલા એક સાધુને-મહાપુરૂષને મે ત્યા જોયા એમણે પાચે ઇંદ્રિયોને પોતાની અંદર વાળી દીધી હતી અને તેમના સર્વે વિચારો ધ્યાનમા અને આત્મસંયમમા વળી ગયા હતા હુ ત્યા ગયો ને જેમના હૃદયમાથી મોહપાશવાસના ચાલી ગઇ છે એવા એ પુરૂષને પગે લાગ્યો પૂજ્યભાવે હાથ જોડીને હુ બોલ્યો

૧૫૧૦-૧૫૧૧ "'હે પરમપૂજ્ય, રાગ અને દ્વેષનો નાશ કરવા, ધનજનનો મોહ છોડવા અને પાપપ્રવૃત્તિઓમાથી નિવૃત થવા માટે હુ આપનો શિષ્ય થવા ઇચ્છુ છુ જન્મમરણના વમળ જ્યા ઘેરાય છે, મૃત્યુ બંધન ને વ્યાધિરૂપી સમુદ્ર રાક્ષસ જ્યા પ્રવર્તે છે એવા સંસારસાગરથી તમારૂ શરણરૂપી શસ્ત્ર લેઇને તરી જઇશ'

૧૫૧૨-૧૫૧૩ "કાનને ને હૃદયને મધુર લાગતે સુરે એ બોલ્યા 'મરતા સુધી સાધુનો ધર્મ પાળવો ને ભાર વહેવો એ કંઇક કઠણ છે ખભે કે માથે જડ વસ્તુનો ભાર વહેવો એ માણસ માટે બહુ સહેલુ છે, પણ ધર્મનો ભાર વહન કરવો ઘણું કઠણ કામ મનાય છે'

૧૫૧૪–૧૫૧૫. "મેં ઉત્તર આપ્યો: '(જીવનના એક કે બીજા હેતુ માટે અર્થાત્) આનંદ, પવિત્રતા કે લાભની ઇચ્છા જેને હોય તે જો નિશ્ચય કરે તો એને કશું વસમું નથી. ગૃહસ્થાશ્રમમાથી નિકળી સાધુજીવન ગાળવાનો મેં નિશ્ચય કર્યો છે, કારણ કે એથી જ દુ:ખ ટળશે.'

૧૫૧૬–૧૫૨૪. "પછી મને એ સાધુએ જીવને તારનાર અને જન્મમરણમાંથી મુક્તિ અપાવી મોક્ષે લેઈ જનાર વીતરાગ દીક્ષા આપી. આ સાધુધર્મ પંચમહાવ્રત સ્વરૂપ છે, તેથી તેનું રહસ્ય, અને વિનય, પ્રત્યાખ્યાન, પ્રતિક્રમણ, સમ્યગ્ભાષણ વિગેરે આચાર-વિચાર એમણે મને સમજાવ્યા. ત્યાર પછી ક્રમથી મને જૈન આગમોનો અભ્યાસ કરાવ્યો; એમાં સૌથી પ્રથમ હું ઉત્તરાધ્યયનરૂપે ગણાતાં ૩૬ અધ્યયનો શીખ્યો. એ અધ્યયનોમાં બ્રહ્મચર્ય, ગુપ્તિ, કર્મ વિગેરેનુ સ્વરૂપ બતાવેલું છે. એના પછી આચારાંગસૂત્ર ભણ્યો, એમાં મુક્તિમાર્ગ બતાવનાર નવ અધ્યયનો આવેલાં છે. એના પછી સૂત્રકૃત, સ્થાન અને સમવાય નામના શાસ્ત્રો ઉંડે ઉતરીને નિયમ પ્રમાણે શીખ્યો. તે પછી શેષ રહેલા કાલિકસૂત્રો અને અંગપ્રવિષ્ટ ગ્રંથો શીખ્યા બાદ પૂર્વગત ગ્રંથોનો પણ બરાબર અભ્યાસ કર્યો, એણે કરીને જગત્ના ભાવિક અને મૌલિક સ્વરૂપનું મને જ્ઞાન થયું. આવી રીતે બાર વર્ષ ભણવામા ને સાથે સાથે સંસાર ઉપરનો મોહ છોડવામાં ચાલ્યાં ગયાં. આમ સમ્યગ્ જ્ઞાન અને આત્મસંયમ વડે હું મારા આત્મકલ્યાણને માર્ગે આગળ વધતો જાઉં છું અને લોકોને પણ એ અનુત્તર–સર્વશ્રેષ્ઠ ધર્મનો ઉપદેશ આપ્યા કરૂં છું."

(૧૧. ત્યાગ અને સાધના.)

૧૫૨૫–૧૫૨૯. (સાધ્વી આગળ કથા કહે છે:) જ્યારે અમે આ ખેદજનક અનુભવ સાંભળ્યો, ત્યારે અમે અનુભવેલું દુ:ખ નવેસરથી તાજું થયું. આંસુભરી આંખે અમે એકબીજા તરફ જોયું (અને અમને લાગ્યું): 'આ પુરૂષ આપણને વિષ તેમજ અમૃત સમાન નિવડ્યા છે (વળી અમે વિચાર્યું) જ્યારે એકવારના આ મહાપાપીએ પણ પોતાના ઉપર વિજય મેળવ્યો છે, ત્યારે આપણે તો દુ:ખનો નાશ કરવાને માટે, જરૂર જ તપસ્યા કરવી જોઇએ. વીતેલાં દુ:ખનો વિચાર કરતાં અમને સ્નેહવિલાસ ઉપર ઉપરતિ થઇ અને અમે એ પવિત્ર પુરૂષને પગે પડ્યાં. પછી પાછાં અમે ઉભાં થયાં, ને બે હાથ જોડી કપાળે અડાડી અમારા એ જીવનતારકને અને પછીથી બની રહેલા અમારા સન્મિત્રને કહ્યુ:

૧૫૩૦–૧૫૩૩. 'જે ચકુવાકનું જોડું માનવદેહમાં તમારે હાથે લૂટારાની ગુફામાંથી ઉગરી ગયુ તે અમે પોતે જ છીએ. તમે અમને જ્યારે જીવન આપ્યું ત્યારે તો હવે દુ:ખમાંથી મોક્ષ પણ આપો. મરણ અને દુ:ખ જ્યાં રોજરોજ આવ્યા જ જાય છે એવા જીવનરૂપની સાકળોવાળો ચંચળ સંસાર અમને સંતાપે છે. અમને નિર્વાણની ઇચ્છા છે તીર્થંકરોએ બતાવેલે પવિત્ર માર્ગે અમને, કૃપા કરીને દોરી જાઓ! સાધુજીવનનાં વિવિધ શાસનો અમારી જાત્રાનું ભાથું હો!'

૧૫૩૪-૧૫૪૨ એ મહાસયમી ઓ યા 'ધમને જે આત્મિક બળ રાખી પાળે છે, તે જરૂર બધા દુ ખમાથી તરત મુક્તિ પામે છે જો તમે પુનજન્મના વિવિધ પરિણામોના દુ ખ ટાળવા ઇચ્છતા હો, તો સ્વાર્થવૃત્તિ છોડી દો ને હવે હમેશને માટે તપસ્યા કરો માણસ એ તો જરૂર જાણે છે જ કે મરણ આવશે, પણ કયારે આવશે તે માન જાણતો નથી, તેથી એ આવે તે પહેલા તેણે ધર્મ પાળી લેવો જોઇએ, ઠાખતી વગાડતુ મોત આવે, ત્યાર પછી તો કઇ તપસ્યા થઇ શકે નહિ જ્યા લગી ઇદ્રિયો સાબુત હોય અને શરીર ચાલતુ હોય ત્યા સુધી માણસ મુક્તિની તૈયારી કરી શકે જીવન ચ ચળ છે અને અનેક વિઘ્નોથી ભર્યું છે, માણસે એના ઉપર વિશ્વાસ ન રાખવો અને પારમાર્થિક કાર્ય કરવા માટે ક્ષણભરનો પણ વિલ બ ન કરવો જો મરણ ને દુ ખ કઇ હોય જ નહિ તો માણસ ધર્મ આચરે કે છોડે તે પાલવે, પણ જો મરણ આવવાનુ જ છે તો કરેલી આળસ માથે પડશે તેથી શરીર સાજુ હોય ને શક્તિઓ સારી પેઠે હોય ત્યા સુધી ~ જીવન સુધારણાનુ કાર્ય મનુષ્ય સફળતાપૂર્વક કરી શકે છે'

૧૫૪૩-૧૫૪૬ એ પવિત્ર પુરૂષના શબ્દો સાભળીને સસાર ઉપર અમને ક્ષોભ થયો અને પવિત્ર જીવન આરભવાનો અમે નિશ્ચય કર્યો તેથી અમે ત્યા જ અમારો શણગાર ઉતારી દીધો અને દાસીઓને સોપી દેઇ કહ્યુ "અમારા માબાપને આ સોપજો અને કહેજો કે 'એ બને દુ ખથી અને જન્મમરણના પર પરાથી કટાળ્યા છે અને એટલા માટે એ દુ ખથી પાર કરનાર ધમમાર્ગે ચઢ્યા છે અવિચાર અને બેદર કારીને કારણે અમે જે સારાનરસા આચારથી તમને હેરાન કર્યા હોય એને માટે તમે અમને ક્ષમા આપજો'"

૧૫૪૭-૧૫૪૯ આ સમાચાર દાસીઓમા ફેલાતા તે તથા નર્તકીઓ પણ દોડતી આવી એ મારા પ્રિયને પગે પડર્યાં ને કાલાવાલા કરવા લાગ્યા 'અમને અનાથ કરી મારી નાખો ના!' કેટલીકે એમના પગને અડવા ફુલ વેર્યા, જે ફુલ એમણે જાણી જોઇને હાથમાથી સેરવી દીધાં હતાં (અને તે બોલી)

૧૫૫૦-૧૫૫૨ 'અમારા જીવનમા વગર કટાળ્યે અમારી (શુભ) કામના પ્રમાણે ઉત્તમાશ આલિંગનની આશામા અમે અમારા જીવનને આનદી માનતી આવી છીએ હવે એ અમારી કામના તમારી પાસેથી જો પરિપૂર્ણ ન થાય તો ભલે! માત્ર તમને જોઈને જ અમે સતોષ ધરીશું શ્વેત કમળ જેવા ચદ્રને માણસ જો અડકી શકે નહિ, તોય એના શુદ્ધ બિબને જોઈ કોને આનદ ના થાય!'

૧૫૫૩-૧૫૫૯ એમ તે સ્ત્રીઓ અનેક રીતે રોવા લાગી અને મારા સ્વામીને પોતાના વિરક્તભાવમાથી પાછા વાળવા કાલાવાલા કરવા લાગી પણ આવા પ્રલોભનોની પરવા કર્યા વિના અને પોતાને અડવા દીધા વિના મારા પ્રિય એ બધાથી ફરી જઇને પેલા સત્પુરૂષ તરફ મો કરીને ઉભા સસારથી વિરક્ત થઇને સાધુજીવનમા પ્રવેશવા માટે એમણે જાતે જ એકેએક બધા વાળ ચુટી નાખ્યા મે પણ પોતે મારા બધા વાળ ચુટી નાખ્યા ને મારા સ્વામી સાથે એ સાધુને પગે પડી, આમ પ્રાર્થના

मज्झु समाहि बोहि सप्पज्जउ। मज्झु विमलु केवलु उप्पज्जउ ॥ ७ ॥

घत्ता। णण्णहो मज्झु वि दय करउ। पुप्फयंत जिणणाहपियारी।
खमउ असेसु वि दुव्वयणु। वसउ वयणे सुयदेवि भडारी ॥ ८ ॥

सुहतुंग भवण वावार भार णिव्वहण वीर धवलस्स।
कोंडिल्ल गोत्त नहससहरस्स पयइए सोमस्स ॥ ९ ॥
कुव्वागब्भसमुब्भवस्स सिरि भरहभट्ट तणयस्स।
जस पसर भरिय भुअणोयरस्स जिणचरण कमल भसलस्स ॥ १० ॥
अणवरय रइय वरजिणहरस्स जिण भवण पूयणिरयस्स ॥
जिण सासणायमुद्धारणस्स मुणिदिण्णदाणस्स ॥ ११ ॥
कलिमलकलंक परिवज्जियस्स जियदुविहवइरिणियरस्स।
कारुण्णकंद णव जलहरस्स दीणयण सरणस्स ॥ १२ ॥
णिवलच्छी कीला सरवरस्स वापसरि णिवासस्स।
णिस्सेस विउस विज्जाविणोय णियरस्स सुद्ध हियस्स ॥ १३ ॥
णण्णस्स पत्थणाए कव्व पिसल्लेण पहसिय मुहेण।
णाय कुमार चरित्त रइय सिरिपुप्फयंतेण ॥ १४ ॥

———*———

કવિવર સમયસુન્દર

(ભાવનગર મુકામે ભરાએલી ૭ મી ગુજરાતી સાહિત્ય પરિષદ્ માટે લખાએલો નિબંધ)

[लेखक श्रीयुत मोहनलाल दलीचंद देशाइ, बीए एल्‌एल् बी, मुंबइ]

જૈન સાધુઓ ભારતની એક ધાર્મિક સંસ્થા છે અને પોતાના આચાર-નિયમ પ્રમાણે શ્રમણશીલ-પરિવ્રાજક છે એક વર્ષમાં એકી સાથે ચાતુર્માસ એક સ્થળે ગાળવું તેમને અપરિહાર્ય છે, જ્યારે બાકીના આઠ માસમાં એક ગામથી બીજા ગામ અપ્રતિહત વિહાર કરી દરેક સ્થલે ઉપદેશ આપતા રહી વિહાર કર્યે જાય છે લગભગ પચીસસો વર્ષ પહેલાં થયેલા ધર્મ સંસ્થાપક શ્રી મહાવીરના અનુયાયી જૈન શ્રમણોની સંસ્કૃતિ સમય ધર્મ પ્રમાણે અનેક ઉદય અને અસ્તના હિંડોલે હીંચીને હજુ સુધી પણ અખંડ પણે ચાલી આવી છે તે શ્રમણ-પંથે સ્થાપેલા દયા ધર્મની અસરથી ભારતમાં હિંસક યજ્ઞયાગ બંધ પડયા એટલું જ નહિ પણ જાતિભેદના જુલમને ઘણા સૈકાઓ સુધી વિશેષ અવકાશ મળ્યો નહિ વિશેષમાં કાવ્ય નાટક, કથા-ભાષા વગેરે સાહિત્ય પ્રદેશમાં પણ તે શ્રમણોએ દરેક શતકમાં-દરેક યુગમાં અન્ય પંથોની સાથે સાથે પ્રબળ ફાળો આપ્યો છે, અને એ સત્યની પ્રતીતિ તેના સાહિત્યનો ઇતિહાસ લખાશે ત્યારે અતિ સ્પષ્ટ રીતે અને જરૂર થશે

સંસારની ઉપાધિઓના બંધનથી મુક્ત એવા નિર્બંધ પંખીઓ પેઠે વિચરતા માત્ર ધર્મ પરાયણ જીવન ગાળવા નિર્માયેલા સાધુઓના સુર વિશ્વબંધુ ભાવના, પ્રભુ ભક્તિના, અને નીતિના ઉપદેશના ગીતો ગાવામાં જ નીકળી શકે પોતપોતાના જમાનાની ભાવનાઓને વ્યક્ત કરવી, પોતાના સમયના જુદા જુદા આ શૈલીને અને નોખા નોખા વહેતા લાગણી-પ્રવાહોને એકત્ર કરી પયગમ્બરી વાણીમાં તેનું ઉદ્‌બોધન કરવું એ કવિઓનું કર્તવ્ય છે સામાન્ય લોકોના દિલમાં જે સુંદર ભાવો જાગે-પણ જે સમજ વાની કે સમજાવવાની તેમનામાં તાકાત નથી-તેમને ભાષા આપવી, તેમને અમર વાણીમાં વ્યકત કરવા એ કવિઓનું કાર્ય છે નિર્બંધ પંખીઓમાં કોકિલા જેવું શ્રમણશાલી

પખી ભાગ્યે જ જોવામા આવશે. આવા કવિપગભૂનો જૈન સાધુઓએ પ્રાન્ત પ્રાન્ત અને દેશેદેશ વિહાર કરી પોતાના કાવ્યનો ટહુકો લોકોને સભળાવ્યો છે. આ પૈકી એક કવિ પરભૃતનો પરિચય કરાવવાની આ નિબધની ઉમેદ છે

તેમનુ નામ કવિવર સમય સુન્દર. તેમનો કાલ વિક્રમનો સત્તરમો શતાબ્દિ છે. તેમને સવત્ ૧૬૪૯ માં વાચનાચાર્ય-ઉપાધ્યાય પદ લાહોરમા મળ્યુ હતુ અને પ્રથમનો ગ્રંથ 'ભાવશતક' સ૦ ૧૬૪૧ મા રચેલો મળી આવે છે, તેથી તે વખતે તેમની ઉમર ૨૧ વર્ષની ગણીએ તો તેમનો જન્મ સં૦ ૧૬૨૦ માં મૂકી શકાય કે જે વખતે તેમના દીક્ષાગુરૂ સકલચંદ્ર ઉપાધ્યાયના દીક્ષા ગુરૂ જિનચંદ્ર સૂરિને સૂરિપદ (૧૭ વર્ષની વયે, મળ્યા સંવત્ ૧૬૧૨) મળ્યાને આઠ વર્ષ થઈ ગયા હતા. તેમનો છેલ્લો ગ્રંથ સ૦ ૧૬૯૭ લગભગનો મળી આવે છે તેથી તેઓ સ૦ ૧૬૨૦ થી ૧૭૦૦ સુધી-૮૦ વર્ષ જેટલું જીવન ગાળી શકયા હતા એ પ્રાય નિશ્ચિત થાય છે.

તત્કાલીન સ્થિતિ.

ખરતર ગચ્છ અને તપાગચ્છ વચ્ચે લાબા વખતથી સ્પર્ધા અને વિખવાદ ચાલ્યા આવતા. એ વિખવાદ સત્તરમા શતકના પૂર્વાર્દ્ધમાં વધી પડયો હતો. શ્વેતામ્બરો અને દિગંબરો વચ્ચેનો વિરોધ તો બહુ જૂનો હતો પણ સં. ૧૧૭૬ માં સિદ્ધરાજના દરબારમા વાદિદેવ નામના શ્વેતામ્બર સૂરિએ કુમુદચંદ્ર નામના દિગમ્બરાચાર્યને શાસ્ત્રાર્થમાં હરાવી દિગમ્બરોને ગૂજરાતના રાજ્યની હદપાર કરાવ્યા-તે પછી એ બનેના કાર્ય કરવાનાં ક્ષેત્રો બહુધા જૂદાં પડી ગયા હતાં ને તેથી એમના વચ્ચેનો વિરોધ પણ મોળો પડી ગયો હતો. પણ બીજી બાજુએ શ્વેતામ્બર મૂર્તિપૂજકમાથી જુદા પડી લુંકામત અને બીજામત નીકળ્યા પછી તેમની સાથેનો વિરોધ પ્રબળ થઇ પડયો હતો શ્વેતામ્બર મતના ખરતર અને તપગચ્છ વચ્ચેની મતામતી પણ પ્રબળ થઇ પડી હતી અને તેમાં ધર્મસાગર ઉપાધ્યાયજી નામના તપગચ્છીય વિદ્વાન-પણ-ઉગ્રસ્વભાવી સાધુએ કુમતિકદકુદ્દાલ (યાને પ્રવચન પરીક્ષા) નામનો ગ્રથ બનાવી તપગચ્છ સિવાયના અન્ય સર્વ ગચ્છ અને મત સામે અનેક આક્ષેપો મૂકયા. આથી તે સર્વ મતો ખળભળી ઉઠયા; અને તેનું જો સમાધાન ન થાય તો આખા જૈન સમાજમાં દાવાનળ અગ્નિ પ્રકટે. આ માટે જોખમદાર આચાર્યોને વચ્ચે પડયા વગર રહી શકાય નહિ તેથી તપગચ્છાચાર્ય વિજયદાન સૂરિએ ઉપરોકત ગ્રંથ પાણીમા બોળાવી દીધો અને તેને અપ્રમાણ ઠેરવ્યો. તેમણે જાહેરનામું કાઢી 'સાત બોલ'ની આજ્ઞા કાઢી એક બીજા મતવાળાને વાદ-વિવાદની અથડામણ કરતા અટકાવ્યા હતા. પણ આટલાથી વિરોધ જોઈએ તેવો ન શમ્યો ત્યારે વિજયદાન સૂરિ પછી આચાર્ય હીરવિજય સૂરિએ ઉકત 'સાત બોલ' પર વિવરણ કરી 'બાર બોલ' એ નામની બાર આજ્ઞાઓ જાહેર કરી હતી. સ૦ ૧૬૪૬. આથી જૈન સમાજમાં ઘણી શાન્તિ આવી, અને

ખરતર ગચ્છના અને તપગચ્છના આચાર્યો એક બીજાની નિન્દામાં ન ઉતરતાં જૈન ધર્મનો પ્રભાવ અન્ય સમાજમાં અને રાજદ્વારમાં પાડવા માટે પ્રયત્નશીલ થયા

વિક્રમનો સત્તરમો સૈકો જૈનો માટે ઘણો પ્રતાપી હતો તે સદીમાં મહાન મોગલ સમ્રાટ અકબર, જહાંગીર અને શાહજહાં (સં૦ ૧૬૧૨ થી સં૦ ૧૭૧૪) એ ત્રણ શહેનશાહોએ સમગ્ર ભારત વર્ષમાં રાજ્ય સત્તા જમાવી રાખી લોકોમાં આબાદી અને શાન્તિની સ્થિરતા કરી અકબરે સં૦ ૧૬ ૮ મા ચિતોડ ૧૬૩૫ મા રણથંભોર અને કાલંજરના કિલ્લા જીતી લીધા અને સં૦ ૧ ૨૮ મા અમદાવાદમાં પોતાનો વાવટો ફરકાવ્યો પછી વડોદરા, ચાંપાનેર, સુરત એ સઘળો મિર્ઝાઓએ કબજે કરેલો મુલક તેઓને કાઢી મેલી, પોતાના રાજ્ય તળે મૂકી અકબર આગ્રે આવ્યો ત્યાં પછીના ત્રણ વર્ષમાં બહાર અને બંગાલા હાથ કર્યા આમ સર્વ સ્થળે શાન્તિ પસારી. આ સૈકામાં શ્વેતામ્બર જૈન સાધુઓ સંસ્કૃત પ્રાકૃત અને સ્વભાષા-લોક ભાષામાં સાહિત્ય વિશેષ વિશેષ ઉત્પન્ન કરવા લાગ્યા. તપગચ્છીય પ્રભાવક મહાપુરુષ હીરવિજય સૂરિએ તથા તેમના શિષ્ય ઉપાધ્યાય શાન્તિચંદ્ર આદિએ, ખરતર ગચ્છીય જિનચંદ્ર સૂરિએ, અને નાગપુર તપગચ્છીય પદ્મસુંદર ઉપાધ્યાયે અકબર બાદશાહને જૈનધર્મનું સ્વરૂપ સમજાવી તેની તેના પ્રત્યે સદ્ભાવના ખેંચી અનેક જૈન તીર્થ સંબંધી ફરમાનો, જીવ-વધ-બંધની આજ્ઞાઓ અને પુસ્તકો, સ્થાન વગેરેના ઈનામો પ્રાપ્ત કર્યા. જહાંગીરે ત૦ વિજયસેન સૂરિ અને ખ૦ જિનસિંહ સૂરિને મોટા ધાર્મિક બિરૂદો આપ્યા, અને શાહજહાંએ પણ સહાનુભૂતિ દાખવી. આ સામાન્ય રીતે શાન્તિની સતત વર્ષામાં અન્ય ધર્મોમાં પણ ઘણી જાગૃતિ આવી અને સાહિત્ય વૃદ્ધિ થઈ

સં૦ ૧૬૦૦ મા તેમ અમદાવાદમાં જ જન્મનાર દાદુજીએ ત્યાગી ફકીર બની જયપુર માના રાજ્યમાં ઘણો જીવન-કાળ કાઢી ૧૬૪૦ મા અકબર સાથે ધર્મોલાપ કર્યો. વેદાન્ત જ્ઞાન સામાન્ય મનુષ્યોને ગળે ઉતારવા સરલ રીતિથી લોક-ગમ્ય ભાષામાં ઉપદેશ કર્યો મુખ્ય વાત એ હતી કે

આપા મેટૈ હરિ ભજૈ તન મન તજૈ વિકાર
નિર્વૈરી સબ જીવસોં, દાદૂ યહુ મત સાર

એક પરમેશ્વર જગતનો સાર છે તે પરબ્રહ્મ કબ્રદેવ તે 'રામ' છે તેની ઉપાસનાથી સુખની પ્રાપ્તિ જગતના સુખો તેની પાસે નિઃસાર છે તે પરમાનંદમય આનંદમય સુખ પ્રાપ્ત કરવા દાદૂ કહે છે બીજા સાધન માર્ગોમાં જરૂર ના બતાવી ભરી નજર (જેવા કે રામાનુજ, વલ્લભ આદિ સગુણ પૂજામાં), કોરી ભક્તિ નહિને તુચ્છ બતાવ્યા સર્વ સાથે દ્વેષ તજી દેવાની મતી રે.. અને સર્વ જીવ પર દયા દૃષ્ટિ રાખવાની નેક આજ્ઞા કરી આ પ્રમાણે એવા સાધનો ભેદ બતાવ્યા કે હિંદુ મુસલમાન આદિ અવિરોધ આચરી શકે તે સં૦ ૧૬૬૦ માં નરાણા ગામમાં (જયપુર) સ્વર્ગસ્થ થયા. તેના

શિષ્ય સુન્દરદાસે (જન્મ સ૦ ૧૬૫૩, દાદૂજી પાસે દીક્ષા સ૦ ૧૬૫૯, મરણ ૧૭૪૬) વેદાન્ત જ્ઞાનને સુમધુર સરલ અને ઉચ્ચ હિન્દી કાવ્યમા વિવિધ પ્રકારની રચના કરી તેમણે અદ્વૈત બ્રહ્મવિદ્યાનો પ્રચાર કરવાથી અને તેઓ અતિ કુશલ વિદ્વાન હોવાથી તેમને દાદૂ પંથીઓ 'બીજા શંકરાચાર્ય' કહે છે [1]

ગોસ્વામી તુલસીદાસ—(જન્મ સ૦ ૧૬૦૦, મરણ સં૦ ૧૬૮૦) આ હિન્દી સાહિત્યના અપ્રતિમ મહાકવિ છે તેમણે રામાયણ રચી તે એટલી બધી આજસુધી પ્રસિદ્ધ છે કે, તેનુ વાંચન દરેક હિન્દી કુટુમ્બમાં થાય છે. તેમજ અનેક હિન્દી કાવ્યો રચ્યાં. અકબરના પ્રસિદ્ધ કવિ ગંગના તથા અન્ય હિન્દી પ્રસિદ્ધ કવિ વિહારી તથા કેશવદાસના સમકાલીન છે.

મહારાષ્ટ્રમાં અઢાર પર્વના મહાભારતને મરાઠીમા પહેલવહેલાં અવતારનાર કવિ વિષ્ણુદાસ, અને મુક્તેશ્વર (જન્મ ૧૬૫૬, સ્વર્ગ૦ ૧૭૦૬) તેમજ પ્રસિદ્ધ સતકવિઓ એકનાથ (જન્મ સ૦ ૧૬૦૫, સ્વ૦ ૧૬૫૬), તુકારામ (જન્મ સં૦ ૧૬૩૪ યા ૧૬૬૪-સ્વ૦ ૧૭૦૮), સમર્થ રામદાસ (જન્મ સં૦ ૧૬૬૫ સ્વ૦ ૧૭૩૮) આદિ થયા.

ગૂર્જર ભાષાના આ યુગ માટે એમ કહેવામા આવે છે કે 'જે ભાષાના પ્રથમ યુગમાં—સાહિત્યના પ્રભાતમા—નરસિંહ મહેતા જેવા ભક્ત કવિનાં પ્રભાતિયા ગાજી રહ્યાં હતાં તેના મધ્ય યુગમા—સોળમા અને સત્તરમા શતકમા—કવિતાના સ્વર્ગીય ગાનનો ધ્વનિ છેક મન્દ પડી ગયો'—આ વાત સત્ય નથી. જૈનેતર ગુર્જર કવિઓ આ યુગમાં વધુ સંખ્યામાં મળી નથી આવ્યા તેથી તેવી વાત મૂકવામા આવે તે સ્વાભાવિક છે પણ મને ખાત્રી છે કે આ ઉન્નતિના અને જાગ્રતિના યુગમાં અનેક જૈનેતર ગૂર્જર કવિઓ થયા હોવા જોઈએ; અને તે શોધખોળ કરતા સાપડી શકશે. જ્યારે મધ્ય યુગમાં જૈન કવિઓ માટે તો નિર્વિવાદ રીતે સ્પષ્ટ કહી શકાય તેમ છે કે તેમણે સાહિત્યની ધારા અખંડ નિરાવરણ અને નિર્મલ રાખી, તેનામા ઓજસ્‌વાળુ પય સિંચી તેને બલવતી, વેગવતી અને ઉજ્વલ બનાવી હતી.

આ સત્તરમા શતકમાં જેમ અગ્રેજીમા, રાણી એલિઝાબેથનો સમય (સ૦ ૧૬૧૫-

---

૧ રાઘવીય ભક્તમાલમા જણાવ્યુ છે કે ' શંકરાચાર્ય દૂસરો, દાદૂ કે સુદર ભયો. ' આ સુન્દરદાસજીએ સ૦ ૧૬૬૩-૧૬૮૨ કાશીમા રહી વિદ્યા લઇ લોકને આપી પછી બહુ પર્યટન કર્યું ગુજરાતમા પણ તે ઘણો કાળ રહ્યા હતા અને ગુજરાતી ભાષા પોતે શીખી લીધી હતી. તેના અપ્રસિદ્ધ 'દશો દિશાકે સવૈયે'મા ગૂજરાત સબધી લખ્યુ છે કે —

' આભડછોત અતીત સૌ કીજિયે, બિલાઇ રૂ કૂકર ચાટત હાંડી '

આ પરથી જણાય છે કે વૈષ્ણવ સંપ્રદાયની અસરથી ગુજરાતમા આભડછેટ પર લોકોનું ઘણુ ધ્યાન રહેતું હશે.

૧૬૬૦) ઉક્ત ભાષા માટે એક મહાન્ ઉન્નતિનો છે, તેમ જ અકબરનો રાજ્યકાલ (સં૦ ૧૬૧૩-૧૬૬૨) સર્વ દેશી ભાષાઓ માટે વૃદ્ધિ અને ગૌરવનો યુગ થયો છે અને દેશોમાં આ સમૃદ્ધિશાલી સમયમાં અતિશય સંતોષજનક ઉન્નતિ થઈ છે અને સારા સારા કવિ અને લેખક પાક્યા છે ઉર્દૂ ભાષાની સ્થાપના-પ્રતિભા મુખ્યપણે આ સમયમાં થઈ હિંદી ભાષાના સમયવીર-મુખ્ય નાયક ગોસ્વામી તુલસીદાસ આ યુગમાં થયા કે જેમનો કવિતાકાલ (સં૦ ૧૬૩૧-સં૦ ૧૬૮૦) છે તે મહાનુભાવ-મહાત્માએ રામાયણ આદિ રચી હિન્દી પર જેટલો ઉપકાર કર્યો છે તેવો કોઈએ કર્યો નથી, કવિપ્રિયા અને રસિકપ્રિયાના કર્તા હિન્દી કવિ કેશવદાસ (કવિતાકાલ સં૦ ૧૬૪૮-૧૬૬૮) એક પ્રતિષ્ઠિત નામી કવિ થયા, આ ઉપરાંત અકબરના દરબારમાંના રાજકવિ, બીરબલ ('બ્રહ્મ' ઉપનામથી) આદિ, તેમજ સેનાપતિ, દાદૂ દયાલ, સુંદરદાસ, નાભાદાસ પ્રભૃતિ કવિઓ ઉદ્ભવ્યા આ બહુકાલમાં આની પહેલાં સૂરદાસ આદિએ વ્રજભાષાદ્વારા કૃષ્ણ કવિતા પર અધિક ધ્યાન આપ્યું હતું, જ્યારે તુલસીદાસના કાલથી રામભક્તિની ધારા વહી અને પછી રામભક્તોએ કૃષ્ણની પેઠે રામનું પણ શૃંગારપૂર્ણ વર્ણન કર્યું (આની અસર જૈનસાહિત્યમાં નેમિનાથ-રાજુલ અને સ્થુલિભદ્ર ને કોશ્યાના પ્રસંગો લઈ શૃંગાર પર મર્યાદિત સ્વરૂપે ઉતરી વૈરાગ્ય પરિણામ પર લાવવા તરફ જૈન કવિઓ પ્રેરાયા હોય એવું સંભવે છે) મહારાષ્ટ્રમાં મહાભારત મરાઠીમાં અવગત થયું અને તત્ત્વજ્ઞાનમય અભંગો-દાસબોધ જેવા તાત્ત્વિક ઉપદેશો ભાષામાં ઉતરવા લાગ્યા આવા પ્રતાપી-ઉત્સાહભર્યા શતકમાં ગુજરાતી સાહિત્યમાં ગાનનો ધ્વનિ મંદ પડે એ માનવાને આચકો આવે

મધ્યયુગ ભાષા

ગૂર્જર પ્રાચીન સાહિત્યના ત્રણ યુગ નામે અપભ્રંશ યા પ્રાચીન ગુજરાતી યુગ, મધ્યકાલીન યુગ અને અર્વાચીન યુગ એમ પાડીએ, તો અપભ્રંશ યુગમાં 'અપભ્રંશ કિંવા પ્રાચીન ગૂર્જરાતીના વ્યાકરણ આદિપ્રવર્ત્તક અને પ્રાકૃત બોલીઓના પાણિની'-હેમાચાર્ય (વિ૦ સં૦ ૧૧૪૫ થી ૧૨૨૯), પ્રબંધચિંતામણિના કર્ત્તા મેરૂતુંગ (વિ૦ સં૦ ૧૩૬૧), કવિ ધનપાલ (ભવિષ્યદત્ત કથાના કર્ત્તા) આદિ અનેક જૈન ગ્રંથકારોએ પ્રબલ સાહિત્ય સેવા કરી છે જૈન ભંડારોમાં અપભ્રંશના અનેક પુસ્તકો મળી શકે તેમ છે એ સિદ્ધ વાત છે કે સંવત પંદરમા સૈકા સુધી સૌરાષ્ટ્ર, ગુજરાત અને રાજસ્થાન એ સર્વ પ્રદેશોમાં અપભ્રંશ ભાષા જ વ્યાપક ભાષા તરીકે પ્રવર્ત્તતી હતી સંવત્ ૧૩ મા સૈકાથી સં૦ ૧૫૫૦ સુધીની ભાષાને અન્તિમ અપભ્રંશ ભાષા ગણી શકીએ આને ડા૦ ટેસીટેરી જૂની પશ્ચિમ રાજસ્થાની ભાષા કહે છે

મધ્યકાલીન યુગ વિક્રમ પંદરમા શતકથી સત્તરમા શતકનો ગણીએ તો તેમાં પંદરમા શતકમાં થોડા, પણ સોળમા શતકમાં ઘણા વધુ અને સત્તરમામાં તો અતિ વિપુલ પ્રમાણમાં જૈનકવિઓ અને ગ્રંથકારો મળી આવે તેમ છે મધ્યકાલીન કે અર્વાચીન યુગમાં

એક પણ શતક જૈનોની ગૂર્જર સાહિત્યસેવા વગરનું રહ્યુ નથી. જૈન સાધુઓએ ભંડારોદ્વારા આ સર્વ સાચવી ગણ્યુ છે, તે માટે તેમને ધન્યવાદ ઘટે છે, અને તેથી તે સર્વ સાહિત્યનો ઇતિહાસ અખંડ લખી શકાશે તેમ થયે વિશેષ પ્રભાના દર્શન થશે.

રા. નરસિંહરાવે આંકેલ ગૂજરાતી ભાષાના વિકાસક્રમની સમયરેખામા સં૦ ૧૬૫૦ થી ૧૭૫૦ સુધીની ભાષાને 'મધ્ય ગૂજરાતી' કહી છે. આ મધ્ય ગૂજરાતી કે ઉપર નિર્દેશેલ મધ્યકાલીન યુગમા પ્રસ્તુત કવિ (વિક્રમ સત્તરમો સૈકો) થયેલ છે તે સૈકામાં અનેક સુંદર કૃતિઓ રચી પોતાને સિદ્ધહસ્ત આખ્યાન-કથા કવિ તરીકે સિદ્ધ કરનાર જૈનકવિઓ નામે કુશલ લાભ (કૃતિઓ સં૦ ૧૬૧૭ થી ૧૬૨૪). સોમવિમલ સૂરિ (કૃતિ સં૦ ૧૬૧૫ થી ૧૬૩૩), નયસુંદર (કવિતાકાલ સં૦ ૧૬૩૨ થી ૧૬૬૯), પ્રસ્તુત કવિ સમયસુંદર (સં૦ ૧૬૫૮ થી ૧૭૦૦), અને શ્રાવક કવિ ઋષભદાસ (કવિતાકાલ સં૦ ૧૬૬૨ થી ૧૬૮૭) એ પાચ અગ્રભાગ લે છે. આ પૈકી ઋષભદાસ સંબંધી લેખ પાચમી ગૂર્જર સાહિત્ય પરિષદ્‌મા મે જરા વિસ્તારથી લખી મોકલ્યો હતો તે છપાઇ ગયો છે, અને નયસુન્દર સંબધી મારો નિબધ આનદ કાવ્ય મહોદધિના છઠ્ઠા મૌક્તિકની પ્રસ્તાવનામાં પ્રકટ થયો છે. આ લેખદ્વારા કવિવર સમયસુન્દર સંબંધી-કંઇક હકીકત જણાવવા મેં પ્રયત્ન કર્યો છે.

મધ્યયુગનું કથાસાહિત્ય.

સં૦ સત્તરમા સૈકાના પ્રારભથી લોકકથાઓને કાવ્યમાં મૂકવાના સુંદર પ્રયાસો જૈન સાધુઓના હાથથી થઇ ગયા હતા માત્ર પોતાના ધાર્મિક કથા સાહિત્યમાંથી જ વસ્તુ લઈ જૈન સાધુઓએ પોતાનુ-જૈન કાવ્ય સાહિત્ય અખંડપણે ઉત્પન્ન કર્યું છે (જેમ પ્રેમાનંદાદિએ કર્યું છે તેમ), એટલુ જ નહિ, પણ તે ઉપરાત લોકકથાઓને પણ કાવ્યમાં (શામળદાસાદિની માફક) ઉતારી છે; વિશેષમાં તેઓએ, એ બને કવિઓ-પ્રેમાનદ અને શામળભટ્ટ-ની અગાઉના સૈકામાં એટલે સંવત સત્તરમા સૈકામાં-તેના પ્રારંભથી ભાષામાં અવતાર્યું છે.

આના સમર્થનમાં કહીશું કે સં૦ ૧૫૬૦ માં સિંહકુશલે નંદબત્રીશી રચી, ઉદયભાનુએ વિ૦ સં૦ ૧૫૬૫ મા વિક્રમસેન ચોપાઇ રચી કે જેના માટે રા. મણિલાઈ બકોરભાઇએ નોંધ કરી છે કે 'પાંચસેં છાસઠ ટુંકનો આ પ્રબધ છે. દરેક રીતે તે શામળભટની વાતો સાથે હરીફાઇ કરે તેવો છે. આ પ્રબધની રચના કોઇપણ રીતે શામળભટ્ટની વાતોથી ઉતરતા પ્રકારની નથી'; ત્યારપછી[2] કુશલલાભે સં૦ ૧૬૧૬ માં માધવ-કામકુંડલા

૨ કુશળલાભ-ખરતર ગચ્છના અભયધર્મ ઉપાધ્યાયના શિષ્ય તેમણે ઉક્ત બે કથાઓ ઉપરાત તેજસાર રાસ, વીરમગામમા સં૦ ૧૬૨૪ મા, અગડદત્તરાસ, નવકાર છંદ, ગોડી પાર્શ્વનાથ છંદાદિ રચેલ છે.

પર રાસ, અને સં૦ ૧૬૧૭ માં મારૂઢોલા પર ચોપઈ, ³દેવશીલે સં૦ ૧૬૧૯ માં વેતાલ પચીશી અને હેમાનંદે તેજ નામનો ગ્રંથ સં૦ ૧૬૪ માં, ગુણમેરૂસૂરિ શિષ્ય રત્નસુંદર ઉપાધ્યાયે પંચોપાખ્યાન (પંચતંત્ર) ચતુષ્પદી સં૦ ૧૬૨૨ માં સાણંદમાં અને શુકબહોતરી ઉર્ફે રસમંજરી સં૦ ૧૬૩૮ માં ખાંભતમાં, ⁴વચ્છરાજે નીતિશાસ્ત્ર પંચાખ્યાન (પંચતંત્ર) ચોપઈ સં૦ ૧૬૪૮ માં, ⁵હીરકલશે સિંહાસનબત્રીશી સં૦ ૧૬૩૬ માં, ⁶મંગલમાણેકે વિક્રમાદિત્ય અને ખાપરા ચોરનો રાસ સં૦ ૧૬૩૮ માં, નરપતિ કવિએ વિક્રમાદિત્ય ચોપઈ સં૦ ૧૬૪૯ માં અને નંદબત્રીશી, ⁷હેમરત્ને ગોરાબાદલ પદ્મિની કથા ચોપઇ સં૦ ૧૬૬૦ માં, સારંગે ભોજપ્રબંધ ચોપઇ સં૦ ૧૬૫૧ માં, અને બિલ્હિણ પંચાશિકા, અને કનકસુંદરે સં૦ ૧૬૬૭ માં સગાલ શા રાસ, એમ અનેક કવિઓએ અનેક કૃતિઓ રચી છે જૈનેતરમાં માત્ર એકાદ જેમકે સં૦ ૧૫૭૪ માં આમ્રપદ્ર (આમોદ)ના કાયસ્થ ન્યાતિ નરસા સુત ગણપતિએ માધવાનળની કથા ગૂજરાતીમાં બનાવેલી લોકકથા મળી આવી છે અને શોધ કરતાં બીજી પણ થોડી ઘણી મળી આવે જો કે સત્તરમા શતકના ઘણાખરા મળેલા ગ્રંથો ધાર્મિક છે, પણ તેમાં આ લોકકથાના ગ્રંથ મળવાથી તેમાંથી લૌકિક બાબતો ઘણી પ્રાપ્ત થઈ શકે તેમ છે

કેટલાકો એમ માનતા હતા અને માને છે કે ગૂજરાતીમાં વાર્ત્તાઓ લખનાર મૂળ કવિ શામળભટ્ટ આદિ છે, પરંતુ તેમની પહેલાંના જૈન રાસાઓમાંથી અનેક રાસાઓ વાર્ત્તાઓ રૂપે બનાવેલા મળી આવે છે એ વાત ઉપર કર્ત્તાઓ અને તેમની કૃતિઓનો

---

૩ દેવશીલ-તપાગચ્છના સૌભાગ્યસૂરિ શિ સોમવિમલસૂરિ શિ લક્ષ્મીભ શિ૦ ઉદયશીલ શિ૦ ચારિત્રશીલ શિ પ્રમોદશીલના શિષ્ય તેની આ કૃતિ ગ જગજીવનદાસ દયાલજી મોદીએ વડોદરામાં પ્રસિદ્ધ કરી છે

૪ વચ્છરાજ-પાર્શ્વચંદ્રસૂરિ-સમરચંદ્રસૂરિ-રત્નચારિત્ર શિ તેની અન્ય કૃતિઓ સ ૧૬૮૨ માં ખંભાતમાં શાંતિનાથ ચરિત્ર

૫ હીરકલશ-ખરતર દેવતિલક શિ૦ હર્ષપ્રભ શિ અન્યકૃતિઓ સમ્યક્ત્વ કૌમુદી સં૦ ૧૬૨૪ કુમતિ વિધ્વંસ ચોપઇ સં૦ ૧૬ ૭

૬ મંગલમાણેક—આંચલિક ગચ્છના બિડાલંબ ગચ્છ મુનિરત્ન-સૂરિ આનંદરત્ન-સૂરિ જ્ઞાનરત્ન ઉદયસાગર-ભાનુભટ્ટ શિ તેણે વિશેષમાં અંબડ કથાનક ચોપાઇ સ ૧૬૩૮ જેઠ શુ ૧૫ ગુરૂએ શરૂ કરી સ ૧૬૩૯ માં કાર્તિક શુ ૧૩ ઉજ્જેણીમાં નિઝામના રાજ્યમાં પૂરી કરી છે

૭ હેમરત્ન—પૌર્ણમિક ગચ્છ દેવતિલક સૂરિ-જ્ઞાન તિલક સૂરિ-પદ્મરાજ ગણિ શિષ્ય અન્યકૃતિ શીલવતી કથા સં૦ ૧૬૭૩ પાલીમાં બનાવી

આ બધા જૈન શ્વેતામ્બર સાધુઓ છે ગૂજરાતના શ્વેતામ્બર સાધુઓએ કથા સાહિત્ય માટે કેવી સેવા બજાવી છે તે માટે જર્મન વિદ્વાન ડૉક્ટર હર્ટલકૃત ઑન ધી લિટરેચર ઑફ ધી શ્વેતામ્બરાસ્ ઑફ ગુજરાત ” એ નામનું ચોપાનીયું અવલોક્વું

પાટે, અમદાવાદની સલતનત તૂટી ત્યારે, શ્રી હીરવિજયસૂરિ નામે સાધુ હતા આગ્રે જઈ ઈબાદતખાનામાં અકબર બાદશાહ અને અન્ય ધર્મીઓને તેમણે જૈનધર્મનો મહિમા બતાવ્યો.

"આ ઇતિહાસ શું કહે છે? ગુજરાતના અગ્રગણ્ય નાગરિક જૈનોનો સૂર્ય ગુજરાતના હિન્દુ સામ્રાજ્ય દરમ્યાન મધ્યાન્હમાં હતો અને હેમચંદ્રની માફક અમાસનેદિવસે પ્રકાશોજ્જ્વલ પૂર્ણિમા આણવા સમર્થ હતો. તેઓ મહિનાઓના મહિના સુધી દરિયો ખેડી લાંબી સફરો કરી દેશદેશાવરની લક્ષ્મી લાવી ગુજરાતમા ઢોળતા; પોતાના વીરત્વ અને વફાદારીથી રાજા પ્રજા ઉભયને સંકટ અને સૌભાગ્યના સમયમાં મદદ કરતા, અણહિલપુરની ગાદીનું ગૌરવ જાળવતા–વધારતા, બીજા દેવોનાં મંદિરો ખંડિયર થઈ જતાં હતા, છતાં સરસ્વતી દેવીનાં મંદિરો જૈન સાધુઓના ભીષ્મ પરિશ્રમને લીધે ઘંટનાદથી ગાજી રહ્યાં હતાં. દેલવાડાપરના વિમળશાહના દેહરા જેવા અનેક સૌંદર્યથી ગૂજરાત વિભૂષિત થતું હતું; રાજ્યની ઉથલ પાથલો, અંધાધૂંધી, અને બીન સલામતી વારવાર નડતી છતા પોતાના ઉત્કૃષ્ટ વૈશ્ય ગુણોને લીધે ગૂજરાતનો વેપાર પડી ભાગવા ન દીધો અને આજ પર્યંત વેપાર ખેડવાની લાયકાત અને શક્તિ તેજ રાખ્યા."

(જૈનધર્મ પ્રકાશનો જ્યુબિલી અંક).

આટલુ કહી હવે આપણે પ્રસ્તુત કવિનો પરિચય કરવા પ્રત્યે વળીશુ.

કવિનો પરિચય.

કવિ પોતાના જૂદા જૂદા ગ્રંથમાં નાની મોટી પ્રશસ્તિ આપી પોતાનો કંઇક પરિચય કરાવતો ગયો છે. તે પરથી સમજાય છે કે પોતાનો ગચ્છ જૈનશ્વેતામ્બર મૂર્તિપૂજક સંપ્રદાયના પૈકી ખરતર ગચ્છ હતો તે ગચ્છના ઉત્પાદક સંબંધી એવો ઉલ્લેખ કરે છે કે—

"જૈનોના છેલ્લા તીર્થંકર શ્રી મહાવીર સ્વામીની પટ્ટ પરપરાએ દેવાચાર્ય થયા, તેમના પટ્ટધર નેમિચંદ્ર, તેના પછી ઉદ્યોતનસૂરિ થયા. તેમણે આબુગિરિના એક શિખર પર અષ્ટમ તપ આદરી સૂરિમંત્ર આરાધ્યો. ત્યાર પછી વર્ધમાનસૂરિ થયા. તેના શિષ્ય જિનેશ્વરે ગૂજરાતના રાજા દુર્લભરાજ (સં૦ ૧૦૬૬ થી ૧૦૭૮) ની રાજ્ય સભામા શ્રી અણહિલ્લપુર (પાટણ) નગરે શ્વેતપટ (ચૈત્યવાસી) સાથે વાદ કરી તેઓનો પરાભવ કર્યો અને વસતિનો મનોહારી માર્ગ પ્રકટ કર્યો. તે સુરિના પટ્ટધર સંવેગરંગશાલા નામના ગ્રંથના રચનાર જિનચંદ્રસૂરિ થયા અને તેના પછી પટ્ટધર, ખરતરગણનાયક, જૈન સિદ્ધાત શાસ્ત્રો પૈકી નવ અંગ–આગમપર સંસ્કૃતમા વૃત્તિ–ટીકા રચનાર અભયદેવસૂરિ થયા. ૧૧

૧૧. વિક્રમની સત્તરમી શતાબ્દિમા (સં૦ ૧૬૧૭) અભયદેવસૂરિ ખરતર હતા કે નહિ તે સંબંધી પાટણમા જ તપાગચ્છના ધર્મસાગર ઉપાધ્યાય અને ખરતર ગચ્છના ધનરાજ ઉપાધ્યાયને

" ત્યાર પછી તેમના શિષ્ય જિનવલ્લભસૂરિ થયા, તેમના પછી ૬૪ જોગણીને વશ કરનાર જિનદત્તસૂરિ થયા તેના જિનચંદ્રસૂરિ, તેના પછી અનુક્રમે જિનપતિસૂરિ, જિનેશ્વરસૂરિ, જિનપ્રબોધસૂરિ અને જિનચંદ્રસૂરિ થયા જિનચંદ્રસૂરિના આદેશથી તેજપાલે શાંતિનાથનુ બિંબ બનાવ્યું, તેના પછી જિનકુશલસૂરિ (ખરતરગચ્છની પટ્ટાવલિમા ૪૩ મા) ત્યાર પછી જિનપદ્મ, જિનલબ્ધિ, જિનચંદ્ર, જિનોદય, જિનરાજ, જિનભદ્ર અનુક્રમે થયા આ ૫૬ મા જિનભદ્રસૂરિએ જેસલમેર, જાબાલિપુર (જાલોર), દેવગિરિ, અહિપુર (નાગપુર-નાગોર), અને પાટણમા પુસ્તક ભંડારો કરાવ્યા (પટ્ટધર પદ સં૦ ૧૪૭૫ અને મરણ સં૦ ૧૫૧૪) ત્યાર પછી ક્રમે જિનચંદ્ર, જિનસમુદ્ર, જિનમાણિક્ય થયા જિનમાણિક્યના જિનચંદ્રસૂરિ થયા કે જે હાલ વિદ્યમાન છે તે જિનચંદ્રસૂરિને અકબ્બર બાદશાહે આનંદથી 'યુગ પ્રધાન' પદ આપ્યું "

ઉક્ત (૬૧ મા) જિનચંદ્રસૂરિના[૧૨] હસ્તદીક્ષિત મુખ્ય શિષ્ય સકલચંદ્ર ઉપાધ્યાય[૧૩] થયા અને તેના શિષ્ય તરીકે હું, સમયસુંદર વાચક-ઉપાધ્યાય થયો (જુઓ સં૦ ૧૬૭૬ મા રચેલી અર્થરત્નાવલી અથવા અષ્ટલક્ષીની પ્રશસ્તિ પીટર્સન ચતુર્થ રીપોર્ટ ન ૧૧૭૪-પૃ ૬૮)

જબરો ઝઘડો થયો હતો ધર્મસાગરે એવું પ્રતિપાદન કરવા માગ્યુ હતું કે ખરતર ગચ્છની ઉત્પત્તિ જિનેશ્વરસૂરિથી નહિ પણ જિનદત્તસૂરિથી થઇ છે અભયદેવસૂરિ ખરતર ગચ્છમા થઇ શકતા નથી જિનવલ્લભસૂરિએ શાસ્ત્ર વિરૂદ્ધ પ્રરૂપણા કરી છે વગેરે ચર્ચાના વિષયો પોતાના ઔષ્ટ્રિક મતોત્સૂત્રદીપિકા નામના ગ્રંથમા મૂકયા (રચ્યા સં ૧૬૧૭) આ ગ્રંથનું બીજું નામ પ્રવચન પરીક્ષા છે યા બંને જૂદા હોય-બંનેમા વિષયો સરખા છે તેમાના એકનું બીજું નામ કુમતિકંદકુદ્દાલ છે આથી બહુ હોહાકાર થયો બે ગચ્છ વચ્ચે અથડામણી અને અંતે પ્રબળ વિખવાદ ઉત્પન્ન થતા તે કયા અટકશે એ વિચારવાનું ગચ્છ જોખમદાર આચાર્યો । વચ્ચે પડયા વગર ચાલે નહિ તેથી તપાગચ્છના વિજયદાનસૂરિએ ઉક્ત કુમતિકંદકુદ્દાલ ગ્રંથ સભાસમક્ષ પાણીમા બોળાવી દીધો હતો અને તે ગ્રંથની નકલ કોઇની પણ પાસે હોય તો તે અપ્રમાણ ગ્રંથ છે માટે તેમાનુ કથન કોઇએ પ્રમાણભૂત માનવું નહિ એવું જાહેર કર્યું હતું ખરતરગચ્છ વાળાએ પોતાના મંતવ્ય પ્રતિપાદન કરાવવા ભગિરથ પ્રયત્ન સેવ્યો હતો એ વાતના પ્રમાણમા જણાવવાનું કે આપણા નાયક સમયસુંદર ઉપાધ્યાયજીના સં૦ ૧૬૭૨ માં રચેલા સામાચારી શતકમા સં૦ ૧૬૧૭ મા પાટણમા થયેલા એક પ્રમાણ પત્રની નકલ આપેલી છે કે જેમા એવી હકીકત છે કે અભયદેવસૂરિ ખરતર ગચ્છમા થયેલા છે એ વાત પાટણના ૮૪ ગચ્છવાળા માને છે, અને એ પ્રમાણ પત્ર સાચું જણાય છે અને તેનો હેતુ ઉપરનો કલહ-ના શમાવવા અર્થે હતો

૧૨ જિનચંદ્રસૂરિ-ગોત્ર રીહડ પિતા શ્રીવંત માતા સિરિયાદેવી જ્ઞાતિ વણિક તિમરી (તીવરી) -જોધપુર રાજ્ય) ની પાસે આવેલા વડલી ગામમા સં ૧૫૮૫ મા જન્મ માત્ર નવ વર્ષની ઉંમરે સં ૧૬૦૪ મા જૈન સાધુની દીક્ષા ૧૭ વર્ષની વયે સં ૧૬૧૨ ભા૦ શુદિ નવમી ગુરૂવારે જેસલમેરમાં સૂરિપદ તેમણે અકબર બાદશાહને જૈન ધર્મનો બોધ આપ્યો હતો અને બાદશાહે યુગમા પ્રધાન

આ રીતે પોતાની ગુરૂ પરંપરા પોતે આપી છે તે અત્ર જણાવી. પોતે પોતાના ગચ્છનુ નામ બૃહત્ ખરતર ગચ્છ આપેલ છે કારણ કે ખરતર ગચ્છમાં પોતાના સમય સુધીમાં અનેક શાખાઓ મૂળ વૃક્ષમાંથી નીકળી હતી અને પોતાનુ મૂળ વૃક્ષમાંથી ચાલી આવેલ થઇ બતાવવા 'બૃહત્' શબ્દ યોજેલ છે.

સં૦ ૧૬૪૯ ના ફાગણ શુદિ ૨ ને દિને યુગપ્રધાન જિનચંદ્ર સૂરિએ અકબ્બર બાદશાહના કહેવાથી લાહોરમાં (લાભપુરમાં) માનસિંહને આચાર્યપદ આપી તેમનુ નામ જિનસિંહ સૂરિ[૧૪] રાખ્યુ, તે સમયે તેજ જિનચંદ્ર સૂરિએ સ્વહસ્તે કવિ સમયસુંદર

પુરૂષ સૂચક 'યુગપ્રધાન' પદ આપ્યુ હતુ. એમ કહેવાય છે કે બાદશાહને જૈનધર્મી-જૈનધર્મ પ્રશંસક બનાવ્યો હતો (प्रबोधितो येन दया परेण स्यकब्बरास्य. पतिनापि सुरत्य·-જિનલાભ સૂરિના સં૦ ૧૮૩૩ ના આત્મપ્રબોધની પ્રશસ્તિ) તેમને સકલચંદ્ર ઉપાધ્યાય ઉપરાન્ત ૯૫ શિષ્યો હતા-તેમા મુખ્ય સમયરાજ, મહિમારાજ, ધર્મ, નિધાન, રત્નનિધાન, જ્ઞાનવિમલ વિગેરે હતા તેમનો સ્વર્ગવાસ વેનાતટે (બિલાડા-મારવાડ) સં૦ ૧૬૭૦ ના આશ્વિનવદિ બીજના દિને થયો (જુઓ ઇંડિયન એંટિક્વેરીમા આપેલ ખરતર ગચ્છની પટ્ટાવલિ-મારૂ ભાષાન્તર, સનાતન જૈનના ૧૯૦૭ ના જુલાઇના અંકમા વધુ માટે જુઓ રત્નસાગર ભાગ ૨ જો પૃ૦ ૧૨૫) તેમણે પોતાની પાસે ગેલી નામની શ્રાવિકાએ સં૦ ૧૬૩૩ ફા૦ વદ ૫ ને દિને બાર વ્રત સ્વેચ્છા પ્રમાણે ગ્રહણ કર્યા તે સબંધી 'ઇચ્છા પરિણામ ટિપ્પનક' યા બાર વ્રતનો રાસ ભાષામા સં૦ ૧૬૩૩ મા બનાવ્યો છે. વળી મેડતામા જેને હાલ 'લોઢારો મદિર' કહેવામા આવે છે તેમા ચિંતામણિ પાર્શ્વનાથની પ્રતિમાની તેમણે સં૦ ૧૬૬૯ ના માઘ શુદિ ૫ શુક્રવારે મહારાજા સૂર્યસિંહના રાજ્યમા પ્રતિષ્ઠા કરી છે (પ્રાચીન લેખ સંગ્રહ ભા૦ ૨ પૃ૦ ૩૦૭). તેમનાજ સમયમા તેમના અનુયાયી ભક્ત, પ્રખ્યાત કર્મચંદ્ર મંત્રીએ સં૦ ૧૬૩૫ ના ભયંકર દુકાળના વખતમા સવાકરોડ રૂપીઆ ખર્ચી સત્રાકારો બંધાવી બહુ જનોને બચાવ્યા હતા અને તે કર્મચંદ્રે તેમનો યુગ પ્રધાન મહોત્સવ-તેમના શિષ્ય જિનસિંહ સૂરિનો આચાર્ય પદ મહોત્સવ અતિ દ્રવ્ય ખર્ચી સં૦ ૧૬૪૯ મા ઉજવ્યો હતો. વળી તેમના સમયમા સોમજી અને શિવજી એ બે પ્રસિદ્ધ શ્રાવકોએ રાણકપુર, ગિરનાર, આબુ, ગોડીપાર્શ્વનાથ અને શત્રુંજય એ પાંચ જૈનતીર્થોએ સંઘ કાઢી લઇ ગયા હતા. (જુઓ સમયસુંદરની કલ્પસૂત્ર ટીકાની પ્રશસ્તિ) આ કર્મચંદ્ર મંત્રીએ સંધર નગરમા જિનકુશલ સૂરિનો મોટો સ્થૂભ સં૦ ૧૬૫૫ માહા શુદ ૧૦ મે કરાવ્યો તે સિવાય બીજા સ્થલોએ તેમના અનેક સ્થૂભ કરાવ્યા હતા

૧૩ **સકલચંદ્ર ગણી**-તેઓ વિદ્વાન પંડિત અને શિલ્પશાસ્ત્રમા કુશલ હતા. પ્રતિષ્ઠાકલ્પ શ્લોક ૧૧૦૦૦, જિનવલ્લભ સૂરિકૃત ધર્મશિક્ષા પર વૃત્તિ (પત્ર ૧૨૮), અને પ્રાકૃતમા હિતાચરણ નામના ઔપદેશિક ગ્રંથ પર વૃત્તિ ૧૨૪૩૯ શ્લોકમા સં૦ ૧૬૩૦ મા રચેલ છે

૧૪. **જિનસિંહ સૂરિ**-પિતા ચાપસી, માતા ચતુરંગા દેવી, ગોત્ર ગણધર ચોપડા, વણિક જ્ઞાતિ. જન્મ ખેસર (ખેતાસર) ગામમા સં૦ ૧૬૧૫ ના માગશર શુદિ પૂર્ણિમાને દિને; તેમનુ મૂલ નામ માનસિંહ દીક્ષા બીકાનેરમા સં૦ ૧૬૨૩ ના માગશર વદિ ૫ ને દિને, વાચક-ઉપાધ્યાય પદ જેસલમેરમા સં૦ ૧૬૪૦ ના માઘ શુદિ ૫ ને દિને સૂરિપદ લાહોરમા સં૦ ૧૬૪૯ ના ફાલ્ગુન શુદિ ૨ ને દિને. અકબ્બર બાદશાહને મળવા માટે કાશ્મીરમા કઠિન વિહાર (મુસાફરી) કર્યો હતો વાર, સિદ્ધર અને (ગિઝની) આદિ દેશોમા પણ તેમણે અમારિ એટલે જીવદયા-અહિંસા પ્રવર્તાવરાવી હતી. અકબર

તથા ગુણવિનય એ બે સાધુઓને ઉપાધ્યાય પદ આપ્યું આ વાત ઉક્ત ગુણવિનય[૧૫]ઉપાધ્યાયે જ સં૦ ૧૬૫૫ માં રચેલા કર્મચંદ્ર મંત્રિવંશ પ્રબંધ-કર્મચંદ્રવંશાવલિ પ્રબંધમાં આપેલી છે કે જે કર્મચંદ્ર મંત્રીએ આ આચાર્ય મહોત્સવ કરેલો આ સમયે જ જિનચંદ્ર સૂરિને યુગ પ્રધાનપદ મળેલું જણાય છે

> વાચક પ ગુણ વિનયનઇ, સમયસુંદરનઇ દીધઉ રે
> યુગ પ્રધાનજીનઇ કરઈ જાણિ રસાયણ સીધઉ રે
> —શ્રી જિન શાસન ચિર જયઉ

આ ઉત્સવના શુભ કાર્યના ઉપલક્ષમાં બા શાહ અકબ્બર ખંભાતના બંદર ઉપર એક વર્ષ સુધી કોઈ મગર કે માછલીઓ ન મારે એવો હુકમ બહાર પાડયો હતો તેમ લાહોરમાં પણ એક દિવસ કોઇપણ જીવ ની હિંસા નહિ કરવાની આજ્ઞા ફેરવી દીધી હતી (જુઓ ઉક્ત પ્રબંધ ઐતિહાસિક રાસમાળા ભા૦ ૩, જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્ય સંચય) જુઓ પં૦ જયસોમ કૃત સંસ્કૃતમાં કર્મચંદ્ર મંત્રી પ્રબંધ ઉક્ત જિનસિંહ સૂરિએ બાદશાહ પર પોતાનો પ્રભાવ પાડી તેની પાસેથી આષાઢ શુદિ ૯ થી આષાઢ શુદિ ૧૫ સુધીના સાત દિવસોના બીલકુલ જીવવધ ન થાય એવું ફરમાન મેળવ્યું હતું આ અસલી ફરમાન પર હાથ આવ્યું છે ને તે હિન્દી 'સરસ્વતી' માસિકના જૂન, સને ૧૯૧૨ ના અંકમાં છપાયું છે આમાં હીરવિજય સૂરિના ઉપદેશથી પર્યુષણના આઠ અને બીજા ચાર એમ બાર દિવસો સુધીમાં જીવવધના નિષેધ માટે ફરમાન આપ્યું છે તેનો પણ ઉલ્લેખ કર્યો છે

જિનચંદ્રસૂરિ એક પ્રભાવક મહાપુરૂષ હતા તેમના જ્ઞાન અને આચારની ખ્યાતિ અકબ્બર બાદશાહે ઉક્ત કર્મચંદ્ર બછાવત પાસેથી સાંભળી પોતાની નિજકલમવડે ફુરમાન (વિનતિ) પંજાબના લાહોર નગરથી લખી અને પોતાના ખાસ મરજી દાન ઉમરાવો તે ગુરૂને બોલાવવા માટે મોકલ્યા તે વખતે તે ગુરૂના ૮૪ શિષ્યમાં મુખ્ય સકલચંદ્ર ઉપાધ્યાયના શિષ્ય પંડિત સમયસુંદરજી પણ વિહારમાં સાથે હતા તે વિહાર કયાંથી ક્યાં કર્યો અને લાહોરમાં આવ્યા પછી ઉપરાંત મહોત્સવ કેમ થયો એ સંબંધી સમયસુંદરજીએ 'ગુરૂ ગુણ છંદ અષ્ટક' હિન્દીમાં બનાવેલ છે તે અત્ર જણાવીશું

બાદશાહે પોતાના રાજ્યહિવટના છેલ્લા વર્ષમાં (સં૦ ૧૬૬ મા) દસ્તાવેજ રી ફરમાન કરી આપ્યું હતું કે ભાદરવા શુદ ૮ થી ભાદરવા શુ ૧૫ સુધી પોતાના સંપૂર્ણ રાજ્યમાં જીવહિંસા બંધ રાખવી ત્યાર પછી જહાંગીર બાદશાહે તેમને યુગપ્રધાન પદ આપ્યું હતું પટ્ટધર જિનચંદ્ર સૂરિ સ્વર્ગસ્થ થતા વેનાતટમાં (બિલાડા મારવાડમાં) અચ્છનાય પં૦ સં૦ ૧૬૭ ના પૌષ વદિ ૧૩ ને દિને મેડતામાં થયો (જુઓ ઉપરોક્ત ખરતર ગચ્છ પટ્ટાવલિ સનાતન જૈન જુલાઇ ૧૯૦૭ રત્નસાગર ભા૦ ૨ પૃ ૧૨૭ જ્ઞાનવિમલ કૃત સં ૧૬૫૪ની શ દ પ્રમે વર્તમાની ગુરૂ પટ્ટાવલિ પીટર્સન રીપોર્ટ બીજો પૃ૦ ૬૫) તેમની પાટે જિનરાજ સૂરિ (બીજા) આવ્યા

૧૫ ગુણવિનય વાચ -તેમણે ભાષામાં આ નબંધ ઉપરાંત અંજનાસુંદરી પ્રબંધ સં૦ ૧૬૬૨

૧૬ મતનકી મુખ વાણિ સુણી જિનચંદ સુરિંદ મહંત જતી,
તપજપ કરૈ ગુરૂ ગુજ્જરમેં પ્રતિબોધત હૈ ભવિકું સુમતી,
તબહી ચિતચાહન ચૂપ ભઇ સમયસુંદરકે ગુરૂ ગચ્છપતી,
ભેજ્ય પતસાહ અકબ્બરકી છાપ બોલાયે ગુરૂ ગજરાજ ગતી. ૧

એજી ગુજ્જરતે ગુરૂરાજ ચલૈ વિચમે ચોમાસ જાલોર રહૈ,
મેદનીતટમેં મંડાણ કિયો ગુરૂ નાગોર આદરમાન લહૈ,
મારવાડરિણી ગુરૂવંદનકો તરસૈ સરમૈ વિચ વેગ વહૈ,
હરખ્યો સત્ર લાહોર આયે ગુરૂ પતસાહ અકબ્બર પાવ ગહૈ. ૨

એજી સાહ અકબ્બરકી વબ્બરકે ગુરૂ સૂરત દેખત હી હરખૈ,
હમ જોગી જતી સિદ્ધ સાધ વ્રતી સબહી ખટ દરસન કે નિરખૈ,
ટોપી અમડમાવાસ ચંદ ઉદય અજ તીન બનાય કલા પરખૈ,
તપ જપ દયા દર્મ ધારણકો જગ કોઈ નહીં ઇનકે સરખૈ. ૩

ગુરૂ અમૃતવાણિ સુણી સુલતાન એસા પતસાહ હુકમ્મ કિયા,
સબ આલમ માહિ અમાર પલાય બોલાય ગુરૂ ફુરમાણ દિયા,
જગજીવ દયા ધર્મ દાક્ષણતૈ જિન સાસનમેં જુ સોભાગ લિયા,
સમયસુંદર કહૈ ગુણવંત ગુરૂ દગ દેખત હરખત ભવ્ય હિયા. ૪

એજી શ્રીજી ગુરૂ ધર્મ ધ્યાન મિલૈ સુલતાન સલેમ અરજ્જ કરી,
ગુરૂ જીવ દયા નિત પ્રેમ ધરૈ ચિત અંતર પ્રીતિ પ્રતીતિ ધરી,
કર્મચંદ બુલાય દિયો ફુરમાણ છોડાય ખંભાયતકી મછરી,
સમયસુંદરકે સબ લોકનમેં નિત ખરતર ગચ્છકી ખ્યાતિ ખરી. ૫

ના ચૈત્ર શુદ ૧૩ બુધે, ગુણસુંદરી ચોપઇ, અંચલમત સ્વરૂપ વર્ણન રાસ સં૦ ૧૬૭૪ માઘ શુદ ૬ રવિવારે માલપુરમા રચેલ છે. ખરતર ગચ્છની ક્ષેમ શાખામા ક્ષેમરાજ ઉપાધ્યાયના પ્રબોધમાણિક્ય શિષ્ય. તેના જયસોમ, અને તેના તેઓ શિષ્ય થાય. આ કવિએ સંસ્કૃતમા પણ અનેક ગ્રંથો રચ્યા છે તે પૈકી ખંડ પ્રશસ્તિ કાવ્ય ટીકા સં૦ ૧૬૪૧, દમયંતી ચપૂ ટીકા સં૦ ૧૬૪૬, રઘુવંશ ટીકા સં૦ ૧૬૪૬, વૈરાગ્યશતક ટીકા સં૦ ૧૬૪૭, ઇંદ્રિય પરાજયશતક વૃત્તિ સં૦ ૧૬૬૪, ઉત્સૂત્રોદ્ઘટ્ટન કુલક ખંડન સં૦ ૧૬૬૫ કે જેમા ઉપરોક્ત ધર્મસાગર ઉપાધ્યાયના મતનુ ખંડન કરેલુ જણાય છે, સંબોધ-સત્તરી ટીકા, લઘુઅજિતશાંતિ સ્તોત્ર ટીકા છે. આ પરથી તેઓ એક સત્તરમા સૈકામા વિદ્વાન્ ટીકાકાર અને સાક્ષર હતા એ નિર્વિવાદ છે. (વધુ માટે જુઓ ઐ- ગમસંગ્રહ ભાગ ૩ જો)

૧૬. ૨. મેદનીતટ—મેડતા, મારવાડરિણી—મારવાડની સ્ત્રીઓ. ૩. ટોપી... . હરખે=આનો અર્થ બરાબર સમજાતો નથી, પણ એમા એમ હોવાનો સંભવ છે કે ટોપી ઉડાડી અધર રાખી હોય, અમાવાસને દિને ચદ્રનો ઉદય બતાવ્યો હોય અને ત્રણ બકરા બતાવીચમત્કાર બતાવ્યા હતા. ૪ ભવ્ય—પાઠાંતર હોત. મછરી—માછલી પકડવાનુ ખંભાતમા થતું હતું તે ફુરમાનથી દૂર કરાવ્યુ. ૬—ચામર છત્ર..... જિય રે- -પાઠાંતર—જુગપ્રધાનકાએ ગુરૂકૂ ગિગડદુ ગિગડદું ધુધુ બાજીયેરે સમયસુંદરકે ગુરૂ માન ગુરૂ, પતિસાહ અકબ્બર ગાજીયેરે. (જૈન સંપ્રદાય શિક્ષા પૃ. ૬૪૯)

એજી શ્રી જિનદત્ત ચરિત્ર સુણી પતસાહ ભરે ગુરુ રાજિયે રે
ઉમરાવ સબે કર જોડ ખડે પભણે અપણે મુખ હાજિયે રે
ચામર છત્ર મુરાતબ ભેટ નિગડદુ ધુધુ બાજિયે રે
સમયસુંદર તૂહી જગત્ર ગુરુ પતસાહ અકબ્બર ગાજિયે રે　　　૬

હેજી જ્ઞાન વિજ્ઞાન કલા ગુણ દેખ મેરા મન મ ગુરુ રીઝીયેજી
હુમાયૂકો નંદન એમ અખૈ અબ સિંધ (માનસિંધ) પટોધર કીજીયેજી,
પતસાહ હજૂર થપ્યો સધ સૂરિ મ ડાણ મંત્રીશ્વર વીઝીયેજી
જિણચંદ પટે જિણસિંહ સૂરિ ચંદ સૂરજ જ્યૂ પ્રતપીજીયેજી　　　૭

હેજી રીહડવંસ વિભૂષણ હંસ ખરતર ગચ્છ સમુ શશી
પ્રતપ્યો જિન માણિક્ય સૂરિ કે પાટ પભાકર જ્યૂ પ્રણમૂ ઉલસી
મન શુદ્ધ અકબ્બર માનત હૈ જગ જાણત હૈ પરતીત એસી,
જિનચંદ મુણીંદ ચિર પ્રતપો સમયસુંદર દેત આશીશ એસી ×　　　૮

આ પરથી એમ અનુમાન થાય છે કે જિનચંદ્રસૂરિ, અકબર બાદશાહે બોલાવવાથી ગૂજરાતમા હતા ત્યાથી અનેક શિષ્યો સાથે લઇ ગયા તેમા સમયસુંદર હતા ગૂજરાતમાથી વિહાર કરતા પહેલા જાલોર, ત્યાથી મેદિનીતટ-મેડતા, નાગોર એમ મારવાડમાથી પસાર થઇને લાહોર આવ્યા

સ૦ ૧૬૪૯ પહેલા તો સમયસુંદર ગૂજરાતમા જ રહ્યા હતા અને સ૦ ૧૬૪૯ મા લાહોર આવી ઉપાધ્યાય પદ મેળવી પછી તે બાજુ ને વિશેષમા મેવાડ-મારવાડમા પ્રવાસ કર્યો છે અને તેથી તેમની મુખ્ય ગૂજરાતી ભાષામા અનેક દેશોના પ્રાન્તીય શબ્દો, મારવાડી શબ્દો, ફારસી શબ્દો જોવામા આવે છે આ વાત તેમણે જે ગ્રંથો રચ્યા તેના નિર્દિષ્ટ સ્થલપરથી-તે ગ્રંથોપરથી જણાઈ આવે છે

×આ અષ્ટક 'મહાજન વંશ મુક્તાવલિ -પં૦ રામલાલ ગણી ગવડી વિદ્યાશાલા બીકાનેરમાથી તેની પ્રસ્તાવના પૃ૦ ૫-૬ પરથી ઉતારેલુ છે તેમા વિશેષ જણાવ્યુ છે કે આ વખતે નગાબ (ચિતારા) એ તસ્વીર બાદશાહ અને ગુરુમહારાજની ઉતારી તે બીકાનેરના ખરતર ભટ્ટારક શ્રી પૂજ્ય પાસે મોજૂદ છે ચિતારાએ બા શાહ અકબરની સભામાથી બાદશાહની પાછળ મુખ્ય ૩ તસ્વીર લખી છે બિરબલ કરમચંદ બછાવત તથા કાજી ખાનખા અને શ્રી ગુરુ મહારાજના સવ સાધુ સમુદાયમથી ૩ મુખ્ય સાધુ નામ લખ્યા છે- વેપર્ષ (ખરૂ નામ વિવેક હર્ષ) પરમાનંદ તથા સમયસુંદર આ છબી પ્રકટ થાય તો ઘણો પ્રકાશ પડે અને કવિ સમયસુંદરની તસ્વીર મળી આવે આવીજ છબી તપાગચ્છીય હીરવિજય સૂરિની તે વખતની પ્રકટ થઇ છે (જુઓ સાગર શ્રી જિનવિજયજીએ કૃપારસકોશની લખેલી ભૂમિકા સાથે પ્રકટ કરેલ છબી તેમા પણ અકબ્બર સાથે ત્રણ અમીરાદિ, અને હીરવિજય સાથે ત્રણ જૈન સાધુઓ છે આ અને ઉપરની છબી બંને એકનો નથી એમ શંકા રહે છે વળી આ અષ્ટક જૈન સંપ્રદાય શિક્ષા (યતિ શ્રી પાલચંદ્રી) મા પૃ૦ ૧૯૮ ની ટિપ્પણીમા પ્રકટ થયુ છે

સં૦ ૧૬૫૮ અમદાવાદ, સં૦ ૧૬૫૯ ખંભાત, સં૦ ૧૬૬૨ સાંગાનેર, સં૦ ૧૬૬૫ આગ્રા, સં૦ ૧૬૬૭ મરોટ સં૦ ૧૬૬૮ મુલતાન, સં૦ ૧૬૭૨ અને ૧૬૭૩ મેડતા. સં૦ ૧૬૭૪ માં જિનચંદ્રસૂરિ મેડતામાં સ્વર્ગસ્થ થયા ને જિનરાજસૂરિને[૧૬] તેમની ગાદી ત્યાં મળી. સં૦ ૧૬૭૬ માગશર માસમા રાણકપુર (સાદડી પાસે) ની જાત્રા કરી [તે રાણકપુરની જાત્રા વખતે કરેલા સ્તવનમા તેના મંદિરનુ વર્ણન આપ્યુ છે કે 'ચારે દિશાના ૨૪ મંડપ, ચાર ચતુર્મુખ (ચોમુખ) પ્રતિમા, તે દેહરાનુ નામ ત્રિભુવન દીપક. ૮૪ દેરી, ભોયરાં. મેવાડ દેશમા. ૯૯ લાખ ખર્ચી પોરવાડ ધરણાકે બંધાવ્યુ. ત્યા ખરતર વસતિ છે ને તે ઉપરાંત બીજા પ્રાસાદ છે.] અને તે વર્ષમા લાહોર ગયા, સં૦ ૧૬૮૧ જેસલમેરમા હતા. આની પછી સં૦ ૧૬૮૨ મા જેસલમેર પાસેના પાંચ ગાઉ પરના-અસલ રાજ્યધાની લોદ્રવપુરમા રહેતા[૧૭] થેરૂ ભણશાલીએ જેસલમેરથી શત્રુંજયપર જવાનો સંઘ કાઢયો.

---

૧૬ જિનરાજસૂરિ—(બીજા) પિતા શા ધર્મસી, માતા ધારલદે, ગોત્ર બોહિત્થરા. જન્મ સં૦ ૧૬૪૭ વૈ. શુ ૭, દીક્ષા બીકાનેરમા સં૦ ૧૬૫૬ ના માર્ગશીર્ષ શુદિ ૩, દીક્ષાનામ- રાજસમુદ્ર, વાચક (ઉપાધ્યાય) પદ સં૦ ૧૬૬૮, અને સૂરિપદ મેડતામા સં૦ ૧૬૭૪ ના ફાગણ શુદ ૭ ને દિને થયુ તે મહોત્સવ ત્યાના ચોપડા ગોત્રીયસાહ આસકરણે કર્યો. તેમણે ઘણી પ્રતિષ્ઠાઓ કરી-દાખલા તરીકે સં૦ ૧૬૭૫ ના વૈશાખ શુદિ ૧૩ શુક્રે શત્રુંજય ઉપર અષ્ટમ ઉદ્ધારકારક અમદાવાદના સંઘવી સોમજી શિવજીએ ઋષભ અને બીજા જિનોની ૫૦૧ મૂર્ત્તિઓ બનાવરાવી તેની પ્રતિષ્ઠા કરી. ભાણવડમા પાર્શ્વ-નાથની પ્રતિમાની સ્થાપના કરી હતી સં૦ ૧૬૭૭ જેઠ વદિ ૫ ગુરૂવારે જહાંગીરના રાજ્યમા અને શાહજાદા શાહજહાના સમયમા ઉક્ત આસકરણે બનાવેલા મકરાણી (સંગેમર્મર) ના પથ્થરના સુંદર વિહાર (મંદિર) મા મેડતામા શાંતિનાથની મૂર્ત્તિની પ્રતિષ્ઠા કરી એવુ કહેવાય છે કે તેમને અંબિકા દેવીએ વર આપ્યો હતો. તેઓ પાટણમા સં૦ ૧૬૯૯ ના આષાઢ શુદિ ૯ ને દિને સ્વર્ગસ્થ થયા. તેમણે નૈષધીય કાવ્યપર જૈનરાજી નામની વૃત્તિ રચી છે અને બીજા ગ્રંથો રચ્યા છે. તેમના કહેવાથી મતિસારે ધન્ય શાલિભદ્રનો રાસ સં૦ ૧૬૭૮ આસો વદિ ૬ ને દિને ખંભાતમા રચ્યો હતો.

૧૭ થેરૂ ભણશાલી સંબંધી એવું કહેવાય છે કે તે લોદ્રવપુર (હાલનુ લોધરા) મા ઘીનો વેપાર કરતો હતો એક ઘીનુ પાત્ર લઇ ભરવાડણ વેચવા આવી, તેની નીચે ચિત્રાવેલ હતી આથી તે પાત્રના ઘીનો તોલ કરતા જેમ જેમ ઘી કાઢતા જાય તેમ તેમ તે પાત્ર ભરાતુ જાય આ ચિત્રાવેલ પાત્ર નીચેની ઇંઢોણી સાથે હતી, તે ઇંઢોણી લઇને થેરૂશાહે ફેંકી દીધી, પછી તેમાથી તે વેલ લઇ તેના પ્રતાપે અખૂટ ઘીથી અઢળક સંપત્તિ તેણે પ્રાપ્ત કરી આ વાત તેણે જિનસિંહ સૂરિને કહી, ગુરૂએ સુકૃતાર્થ કરવા કહ્યુ ત્યારે થિરૂએ ત્યા થઇ ગયેલા ધીરરાજા (ધીરાજી ભાટી) એ સં૦ ૧૧૯૬ પછી બંધાવેલા લોધરામાના સહસ્રફણા પાર્શ્વનાથના મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો તેમા વિશાલપ્રતિમા સ્થાપન કરી. અને પોતાની બે પત્ની તથા બે પુત્રના કલ્યાણાર્થે ચાર બાજુએ ચાર દેવકુલિકાઓ બંધાવેલી છે. આની પ્રતિષ્ઠા નૈષધકાવ્ય ઉપર જૈનરાજી નામની ટીકાના કર્ત્તા મહા વિદ્વાન્ આચાર્ય જિનરાજ સૂરિએ સં૦ ૧૬૭૫ મા કરેલી છે વિશેષમા થેરૂશાહે જ્ઞાનભંડાર કરાવ્યા અને નવરત્નોના જિનબિંબ કરાવ્યા. ક્રોડો રૂપીઆ ખર્ચ્યા, ત્યારપછી શત્રુંજયનો સંઘ સં૦ ૧૬૮૨ મા કાઢયો. આની પહેલા બાદશાહ અકબ્બરે થેરૂશાહને દિલ્હી બોલાવી ઘણુ માન આપ્યુ થેરૂશાહે નવ હાથી, પાંચસે ઘોડા નજર કર્યા ત્યારે બાદશાહે

આમાં શ્રી જિનરાજસૂરિ પ્રમુખ અનેક આચાર્ય સાથે હતા અને સમયસુંદર ઉપાધ્યાય પણ આ સંઘમાં ગયા હતા આ સંઘ શત્રુંજયની યાત્રા કરી આવ્યો—સ૦ ૧૬૮૨ પછી સમયસુંદર ૧૬૮૨ માં નાગોર આવ્યા, ને ત્યાં શત્રુંજય રાસ રચ્યો ત્યાંથી સ૦ ૧૬૮૩ મેડતામાં, સ૦ ૧૬૮૫ લૂણકર્ણસર, સ૦ ૧૬૮૭ પાટણ આ વર્ષમાં ભારે દુકાળ પડયો હતો કે જેનું વર્ણન તેમણે ચંપક ચોપાઈમાં કર્યું છે સ૦ ૧૬૯૧ ખંભાત, સ૦ ૧૬૯૪ અને ૧૬૯૫ જાલોર, સ૦ ૧૬૯૮ અમદાવાદ, સ૦ ૧૬૯૮ અહેમદપુર (અમદાવાદ), એ રીતે એ સ્થલોએ આપણા કવિએ અચૂક નિવાસ કર્યો હતો

આ ઉપરાંત સમેતશિખર (પાર્શ્વનાથહિલ જેને હાલ કેટલાક કહે છે), ચંપા, પાવાપુરી, ફલોધી (મારવાડ), નાડોલ, વીકાનેર, આબુ, શંખેશ્વર, જીરાવલા, ગોડી, વરકાણા, અંતરીક્ષ પાર્શ્વનાથ, તેમજ ગિરનાર વગેરે અનેક જૈન તીર્થોની યાત્રા કરી હતી ૧૭૬ જેસલમેરમાં પોતે ઘણાં વર્ષો ગાળ્યા લાગે છે

રાયજાદો ગોત્ર ખિતાબ બક્ષ્યો આથી આની ઓલાદ રાયભણશાલી કહેવાય છે આગ્રામાં મોટું જિનમંદિર થિરૂશાહે કરાવ્યું કે જે હાલ મોજૂદ છે ભણશાલી એ મૂળનામ એ રીતે પડયું કે લોદ્રપુરના યદુવંશી ધીરાજી ભાટી રાજાના યુવરાજ પુત્ર સગરની માતાને બ્રહ્મરાક્ષસ લાગ્યો હતો તેને સં ૧૧૯૬ મા ખરતર ગચ્છના ચમત્કારી આચાર્ય જિનદત્ત સૂરિએ કાઢ્યો તેથી રાજા કુટુંબ સહિત જૈન થયો અને તેના પર આચાર્યે જૈનત્વની ક્રિયારૂપે ભંડશાલામાં વાસક્ષેપ કર્યો તેથી તેનું ગોત્ર ભંડશાલી (ભણશાલી) સ્થાપિત થયું અને તેના આ વંશજ થેરૂશાહ થયા આ રીતે મૂળ ભણશાલી જૈન હતા જુઓ મહાજન વંશ મુક્તાવલિ પૃ ૨૮-૦

૧૭૬ જેસલમેર—આનો કિલ્લો રાજસ્થાનમાં પ્રસિદ્ધ છે યદુવંશી ભટ્ટી મહારાઓએ લોદ્રપુરથી આવી સં૦ ૧૨૧૨ મા બાંધ્યો જૈનના ખરતર ગચ્છના શ્વેતાંબરી સાધુઓનો આ પ્રબલ નિવાસ રૂપ હતો જિનરાજ જિનવર્ધન જિનભદ્ર આદિ સૂરિયોએ અનેક જૈન દેવાલયોની પ્રતિષ્ઠા કરી છે કિલ્લા પર આઠ જૈન મંદિર છે તે પૈકી મુખ્ય ચિંતામણી પાર્શ્વનાથનું છે—સ૦ ૧૪૫૮ માં જિન રાજ સૂરિના આદેશથી તેના ગર્ભગૃહમાં સાગરચંદ્ર સૂરિએ પ્રતિમા સ્થાપિત કરી અને સં૦ ૧૪૭૩ મા મહારાઉલ લક્ષ્મણ સિંહના સમયે સંપૂર્ણ થયું તે રાજાના નામ પરથી તેનું નામ લક્ષ્મણવિહાર રાખ્યું ને તેમાં જિનવર્ધન સૂરિએ પ્રતિષ્ઠા કરી તેમાંની ચિંતામણી પાર્શ્વનાથની મૂર્તિ ભટ્ટીઓની પ્રાચીન રાજધાની લોદ્રપુરથી આણેલી ને તેથી પ્રાચીન છે બીજું મંદિર સંભવનાથનું સં ૧૪૮૪ મા જિનભદ્ર સૂરિના ઉપદેશથી આરંભાયેલું તે ૧૪૯૭ મા પૂરૂં થયું ને તેમાં તે સૂરિએ પ્રતિષ્ઠા કરી તે વખતે ૩૦૦ મૂર્તિની પ્રતિષ્ઠા થઇ આ મંદિરની નીચે જ્ઞાનભંડાર વાસ્તે ભોંયરૂં બંધાવ્યું તેમાં ભંડાર રાખ્યો જે હજુ વિદ્યમાન છે તેમાં ૧૦ મીથી ૧૧ મી વિક્રમ સદીના લખાએલા તાડપત્રના પ્રાચીન દુર્લભ પુસ્તકો મોજુદ છે બીજા મંદિરો—આદીશ્વર શાંતિ શીતલ ચંદ્રપ્રભ મહાવીર વગેરેના વિક્રમના સોળમા શતકના પૂર્વાર્ધમાં લગભગ નજીક ત્યાં બંધાવેલા છે આ તથા સર્વ બીજા મંદિરોમાં કુલ મળી આશરે ૭૦૦૦ જિનબિંબો છે વળી બધા મળી ૬ જ્ઞાન ભંડારો છે ત્યાંના ભંડારોની પુસ્તકસૂચિ સદ્‌ગત સાક્ષર ચિમનલાલ ડાહ્યાભાઇ દલાલ મહાશ્રમ લઇ કરેલી તે ગાયકવાડ સરકારે હમણાં બહાર પાડી છે જોધપુર બિકાનેર રેલ્વેમાં

જૈનોના ભારતવર્ષમા તેમના તીર્થંકરોની જન્મભૂમિ, દીક્ષાભૂમિ, કેવલજ્ઞાનભૂમિ, નિર્વાણભૂમિ તરીકેનાં તીર્થો અનેક છે. તેમા મુખ્ય શત્રુંજય, ગિરનાર, સમ્મેત–શિખરાદિ છે. તે સર્વની યાત્રા દરેક ચુસ્ત જૈનને માટે આવશ્યક ગણાય. આ કવિએ રચેલ ' તીર્થ-માલા સ્તવન ' પરથી જણાય છે કે તેમાં લખેલ અષ્ટાપદ અને નંદીશ્વર એ શાસ્ત્રોક્ત તીર્થ સિવાય બધાંય તીર્થની યાત્રા તેમણે કરી હતી. તે સ્તવન નીચે પ્રમાણે છેઃ—

૧૮ શત્રુંજે ઋષભ સમોસર્યા ભલા ગુણ ભર્યારે, સિદ્ધા સાધુ અનંત, તીરથ તે નમુરે,
તીન કલ્યાણક તિહા થયાં, મુગતે ગયારે, નેમીશ્વર ગિરનાર, તીરથ તે નમુરે ૧

અષ્ટાપદ એક દેહરો, ગિરિસેહરોરે, ભરતે ભરાવ્યા બિંબ—તી૦
આબુ ચૌમુખ અતિ ભલો, ત્રિભુવનતિલોરે, વિમલ વસઇ વસ્તુપાલ. ૨

સમેતશિખર સોહામણો, રલિયામણોરે, સિદ્ધા તીર્થંકર વીસ.
નયરી ચંપા નિરખીયે, હૈયે હરખીયેરે, સિદ્ધા શ્રી વાસુપૂજ્ય. ૩

પૂર્વ દિશે પાવાપુરી, ઋદ્ધિ ભરીરે, મુક્તિ ગયા મહાવીર.
જેસલમેર જુહારીયે, દુઃખ વારીયેરે, અરિહંત બિંબ અનેક ૪

વિકાનેર જ વંદીયે, ચિર નંદીયેરે, અરિહંત દેહરા આઠ
સેરિસરો સંખેસરો, પંચાસરોરે, ફલોધી થંભણ પાસ ૫

અંતરિક અંજાવરો, અમીઝરોરે, જીરાવલો જગનાથ
' ત્રૈલોક્ય દીપક ' દેહરો, જાત્રા કરોરે, રાણપુરે રિસહેસ. ૬

શ્રી નાડુલાઇ જાદવો, ગોડી સ્તવોરે, શ્રી વરકાણો પાસ.
નંદીશ્વરના દેહરા, બાવન ભલારે, રૂચકકુંડલે ચાર ચાર. ૭

શાશ્વતી અશાશ્વતી, પ્રતિમા છતીરે, સ્વર્ગ મૃત્યુ પાતાલ.
તીરથ યાત્રા ફલ તિહા, હોજો મુઝ ઇહારે, સમયસુંદર કહે એમ ૮

બાડમેર સ્ટેશનથી જેસલમેર ૯૨ માઇલ છે તપાગચ્છે ૧૯ મી સદીમા પ્રવેશ કર્યો ને મહાકષ્ટે ૧૮૬૯ મા કોટની નીચે તેમના તરફથી શિખરબંધ દહેરું બંધાયુ. ત્યાના દહેરા સબંધી વિગત જિનસુખ સૂરિએ જેસલમેર ચૈત્ય પરિપાટી બનાવેલ છે તેમા મળે છે (જુઓ પ્રાચીન તીર્થમાલા સંગ્રહ પૃ૦ ૧૪૬.)

૧૮. શત્રુંજય—પાલીતાણા કાઠીયાવાડમા–આવેલો પવિત્રગિરિ ગિરનાર–જુનાગઢમા આબુ કે જયાં વિમલ મંત્રીએ અને વસ્તુપાલ મંત્રીએ મહાન્ કારીગરીના અદ્ભુત જૈન દેવાલયો બંધાવેલાં છે. સમેત-શિખર કે જયા ૨૪ તીર્થંકરો પૈકી ૨૦ મુક્તિ પામ્યા છે–કલકત્તાથી જવાય છે

ચંપાએ વાસુ પૂજ્યની નિર્વાણ ભૂમિ. પાવાપુરી—મહાવીરની નિર્વાણ ભૂમિ જેસલમેર—વીકાનેર પ્રસિદ્ધ છે.

સેરીસરો, સેરિસા–કલ્લોલ પાસે આ તીર્થનો હમણાં જ ઉદ્ધાર કરવામા આવ્યો છે.

શંખેશ્વર પાર્શ્વનાથ–પાટણથી ૨૦ ગાઉ દૂર પંચાસરો પાર્શ્વનાથ પાટણમાં વનરાજ ચાવડાએ સ્થાપેલ ફલોધી—મેડતારોડ સ્ટેશનથી પા ગાઉ. સં૦ ૧૧૮૧ મા પાર્શ્વનાથની પ્રતિમા સ્થાપાયેલી છે.

<u>શિષ્ય પરંપરા</u>

હર્ષનંદન નામના એક વિદ્વાન્ શિષ્ય તેમને હતા તે શિષ્યે સં૦ ૧૬૭૩ મા 'મધ્યાન્હ વ્યાખ્યાન પદ્ધતિ' તથા બીજો ગ્રંથ નામે 'ઋષિમંડલ સ્તવ' (મહર્ષિ સ્તવ) ગાથા ૨૭૧ નું,- તેના પર ૪૦૦૦ શ્લોકની ટીકા રચેલ હતી ખરતર ૧ છમા લઘ્વાચાર્યીય નામનો આઠમો ગચ્છભેદ ખ૦ જિનસાગરસૂરિએ સં૦ ૧૬૮૬ મા કર્યો હતો તે ગચ્છને હર્ષનંદને ઘણો વધાર્યો વિશેષમા હર્ષનંદને તથા ખ૦ સુમતિકલ્લોલ એ બને એ મળીને તૃતીય જૈન આગમ નામે સ્થાનાંગ પરની વૃત્તિમાની ગાથાઓ પર શ્લોક ૧૩૬૦૪ ની વૃત્તિ રચી હતી

સમયસુંદરના શિષ્યના શિષ્ય નામે હર્ષકુશલ ગણી (ઉપાધ્યાય) હતા કે જેણે સમયસુંદરની ભાષાકૃતિ નામે ધનદત્તની ચોપઇ પોતે સંશોધિત કરી હતી

સમયસુંદરની શિષ્ય પરંપરા અખંડ પણે સં૦ ૧૮૭૨ સુધી તો ચાલી આવેલી હતી એ વાત સિદ્ધ છે સં૦ ૧૮૭૭ ના માગશર શુદિ ૪ ના દિવસે તેમની શિષ્ય પરંપરામાના આલમચંદે 'સમ્યકત્વ કૌમુદી ચતુપદી' એ નામની પદ્યકૃતિ મકસુદાબાદમા બનાવેલ છે તેમા પોતાની પ્રશસ્તિ આપતા જણાવે છે કે

> યુગવર શ્રી જિનચંદ સરીસા ખરતર ગચ્છ જિંદાજી
> રીદ ગોત્ર નસિંહ કહંદા સદ્દગુરુ સુજસ સવાઇજી
> પ્રથમ શિષ્ય તસુ મહા વેરાગી જિણ મમતા સહુ ત્યાગીજી
> સકલચંદજી સકલ સોભાગી મમતા ચિત્તસું જાગીજી
> તાસુ શીસ પરગટ જગમાહી સઈ કોઇ ચિત્ત ચાહીજી
> પાઠક પદ્દીધર ઉચ્છાહે સમય સુંદરજી કહાઈજી
> તાસુ પરંપરમે સુવિચારી ભયે વાચક પ ધારીજી
> કુશલચંદ જી બહુ હિતકારી તાસુ શિષ્ય સુખકારીજી
> સદ્દગુર આસકરણજી સુહાયા જગમે સુજસ ઉપાયાજી
> તાસુ શિષ્ય આલમચંદ કહાયા એ અધિકાર બણાયાજી

આ રીતે સમયસુંદરની શિષ્ય પરંપરામા કુશલચંદ ઉપાધ્યાય થયા, તેના શિષ્ય આસકરણજી અને તેના શિષ્ય આલમચંદ

કંસારી—ભીમનાથ પાર્શ્વનાથ ખંભાતમા તેની પ્રતિમા અભયદેવસૂરિના સમયમા પ્રગટ થઇ

અંતરિક્ષ પાર્શ્વનાથ—આકોલાથી લગભગ ૨૦ ગાઉ દૂર

અજારો (અજાહરો) પાર્શ્વનાથ-કાઠિયાવાડના ઉના ગામ પાસે

અમીઝરો પાર્શ્વનાથ—વડગામ (પાલણપુર તાલુકો)

ઉવસગ્ગહર પાર્શ્વનાથ (મારવાડ) નાકોડા—મારવાડમા ગોડી પાર્શ્વનાથ—પારકરમા વરકાણા પાર્શ્વનાથ-મારવાડમા

સંસ્કૃત ભાષામાં કૃતિઓ

કવિ એક સમર્થ વિદ્વાન્, ટીકાકાર, સંગ્રહકાર, શબ્દશાસ્ત્રી, છંદશાસ્ત્રી અને અનેક ગ્રંથોના અવલોકનકાર અને અવગાહનાર હતા એ તેમના નીચેના ગ્રંથો પરથી જણાઈ આવે છે. આ ગ્રંથો ગૂર્જર ભાષા સિવાયના છે –

ભાવશતક શ્લોક ૧૦૧ સં૦ ૧૬૪૧.

રૂપકમાલા પર વૃત્તિ શ્લો૦ ૪૦૦, સં૦ ૧૬૬૩ આ વૃત્તિ કવિના પ્રગુરૂ ઉક્ત જિનચંદ્ર સૂરિના શિષ્ય રત્નનિધાન ગણીએ શોધી હતી.

કાલિકાચાર્ય કથા (સંસ્કૃત) સં૦ ૧૬૬૬.

સામાચારી શતક સં૦ ૧૬૭૨ મેડતામાં.

વિશેષ શતક (પત્ર ૬૭) સં૦ ૧૬૭૨ મેડતામાં, આનો ઉલ્લેખ કર્ત્તાએ પોતાની ગાથા સહસ્રીમાં કર્યો છે [રચ્યા દિન પાર્શ્વજન્મ દિને.

વિચાર શતક (પત્ર ૪૫) સં૦ ૧૬૭૪

[૧૯] **અષ્ટલક્ષી** સં૦ ૧૬૭૬ (રસ જલધિરાગ ગોસમેતે) લાહોર. આ राजानो ददते सौख्यम्–એ રીતના વાક્યના આઠ લાખ અર્થોવાળો ગ્રંથ છે આનુ બીજું નામ અર્થરત્નાવલિ છે. તે લાભપુર (લાહોર) માં પૂર્ણ કર્યો (પી રી ૪ થો. પૃ. ૬૮–૭૩)-

આ અષ્ટલક્ષી ગ્રંથ કવિએ સં૦ ૧૬૪૯ પહેલા શરૂ કરી તે વર્ષમાં એક પુસ્તકના પ્રમાણનો કરી નાખ્યો હોવો જોઇએ એમ જણાય છે એટલુ જ નહિ પણ તે વર્ષમા શ્રી અકબર બાદશાહે ખુદ રાજસભામા વાચી સાભળી આ પુસ્તક સ્વહસ્તે લઇ કવિના હાથમાં આપી તે રીતે પ્રમાણ-ભૂત કર્યો એવુ પોતે આ ગ્રંથમાં જ જણાવે છે·—

---

[૧૯] આમા પહેલા એક શ્લોકમા સૂર્યદેવની સ્તુતિ કરી છે તે ખાસ ધ્યાન ખેચે છે ત્યારપછી બીજા શ્લોકમા બ્રાહ્મી–સરસ્વતીની સ્તુતિ કરી જણાવે છે કે ' રાજા નો દદતે સૌખ્ય ' એ શ્લોકના એક પાદના મે નિજબુદ્ધિની વૃદ્ધિ નિમિત્તે અર્થો કર્યા છે તેમા તે પાદમાના ' રાજા ' નો અર્થ સૂર્ય પણ થાય છે એમ જણાવી સૂર્યદેવના નામો આપે છે –

सावित्री सविता राजा विसृजो विघृणो विराट् ।
सनाच्च नन्तुरग स्वतालोकनमन्त्रुत ॥

એમ સ્કંદપુરાણમા શ્રી સૂર્યસહસ્ર નામમા જણાવ્યુ છે તેથી રાજા એટલે શ્રી સૂર્ય, ન એટલે અમને સૌખ્ય આપે છે

આમ જૂદા જૂદા અર્થો દરેક શબ્દોના મૂકી આખા વાક્યનો અર્થ કરી, સર્વે મળી આઠ લાખ અર્થ કર્યા છે તે જણાવી છેવટે પોતાની પ્રશસ્તિ આપે છે.

सवति १६४९ प्रमित श्रावण शुक्ल १३ दिने सन्ध्याया कश्मारदेश विजयमुद्दिश्य श्री राजश्री रामदास वाटिकाया कृतप्रथमप्रयाणेन श्री अकब्बर पातशाहिना जलालदीनेन अतिजात साहिजाने श्री सिलेम सुरत्राण सामनमटलिकराजराजिविराजितराजसभाया अनेकवैयाकरणता र्किक विद्वत्तमभट्टसमक्ष अस्मद् गुरुरान् युगप्रधानखरतर–भट्टारकश्री जिनचन्द्र सूरीश्वरान् आचार्य श्रीजिनसिंहसूरिप्रमुखकृतमुखमुखशिष्यव्रातपरिकरान् अधमानसन्मानबहुमानपूर्वं समाहूयायमष्टलक्षार्थी ग्रन्थो मत्पार्श्वात् वाचयाचकेऽक्रमेण चेतसा । ततस्तदर्थश्रवण समुत्पन्नप्रभूतनूतनप्रमोदातिरेकेण सजात चित्तचमत्कारेण बहुप्रकारेण श्रीसाहिना बहु प्रशसापूर्वं 'पठ्यता सर्वत्र विस्तार्यता सिद्धिरस्तु' इत्युक्त्वा च स्वहस्तेन गृहीत्वा एतत् पुस्तक मम हस्ते दत्वा प्रमाणी कृतोऽय ग्रन्थ । अत्र सापयो गित्वात् श्रीसाहिनापि समुद्दिश्यार्थमाह–राजा श्री अकब्बर नोऽस्मभ्य सौख्य सुख दत्ते प्रजानामिति।

એટલે—સવત્ ૧૬૪૯ ના શ્રાવણ સુદ ૧૩ દિને સાજે કાશ્મીર દેશપર વિજય કર્યો તે નિમિત્તે શ્રી રાજ શ્રી રામદાસ (આ રામદાસ તે જણાય છે કે જેણે સ૦ ૧૬૫૨ મા સેતુબધ (રાવણવહો) ની ટીકા રચી છે અને જેને માટે પ્રાજ્ય ભટ્ટની રાજતરગિણિમા વિશેષ ઉલ્લેખ મળી આવે છે) ની વાડીમા શ્રી અકબર બાદશાહ-જલાલદીને પ્રથમ પ્રયાણ કરી અતિ આનદાન શાહજા । શ્રી સલીમ (પાછળથી જહાગીર બાદશાહ) સુલતાન સામત મડલિક રાજાઓથી વિરાજિત । સભામા અનેક વ્યાકરણીઓ તાર્કિક વિદ્વત્તમ ભટ્ટ–પડિત સમક્ષ અમારા ગુરુવર યુગપ્રધાન ખરતર ભટ્ટારક શ્રી જિનચદ્ર સૂરીશ્વરને આચાર્ય શ્રી જિનસિહસૂરિ વગેરે આણેલા શિષ્ય સમુદાય સહિતને અતિશય સન્માન આપીને બોલાવી આ અષ્ટલક્ષાર્થી ગ્રથ મારી પાસે શુદ્ધ ચિત્તથી વચાવ્યો, ત્યારપછી તેના શ્રવણથી તેને અતિ નવીન પ્રમોદનો અતિરેક થતા ચિત્તમા ચમત્કૃતિ થતા બહુ પ્રકારે શ્રી બાદશાહે બહુ પ્રશસા કરી અને 'ભણ્ય વાચી આનો વિસ્તાર કરો' એમ કહી સ્વહસ્તે તેને લઈને આ પુસ્તક મા । હાથમા આપી આ ગ્રથ પ્રમાણભૂત કર્યો પછી પોતે જેના અર્થ કરવા ચાહે છે તે પદ લઈ રાજા એટલે બાદશાહ અકબર તે ન એટલે આપણને પ્રજાને સૌખ્ય આપે છે આ ગ્રથની અતે કવિએ 'અકબર ગુણ વર્ણન અષ્ટક' મૂકેલ છે તે ખાસ અવગાહવા યોગ્ય છે-

વિસવાદ શતક સ૦ ૧૬૮૫ આમા સૂત્રોઆદિમા પરસ્પર જે વિરોધ ભાસે છે તે બતાવ્યો છે

सूत्र प्रकरण गाथा प्रबन्ध सबन्ध चार चरितेषु ।
ये केऽपि विसवादा दृष्टा उद्धारिता इह ते ॥ पी री ३ पृ २८०

વિશેષ સગ્રહ સ૦ ૧૬૮૫ લૂણકર્ણસરમા

આ રચનામા શ્રી જિનસિહ સૂરિના શિષ્ય ઉપાધ્યાય સમયરાજ ગણિએ (મહવિરાજ ગુરુ—કે જે મારા વિદ્યાગુરુનાજ શિષ્ય થાય) મારા પર અનુગ્રહ કરેલો છે એમ પોતે જણાવે છે

ગાથાસહસ્રી સં૦ ૧૬૮૬ (પી. રી. ૩ પૃ. ૨૮૮).

આમા જમાલિ આદિ નિન્હવોની આવશ્યક ચૂર્ણિમાથી ૧૬ ગાથા ટાંકી કહેલ છે કે આની વ્યાખ્યા સંબંધ સહિત મારા રચેલ વિશેષ સંગ્રહમાંથી વિદિત થશે. આમાંની અનેક ગાથાઓ જૈન ઇતિહાસ અને સાહિત્ય માટે ઉપયોગી થાય તેવી છે.

> गाथा कियत्य प्रकृता कियत्य श्लोकाश्च काव्यानि कियंति संति ।
> नानाविध ग्रंथ विलोकन श्रमादेकीकृता अत्र मया प्रयत्नात् ॥

જયતિહુયણ નામના સ્તોત્રપર વૃત્તિ સ૦ ૧૬૮૭ પાટણમાં.

[૨૦] દશવૈકાલિક સૂત્રપર શબ્દાર્થ વૃત્તિ. ટીકા શ્લો. ૩૩૫૦ સં૦ ૧૬૯૧ ખંભાતમાં.

વૃત્તરત્નાકર વૃત્તિ સ૦ ૧૬૯૪ જાલોરમા.

[૨૧] કલ્પસૂત્રપર કલ્પકલ્પલતા નામની વૃત્તિ શ્લો૦ ૭૭૦૦.

નવતત્વપર વૃત્તિ.

વીર ચરિત્ર સ્તવ એ નામના જિનવલ્લભસૂરિ કૃત સ્તવન પર ૮૦૦ શ્લોકની ટીકા વીરસ્તવ વૃત્તિ (દુરિયરવ સમીર વૃત્તિ)

સંવાદસુંદર ૩૩૩ શ્લો૦

ચાતુર્માસિક વ્યાખ્યાન.

રઘુવંશ વૃત્તિ (પત્ર ૧૪૫)

કવિ કાલિદાસ કૃત રઘુવંશ નામનો ગ્રંથ જૈનોમાં સાહિત્ય અર્થે પઢાવવામા આવતો અને તેથી તેના પર વૃત્તિઓ પણ જૈન સાધુઓએ અનેક કરેલી જોવામાં આવે છે.

આ રીતે સંસ્કૃત ભાષામાં કૃતિઓ તેમણે કરી છે. વૃત્તિ-ટીકા ઉપરાંત અનેક ગ્રંથો સૂત્રો વાચી તે સર્વેનુ દિગ્દર્શન કરાવી તેમા રહેલા વિસંવાદ શોધી પોતાનું બહુશ્રુતપણું દાખવ્યુ છે.

---

૨૦ દશવૈકાલિક—સૂત્ર એ પ્રાચીન શય્યંભવ સૂરિકૃત જૈનાગમ છે તે પર પ્રસિદ્ધ હરિભદ્ર સૂરિએ ટીકા કરી છે. કર્તા કહે છે કે તે ટીકા વિષમ છે તેથી શિષ્યોને અર્થે શીઘ્રબોધ થાય તે હેતુથી સુગમ કરી છે. (મુદ્રિત મ૦ ૧૯૭૫)

૨૧. કલ્પસૂત્ર—એ પણ પ્રાચીન, ભદ્રબાહુકૃત જૈનાગમ છે. આ પરની કર્તાની ટીકા ડૉ૦ જેકૉબી (કે જેણે અંગ્રેજીમા આ સૂત્રનો અનુવાદ કરેલ છે. જુઓ સેક્રેડ બુક્સ ઓફ ધ ઇસ્ટ) ના કહેવા પ્રમાણે જિનપ્રભ મુનિએ કલ્પસૂત્ર પર રચેલી સંદેહવિષૌષધિ નામની ટીકાનો માત્ર સંક્ષિપ્ત સાર-abstract-છે. આ જિનરાજસૂરિ (કે જેનું સૂરિપદ સ૦ ૧૬૭૪થી મરણ સં૦ ૧૬૮૬ સુધી રહ્યુ) ના રાજ્યમા ને જિનસાગર સૂરિના યૌવરાજ્યમા લૂણકર્ણસર ગામમા આરંભ કરીને તેજ વર્ષમા ઔપારિણી પુરમા પૂર્ણ કરેલ છે તેથી આ રચના મ૦ ૧૬૭૪ થી ૧૬૮૬ ની વચમા કરી છે ને તે દરમ્યાનમા

ગૂર્જર ભાષાની પદ્યકૃતિઓ

૧ ચોવીશી (૨૪ તીર્થંકરના સ્તવનો) સં૦ ૧૬૫૮ વિજયાદશમી અમદાવાદમા આને કવિએ 'ચતુર્વિશતિ તીર્થંકરગીતાનિ' એ નામ આપ્યુ છે આની શુદ્ધ પ્રત આણંદજી કલ્યાણજી હસ્તકના પાલીતાણાના ભંડારમા છે

૨ શાંબપ્રદ્યુમ્ન પ્રબંધ રચ્યા સં૦ ૧૬૫૯ વિજયાદશમી ખંભાતમા સ્તંભન પાર્શ્વનાથના પસાયથી

ભાષામા મોટો ગ્રંથ રચવાનો આ તેમનો પહેલો પ્રયાસ છે એમ તે જણાવે છે

શક્તિ નહી મુઝ તેહવી બુદ્ધિ નહી સુપ્રકાશ
વચનવિલાસ નહી તિસ્યઉ એ પણિ પ્રથમ અભ્યાસ

કૃષ્ણના કુંવર શાંબ અને પ્રદ્યુમ્ને આખરે નેમીશ્વર પાસે દીક્ષા લીધી અને વિમલ ગિરિ પર સંલેખના કરી મોક્ષે ગયા આ બંનેનો અધિકાર આઠમા અંગમાથી (અંતકૃત્ દશાંગ-અંતકૃત્ એટલે તદ્ભવ મુક્ત થનાર-ચરમભવી મહાત્માઓ સંબંધીનું સૂત્ર) લઇ આ પ્રબંધ બે ખંડમા રચ્યો છે ગાથા ૫૩૫, ઢાલ ૨૧, શ્લોક ૮૦૦ છે અને તે જેસલમેરના વતની નાનાવિધશાસ્ત્ર વિચાર રસિક લોકા સાહ મિવરાજની અભ્યર્થનાથી રચેલો છે એવુ એક જૂની પ્રતમા લખેલુ છે સં૦ ૧૬૭૦ ની લખેલી સારી અને જૂની પ્રત લીંબડીના ભંડારમા મોજૂદ છે

૩ દાન શીલ તપ ભાવના સંવાદ P (અથવા સંવાદ શતક)[22] સં૦ ૧૬૬૨ સાંગાનેરમા 'પદ્મપ્રભુ સુપસાઉલે'-

જૈનમા ધર્મના ચાર પ્રકાર નામે દાન, શીલ, તપ અને ભાવના જણાવ્યા છે-તે દરેક પોતપોતાને વડો માને છે અને એ રીતે ચારે પોતપોતાના ગુણ ગાઇ પોતપોતાથી કેટલા સુખી અને સિદ્ધ થયા તે જણાવી તકરાર કરી આપ વડાઈ વીરની પરિષદ્મા, વીર પ્રભુ પાસે કહે છે ત્યારે છેવટે વીર સમાધાન કરી જણાવે છે કે –

સુરસુંદર્યસમ્માન સ ૧૬૮૫ મા પોતે હતા તે વિશેષસમરના રચનામાન અને રચત પરથી જણાય છે તેથી આ રચના સં૦ ૧૬૮૫ મા જ પૂર્ણ થયેલી છે

આ P ચિહ્ન મુદ્રિત થયેલ ગ્રંથ સૂચવે છે

૨૨ કોઈ પ્રતમા પાઠાંતર બામક ને બદલે છાસઠ' છે પણ ઘણી પ્રતોમા બાસઠ છે તેથી તે જ પાઠ યોગ્ય લાગે છે આ સંવાદો સંવાદ શતક કર્ત્તાએ પોતે એક ઠેકાણે કહેલ છે પોતાની સીતારામ ચોપાઇમાં એક ઢાલનો રાગ મૂકતા જણાવ્યુ છે કે રાગ ધન્યાસિરી-શીલ કહે જગિ હૂં વડું મુઝ વાત સુણો એક મીઠીરે (કે જે આ સંવાદમા બીજી ઢાલમા શીલ કહે છે) એ સંવાદ શતકની બીજી ઢાલ.' કુલ ૫ ઢાલ છે અને ૫૦ કડી છે આ સંવાદ સજ્ઝાયમાળા અને રત્ન સમુચ્ચયમા મુદ્રિત થયેલ છે

કો કેહની મ ઢંગ તુમ્હે નિંદ ને અહંકાર
આપ આપણે ઠામે રહો સહુકો ભલો મનાર
તોપણ અધકો ભાવ છે, એહડી મમગ્ત્ય
દાન શીલ તપ ત્રિણે ભલા, પણ ભાવ વિના અકયત્થ.
અંજન આખે આજતા અધિકો આણી રેખ
રજમાહે તજ કાહના, અધિકો ભાવ વિશેષ

૪ **ચાર પ્રત્યેક બુદ્ધનો રાસ.** P મારૂ સં૦ ૧૬૬૫ જેઠ શુ ૧૫ આગ્રામાં.

પ્રત્યેક બુદ્ધ થઈ સિદ્ધ થયેલા જૈન કહેલા કરકંડુ, દુર્મુખ, નેમિરાજ અને નિર્ગતિ (નિગ્ગઇ) એ ચાર સંબંધી ચાર ખંડમાં આ રાસ વિભક્ત છે. પ્રત્યેક ખંડ સં૦ ૧૬૬૪ માં પૂર્ણ કર્યો છે પણ દરેકની તીથિ જૂદી જાદી છે. ૧ કરકંડુ પરનો સં૦ ૧૬૬૪ ફાગણ સિદ્ધિયોગ બુધવારે. ઢાલ ૧૦. ગાથા ૧૮૭. શ્લોક ૨૫ ૨ દુમુહપર ચૈત્ર વદ ૧૩ શુક્ર. ઢાલ ૮. ૩ નેમિરાજ પર-તીથિ નથી જણાવી ઢાલ ૧૭ ૪ નિગ્ગઈ પરનો મારૂ સંવત ૧૬૬૫ જેઠ શુદ ૧૫ આગ્રામાં 'વિમલનાથ પસાઉલે' સાન્નિધ્ય 'કુશલસૂરીંદ'; ઢાળ ૯. આચારે ખંડ નાગડ-ગોત્રના સંઘનાયક સૂરશાહના આગ્રહથી રચ્યા છે. આખો રાસ અતિ સુંદર અને રસમય છે. મદનરેખા (મયણરેહા) સંબંધી આખ્યાન ત્રીજા ખંડમાં અંતર્ગત થાય છે. મુંબઇના શ્રાવક ભીમસી માણેકે આ મુદ્રિત કરેલો છે ચાર પ્રત્યેક બુદ્ધ પર તિલકાચાર્યકૃત ૨૧૫ પત્રમાં, ૧૧૩૮ શ્લોકમાં, ૬૦૦ શ્લો. અને ૩૫૦ શ્લોકમાં રચાયેલી એમ ચાર પુસ્તક રૂપે કથાઓ જૈન ગ્રંથાવલીમાં નોંધાઈ છે.

૫ **પોષધવિધિ સ્તવન** (એક નાની કવિતા) સં૦ ૧૬૬૭ માગશર શુદ ૧૦ ગુરૂ મરોટમાં.

૬ **મૃગાવતી ચરિત્ર રાસ-ચોપઇ.** સં૦ ૧૬૬૮ મુલતાનમાં

વત્સદેશની રાજધાની કોશામ્બીના રાજા શતાનીકની રાણી અને ઉદાયનની માતા મૃગાવતી પતિ પોતાના પુત્રને સગીર મૂકી સ્વર્ગસ્થ થતા પોતે રાજ્ય ચલાવે છે તે વખતે તેના પર આસક્ત બની અવંતીનો રાજા ચંડપ્રદ્યોત આક્રમણ કરે છે, પણ તેને સમજાવી રાજ્યને દુર્ગઆદિથી પ્રબલ કરી આખરે મહાવીર ભગવાન પાસે પોતે દીક્ષા લે છે. આ પ્રમાણે શીલ સાચવી પુત્રહિતાર્થે રાજ્યવ્યવહાર કરી ધર્મ વૈરાગ્ય પામી મુક્તિ મેળવે છે, તે જૈન સતી પર આ સુંદર આખ્યાન છે જુદી જુદી ગુજરાતી, મરૂધરની, સિંધી, પૂર્વની નવી નવી ઢાળોમાં ત્રણ ખંડોમાં આ 'મોહનવેલી' ચોપઈ રચેલી છે. પ્રથમ ખંડમાં ૧૩ ઢાળ, ગાથા ૨૬૬ અને બીજામાં પણ ઢાળ ૧૩, ગાથા ૨૬૬, ત્રીજામાં ઢાલ ૧૨, ગાથા ૨૧૧ છે. મૂળ જેસલમેર નિવાસીને મુલતાનવસતા રીહડ ગોત્રના કરમચંદ શ્રવક વગેરે માટે મુલતાનમાં કે જ્યાં 'સિંધુ શ્રાવક સદા સોભાગી ગુરૂગચ્છ કેરા બહુ રાગી' —સિંધી શ્રાવકો વસતા હતા ત્યાં રચેલ છે.

આ રચનાની પહેલા પોતે સાબપ્રદ્યુમ્નની ચોપાઈ રચી હતી એવું આના મંગલાચરણમાં જ જણાવ્યું છે

૭ કર્મ છત્રીશી–P સં૦ ૧૬૬૮ માહ શુદ ૬ મુલતાનમાં ૩૬ કડીનું કર્મવશ સર્વ જીવ છે એમ જણાવી તે માટેના દૃષ્ટાંત આપ્યા છે (પ્ર૦ ચૈત્યવંદન સ્તુતિ સ્તવનાદિ સંગ્રહ પુના)

૮-૧૦ પુણ્ય છત્રીશી (સં૦ ૧૬૬૮ સિદ્ધપુર) શીલ છત્રીશી અને સંતોષ છત્રીશી } સં૦ ૧૬૬૯ દરેકમાં ૩૬ કડી

૧૧ ક્ષમા છત્રીશી નાગોરમાં

(આદરજીવ ક્ષમા ગુણ આદર એથી શરૂ થતું ૩૬ કડીનું પ્રસિદ્ધ કાવ્ય)

૧૨ સિંહલ સુત પ્રિયમેલક રાસ સં૦ ૧૬૭૨ મેડતામાં

દાન વિષય ઉપર આ આખ્યાન છે સાધુને દાન દેવાથી સિંહલસુત સિંહલસિંહ કેવા સુખ પામે છે તે અને તેમાં પ્રિયમેલક નામના તીર્થનું માહાત્મ્ય જણાવી તે ઉત્તમ શ્રાવક તરીકે ધર્મના રૂડા કામ કરે છે અને સમાધી મૃત્યુ પામી સુરપદવી લહે છે એ બતાવ્યું છે ઢાલ ૧૦ છે આ પોતાની સ્વકલ્પિત કથા લાગે છે

૧૩ નલદમયંતી રાસ સં૦ ૧૬૭૩ વસંત માસમાં મેડતામાં

કવિ પ્રેમાનંદે નલાખ્યાન રચ્યું છે, તેની પહેલાના એકામાં કવિ સમયસુંદરે જૈન કથામાં નિરૂપેલું નલદમયંતી ચરિત્ર પરથી ભાષામાં આ રસમય રાસ રચ્યો છે [24]તિલકાચાર્ય કૃત દશવૈકાલિક વૃત્તિ અને પાંડવ નેમિ ચરિતમાંથી અધિકાર ઉદ્ધરી ' કવિયણ કેરી કિહાં કણિ ચાતુરી ' કેળવી છ ખંડમાં, સર્વ ગાથા ૯૧૩, શ્લોક સંખ્યા ૧૩૫૦, અને

---

૨૩ આમાં પ્રાચીન સુભાષિત મૂકેલ છે કે—

યત–ઘરિ ઘોડો નઇ પાલો જાય ઘરિ ઘેવુ નૈ લૂકઉ ખાય
ઘરિ પ ય ઠ ને ધરતી સુઇ તિણરી બ ધ ઋિ જીવનાને રૂઇ

આની પ્રત મારી પાસે છે પત્ર ૧૧ પંક્તિ ૧૩ બીજી પ્રતો પોરવાડના મહાવીર ભંડાર તેમજ ગારીયાધરના પાલણપુરના ભંડારોમાં છે

૨૪ તિલકાચાર્ય–શ્રી ચંદ્રપ્રભ–ધર્મઘોષ–ચક્રેશ્વરસૂરિ–શિવપ્રભસૂરિ અને તેના શિષ્ય તેમણે આવશ્યક સૂત્ર લઘુવૃત્તિ ૧ ૬૫ શ્લોકમાં સં ૧૨૯૬ માં ચૈત્યવંદના વંદનક પ્રત્યાખ્યાનવૃત્તિ શ્લો. ૫૫૦, પ્રાવકપ્રતિક્રમણ સૂત્રવૃત્તિ શ્લો ૨ ૦ સાધુપ્રતિક્રમણવૃત્તિ શ્લો ૨૮૬ ઉક્ત દશ વૈકાલિક સૂત્રવૃત્તિ શ્લોક ૭૦૦ સં ૧૩૪૬ માં, જીતકલ્પવૃત્તિ શ્લો. ૧૭ સં ૧૨૭૪ માં શ્રાદ્ધજીતકલ્પ મૂળગાથા ૩૬ અને તેના પર સ્વોપજ્ઞવૃત્તિ શ્લો ૧૧૫ પૌર્ણમિક સામાચારી શ્લો ૨૫ નેમિનાથ ચરિત્ર શ્લો ૩૫૦ અને પ્રત્યેક બુદ્ધ ચતુષ્ટય કથા રચેલ છે આ પૈકી છેલ્લો ગ્રંથ પણ કવિએ ચાર પ્રત્યેક બુદ્ધનો રાસ રચતા કામ જોયો હોય

ઢાલ ૩૮ મા રચના કરી છે આની પ્રત મુંબઈની મોહનલાલજી સેંટ્રલ લાયબ્રેરીમાં; આણંદજી કલ્યાણજીના પાલીતાણાના ભંડારમા, લીંબડીના ભંડાર વગેરે સ્થળે વિદ્યમાન છે

૧૪. પુણ્યસાર ચરિત્ર. સં૦ ૧૬૭૩ આની પ્રત મને પ્રાપ્ત થયેલ નથી.

૧૫. રાણકપુર સ્તવન સં૦ ૧૬૭૬ માગશર. રાણકપુરમા

મારવાડમા સાદડી પાસે રાણકપુરમા સોમસુંદરસૂરિથી પ્રતિષ્ઠિત થયેલું ૯૯ લાખ ખર્ચી ધનાશા પોરવાડે સં૦ ૧૪૯૧ મા બંધાવેલું અતિ ઉત્તમ અને શિલ્પકારીગરીથી ભરપૂર અનેક સ્તંભોવાળુ 'ત્રિભુવન દીપક' નામનુ મંદિર વિરાજે છે તેની કવિએ જાત્રા કરી તેના ટુંક વર્ણન રૂપે આ સ્તવન રચ્યુ છે ચારે દિશાના ૨૪ મંડપ, ચાર ચતુર્મુખ (ચોમુખ) પ્રતિમા, ૮૪ દેરી, ભોયરા ત્યા ખરતર વસતિ–દેહરૂ છે.

૧૬. વલ્કલચીરીનો રાસ સં૦ ૧૬૮૧ જેસલમેરમા

ઉપરોક્ત જેસલમેરી કર્મચંદ મુલતાનમા વસતો હતો તેના આગ્રહથી આ પણ રાસ રચ્યો છે આની પ્રત પ્રવર્તક શ્રી કાન્તિવિજયજીના વડોદરાના ભંડારમા છે. અને લીંબડીના ભંડારમા છે.

૧૬અ. એકાદશી (મૌન એકાદશી) નું વૃદ્ધ (મોટું) સ્તવન.P સં૦ ૧૬૮૧ જેસલમેર પ્ર. રત્નસમુચ્ચય પૃ. ૧૭૨–૩

૧૭. વસ્તુપાલ તેજપાલનો રાસ. સં૦ ૧૬૮૨ (પાઠા ૧૬૮૬) તિયરી પુરમાં.

આ એક બહુ ટૂંકી કૃતિ છે આમા વસ્તુપાલ અને તેજપાલ જે ગૂર્જરરાજ વીરધવલના પ્રખ્યાત શૂરવીર જૈન મંત્રીઓ થયા તેમણે જે દેવલ કર્યા તેનો તથા બીજાં ધર્મ કાર્યોનો ટુંક અહેવાલ છે આની પ્રત મે લખી લીધેલી છે એક પ્રત ફાર્બસ સભા પાસે છે.

૧૮ શત્રુંજય રાસ. P સં૦ ૧૬૮૨ (પાઠા ૧૬૮૬)[૨૫] નાગોરમા શ્રાવણ વદમાં. આ રાસ ટૂંકો છે તેમા લખ્યુ છે કે સં૦ ૪૭૭ મા ધનેશ્વરસૂરિએ શત્રુંજય માહાત્મ્ય નામાનો ગ્રંથ શિલાદિત્ય હજૂર કર્યો (આ એક દંત કથા છે) તેનો કંઈક આધાર આમા લીધો છે આમા પહેલી ઢાલમા શેત્રુંજયના ૨૧ નામ, પછી તેનુ પ્રમાણ, બીજી ઢાલમા ત્યા સિદ્ધ થયેલાનાં નામ, ત્રીજી તથા ચોથી ઢાલમા તેના સોલ ઉધ્ધાર વર્ણવેલા છે, પછી માહા-

૨૫ બાસી અને છાસી એમ તેમ બાસઠ અને છાસઠ એમ પાઠાંતર બા અને છા એકબીજાને બદલે લખાઇ જવાના હસ્તદોષથી સંભવે છે આ બંને રાસો માટે જુઓ ફાર્બસ ગુજરાતી સભાના હસ્તલિખિત પુસ્તકોની સચિત્ર નામાવલી પૃ ૪૭ અને પૃ.૬૭.

ત્મ્ય બતાવી પાચમી ઢાલમા ત્યા પાપનુ આલોયણ (આલોચના) કરતા છુટકો થાય છે એ બતાવી છઠી ઢાલમા ત્યાના દેવળોનુ ટુક વર્ણન કરી-ચૈત્ય પ્રવાડિ વર્ણવી જણાવે છે કે-

ચૈત્ય પ્રવાડિ ઇણ પર કરીએ સીધા વંછિત કામ
જાત્રા કરી શેત્રુંજ તણીએ સફલ કિયા અવતાર
કુશલ ક્ષેમશુ આવિયાએ સંઘ સહુ પરિવાર-

આ રીતે સઘ સાથે પોતે જાત્રા કરી કુશલક્ષેમ આ યા ને ત્યાર પછી સ૦ ૧ ૮૨ મા નાગોરમા આ રાસની રચના કરી તા આ સઘ ક્યો તે અદર જણાવેલ સોમજીશાહ

વશ પોરવાડે પરગડો એ સામજી સાહ મલ્હાર
રૂપજી સઘપતી કરાવીઓ એ ચામુખ મુખ ઉદ્ધાર

નો સઘ કદાચ હોય એવી કલ્પના થવા સભવ છે કારણ કે તે અમદાવાદના શેઠ સોમજી સવાઇએ સ૦ ૧૬૭૫ મા આ ચૌમુખની ટોક બધાવી તેમાના બહારના ભાગને ખરતરવસહિ અને અદરના ભાગને ચૌમુખ-વસહી કહે છે મીરાતે-અહમદી કહે છે કે આ મદિર બધાવવામા ૫૮ લાખ રૂપીઆ લાગ્યા હતા

(રત્નસમુચ્ચયમા પૃ ૨૭૭ થી ૨૮૦ ને પાને પ્રસિધ્ધ થયેલ છે છેલ્લી પ્રશસ્તિ આમા છે તેથી વધારે ૧૯ મી કડી પછી ત્રણ કડી બીજી પ્રતમા વિશેષ છે તેમા જણાવેલ છે કે આ રાસ શત્રુંજય માહાત્મ્ય સાભળી તે અનુસાર રચ્યો છે અને તે જેસલમેરથી ભણશાલી થિરે શત્રુંજયનો સઘ કાઢ્યો હતો, તો આ થિરનો સઘ જ ઉપર જણાવેલ કુશલક્ષેમથી આવેલ સઘ હોવાનુ સ્પષ્ટ પ્રતીત થાય છે)

૧૮ સીતારામ પ્રબધ ચોપઇ સ૦ ૧૬૮૩ મેડતામા

આ રાસ ઘણો મોટો છે અને જૈન રામાયણ આખી તેમા મૂકી છે આમા પ્રથમ જ પોતે આની અગાઉ ચાર રાસ રચ્યા છે તેમા ' હે સરસ્વતિ તે મદદ કરી હતી તેમ આમા પણ મદદ કરજે ' એવુ જણાવે છે —

સમરૂં સરસતિ સામિણી એક કરૂં અરદાસ
માતા દે જે મુઝને કરૂં વચન વિલાસ
સબ પ્રજૂન કથા સરસ (૧) પ્રત્યેક બુદ્ધ પ્રબધ (૨)
નલ દવદતી (૩) મૃગાવતી (૪) ચઉપઇ ચ્યાર સબધ
આઇ તું આપી તિહા સમથી દીધો સા
સીતારામ સબધ પણિ સરસતિ કરે પ્રસાદ

આ પદ્મ ચરિત્ર (પઉમ ચરિયમ્)-સીતાચરિતના આધારે રચેલ છે હિન્દુ રામાયણમાથી અનેક આખ્યાનો જૂદા જૂદા હિન્દુ કવિએ લખેલા છે કવિ કહે છે કે-

જિનશાસન શિવશાસને સિતારામ મુનિ સુણીજેરે
ભિન્નભિન્ન શાસન ભણી કો કો વાર્ત્તા ભિન્ન કહિજેરે

આ નવ ખંડમા લગભગ ૩૭૦૦ ગાથાનો આ રાસ, ગોલછા ગોત્રીય પ્રસિધ્ધ રાયમલના પુત્રરત્ન અમીપાલ અને નેતસી, તથા ભત્રીજા રાજસીના આગ્રહે રચેલો છે. તેમાં કવિએ ગૂજરાતી, સિંધી, મારવાડી, મેવાડી, હુંઢારી, દિલ્હી વગેરે અનેક સ્થાળોના ગીતો તથા દેશીઓ લઇ તેની લયમાં પોતાની દેશીઓ બનાવી કાવ્યચાતુરી એવી કુશલતાથી રશને ખીલવી બતાવી છે કે ન પૂછો વાત આ કૃતિ તો કવિની અદભૂત થઈ છે અને તે ગૂર્જર કવિ શિરોમણી પ્રેમાનંદથી અનેકધા ટક્કર મારી કેટલીક બાબતમા ચડી જાય છે કવિ પોતે આ કૃતિને માટે મગરૂર છે એમ તે છેલ્લે જે જણાવે છે તે પરથી સ્પષ્ટ થશે.—

સીતારામની ચોપઇ જે ચતુર હુઇ તે વાચો રે,
રાગ રતન જવહર તણો, કુણ ભેદ લહે નર કાચો રે—
નવરસ પોષ્યા મેં ઇહા, તે સુઘડો સમજ લેજ્યો રે,
જે જે રસ પોષ્યા ઇહા, તે ઠામ દેખાડિ દેજ્યો રે—
કે કે ઢાલ વિષમ કહિ તે, દુષણ મત ધો કોઇ રે,
સ્વાદ સાખૂણી જે હુવે તે લિગ હદે કદે ન હોઇ રે—
જે દરબારે ગયો હુસે હુંઢાડિ મેવાડિ ને ઢિલ્લી રે,
ગુજરાત મારૂઆડિમેં તે કહિસે ઢાલ એ ભલ્લી રે—
મત કહો મોટિ કા જોડી, વાચતા સ્વાદ લહેસો રે,
નવનવા રસ નવનવી કથા, સાભલતા સાબાશ દેશો રે—

આ રાસ ખાસ પ્રકટ કરવા યોગ્ય છે. દેવચંદ લાલભાઈ પુસ્તકોદ્ધાર ફંડવાળા પાસેથી આની પ્રત મને જોવા મળી હતી. તેઓ પ્રકટ કરવા ઇચ્છતા હોય એમ જણાતું હતું, પણ આને ત્રણ ચાર વર્ષ થયા છતા કંઈપણ તે માટે પ્રયાસ થયો નથી જણાતો તે શોચનીય છે. આ રાસની કવિ સ્વહસ્તલિખિત પ્રત આગ્રાભંડારમા છે.

૨૦ **બારવ્રતરાસ** સં. ૧૬૮૫

૨૧ **ગૌતમપૃચ્છા** સ ૧૬૮૯

૨૨ **થાવચ્ચા ચોપાઇ** સં. ૧૬૯૧

[થાવચ્ચા પુત્ર કથા શ્લોકબદ્ધ પત્ર ૧૧ ની જૈનગ્રંથાવલિમા નોધાયેલી છે]

૨૩ **ચંપક શ્રેષ્ઠીની ચોપાઇ** સ. ૧૬૯૫ જાલોરમા.

આ અનુકંપાદાન ઉપર કથાનક છે. પોતાના અધિક સ્નેહી શિષ્યના આગ્રહથી. બે ખંડ. કુલ ગાથા ૫૦૬. ગ્રંથાગ્રથ શ્લો. ૭૦૦. પ્રત આણદજી કલ્યાણજીના તથા ઘોરાજીના ભંડારમા છે.

આમા એ પણ બતાવ્યું છે કે મરત ઉપર આધાર રાખનાર હોય છે પણ C મ અને ભાવી બંનેને ભાવી કરતા ઉદ્યમ અધિક છે

સહુ કો લોક લહઇ છઇ સરવુ, તે બોલ કેના વાચુ
ઉદ્યમ છઇ ઇમ પણિ ભાવી અધિકુ સમયસુંદર કહઇ સાચુ

[ચંપકશ્રેષ્ઠિ કથા એ નામથી (૧) ૩૫૫ શ્લોકમા, ( ) જયસોમ (કવિ સમયસુંદર સાથે જેણે ઉપાધ્યાય પદ લીધું તે ગુણવિનયના ગુરૂ) કૃત, (૩) વિમલગણિ કૃત, એમ ત્રણ જૈન ગ્રંથાવલિમા નોધાએલ છે]

૨૪ ધનદત્ત ચોપાઇ સ૦ ૧૬૯૬ આસો માસ અમદાવાદમા

આ વ્યવહારશુદ્ધિ પર કથાનક છે શ્રાવકે વ્યવહારમા કેવી રીતે વર્ત્તવુ એ આનો ઉદ્દેશ છે શુદ્ધ વ્યવહાર-ચોખવટભર્યો વ્યવહાર કર્યો તે કવિ બતાવે છે શ્રાવકના ૨૧ ગુણ ગણાવે છે

વિણજ કરતા સાચીયઉ માહરૂ ઓછુ નાપઇ હાથ
અધિકુ પિણ તોલઇ નહી સાહજી મનમાહિ આણઇ સાચ-
સુણઉ રે ભવિકજન શ્રાવક ગુણ ઇકવીસ દાખિ પરઇ

સખર વયન ન ભઇ નિખર સા નિખર સખર ન દેઇ
જિણ વેલા દેવુ કહ્યુ મા તિણિ વેલા તે દેઇ-સુ

કૂડુ કદિ બોલઇ નહિ સા સાચુ કહઇ નિતમેવ
પહિલઉ વ્યવહાર શુદ્ધિ ગુણ સા ઇમ કહુ અરિહંતદેવ સુ

લગભગ દોઢસો ટુકનો આ રાસ છે આની પ્રત અમદાવાદ મા, ઘો ૧જી અને પાટણના ભંડારમા છે પાટણના હાલાભાઇના ભંડારના ડાબડા ૮૭ મા પત્ર ૮ ની આ રાસની એક પ્રત છે તેની અંતે લખ્યુ છે કે 'સર્વ ગાથા ૧૬૧ શ્રી સમયસુંદર મહોપાધ્યાયાના પૌત્ર પં હર્ષકુશલ ગણિના સંશોધિતા સા. હરજી ધનજી સુશ્રાવિકાગ્રહેણ ' પત્ર ૯ આ પરથી જણાય છે કે કવિની શિષ્ય પરંપરા હતી અને તે પૈકી તેના શિષ્યના શિષ્યનું નામ પંડિત હર્ષકુશલ હતું

[ધનદત્ત કથા (૧) શ્લોકબદ્ધ પત્ર ૨૪, (૨) ગદ્યમા પત્ર ૧૦ (૩) પત્ર ૧૭ માણિક્યસુંદર કૃત, (૪) ૩૩૦ શ્લોકની, એમ ચાર અને સૌથી પ્રાચીન તાડ પત્રમા લખેલી અમરચંદ્ર કૃત એમ પાચ જૈન ગ્રંથાવલિમા નોધાયેલ છે]

૨૫ સાધુવંદના સ૦ ૧૬૯૭ (લી૦ ભંડાર)

૨૬ પાપ છત્રીશી સ૦ ૧૬૯૮ અહિમ પુરમા (પૂરણચંદજી નહાર પાસે પ્રત છે)

૨૭ રુસઠ રાસ. આ પ્રાપ્ત થયેલ નથી. [મૂળ આ કથા પ્રાકૃતમાં દેવેંદ્રસૂરિ કૃત ૫૩૭ ગાથામાં અને બીજી પ્રાકૃતમાં ૩૫૦ ગાથા, જૈન ગ્રંથાવલિમાં નોંધાયેલ છે.]

૨૮ પુણ્યાઢય રાસ (ડહેલાનો અપાસરો તથા રત્નવિજયજીનો ભંડાર. અમદાવાદ)

૨૯ પુંજા ઋષિનો રાસ.

નાગપુરીય તપાગચ્છની પટ્ટાવલિમાં થએલા એક મુનિના તપનું વર્ણન કરવા સમયસુંદર ઉપાધ્યાયે આ રાસ કરેલો જણાવ્યો છે. પાર્શ્વચંદ્રસૂરિ સંતાનીય વિમલચંદ્રસૂરિ થયા તેની પાસે પુંજા મુનિએ રાજનગરમાં વિ સં૦ ૧૬૯૦ માં અષાઢ શુદિ ૯ ને દિને દીક્ષા લીધી, અને ત્યાર પછી ઉગ્ર તપ ક્રિયા કરી ૧૨૩૨૨ (?) ઉપવાસ કર્યા અને બીજાં અનેક તપ કર્યા. આ સર્વ તપની સંખ્યા વગેરે ઉક્ત રાસમાં આપી છે.

આ સિવાય કવિએ અનેક સ્વાધ્યાયો (સઝાયો), સ્તવનો, પદ વગેરે ટુકી કવિતાઓ રચેલી છે-

સઝાયો—મહાસતી યા મહાપુરૂષો પર લખેલી, અને બીજી વૈરાગ્યોપદેશક સઝાયો એમ બે પ્રકારે છે.

(૧) રાજુલ પર સઝાય. (પ્રથમ ચરણ-રાજુલ ચાલી રંગ શું રે)
ગજસુકુમાલ સ૦ (નયરી દ્વારામતિ જાણિયેજી)
અનાથી મુનિ સ૦ (શ્રેણિક રયવાડી ચડયો)
બાહુબલિ સ૦ (ગજતણા અતિ લોભિયા...વીરા મ્હારા ગજથકી ઉતરો)
ચેલણા સ૦ (વીર વાંદી વલતા થકાંજી ...વીરે વખાણી રાણી ચેલણાજી)
અરણક મુનિ સ૦-(અરણિક મુનિવર ચાલ્યો ગોચરી)
કરકંડુ સ૦-(ચંપા નગરી અતિ ભલી, હું વારી લાલ)
નમિરાજર્ષિ સ૦. પ્રસન્નચંદ્ર રાજર્ષિ સ૦. સ્થૂલભદ્ર સ૦
મેઘરથ રાય સ૦-દશમે ભવે શ્રી શાંતિજી, મેઘરથ જીવડો રાય-રૂડારાજા....ધન્ય ધન્ય મેઘરથ રાયજી, જીવદયા ગુણખાણ..)
શાલિભદ્ર સ૦ (પ્રથમ ગોવાળિયા તણે ભવેજી, દીધું મુનિવર દાન....)
ભૂદેવ-નાગિલાની સ૦ (અર્ધ મંડિત ગોરી નાગલા રે-આ દેશી વિનય વિજય અને યશોવિજય કૃત શ્રી પાળરાસમાં લેવાઈ છે) અપ્રગટ
ધનાની સઝાય-(જગિ જીવન વીરજી, કવણ તમારો શીષ)-અપ્રકટ.

(૨) નિંદા પર-(નિંદા મ કરજો કોઇની પારકી રે)
માયા પર-(માયા કારમીરે માયા મ કરો ચતુર સુજાણ)
દાનશીલ તપ ભાવ પર-(રે જીવ જિન ધર્મ કીજીએ)

ધોબીડા પર-(ધોબીડા તું ધોજે મનનું ધોતિયું રે)

પંચમઆરા

(શ્રાવકના) એકવીસ ગુણ સં૦ (પુરણચંદજી નહાર-કલકત્તા પાસે પ્રત છે)-
આ કદાચ વ્યવહાર સુદ્ધિ રાસનો ભાગ હોય

સ્તવનો

(૧) મુનિસુવ્રત સ્વામી સ્ત૦ (પખવાસાનું સ્ત૦)-૧૫ દિવસના ઉપવાસ કરવાના
તપ ઉપર-(જંબૂદ્વીપ સોહામણો દક્ષિણ ભરત ઉદાર)

ઋષભદેવ સ્તવન

તીર્થમાલા સ્તવન (શત્રુંજયે ઋષભ સમોસર્યા)

રાણકપુર સ્ત૦ સં૦ ૧૬૭૬ (રાણકપુર રળિયામણું રે શ્રી આદીશ્વર દેવ મન મોહ્યું રે)

અષ્ટાપદ ગિરિ સ્ત૦(મનડો અષ્ટાપદ મોહ્યો માહરોજી નામ જપું નિશિદીસજી)

સીમંધર સ્ત૦ (ધન ધન ક્ષેત્ર મહાવિદેહજી)

શત્રુંજય મંડણ શ્રી આદિનાથ સ્તવન સં૦ ૧૬૯૮ માં કવિના હાથનું લખા
યેલું પંડિત લાલચંદ પાસે છે 'સંવત સોલ ૯૮ વર્ષે ભાદ્રવા સુદિ ૧૩ દિને
લિષિત ॥ સ્વયમેવ ॥' એમ છેલ્લે ઉલ્લેખ છે તેમાંની ૨૨ મી કડી

'ચંચલ જીવ રહે નહીંજી રાચઈ રમણી રુપ,
કામ વિટંબણ સી કહુંજી તું જાણઈ તે સરુપ

તે જિન હર્ષે પોતાના ' આદિજિન વિનતિ ' સ્તવનમાં થોડા ફેરફાર સાથે લીધી
જણાય છે

(૨) પંચમી તપ પર નાનું સ્ત૦-(પંચમી તપ તમે કરો રે પ્રાણી)

પંચમી તપ પર વૃદ્ધ (મોટું) સ્ત૦-ઢાલ ૩નું (પ્રણમી શ્રી ગુરૂપાય નિમલ જ્ઞાન ઉપાય)
જ્ઞાન પંચમી એ જૈનોમાં જ્ઞાન વૃદ્ધિ અર્થે એક ધાર્મિક પર્વ છે આમાં
જણાવ્યું છે કે

જ્ઞાન વડો સંસાર જ્ઞાન મુગતિ દાતાર
જ્ઞાન દીવો કહ્યો એ સાચો સદ્દહો એ
જ્ઞાન લોચન સુવિલાસ લોકાલોક પ્રકાશ
જ્ઞાન વિના પશુ એ નર જાણો નિશ્ચુ એ

એકાદશી વૃદ્ધ સ્ત૦ ૧૩ કડીનું (સમવસરણ બેઠા ભગવંત, ધરમ પ્રકાશે શ્રી
અરિહંત). જૈન એકાદશી નામના ધાર્મિક પર્વ પર જેસલમેરમાં સં૦ ૧૬૮૧

ઉપધાન તપ સ્ત૦-(શ્રી મહાવીર ધરમ પરગાસે, બેઠી પરષદ બારજી.)
પોષધવિધિ સ્ત૦-

(૩) વિનતિ એટલે સંબોધન રૂપે આપવીતિ-સ્વદોષ જણાવી પ્રભુની કરૂણા અને દયા માગવા માટે જેમા આર્જવ પૂર્વક વિનતિ કરવામા આવી છે તેવા વિનતિ સ્તવનો.

મહાવીર વિનતિ સ્ત૦ (વીર સુણો મોરી વિનતિ, કરજોડી હો કહું મનની વાત) આ જેસલમેરમા વાચનાચાર્ય પોતે હતા ત્યારે બનાવ્યું છે.

અમર સરપુર મંડન શીતલનાથ વિનતિ સ્ત૦ (મોરા સાહેબ હો. શ્રી શીતલનાથ કિ, વીનતી સુણો એક મોરડી)

આલોયણ (આલોચના) રૂપે વિનતિ સ્ત૦

(૪) છંદ—પાર્શ્વનાથ છંદ (આપણ ઘર બેઠા લીલ કરો.)

(૫) દાદાજી સ્ત૦ (ખરતર ગચ્છમા પોતાની ગુરૂ પરંપરામાં થયેલ જિન કુશલ-સૂરિજી 'દાદાજી' તરીકે ઓળખાય છે. ઘણા ચમત્કારી હોઈ તેમણે સમરતાં ઘણાને પરચા આપ્યા છે એમ મનાય છે. એવો પરચો કવિને મળ્યો હતો તેવું આ સ્તવનમાં જણાવેલ છે, તેમજ પોતાની કૃતિનાં પણ સ્તુતિ રૂપે તેમનુ સાનિધ્ય લઈને આહ્વાહન કરેલું છે. આદિ ચરણ—આયો આયોજી સમરતા દાદોજી આયો)

સ્તુતિઓ. પ્રભુ સ્તુતિ.

વિમલાચલ ઋષભ સ્તુતિ.

[૨૬]કેટલાંક પદો. વૈરાગ્ય-ઉપદેશ બોધક ટૂંકા કાવ્યોને 'પદ' એ નામ અપાય છે. જે મળેલા તે આ નિબંધમા ઉદ્ધૃત કર્યા છે આ બધા હિન્દી ભાષામાં છે.

અન્ય કૃતિઓ—ઉપરોક્ત સિવાય અન્ય કૃતિઓ કવિની હોવાનો સંભવ છે. એ પૈકી ઋષિમંડળ પર પોતાની ટીકા કે સ્તવન-કંઈ પણ હોવી જોઈએ.[૨૭]

૨૬ ઉપરના મઝાયો સ્તવનો, પદ વગેરે સર્વ મુદ્રિત થયા છે જુઓ જૈનપ્રબોધ સઝાયમાળા, રત્નસાગર, રત્નસમુચ્ચય જૈન કાવ્યસંગ્રહ, ચૈત્યવંદનસ્તુતિ સ્તવનાદિ સંગ્રહ.

૨૭ કારણ કે ખ૦ શિવચંદ પાઠકે ૨૪ જિન પૂજા સં ૧૭૭૯ (નંદ મુનિ નાગધરણી) વર્ષમા આશો શુદ ૨ ને શનિને દિને જયપુરમા રચેલ છે તેમા સમયસુંદરની આ કૃતિનો પોતે આધાર લીધેલો જણાવ્યો છે —

સમયસુંદર અનુગ્રહી ઋષિમંડલ, જિનકી શોભ સવાયા,
પૂજા રચી પાઠક શિવચંદૈ આનંદ સંઘ વધાયા—
રત્નસાગર ભાગ ૧ લો પૃ. ૨૮૮.

કવિની અન્યે કરેલી પ્રશંસા

આ સર્વ કૃતિઓ પરથી જણાય છે કે સમયસુંદર એ એક પ્રતીષ્ઠિત, નામી કવિ, ગ્રંથકાર અને લેખક હતા તેમના સમકાલીન, શ્રાવક-કવિ પ્રસિધ્ધ ઋષભદાસે પણ માત્ર નામથી ઉલ્લેખેલા પ્રસિદ્ધ કવિઓમા સમયસુંદરને પણ ગણાવ્યા છે —

સુસાધુ હંસ સમયો સુરચંદ, શીતલ વચન જિમ શારદચંદ
એ કવિ મોટા બુદ્ધિ વિશાલ, તે આગલિ હું મુરખ બાલ
—કુમારપાલ રાસ, રચ્યા સં૦ ૧૬૭૦

આ પરથી સં૦ ૧૬૭૦ પહેલા જ સમયસુંદરે શરચ્ચંદ્ર સમાન શીતલ વચન જેના છે એવા મોટા બુધ્ધિ વિશાલ કવિ તરીકેની ખ્યાતિ ઋષભદાસ જેવા ઉત્તમ અને તે યુગના એક આધારભૂત કવિ પાસે મેળવી હતી એ સ્પષ્ટ જણાય છે

સં૦ ૧૬૭ પછી તો તેમણે અનેક સુંદર અને મોટી કૃતિઓ રચી છે અને તેથી તેમની ખ્યાતિ દિન પ્રતિદિન વધતી ગઈ છે તેમની કવિતાઓના પ્રથમ ચરણો લઇને તેની દેશીઓ મૂકીને તે દેશીઓ પર અનેક જૈનકવિવરો—સારા સારા કવિઓએ (સમકાલીનમા ઋષભદાસ અને પછીના આનંદઘન વિગેરે) પોતાના કાવ્યો રચ્યા છે એ વાત વિસ્તારથી હવે પછી સમજાવેલ છે

વિશેષમા તે પછીના જ અઢારમ સૈકામા થયેલા એક કવિ નામે પંડિત જ્ઞાનતિલકના શિષ્ય વિનયચંદ્રે પોતાના સં૦ ૧૭૫૨ ના ફાગણ શુદિ ૫ ના દિને પાટણમા ૪૨ ઢાલ અને ૮૪૮ ગાથાના ઉત્તમકુમાર ચરિત્ર રાસમા પોતાની માહીતી આપતી છેવટની પ્રશસ્તિમા સમયસુંદર માટે યથાર્થ જણાવ્યુ છે કે —

જ્ઞાન પયોધિ પ્રબોધિવા રે અભિનવ શશિહર પ્રાય મુ
કુમુદચંદ ઉપમા વહે રે સમયસુંદર કવિરાય સુ ૮
તતપર શાસ્ત્ર સમરથિવા રે સાર અનેક વિચાર સુ
વલિ કલિકિકા કમલિની રે ઉલ્લાસ દિનકાર સુ ૯

આ રીતે કવિરાજ સમયસુંદર જ્ઞાન સમુદ્ર માટે ભરતી આણનાર અભિનવ ચંદ્રમા સમાન, કુમુદ માટે ચંદ્ર સમ, અને શાસ્ત્ર સમર્થન કરવા તત્પર—શાસ્ત્રના ગર્ભમાથી અનેક વિચારથી સાર-અર્ક કાઢનાર અને કમલના ઉલ્લાસ માટે જેમ સૂર્ય તેમ શાસ્ત્રનુ ઉલ્લાસન કરનાર હતા

કવિની લઘુતા

કવિએ પોતાના આખ્યાનો ઘણી સુન્દર, મનોરમ અને સાદી ભાષામા આળેખ્યા છે, જે પ

અને કવિત્વ બતાવ્યું છે; છતાં પોતે પોતાના નામ પાછળ ' કવિ ' એ પદ કદાચ ધારણ કરેલું દેખાતું નથી; ઉલટું પોતાની લઘુતા તેમણે બતાવી છે.

૧ પ્રણમૌ ગુરૂ માતા પિતા, જ્ઞાનદૃષ્ટિ દાતાર,
કીડીથી કુંજર કરે, એ મોટો ઉપગાર
ગારૂડ ફણીની મણિ ગ્રહે, તે જિમ મંત્રપ્રભાવ,
તિમ મહિમા મુઝ ગુરૂ તણો, હું મતિ મૂઢ સ્વાભાવ.
—પ્રત્યેકબુદ્ધરાસ.

૨ હુ મૂઢ મતિ કિસ્યું જાંણું મુઝ વાણિ પણિ ન સવાદો રે,
પણિ જે જોડિ મેં રસ પડ્યો તે દેવગુરૂનો પરસાદોરે,
હું શીલવંત નહિ તિમો, મુઝ પોતે બહુ મંમારોરે,
પણિ શીલવંતનો જશ કહતા મુઝ થાશે મહિ નિસ્તારો રે.
—સીતારામ ચોપાઇ.

પણ કવિ પોતે ' કવિ ' નાં લક્ષણ એક સ્થલે જણાવે છે કે;

ચપલ કવીસરના કહ્યા એક મન ને વચન એ બેઇરે,
કવિ કલ્લોલ ભણિ કહે, રસના વાલા પણ કેઇરે,
—સીતા રામ

કાવ્યનો હેતુ

સાધુઓનાં ગુણ ગાવાથી અનંત લાભ છે, તેથી ભવનો અંત આવે. પ્રહસમે ઉઠી શીલવંતનાં નામ સહુ જપે છે તેથી હું પણ ભક્તિથી આ મૃગાવતી શીલવતીનું ચરિત્ર ભણું છું. દાન ઉત્તમપાત્રને દેવાથી અઢળક લક્ષ્મી થાય છે તેથી આ સિંહલસુતની દાન કથા કહું છું. જીભ પવિત્ર કરવા આ દમયંતી સતિનું ચરિત્ર કહું છું. કોઇને કલંક ન દેવું—પાપ વચન પરિહરવુ એ સીતાનું દુખ જોઇ બોધ લેવાનો છે તેમ જ શીલ પાળી સીતાની પેઠે સુખ અને લીલવિલાસ પામો તે માટે સીતા રામનો સબંધ કહું છું અનુકંપાપર ચંપક શ્રેષ્ઠી, અને વ્યવહાર શુદ્ધ શ્રાવક ધર્મપર ધનદત્તની કથા કહું છું—એમ કવિ જણાવે છે.

પોતાની કૃતિમાં મંગલાચરણમાં મહાવીર આદિ તીર્થંકર, ગૌતમસ્વામી, સરસ્વતી, સુમતિ, માતપિતા, ગુરૂ—દીક્ષાગુરૂને વિદ્યાગુરૂની, સ્તુતિ—સ્મરણ કરે છે તે પૈકી સરસ્વતી આદિની સ્તુતિ ખાસ ધ્યાન ખેંચે છે.

સરસ્વતી સ્તુતિ

વીણા પુસ્તક ધારિણી સમરૂં સરસતિ માય,
મૂરખનૈ પંડિત કરૈ કાલિદાસ કહિવાય.
—ચાર પ્રત્યેક બુદ્ધ રાસ.

સમરૂં સરસતિ સામિની પ્રણમુ સ ગુરૂ પાય
બે કરજોડી વીનવુ માગુ એક પસાય.
સરસ વચન દીઉ સરસતિ સુણતા અમીય સમાણ
સદગુરૂ પણિ સાનિદ્ધ કરો નિરમલ દિઉં મુઝ ગ્યાન

—મૃગાવતી રાસ

સમરૂં સરસતિ સામિણી, એક કરૂં અર દાસ
માતા દેજે મુઝને કરૂં વચન વિલાસ
સબપ્રજૂન કથા સરસ (૧) પ્રત્યેકબુદ્ધ પ્રબંધ (૨)
નલ દવદંતિ (૩) મૃગાવતી (૪), ચઉપઇ ચ્યાર સબંધ
આઇ તુ આવી તિહાં સમર્યાં દીધો સાદ
સીતારામ સંબંધ પણિ, સરસતિ કરે પ્રસાદ

—સીતારામ ચોપાઇ

સુમતિ

મુજને સુમતિ જગાઇયો, ઉઠ ઉઠ રે ઉઠ,
ગુણ વરણને ગરવા તણા હૈ તુઝ પૂરસો પુઠ
નિણ મુઝ ઉદ્યમ ઊપનો પંખીને જિમ પંખ
એક લાભ વલિ કહે સુમતિ, દૂધ ભર્યો વલિ શંખ.

—ચારપ્રત્યેક બુદ્ધ રાસ

માતપિતા-ગુરૂસ્તુતિ

માતપિતા પ્રણમું મહા જનમ દીયો મુઝ જેણ
વાદૂ દીખા ગુરૂ વલી ધરમ રતન દિયો તેણ
વિદ્યાગુરૂ વાદૂ વલી ગ્યાન દૃષ્ટિ દાતાર
જગમાહિ મોટો જાણિજ્યો એ ત્રિહુંનો ઉપકાર.
એ ત્રિહુને પ્રણમી કરી છઠો ખંડ કહેસિ
નવ રસ મેલી એહવા સગલા સ્વાદ લહેસિ

—સીતારામ ચોપાઇ

આ સિવાય ચમત્કારી ગુરૂઓ પોતાના ગચ્છમા પૂર્વે થયેલા તે જિનદત્તસૂરિ, અને જિનકુશલસૂરિ વગેરેનુ આવ્હાહન કરે છે અને સાનિદ્ધ માગે છે —

શ્રી જિનદત્ત સુરિ જાગતો હવઇ પ્રણમુ તસ પાય
અખંડ ૧૨ અક્ષર થકી યુગ પ્રધાન કહિવાય.
ઉતી ચોસઠિ જોગિણી, ક્ષેત્રપાલ બાવન
નામઇ ન થાઇ વીજલી લાક ખડઇ ધનધન.

ખંડ બીજઇ સાનિધિ કરી જિમ શ્રી કુશલ સૂરીંદ,
તિમ ત્રીજઇ કરજ્યો તુમ્હે, હું પણિ છું મતિમંદ,

—મૃગાવતી ત્રીજા ખંડની આદિમાં.

આનાજ બીજા ખંડમાં જિનકુશલ સૂરિની સહાય માગી હતી.

શ્રી જિનકુશલ સૂરીસરૂ, સુણિ મોરી અરદાસ,
મુઝનઇ આળસ ઊપજઇ, મનિ પણિ નહીં પ્રકાસ.
ઉદાસીન મન આલસૂ, કહો કીમ કીજઇ જોડિ,
તું સદ્ગુરૂ જગિ જાગતા, પૂરઇ વંછિત કોડિ
પરતો એક મઇ પેખીઉં, નગર મરોટ મઝાર,
મેહ માગ્યો વૂઠો તુરત, ઇમ અનેક પ્રકાર.
તેણઇ તુઝનઇં મઇ પ્રાર્થ્યો, સમરથ સાહિબ જાણિ,
મઇ બીજો ખંડ માંડીઉ, તું સિદ્ધિ ચાડિ પ્રમાણિ,

આ રીતે 'પરતો'—ચમત્કાર—પરિચય પોતાને મરોટનગરમાં જિનકુશલ સૂરિના નામ સ્મરણથી વાંછિત મેઘવૃષ્ટિ થયાનો પોતાને મળેલો કવિ સ્વીકારે છે. એ ઉપરાંત બીજો 'પરતો' પણ દેશવરમાં પોતાને મળેલ તે હકીકત પણ પોતે તેમના સ્તવનમાં નોંધી છે.

આયો આયો જી સમરંતા દાદોજી આયો,
સંકટ દેખ સેવકકું સદ્ગુરુ, દેરાવર તે ધ્યાયો જી—સમરંતા૦
દાદા વરસે મેહ ને ગાત અધેરી, વાયપિણ સબલૌ વાયૌ,
પંચ નદી હમ બૈઠે બેડી, દરિયે હો દાદા હરિયે ચિત્ત ડગાયો જી—સમરંતા૦
દાદા ઉચ્ચ બણી પોહચાવણ આયો, ખરતર સંઘ સવાયો,
સમયસુંદર કહે કુશલ કુશલ ગુરૂ, પરમાનન્દ સુખ પાયો જી—સમરંતા૦

—[પ્ર૦ રત્નસાગર ભા. ૧ પૃ. ૬૪૮]

ચાર પ્રત્યેક બુદ્ધના રાસની અંતે પણ જિનકુશલ સૂરિના સાંનિધ્યથી એ પૂર્ણ થયો એમ જણાવે છે.

વિમલનાથ સુપસાઉલે એ, સાન્નિધ્ય કુશલ સૂરીંદ,
ચારે ખંડ પૂરા થયા એ, પામ્યો પરમાણંદ—

વાર્ત્તાનો ઉપયોગ.

કવિ પ્રેમાનન્દ, અને શામળના પુરોગામી આ કવિએ પણ વાર્ત્તાઓને કૌતુકવતી બનાવી વિમલવાણીમાં મૂકી. વાર્ત્તાઓનું મૂલ કથામાનું વસ્તુ લઇ તેને મનમા ખડી રાખી તેનામા પોતાનો અનુભવ પૂરતા જઇ લોકોત્તર ગિરામા મૂકતા જઈ રસની સાથે વાર્ત્તાના પ્રવાહનું અનુસધાન કવિ રાખતો ગયો છે.

સમયસુન્દર તો દેશી રાગો-ઢાળો-દેશીઓના માર્મિક જાણકાર અને વાપરનાર હતા અને તે વાપરી જે સુન્દર કાવ્યો રચતા તે એટલે દરજ્જે સુધી પ્રસિદ્ધ થઇ ગયા હતાં કે તેમના પછીના જ નહિ, પણ નયસુંદર અને ઋષભદાસ જેવા તેમના સમકાલીન સમર્થ જૈન કવિઓએ પણ સમયસુન્દરના કાવ્યોની દેશીઓ ટાંકી તે દેશી ઢાળોમાં પોતાની કવિતાઓ રચી છે.

દેશી રાગો યથાસ્થાને વ્યાપરવામાં સમયસુંદરે વિવેચક બુદ્ધિથી કૌશલ દાખવ્યું છે.

(૧) સિંધુડે રાગે રે, સુણિ શૂરિમા જાગે રે,
અતિ મીઠી પણ લાગે ઢાલ એ સાતમી રે.

(૨) ગોડી રાગેં પહેલી ઢાળ, સમયસુંદર કહે વચન રસાલ.

× × × ×

ગોઠી રાગ રસાલ બીજી ઢાલ કહી,
સમયસુંદર કહે એમ સુણતાં સરસ સહી

(૩) ટોડીને ધન્યાશરીજી, નવમી ઢાલે રાગ,
સમયસુંદર કહે સાભલોજી, જિમ ઉપજે વૈરાગ.

× × × ×

ઢાલ ભણી એ સાતમી, ધન્યાસિરિ રાગ સોહેરે,
સમયસુંદર કહે ગાવતા, નરનારી મન મોહેરે

(૪) ભલો રાગ ખભાયતીરે, સોહેલાની ઢાલ છઠ્ઠી રે,
સમયસુંદર કહે શ્રાવકા રે, સાભલતા અતિ મીઠીરે.

યુદ્ધમાં વીર રસ ઉત્પન્ન કરાવવા યુદ્ધગીત 'કડખા' માં મૂકાય છે. હાલ ઝૂલણા છંદ યા પ્રભાતિયું જે રીતે ગવાય છે તેજ રીતે બારોટ ચારણાદિ ગાઈ તેને 'કડખું' નામ આપે છે. જૈન કવિઓ બનતાં સુધી યુદ્ધ સંગ્રામનાં ગીત આ કડખાની દેશીમાં જ મૂકે છે. સમયસુંદરે યુદ્ધ સંગ્રામનુ ગીત-યુદ્ધ વર્ણન આ દેશીમાં મૂક્યુ છે અને છેવટે કહ્યુ છે કે 'રામગ્રી રાગની ઢાલ એ પાચમી, સમયસુંદર કહે જાતિ કડખો.—

ચડયો રણ ઝૂઝવા ચંડપ્રદ્યોત નૃપ, ચડતનાં તુરત વાજાં વજાયાં,
સુભટ ભટ કટક ચટ મટકિ ભેલા થયાં, વડવડા વાગીયા વેગે ધાયા.—૧ ચડયો૦

(ગજવર્ણન) શીશ સિંદૂરીયા પ્રબલ મદ પૂરીયા, ભમર ગુંજાર ભીષણ કપોલા,
સુંઢ ઉલાલતા શત્રુદલ ગાલતા, હાથીયા કરત હાલા કલોલા—૨ ચડયો૦

ઘંટ બાજે ગલે રહે એકઠા મલે, મેહ-કાલી ઘટા જાણે દીસે,
ઢલકતી ઢાલ ને શીશ ચામર ઢલે, મત્ત માતંગ રહે ભર્યા રીસે—૩ ચડયો૦

હાલતા ચાલતા જાણે કરી પર્વતા, ગુહર ગુંજાર ગંભીર કરતા,
ચંડપ્રદ્યોત રાજા તણા કટકમે, હસ્તી લાખ દોય મદવારિ ઝરતા—૪ ચડયો૦

(અશ્વવર્ણન) દેશ કાશ્મીર કબોજ કાબુલ તણા, ખેત્ર ખુરસાણ સુધા બુખારા,
અવલ ઉત્તર પવન પાણી પથા વની મન મલા કચ્છી તેજી તુખારા—૫ ચડયો૦
નીલડા પીલડા સબલ કબોજડા, રાતડા રગ મવિલા કિહાડા,
હિરડીયા હાલૂઆ ધૂસરા દૂસરા, હાસિલા વાસલા ભાગ જાડા—૬ ચડયો૦
પવન વેગ પાખર્યા ફોજ આગલ ધર્યા ચાલતા જાણે ચિત્રામ લેખ્યા
એહવા અશ્વ ઉજેણી રાજા તણે કટકમે લાખ પચાસ સખ્યા—૭ ચડયો૦

(પાયક વર્ણન) શિર ધરે આકડા બાહે પેહેરી કડા, ભાજની પરતના બોલવાલા
એકથી એકડા કટક આગલ ખડા, શૂર વીર વાંકડા સુભટ પાતા—૮ ચડયો૦
સબલ હાથાલ મૂછાલ જિન સાજિયા લોહ મય ટોપ આટોપ ધારા,
પચ હથિયાર હાથે ને બાથે ભડિ ભીમ સમ વ‍ ભલા પાલિ હાગા—૯ ચડયો૦
તીર તર કસ ધરા અભગ ભટ આક્રા સહસ જોધાર સગ્રામ શૂરા
ચડપ્રદ્યોત રાજાતણે એહવા, સાત કોડિ સાથ પાયક પૂરા—૧૦ ચડયો૦

(રથવર્ણન) નિજ નિજ નામ નેજા ધજા ફરહરે ઘર હરે ઘોર નીશાણ વાજા,
જરદ જોશણ કીયા લાખ બે રથ શીયા, સાથમે ચડપ્રદ્યોત રાજા—૧૧ ચડયો
ચાલીયા કટક જાણે ચક્રવર્તિકા, પસરી ધૂન ઉડે ગગન લાગી
સમુદ્ર જલ ઊછળ્યા સેષ પણ સલસલ્યા સુદર ગોપીનાથજી નિદ ભાગી—૧૨ ચડયો
ઈંદ્રને ચદ્ર નાગેદ્ર પણ ખલભલ્યા લક ગઢ પોલિ તાલા જડાયા
સબલ સીમાલ ભૂપાલ ભાગી ગયા ચડપ્રદ્યોત રાજા ન આયા—૧૩ ચડયો૦
આવીયો ચડપ્રદ્યોત ઉતાવલો, દેશ પચાલની સીમમાહે
દુમુર્ખ રાજા પણ દેઈદમામા ચડયો આવી સાહમો આયો મન ઉચ્છાહે—૧૪ ચડયો
ફોજ ફોજે મળી ભાટ ભટ ઊછળી સબલ સગ્રામ ભારથમ ડાણ્યો,
ભડે ભડ મલ્યા ભૂપ ભૂપે ભરયા સુભટ સુભટે અડયા દેખી ટાણો—૧૫ ચડયો૦
મુકુટ પરભાવે રાજાન જીત્યો દુમુર્ખ, કટકમા પ્રગટ જસ પડહ વાગો
હાથ લપટ સદા દુ‍ કપટી તદા ચડપ્રદ્યોત રાજાન ભાગ્યો—૧૬ ચડયો
નાસતો ભાજતો ચડપ્રદ્યોત નૃપ જાલિ કરી બેડીયામાંહે દીધો
કટક ભાજી દશોદિશિ ગયું તેહનું ' ધર્મ જય પાપ ક્ષય વચન સીધો—૧૭ ચડયો૦
દુમુર્ખ રાજા ન આયો ઘેર આપણે કહે ઇતા ગજ પચ રાત પાખો
રાગમી રાગની ઢાલ એ પાચમી સમયસુંદર કહે જાતિ પાખો—૧૮ ચડયો૦

આમ ઉજ્જયિનીના વિષયલપટ રાજા ચડપ્રદ્યોતને અને પચાલના કંપિલપુરના રાજા દુર્મુખ સામેના યુદ્ધનુ વર્ણન કવિએ કડખાની દેશીમા આપ્યું, તેમ ' સિધુડો ' એ યુદ્ધના રાગમા કવિએ કચનપુરના કરકડુ રાજા ચપાના દધિવાહન રાજા પર ચડે છે તેનું વર્ણન કરે છે

કરકંડુ રાજા રે, મુણિ કરત દીવાજા રે, તતકાલ વજાયા, વાજાં ચતુરંગ રે.
કટકી કરી ધાયો રે, ચંપા પુરી આયો રે, તપ તેજ સવાયો રે, પુર વીંટી રહ્યો રે
ગઢરો હો મડયો રે, અભિમાન ન છંડયો રે, નિજ બોલ ન ખંડયો, નૃપ માહામો અડયો રે.
રણ ભૂમિકા સૂડે રે. નાલગોલા ઊડે રે, ગડગડત ગયણંડ, શેષનાગ સલસલે રે,
સરણાઇ વાજે રે, સિંધૂડો માજે રે ગંભીર વિરાજે ઉભા દિગ્ગજે રે.
પહેર્યા જિણ શાલા રે, ઉમટયા મેઘ કાલા રે, સિર ટોપ તેજાલા ઝગઝગ ઝગકતા રે,
ભાલા અણીયાલા રે, ઉછાલે પાલા રે એક સુભટ સુંડાલા, ચાલે ચમકતા રે
વાજે રણતૂરા રે, બેઉ દલ પૂરા રે, એક એકથી સૂરા સુભટ તે સાથમે રે.
જમકી જીભ લપકે રે, જાણે વિજલી ચમકે રે, તરવાર ઉઘાડી ઝબકે હાથમેં રે.
વહે તીર વચાલે રે, આવતા ટાલે રે વયર પોતાનું વાલે ને સાસે નહી રે
નવા નેજા ફરકે રે, વઢવાને થરકે રે પગ એક ન સરકે પાછા તે સહી રે.
મૂછે વલ ઘાલે રે, આગલથી ચાલે રે ફોજ આવતી પાળે તે વલી વાગ્ગી રે.
એક પાગડા છોડે રે, નૃપ હોડાહોડે રે, અણીઓં અણી જોડે ફોજાં માગ્ગી રે.
છોડી આતમ આસરે, બેઉ ગજા-ગજ રે ન રહે ગજ વાજ ઝાલ્યા કેમ ફિરે રે.
ઠાકુરજી પુકારે રે, બાપ બિરુદ સંભારે રે આજ જય તે તુમ્હારે જીતેં પામીયેં રે.
ભાજણુરા સુસ લીધા રે, ગંગોદક પીધા રે, ભલા ભોજન કીધા તાજા ચૂરમા રે.
ગણીરા જાયા રે, આગ્ગ્હા સાગ્હા ધાયા રે ઘણા અમલ ખવરાયા ચડિયા શૂરમાં રે
એક કાયર કંપે રે, ચિહુ દિશિ દલ ચંપે રે, મુખ જંપે હાહા હવે કિણ દિશિ ભાગશું રે,
શરીર ત્રાકુકે રે, હોગે રણ ઢૂકે રે, મુખ ફૂકે આવો આજ લટાપટ લાગશું રે.
સગ્રામ મંડાણો રે, નહીકો તિમો ગાણો રે, ગય ગણો સમજાવે જે બિહુ ગયને રે.
હુતી વાત થોડી રે, થઇ કલેશની કોડી રે, ન શકે કોઇ છોડી સમજાયને રે
સિંધુડે રાગે રે, સુણિ શૂરિમા જાગે રે, અતિ મીઠી પણિ લાગે ઢાલ એ સાતની રે
સમયસુંદર ભાખે રે, હવે વઢના રાખે રે, પદ્માવતી પાખે એ કુણ મતિ સમી રે

કવિએ અનેક દેશદેશાતર ભ્રમણ કરેલ છે અને ત્યાં ત્યાંથી ગવાતાં ગીતોને–દેશીઓને લઇ તેમા પોતાનાં કાવ્યો ગાયા છે–સગીત કાવ્યો રચ્યા છે. પોતાના 'મૃગાવતી રાસ' માં જણાવે છે કે:–

સંધી પૂરવ મરૂધર ગુજરાતી, ઢાલ નવી નવ ભાતી,
ચતુર વિચક્ષણ તુમ્હે હોઇ, ઢાલ મ ભાગજ્યો કોઇ.

એટલે સિંધની સિંધી, પૂર્વ હિંદની, મારૂવાડની મરૂધર અને ગુજરાતની ગુજરાતી ઢાળો નવી નવી પોતે કરી છે, તે ઢાળને હે શ્રોતા! તમો ચતુર વિચક્ષણ હોઇને કોઈ ભાંગતા નહિ–અખંડ રાખજો એટલે રાગથી અળગી નહિ કરતા–ગાયે જ જજો, કારણ કે

ભાગી ચૂડિમેં નહી સકારા, તૂટિ લટિમેં જ્યુ હાગ,
ભાગે મને ન સોહે વૈરાગી, તિમ ન સોહે ઢાલ ભાગી
કનક મુદ્રડી નંગ વિહુણી, રસવતી જેમ અલૂણી,
કંત વિના જિમ નારિ વિરંગી, રાગ વિણ ઢાલ ન ચંગી.

મીઠી ઢાલ રાગસિંઉં મેલી જિમ મિશ્રી દૂધ બેની
તેહ ભણી ગાન રાગસિક કહ્યો ચતુર ગુમ્હે જસ લેયો

આ ઉપરાંત ઢુંઢાડી (મારવાડ પાસેનો પ્રદેશ), મેવાડી, દિલ્હી વગેરેની દેશીઓ લીધી છે (જુઓ ઉપર સીતારામ ચોપાઈ પર લખતા જણાવ્યું છે તે)

હવે ઉપરના પ્રાંતની ઢાલો જોઇએ સિંધી, એટલે સિંધ પ્રદેશની પોતે મુલતાનમા વસ્યા હતા અને ત્યા અનેક સિંધીઓ વસતા હતા એમ તેમણે જણાવ્યુ છે તે લોકોમાથી—

(૧) સિંધી ઢાળ ૧ રાગ-મારુણી-આખર દીવા ન બને રે મલરિ કમન ન હોઇ
છોરિ મૂરખ મેરી માહરી મીયા જોરે પ્રીતિ ન જોઈ,
કન્હઇયા મે કયાગ્લ માસિયા જેવન જાસિયા બે બહુર ન આસિયા

એની ઢાલ-એ ગીત "સંધિ માહે પ્રસિદ્ધ છે" આ પ્રમાણે કવિએ સ્વહસ્તલિખિત પોતાની સીતારામ પ્રબંધ ચોપાઈમા આઠમા ખંડની બીજી ઢાલમા લખ્યુ છે

૨ સંધિની રાગ આસાઉરી મન રાજી તો સુ કરઇ કાજી, એ ઢાલ
૩ રાગ આસાઉરી સિંધૂડો ઢાલ સિંધની

—આ બને મૃગાવતી રાસમા વાપરી છે

(૨) પૂરવની ઢાળ–રાગ હુસેની ધન્યાસિરી મિશ્ર

દિલ્લી કે દરબારમે લખ આવે લખ જાઇ એક ન આવે નવરંગ ખાન જાકિ પગિ પલિર જાઇ
—નવરંગ વૈરાગીલાલ એ દેશી

(૩) મરૂધર ઢાલ-(ઢુંઢાડી તથા મેવાડી)તો પુષ્કળ લીધી છે કારણ કે ત્યા પોતે બહુ વાસ કર્યો છે-કવિએ પોતે જણાવેલ તે પ્રમાણે નીચે મૂકવામા આવેલ છે

૧ વરસારી હોલી આવઇ, નાણુા—એ ગીત
૨ ભોજરાજારી ગીતરી હાથીયા રઇ હનકઈ આવઇ માહરઇ પ્રા ણીરે-એની ઢાલ
૩ પારીયો પહરીયો ઓતગણે આબૂ ઘેણે આયુ ઘણેરે લાન
૪ તોરા કીજે મ્હારા લાલ દારૂ પીજે જી પડદે પધારો મ્હારા લાલ લસરક સેજ્જેજી – તેરી અજબ સૂરતિ મ્હાકો મનડો૨ મો રે લોની લજ્યાજી-એ ગીતની ઢાલ
૫ રે રંગ રત્તા કરહના, મો પ્રીઉ રતો આણુ હુંનો ઉ પરીકા દિને પ્રાણ કરૂં ખુરબાણુ સુરંગા કરહલા રે મો પ્રીઉ પાઠો વાલ મજિઠા કરલ્હા રે-એ દેશી રાગ મારૂણી
૬ અમ્હા માંકી ચિત્તાના કોઈ જોઇ અમ્હા મારૂડે મેવાસીકો સા સોહામણો રે લો
૭ રૂઠીરે રૂઠીરે બારણે સમના પદમિનીરે એ દે શી રાગ મારૂણી —આ બધી મૃગાવતીમા
૮ રાગ આસાઉરી સિંધૂડો મિશ્ર ચરણાની ચાસુડા રણે ચડે, ચખ ભરી રાતા ચોલારે
વિગનિ દાનવ દન વિચિ ધાવ દીયો ધમરોના રે—રારણાની

૯. વેસર સોનાકી, ઘડિ ચતુર સોનાર વે૦, વેસર પહેરી સોનાકી રંગે નંદકુમાર વે૦
—એ ગીતની. રાગ અસાઉરી.

૧૦. નોખારા ગીતરી–નોખારા ગીત મારૂયાદિ ઢુંઢાડિ માહે પ્રસિદ્ધ છે

૧૧ રાગ ખભાયતી. સોહલાની જાતિ. અમા મોરી મોહિ પરણાવિ હે અમા મોરી.
જેસલમેરા સેગ જાદવા હે—જાદવ મોટા રાય, જાદવ મોટા રાય હો
અમા મોરી કહિ મોઢીને ઘોડે ચડેહો—એ ગીતની ઢાલ.

૧૨. રાગ ખભાયતી–સુબરા તુ સુલતાણુ, બીજાંહો થારા સુંગરા ઓલગૂ હો–એ ગીતની ઢાલ
–એ સુબરાના ગીતની ઢાલ–જોધપુર મેડતા નાગોર નગરે પ્રસિદ્ધ છે

૧૩. તિલ્લીરા ગીતરી ઢાલ–મેડતાદિક દેસે પ્રસિદ્ધ છે (આ સીતારામ પ્રબંધમાંથી છે.)

(૪) ગૂજરાતની

૧. પોપટ ચાલ્યઉ રે પરણવા–એ સસારી ગીતની ઢાલ ખંભાતમા પ્રસિદ્ધ છે. (ચંપકસેઠ રાસ)
૨. ઢાલ ગામી ગૂજરાતી ફુલડાની
૩. રાગ વયરાડી–જાજારે બાંધવ તું વડો–એ ગૂર્જરની ગીતની ઢાલ
૪. કપૂર હુવે અતિ ઉજલુ રે, વલિ અનોપમ ગંધ—એ ગીતની ઢાલ.

આવી અનેક દેશીઓ ગીતો વગેરેની લીધી છે તે પરથી એમ સમજાય છે કે સ્ત્રી ગીતો–લોકગીતોનું સાહિત્ય તે વખતે–કવિના જમાનામાં ઘણું હતું. એક સ્થળે એક એવી દેશી ઉતારી છે; જેમકે રાગ પરજીયો. ઢાલઃ—

સિહરા સિહર મધુ સૂરીગે, ગઢા વડો ગીરનારી રે
રાણ્યા સિરહર રૂકમિણીગે, કુંયરાનંદ કુંમાર રે
કંસાસુર મારણુ આવિને રે પલાદ ઉધારણ રાસ રમણ ધરિ આવ્યો
ધરિ આવ્યો ધરિ આવ્યો, હો રામ રમજી ધરિ આવ્યો —એ દેશી

આ પરથી કવિની અગાઉના કાવ્યો હતાં તે પૂરવાર થાય છે. 'સોરઠ દેસ સોહામણો સાહેલડી રે દેવાં તણો નિવાસ–એ ગજસુકુમાલની ચોઢાલીયાની' દેશી એક સ્થળે કહી છે અને બીજે સ્થળે સુબાહુ સંધીની ઢાલ કહી છે તે પરથી ગજસુકુમાલ પરથી ચાર ઢાલવાળુ કાવ્ય તથા સુબાહુ સંધિ એ કવિના અગાઉનાં અન્ય કવિએ રચેલાં સુપ્રસિદ્ધ કાવ્યો હતાં તે સિદ્ધ થાય છે.

કવિ પોતે જોડેલાં કાવ્યોની પહેલી કડીની દેશી તરીકે પણ બીજા પોતાનાં કાવ્યમાં મૂકી છે તે પરથી એમ સિદ્ધ થાય છે કે પોતાની દેશીઓ પર પણ પોતાને મોહ હતો. દાખલા તરીકે સીતારામ પ્રબંધમાં—

(૧) પ્રત્યેક બુદ્ધની બીજા ખંડની આઠમી ઢાલ.
(૨) સુણોરે ભવિક ઉપધાન લહ્યા વિણુ કિમ સૂઝે નવકાર એ સ્તવનની ઢાલ
(આ ઉપધાન સ્ત૦ પોતાનું છે)

(૩) રાગ બગાલે-ઇમ સુણી હત વચન્ન કોપીઓ રાજા મન-એ મૃગાવતીની ચોપઇની બીજા ખંડની દશમી ઢાલ.

(૪) રાગ ધન્યાસિરી-સીલ કહે જગિ હું વડું મુઝ વાત સુણો એક મીઠીરે-એ સંવાદ શતકની બીજી ઢાલ (આ સંવાદ શતક તે દાનશીલ તપભાવના સંવાદ પર ચોપાઇ સ્વરચિત છે તે)

(૫) શ્રેણિકરાય હું રે અનાથી નિગ્રંથ (અનાથી પર સજ્ઝાય)

(૬) આદરજીવ ક્ષમા ગુણ આદર (ક્ષમાછત્રીશી)

(૭) હવે રાણી પદમાવતી જીવરાશિ ખમાવે (પ્રત્યેક બુદ્ધ રાસ) વગેરે વગેરે અનેક ઉદાહરણ છે

રમાલંકાર જ કાવ્યનું લક્ષણ છે?

રમાલંકારવાળું કાવ્ય લખનારને જ કવિ કહેવાય એવો નિયમ સર્વાંશે ગ્રહણ કરી ન શકાય રમાલંકારવાળું કાવ્ય કરવું શ્રમસાધ્ય છે અને તે પંડિતોને માટે-વિદ્વદ્ભોગ્ય થાય છે જે સહજ સરલતાથી અખંડપણે વ્હેતા ઝરાની માફક સ્વાભાવિક, સરલતાથી રસિકભાવ અર્પતી કવિતા છે તે કાવ્ય નથી એમ કેમ કહી શકાય ? આવી કવિતામાં ચરિત્ર વિષયક ગ્રંથમાં ચરિત્રનાયકનું રસાળ અને ચિત્તવેધક કથાનક સુરસરીતિથી કવિએ વર્ણવેલું હોય છે ત્યારે માનવી વૃત્તિના ભિન્નભિન્ન દશ્યો વાચકની દૃષ્ટિપટિકા પર આબેહૂબ આલેખવાનું અમોઘ સામર્થ્ય કવિનું સ્થળે સ્થળે જણાઈ આવે છે ભયપ્રદ યુદ્ધસંગ્રામ, રમ્ય સુરમ્ય સ્થાનો, રાજ્યાભિષેકના પ્રસંગો, અને નગરશોભાના અપ્રતિમ દેખાવો-ઉત્સવના મનોહર રીતિથી વર્ણન કરેલા હોય છે આમાના કેટલાક વર્ણનો આ કવિના આપણે અગાઉ જોઇ ગયા વિશેષ હવે પછી જોઈશું

પ્રકૃતિ પર કાવ્યો

પ્રકૃતિનું સૌંદર્ય કવિ જે આંખથી જોઈ શકે છે તે પ્રકૃત-સામાન્ય જનો જોઈ શકતા નથી પ્રકૃતિના વિવિધ દેખાવ જોઈને સુંદર શબ્દ રચનાથી તેનું વર્ણન કરવામાં કવિનો ભાવ વહે છે અને તે ભાવથી સૌન્દર્યઅર્પણ કરતો કવિ વિશેષ આકર્ષક બને છે આપણા જૂના સાહિત્યમાં બહુ સુન્દર કાવ્યો આ સંબંધી મળતા નથી, છતાં સામાન્ય એવા કંઈ નમુનાઓ મળી આવે છે —

વસંતવિહાર

> તેણે અવસરે મોહામણો આવ્યો માસ વસંત સુરંગા ખેલણા
> રસિયા ખેલે બાગમે, ગાયે રાગ વસંત સુરંગા ખેલણા.
> બોલસિરી જાઇ જૂઇ કુંદ અને મુચકુંદ-
> ચંપક પાડલ માલતી ફૂલી રહ્યા અરવિંદ-
> દમણો મરૂઓ મોગરો સબ ફૂલી વનરાય-
> એક ન ફૂલી કેતકી પીઉ વિણ હર્ષ ન થાય-

આંબા મોર્યા અતિ ઘણા, માંજર (મંજરી) લાગી સાર,-
કોયલ કરે ટહુકડા, ચિહુ દિશિ ભમર ગુંજાર-
જુગબાહુ રમવા ચલ્યો, મયણરેહા લે સાથ,-
બાગમાહિ રમે રંગશું, કંઠ ધરે નિજ હાથ-
નિર્મલ નીર ખડો ખલી, ઝીલે ગજ મરાલ,-
પ્રેમદા શું પ્રેમે રમે, નાખે લાલ ગુલાલ-
ભોજન ભક્તિ યુક્તિ ભલી, રમતા થઇ અવેર,-
રાત પડી રવિ આથમ્યો, પ્રસર્યો પ્રબલ અંધેર-
નિર્ભય ઠામ જાણી રહ્યો, રાતે બાગ મઝાર,-
કેલીઘર સૂતો નૃપ, થોડો સો પરિવાર-
ચોથી ઢાલ પૂરી થઇ, ઝૂબખડાની જાતિ,-
સમયસુંદર કહે હવે સુણો, રાતે હોશે જે વાત-
—નમિરાજ પ્રત્યેક બુદ્ધ રાસ રચ્યા સં૦ ૧૬૬૨

વસંતવર્ણન

એહવે માસ વસંત આવીઉ, ભોગી પુરૂષા મન ભાવીઉ,
રૂડી પરઇ ફૂલી વનરાઇ, મહકે પરિમલ પુહવી ન માઇ.
અંબર ઘણુ મહોર્યા સહકાર, માંજરી લાગી અધિકે સાર,
કોઇલ બઇઠી ટીહૂકા કરે, શાખા ઉપરિ મધુરે સ્વરે.
છયલ છબીલા નર છોગાલ, ગાઇ વાઇ બાલ ગોપાલ,
ચતુર માણસને હાથે ચંગ, મેઘનાદ વાજઇ મિરદંગ.
રંગ ગીત ગાઇ ફાગના, રસિક ભેદ કહઇ રાગના,
ઊડે લાલ ગુલાલ અબીર, ચિહુ દિસિ ભીંજાઇ ચરણા ચીર.
નગરમાહિ મહુકો નરનારિ, આણંદ ક્રીડા કરઇ અપાર,
ટલતી રામગિરિ એ ઢાલ, સમયસુંદર કહે વચન રસાલ
—પ્રિયમેલક રાસ, સં૦ ૧૬૭૨.

કવિ પોતાના સમયનું પ્રતિબિંબ છે.

કવિ એ પોતાના સમયનુ ચિત્ર નજર આગળથી દૂર કરી શકતો નથી. કલ્પનાના અંતર્પટ પર ખેંચેલાં ચિત્રો કે આદર્શભાવનામાંથી ઉતારેલાં પાત્રોના આલેખનો વાણીમાં ચિતરતી વખતે કવિ આસપાસની પરિસ્થિતિ થોડો વખત ભૂલી જાય, છતાં યે સંપૂર્ણ રીતે પોતાના સમયની સ્થિતિમાંથી સંપૂર્ણ રીતે કવિ મુક્ત થઇ શકતો નથી પ્રચલિત કથાઓ કે શાસ્ત્ર—પુરાણની દંતકથાઓને સ્વભાષામા, કવિતામાં, અવતારતીવેળા આખ્યાનક કવિઓથી સ્વસમયની સ્થિતિ કદિ વીસરાતી નથી. આખ્યાનોનો હેતુ રસ અને બોધ આપવાનો છે અને તેથી મનુષ્યઆત્માની સ્વભાવિક પ્રેરણા-(ideal) ને વ્યાપકરીતે અંત સુધી અખંડપણે આપવામા ભાવનામય-આદર્શમય કવિઓ ચીવટથી વળગી રહે તેવુ

આખ્યાનોમા સ્વાભાવિક રીતે હોતું નથી આટલુ છતા આખ્યાનમા માત્ર હકીકતો કહી જવી એટલુ જ કાય કવિનુ નથી, તેમા તેને રંગણામય ભાવના સાથે વસ્તુ સ્થિતિના ચિત્રકાર (realist) થવુ પડે છે રાસાઓ એ મુખ્યપણે આખ્યાનો છે-કથા વર્ણનો છે તેના રચનાસમયના આચાર, વ્યવહાર અને રહેણી-કહેણીની વાતો તેમા પ્રવેશ પામે છે તેથી તે સમયનુ થોડુ ઘણું સામાજિક જ્ઞાન પણ થાય છે

આ કવિએ હસુખરાજા (પછીથી પ્રત્યેક બુદ્ધ) ની પટરાણી ગુણમાલાને સાત પુત્ર થયા છતા પુત્રીની ઇચ્છા થઇ તે હકીકત પર કેટલીક સ્ત્રીઓ સામાન્ય રીતે અતૃપ્ત હોય છે તેના પર એક ઢાળ તેના પ્રબંધમા રચી અને ખાસ કરી છેવટે ગૂજરાતી સ્ત્રીઓને માટે તે હકીકત લાગુ પડે છે એવુ જણાવી કવિ ટોણો મારે છે કે પોતાનુ કહેવુ સાચુ છે કે નહિ તે જાણવુ હોય તો ' ગૂજરાતી લોક પૂછજ્યોરે તે કહેશે તતકાલ ! ' તે ઢાલ નીચે પ્રમાણે છે —

અતૃપ્ત સ્ત્રી

આ કામિની તૃપ્તિ ન પામે કેમ
રઢ લીધી મૂકે નહી રે પગ પગ નવનવા પ્રેમ રે—આ કામિની
જનમથી માયા કેતી રે લીખે ઘરનું સૂત્ર
ધૂતની થે રમતી કહે રે એ મુજ પતિ એ પુત્ર રે—
દેવ સમારે દિન પ્રત્યે રે લીખી નાણ વિન્નાણ
અણુખ અદેખાઇ કરે રે ગાવે ગીત ને (પિયના) ગાન રે—
આરાધે કુલ દેવતા રે, વિનતિ કરે વારવાર
ગૌરી ગણ ગોરી રમે રે ભલા હોજ્યો ભરતાર રે—
પરણી પણ રહે પૂછતી રે, વશીકરણ એકાત
કિમહિ પિયુડો વશ કરૂ રે પૂછે મનની ખાત રે—
સુખ પામે ભરતારસું રે તો પુત્ર વાછે નાર
પુત્ર પાખે કહે કામિની રે કોઇ સરજી કિરતાર રે—
પુત્ર પરણાવુ પ્રેમસુ રે વહુ દેખુ એમ વાર
ગોદ ખેલાવુ પોતરા રે સફળ કરૂ અવતાર રે—
બાલક પીલા ઉપરે રે નારે ઉગમતે સૂર
ખેત્રપાલે ભમતી રહે રે ગાલે તેલ સિંદૂર રે—
પુત્ર તણુ સુખ ઉપના રે તો પણ ઉત્તર [illegible] મ,
ગુણમાલા રહે ઝૂરતી રે પુત્રી ન પામી એમ રે—
ચોરી ન બાંધી આગણે રે તોરણે નાવી જાન
પેસતો જમાઇ ન પોખીયો રે તે દીધુ અપ્રમાણ(કુલ જ્ઞાન) રે—
હાથ મુકાવણ હાથીયો રે કે ઘોડા કે ગામ
જમાઇ ન દીધા દાયજે રે તો ધન કેહુ (કેહે) કામ રે—
ધનનન (ધનતણ) સ ાતી નારીનો રે સરજ સદાશે એમ

હવે આપણે જોશીનુ વર્ણન જોઇએ —

ઢાલ દસમી—રૂપક હયડઇ અતિ ઊજલુ રે એહની રાગ કેદારો ગોડી

રૂપ કીધુ બ્રાહ્મણ તણૂ રે, ચાલ્યઉ નગર મઝારિ
હાથે લીધુ ટીપણું રે, વાચઇ તિથિ નઇ વાર — ૧
—જોસીયડઉ જાણઇં જોતિષ સાર,
એતઉ નિમિત્ત પ્રકાશઇ અપાર—જોસિયડઉ૦
સ્નાન કરી તટની જલઇ રે, ટલતા મુક્યા કેસ,
માથઇ બાંધ્યુ કાલીયુ રે વારૂ બણાયઉ વેસ—જોસિ૦ — ૨
તિલક કીધુ કેસર તણૂ રે, વિચિમાહિ નરખુ ચારિ,
અદ્ભુત આડિ બિંદુ ગમા રે, સુંદર ચક્ર સરીરિ—જો૦ — ૩
ધોલુ ખીરોદક ધોતીયુ રે, જન્નોઈ સુવિસાલ,
હરિ વિષ્ણુ હરિ વિષ્ણુ સુખિ જપઇરે, તુલસીની જપમાલ—જો૦ — ૪
હેમ કમંડલુ હાથમઇ રે, નીર ભરિઉ નિત જાણિ,
વેદ ભણઇ સુખિ વેદીયઉરે, કહઇ મહુનઇં કલ્યાણ—જો૦ — ૫
ભમતઉ ભામા ઘરિ ગયઉરે, દીઠઇ કુબજા દાસિ,
સુંદર રૂપ સરલ તનૂરે, તતખિણ કીધુ તાસિ—જો૦ — ૬
અચરિજ દાસી ઊપનુ રે, કીધુ ચરણ પ્રણામ,
પૂછ્યુ કેથિ પધારસ્યઉ રે, જમસ્યુ ભોજન કામ?—જો૦ — ૭
સત્યભામા મુઝ સામિની રે, આવઉ તસુ આવાસિ,
મોદક મીઠા આપસ્યુ રે, દેસ્યઉ મુઝ સાબાસિ—જો૦ — ૮
વિપ્ર બાહિરિ મંદિ માહિ ગઇ રે, દાસી ભામા પાસિ,
દીઠ્યો રૂપ નવિ ઉલખીરે, રહિય વિમાસિ વિમાસિ—જો૦ — ૯
કુબજા દાસી હુ તુમ્હ તણી રે, કહી બ્રાહ્મણની વાત,
દઉડિ તેડી આવિ તેહનઈ રે, સિદ્ધ રૂપ સુવિખ્યાત—જો૦ — ૧૦
વેદ ભણંતઉ આવીયઉ રે, દીધઉ આશીર્વાદ,
ભામા ઊઠિ ઊભી થઇ રે, પ્રણમ્યા ચરણ પ્રસાદ—જો૦ — ૧૧
ભામા ભગતિં ઇમ ભણઇ રે, એક કરૂ અરદાસ,
રૂકમણિનુ રૂપ રૂયડુ રે, મૂઝથી અધિક પ્રમાદ—જો૦ — ૧૨
તિણિ તેહનઈ માનઇ ઘણું રે, કૃષ્ણજી કંત મુરારિ,
અધિક રૂપ કરિ માહરૂં રે, મનિસુ તુમ્હ ઉપગાર—જો૦ — ૧૩
ચિત્ત ઉત્તરઈ કંતનુરે, રૂકમણિથી એક વાર,
તઉ હુ જાણું માહરૂ રે, જીવિત સફલ સંસાર—જો૦ — ૧૪
વિપ્ર કહિં વિધિ છઇ ઘણી રે, તે જઉ સર્વ કરેસિ,
તઉ રૂપ થાસ્યઈ તેહવુ રે, દેવી વિસમય ધરેસિ—જો૦ — ૧૫
જે કહો તે સ્વામી હુ કરૂ રે, વેગિ મ લાયઉ વાર,
મસ્તક મુંડિ તું આપણુ રે, આભ્રણ સવિ ઊતારિ—જો૦ — ૧૬

ખડિત દડિત અતિ જયા રે પ'રી પુરાણા ચીર,
મસ્તક મુખ આંખિ મસિ ઘસીરે સનહુ લેપિ શરીર—જો૦ ૧૭
જિમ કહ્યુ તિમ ભામા કર્યઉ રે, અ થી ન દેયઇ દોષ
દીસઈ રૂપ બીહામણું રે જાણુઇ જુન રોસ—જો ૧૮
ફૂડ મુડ સ્વાહા ફૂડ ચુડ સ્વાહારે અઠોતરસઉ વાર
મ ત્ર ગુણે અણુબોલતી રે હોસ્યઉ રૂપ અપાર—જો૦ ૧૯
ભામા હૂ ભુખ્યો થયઉરે ભોજન ઘઇ ભરપૂર
બઇસાયઉ વિપ્ર જમાડવારે પ્રીસ્યા બ્_ રત પૂરે—જો ૨૦
પ્રીસ્યા લાડૂ ખાજલારે વીવાહના પક્વાન
નિરખતા સવિ નીરમ્યારે, અચરિજ એ અસમાન—જો૦ ૨૧
રે રે વિપ્ર તું કૂણ છઇ રે ત્રિપતિ ન પામઇ કિમ,
ઊઠિ ઊઠિ તું ઇહા થકીરે, પભણ્યુ દાસી એમ—જો ૨૨

—સ ૧૬૫૮ મા રચેલ સાંબપ્રદ્યુમ્ન રાસ લખ્યા સ૦ ૧૬૫૯

આમા બ્રાહ્મણુ જોશીનુ કેવુ તદ્રૂપ ચિત્ર આપ્યુ છે તે હાલના જોશી સાથે સરખા વવા જેવુ છે તેવી રીતે ચીતારાનુ આબેહૂબ સ્વરૂપ કવિએ પોતાના એક અન્ય રાસ -બે હજાર વષ પર થયેલ મૃગાવતી પરની ચોપાઈમા આળેખ્યું છે તે અત્ર નીચે આપ વામા આવે છે તેમા કવિ પોતાના સમયની સ્થિતિ ભૂલી શકતો નથી જે ચિત્ર ચિતા રાએ દોર્યા છે તેમા રાતા મો અને ચુચી આખવાળાને માથે મોટા પાઘડા વાળા તિર હાજ મુગલ અને કાબલી, કાળા હબસી, પાડુવર્ણું પઠાણુ, કુરાન કિતાબ વાચતા બુઢા કા જીના ચિત્રો મૂક્યા છે, એટલુ જ નહિ પણુ માથે મોટા ટોપા ઘાલનારા ને કોથળા જેવા ઢીલા સુંથણા (પાટલુન) પહેરના । છેડતી કરતા ઢાપાયમાન થનારા ફિરંગીઓને પણુ બાકી રાખ્યા નથી આ અકબર-જહાંગીરના સમયમા વેપાર અર્થે જૂદે જૂદે સ્થલે કોઠીઓ નાખનાર અગ્રેજ-પોર્ટુગીઝો છે આમ કરી કવિએ સમય વિરોધનો દોષ વ્હોરી લીધો છે, અને એવો કાલ વિરોધ ઘણે સ્થળે દેખા દે છે, તેના દષ્ટાંતો ત્રલોક અગાઉ અપાઈ ગયા છે

ચતુર ચિતારો

ખડ ૨ જો પ ગી ઢાળ શાતડીયા રગીનઇ કિહાથી આવીયારે-એ દેશી

રાગ પરજીઓ

સમ્બ ચીતારામાહિ સુદર રે નિપુણુ છઇ જેહનું નામ રે
રાજમહલ દીધો તેહનઇ રે વાર કરવા ચિત્રામરે

—ચતુર ચીતારો રૂપ ચીતરઇ રે

નાદઇ મોહ્યા મિરગલા રે, આપઈ આપણું સીસો રે,
નાદઇ મોહ્યા વિષધર રે, ડોલઇ મૂકી રીસો રે– તોરે૦ ૧૨

નાદઇ મોહ્યા કૃષ્ણજી રે, નાદઇ ઈશ્વર નાચ્યઉ રે,
નાદઇ બ્રહ્મા વસિ કીયઉ રે, સુર રમણીસ્યુ રાચ્યઉ રે– તોરે૦ ૧૩

નાદઇ ચિત્ત વિનોદસ્યુ રે, દુખિયા કાલ ગમાવઇ રે,
નાદઇ સુખિયા સુખ લહઇ રે, જોગી ચિત્ત રમાવઇ રે– તોરે૦ ૧૪

ચ્યાર વેદ તિમ પાચમઉ રે, એ ઉપવેદ સવાદો રે,
વલિ વિશેષ વખાણીયઉ રે, નારીમોહન નાદો રે– તોરે૦ ૧૫

નાદ વિના સોભઇ નહી રે, પંડિતનઈ મુખિ વાણી રે,
માન વિના સોભઇ નહી રે, જિમ રાજા પટરાણી રે– તોરે૦ ૧૬

લવણ વિહુણી રસવતી રે, જિમના સ્વાદ ન આપઈ રે,
લોક માહિ હાસી લહઈ રે, કંઠ વિના આલાપઈ રે– તોરે૦ ૧૭

દીપક રાગ દીવા બલઇ રે, અગનિ વિના તતકાલો રે,
પંચમ નવપલ્લવ તરૂ રે, ઇમ સગલી રાગ માલો રે– તોરે૦ ૧૮

રમતું ગાયઈ તુંબડા રે, હીયડઇં હરખિત હોઇ રે,
નરનારી મોહી રહ્યા રે, સાંભલતા સહુ કોઇ રે– તોરે૦ ૧૯

વૈદરભી વાત સાંભલી રે, તેડયા તુંબ તુરંતો રે,
બાપ પુછઇ બઇસી કરી રે, ગવરાવ્ય ઓ ગુણવંતા રે– તોરે૦ ૨૦

પૂછ્યા કિહાંથી આવીઆ રે, સ્વર્ગ થકી સુખવાસો રે,
દ્વારિકા નગરી માહિ થઇ રે, અમ્હે આવ્યા તુમ્હ પાસો રે– તોરે૦ ૨૧

કુમરી કહઇ સુત કૃષ્ણનઉ રે, જાણઉ કુમર પ્રદ્યુન્નો રે,
સંબ કહઇ કુણ તોલખઇ રે, એહવા પુરૂષ રતન્ન રે– તોરે૦ ૨૨

કુમરી મન મોહઉ ગુણે રે, રાગ ધર્યો પરછન્નો રે,
જઈ પરણું તઉ તેહનઈ રે, નહિ તરિ અગનિ સરન્ન રે– તોરે૦ ૨૩

એહવે ગજ આલાનથી રે, છૂટઉ કરઇ વિનાસો રે,
કુણ નર ઝાલઈ તેહનઇ રે, જઇ ન સકઈ કો પાસે રે– તોરે૦ ૨૪

રાજા પડહ વગાડીયઉ રે, જે હાથીનઇ ઝાલઇ રે,
રાજા રંજ્યઉ તેહનઇ રે, જે માગઇ તે આલઇ રે– તોરે૦ ૨૫

હાઢી ઢંઢેરો છબ્યઉ રે, લોક અચંભઉ આણઇ રે,
ગાનઇં ગજ વસિ આણીયઉ રે, સહુ સાબાસી વખાણઈ રે– તોરે૦ ૨૬

માગઉ માગઉ માગણઉ રે, પૂરૂ મુઝ પ્રતિન્યા રે,
રાધણહારી કોઇ નહીં રે, દ્યઉ વૈદરભિ કન્યા રે– તોરે૦ ૨૭

રૂઠઇ રાજા ઇમ ભણ્ઇ રે ગામ સીમથી કાઢ્ઢ રે
નગર વિટાલ્યુ કુબડિરે એ બાંજે આશાઢ રે-　　તોરે૦ ૨૮
ગામણુ ગામ બાહિર ગયા રે રાજાસુ નહિ જોર રે
સબ કહઇ પ્રદ્યુમ્નઇ રે, વિધાબલ કાઇ ફેરક રે-　　તોરે ૨૯

—સાંબ પ્રદ્યુમ્નરાસ રચ્યા સં૦ ૧૬૫૯ લખ્યા સં૦ ૧૬૫૯

મૃગાવતીનુ રૂપવર્ણન

બીજી હાળ નાયકાની, રાગ કેદારો

તસ ઘરણી મૃગાવતી રે સુંદર રૂપ નિધાન રે મૃગાવતી
ચેડાની સાતે સતી રે એક એકથી પરધાન રે મૃગાવતી
રૂપકલા ગુણ રૂયડી રે લાલ રૂયડુ સીલ આચાર રે　મૃગાવતી ૧
સ્યામ વેણી દંડ સોભતા રે લાલ ઉપરિ રાખડી ઊપરે　મૃ
અહિરૂપ દેખણ આવીઊ રે લાલ મસ્તકિ મણિ આરોપરે　મૃ૦ રૂપ૦
બહુ ગમા ગૂથી માંદની રે લાલ બાંધ્યો તિમિર મિથ્યાન રે　મૃ૦
વિચિ સઇથો સીંદૂરીઊ રે લાલ પ્રગટ્યો ધરમ પ્રભાતરે　મૃ૦ રૂપ
શશિ દલ ભાલ જીત્યો થકો રે લાલ સેવઇ ઇસિર દેવ રે,　મૃ૦
ગંગાનદિ તપસ્યા કરઇ રે લાલ ચિતાતુર નિતમેવ રે　મૃ રૂપ
નયન કમલ દલ પાખડી રે લાલ અણીઆલી અનૂપરે　મૃ૦
હવિ વધતી હરણી ગ્રહી રે લાલ દેખિ શ્રવણ દોઇ રૂપ રે　મૃ રૂપ૦
નિરમલ તીખી નાશિકા રે લાલ જાણે દીવાની ધાર રે　મૃ૦
કાલિમા કા દીસઇ નહીં રે લાલ ન બલઇ સ્નેહ લગાર રે　મૃ૦ રૂપ૦
અતિ રૂડી રદનાવલી રે લાલ અધર પ્રવાલી વિચાર રે　મૃ૦
સરસતિ વદન કમલઇ વસઇ રે લાલ તસુ મોતિણી માલ રે　મૃ૦ રૂપ૦
મુખ પુનિમનો ચંદલો રે લાલ વાણિ અમૃતરસ ભાવ રે　મૃ૦
કલંક દોષ દૂરઇ કીઉ રે લાલ સીલ તણઇ પરભાવ રે　મૃ રૂપ૦
કંઠ કોકિલથી રૂયડો રે લાલ તે તો એક વસંત રે,　મૃ
એ બારે માસ સારિખો રે લાલ રૂપઇ મેર અનંત રે　મૃ૦ રૂપ૦
કુઅલી (કુમળી) બાહ લતાયિકા રે લાલ, કમલ સુકોમલ હાથ રે　મૃ
રિદ્ધિ અનઇ સિદ્ધ દેવતારે લાલ, નિસ વસઇ બઇ સાથિ રે　મૃ૦ રૂપ૦
હિયડ કમલ અતિ રૂયડો રે લાલ ધરમ બુદ્ધિ આવાસ રે　મૃ
કટિ લહિ જીત્યો કેસરી રે લાલ સેવઇ નિત્ય વનવાસ રે　મૃ રૂપ૦
ચરણ કનકના કાછિબા રે લાલ કમલ અતિ સુકુમાલ રે　મૃ૦
નખ રાતા અતિ દીપતા રે લાલ દરપણ જિમ સુવિસાલ રે　મૃ૦ રૂપ૦

દેવ ગુરૂ ધર્મ ગાગિણી રે લાલ, અનિ દાનાર ઉદાર રે, મૃ૦
ભગતિ ઘણી જગતાની રે લાલ, આીનો એ આચાર રે, મૃ૦ ૩૫૦
એ બીજી ટાલ જાણુગે રે લાલ, નાયકા કેરી એહ રે, મૃ૦
સમય સુંદર કહઈ સાભલો રે લાલ. રાગ કેદારઇ તેહ રે, મૃ૦ ૩૫૦

—સં૦ ૧૬૬૮ મા રચિત મૃગાવતી ચોપઇ, લખ્યા સં૦ ૧૭૧૫.

દમયંતીનો ચંદ્રદ્વારા નલને સંદેશ

ઢાલ ૫ મી લાવનશી

હો સાયરસુત સોહામણો, સોહામણો રે, હો સાભલિ સુગુણ સદેસ
હો ગગનમંડલ ગતિ તાહરી, તાહરી રે, હો દેખઇ તું સગલા દેસ,

—દેખઇ સગલા દેસ.

ચંદલિયા સદેસો રે કહે માહરા કંતનઇ રે—
થાહરી અબલા કરઇ રે અંદેસ, અબલા કરઇ રે અંદેસ,
નાહલીઇ વિહુણી રે નારી હું કયું રહું રે—

હો વાલમ મઇ તોનઇ વારીઉ, વારીઉ રે, હો જૂવટઇ રમવા તું મ જાય,
હો રાજ હારી નલ નીસર્યો, નલ નીસર્યો રે. હો વનમાહિ ગયો વિલખાય

વારીયો રહો વનમાહિ—

ચંદલિયા સદેસો હો કહે માહરા કંતનઇ રે—
હો નલ તુમ્સું હું નીસરી, નીસરી રે હો આગમ લીયો દુખ આધ
હો સુજનઇ તું છોડી ગયો, એવડો કિસ્યો અપરાધ,
ચંદલિયા સદેસો હો કહે માહરા કંતનઇ રે—

હો સૂતી મૂકી તઈં કા સતી, કા સતી રે, હો પ્રમદા ન જાણી તઇ પીડ,
હો હાથિ જિને પરણી હુતી, પરણી હુતી રે, હો ચતુર કર્યણો કિમ ચીર— ચંદલિયા૦
હો ઝબકિ જાગી ઝૂરવા, ઝૂરવા રે, હો પ્રિય તું ન દીઠો પાસ,
હો વનિ વનિ જોઉં તુનઇ વાલહા, હો વાલહા, હો સાદ પણિ કીધા સો પચાસ— ચંદલિયા૦
હો નિરતિ ન પામી થાહરી નાહલા. નાહલા રે, હો પગિ પગિ મૃગલી પણિ પૂછી,
હો રોઈ રોઇ સુઇ ગનમા, ગનમા રે, હો મહીઅલ પડી હું મુર્છિ— ચંદલિયા૦
હો કીધુ તઈં ન તે કો કરઇ, કો કરઇ રે, કો પુરૂષા ગમાડી પરતીતિ,
હો વિસ્વાસ ભાગો હવિ વાલહા, હો વાલહા રે, હો પુરૂષા કેઇ પ્રીતિ— ચંદલિયા૦
હો દૃષ્ટાંત થાહરો નલ ! દાપસ્યઇ, દાપસ્યઇ રે. હો કવિયણ કેરી રે કોડિ,
હો પુરૂપ કુડા સહુ કપટીયા કપટીયા રે, હો પરી લગાડી ખોડિ— ચંદલિયા૦

હો એહવા ચરર્યું ઉતબાગ, ઉતબણ રે　હો દીધા દત તી નારી
હો ચઉથી ઢાલ પુરી કરી પુરી કરી રે હો સમયસુંદર સુ વિચાર–
હો સમયસુંદર સુ વિચાર

—ચદલીયા સંદેશો રે હો કહે માહરા કતનઇ રે

—સ ૧૬૭૩ મા રચિત નલ દવતી રાસ લખ્યા ન સ૦ ૧૭૬૯

કવિએ પોતાના સ૦ ૧૬૭૨ મા ચેલા પ્રિયમેલક નામના રાજકુમારને સાહસિક બનાવી સમુદ્ર યાત્રા કરાવી તેના સાહસો વર્ણવ્યા છે તેની વાનગી રૂપે એક કાવ્ય લઇશું જે પ્રતમાથી આ ઉતારવામા આવ્યુ છે તે સ૦ ૧૬૮૦ મા લખાયેલી પ્રત છે એટલે કે રચ્યા સાલ પછી આઠ વર્ષે જ અને તે વળી કવિના જીવનમા જ લખાયેલી પ્રત છે, તેથી તે વખતની ભાષાનો નમુનો પણ આ કાવ્ય પૂરો પાડશે

ભાગ્ય પરીક્ષા

(ઢાલ ત્રીજી, વાલુરે સવાયો વયર ૬ માહરૂ જી-મભાવતી ચઉપઇની એ ઢાલ)

અમર્ં કુમરનઇ આવીયોજી ફીરો મુઝ્ઝ વિના કુ ણી
અવહીત્યા જે આવા પડજી ધિગ તે જનમતઈ ધૂલિ　　૧
કરમ પરીખા કરણ કુમર ચ લ્યોજી ધનવતીચ્ની ધણી સાથિ
ન્ત વિહુંણી દિસિ કામિનીજી અન્ની નઈ ત્રીજુ આથ　　૨

—*કરમ પરીખા કરણ કુમર ચલ્યોજી

દેસ પ્રદેસે અચરિજ દેખસ્યુજી બાન્યતઉ લહસ્યુ ભેદ
સાજણ દુરજણ સમઝસ્યુજી ઇમ મનિ ધરીરે ઉમેદ　　૩ કરમ

યત ' દીસઇ વિવિહચ્ચરિય જાણિજ્જઇ સજ્જણ દુજ્જણ વિસમો
અપ્પાણ ચ કલિજ્જઇ હિંડિજ્જઇ તેણ પુ હવીએ
આધિ રાતિ ઉઠિ ગ્રુ ચિ લીધી સાથિ
સિરલ સુત મન સાહસીજી હથિયાર તરવારિ હાથિ　　૪ કરમ૦
તુગ ગયો દરિયાન તટઇજી સમુ ચ યો માહરી
પ્રવહણ બઇઠ પરદ્વીપ ભણીજી નાગિનઇ લહરે નડ઼　　૫ કરમ૦
આગલિ જાતા દરિયઉ ઊછલ્યોજી તિમ વલી લાગઉ તોફાન
પ્રવહણ ભાગો કોલાહલ પ ડ્યોજી અતિ દુખ પ ડ્યું અસમાન　　૬ કરમ૦
પુન્ય સયોગઈ પામ્યઉ પાટીયોજી ધનવની લીધઉ આધાર

---

* આ ' કર્મ પરીખા કરણ કુમર ચલ્યોજી ' એ દેશી કવિના પછીના અનેક કવિઓએ પોતાની કૃતિઓ માટે લીધી છે સમયસુંદરની કૃતિની દેશીઓ ઘણી પ્રસિદ્ધ થયેલી દેખાય છે

લંકા ગઢનો રાય સ૦ સ૦ સીતાસુ લપટાણો રાતિ દિવસ રહ્યો રે લો૦ મહિયા૦
મન વંછિત સુખ માણિ સ૦ સ૦ સીના પણિ કીધો સહુ જિમ રાવણ કહ્યો રે લો૦ મહિયા૦ ૧૧
સાચો તે સોભાગ સ૦ સ૦ સીલ રતન સાચે મનિ પૂરો પાલીયે રે લો૦ મહિયા૦
કરે એક વચન વિલાસ સ૦ સ૦ પર પુરૂષા મધાતિ પગ્ચિો ટાલિયે રે લો૦ મહિયા૦ ૧૨
જુગતિ કહે વલિ એક સ૦ મ૦ કુસતિ જો સીતા તો કિમ આણી ઘણી રે લો૦ સહિયા૦
કહે અપરા વલિ એમ મ૦ સ૦ અભિમાને આણીએ રમણી આપણી રે લો૦ સહિયા૦ ૧૩
કહે કામિણિ વલિ કોઇ સ૦ સ૦ તે આણી તો માની કા ? રામ સીતા ભણી રે લો૦ સહિયા૦
કહે વલિ બીજી કોઇ સ૦ સ૦ સીતાસુ પૂરવે પ્રીતિ હુતી ઘણી રે લો૦ સહિયા૦ ૧૪
જો હુયે જીવન પ્રાણુ સ૦ સ૦ તે માણુસ મુંકે તો જીવ વહે નહી રે લો૦ સહિયા૦
અપજસ સહે અનેક સ૦ સ૦ પ્રેમ તણી જાયે કિમ વાત કિણે કહી રે લો૦ સહિયા૦ ૧૫
એક કહે હિત વાત સ૦ સ૦ લોકા મે ન્યાઇ નૃપ રામ કહીજીયે રે લો૦ સહિયા૦
કુલને હોઇ કલંક સ૦ સ૦ તે રમણી રૂડી પણિ કિમ ગખીયે રે લો૦ સહિયા૦ ૧૬
ઊખાણો કહે લોક સ૦ સ૦ 'પેટે કો ઘાલે નહિ અતિ વાલ્હી છુરી'રે લો૦ સહિયા૦
રામને જુગનો એમ સ૦ સ૦ ઘરમેથી સીતાને કાઢે બાહિરી રે લો૦ સહિયા૦ ૧૭
સેવકે એહવી વાત સ૦ સ૦ નગરીમે સાભલિને રામ આગે કહી રે લો૦ સહિયાં૦
રામ થયા દિલગીર સ૦ સ૦ એહવી કિમ અપજસ વાત જાયે ગહી રે લો૦ સહિયા૦ ૧૮
અન્ય દિવસ શ્રીરામ સ૦ સ૦ નષ્ટ ચરિત નગરીમે રાતિ નીસર્યા રે લો૦ સહિયા૦
કિણુહી કારૂબારિ સ૦ સ૦ છાના સા ઊભા રહિ કાન ઉંચા ધર્યા રે લો૦ સહિયા૦ ૧૯
તેહવે તેહની નારિ સ૦ સ૦ બાહિરથી અસૂરી આવી તે ઘરે રે લો૦ સહિયા૦
રીસ કરી ભરતાર સ૦ સ૦ અસ્ત્રીને ગાલી દેઇ ઘો બહુ પરે રે લો૦ સહિયા૦ ૨૦
રે રે નિરલજ નારિ સ૦ સ૦ તુ ઇતરી વેલા લગિ બાહિર કિમ રહી રે લો૦ સહિયા૦
પેસિવા નહિ ઘુ માહિ સ૦ સ૦ હુ નહિ છુ સરિખો રામ તું જાણે સહી રે લો૦ સહિયા૦ ૨૧
સુણિ કુવચન શ્રી રામ સ૦ સ૦ ચિંતવિવા લાગા મુઝ દેખો મેહણો રે લો૦ સહિયા૦
ક્ષત ઉપરિ જિમ ખાર સ૦ સ૦ દુખ માહે દુખ લાગો રામને અતિ ઘણો રે લો૦ સહિયા૦ ૨૨
રામ વિચાર્યો એમ સ૦ સ૦ અપજસ કિમ લોકામાહિ એહવો ઊછલ્યો રે લો૦ સહિયા૦
સીતા એહવી હોઇ સ૦ સ૦ સહુ કોઇ બોલે લોક કુજસ ટોલે મિલ્યો રે લો૦ સહિયા૦ ૨૩
પરઘરભજા લોક સ૦ સ૦ ગુણ છોડી અવગુણ એક બોલે પારકારે લો૦ સહિયા૦
ચાલણિ મેંદો મુકિ સ૦ સ૦ છીતીને થૂલા દેખાડે અસારકા રે લો૦ સહિયા૦ ૨૪
તે કો નહિય ઉપાય સ૦ સ૦ દુશમણનો કિણહિ પરિ ચિત્ત રજીયે રે લો૦ સહિયા૦
સૂરિજ પણિ ન સુહાઇ સ૦ સ૦ ઘૂયડને રાતિ કેહી પરિ કીજીએ રે લો૦ સહિયા૦ ૨૫
શીતનો પાલણ આગ સ૦ સ૦ તાવડનો પણિ પાલણ ટાઢી છાહડી રે લો૦ સહિયા૦
તરસનો પાલણ નીર સ૦ સ૦ માણુસના અબેસાસ પાલણ બાહડી રે લો૦ સહિયા૦ ૨૬
સહુના પાલણ એમ સ૦ સ૦ પણિ દુરજણના મુખનો પાલણ કો નહી રે લો૦ સહિયા૦
સાચો ભાવે જૂઠ સ૦ સ૦ મે મેલો માહરો કુલવંશ કીયો સહી રે લો૦ સહિયા૦ ૨૭
કુજસ કલંક્યો આપ સ૦ સ૦ અજી તાઇ સીતાને છોડુ તો ભલી રે લો૦ સહિયા૦
ઇમ ચિંતવતા ચિત્ત સ૦ સ૦ ઇણ અવસરિ આવ્યા તિહા લખમણ મન રમીરે સહિયા૦ ૨૮

રામલક્ષ્મણ સંવાદ

ચિંતાતુર શ્રી રામ દેખીને દુખ કારણ લખમણ પૂછીઓ રે લો૦
તુમ્હ સરિખે પણિ સુર સોચ ને ચિંતા કરિ મુખ નિરખીઓ કીઓ રે લો ૨૯
કહિવા સરિખો હોઇ તો મુઝને પરમારથ બાંધવ દાખીયે રે લો૦
રામ કહે સુણ વીર તે સ્યુ છે જે તુમ્હથી છાનુ રાખીયે રે લો ૩
લોક તણો અપવાદ સીતાની સગલી વાત તે રામે કહી રે લો
રાવણ લંપટ રાય સીતા તિહાં સીલવતી મ્હે તે કિમ રહી રે લો૦ ૩૧
એહવી સાંભલી વાત કોપાતુર લખમણ કહે લોકો સાંભલો રે લો૦
સીતાના અપવાદ જે કહિસ્યે તેહનો હુ મારિ ગોલી સિતતો રે લો ૩૨
રામ કહે સુણ વછ લોકાના મુહડા તો બીક સમા મલા રે લો
કિમ છુટી જે તેહ, કુવચન પણિ લોકોના કિમ જાઈ સલા રે લો૦ ૩૩
સુણો લખમણ કહે સામિ ઝખ મારે નગરીના લોક અભાગીયારે લો૦
સાચો સીતા સીલ એ વાતનો પરમેસર થાસ્યે સાખીઓ રે લો ૩૪
જો પણિ વાત છે એમ, તો પણિ વિણ છોડયા મુઝ અપજસ નૂતરે રે લો
ઇણ પરિ ચિત્ત વિચારિ, વાત સહુ ન્યાઇ રામ સુણિ તો જે કરે રે લો ૩૫
પહિલી ઢાલ રસાલ સ સ૦ સાંભલતા સુગનો હીયડો ગહગહે રે લો૦ સ
કીધા કરમ કઠોર સ સ૦ વિણ વેધા છૂટે કુણ સમયસુંદ મ્હે રે લો સ ૩૬

—સીતા રામ પ્રબંધ ચોપઇ રચ્યા સં ૧૬૮૩ ને

લખ્યા સં ૧૬૮૩ (કવિ હસ્ત લિખિત)

આમા કેવી સાદી વાણી-અલંકાર કે ટાપટીપ વગરની રચના—કવિત્વમા પરિણમે છે ગામમા સીતા માટે બોલાતો અપવાદ, તેનુ રામ પાસે નિવેદન, રામ નગર ચર્ચા જોવા જતા એક જણે સીતાને રાવણે રાખી છતા રામે પોતાને ઘેર રાખી એવુ મારેલુ મેણુ, તે પર રામના વિચાર અને લક્ષ્મણ સાથેનો વાર્તાલાપ એ સવ બતાવી રામના મનના ભાવોનો પ્રવાહ અનેક કડીઓ સુધી સતત ચાલુ રાખ્યો છે

‘ભાવ સરલ, સ્પષ્ટ અને ભવ્ય હોય-તે ઘણી વખત પ્રબળ હોય તો તેમાથી નિપજતુ કાવ્ય-અમૂર્ત ભાવોને મૂર્ત શબ્દોમા છંદોબદ્ધ રચનામા મૂકવાથી પરિણમતુ કાવ્ય ખરૂ કાવ્ય બને છે ઉત્તમ કાવ્યમા વાચ્યાર્થ તરત જ સમજાવો જોઇએ પ્રસાદ અને મધુરતા સાથે નવી નવી ખૂબી જેમ વાચીએ તેમ જણાતી જાય તે ઉત્તમ કાવ્ય છે વાચ્યાર્થ તુરત ન સમજાય એ લોકને માટે તો નિરર્થક જ થઇ પડે છે આમા અર્થબોધ સરલતાથી એકદમ થાય છે, અને આ સ્પષ્ટ કવા કવિના અપ્રકટ અને અતિ મ્હોટા કાવ્ય—જેન રામાયણ ને અવતારતા આ સીતા રામ પ્રબંધમાથી એક આખુ કાવ્ય વિસ્તારનો સંકોચ રાખ્યા વગર અત્ર આપ્યું છે

કવિના અખંડ કાવ્યો-મહાકાવ્યમાંથી નમુના લઇ તેમની કાવ્ય શક્તિ પર વિચાર કરવાનાં સાધન જોયાં, હવે તેનાં ખંડ કાવ્યો-ટૂંકા કાવ્યો પર જઇએ.

આલોયણ (આલોચના) સ્તવન.

આમાં શત્રુંજય ગિરિની યાત્રા કરતા ત્યાં ઋષભદેવ પાસે પોતાના હૃદયની વાત કરી જે કંઇ પોતે પાપો કર્યા હોય તે ગણાવી તેની આલોચના કરી માફી ચાહે છેઃ-

બે કરજોડી વીનવૂ જી, સુણિ સ્વામી સુવિદીત,
કૂડ કપટ મૂંકી કરી જી, વાત કહૂ આપ વીત.
કૃપાનાથ ! મુઝ વીનતી અવધાર-

તૂ સમરથ ત્રિભુવન ધણીજી, મુઝને દુત્તર તાર- કૃપા૦

ભવસાયર ભમતા થકાજી, દીઠા દુખ અનંત,
ભાગ સંયોગે ભેટિયોજી, ભય ભંજણ ભગવંત- કૃપા૦

જે દુઃખ ભાજે આપણાજી, તેહને કહિયે દુખ,
પરદુખભંજન તૂ સુણ્યોજી, સેવકને દ્યો સુખ- કૃપા૦

હવે પોતાના સમયની સ્થિતિ જણાવે છે—

દૂષમ કાલે દોહિલોજી, સૂધો ગુરૂ સંયોગ,
પરમારથ પીછે નહીજી, ગડર પ્રવાહી લોક- કૃપા૦

[તિણ તુઝ આગલ આપણા જી, પાપ આલોઉં આજ,
માય બાપ આગલ બોલતા જી, બાલક કેહી લાજ- કૃપા૦]

જિન ધર્મ જિન ધર્મ સહૂ કહેજી, થાપૈ અપણી જી વાત,
સામાચારી જુઇ જુઇ જી, સંશય પડયા મિથ્યાત- કૃપા૦

જાણ અજાણપણે કરી જી, બોલ્યા ઉત્સૂત્ર બોલ,
રતને કાગ ઉડાવતાજી, હાર્યો જનમ નિટોલ- કૃપા૦

આ પછી પોતાની આપવીતી-નિર્બળતા ઉત્કટ હૃદય નિર્મળતાથી જણાવે છે.

ભગવંત-ભાખ્યો તે કિહાજી, કિહા મુઝ કરણી એહ
ગજ પાખર ખર કિમ સહેજી, સબલ વિમાસણ તેહ- કૃપા૦ ૧૦

આપ પ્રરૂપ્યુ આકરૂજી, જાણે લોક મહંત,
પિણ ન કરૂ પરમાદિયોજી, માસાહસ દૃષ્ટાંત- કૃપા૦ ૧૧

કાલ અનંતે મે લહ્યાજી, તીન રતન શ્રીકાર,
પિણ પરમાદે પાડિયાજી, કિહા જઇ કરૂ પુકાર- કૃપા૦ ૧૨

જાણૂં ઉત્કૃષ્ટી કરૂજી, ઉદ્યત કરૂ અવિહાર,
ધીરજ જીવ ધરે નહીજી, પોતે બહુ સંસાર- કૃપા૦

મહાવીર સ્તવન

વીર સુણો મોરી વીનતી કરજોડી હો કહું મનની વાત
બાલકની પરે વીનવૂ, મેરા સ્વામી હો ! તૂ ત્રિભુવન તાત—
વીર સુણો મોરી વીનતી　　૧

તુમ દરશણ વિણ હુ ભમ્યો ભવ માંહ હો સ્વામી ! સમુદ્ર મઝાર
દુખ અનંતા મે સહ્યા, તે કહિતા હો કિમ આવે પાર.　　વીર ૨

પર ઉપગારી તૂ પ્રભુ દુખ ભજે હો જગ દીન દયાલ
તિણ તોરે ચરણે હું આવિયો, સામી ! મુઝને હો નિજ નયણ નિહાલ　　વીર. ૩

અપરાધી પિણુ ઉધર્યા તે કીધી હો કરુણા મોગ સ્વામ
હું તો પરમ ભક્ત તાહરો તિણ તારો હો નહીં ઢીલનો કામ　　વીર ૪

× × × ×

[આ પછી શૂલ પાણિ, ચડકૌશિક નાગ, ગોશાલો, ગૌતમ, જમાલિ અયમન્તા ઋષિ, મેઘકુમાર, નંદિષેણ, આર્દ્રકુમાર, ચેલણા, શ્રેણિક એ સર્વને ઉદ્ધર્યા જણાવી]

ઇમ અનેક તે ઉધર્યા કહું તોરા હો કેતા અવદાત
સાર કરો હિવ માહરી મનમાહે હો આણો મોરડી વાત　　વીર ૧૫

સુધો સંજમ નહિ પલૈ નહિ તેહવો હો મુઝ દરશણ જ્ઞાન
પિણ આધાર છે એતલો, ઇક તોરો હો ધરૂં નિશ્ચલ ધ્યાન　　વીર ૧૬

મેહ મહિતલ વરસતો, નવિ જોવે હો સમ વિષમા ઠામ,
ગિરૂવા સહજે ગુણ કરે સ્વામી ! સારો હો મોરા વંછિત કામ　　વીર ૧૭

તુમ નામે સુખ સંપદા તુમ નામે હો દુખ જાયે દૂર
તુમ નામે વંછિત ફલે, તુમ નામે હો મુઝ આનંદ પૂર　　વીર ૧૮

કલશ (હરિગીતના લયમા કલશ મૂકાય છે)

ઇમ નગર જેસલમેરૂ મંડન તીર્થંકર ચોવીસમો,
શાસનાધીશ સિંહ લંછન સેવતા સુરતરૂસમો
જિનચંદ ત્રિશલા માત નંદન સકલચંદ કલા નિલો
વાચના ચારજ સમયસુંદર સંથુણ્યો ત્રિભુવનતિલો

ચાર ચરણમા છે લું ચરણ સાધારણ—સામાન્ય એક જાતનું આવે એવુ—ભુજંગી, કે એવી જાતના છંદ વાળુ કાવ્ય તેને સામાન્ય રીતે ' છંદ ' એ નામ જૈનોમા અપાયું છે આવો ' છંદ ' પાર્શ્વનાથનો ૭ કડીનો કવિએ કરેલો નોધવામા આવ્યો છે, તેના પ્રથમની બે કડીઓ આ છે —

આપણ ઘર બેઠા લીલ કરો, નિજ પુત્ર કલત્ર શુ પ્રેમ ધરો
તમે દેશ દેશાંતર કાંઇ દોરો નિત્ય પાસ જપો શ્રી જિન કેરો　　૧

હતી. શ્રી મહાવીરના ઉપદેશથી વૈરાગ્ય આવતા શાલિભદ્ર એક દિવસ એક, બીજે દિવસે બીજી એમ સ્રીનો ત્યાગ કરતો ગયો; આથી તેની બહેન પોતાના પતિને સ્નાન કરાવતી વખતે રડી પડતાં આંસુ પતિના શરીરે પડયાં. તે ધન્યે રડવાનું કારણ જાણી જણાવ્યું કે આવો ત્યાગ હોય ! વૈરાગ્ય થતો હોય તો એકદમ સર્વનો ત્યાગ એકી સાથે ઘટે. સ્રીએ કહ્યુ કે કહેવું સોહેલું છે, પણ કરવુ દોહેલુ છે. એટલે ધન્ય શેઠે સર્વ સ્રીનો તુરત જ પરિત્યાગ કરી સંયમ લીધો. શાલિભદ્રે પણ પછી દીક્ષા લીધી બંને મહાવીરના શિષ્ય–સાધુ બની સંયમ પાળી દેવલોકે ગયા. ઉપરના શાલિભદ્રના ત્યાગથી તેના બેન અને બનેવી ધના વચ્ચેની–સ્રી પતિની વાત ટુંકમા પણ સુંદર શબ્દોમા કવિએ આલેખી છે તે જરા ઉદાહરણાર્થે અત્ર મૂકવામા આવે છે:—

૧

વીર તણી વાણી સુણી જીરે, વૂઠો મેહ અકાલ, એકેકી દિન પરિહરેજી રે, જિમ જલ છડે પાલ
માતા દેખી ટલવલે જીરે, માછલડી વિણ નીર, નારી સઘલી પાયે પડે જીરે, મત છંડો સાહસ ધીર
વહુઅર સઘલી વીનવે જીરે, સાંભલ સાસુ વિચાર, સર છાંડી પાલેં ચડ્યો જીરે, હંસલો ઊડણહાર.

૨

ઇણ અવસર તિહા નાવતા જીરે ધના શિર આંસુ પડંત, કવણ દુ:ખ તુજ સાંભર્યું જીરે, ઊંચુ જોઇ કંતત
ચંદ્રમુખી મૃગલોચની જીરે, બોલાવી ભરતાર, બંધવ વાત મેં સાંભલી જીરે, નારીનો પરિહાર
ધનો ભણે સુણ ઘેલડી જીરે, શાલિભદ્ર પૂરો ગમાર, જો મન આણ્યું છંડવા જીરે, વિલંબ ન કીજે લગાર.
કરજોડી કહે કામિની જીરે, બંધવ સમો નહી કોય, કહેતા વાત જ સોહલી જીરે, મકતા દોહલી હોય
'જારે જા' તેં ઇમ કહ્યો જીરે, તો મે છડી રે આઠ, પિઉડા ! મેં હસતા કહ્યુ જીરે, કુણ શું કરશું વાત.

૩

ઇણે વચનેં ધનો નીસર્યો જીરે, જાણે પંચાયણ સિંહ, જઈ સાલાને સાદ કર્યો જીરે, ઘેલા ! ઉઠ અબીહ.
કાલ આહેડી નિત ભમે જીરે, પૂઠે મ જોઇશ વાટ, નારી બંધન દોરડી જીરે, ધવ ધવ છંડે નિરાશ
જિમ ધીવર તિમ માછલો જીરે, ધીવરે નાખ્યો રે જાલ, પુરુષ પડી જિમ માછલો જીરે, તિમહિ અચિંત્યો કાલ.
જોબનભર બિહું નીસર્યા જીરે, પોહોતા વીરજીની પાસ, દીક્ષા લીધી રૂઅડીજી રે, પાલે મન ઉલ્લાસ.

× × ×

ક્ષમાછત્રીશી—એ છત્રીશ કડીનુ સમતા વિષયે કાવ્ય છે તેમાં પહેલા એટલું જણાવે છે કે

આદર જીવ ક્ષમા ગુણ આદર, મ કરિશ રાગને દ્વેષજી,
સમતાયે શિવ સુખ પામીજે, ક્રોધેં કુગતિ વિશેષ જી— આદર૦

સમતા સંજમ સાર સુણી જે', કલ્પ સૂત્રની સાખજી,
ક્રોધ પૂર્વ કોડિ ચારિત્ર બાલે, ભગવંત ઇણી પરે ભાખજી— આદર૦

કુણ કુણ જીવ તર્યા ઉપશમથી સાંભલ તું દૃષ્ટાંતજી
કુણ કુણ જીવ ભમ્યા ભવમાંહે ક્રોધ તણે વિરતંતજી— આ ૨૦

આ પછી જૈન કથાઓમાંથી ક્રોધ અને સમતાપર દૃષ્ટાંત આપી છેવટે જણાવે છે કે—
ઇમ અનેક તર્યા ત્રિભુવનમેં, ક્ષમા ગુણે ભવિ જીવજી ક્રોધ કરી કુગતે તે પહોતા પાડતા મુખ રીવજી
વિષ હલાહલ કહીયે વિરૂઓ તે મારે એક વારજી, પણ કષાય અનંતી વેલા આપે મરણ અપારજી
ક્રોધ કરતા તપ જપ કીધા, ન પડે કાંઇ ઠામજી આપ તપે પરને સંતાપે ક્રોધશું કેહો કામ જી
ક્ષમા કરતા ખરચ ન લાગે ભાગે ક્રોડ કલેશજી અરિહંત દેવ આરાધક થાયે વ્યાપે સુજસ પ્રદેશજી

કેટલાક છુટક પદો

પ્રભુ-રૂપ

પ્રભુ તેરો રૂપ બન્યો આછો નિકો-પ્રભુ પાય બગનકે પાટ પટંબર પેચ બણ્યો કસબીકો—પ્રભુ૦
મસ્તક મુકટ કાને દોય કુંડલ હાર હિયે સિર ટીકો સમકિત નિર્મલ હોત સકલજન દેખ દર્શ જિનજીકો
સમવસરણ વિચ સ્વામી વિરાજિત સાહિબ તીન ભુવનકો સમયસુંદર કહે એ પ્રભુ મેરે, સકલ જગત તાહિકો

ઋષભ સ્તવન-રાગ મારૂ

દેવ મેરા હો ઋષભ દેવ મેરા હો પુણ્ય સંજોગે હું પામીઓ પ્રભુ દરિસન તેરા હો— ઋષભ૦
ચોરાશી લખ હું ભમ્યો, પ્રભુ ભવના ફેરા હો દુખ અનંતા મેં સહ્યા પ્રભુ ત્યાહા ઘણેરાં હો.
ચરણ તુમારા મેં ગ્રહ્યા સ્વામી અબકી વેળા હો સમયસુંદર કહે તુમહથી સ્વામી કોણ ભલેરા હો

ઋષભ ભક્તિ

હેરી માઇ ઋષભજી મેરે મન ભગતિ બસીરી— માઇ૦
પ્રથમ ભવનપતિ પ્રથમ નરેશર પ્રથમ યોગીસર પ્રથમ જતિ રી— માઇ૦
પ્રથમ ભિક્ષાચર પ્રથમ તીર્થંકર પ્રથમ કેવલજ્ઞાની મુગતિ ગતિ રી— માઇ
શ્રી વિમલાચલ સાહેબ મંડણ પ્રણમત સમયસુંદર ઉલ્લસી રી— માઇ૦

શાન્તિનાથ સ્તવન, રાગ બિલાસ.

આગન કલ્પ ફલ્યોરી હમારે માઇ આગન
રિદ્ધિ વૃદ્ધિ સુખ સંપતિદાયક શ્રી શાંતિનાથ મિલ્યો રી— હમારે૦
ચૂવા ચંદન મૃગ મદ ભેની માંહે બરાસ ભલ્યો રી—
પૂજત શ્રી શાંતિનાથકી પ્રતિમા અનંગ ઉદ્વેગ ટલ્યો રી— હમારે
શરણે રાખ્યો કૃપા કરી સાહિબ યું પારેવો પંખી રી
સમયસુંદર કહે તુમારી કૃપા તે શિવ સુંદરી શું મિલ્યો રી— હમારે૦

અનંતગુણી પ્રભુ

ગુણ અનંત અપાર પ્રભુ તેરે ગુણ૦ સહસ રસના કરત સુર નર તોહી ન પાવે પાર— પ્રભુ૦
કૌન અંબર ગિને તારા, મેરૂગિરિકો ભાર ચરમ સાગર લહિર માલા કરત કૌન વિચાર— પ્રભુ

ભક્તિ ગુણ લવલેશ ભાખ્યો, સુવિધિ જિન સુખકાર, સમયસુંદર કહત હમકું, સ્વામી તુમારો આધાર-પ્રભુ૦

પ્રભુ સેવાનો ઉલ્લાસ-રાગ મલાર.

ક્યૂં ન ભયે હમ મોર, વિમલગિરિ ક્યું ન ભયે હમ મોર.
રૂપભજી રેખત આનંદ ઉપજત, જેમે ચંદ ચકોર- વિમલ૦ ક્યૂં૦

ક્યૂં ન ભયે હમ શીતલ પાની, સિંચિત તરૂઅર છોડ,
અહનિશ જિનજીકો અંગ પખાલત, તોરત કર્મ કઠોર- વિમલ૦

ક્યૂં ન ભયે હમ બાવના ચંદન, ઔર કેશર કોરી છોર,
ક્યૂં ન ભયે હમ મોગર માલતી, રહેત જિનજીકે ઉર- વિમલ૦

ક્યૂં ન ભયે હમ મૃદંગ ઝલરીયા, કરત મધુર ધ્વની ઘોર,
જિનજીકે આગે નૃત્ય સોહાવત, પાવત શિવપુર ઠોર- વિલાસ૦

જગમંડલ સાચો એ જિનજી, ઔર દેખા ન રાચત મોર,
સમયસુંદર કહે એ પ્રભુ સેવો, જનમ જરા નહી ઓર વિમલ૦

મનને ઉપદેશ

મેરા જીવ આરતિ કાહા ધરે,
જેસા વે ખાતમે લખિત વિધાતા, તિનમે ઘટે ન બઢે— મેરા૦ ૧

ચક્રવર્ત્તિ શિર છત્ર ધરાવત, કે ક ન મંગલ કરે,
એક સુખીયા એક દુખી દીસે, એ સબ કરમ કરે— મેરા૦ ૨

આરતિ અબ છોર દે જીઉડા, રોતે ન રાજ ચડે,
સમયસુંદર કહે જો સુખ વાછે, કર ધરમ ચિત્ત ધરે— મેરા૦ ૩

સમયના પલટા પર વૈરાગ્ય સૂચક પદ-રાગ આશાવરી

કિસિકું સબ દિન સરખે ન હોય. પ્રહ ઉગત અસ્તગત દિનકર, દિનમેં અવસ્થા દોય—કિસિકું.
હરિ બલભદ્ર પાંડવ નળ રાજા, રહે પટ્ખંડ સિદ્ધિ ખોય, ચંડાળ કે ઘર પાણી આણ્યુ, રાજા હરિચંદ જોય
ગર્વ મકર તુ મૂઢ ગમારા, ચડત પડત સંબ કોય, સમય સુંદર કહે ઇતર પરત સુખ, સાચો જિનધર્મ સોય

રાગ પદ

સ્વારથકી સબ હેરે સગાઇ કુણ માતા કુણ બેનડ ભાઈ—સ્વારથકી૦
સ્વારથ ભોજન ભુક્ત સગાઇ, સ્વારથ બિન કોઇ પાણી ન પાઇ-
સ્વારથ માબાપ શેઠ બડાઇ, સ્વારથ બિન નહુ હોત સહાઇ-
સ્વારથ નારી દાસી કહાઇ, સ્વારથ બિન લાઠી લે ધાઇ-
સ્વારથ ચેલા ગુરૂ ગુરુભાઇ, સ્વારથ બિન નિત હોત લરાઇ-
સમય સુંદર કહે સુણોરે લોકાઇ, સ્વારથ હે ભલિ પરમ સગાઇ-

(પાઠાંતર) સ્વારથ હે ભલા ધર્મ સખાઇ-

વૈરણ નિદ્રા-રાગ પદ

સોઇ સોઇ સારી રૈન ગુમાઇ બૈરન નિદ્રા કહાસે રે આઇ—સોઇ૦
નિદ્રા કહે મે તો બાલી રે ભોલી, બડે બડે મુનિજનકુ નાખુ રે ઢોલી—
નિદ્રા કહે મે તો જમકી દાસી એક હાથે મૂકી બીજે હાથે ફાસી—
સમયસુંદર કહે સુનો ભાઇ બનીયા આપ મૂએ સારી ડુબગઇ દુનીયા—

[આમા પોતાના શ્રોતાઓ 'વાણીઆ' ને ઉદ્દેશેલ છે ને કબીરનુ ચરણ કહેત કબીરા સુનો મેરે ભૈયા આપ મુએ પિછે ડૂબ ગઇ દુનિયા' એનુ અનુકરણ કર્યું જણાય છે]

સમયસુંદરજી એક વખત હાલના અજમેર પાસેના કિસનગઢ શહેરમા પધાર્યા હતા, ત્યા શ્રાવકોને આપસ આપસમા કલેશ અને એક બીજાની નિંદા કરતા જોઈ તેઓશ્રીએ નીચે પ્રમાણે હૃદયની ઉર્મિઓ પ્રકટ કરી છે તે આત્માર્થી જનોએ મનન કરવા જેવી છે

કયારે મલશે શ્રાવક એહવા સુગુરુએ આવી વખાણીજી
ધર્મગોષ્ઠી ચર્ચા કરીશુ અમે, વીતરાગ વચન પ્રમાણીજી　　　કયારે
ધુરથી સમકિત જે સુધો ધરે માને નહિ મિથ્યાતોજી
સ્વામીશુ ધરણે બેસે નહિ નહિ રાગદ્વેષની વાતોજી　　　કયારે૦

[વખાણ-વ્યાખ્યાન ધુરથી-મૂળથી સમકિત-સમ્યગ્દર્શન-શ્રદ્ધા સુધો-શુદ્ધ, મિથ્યાત્વ-અશ્રદ્ધા-મિથ્યા શ્રદ્ધા સ્વામી-સહધર્મી-સ્વધર્મી ધરણો-ત્રાગુ-આડુ]

છેલ્લે સ્થૂલભદ્ર અને કોશાનો પ્રસગ લઇ એક ગીત કવિએ રચ્યુ છે તે અપ્રકટ હોવાથી અત્ર આપુ છુ —

રાગ સારગ

પ્રીતડિયા ન કીજઇ હો નારિ પરદેસીયા રે ક્ષણે ક્ષણે ક્ષણે દાઝે દેહ
વીછડિયા વહાલેસર મલવો દોહિલોજી સાલે સાલે અધિક સનેહ-પ્રીતડિયા૦
કાલ આવ્યા ને આજ ઉઠિ ચાલસેરે ભમર ભમતા જોઈ
માજણિઆ વજાવીને પાછા વળતાજી ધરતિ ભાર ન હોઇ-પ્રીતડિયા૦
મનના મનોરથ સવિ મનમા રહ્યાજી કહીએ કેહનિ સાથિ
કાગળીઓ લખતા ભીનો આસુએજી ચડિયો હો દુર્જન હાથ-પ્રીતડિઆ૦
થૂલભ કોસા ખુઝવીજી પાલ્યો હો પૂરવ પ્રેમ
સીલ સુરંગિ પેહરો ચુનડિજી સમય સુંદર કહે એમ—પ્રીતડિયા

[સીલસુરંગી ચુનડી ઉપર પછીના કેટલાક કવિઓએ નવા કાવ્ય કર્યાં છે]

આ કવિની કૃતિઓમા, કવિ રજપુતાના-મારવાડ મેવાડમા બહુ રહેલા તેથી તે ભાષાના છાટણા જોવામા આવે છે એટલુ જ નહિ, પણ ઉર્દુ-ફારસી શબ્દો પણ ઘણા વપરાયા જણાય છે કારણ કે કવિને દિલ્હી અને મુગલ દરબારમા-શહેનશાહ અને તેના રાજદ્વારીઓના પ્રસગમા બહુ આવવુ પડયું હતું તેથી અને તેમ જ ગુજરાતમા પણ મુસલમાની રાજ્યનો

અમલ કરણઘેલાના પછીના સમયથી થઈ ચૂકયો હતો તે કારણે દફતરો, અદાલત વગે-રેમાં મુસલમાની ભાષાનો પ્રવેશ થઈ ચૂકયો હતો. ગૂજરાતવાસી લોકોની મૂળ ભાષા ગૂજ-રાતી હોવા છતા પણ રાજ્યના વ્યવહાર માટે ઊર્દુ ભાષા ભણવી કે બોલવી પડતી; આથી ઊર્દુ-ફારસી અરબી શબ્દો કાળે કરીને આ સત્તરમા સૈકામાં ઘર કરી ગયા—રૂઢ થયા. વિશેષમાં વિક્રમ ચૌદમા શતકમાં ઇરાનથી ભાગી આવી પારસીઓ ગૂજરાતમા વસ્યા હતા, મુસલમાનો ઉપરાત પોર્ટુગીઝો અને તેમના હરીફ તુર્કો સોળમાં શતકમાં આવી પહોચ્યા હતા, આ કવિના સમયમાં એટલે સત્તરમા સૈકામા અગ્રેજોએ પણ આવી પોતાની કોઠીઓ સુરત વગેરે સ્થળે નાખવાના પ્રયત્નો ચાલુ રાખ્યા હતા. આ વિદેશીઓની સાથેના સંબધ વ્યવહારથી ભાષાપર નવી અસર થઇ. આ કાળ અને સજોગ વશાત્ ઘુસેલા શબ્દોનું ભાષામાં ભરણુ થયુ તેથી તે ભડોળને ભાષાની વૃદ્ધિ સમજી આદર આપવો ઘટે. આથી ભાષાનુ સૌંદર્ય ખંડિત થયેલું માનવુ યોગ્ય નથી. કોમળ અને કઠિન બંને જાતના શબ્દો આવશ્યક છે મરદાનગી બતાવવામા લલિત કોમલતાનો પ્રયોગ ન ઘટે.

કવિના નલદમયતી રાસમાંથી બે ચાર કડી જોઇએ—ખંડ ૬ ઢાલ ૨.

> નવલગય તખત બઇસારી કરી રે, વરતાવઇ આપણી આણુ દાણુ રે,
> ખલક લોકઇ આગઇ ખડી રે, આગઇ જુડયો સમસ્ત દીવાણુ રે.
> દેસ વસ સગલો કીઉ રે, કાઇ સાધ્યા ભરતનિ ખંડ રે,
> ભૂપતિ સલામે લઇ ભેટણા રે, નલનો તપ તેજ પ્રચંડ રે

આ કવિએ જૂની શાસ્ત્રીયકથાઓના આખ્યાનોનો ઉપયોગ કરી પોતાની ભાષામાં-ગૂર્જર ભાષામા આખ્યાનોનો બાગ ખીલાવ્યો છે. તેમાં પોતે પ્રાચીન આખ્યાનોમાં તદ્રૂપ બની તેને પોતાના હૃદયની અંદર પ્રવેશ કરાવી તેમાંથી તેઓનાં પાત્રોને પોતાના સમ-યના પાત્રો જેવા કલ્પી જે ક્વચિત્ ક્વચિત્ મૂકયાં છે તે એનું દૂષણ નથી પણ ભૂષણ છે. આ રીતે પ્રાચીનમાનુ ગ્રહણ કરી તેનું રૂપાન્તર કરી પોતાના ભાષા સાહિત્યને ઉજ્જવળ બનાવ્યુ છે. છૂટા છૂટા પદો-નાના નાનાં કાવ્યો રચી પોતાના હૃદયનો ઉલ્લાસ પ્રકટ કર્યો છે. કવિ પ્રેમાનદના પુરોગામી આ કવિએ આખ્યાન કવિ તરીકે પ્રસિદ્ધતા સિદ્ધ કરી છે, અને દેશી સાહિત્યની વૃદ્ધિ કરી છે.

આવા પ્રાચીન દેશી સાહિત્યનું જ્ઞાન ઘણું વધારવાની જરૂર છે તે જ્ઞાન વધતાં અને પ્રાચીન સાહિત્ય પરત્વેની આપણી મમત્વ બુદ્ધિ તીવ્ર થતાં તે જ્ઞાન ફલદ્રુપ નીવડશે, તેમાથી કવિઓને નવીન ઉર્મિઓનાં સાધન, ભાવો, અને રસમય વાણી મળશે; ભાષા-શાસ્ત્રીઓને ભાષાવિકાસ—રૂપાન્તર વગેરેપર અવનવો પ્રકાશ પ્રાપ્ત થશે અને સમગ્ર ભાષાનો ઇતિહાસ રચવામાં તે ઉપયોગી થશે આ દેશી પ્રાચીન સાહિત્ય એ આપણા સાહિત્યનું પ્રબલ પોષકબળ છે, પછી તે જૈન હો વા જૈનેતર. બને એકજ—ભારતમાતાનાં-ગૂર્જરી માતાના સંતાન છે, બને સરસ્વતી દેવીના એક સરખા ઉપાસક છે, બને સાહિત્ય શરી-

રના અંગો છે બન્નેની લાજ એક બીજાના હાથમા છે બન્ને એક બીજા સાથે એકત્રિત રહીને જ શોભશે, અને પોતાની માતાને-ભૂમિને શોભાવશે

પરમ પ્રભુભક્ત નાગર વૈષ્ણવ શ્રી નરસિંહ મહેતા કહી ગયા છે કે 'પક્ષાપક્ષી ત્યા નહી પરમેશ્વર, સમદૃષ્ટિને સર્વ સમાન'—તે સર્વેએ સ્વીકારી સાહિત્યને પક્ષાપક્ષી વગરનુ રાખવાનુ છે, તો જ ગૂર્જરી વાણીનો જય થશે-ઉત્કર્ષ થશે તથાસ્તુ !

પૂરવણી

આ નિબધ લખાઇને છપાઇ ગયા પછી સમયસુંદરજીની કેટલીક નવી કૃતિઓ જાણવામા આવેલી હોવાથી તેના નામ વિગેરે આ પૂરવણીમા આપી દેવાનું ઉચિત લાગ્યુ છે

સસ્કૃત પ્રાકૃત-ગદ્ય પદ્ય ગ્રથ

(૧) ચતુર્માસ પર્વ વ્યાખ્યાન પદ્ધતિ સ ૧૬૬૫ ચૈત્ર શુ ૧ અમરસર નગરમા

(૨) કપલતા મધ્યે ભોજનવિચ્છિત્તિ ગદ્યમા સાધર્મિક ભાઇઓની ભક્તિ સબધી વિવેચન

ભાષા કૃતિઓ-ચોપાઇ વિગેરે

વ્યવહાર શુદ્ધિ ચોપાઇ	સવત્ ૧૬૯૩
દ્રુપદી સતી સબધ	સવત્ ૧૭૦
આલોયણા છત્રીસી	અહમદપુર (અમદાવાદ) મા સ ૧૬૮૮

સમય વગ ની કવિતાઓ

૧ જબૂ રાસ	૨ નેમિરાજીમતી રાસ	૩ પ્રશ્નોત્તર ચોપાઇ
૪ શ્રી પાન રાસ	૫ હસરાજ વચ્છરાજ ચોપાઇ	૬ પ્રશ્નોત્તર સાર સગ્રહ
૭ પદ્માવતી સઝાય	૮ ચ્યાર પ્રત્યેક બુદ્ધપર સ	૯ પાર્શ્વનાથ પચકલ્યાણક સ્તવન
૧ પ્રતિમા સ્તવન	૧૧ મુનિસુવ્રત સ્તવન	

નાના નાના કાવ્યો-ગીતો વિગેરે

૧ નલ દવદતી, ૨ જિનકુશલસૂરિ ૩ ઋષભનાથ ૪ સનત્કુમાર ૫ અર્હન્નક ૬ સ્થૂલભદ્ર જી, ૭ ગૌતમસ્વામી ૮ ક્રોધનિવારણ ૯ માનનિવારણ ૧ મોહનિવારણ ૧૧ માયાનિવારણ ૧૨ લોભ નિવારણ ૧૩ યતિ લોભનિવારણ ૧૪ મનશુદ્ધિ, ૧૫-૧૬ જીવપ્રતિબોધ, ૧૭ આર્તિનિવારણ ૧૮ નિદ્રાનિવારણ ૧૯ કુકારનિવારણ ૨૦ કામિની વિશ્વાસ ૨૧ જીવનટ ૨૨ સ્વાર્થ ૨૩ પારકી હોડ નિવારણ ૨૪ જીવ વ્યાપાર ૨૫ ઘડી લાખીણી ૨૬ ઘડિયાલા ૨૭ ઉદ્યમભાગ્ય ૨૮ મુક્તિ ગમન ૨૯ કર્મ ૩૦ નાવ ૩૧ જીવદયા ૩૨ વીતરાગ સત્યવચન ૩૩ મરણભય, ૩૪ સદેહ ૩૫ સૂતા જગાવણ ૩૬ પરમેશ્વર પૃચ્છા, ૩૭ ભગુંન પ્રેરણ ૩૮ ક્રિયા પ્રેરણ ૩૯ પરમેશ્વર સ્વરૂપ દુલભતા, ૪ જીવ કર્મ સબધ ૪૧ પરમેશ્વર લય, ૪૨ નિરજન ધ્યાન ૪૩ દુષમ કાલે સયમ પાલન

॥ अर्हम् ॥

॥ नमोऽस्तु श्रमणाय भगवते महावीराय ॥

जैन साहित्य संशोधक

' पुरिसा ! सच्चमेव समभिजाणाहि । सच्चस्साणाए उवट्ठिए मेहावी मारं तरइ । '

' जे एगं जाणइ से सव्वं जाणइ, जे सव्वं जाणइ से एगं जाणइ । '

' दिट्ठं, सुयं, मयं, विण्णायं जं एत्थ परिकहिज्जइ । '

—निर्ग्रन्थप्रवचन-आचारांगसूत्र ।

पुरातत्त्व संशोधननो पूर्व इतिहास

(સંવત્ ૧૯૭૭ ની શ્રાવણી પૂર્ણિમાના દિવસે, ગૂજરાત મહાવિદ્યાલય, અમદાવાદમાં અપાએલું વ્યાખ્યાન)

પુરાતત્ત્વ એ એક સંસ્કૃત શબ્દ છે સામાન્ય રીતે ઇંગ્રેજીમાં જેને "એન્ટીકવીટીઝ" (Antiquities) કહે છે તે અર્થમાં આ શબ્દ યોજવામાં આવે છે પુરાતત્ત્વ એટલે પુરાતન-જૂનું પુરાણું, અને સંશોધન એટલે શોધખોળ કરવી જૂની વસ્તુઓની શોધખોળ કરવી તે પુરાતત્ત્વ સંશોધન કહેવાય હિંદુસ્તાનની જૂની પુરાણી વસ્તુઓની શોધખોળ કરવાની શરૂઆત ક્યાંથી થઇ અને કઇ કઈ સંસ્થાઓએ તથા કઈ કઈ વ્યક્તિઓએ આ કાર્યમાં વિશેષ ભાગ લીધો તેનું કાંઇક દિગ્દર્શન કરાવવાનો આજના આ મારા વ્યાખ્યાનનો મુખ્ય ઉદ્દેશ છે

મનુષ્ય એક વિશિષ્ટ બુદ્ધિશાળી પ્રાણી છે તેથી દરેક વસ્તુના સ્વરૂપને જાણવાનો અથવા જાણવાની જીજ્ઞાસા હોવાનો તેનો મુખ્ય સ્વભાવ છે આત્માનું અમરત્વ માનનાર દરેક આસ્તિક મનુષ્યના મતે પ્રત્યેક પ્રાણીમાં તેના પૂર્વસંચિત સંસ્કારો પ્રમાણે ન્યૂનાધિક પ્રમાણમાં જ્ઞાનનો વિકાસ થયેલો હોય છે મનુષ્ય પ્રાણી જે સર્વ પ્રાણીઓમાં શ્રેષ્ઠ મનાય છે તેનું કારણ એ છે કે બીજી જીવ-જાતિઓ કરતાં મનુષ્ય જાતિમાં જ્ઞાનનો

વિકાસ સર્વાધિક થયેલો છે. જ્ઞાનના વિકાસ અથવા પ્રસારનુ મુખ્ય સાધન વાણી એટલે ભાષા છે, અને એ વાણીનુ વ્યક્ત સ્વરૂપ સપૂર્ણ રીતે મનુષ્યજાતિમા જ ખીલેલું છે. તેથી બીજા બધા દેહધારી જીવાત્માઓ કરતા મનુષ્યાત્મામા જ્ઞાનનો વિશેષ વિકાસ થાય તે સ્વાભાવિક છે મનુષ્ય જાતિમા પણ વ્યક્તિગત પૂર્વસચિતાનુસાર જ્ઞાનના વિકાસનું અપ્રમિત તારતમ્ય રહેલુ છે સંસારમા એવા પણ મનુષ્યો દૃષ્ટિગોચર થાય છે કે જેમનામા જ્ઞાનશક્તિનો લગભગ છેક અભાવ જ હોય છે અને જેઓ મનુષ્યરૂપમાં પણ સાક્ષાત્ અબુદ્ધ પશુ જેવા હોય છે બીજી બાજુએ એવા પણ મનુષ્યો ઉત્પન્ન થાય છે કે જેમનામા જ્ઞાનશક્તિ અપ્રમેયરૂપે ખીલેલી હોઈ જેઓ પૂર્ણ પ્રબુદ્ધ ગણાય છે પ્રાચીન ભારતવાસીઓના મોટા ભાગનો તો એવો પણ પૂર્ણ વિશ્વાસ હતો, કે એ જ્ઞાનશક્તિ કોઈ કોઇ વ્યક્તિમા એટલે સુધી સંપૂર્ણ ખીલેલી હોય છે અથવા ખીલી શકે છે કે જેથી તે જગત્‌ના સમસ્ત પદાર્થોનું સંપૂર્ણ જ્ઞાન મેળવી શકે છે; વિશ્વની દૃશ્ય કે અદૃશ્ય એવી એક પણ વસ્તુ કે બાબત તેનાથી અજ્ઞાત હોતી નથી. આવી વ્યક્તિને આર્યો "સર્વજ્ઞ"ના નામે ઓળખે છે. આર્યોની આ મોટા ભાગની શ્રદ્ધા પ્રમાણે આવી કોઈ યથાર્થ સર્વજ્ઞ વ્યક્તિનું અસ્તિત્વ હોઈ શકે કે નહિ એ એક પ્રાચીનકાળથી જ મોટો વિવાદગ્રસ્ત વિષય થઈ પડયો છે; અને સર્વજ્ઞના અસ્તિત્વ–નાસ્તિત્વના વિષયમા આજ સુધીમાં અસંખ્ય વિદ્વાનોએ અનંત શંકા–સમાધાનો કર્યા છે પરંતુ મારે કહેવુ જોઇએ કે નરી આંખે જોઇ શકાય એવા સર્વજ્ઞનું અસ્તિત્વ સાબીત કરનારૂ તો કોઈ પણ પ્રત્યક્ષ પ્રમાણ આજ સુધીમા ચિકિત્સક સસાર આગળ રજુ કરવામા આવ્યુ નથી અસ્તુ એ "સર્વજ્ઞ" ના વિષયમા ગમે તેમ હો, પણ એટલી બાબત તો ચોક્કસ છે કે કોઇ કોઇ મનુષ્ય વ્યક્તિમા જ્ઞાનશક્તિનો એટલો બધો વિકાસ અને પ્રકર્ષ થયેલો પ્રત્યક્ષ જોવાયો છે અને જોવાય છે કે જેનું માપ કાઢવુ બીજાઓના માટે અશક્ય છે શબ્દશાસ્ત્રની બીકને લીધે આપણે એવી પ્રબુદ્ધ વ્યક્તિને જો સર્વજ્ઞ ન કહી શકીએ તો પણ બહુજ્ઞ–અનલ્પજ્ઞ તો અવશ્ય કહી શકીએ છીએ એવી એક બહુજ્ઞ વ્યક્તિની જ્ઞાનશક્તિની તુલનામાં બીજા સાધારણ એવા લાખો કરોડો મનુષ્યોની એકત્રિત જ્ઞાનશક્તિ પણ પૂરી થઈ રહે તેમ નથી.

ઇતિહાસ–અતીત કાલથી સસારમાં આવી અસખ્ય અનલ્પજ્ઞ વ્યક્તિઓ ઉત્પન્ન થતી આવી છે, અને જગત્‌ને તેઓ પોતાની એ અગાધ જ્ઞાનશક્તિનો અમૂલ્ય વારસો સોંપતી રહી છે. છતા મનુષ્ય જાતિએ જગત્‌ના વિષયમા હજી બહુ જ અલ્પ જાણ્યુ છે. જગત્ અદ્યાપિ એવું ને એવું જ અગમ્ય અને અજ્ઞેય છે. જગત્‌ની બીજી અનત વસ્તુઓને તો બાજુએ મૂકીએ પણ મનુષ્ય જાતિએ પોતાના વિષયમા જ હજુ કેટલું જાણ્યું છે ? જેવી રીતે માનવી સંસ્કૃતના પ્રથમ નિદર્શક અને સંસારના સાહિત્યના આદિમ ગ્રથ ઋગ્વેદમાંના ઋષિઓ મનુષ્ય જાતિના ઇતિહાસને અનુલક્ષીને પૂછતા હતા કે–

को ददर्श प्रथमं जायमानम् ?

'સૌથી પ્રથમ ઉત્પન્ન થનારને કોણે જોયો છે ?' તેવી જ રીતે આજે વીસમી

શતાબ્દીના તત્ત્વજ્ઞાનીઓ પણ હજી એ જ પ્રશ્ન પૂછી રહ્યા છે જેવી રીતે જગત્‌ના પ્રાદુર્ભાવના વિષયમા સત્‌ યુગીન નાસદીય સૂક્તનો રચયિતા મહર્ષિ જાણવા ઇચ્છતો હતો કે

को अद्धा वेद क इह प्रवोचत्
कुत आ जाता कुत इय विसृष्टि ।

'આ જગત્‌નો પસારો ક્યાથી આવ્યો છે—અને ક્યાથી નીકળ્યો છે, એ કોઈ જાણે છે ? અને કોઈ બતાવે છે ?' તેવી જ રીતે આજના આ કલિયુગનો તત્ત્વજીજ્ઞાસુ પણ હજી તે જ પ્રશ્નનો ઉત્તર જાણવા તલપી રહે છે જો કે આવી રીતે જગત્‌-તત્ત્વ બહુ ગૂઢ અને અગમ્ય છે, ગૂજરાતી ભક્ત કવિ અખો કહે છે તેમ એ ખરેખર "અધારો કુઓ" છે અને એનો ભેદ પાઈ કોઈ મુઓ નથી છતા માનવી જીજ્ઞાસા અને જ્ઞાન શક્તિએ એ "અધારા કુઆ" નાયે કેટલાક ખણકો ખોળી કાઢવાનો ભગીરથ પ્રયત્ન કર્યો છે એ કુઆના ઉડા પાણી ઉપર ફરી વળેલી નીળી શેવાળને જ્યા ત્યાથી ખસેડી એના જળકણોનો આસ્વાદ મેળવવા મોટી આપત્તિઓ ઉઠાવી છે ગૂઢતર અને ગૂઢતમ જણાતા એ જગત્‌નાયે કઇ કઈ રૂપોને મનુષ્યે ઓળખ્યા છે

સૃષ્ટિના સ્વાભાવિક નિયમ પ્રમાણે ચોમાસાની મોસમમા આકાશ ઉપર ચઢી આવતા વાદળા અને તેમા થતી ગર્જના તથા વિજળીઓને જોઇને જેમ આપણા વેદકાલીન પૂર્વજો મહા ભયભીત થતા હતા અને કુદરતના એ ઉપયોગી મેઘને પણ મોટી આફત રૂપે માનતા હતા તેમ આજે આપણે માનતા નથી પોતાની અસાવધાનતાને લીધે જેમતેમ પ્રજ્વાળેલા અગ્નિમા ભસ્મ થઇ જતી પોતાની પર્ણકુટિઓને જોઇને, કોઈ રાક્ષસ કે દેવ પોતાના ઉપર કુપિત થઇ આ અગ્નિના રૂપે આવેલો છે એમ સમજી તેની આગળ દૂરથી ઉભા ઉભા હાથ જોડી જેમ તેઓ તેની પ્રાર્થના કરતા તેમ આજે આપણે કરતા નથી. વાયુના વેગથી ઉડી જતા ઝુપડા અને ધાસના ઢગલાઓને જોઇને જેમ તેઓ તેને કોઈ મોટો અદૃષ્ટ ચોર સમજી ઇંદ્ર પાસે તેને શિક્ષા કરાવવા માટે ઇન્દ્રની વિવિધ પ્રાર્થનાઓ કરતા તેમ આજે આપણે કરતા નથી આપણા પૂર્વજો અને આપણામા થયેલા આ ફેરફારનુ કારણ શું છે ? વેદકાલીન આર્યો પછી તેમની સતતિએ કરેલી કુદરતના એ ગૂઢતત્ત્વોની કેટલીક શોધખોળો તે જ તેનુ કારણ છે વિશ્વના રહસ્યને સમજવા માટે જેમ જેમ પાછળના મનુષ્યો વધારે બુદ્ધિપૂર્વક વિચાર કરતા ગયા તેમ તેમ તેમને સૃષ્ટિના એ બાધા નુ નિયમો સમજાતા ગયા તેઓએ મેઘના સ્વરૂપને જાણ્યુ, અગ્નિના સ્વભાવને ઓળખ્યો, વાયુની પ્રકૃતિને પહેચાણી, અને તેથી, પછી નિર્ભય અને નિશ્ચિત થવાના ઉપાયો શોધ્યા તેનાથી પણ આગળ વધી આધુનિક યુગના મનુષ્ય પ્રાણીએ કુદરતની એ સ્વચ્છન્દ શક્તિઓના આતર મર્મને સમજી, તેમને કાબુમા આણી, તેમની પાસેથી કેવા કેવા કામો લેવા મા યા છે તે આપણે પ્રત્યક્ષ જોઈ અને અનુભવી રહ્યા છીએ

મનુષ્ય પોતાના ઇન્દ્રિય બળથી માત્ર પોતાના નજદીક સ્થાન રહેલા ધરાવતી અને

પોતાના સસર્ગ કે અનુભવમા આવતી બાબતોનું જ જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. સંસર્ગાતીત કે અનુભવાતીત બાબતોનુ જ્ઞાન મનુષ્યોને પોતાની ઇન્દ્રિયો દ્વારા થઈ શકતું નથી. તેમ છતા આપણે જેટલા વિશ્વાસથી આજના બનાવોની ચર્ચા કરીએ છીએ, તેટલા જ વિશ્વાસથી હજારો લાખો વર્ષો પહેલા બની ગયેલા બનાવોની પણ ચર્ચા કરીએ છીએ. શિવાજી કે પ્રતાપ, અકબર કે અશોકને આપણા યુગના કોઇ પણ મનુષ્યે પ્રત્યક્ષ જોયા નથી, છતાં જેમ આપણને આપણા પોતાના અસ્તિત્વની ખાતરી છે તેટલી જ તેમના અસ્તિત્વની પણ ખાતરી છે. જેમ આજે આપણે આપણી વચ્ચે વિચારતા સસારના એક મહાત્માના આદર્શમા પૂર્ણ શ્રદ્ધા ધરાવીએ છીએ તેમ જ આજથી અઢીહજાર વર્ષો પહેલા થઈ ગયેલા તીર્થંકર મહાવીર કે તથાગત બુદ્ધના આદર્શમાં પણ તેટલી જ પૂર્ણ શ્રદ્ધા ધરાવીએ છીએ જેવી રીતે આપણે ભગવદ્ગીતાના અતિમ રહસ્યકાર લોકમાન્ય તિલકની પ્રથમ શ્રાધ્ધ તિથિ ગયા પરમ દિવસે ઉજવી છે, તેવી જ રીતે પાચ હજાર વર્ષ પહેલા જન્મ લેનાર અને ભગવદ્ગીતાના મૂળ ઉપદેષ્ટા ભગવાન્ શ્રી કૃષ્ણની જન્મતિથિ આવતા પરમ દિવસે ઉજવવાના છીએ. આ અનુભવાતીત અને સમયાતીત બાબતોનું જ્ઞાન કરાવનાર કોણ છે? કયા સાધનદ્વારા આપણે એ ભૂતકાલની વાતોને જાણીએ છીએ? કહેવાની આવશ્યકતા નથી કે એ બાબતનું જ્ઞાન કરાવનાર ઇતિહાસ શાસ્ત્ર છે ઐતિહાસિક સાહિત્ય દ્વારા જ આપણે ભૂતકાલની વાતોને જાણી શકીએ છીએ. ઇતિહાસ જેટલો યથાર્થ અને વિસ્તૃત હોય તેટલુ જ આપણુ ભૂતકાલીન જ્ઞાન પણ યથાર્થ અને વિસ્તૃત હોઇ શકે, એ સ્વત સિદ્ધ છે. આપણા કમનસીબે આપણા પૂર્વજોએ રચેલો આપણા દેશનો યથાર્થ કે વિસ્તૃત ઇતિહાસ ઉપલબ્ધ નથી. જગત્ની બીજી પ્રાચીન પ્રજાઓને તેમના દેશોના વિષયમા જેટલો પ્રાચીન તથા વિસ્તૃત ઇતિહાસ મળી આવે છે તેટલો આપણા આ વિશ્વવૃદ્ધ આર્યાવર્તનો ઇતિહાસ મળી આવતો નથી. પ્રાચીન અને વિસ્તૃત ઇતિહાસ તો બાજુએ રહ્યો પરતુ આપણા માટે તો આપણી પહેલાંની ત્રીજી પેઢીનો ય ઇતિહાસ બહુ દુર્લભ્ય છે વર્તમાન શતાબ્દીનો પણ પૂરો વૃત્તાન્ત આપણે જાણતા નથી. જે રાષ્ટ્રીય શક અને સવત્નો આપણા પૂર્વજો અનેક સૈકાઓથી ઉપયોગ કરતા આવ્યા છે અને જેના આધાર ઉપર આપણી આખી મધ્યકાલિન કાલગણના અવલબિત છે, તેના પ્રવર્તક કોણ છે એ હજી પણ અજ્ઞાત કે અનિશ્ચિત છે. આવી સ્થિતિમાં પુરાતત્ત્વ-સંશોધન એ જ આપણા ઇતિહાસના નિર્માણનો પાયો છે. આપણો ઈતિહાસ જૂનીપુરાણી વસ્તુઓની શોધખોળ કરીને તેના ઉપરથી નીકળતાં પરિણામો ઉપર રચાએલો છે અને રચાવાનો છે એમ તો સાધારણ રીતે દુનીઆના દરેક પ્રાચીન પ્રદેશની પુરાતન પરિસ્થિતિ કે જેનુ દર્શન ઈતિહાસરૂપી દૂરદર્શક યંત્રથી પણ થઇ શકતું નથી, તેને જાણવા માટે જૂનીપુરાણી વસ્તુઓ જ આધારભૂત હોય છે, પરતુ ભારતવર્ષને માટે તો આપણા જન્મદિવસથી જ લઈને ઠેઠ યુગની આદિ સુધીની પરિસ્થિતિ જાણવા માટે બધો આધાર જૂની પુરાણી વસ્તુઓ ઉપર જ રાખવો પડે છે. કારણ કે શાસ્ત્રીય પદ્ધતિથી જેને આપણે

ઈતિહાસ કહીએ તેવા ઈતિહાસ તો ભારતવાસીઓએ નાનો મોટો એક પણ લખ્યો નથી, અથવા તો હવે તે મળતો નથી ઈતિહાસ નિર્માણના કામમા આવે તેવી જૂની પુરાણી વસ્તુઓમા જૂના ગ્રંથો, શિલાલેખો, તામ્રપત્રો, સિક્કાઓ તથા ધાતુપાત્રો, મંદિરો, મસ્જીદો જલાશયો કીર્તિસ્તંભો અને તેવા બીજા મકાનો અથવા ખંડેરો વિગેરે ગણાય છે આપણા પૂર્વજોએ ઈતિહાસના સ્વતંત્ર ગ્રંથો તો નિર્માણ નથી કર્યા પરંતુ ઇતિહાસના સાધનો તો ઘણા જ નિર્માણ કર્યા છે એમા શકા નથી પણ આપણે તો એ પણ જાણતા ન હતા—કે પછી જાણવાની દરકાર રાખતા ન હતા કે આ સાધનોની શી રીતે છાણવીણ કરી તેમાથી આપણો ઇતિહાસ ઉપજાવી શકીએ એ પાઠ આપણને પશ્ચિમવાસીઓએ શીખવ્યો છે કેવળ પાઠ જ શીખવ્યો છે એમ નથી પરંતુ અનેક પ્રકારના કષ્ટો વેઠી અને પરિશ્રમો લઈ તેમણે આપણા માટે ઈતિહાસના અનેક અધ્યાયો પણ તૈયાર કર્યા છે અને એ માટે આપણે હમેશા તેમના કૃતજ્ઞ જ રહેવુ જોઈએ આટલુ આનુષગિક કહી હવે હુ મારા વ્યાખ્યાનના મુખ્ય–પ્રતિપાદ્ય વિષય ઉપર આવુ છુ

જેમ મે પ્રારભમા જણાવ્યુ છે, તેમ મનુષ્ય એ વિશિષ્ટ બુદ્ધિશાલી, જ્ઞાનવાન્ પ્રાણી છે તેથી દરેક વસ્તુના સ્વરૂપને વિશેષપણે જાણવાની જીજ્ઞાસા તેનામા સ્વાભાવિક જ રહેલી છે તેમા વળી જે મનુષ્યો સાધારણ મનુષ્યો કરતા વધારે જ્ઞાનવાન્ હોય છે તેમનામા એ જીજ્ઞાસા ઘણા ઉત્કટ પ્રમાણમા હોય છે એવા મનુષ્યોને જ્યારે કોઈ અપરિચિત પ્રદેશનો અથવા માનવ સમાજનો નવીન સમાગમ થાય છે ત્યારે તેમને તેમના ધર્મ, સમાજ, ઇતિહાસ આદિના વિષયમા જ્ઞાન પ્રાપ્ત કરવાની તીવ્ર ઇચ્છા ઉત્પન્ન થાય છે આ જ્ઞાન–પિપાસાથી પ્રેરિત થઈ તે મનુષ્યો તે તે બાબતની શોધખોળમા પડે છે એ અપરિચિત પ્રદેશની ભાષા શીખે છે તેના જ્ઞાનભડારને તપાસવાનો પ્રયત્ન કરે છે, અને તેમ કરી પોતાના દેશબધુઓને પોતે મેળવેલા નવીન જ્ઞાનનો લાભ આપવા માટે પોતાની ભાષામા તે નવા ભડારને ઉતારવાનો ઉપક્રમ કરે છે ભારતવર્ષમા વ્યાપારદ્વારા પૈસા કમાઈ પેટપૂજા કરવા અર્થે આવેલા ઈગ્રેજો આ જ પ્રમાણે આપણા ઈતિહાસની શોધખોળમા ઉતર્યા હતા

ઇ સ ૧૭૫૭ મા ઇસ્ટ ઇન્ડિઆ કપનીએ, પ્લાસીના પ્રસિદ્ધ યુદ્ધ પછી ધીરે ધીરે બગાળ ઉપર અધિકાર પ્રાપ્ત કરવાનો પ્રારભ કરી દીધો હતો ૧૭૬૫ મા તેણે બગાલ, બીહાર અને ઉડીસાની દીવાની હસ્તગત કરી લીધી ૧૭૭૨ મા બગાલના નવાબ પાસેથી અધિકાર પડાવી લીધા, અને પછી તરત, એટલે ૧૭૭૪ મા નવાબને મમૂળગો પદચ્યુત કરી પોતાનો ગવર્નર–જનરલ નિયુક્ત કરી દીધો અગ્રેજોના માટે એ સ્વાભાવિક જ હતુ કે તેઓ હવે આ દેશના ધર્મ, સમાજ આદિનુ થોડુ ઘણુ જ્ઞાન પ્રાપ્ત કરે જે દેશની સાથે વ્યાપાર કરીને તેમણે કરોડો નહિ પણ અબજો રૂપીઆ મેળવ્યા હતા, અને હજારો નહિ પણ લાખો વર્ગ માઈલ જમીન તેઓ પચાવી પડ્યા હતા, તે જ દેશની અમૂલ્ય જ્ઞાનસપત્તિ મેળવવાનો પણ પ્રશસ્ત લાભ કેટલાક વિદ્વાન્ અગ્રેજોને થઇ

આવ્યો જે કેટલાક વિદ્યાપ્રેમી અગ્રેજો કંપની તરફથી ભારતનુ શાસનકાર્ય ચલાવવા માટે નિયુક્ત થતા, ઘણુ કરીને, તેઓ જ આ કાર્યમાં અગ્રેસર બનતા હતા જો કે પાછળથી તો, ફ્રાસ અને જર્મનીના વિદ્વાનોએ જ ભારતીય પુરાતત્ત્વમાં મહત્ત્વના કામો કર્યા હતાં અને ભારતીય સાહિત્યની તેમણે જ વધારે સેવા કરી હતી, તો પણ આ કાર્યનો પ્રારંભ કરવાનો પહેલો યશ તો અગ્રેજોને જ છે સૌથી પહેલાં સર વીલીયમ જોન્સે આ કાર્યની મગલમય શરૂઆત કરી હતી આર્ય સાહિત્યના સંશોધન કાર્ય સાથે સર જોન્સનુ નામ સદાને માટે જોડાયલુ રહેશે સર જોન્સ ભારતીયોના મત પ્રમાણે મ્લેચ્છ હતા, અને તેથી તેમને સસ્કૃત શીખવવામા ઘણી અડચણો નડી હતી બ્રાહ્મણોના કટ્ટરપણાને લીધે તેમને પોતાનું અધ્યયન ચાલુ કરવામાં કેવી મુશ્કેલીઓ પડી હતી તેનું રમુજી વર્ણન તેમના જીવનવૃત્તાંતમા આપેલુ છે. આખરે તેઓ આ મુશ્કેલીઓમાંથી પાર થયા અને અપેક્ષિત જ્ઞાન મેળવ્યા બાદ તુરત શકુન્તલા નાટક અને મનુસ્મૃતિનો ઈગ્રેજી અનુવાદ પ્રકટ કર્યો. તેમના આ અનુવાદો જોઈ ભારતીય સભ્યતાનુ જ્ઞાન પ્રાપ્ત કરવા માટે યૂરોપના વિદ્વાનોમા ઘણી જીજ્ઞાસા ઉત્પન્ન થઈ. જે પ્રજા આવી જાતનુ ઉત્કૃષ્ટ સાહિત્ય નિર્માણ કરી શકે છે તે પ્રજાનો ભૂતકાળ કેટલો ભવ્ય હશે તે જાણવાની આકાક્ષા ત્યાંના લોકોમા ખૂબ જાગી સને ૧૭૭૪ ના જાન્યુઆરીની ૧૫ મી તારીખે તત્કાલિન ગવર્નર જનરલ વૉરન હેઇસ્ટીગની સહાયતાથી, એશિયાખડના ઈતિહાસ, સાહિત્ય, સ્થાપત્ય, ધર્મ, સમાજ, વિજ્ઞાન આદિ બધા વિષયોની શોધખોળ કરવા માટે સર જાન્સે “એશિયાટિક સોસાયટી” નામની સસ્થાની શુભ સ્થાપના કરી. એ સસ્થાની સ્થાપના સાથે જ હિંદુસ્તાનના ઈતિહાસના અન્વેષણનો અમર આરભ થયો એમ આપણે ઉપકાર સાથે સ્પષ્ટપણે કબુલ કરવુ જોઈએ. તે પહેલા આપણુ ઐતિહાસિક જ્ઞાન કેટલુ અલ્પ અને નિર્મૂલ હતું તે એક ભોજપ્રબધ જેવા લોકપ્રિય નિબંધના વાચનથી જ જણાઇ આવે છે. એ પ્રબંધમા, કાલિદાસ, બાણ, માઘ આદિ ભોજથી અનેક શતાબ્દીઓ પહેલાં અને જુદા જુદા વખતે થઈ ગયેલા કવિઓને પણ ભોજના દરબારી કવિઓ તરીકે વર્ણવી બધાને એક જ દરબારમા લાવી બેસાડયા છે, તેમ જ સિંધુરાજ કે જે વાક્પતિરાજના મૃત્યુ પછી તેના રાજ્યનો સ્વામી બન્યો હતો, તેને બદલે એ પ્રબધ લેખકે વાક્પતિરાજને સિંધુરાજની ગાદીએ બેસાડી બાપને દીકરો બનાવી મૂકયો છે. જ્યારે ભોજ જેવા પ્રસિદ્ધ રાજાના ઈતિહાસ–લેખકને પણ તેના વશ અને સમયના વિષયમા આટલી બધી અજ્ઞાનતા હતી તો પછી સર્વ સાધારણની અજ્ઞાનતાના વિષયમા તો કહેવું જ શું ? અશોક જેવા પ્રતાપી સમ્રાટ્ની તો લોકોને સામાન્ય કલ્પના પણ ન હતી. જો કે હિંદુસ્તાનના ઈતિહાસના ઘણાક પુસ્તકો અને બીજા સાધનો મુસલમાનોના જમાનામા નષ્ટ થઇ ગયા હતા, તો પણ બૌદ્ધકાલીન અનેક સ્તૂપ, સ્તભ, મદિર, ગુફા, જલાશય આદિ સ્થાનો, ધાતુ અને પાષાણની દેવી–દેવતાઓની મૂર્તિઓ, ખડકો, શિલાઓ અને તામ્રપત્રો ઇત્યાદિ ઉપર કોતરેલા અસખ્ય લેખો કે જે ઈતિહાસના ખરાં અને મુખ્ય શાધનો મનાય છે, હજીએ અસખ્ય વિદ્યમાન હતા, તેથી તેમના ઉપરથી જો

ઇતિહાસ તારવી કાઢવાનો પ્રયત્ન કરવામા આવ્યો હોત તો આજની માફક તે સમયમા પણ આપણા ઇતિહાસના ઘણાક અધ્યાયો રચી શકાયા હોત, પરંતુ તેમના તરફ કોઇની દૃષ્ટિ જ ગઈ ન હતી, અને પાછળથી તો જેમ જેમ દેશમા અરાજકતા અને અજ્ઞાનતા વધતી ગઈ તેમ તેમ લોકો પ્રાચીન કાળની લિપિ અને તેની સાથે સ્મૃતિને પણ ભૂલતા ગયા અને એ રીતે સાધનોની હયાતી હોવા છતા પણ તેનો કાઇ ઉપયોગ થયો નહિ

ઈ સ ૧૩૫૬ મા દિલ્હીના સુલતાન ફીરોજશા તુગલકે ટોપરા અને મેરઠથી અશોકના લેખવાળા બે મોટા સ્તંભો ઘણા ઉત્સાહ અને પરિશ્રમ સાથે દિલ્હીમા અણાવ્યા હતા, (જેમાનો એક ફીરોજશાહના કોટલામા અને બીજો 'કુશ્ક શિકાર' પાસે ઉભો કરેલો છે) એ સ્તંભો ઉપર ખોદેલા લેખોમા શુ લખેલુ છે તે જાણવા માટે એ બાદશાહે ઘણી મહેનત કરી અને ઘણા ઘણા પંડિતોને બોલાવી તે વાચવા માટે કીધુ, પણ કોઇનાથી તે વાચી શકાયા નહિ, અને તેથી અંતે તે બાદશાહને બહુ જ નિરાશા થઈ હતી સાભળવા પ્રમાણે અકબર બાદશાહને પણ એ લેખોના મર્મ જાણવાની બહુ જીજ્ઞાસા હતી પરંતુ કોઈપણ મનુષ્ય તે પૂરી કરી શક્યો ન હતો પ્રાચીન લિપિઓને ઓળખવાનુ ભૂલી જવાને લીધે જ્યારે કયાએ કોઈ આવા જૂના શિલાલેખો અથવા તામ્રપત્રો મળી આવતા ત્યારે લોકો તેમના વિષયમા વિવિધ કલ્પનાઓ કરતા કોઇ તેને સિદ્ધિદાયક યંત્ર કહેતા, કોઇ તેને દેવતાનો લખેલો મંત્ર માનતા, અને કોઇ તેને કયાએ જમીનમા દાટેલા ધનની નોંધ સમજતા આવી અજ્ઞાનતાને લીધે લોકોને એવા શિલાલેખો કે તામ્રપત્રોની કાઈ પણ કિમ્મત જણાતી ન હતી ભાગેલા તૂટેલા જૂના મંદિરો આદિના શિલાલેખોને તોડી ફોડી કયાક તેમને પગથીઆઓમા ચણી દવામા આવતા અને કયાક ભાગ અને ચટણી વાટવાના કામમા લેવાતા અનેક જૂના તામ્રપત્રો તાબાના ભાવે કસારાને ત્યા વેચવામા આવતા કસારાઓ તેમને ગાળી-ઉકાળી તેમાથી નવા વાસણો તૈયાર કરતા લોકોની એ અજ્ઞાનતા હજી પણ ચાલુ છે મે મારા ભ્રમણ દરમ્યાન અનેક શિલાલેખોની આવી આવી દુર્દશાઓ થયેલી જોઇ છે અનેક જૈનમંદિરોમાના શિલાલેખો ઉપર ચોટાડેલો ચૂનો મે મારા હાથે ઉખાડેલો છે ચાર વર્ષ ઉપર મુબઇમા એક બ્રાહ્મણ, જે ખંભાતની પાસેના એક ગામડામા રહેતો હતો તે ત્રણ ચાર તામ્રપત્રો લઈને મારી પાસે આવ્યો હતો તેની જમીન સંબધે સરકારમા કોઇ કેસ ચાલતો હતો, તેથી પોતાના ઘરમા પડી રહેલા એ તાબાપત્રમા પોતાની જમીન માટે કંઇ લખેલુ હશે એમ ધારી તે વચાવવા મારી પાસે લાવ્યો હતો તેમાના એક પત્રાની વચ્ચોવચ્ચથી બે ઇંચ વ્યાસ જેટલો ગોળ ટુકડો કાપી લીધેલો હતો તેથી એ લેખનો કેટલોક મહત્વનો ભાગ જતો રહ્યો હતો આ સંબધમા મે તેને પૂછ્યુ ત્યારે તેણે જવાબ આપ્યો કે થોડાક મહિના ઉપર એક લોટાનુ તળીયુ બનાવવા માટે એમાથી એટલો ટુકડો કાપી લેવામા આવ્યો હતો ! આવા તો અનેક દાખલાઓ હજીએ બને છે આવી જ દુર્દશા આપણા જુના ગ્રંથોની થઇ છે યુગોના યુગો સુધી સારસભાળ લીધા વગર અંધારી કોટડીઓમા પડી રહેલા હજારો હસ્તલેખો ઉંદરડાઓના ઉદરમા ગરક થયા છે, અને છાપરામાથી

પડતા પાણીના ભેજથી સડી–ગળી માટીમા મળ્યા છે. અનેક ગુરૂઓના નાલાયક ચેલાઓના હાથે પણ આપણા સાહિત્યની ઓછી વિટંબણા નથી થઈ એક દાખલો આપું. ઇંદોરમાં એક વિદ્વાન્ ગોરજી હતો તેણે કોઈના બે છોકરાઓને ચેલા બનાવવા માટે પાળ્યાપોષ્યા હતા. એ ગોરજી મરી ગયા પછી પાછળથી એ છોકરાઓ તેનો જે વિશાળ પુસ્તકભંડાર હતો તેમાથી રોજ ફાવે તેમ હજાર બે હજાર પાનાઓ ફાડી હલવાઈને ત્યાં પડીકાં બાધવા માટે આપી આવતા અને બદલામા પાશેર ગરમાગરમ જલેબી લઈ આવી સવારમાં નાસ્તો પાણી કરી મજા માણતા. મને જ્યારે એની ખબર પડી ત્યારે તે હલવાઈ પાસે જઇ બધા પાના તપાસ્યા જેમાથી પાચસો વર્ષ જેટલા જૂના લખેલાં બે ત્રણ જૈનસૂત્રો મને અખંડ મળી આવ્યા હતા પાટણના જૈનભંડારોમા સિદ્ધરાજ, કુમારપાળ અને તેનાથી યે પહેલાંનાં લખેલા તાડપત્રોનો તબાખૂના પાનના ભૂકાની માફક થયેલો ભૂકો મેં મારી આ નરી આંખે જોયો છે આવી રીતે આપણે આપણી અજ્ઞાનતાને લીધે આપણા ઈતિહાસનાં સાધનો નષ્ટ કર્યાં છે એટલુ જ નહિ પણ પરસ્પરની મતાન્ધતા- અને સાંપ્રદાયિક અસાહિષ્ણુતાના વિકારને વશ થઈને પણ આપણે આપણા સાહિત્યને ઘણી રીતે ખંડિત અને દૂષિત કર્યું છેઃ શૈવોએ વૈષ્ણવોના સાહિત્યનુ નિકંદન કર્યું છે, વૈષ્ણવોએ જૈનોના સ્થાપત્યને દૂષિત કર્યું છે, દિગંબરોએ શ્વેતામ્બરોના લેખોને ખંડિત કર્યા છે તથા લુંકાઓએ તપાઓની નોધો બગાડી છે એમ પરસ્પર એક બીજાનું એકબીજાએ ઘણુ જ ખોદ્યુ છે શોધખોળના વૃત્તાન્તોમા આવા અનેક ઉદાહરણો નોધાયલા મળી આવે છે છેવટે મુસલમાન ભાઈઓએ હિન્દુઓનાં સ્વર્ગીય ભુવનોને તોડી ફોડી બેદાન મેદાન કર્યા છે, અને તેમનાંય પવિત્ર ધામોને આખરે કાળે જમીનદોસ્ત કર્યા છે. આવી જાતની સંકટની પરંપરાઓમાંથી જે બચી રહેલા હતા તેમને સુરક્ષિત રાખવા માટે, જે અર્ધમૃત દશામાં હોય તેની પાસેથી કાઈક છેવટનુ જાણી લેવા માટે અને તેમ કરી ભારતનો ભૂતકાળ કે જે વિસ્મૃતિ અને અજ્ઞાનના પડ નીચે સજ્જડ દબાઈ રહ્યો હતો તેનો ઉદ્ધાર કરવા માટે ઉપર જણાવેલી એશિયાટિક સોસાયટીની સ્થાપના થઇ હતી એ સોસાયટીની સ્થાપનાના દિવસથી હિન્દુસ્તાનના ઐતિહાસિક અજ્ઞાનાન્ધકારનો ધીરે ધીરે લોપ થવા લાગ્યો અનેક અંગ્રેજો એ સંસ્થાના ઉદ્દેશને પૂર્ણ કરવા માટે જુદા જુદા વિષયોનુ અધ્યયન કરવા લાગ્યા અને તે તે વિષયોના લેખો લખવા લાગ્યા એ લેખોને પ્રગટ કરવા માટે 'એશિઆટિક રિસર્ચીજ્' નામની એક ગ્રંથમાળા ચાલુ કરવામા આવી સને ૧૭૮૮ મા એ માળાનો પ્રથમ ભાગ પ્રકટ થયો ૧૭૯૭ સુધીમા એના પાચ ભાગો પ્રકાશિત થયા ૧૭૯૮ મા તેનું એક નવીન સંસ્કરણ ઇંગ્લાંડમા ચોરીથી જ છપાવી દેવામાં આવ્યુ ત્યાં એ ભાગોની એટલી બધી માગણી થઇ કે ૫–૬ વર્ષમા જ તેની બે આવૃત્તિઓ પ્રકટ થઇ ગઈ, અને એમ્ એ લૅબૉમ નામના એક ફ્રેન્ચ વિદ્વાને, 'રિસર્ચેસ્ એશિયાટિકમ્' ના નામે તેનો ફ્રેન્ચ અનુવાદ પણ પ્રકટ કરી દીધો સોસાઇટિની એ ગ્રન્થમાળામા બીજા વિદ્વાનોની સાથે સર વીલીયમ જોન્સે પણ હિંદુસ્તાનના ઈતિહાસના વિષયમા અનેક ઉપયોગી લેખો લખ્યા.

સૌથી પહેલા તેમણે જ પોતાના એક લેખમા એ વાત જાહેર કરી હતી કે મેગાસ્થનીસે વર્ણવેલો સાન્ડ્રોકોટસ અને ચદ્રગુપ્ત મૌર્ય એ બને એક જ વ્યક્તિ છે પાટલિપુત્રનુ જ અપભ્રષ્ટ રૂપ પાલીબોથ્રા છે અને તે આધુનિક પટના જ છે કારણ કે પટનાની પાસે વહેતા શોણનદને હિરણ્યબાહુ કહેવામા આવે છે અને મેગાસ્થનીસનુ "એરાનોબાઓ" એ જ હિરણ્યબાહુનુ અપભ્રષ્ટ નામ છે આ રીતે ચન્દ્રગુપ્ત મૌર્યનો સમય સૌથી પહેલા જોન્સ સાહેબે જ નિશ્ચિત કીધો હતો

જે અગ્રેજ સૌથી પહેલા સસ્કૃત ભાષા શીખ્યો હતો તેનુ નામ ચાર્લ્સ વિલ્કીન્સ હતુ તેણે જ પ્રથમ દેવનાગરી અને બગાળી ટાઈપો બનાવ્યા બદાલ પાસેના સ્તભ ઉપરનો લેખ સૌથી પ્રથમ તેણે જ ખોળી કાઢયો હતો એ સિવાય બીજા પણ કેટલાક તામ્રપત્રો અને શિલાલેખો ઉપર એણે એશિયાટીક રીસર્ચીસના પ્રારભના ભાગોમા કેટલીક નોંધો લખી હતી ભગવદ્ગીતાનુ પહેલ વહેલુ ઇગ્રેજી ભાષાન્તર પણ એ જ અગ્રેજે કર્યું હતુ

સને ૧૭૯૪ મા સર જોન્સનુ મરણ થયું તેમના પછી તેમના સ્થાન ઉપર હેનરી કોલબ્રુકની સ્થાપના થઇ કોલબ્રુક અનેક વિષયોમા પ્રવીણ હતા તેમણે સસ્કૃત સાહિત્યનુ ઘણું પરિશીલન કર્યું મૃત્યુના સમયે સર જોન્સ પ્રસિદ્ધ પડિત જગન્નાથ દ્વારા સપાદિત "હિન્દુ અને મુસલમાનોના કાયદાઓનો સાર" એ નામક સસ્કૃત ગ્રન્થનો અનુવાદ કરતા હતા એ અધુરા અનુવાદને પૂર્ણ કરવાનુ કામ કોલબ્રુક સાહેબને સોપવામા આવ્યુ તેમણે કેટલાક સસ્કૃત પડિતોની સહાયતાથી સને ૧૭૯૭ મા એ કામ પૂરુ કર્યું આ પછી તેમણે 'હિન્દુઓના ધાર્મિક રીતરીવાજો' 'ભારતીય માપનુ પરિમાણ' 'ભારતીય વર્ણવ્યવસ્થાની ઉત્પત્તિ' 'ભારતવાસીઓની જાતો' આદિ વિષયો ઉપર ગભીર નિબધો લખ્યા એ પછી ૧૮૦૧ મા 'સસ્કૃત અને પ્રાકૃત ભાષા' 'સસ્કૃત અને પ્રાકૃત છન્દ શાસ્ત્ર' વિગેરે લેખો લખ્યા એ જ વર્ષમા દિલ્હીના લોહસ્તભ ઉપર કોતરેલી વિશાળદેવની સસ્કૃત પ્રશસ્તિનુ અગ્રેજી ભાષાન્તર પ્રકાશિત કર્યું સને ૧૮૦૭ મા તેઓ એશિયાટિક સોસાયટીના સભાપતિ બન્યા એ જ વર્ષમા તેમણે હિન્દુ જ્યોતિષ એટલે ખગોળ વિદ્યા ઉપર એક ગ્રથ લખ્યો, જૈનધર્મ ઉપર એક વિસ્તૃત નિબધ પ્રકટ કર્યો કોલબ્રુકે વેદ, સાખ્ય, ન્યાય વૈશેષિક વેદાન્ત, બૌદ્ધ આદિ ભારતના બધા દર્શનો ઉપર મોટા મોટા નિબધો લખ્યા હતા તે સિવાય કૃષિ, વાણિજ્ય, સમાજવ્યવસ્થા, સાધારણ સાહિત્ય, કાનૂન, ધર્મ, ગણિત, જ્યોતિષ, વ્યાકરણ આદિ બધા વિષયો ઉપર તેમણે ખૂબ વિસ્તૃત પ્રબધો લખ્યા હતા તેમના એ લેખો–નિબધો–પ્રબધો આજે પણ તેટલા જ માનથી વચાય છે વેબર, બુલ્હર અને મેક્સ મૂલર આદિ વિદ્વાનોએ નિશ્ચિત કરેલા કેટલાક સિદ્ધાન્તો ભ્રમપૂર્ણ સિદ્ધ થઇ ગયા છે પરતુ કોલબ્રુકે જાહેર કરેલા વિચારો ઘણા જ ઓછા તેમ થવા પામ્યા છે એ એક સૌભાગ્યની જ વાત હતી કે આપણા સાહિત્યને શરૂઆતમા જ એક એવો ઉપાસક મળી આવ્યો કે જેણે યુરોપની આગળ આપણા પ્રાચીન

તત્ત્વજ્ઞાન અને સાહિત્યને નિષ્પક્ષપાતપૂર્વક મૂળ સ્વરૂપમાં ઉપસ્થિત કર્યું અને જેણે દુનીયાનું ધ્યાન આપણી પ્રાચીન સંસ્કૃતિ તરફ સહાનુભૂતિપૂર્વક આકર્ષ્યું. જો તેણે આવો અપૂર્વ પરિશ્રમ ન કર્યો હોત તો આજે યુરોપમા સંસ્કૃતનો આટલો પ્રચાર ન થયો હોત કોલબ્રુક ભારત છોડી જ્યારે ઇગ્લાડમા ગયા ત્યારે ત્યાં પણ તેમણે રૉયલ એશિયાટિક સોસાઈટિની સ્થાપના કરી અનેક વિદ્વાનોને સસ્કૃતનુ અધ્યયન કરવા માટે ઉત્સાહિત કર્યા, અને આખે અપગ થતા સુધી બીજા અનેક ઉપાયો દ્વારા સંસ્કૃત સાહિત્યની સતત સેવા કરતા હતા

જ્યારે એક તરફ કોલબ્રુક સાહેબ સંસ્કૃત સાહિત્યના અધ્યયનમાં ગર્ક થયા હતા ત્યારે બીજી તરફ બીજા કેટલાક તેમના જાતભાઇઓ હિંદુસ્તાનના જુદા જુદા પ્રાંતોના પુરાતત્ત્વની ગવેષણા કરવામાં મચી રહ્યા હતા સને ૧૮૦૦ મા માર્કિવસ વેલસ્લિ સાહેબે માઈસોર પ્રાન્તના કૃષિ આદિ વિભાગોની તપાસ કરવા માટે ડૉ. બુકૅનનની નેમણુક કરી હતી. તેમણે પોતાના કૃષિવિષયક કાર્યની સાથે સાથે તે પ્રાંતની જુની પુરાણી બાબતોનું કેટલુક જ્ઞાન મેળવ્યુ. તેમના કાર્યથી સંતુષ્ટ થઇને કંપનીએ તેમને ૧૮૦૭ મા બગાળ પ્રાંતના એક વિશિષ્ટ પદ પર યોજ્યા. સાત વર્ષ પર્યંત તેમણે બિહાર, શાહાબાદ, ભાગલપુર, ગોરખપુર, દિનાજપુર, પુરનિયા, રંગપુર અને આસામમા કામ કીધુ જો કે તેમને પ્રાચીન સ્થાનો વિગેરેની શોધખોળનું કામ સોંપવામા આવ્યુ ન હતું તો પણ તેમણે ઈતિહાસ અને પુરાતત્ત્વની ખૂબ ગવેષણા કરી. તેમની આ ગવેષણાથી ઘણો લાભ થયો. અનેક અજ્ઞાત ઐતિહાસિક બાબતોની માહીતી મળી. આમ પૂર્વીય ભારતની પ્રાચીન વસ્તુઓની શોધખોળ સૌથી પ્રથમ એમણે જ કરી

પશ્ચિમ ભારતની પ્રસિદ્ધ કેનેરી ગુફાઓનું વર્ણન સૌથી પ્રથમ સાલ્ટ સાહેબે અને હાથીગુફાઓનુ વર્ણન રસ્કિન સાહેબે લખ્યું આ બન્ને વર્ણનો બોમ્બે ટ્રાંઝેકશન નામના પુસ્તકના પહેલા ભાગમા પ્રકાશિત થયાં. એ જ પુસ્તકના ત્રીજા ભાગમાં સાઈકસ સાહેબે બીજાપુર (દક્ષિણ) નુ વર્ણન લોકોની આગળ મૂકયુ

છેક દક્ષિણ હિદુસ્તાનનુ વર્ણન ટૉમસ ડેનિયલ નામના સાહેબે મેળવવુ શરૂ કર્યું. તે જ વખતે દક્ષિણમા કર્નલ મેકેન્ઝીએ પણ પુરાતત્ત્વ–વિદ્યાના અભ્યાસનો પ્રારભ કીધો હતો. તે સર્વે ડિપાર્ટમેન્ટમા નોકર હતા. તેમણે અનેક પ્રાચીન ગ્રન્થો અને શિલાલેખોનો સગ્રહ કર્યો હતો મેકેન્ઝી સાહેબ કેવળ સગ્રહકાર હતા તેઓ ગ્રન્થો અને લેખોને વાચી શકયા ન હતા પરતુ તેમના પછીના શોધકોને તેમના આ સંગ્રહથી ઘણો લાભ થયો હતો દક્ષિણના કેટલાક અનતિ–પ્રાચીન શિલાલેખોના ભાષાન્તરો ડૉ. મિલે કીધા હતા. આવી જ રીતે રાજપુતાના અને મધ્ય ભારતના કેટલાક ભાગોનું જ્ઞાન કર્નલ ટૉડે મેળવ્યુ અને એ પ્રદેશોમાંની અનેક જુની પુરાણી વસ્તુઓની શોધખોળ તેમણે કરી.

આ પ્રમાણે જુદા જુદા વિદ્વાનો દ્વારા ભારતના ભિન્ન ભિન્ન પ્રાંતોના વિષયમાં ઘણુક જ્ઞાન મેળવવામાં આવ્યું ને ઘણીક વસ્તુઓ જાણવામાં આવી, પરંતુ પ્રાચીન લિપિ-

નું સ્પષ્ટ જ્ઞાન હજી કોઈને મળેલું ન હોવાથી ભારતના પ્રાચીન ઐતિહાસિક સાધનોના ભંડાર ઉપર હજી તેવો ને તેવો જ અંધકારનો પડદો પડેલો હતો. જુદા જુદા વિદ્વાનોએ અનેક પુરાતન સિક્કાઓ અને શિલાલેખોનો ઘણો સારો સંગ્રહ મેળવી લીધો હતો ખરો, પણ લિપિજ્ઞાનના અભાવે તેમનો ત્યાં સુધી કાંઈ ઉપયોગ થયો ન હતો.

ભારતવર્ષના પ્રાચીન ઇતિહાસના પ્રથમ અધ્યાયનો ખરો પ્રારંભ ઈ. સ. ૧૮૩૭થી થાય છે. એ વર્ષમાં એક નવીન નક્ષત્રનો ઉદય થાય છે કે જે ભારતીય પુરાતત્ત્વ વિદ્યા ઉપર પડેલા પડદાને દૂર ખસેડે છે. એશિયાટિક સોસાઈટિની સ્થાપનાના દિવસથી તે ૧૮૩૪ સુધીમાં પુરાતત્ત્વ સંબંધી ખરું કામ બહુ જ ઓછું થયું હતું. ત્યાં સુધી વિશેષ કરીને જુના ગ્રંથોના અનુવાદો જ થતા રહ્યા હતા. શિલાલેખો કે જે ભારતના ઇતિહાસના એક માત્ર ખરા સાધન તરીકે ગણાય છે તેમના સંબંધમાં ઘણું જ ઓછું કાર્ય થયું હતું. કારણ એ હતું કે પ્રાચીન લિપિનું સંપૂર્ણ જ્ઞાન મેળવવું અદ્યાપિ બાકી હતું.

મેં ઉપર એક ઠેકાણે જણાવ્યું છે તેમ પહેલ વહેલા સંસ્કૃત ભાષા શીખનાર અંગ્રેજ ચાર્લ્સ વિલ્કીન્સ હતો, અને સૌથી પ્રથમ શિલાલેખ તરફ ધ્યાન આપનાર પણ તે જ હતો. તેણે ઈ. સ. ૧૭૮૫માં દીનાજપુર જીલ્લાના બદાલ નામક સ્થાન પાસે મળેલા એક સ્તંભ ઉપરનો લેખ વાંચ્યો હતો જે બંગાળના રાજા નારાયણ પાલના સમયનો લખેલો હતો. તે જ વર્ષમાં એક હિંદુસ્થાની પંડિત નામે રાધાકાન્ત શર્માએ ટોમરાવાળા દિલ્હીના અશોક સ્તંભ ઉપર ખોદેલા અજમેરના ચૌહાણ રાજા અનલદેવના પુત્ર વીસલદેવના ત્રણ લેખો વાંચ્યા જેમાંના એકની મિતિ 'સંવત્ ૧૨૨૦ વૈશાખ સુદી ૫' છે. આ લેખોની લિપિ બહુ જુની ન હોવાથી સરલતાની સાથે તે વાંચી શકાયા હતા. પરંતુ તે જ વર્ષમાં જે. એચ. હેરિંગ્ટને બુદ્ધગયા પાસે આવેલી નાગાર્જુની અને બારાબાર ગુફાઓમાં ઉપરના લેખો કરતાં વધારે જુના એવા મૌખરી વંશના રાજા અનન્તવર્માના ત્રણ લેખો ખોળી કાઢ્યા હતા કે જેમની લિપિ ગુપ્તકાલીન લિપિથી ઘણે અંશે મળતી હોવાથી તેમનું વાચન કઠિણ થઈ પડ્યું હતું. પણ ચાર્લ્સ વિલ્કીન્સે ચાર વર્ષ સુધી સતત પરિશ્રમ લઈ તે ત્રણે લેખોને વાંચી લીધા અને તેમ કરી તેણે ગુપ્તલિપિની લગભગ અર્ધી વર્ણમાળાનું જ્ઞાન પ્રાપ્ત કરી લીધું.

ગુપ્તલિપિ એટલે શું એની તમને ખબર નહિ હોય તેથી તેનો સહજ ખુલાસો અહિં કરી દઉં. હાલમાં જે લિપિને આપણે દેવનાગરી (અથવા બાળબોધ)ના નામે ઓળખીએ છીએ, તે સાધારણ રીતે ત્રણ અવસ્થાઓમાંથી પસાર થયેલી છે. આ ચાલુ આકૃતિ પૂર્વે તેની જે આકૃતિ હતી તેને કુટિલ લિપિના નામે ઓળખવામાં આવે છે. એ આકૃતિનો સમય સાધારણ સમજવાની ખાતર ઈ. સ. ના ૬ ઠ્ઠા સૈકાથી તે ૧૦ મા સૈકા સુધીનો માની લેવો જોઈએ. તેની પહેલાની આકૃતિને ગુપ્તલિપિના નામે ઓળખવામાં આવે છે, જેનો સામાન્ય સમય ગુપ્તવંશનો રાજત્વકાળ ગણાય છે. તે પહેલાની આકૃતિવાળી લિપિ બ્રાહ્મીલિપિ કહેવાય છે. અશોકના લેખો આ જ લિપિમાં લખાયલા છે. એનો સમય ઈ. સ. પૂ. ૫૦૦ થી ઈ. સ. ૩૫૦ સુધીનો મનાય છે.

પાદરી જેમ્સ સ્ટીવન્સને પણ પ્રિંસેપની માફક આ શોધમાં અનુસરતાં થઈ 'ક', 'જ', 'થ', 'વ', અને 'વ' એટલા અક્ષરો ઓળખી કાઢયા, અને આ અક્ષરોની સહાયતાથી તેમણે લેખોને પુરા વાંચી તેનો અનુવાદ કરવાનો મનોરથ કીધા પણ કાંઈક તો અક્ષરોને ઓળખવામાં ભૂલ થઈ જવાથી, કાંઈક વર્ણમાળાની અપૂર્ણતાથી અને કાંઈક એ લેખોની ભાષાને સંસ્કૃત સમજવાથી તેમનો એ ઉદ્યોગ પૂરેપૂરો સફળ થયો નહિ આથી પ્રિંસેપને નિરાશા થઈ નહિ ઈ સ ૧૮૩૫ માં પ્રસિદ્ધ પુરાતત્ત્વજ્ઞ પ્રો લૅસ્સને એક બાક્ટ્રિઅન ગ્રીક સિક્કા પર આ જ અક્ષરોમાં લખેલું ઍગૅથૉક્લિસનું નામ વાંચ્યું, પરંતુ ૧૮૩૭ ની શરૂઆતમાં જ શ્રી પ્રિંસેપે પોતાના અલૌકિક સ્ફુરણથી એક નાનો સરખો 'દાન' શબ્દ શોધી કાઢયો હતો જેણે એક સમ આ બધી ગૂઢ બાબતોનો નિકાલ કરી દીધો હકીકત આ પ્રમાણે છે-ઈ સ ૧૮૩૭ માં મિ પ્રિંસેપે સાંચીસ્તૂપના સ્તંભો આદિ ઉપર ખોદેલા કેટલાક નાના લેખોની છાપોને એકત્ર કરીને જોઈ તો તે બધામાં અંતે બે અક્ષરો એક જ સરખા જણાયા અને તેની પહેલાં સ સ લખેલો દેખાયો જેને પ્રાકૃતભાષાનો છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય (સંસ્કૃત સ્ય ના બદલે) માની એ અનુમાન કર્યું કે બધા લેખો જુદા જુદા મનુષ્યો દ્વારા કરાએલા દાનનું સૂચન કરતા હોવા જોઈએ છેલ્લા બધે એક સરખા જણાતા બે અક્ષરો કે જે ઓળખાતા ન હતા, તેમાથી પહેલા અક્ષરની સાથે 'ા' ની માત્રા અને બીજાની સાથે અનુસ્વારનું ચિન્હ લાગેલું હોવાથી પહેલો અક્ષર તે દા અને બીજો તે ન હોઈ એમ એ શબ્દ દાનં જ હોવો જોઈએ એમ તેમણે નિશ્ચય કીધો. આ અનુમાનાનુસાર દ અને ન ને ઓળખવાથી એ આખી વર્ણમાળા પૂરી થઈ અને તેના આધારે દિલ્હી અલ્હાબાદ, સાંચી, મથિયા, રધિયા ગિરનાર, ધૌલી આદિના અશોકના બધા લેખો સહેલાઈ પૂર્વક વાંચી લેવાયા એ વાચનથી એ પણ નિશ્ચય થઈ ગયો કે એ લેખોની ભાષા જેમ અત્યાર સુધી સંસ્કૃત સમજવામાં આવતી હતી તે ન હતી, પરંતુ તે ઉક્ત સ્થાનોની પ્રચલિત પ્રાચીન દેશભાષા હતી (જેને તે વખતે સાધારણ રીતે પ્રાકૃતના નામે ઓળખવામાં આવતી)

આવી રીતે બ્રાહ્મી લિપિનું સંપૂર્ણ જ્ઞાન મેળવવામાં આવ્યું અને તેના યોગે ભારતના જૂનામાં જૂના લેખો વાચવામાં સંપૂર્ણ સફળતા મળી

હવે એક તેવી જ બીજી જૂની લિપિની શોધના વિષયમાં કાંઈક જણાવું છું કે જેનું જ્ઞાન પણ એ જ સમયમાં મેળવવામાં આવ્યું હતું એ લિપિનું નામ ખરોષ્ઠી છે ખરોષ્ઠી લિપિ એ આર્ય લિપિ નથી પણ અનાર્ય લિપિ છે તેને સેમેટિક લિપિના કુટુંબની અરમાઈક લિપિમાંથી નિકળેલી માનવામાં આવે છે એ લિપિની લખવાની પદ્ધતિ ફારસી લિપિ જેવી છે, અર્થાત્ ડાબી બાજુથી જમણી બાજુ તરફ લખતા જવાની છે એ લિપિ ઈ સ પૂર્વે ત્રીજી–ચોથી શતાબ્દીમાં ભારતવર્ષના જ કેટલાક ભાગમાં પ્રચલિત હતી શહાબાજગઢી અને મન્સેરાના ખડકો ઉપરના અશોકના લેખો આ લિપિમાં ખોદેલા છે તે સિવાય શક, ક્ષત્રપ, પાર્થિઅન અને કુશાનવંશી રાજાઓના સમયના કેટલાક બૌદ્ધ

લેખો તથા બાક્ટ્રિઅન ગ્રીક, શક, ક્ષત્રપ વિગેરે રાજવંશોના કેટલાક શિક્કાઓ ઉપરના લેખો આ લિપિમાં કોતરેલા મળી આવે છે. તેથી ભારતીય પુરાતત્ત્વજ્ઞોને આ લિપિના જ્ઞાનની પણ ખાસ આવશ્યકતા હતી.

કર્નલ જેમ્સ ટૉડે બાક્ટ્રિઅન, ગ્રીક, શક, પાર્થિઅન અને કુશાનવંશી રાજાઓના શિક્કાઓનો મોટો સંગ્રહ કર્યો હતો, જેની એક બાજુએ ગ્રીક અને બીજી બાજુએ ખરોષ્ઠી અક્ષરોના લેખો કોતરેલા હતા. જનરલ વેંટુરાએ સને ૧૮૩૦ મા માનિકિઆલ સ્તૂપ ખોદાવ્યો તો તેમાથી ખરોષ્ઠી લિપિના કેટલાએક શિક્કાઓ અને બે લેખો મળી આવ્યા આ શિવાય સર અલેક્ઝેંડર બર્ન્સ આદિ પ્રાચીન શોધકોએ પણ એવા અનેક શિક્કાઓ એકત્ર કર્યા હતા જેની એક બાજુના ગ્રીક અક્ષરો તો વાંચી શકાતા હતા પરંતુ બીજી બાજુના ખરોષ્ઠી અક્ષરોને ઉકેલવાનુ કાંઈ પણ સાધન ન હતું એ અક્ષરો માટે ભિન્ન ભિન્ન કલ્પનાઓ થવા લાગી હતી. સને ૧૮૨૪ માં કર્નલ ટૉડે કડફિસેસના શિક્કા ઉપરના આ અક્ષરોને 'સસેનીઅન્' અક્ષરો જાહેર કર્યા ૧૮૩૩ માં ઍપોલોડોટસના શિક્કા ઉપરના આ જ અક્ષરોને પ્રિંસેપે "પહલવી" અક્ષરો માન્યા. એક બીજા શિક્કા ઉપરની આજ લિપિને તથા માનિકિઆલ સ્તૂપના લેખની લિપિને પણ પાલી એટલે બ્રાહ્મી લિપિ માની, અને એની આકૃતિ જરા વાંકી હોવાથી એ અનુમાન કર્યું કે છાપેલી અને ચોપડામા લખેલી ગુજરાતી લિપિમાં જેમ અંતર હોય છે તેમ જ અશોકની દિલ્હી આદિ સ્તંભોવાળી અને આ લિપિમા અંતર છે પરંતુ પાછળથી સ્વયં પ્રિન્સેપને જ આ અનુમાન અનુચિત લાગવા માંડ્યુ ૧૮૩૪ માં કેપ્ટન કોર્ટને એક સ્તૂપમાંથી આ જ લિપિનો લેખ મળ્યો જેને જોઈને પ્રિંસેપે ફરી આ અક્ષરોને "પહલવી" અક્ષરો કહ્યા. પરંતુ એ જ વર્ષમા શોધક મી. મેસનને કાબૂલની ઘાટીમા શોધખોળ કરતા અનેક એવા શિક્કાઓ મળી આવ્યા જેના ઉપર ખરોષ્ઠી અને ગ્રીક બન્ને લિપિમાં રાજાઓના નામો લખેલા હતાં. મેસન સાહેબે જ સૌથી પ્રથમ મિનેન્ડો, અપોલૅડોટો, અરમાઈઓ, બાસિલિઓ અને સૅટિરો વગેરે નામો વાંચ્યાં. પરંતુ આ તેમની માત્ર કલ્પના હતી તેમણે આ નામો પ્રિંસેપ સાહેબને લખી મોકલ્યા આ કલ્પનાને સત્ય કરવાનો યશ પ્રિન્સેપ સાહેબના ભાગ્યમા જ હતો. તેમણે મેસન સાહેબના સંકેતો અનુસાર શિક્કાઓ વાચવા માંડ્યા તો તેમાથી બાર રાજાઓના તથા છ પદવીઓના નામો તેમને મળી આવ્યા.

આવી રીતે ખરોષ્ઠી લિપિના ઘણાક અક્ષરોનો બોધ થયો, અને સાથે એ પણ જ્ઞાન થયુ કે આ લિપિ ડાબી બાજુથી જમણી બાજુએ વંચાય છે. તેથી એ પણ નિશ્ચય થયો કે આ લિપિ સેમેટિક વર્ગની છે, પણ તે સાથે તેની ભાષા કે જે વાસ્તવમાં બ્રાહ્મી લેખોની ભાષા માફક પ્રાકૃત જ હતી, તેને પહલવી માની લેવાની ભૂલ કરવામાં આવી આ પ્રકારે ગ્રીક લેખોની સહાયતાથી ખરોષ્ઠી લિપિના ઘણાક અક્ષરો તો જણાઈ ગયા પણ ભાષાના વિષયમા ભ્રાન્તિ થવાથી, પહલવીના નિયમો તરફ ધ્યાન રાખી લેખોને વાંચવાનો ઉદ્યોગ કરવાથી અક્ષરોને ઓળખવાની અશુદ્ધતા આવવા લાગી, જેથી થોડાક સમય પર્યંત તેનુ

કાર્ય અટકી પડયું પરંતુ ૧૮૩૮ માં બે આરૂટ્રીઅન ગ્રીક શિક્કાઓ ઉપર પાલી લેખો જોતાં જ બીજા શિક્કાઓની ભાષા પણ તે જ હશે એમ માની તેના નિયમાનુસાર તે લેખો વાચવાથી પ્રિંસેપનું કામ આગળ ચાલ્યું, અને એકંદર ૧૭ અક્ષરો તેમણે તેના ખોળી કાઢયા પ્રિંસેપની માફક મી નૉરિસે પણ આ વિષયમાં ઘટતી શોધ કરી એ લિપિના બીજા છ અક્ષરો નવા શોધી કાઢ્યા બાકી રહેલા થોડાક અક્ષરો જનરલ કનિંગહામે ઓળખી લીધા, અને તેમ કરી ખરોષ્ઠીની સંપૂર્ણ વર્ણમાળા તૈયાર કરી લેવામાં આવી

ભારતવર્ષની જૂનામાં જૂની લિપિઓનું જ્ઞાન મેળવવાનો સામાન્ય ઇતિહાસ આ પ્રમાણે છે ઉપરોક્ત વર્ણનથી આપણને જણાય છે કે લિપિ વિષયક શોધખોળમાં મી પ્રિંસેપની કામગિરી ઘણી મોટી છે એશિયાટિક સોસાઇટી તરફથી બહાર પડેલા "સેન્ટેનરી રિવ્યુ" નામના પુસ્તકમાં "એશ્યેંટ ઈંડીઅન અલ્ફાબેટ" વાળા આર્ટિકલના પ્રારંભમાં જ આ બાબત વિષે ડૉ હૉર્નેલ લખે છે કે —

'જૂના શિલાલેખોને ઉકેલવાનું અને તેનું ભાષાંતર કરવાનું સોસાઈટિનું અત્યુપયોગી કાર્ય સને ૧૮૩૪ થી ૧૮૩૯ સુધીમાં થયું હતું એ કાર્યની સાથે મી જેમ્સ પ્રિંસેપ, કે જે તે વખતે સોસાઈટિના સેક્રેટરી હતા તેમનું નામ સદાને માટે જોડાઈ રહેશે કારણ કે હિન્દુસ્તાન વિષયક જૂની લેખનકલા, ભાષા અને ઈતિહાસ સાથે સંબંધ ધરાવનારી અને આપણા આધુનિક જ્ઞાનના આધારભૂત એવી મોટી શોધો તે એક જ મનુષ્યના પુરૂષાર્થને લઇને અને તે પણ વળી આટલા અલ્પ સમયમાં થઈ હતી "

પ્રિન્સેપના પછી લગભગ વીસ વર્ષ સુધી પુરાતત્ત્વ સંશોધનના સૂત્રો જેમ્સ ફર્ગ્યુસન, મેજર કિટ્ટો, એડવર્ડ ટૉમાસ, અલેકઝાંડર કનિંગહામ, વાલ્ટર ઇલિયટ, મેડોઝ ટેલર, સ્ટીવન્સન, ડૉ. ભાઉ દાજી વિગેરેના હાથમાં રહ્યા આમાંના પહેલા ચાર વિદ્વાનોએ ઉત્તર હિંદુસ્તાનમાં, ઇલિયટ સાહેબે દક્ષિણ હિંદુસ્તાનમાં, અને પાછળના ત્રણે પશ્ચિમ હિંદુસ્તાનમાં કામ કર્યું હતું ફર્ગ્યુસન સાહેબે પુરાતન વાસ્તુવિદ્યા (Architecture) નું જ્ઞાન પ્રાપ્ત કરવામાં ઘણી મહેનત લીધી હતી, અને તેમણે આ વિષય ઉપર અનેક ગ્રંથો લખ્યા હતા આ વિષયનો તેમનો અભ્યાસ એટલો બધો આગળ વધી ગયો હતો કે તેઓ કોઇપણ ઇમારતને આંખેથી જોઇને જ સાધારણ રીતે તેનો સમય નિશ્ચિત કરી લેતા હતા મેજર કિટ્ટો બહુ વિદ્વાન્ તો ન હતો પણ તેની શોધક બુદ્ધિ બહુ તીક્ષ્ણ હતી જ્યાં બીજા અનેક વિદ્વાનોને કાંઇ પણ જડયું ન હતું ત્યાં જ તેણે પોતાની ગીધ જેવી ઝીણી દૃષ્ટિના બળે કેટલી યે ચીજો ખોળી કાઢી હતી તે ચિત્રકલામાં પણ નિપુણ હતો તેણે પોતાના હાથથી કેટલા યે સ્થાનોના ચિત્ર કાઢ્યા હતા અને તે પ્રકાશિત કર્યાં હતા. તેની આવી શિલ્પકળા વિષયક ઉંડી કુશળતા જોઇ સરકારે તેને બનારસ સંસ્કૃત કૉલેજનું મકાન તૈયાર કરાવવાનું કામ સોંપ્યું હતું તેણે આ કામમાં ઘણો પરિશ્રમ ઉઠાવ્યો હતો. આ પરિશ્રમને કારણે તેની તબીયત બગડી ગઈ અને આખર ઇંગ્લાંડમાં જઇ તે સ્વર્ગસ્થ

થયો ટૉમસ સાહેબે ખાસ કરીને પોતાનું લક્ષ્ય શિક્કાઓ તથા શિલાલેખો તરફ ખેંચ્યું. તેણે ઘણા પરિશ્રમ સાથે ઇ સ પૂર્વે ૨૪૬ થી લઇ ૧૫૫૪ સુધીનો ૧૮૦૦ વર્ષોનો પ્રાચીન ઇતિહાસ તારવી કાઢયો હતો. જનરલ કનિંગહામે પ્રિંસેપનું જ બાકી રહેલું કામ હાથમાં લીધું તેમણે બ્રાહ્મી તથા ખરોષ્ટી લિપિના સઘળા પ્રકારોનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કર્યું. દક્ષિણના ચાલુક્ય વંશનુ વિસ્તૃત જ્ઞાન લોકોની આગળ તેમણે જ પ્રથમ મૂક્યું. ટેલર સાહેબે ભારતની ભૂમિનિર્માણવિદ્યાનું જ્ઞાન મેળવ્યું અને સ્ટિવન્સને શિક્કાઓની શોધખોળ કરી. પુરાતત્ત્વ સંશોધનના કામમા પહેલવહેલી પ્રવીણતા જે ભારતવાસી વિદ્વાને મેળવી હતી તેમનુ નામ ડૉ ભાઉ દાજી હતું તેમણે અનેક શિલાલેખો ઉકેલ્યા અને પ્રાચીન ભારતના ઈતિહાસના જ્ઞાનમા ખૂબ વૃદ્ધિ કરી. એ વિષયમા બીજા નામાંકિત ભારતના વિદ્વાન તરીકે કાઠિયાવાડના વતની પંડિત ભગવાનલાલ ઇન્દ્રજીનુ નામ લેવુ જોઇએ. તેમણે પશ્ચિમ ભારતના ઇતિહાસમાં ઘણી અમૂલ્ય વૃદ્ધિ કરી છે. અનેક શિલાલેખો અને તામ્રપત્રો ઉકેલ્યાં હતાં. તેમની વિદ્વત્તાનું ખરૂ સ્મારક તો તેમણે ઉડીસાના ખંડગિરિ–ઉદયગિરિ વાળી હાથીગુફામાના સમ્રાટ્ ખારવેલના લેખને શુદ્ધ રીતે ઉકેલ્યો તે છે. બંગાલના વિદ્વાન ડૉ રાજેન્દ્રલાલ મિત્રનું નામ પણ આ વિષયમાં ખાસ ઉલ્લેખ કરવા યોગ્ય છે. તેમણે નેપાલના સાહિત્ય અને ઈતિહાસ વિષયમા આપણને ઘણુ જ્ઞાન આપ્યુ છે

આ બધુ કામ વિદ્વાનોએ ખાસ પોતાના શોખથી જ કીધુ હતું ત્યા સુધી સરકાર તરફથી એ વિષય માટે કોઇ ખાસ પ્રબંધ કરવામાં આવ્યો ન હતો. પરંતુ એ કામ એટલું બધું મહાભારત છે કે સરકારની ખાસ મદદ વગર સંપૂર્ણ થવું અશક્ય છે. અને ૧૮૪૪ માં લંડનની રૉયલ એશીઆટિક સોસાઈટીએ ઇસ્ટ ઈન્ડીઆ કંપનીને વિનતિ કરી કે આ કામમા સરકારે ખાસ મદદ કરવી જોઇએ અને સરકાર મારફત જ આ કામ થવુ જોઈએ. તેથી ૧૮૪૭ મા લોર્ડ હાર્ડિંજના પ્રસ્તાવથી બોર્ડ ઑફ ડાયરેક્ટર્સે આ કામમા ખર્ચ કરવાની મંજુરી આપી. પણ સન ૧૮૫૦ સુધીમા તેનુ વાસ્તવિક પરિણામ કાંઇ પણ ન આવ્યું. ૧૮૫૧ માં સંયુક્ત પ્રાંતના ચીફ એન્જીનીઅર કર્નલ કનિંગહામે એક યોજના ઘડીને સરકાર ઉપર મોકલી અને સાથે એ પણ સૂચવ્યુ કે જો ગવર્નમેંટ આ કામ તરફ લક્ષ્ય નહિ આપશે તો કદાચિત્ ફ્રેંચ અને જર્મન લોકો આ કામ ઉપાડી લેશે, અને તેમ થશે તો તેમાં અંગ્રેજોના યશની હાનિ થશે ક. કનિંગહામની આ સૂચનાનુસાર અને ગવર્નર જનરલની ભલામણથી ૧૮૫૨ માં આર્કિઓલૉજીકલ સર્વ્હે નામનું એક ડિપાર્ટમેન્ટ કાયમ કરવામાં આવ્યું અને ૨૫૦ રુપીઆ માસિક પગારે કનિંગહામ સાહેબની જ આ ડિપાર્ટમેન્ટના ડાયરેક્ટર તરીકે નેમણુક કરવામા આવી. આ યોજના સ્થાયી રૂપે ન હતી સરકારની ધારણા એમ હતી કે મોટાં મોટાં મહત્ત્વપૂર્ણ સ્થાનોનું યથાતથ વર્ણન, તત્સંબધી ઇતિહાસ અને કિંવદન્તીઓનો સંગ્રહ કરવામાં આવે. નવ વર્ષ સુધી સરકારની આ જ નીતિ ચાલૂ રહી હતી. તે દરમ્યાન કનિંગહામ સાહેબે પણ પોતાના નવ રિપોર્ટો બાહાર પાડયા

૧૮૭૧ થી સર (ની આ ધારણામા ધાર્ડ ફેરફાર થયો કનિંગહામના રિપોર્ટોથી સરકારની ખાત્રી થઈ કે આખુ હિન્દુસ્તાન મહત્ત્વપૂર્ણ સ્થાનોથી ભરેલુ છે અને તે બધાની શોધખોળ થવાની આવશ્યકતા છે એટલા માટે આખા હિન્દુસ્તાનની શોધખોળ કરવા માટે કનિંગહામ સાહેબને ડાયરેક્ટરને બદલે ડાયરેક્ટર-જનરલ બનાવ્યા અને તેમની મદદમાટે બીજા વિદ્વાનોની નેમણુંક કરી પ તુ ૧૮૭૪ સુધી એકલા કનિંગહામ સાહેબ જ ઉત્તર હિંદુસ્થાનમા શોધખોળનુ કામ કરતા હતા ૧૮૭૪ મા દક્ષિણ ભાગની ગવેષણા ક વા માટે ડૉ બર્જેસની યોજના ક વામા આવી

આ ડિપાર્ટમેન્ટનુ કામ કેવળ પ્રાચીન સ્થાનોની શોધ કરવાનુ હતુ, તેમનુ રક્ષણ કરવાનુ કામ પ્રાંતિક સરકારોને સ્વાધીન હતુ પણ પ્રાંતિક સરકારોએ આ તરફ લક્ષ્ય ન આપ વાથી અને પ્રાચીન સ્થાનો, સ રક્ષણના અભાવે, નષ્ટ થવા લાગ્યા આ દુર્દશા જોઇ લૉડ લિટને ૧૮૭૮ મા "ક્યુરેટર ઑફ એન્શ્યન્ટ મૉન્યુમેન્ટ્સ" નામના એક અધિકારીની નેમણુંક કરવાનો વિચાર કીધો તે અધિકારી માટે દરેક પ્રાન્તના સ રક્ષણીય સ્થાનોની યાદી તૈયાર કરી, તેમા ક્યા કયા સ્થાનો સુરક્ષિત રહી શકે છે, કયા કયા સ્થાનો મરામત ક વા લાયક તો નથી પણ હજી પૂરા નષ્ટ થયા નથી, અને કયા કયા મહત્ત્વપૂર્ણ સ્થાનો તદ્દન નષ્ટ થઈ ગયા છે, એ સઘળી વિગતો લખવાનુ કામ નિશ્ચિત કરવામા આવ્યુ આ યોજનાના સબ ધમા 'સેક્રેટરી ઑફ સ્ટેટ' ને લખવામા આ યુ પણ તેણે લૉર્ડ લિટનની યોજનાનો અ સ્વીકાર કર્યો અને આ કામ કરવાનો ભાર ડાયરેક્ટર ઉપર નાખવા જણા યુ પ તુ ૧૮૮૦ માં હિ દી સરકાર ભા તમ ત્રીને લખ્યુ કે ડાયરેક્ટર-જનરલને આ કામ કરવા જેટલી ફુરસદ નથી અને બીજો કોઈ ઉચિત પ્રબધ કર્યા સિવાય ઘણા મહત્વના સ્થાનો નષ્ટ થતા જાય છે ત્યારે ૧૮૮૧ થી લઈને ૧૮૮૩ સુધી મેજર કોલ આ ઈ ની કયુરેટર તરીકે નેમણું કરવામા આવી. આ ત્રણ વષમા એ કયુરેટરે " પ્રીઝર્વેશન ઑફ નેશનલ મો યુ મે ટ્સ ઓફ ઇ ડીઆ " નામના ત્રણ રિપોર્ટો પ્રકટ કર્યા તે પછી એ કયુરેટરનુ પદ કાઢી નાખવામા આવ્યુ

૧ને ૧૮૮૫ મા જનરલ કનિંગહામ સાહેબ પોતાના પદથી રિટાયર્ડ થયા ૧૮૬૨ થી ૧૮૮૫ સુધીમા તેમણે ૨૪ રિપોર્ટો બહાર પાડ્યા હતા આ રિપોર્ટો જોવાથી કનિંગહામ સાહેબના અલૌકિક પરિશ્રમનો ખ્યાલ આવી શકે છે આટલી યોગ્યતા સાથે આટલુ બધુ કામ ઘણા થો ા જ માણસોએ કર્યુ હશે તેમના પછી ડાયરેક્ટર-જનરલ તરીકે ડૉ બર્જેસની નેમણુંક ક વામા આવી ત્યા થી અન્વેષણની સાથે સરક્ષણનુ કામ પણ આ ખાતાને સોપ વામા આ યુ મ ર્વે ક વા માટે હિ દુસ્તાનના પાચ ભાગો કરવામા આવ્યા, અને દરેક ભાગ માટે એ સ ર્વેય ની યોજના કરવામા આવી મુબઇ, મદ્રાસ, રાજપુતાના અને સિધ સાથે પજાબ, મધ્ય પ્રદેશ અને વાયવ્ય પ્રાત સાથે મધ્ય ભારત, અને આસામ સાથે બ ગાળ, એમ પાચ ભાગો નિયત કરવામા આવ્યા, પરતુ સર્વેયર કેવળ ઉત્તર

ભારતના ત્રણ ભાગો માટે જ નિયત થયા. મુબઈ અને મદ્રાસ પ્રાન્તોનું કામ ડૉ. બર્જે-સના હાથમાં જ રહ્યુ.

આ સમય સુધી પણ સરકારની ઇચ્છા એ ખાતાને સ્થાયી કરવાની ન હતી. સરકારની સમજ એવી હતી કે પાંચ વરસમા આ કામ પુરૂ થઇ જશે. એટલા માટે પ્રાચીન લેખોને ઉકેલવા માટે એક યુરોપીઅન પંડિતની નેમણુક કરી અને સાથે દેશી વિદ્વાનોની પણ મદદ લેવાનો નિશ્ચય કર્યો.

૧૮૮૯ મા ડૉ બર્જેસ પણ પોતાના હોદ્દાથી ફારેગ થયા આથી એ ખાતાની હાલત ઉતરતી થવા લાગી. આ ખાતાના હિસાબની તપાસ કરવા માટે સરકારે કમિશન નીમ્યું. તેણે પોતાના રિપોર્ટમા ખર્ચની બાબતમાં કેટલીક કાપકૂપ કરવાની ભીફારસ કરી. હિન્દુસ્તાનના લાભ માટે થતા ખર્ચમા કાપકૂપ કરવાની સીફારસને સ્વીકારવા સરકાર હમ્મેશાં તૈયાર જ હોય છે એ કહેવાની ખાસ આવશ્યકતા નથી. ડૉ બર્જેસ પછી ડાયરેક્ટર જનરલનું સ્થાન ખાલી રાખવામાં આવ્યુ. બંગાલ અને પંજાબના સર્વેયરોને પણ રજા આપી. આટલુ ઓછુ કરીને પણ સરકારે ચાલૂ યોજનાને ફકત પાચ જ વર્ષ સુધી જારી રાખવાનુ જાહેર કર્યું. પણ સરકારી હુકમ માત્રથી જ કામ એકદમ કેમ થઇ શકે? ૧૮૯૦ થી ૧૮૯૫ સુધીના પાંચ વરસ આ ખાતા માટે ઘણી જ દીનદશામા વીત્યાં, અને કામ પણ પૂરૂં ન થયુ. ૧૮૯૫ થી ૧૮૯૮ સુધી સરકાર વિચાર જ કરતી રહી કે આ વિષયમાં શું કરવું જોઇએ ૧૮૯૮ માં તેનો એવો વિચાર થયો કે શોધખોળનુ કામ બધ કરીને હવે તો આ ખાતા પાસેથી ફક્ત સંરક્ષણનું જ કામ લેવુ જોઈએ. આ નવા વિચાર પ્રમાણે નીચે મુજબ પાચ ક્ષેત્રો નક્કી કરવામાં આવ્યાં.

(૧) મદ્રાસ અને કુર્ગ (૨) મુંબઇ, સિંધ અને બરાર
(૩) સંયુકત પ્રાંત અને મધ્યપ્રદેશ (૪) પંજાબ, બ્રિટિશ બલુચિસ્તાન અને અજમેર
(૫) બંગાલ અને આસામ

૧૮૯૯ ના ફેબ્રુઆરી માસની ૧ લી તારીખે એશિઆટિક સોસાયટિના સમારંભમાં લૉર્ડ કર્ઝને આ ખાતાને ખૂબ ઉન્નત કરવા માટેનો પોતાનો વિચાર જાહેર કર્યો. ત્યારબાદ ૧૯૦૧ માં વાર્ષિક એક લાખ રૂપીઆ ખર્ચ કરવાની આ ખાતાને મજુરી આપવામા આવી, અને ડાયરેક્ટર-જનરલની ફરીથી નેમણુંક કરવામા આવી. સન ૧૯૦૨ માં નવા ડાયરેક્ટર-જનરલ માર્શલ સાહેબ હિંદુસ્તાનમાં આવ્યા. ત્યારથી આ ખાતાનો નવો ઈતિહાસ શરૂ થાય છે તે આજે કહેવાનું કામ મારૂ નથી. જ્યારે એ ખાતા ઉપર આપણી સત્તા થશે ત્યારે એના ઇતિહાસનુ આપણે અવલોકન કરીશું.

ઇંગ્રેજ સરકારના આ કામનું ઉદાહરણ લઈ કેટલાંક દેશી રાજ્યોએ પણ પોતાનાં રાજ્યોમા આ વિષયના ડિપાર્ટમેટો ખોલ્યાં છે ભાવનગર સંસ્થાને કેટલાક પંડિતોદ્વારા કાઠિયાવાડ, ગૂજરાત અને રજપુતાનાના અનેક શિલાલેખો અને દાન પત્રોની નકલો મેળવી “ભાવનગર પ્રાચીન શોધ સગ્રહ” ના નામે એક પુસ્તક દ્વારા તેમને પ્રકાશિત કરી છે.

કાઠિયાવાડના આગળના પૉલિટિકલ એજંટ કર્નલ વૉટ્સનને પ્રાચીન વસ્તુઓ ઉપર બહુ પ્રેમ હતો, તેથી કાઠિયાવાડના કેટલાક રાજાઓએ મળીને રાજકોટમાં "વૉટસન મ્યુઝીઅમ" નામનું પરાણુ-વસ્તુ-સંગ્રહાલય સ્થાપ્યું જેમાં કેટલાક લેખો, તામ્રપત્રો, પુસ્તકો, શિક્કાઓ આદિનો સારો સંગ્રહ થયેલો છે. માઇસોર રાજ્યે પણ આવું એક સંગ્રહાલય સ્થાપ્યું છે, અને સાથે આર્કિઑલૉજીકલ ડિપાર્ટમેંટ પણ સ્વતંત્ર રીતે ઉઘાડયું છે, જે દ્વારા આજ સુધીમાં અનેક રિપોર્ટો, પુસ્તકો અને લેખસંગ્રહો છપાઈ પ્રસિદ્ધ થયા છે ત્યાંથી એપિગ્રાફિઆ કર્નાટિકા નામની એક સીરિઝ નીકળે છે જેની અંદર હજારો શિલાલેખો-તામ્રપત્રો ઇત્યાદિ પ્રસિદ્ધ થયા છે. ત્રાવણકોર, હૈદરાબાદ અને કાશ્મીર ના રાજ્યોએ પણ આ કામ સ્વતંત્ર રીતે કરવા માંડયું છે એ સિવાય, ઉદયપુર, ઝાલાવાડ, ગ્વાલીઅર, ભોપાળ, વડોદરા, જુનાગઢ, ભાવનગર, આદિ રાજ્યોમાં પણ સ્થાનિક સંગ્રહાલયો થતાં જાય છે.

બ્રીટિશ રાજ્યમાં સરકાર અને બીજી સંસ્થાઓ અથવા સ્વતંત્ર વ્યક્તિઓ દ્વારા થયેલા પુરાણુ-વસ્તુ-સંગ્રહને મુંબઈ, મદ્રાસ, કલકત્તા, નાગપુર, અજમેર, લાહોર, લખનૌ, મથુરા, સારનાથ, પેશાવર, આદિ સ્થળોના પદાર્થ-સંગ્રહાલયોમાં સુરક્ષિત રાખવામાં આવે છે, તેમજ ઘણીક વસ્તુઓને લંડનના બ્રીટિશ મ્યુઝિઅમમાં મોકલવામાં આવે છે. એ બધી વસ્તુઓના તે તે સંસ્થા દ્વારા પ્રકટ કરવામાં આવતા રિપોર્ટો અને કેટલૉગોમાં વર્ણન આપેલા હોય છે. શિલાલેખો, તામ્રપત્રો અને શિક્કાઓ એ વિષયના ખાસ જુદા પુસ્તકો અને ગ્રંથમાળાઓ પણ પ્રકટ થાય છે.

જેવી રીતે હિંદુસ્તાનમાં આ પ્રમાણે પુરાતત્ત્વની ગવેષણાનું કામ ચાલે છે, તેવી રીતે યુરોપમાં પણ ચાલે છે. ફ્રાંસ, જર્મની, ઑસ્ટ્રિયા, ઇટલિ, રશીયા આદિ રાજ્યોએ પોતપોતાના રાજ્યોમાં એ વિષય માટે સ્વતંત્ર સોસાઇટિયો, ઍકેડેમીઓ, વીગેરે સ્થાપેલી છે અને ત્યાંના પણ અનેક વિદ્વાનોએ હિન્દુસ્તાનના સાહિત્ય અને ઇતિહાસને પ્રકાશમાં આણવા ઘણો પરિશ્રમ ઉઠાવ્યો છે. નષ્ટપ્રાય થતા આપણા હજારો ગ્રંથોને તેમણે ઉદ્ધર્યા છે અને સંગ્રહ્યા છે, વાંચ્યા છે અને છપાવ્યા છે. સંસ્કૃત અને પ્રાકૃત સાહિત્યને પ્રકાશમાં આણવાનું જેટલું કામ જર્મન વિદ્વાનોએ કર્યું છે તેટલું બીજા કાઇએ કર્યું નથી. તુલનાત્મક ભાષાશાસ્ત્રને જેટલું જર્મનોએ ખીલવ્યું છે તેનો શતાંશ પણ બીજાઓએ ખીલવ્યું નથી. બીજી પણ બધી મૌલિક શોધો મોટે ભાગે જર્મન વિદ્વાનોના હાથે જ થયેલી છે. અંગ્રેજોનો હિંદુસ્તાન સાથે ખાસ સંબંધ હોવાથી જ તેઓ આ વિષયમાં થોડું ઘણું કરવાનો ડોળ કરે છે એટલું જ. અસ્તુ.

આ પ્રમાણે દેશ અને વિદેશમાં વ્યક્તિ અને સંસ્થાએ કરેલા પુરાતત્ત્વાનુસંધાનથી આપણી પ્રાચીન સંસ્કૃતિના ઘણાક અજ્ઞાત અધ્યાયો લખાયા છે, અને લખાય છે. શિશુનાગ, નંદ, મૌર્ય, ગ્રીક, શાતકર્ણી, શક, પાર્થિઅન, કુશન, ક્ષત્રપ, આભીર, ગુપ્ત, હૂણ,

યૌધેય, ખેસ, લિચ્છવી પરિવ્રાજક, વાકાટક, મૌખરી, મૈત્રક, ગુહિલ, ચાવડા, ચાલુક્ય, પ્રતિહાર, પરમાર, ચાહમાન, રાષ્ટ્રકૂટ, કચ્છવાહા, તોમર, કલચૂરી, ત્રૈકુટક, ચંદેલા, યાદવ, ગુર્જર, મિહિર, પાલ, સેન, પલ્લવ, ચોલ, કદંબ, શિલાર, સેંદ્રક, કાકતીય, નાગ, નિકુંભ, બાણ, મત્સ્ય, શાલંકાયન, શૈલ, મૂષક આદિ અનેક પ્રાચીન રાજવંશો કે જેમના વિષયમા એક અક્ષર જેટલું પણ આપણે જાણતા ન હતા તેમના વિસ્તૃત ઇતિહાસો જાણવામા આવ્યા છે. અનેક જાતિ, ધર્મ, સંપ્રદાય, ધર્માચાર્ય, વિદ્વાન્, ધનવાન્. દાની અને વીર પુરૂષોના વૃત્તાન્તોનો પરિચય થયો છે; અને અસંખ્ય પ્રાચીન નગર, મંદિર, સ્તૂપ, અને જળાશયોની હકીકતો મળી છે. સો વર્ષ પહેલા આપણે આમાનું કંઈ પણ જાણતા ન હતા.

આ ઉપરથી સ્પષ્ટ સમજી શકાય એમ છે કે પુરાતત્ત્વના સંશોધનનું કેટલું બધું મહત્ત્વ છે. તે દેશના ઇતિહાસને શુદ્ધ અને સંપૂર્ણ બનાવે છે. તેનાથી પ્રજાના ભૂતકાળનુ યથાર્થ જ્ઞાન થાય છે, અને ભવિષ્યકાળમા કયે માર્ગે જવું તેનું ખરૂ સૂચન મળે છે.

વિદ્વાનોનો અભિપ્રાય છે કે પુરાતત્ત્વ સંબંધી જે કામ અદ્યાપિ થયું છે તે ભારતવર્ષની વિશાલતા અને વિવિધતા તરફ લક્ષ્ય કરતા હજી બાળપોથીનું પહેલુંજ પાનું ઉઘાડવામાં આવ્યુ છે એમ કહેવામા કોઈ પણ જાતની અત્યુક્તિ થતી નથી આ દેશમાં એટલી બધી વસ્તુઓ છુપાયલી, દટાયલી, ખોવાયલી પડી છે કે જ્યારે સેંકડો વિદ્વાનો સૈકાઓ સુધી પરિશ્રમ કર્યો કરશે ત્યારે જ તેમને પ્રકાશમા લાવી શકશે

ભારતના રાષ્ટ્રીય જીવનના નવીન ઇતિહાસ માટે બંધાયેલા કોરા પુસ્તકમા "ૐ નમ" લખવાનુ મોટુ માન ગૂજરાતને મળે એવો ઈશ્વરીય સંકેત દેખાય છે. તેથી રાષ્ટ્રીય ઇતિહાસના દરેક અધ્યાયમાં ગૂજરાતનો આદિ ઉલ્લેખ આવે એમ જો આપણે ઇચ્છીએ તો દરેક વિષયમા આપણે પ્રગતિ કરવી જોઇએ; અને એવા જ કોઈ અજ્ઞાત સંકેતથી આપણે રાષ્ટ્રીય શિક્ષણ મંદિરની સાથે પુરાતત્ત્વ મંદિરની પણ સ્થાપના કરી છે. એને સફળ બનાવવાનુ લક્ષ્ય આપણા દરેક વિદ્યાર્થીમા પ્રભુ ઉત્પન્ન કરે એમ ઇચ્છી હુ મારૂં વ્યાખ્યાન સમાપ્ત કરૂં છું.*

---

* પુરાતત્ત્વ મંદિર ગ્રંથાવલીમા પ્રકટ થએલ "આર્યવિદ્યા વ્યાખ્યાનમાળા" નામના પુસ્તકમાથી આ વ્યાખ્યાન અત્ર ઉદ્ધૃત કરવામા આવ્યુ છે.

વૈશાલીના ગણસત્તાક રાજ્યનો નાયક
રાજા ચેટક

જૈન સાહિત્યમા વૈશાલીનો રાજા ચેટક ઘણી રીતે પ્રસિદ્ધ છે શ્રમણ ભગવાન્ મહાવીરે પ્રચારેલા ધર્મના એક મહાન્ ઉપાસક તરીકે તો તેની ખ્યાતિ છે જ, પરંતુ બીજી રીતે વ્યાવહારિક પ્રસગોથી પણ તેની તેટલી જ પ્રસિદ્ધિ છે એ પ્રસિદ્ધિનુ પહેલુ કારણ તો એ છે કે જૈન ધર્મના છેલ્લા તીર્થંકર નિર્ગ્રંથ જ્ઞાતપુત્ર શ્રી મહાવીરના ઘરાણા સાથે તેનો બેવડો સબધ હતો શ્રી મહાવીરની માતા ત્રિશલા ક્ષત્રિયાણી એ ચેટકની સગી બહેન થતી હતી અને એ ત્રિશલાના મોટા પુત્ર અને મહાવીરના મોટા ભાઈ નદિવર્ધન સાથે એની વચલી પુત્રી નામે જેષ્ઠાએ લગ્ન કર્યા હતા બીજુ કારણ જેવી રીતે મહાવીરના ઘરાણા સાથે એનો કૌટુબિક સબધ હતો તેવી જ રીતે તત્કાલીન ભારતના બીજા કેટલાક પ્રધાન રાજવશો સાથે પણ એનો સગપણનો સબધ બધાએલો હતો સિંધુસૌવીરનો રાજા ઉદ્રાયણ અવતીનો રાજા પ્રદ્યોત, કૌશાબીનો રાજા શતાનિક, ચપાનો રાજા દધિવાહન અને મગધનો રાજા બિંબિસાર એ બધા એના જમાત થતા હતા જૈન સાહિત્યમા કુણિક અથવા કોણિકના અને બૌદ્ધસાહિત્યમા અજાતશત્રુના નામે પ્રસિદ્ધ પામેલો મગધનો સમર્થ સમ્રાટ્, તથા સામાન્ય રીતે જૈન, બૌદ્ધ અને બ્રાહ્મણ–ત્રણે સપ્રદાયના કથાસાહિત્યમા વ્યાપક થએલો ઉદયન વત્સરાજ, એ ચેટકના સગા દૌહિત્ર થતા હતા ત્રીજુ તે વખતે હયાતી ધરાવતા ભારતના ગણસત્તાક રાજ્યોમાના એક પ્રધાન રાજ્યતત્રનો તે વિશિષ્ટ નાયક કહેવાતો હતો અને છેલ્લુ જૈન પરપરા પ્રમાણે આખા આર્યાવર્તમા ક્યારે યે નહી થએલી એવી એક ભયકર જનનાશક લડાઇ એને લડવી પડી હતી જેમા એનો પ્રતિપક્ષી, એનો પોતાનો જ સગો દૌહિત્ર મગધરાજ અજાતશત્રુ હતો!

જૈન પરપરામા આટલી બધી પ્રસિદ્ધિ મેળવનાર અને ઉક્ત રીતે તત્કાલીન ભારતમા એક મહત્ત્વનુ સ્થાન પ્રાપ્ત કરનાર એ ભારતના વિષયમા જૈન સાહિત્ય સિવાય અન્યત્ર ક્યાયે ઉલ્લેખ મળી આવતો ન હોવાથી ઐતિહાસિકોની દૃષ્ટિમા હજી એનુ અસ્તિત્વ ધ્યાન ખેચવા લાયક રીતે અંકિત થયુ નથી બ્રાહ્મણ સપ્રદાયના સાહિત્ય તરફ નજર કરીએ છીએ ત્યારે તેમા, એ સમયના ભારતના મગધ, કોશલ, કૌશાબી અને અવતી જેવા રાજસત્તાક રાજ્યોની તો નાની મોટી નોંધો લખાએલી મળી આવે છે ખરી, પણ વૈશાલી જેવુ સ્થાન કે જેમા ગણસત્તાક રાજ્યપદ્ધતિ ચાલતી હતી તેનો નામનિર્દેશ પણ તેમા ભાગ્યે જ જડી આવે છે

બૌદ્ધ સાહિત્યમા વૈશાલી અને ત્યા આધિપત્ય ભોગવતી લિચ્છવી નામની ક્ષત્રિય જાતિના સબધમા ઘણી ઘણી વાતો લખેલી મળી આવે છે, પરંતુ એ સ્થાન અને એ

'શ્રમણ ભગવાન મહાવીરની માતા—જેનું વાસિષ્ઠ ગોત્ર હતું, તેના ત્રણ નામ હતા એમ કહેવાય છે જેમ કે ૧ ત્રિશલા, ૨ વિદેહદિન્ના, અને ૩ પ્રિયકારિણી' 'વિદેહદિન્ના' ના વ્યુત્પત્યર્થ ઉપરથી જણાય છે કે તેનો જન્મ વિદેહના ગણકુળમાં થયો હતો માતાના આ કુળ સૂચક નામ ઉપરથી મહાવીરનું પણ એક નામ વૈદેહદિન્ન હતું જેનો ઉલ્લેખ આચારાંગ સૂત્રમાં ઉપર્યુક્ત સૂત્ર પછી તરત જ કરવામાં આવેલો છે જેમકે—

समणे भगवं महावीरे नाए नायपुत्ते नायकुलनिव्वत्ते विदेहे विदेहदिन्ने विदेहजच्चे विदेहसूमाले (पृ ४२२)

આ બંને અવતરણો કલ્પસૂત્રમાં પણ અવિકલરૂપે ઉદ્ધૃત થએલા છે ત્યાં ટીકાકારો विदेहदिन्नની વ્યાખ્યા આ પ્રમાણે કરે છે विदेहदिन्ना त्रिशला तस्या अपत्यं वैदेहदिन्नः । આગળ ઉપર આપણે જોઇશું કે વૈશાલી એ એક વિદેહનો જ ભાગ હતો અને તેથી ચેટકનું ઘરાણું વિદેહ રાજકુળ તરીકે લેખાય એ સ્પષ્ટ જ છે આ રીતે મહાવીરની માતા ત્રિશલા વિદેહ રાજકુળના ચેટકની બ્હેન થતી હતી તે ઉક્ત આવશ્યકચૂર્ણિ અને આચારાંગના ઉલ્લેખ ઉપરથી સ્પષ્ટ થઈ જાય છે

ત્રિશલાના મોટા પુત્ર અને મહાવીરના મોટા ભાઇ નન્દિવર્ધનની સ્ત્રી ચેટકની પુત્રી થતી હતી તેનો એક ઉલ્લેખ તો ઉપર આવી ગયો છે બીજો ઉલ્લેખ પણ એજ આવશ્યકચૂર્ણિમાં આગળ ઉપર થએલો છે જેમાં ચેટકની કઇ પુત્રીએ કોની સાથે લગ્ન કર્યાં તેની નોંધ લેવામાં આવી છે એ નોંધ પ્રમાણે ચેટકને એકંદર સાત પુત્રીઓ હતી જેમાંથી છના લગ્ન થયા હતા અને એક કુમારિકા જ રહી હતી એ સાત પુત્રીઓમાંથી પાંચમી પુત્રી જેનું નામ જ્યેષ્ઠા હતું તેનું લગ્ન નન્દિવર્ધન સાથે થયું હતું ઉલ્લેખ આ પ્રમાણે છે

'जट्ठा कुडग्गामे वद्धमाणसामिणो जट्ठस्स नन्दिवद्धणस्स दिन्ना'

જ્યેષ્ઠા [નામે કન્યા] કુંડગ્રામમાં વર્ધમાન (મહાવીરનું મૂળ નામ) સ્વામિના જ્યેષ્ઠ [બંધુ] નન્દિવર્ધનને આપી હતી' આ ઉલ્લેખ આચાર્ય હેમચન્દ્ર પોતાના મહાવીરચરિત્રમાં પણ કરેલો છે –

कुण्डग्रामाधिनाथस्य नन्दिवर्धनभूभुजः ।
श्रीवीरनाथज्येष्ठस्य, ज्येष्ठा दत्ता यथारुचि ॥[1]

શ્રી મહાવીરના મોટા ભાઇનું નામ નન્દિવર્ધન હતું તેનો પણ ઉલ્લેખ તો આચારાંગ અને કલ્પસૂત્ર—એમ બંને મૂળ સૂત્રોમાં આવેલો છે,—યથા

समणस्स णं भगवओ महावीरस्स जिट्ठे भाया नन्दिवद्धणे कासवगुत्तेणं । (आचारांग पृ० ४२२, કલ્પસૂત્રમાં પણ આજ પાઠ છે)

---

૧ ભાવનગરની જૈન ધર્મ પ્રસારક સભાએ છપાવેલ ત્રિષષ્ઠીશલાકા પુરુષચરિત્રના ૧૦ પર્વનું પૃષ્ઠ ૭૭

[કેટલાક દેશો અને કેટલીક જાતોમાં મામાની કન્યા ઉપર ભાણેજનો પ્રથમ હક્ક હોય એમ પ્રચલિત રીવાજ અને જૂનાં પ્રમાણો ઉપરથી સ્પષ્ટ જણાઈ આવે છે. મહારાષ્ટ્રમાની મરાઠા જાતિમાં ખાસ કરીને આજે પણ એ રીવાજ ચાલૂ છે. આવશ્યક સૂત્રની ટીકામા હરિભદ્રસૂરિએ એક ઠેકાણે 'દેશકથા' નું વર્ણન કરતાં જૂની ગાથા ઉતારી છે જેમાં જણાવ્યું છે કે દેશ દેશના રીત રીવાજો જુદા જુદા હોઈ કોઈ દેશમાં જ્યારે એક વસ્તુ ગમ્ય કે સ્વીકાર્ય હોય છે ત્યારે બીજા દેશમાં તે જ બાબત અગમ્ય કે અસ્વીકાર્ય હોય છે. ઉદાહરણાર્થ-જેમ અંગ અને લાટ દેશના લોકોને માતુલદુહિતા એટલે મામાની છોકરી ગમ્ય હોય છે ત્યારે ગોડ દેશના લોકો માટે તે ભગિની હોઈ અગમ્ય છે. ગાથા આ પ્રમાણે-

छन्दो गम्मागम्मं जह माउलदुहियमग-लाडाण।
अण्णेसि सा भगिणी गोलाइण अगम्मा उ ॥

જેમ મહાવીરની મામાની પુત્રીએ પોતાની ફૂઈના પુત્ર નન્દિવર્ધન સાથે લગ્ન કર્યાં હતાં તેમ ખુદ મહાવીરની પુત્રી પ્રિયદર્શનાનાં લગ્ન પણ તેની સગી ફૂઈ સુદર્શનાના પુત્ર જમાલિ નામના ક્ષત્રિય કુમાર સાથે થયાં હતાં જેનો ઉલ્લેખ ઘણા પ્રાચીન અર્વાચીન ગ્રંથોમાં થએલો છે. આવશ્યક સૂત્રના ભાષ્ય, ચૂર્ણિ. ટીકા આદિમાં પણ એ બાબતની સ્પષ્ટ નોંધ છે. યથા—

कुण्डपुरनगरं तत्थ जमाली सामिस्स भाइणिज्जो.. तस्स भज्जा सामिस्स दुहिता। (હરિભદ્ર કૃત આવશ્યક સૂત્ર ટીકા. પૃ૪, ૩૧૨)]

૨. ભારતનાં બીજાં કેટલાંક પ્રધાન રાજ્યો સાથે ચેટકનો કૌટુંબિક સંબંધ.

ઉપરના ભાગમાં જણાવ્યા પ્રમાણે ચેટકને એકંદર સાત પુત્રીઓ હતી જેમાં એક તો કુમારિકા જ રહી હતી અને બાકીની છનાં. ભારતના તે વખતના જુદા જુદા નામાંકિત રાજાઓ સાથે લગ્ન થયાં હતાં. એ પુત્રીઓ અને જેમની સાથે તેમનાં લગ્ન થયા તે રાજાઓ વિગેરેનો ટુંક ઉલ્લેખ આવશ્યક ચૂર્ણિમા નીચે પ્રમાણે કરેલો છે.

एतो य वेसालीए नगरीए चेडओ राया हेहयकुलसभूतो। तस्स देवीणं अण्णमण्णाणं सत्त धूताओ। पभावती, पउमावती, मिगावती सिवा, जेट्ठा, सुजेट्ठा, चेलण त्ति। सो चेडओ सावओ परवीवाहकरणस्स पच्चक्खात। धृताओ ण देति कस्स त्ति। ताओ माति मिस्सगाओ रायं सापुच्छित्ता अण्णेसिं अच्छितकाणं सरिसगाण देन्ति। पभावती वीतिभए उद्दायणस्स दिण्णा, पउमावती चपाए दहिवाहणस्स, मिगावती कोसवीए सताणियस्स, सिवा उज्जेणीए पज्जोतस्स जेट्ठा कुंडग्गामे वद्धमाणसामिणो जेट्ठस्स नन्दिवद्धणस्स दिण्णा। सुजेट्ठा चेल्लणा य देवकारिओ अच्छति।[1]

અર્થાત્—'વૈશાલી નગરીમાં હેહયવંશમા જન્મેલો ચેડગ (ચેટક) નામે રાજા તેને

[1] થોડા અક્ષરોના ફેરફાર સાથે આનો આ જ ઉલ્લેખ હરિભદ્રવાળી આવશ્યક ટીકામા પણ આવેલો છે. જુઓ આગમોદય સમિતિદ્વારા પ્રકાશિત એ ટીકા, પૃ૪ ૬૭૬-૭

જુદી જુદી રાણીઓથી સાત પુત્રીઓ થઈ–૧ પ્રભાવતી, ૨ પદ્માવતી ૩ મૃગાવતી, ૪ શિવા, ૫ જ્યેષ્ઠા, ૬ સુજ્યેષ્ઠા, અને ૭ ચેલ્લણા તે ચેટગ શ્રાવક હોવાથી તેણે કોઇના પણ લગ્ન ન કરવાની પ્રતિજ્ઞા લીધેલી હતી, તેથી તે પોતાની પુત્રીઓના લગ્ન નથી કરતો, આથી તે પુત્રીઓની માતાઓએ રાજાની અનુમતિ મેળવી પોતાને ઇચ્છિત અને પુત્રીઓને સદૃશ એવા રાજાઓને તે કન્યાઓ આપી જેમ ૧ પ્રભાવતી વીતિભયના ઉદાયનને, ૨ પદ્માવતી ચંપાના દધિવાહનને, ૩ મૃગાવતી કૌશાંબીના શતાનીકને, ૪ શિવા ઉજ્જયિનીના પ્રદ્યોતને, અને ૫ જ્યેષ્ઠા કુડગામમાં વર્દ્ધમાન સ્વામિના મોટા ભાઈ નંદિવર્દ્ધનને પરણાવી હતી સુજ્યેષ્ઠા અને ચેલ્લણા [ત્યાં સુધી] કુમારિકા જ હતી ' આની આ જ હકીકત આચાર્ય હેમચંદ્રે પણ મહાવીર ચરિત્રમાં, પોતાના શબ્દોમાં આ પ્રમાણે નોંધી છે–

इतश्च वसुधावधूना मौलिमाणिक्यसन्निभा ।
वैशालीति श्रीविशाला नगर्यस्त्यगरीयसी ॥
आखण्डल इवाखण्डशासन पृथिवीपति ।
चेटीकृतारिभूपालस्तत्र चेटक इत्यभूत् ॥
पृथग्राज्ञीभवास्तस्य बभूवु सप्त कन्यका ।
सप्तानामपि तद्राज्याङ्गाना सप्तेव देवता ॥
प्रभावती पद्मावती मृगावती शिवापि च ।
ज्येष्ठा तथव सुज्येष्ठा चिल्लणा चेति ता क्रमात् ॥
चेटकस्तु श्रावकोऽयविवाहनियम वहन् ।
ददौ कन्या न कस्मैचिदुदासीन इव स्थित ॥
तन्मातर उदासीनमपि ह्यापृच्छ्य चेटकम् ।
वराणामनुरूपाणा प्रददु पञ्च कन्यका ॥
प्रभावती वीतभयेश्वरोदायनभूपते ।
पद्मावती तु चपशद्दधिवाहनभूभुज ॥
कौशाम्बीशशतानीकनृपस्य तु मृगावती ।
शिवा तूज्जयिनीशस्य प्रद्योतपृथिवीपते ॥
कुण्डग्रामाधिनाथस्य नन्दिवर्धनभूभुज ।
श्रीवीरनाथज्येष्ठस्य ज्येष्ठा दत्ता यथारुचि ॥
सुज्येष्ठा चिल्लणा चापि कुमार्यावेव तस्थतु ॥
रूपश्रियोपमाभूते ते द्वे एव परस्परम् ॥[१]

આ છેલ્લી બન્ને પુત્રીઓ જે કુમારિકા રહેલી છે તેમાંથી ચેલ્લણા મગધના રાજા શ્રેણિક સાથે કેમ પરણે છે અને સુજ્યેષ્ઠા કુમારિકાવસ્થામાં જ જૈન ભિક્ષુણી કેમ થઈ જાય છે તેની હકીકત આગળ ઉપર જોઈશું એ પહેલાં પાંચે પરણીત પુત્રીઓના વિષયમાં જરા વધારે વિસ્તારથી તપાસ કરીએ આ પાંચમાંથીયે વયથી કનિષ્ઠ પણ નામથી જ્યે

---

૧ મહાવીરચરિત્ર, ૫૮–૭૧

થાના વિષયમા તો ઉપર જે નોધ લીધી છે તે કરતાં વધારે કાઇ હકીકત જૈનગ્રંથકારો આપતા નથી. તેથી હવે ચાર જ પુત્રીઓની હકીકત આપણે જાણવાની રહી.

પ્રભાવતી.

ઉપર આપેલા ઉતારા પ્રમાણે ચેટકની પ્રથમ પુત્રીનું નામ પ્રભાવતી હતું અને તે વીતિભયના ઉદાયન વેરે પરણી હતી આ ઉદાયનનો ઉલ્લેખ ઘણા જૈન ગ્રંથોમાં થએલો છે. સૌથી જૂનો ઉલ્લેખ ખાસ ભગવતી નામના સુપ્રસિદ્ધ સૂત્રમાથી મળી આવે છે. એ સૂત્રના ૧૩ મા શતકના, ૬ ઠા ઉદ્દેશકમા, એના દેશસ્થાનાદિની નોંધ આ પ્રમાણે લેવાએલી છે

तेण कालेण तेण समयेण सिंधुसोवीरेसु जणवएसु वीतीभए नाम नगरे होत्था। तस्स ण वीतीभयस्स नगरस्स बहिया उत्तरपुरच्छिमे दिसीभाए एत्थ णं मियवणं नामं उज्जाणे होत्था। तत्थ ण वीतीभए नगरे उदायणे नाम राया होत्था.. तस्स.. रन्नो पभावती नाम देवी होत्था...तस्स णं उदायणस्स रन्नो पुत्ते पभावतीए देवीए अत्तए अभीतिनाम कुमारे होत्था।. तस्स ण उदायणस्स रन्नो नियए भायणेज्जे केसी नामं कुमारे होत्था।...से ण उदायणे राया सिंधुसोवीरप्पामोक्खाणं सोलसण्ह जणवयाण वीतीभयप्पामोक्खाण तिण्ह तेसट्ठीणं नगरागरसयाण महासेणप्पामोक्खाण दसण्हं राइण बद्धमउडाण विदिन्नछत्तचामरवालवीयणाणं अन्नेसिं च बहूणं राईसरतलवर जाव सत्थवाहप्पभिईणं आहेवच्चं जाव कारेमाणे पालेमाणे समणोवासए अभिगय जीवाजीवे जाव विहरइ।[1]

તાત્પર્યાર્થ—તે કાલ અને તે સમયમાં, સિંધુસોવાર નામના દેશમાં વીતિભય નામે એક શહેર હતું. તે શહેરની ઉત્તર-પૂર્વ બાજૂએ મૃગવન નામે નગરોદ્યાન હતું. તે વીતિભય શહેરમા ઉદાયન નામે રાજા હતો, તે રાજાની પ્રભાવતી નામે પટરાણી હતી. તેને અભીતિ નામે પુત્ર હતો. તે ઉદાયન રાજાને કેસી નામે એક કુમાર ભાણેજ હતો. એ ઉદાયન રાજા સિંધુસોવીર આદિ સોળ જનપદ, વીતિભય આદિ ત્રણસો ત્રેંસઠ નગર અને આકર (ખાણ) તથા મહાસેન પ્રમુખ દશ મોટા મુકુટબદ્ધ રાજાઓનો, તેમ જ બીજા અનેક નગરરક્ષક, દણ્ડનાયક, શેઠ, સાર્થવાહ આદિ જનસમૂહનો સ્વામી હતો. એ શ્રમણોપાસક અર્થાત્ જૈનશ્રમણોનો ઉપાસક હતો અને જૈનશાસ્ત્ર પ્રતિપાદિત જીવ અજીવ આદિ તત્ત્વ-પદાર્થનો જાણકાર હતો ઇત્યાદિ

આ સૂત્રપાઠ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે ચેટકની મોટી પુત્રી પ્રભાવતીનાં લગ્ન વીતિભયના ઉદાયન સાથે થએલાનો જે ઉલ્લેખ આવશ્યક ચૂર્ણિમા કરેલો છે તે પરંપરાને બરાબર અનુસરતો છે આ સૂત્ર પાઠમાં ઉદાયનને જે મહાસેન પ્રમુખ દશ મુકુટબદ્ધ રાજાઓનો સ્વામી જણાવ્યો છે તે હકીકત ખાસ વિચારવા જેવી છે મહાસેન સિવાયના બીજા કયા નવ રાજા એના આજ્ઞાંકિત હતા તેની નોંધ તો કોઇ પણ જૈન ગ્રંથમા મારા જેવામા આવી નથી. પણ મહાસેન શી રીતે એનો આજ્ઞાકિત થયો તેની કથા ઘણા

૧ આગમોદયસમિતિદ્વારા પ્રકાશિત ભગવતી સૂત્ર, પૃષ્ઠ ૬૧૮.

ગ્રંથોમા આપેલી છે આ મહાસેન, તે ઇતિહાસપ્રસિદ્ધ અવન્તીનો રાજા તે જ મહાસેન છે જેનુ વધારે પ્રખ્યાતિ પામેલુ નામ પ્રદ્યોત અથવા ચડપ્રદ્યોત છે અવતીના એ મહાસેન ઉપર ઉદાયને જે નિમિત્તથી ચઢાઈ કરી એને પરાજિત્ત કર્યો તેનુ વર્ણન, આવશ્યક ચૂર્ણિ અને ટીકા બનેમા દશપુરનગરની ઉત્પત્તિ બતાવતા કરેલુ હોઈ તેનો સારાશ આ પ્રમાણે છે —

એક વખતે કેટલાક મુસાફરો સમુદ્રની યાત્રા કરતા હતા સમુદ્રમા ખૂબ તોફાન થવાથી તેમનુ વહાણુ ખરાબે ચઢયું અને કોઈ પણ રીતે તે આગળ વધતું ન હતું તેથી લોકો બહુ ગભરાયા તેમની આ દશા એક દેવના જોવામા આવી અને તેથી પોતાની શક્તિ વડે તે વહાણને ખરાબામાથી બહાર કાઢી રસ્તે પાડ્યું અને વળી તે લોકોને મહાવીર તીર્થંકરની ચદનકાષ્ઠની બનાવેલી એક મૂર્તિ-જે તે દેવે જાતે જ બનાવી હતી— લાકડાની પેટીમા બધ કરીને આપી અને કહ્યુ કે આમા દેવાધિદેવની મૂર્તિ મુકેલી છે એના પ્રભાવથી તમે સહિસલામત રીતે સમુદ્રપાર જઇ શકશો થોડા જ દિવસોમા એ વહાણુ સિંધુસૌવીરના કાઠે આવી લાગ્યુ પછી તે લોકોએ દેવે આપેલી તે મૂર્તિને વીતભયમા ઉતારી દીધી તેને ત્યાના રાજા ઉદાયનની રાણી પ્રભાવતીએ પોતાના મહેલમા એક ચૈત્યગૃહ બનાવી તેમા સ્થાપી અને હમેશા તેની પૂજા કરવા લાગી રાજા જો કે પહેલા તો તાપસધર્મિઓનો ભક્ત હતો પણ પાછળથી ધીમે ધીમે તે એ મૂર્તિ ઉપર શ્રદ્ધાવાળો થવા લાગ્યો એક દિવસે રાણી પ્રભાવતી નાચ કરતી હતી અને રાજા વીણા વગાડતો હતો તે વખતે રાજાની દૃષ્ટિમા રાણીનુ માથુ નહી દેખાવાથી તે અધીરો થયો અને તેથી તેના હાથમાથી વીણા વગાડવાનો ગજ સરી પડ્યો રાણી આ જોઇ ગુસ્સે થઈ અને બોલી કે "સ્વામિન્! શુ મ્હે ખરાબ નાચ કર્યો છે, જેથી તમે વીણા વગાડવી બંધ કરી દીધી?" વધુ આગ્રહ કરતા રાજાએ ખરી હકીકત કીધી અને તેથી રાણી સમજી ગઈ કે હવે મારૂં આયુષ્ય થોડુ જ બાકી રહ્યુ છે તેથી જીવનનુ શ્રેય સાધવા સસારનો ત્યાગ કરી ભિક્ષુણી થવુ જોઈએ ભિક્ષુણી થવા માટે રાજાની અનુમતિ માગતા, ઘણા વિરોધ પછી, રાજાએ એવી સરતે તેને અનુમતિ આપી કે "જો તુ મરીને સ્વર્ગમા દેવતા થાય તો પછી અહી આવીને મને તારે સદ્બોધ આપવો" રાણીએ તે સરત કબૂલ કરી અને ભિક્ષુણી થઈ થોડા જ દિવસમા કાલ કરી તે સ્વર્ગમા દેવતા રૂપે ઉત્પન્ન થઇ પૂર્વે આપેલા વચન પ્રમાણે તેણે સ્વર્ગમાથી આવીને રાજાને સદ્બોધ કર્યો અને તેથી રાજા પણ દિવસે દિવસે વધારે ધાર્મિક થયો

રાણીના મરી ગયા પછી તે મહાવીરની મૂર્તિની, રાણીની એક વિશ્વાસુ પણ શરીરે કૂબડી એવી એક દાસી હતી તે હમેશા ભક્તિપૂર્વક પૂજા કર્યા કરતી હતી એક વખતે ગાધાર દેશનો એક શ્રાવક એ પ્રભાવશાળી મૂર્તિના દર્શન કરવા માટે ત્યા આવ્યો દાસીએ તે શ્રાવકની ખૂબ પરિચર્યા કરી તેથી તે ખુશી થઈને જતી વખતે પોતાની પાસે એક પ્રકારની દૈવી પ્રભાવવાળી ગોળિઓ હતી તે તેને આપતો ગયો એ ગોળીઓના ભક્ષણથી

આ રીતે, જૈનપરંપરામાં મહાસેન પ્રદ્યોત વીતિભયના ઉદાયનનો આજ્ઞાંકિત થએલો માનવામાં આવે છે.

ઉદાયનનું પાછલું જીવન.

ઉદાયનના રાજકીય જીવન સંબંધમા આટલી હકીકત પાછળના જૈન ગ્રંથોમાં મળે છે, મૂળ ભગવતી સૂત્ર કે જેનો ઉલ્લેખ ઉપર કરવામા આવ્યો છે તેમાં ફક્ત એટલી જ બાબત વર્ણવી છે, કે જ્યારે શ્રી મહાવીર વીતિભયમા આવ્યા ત્યારે ઉદાયન તેમનો ધર્મોપદેશ સાભળી તેમની પાસે દીક્ષા લઈ તેમનો શિષ્ય બન્યો. આ દીક્ષા લેતી વખતે તેણે પોતાનું રાજ્ય કોને સોપવું એ માટે એક વિલક્ષણ વિચાર કર્યો રાજ્યનો ખરો હક્કદાર એનો પુત્ર અભીતિકુમાર થતો હતો. પણ, રાજ્યાધિકાર ચલાવનાર મનુષ્યો ઘણા ભાગે દુર્વ્યસની અને દુરાચારી થઇ જાય છે અને એવા વ્યસની અને આચારહીન મનુષ્યો મરીને દુર્ગતિમાં જાય છે, તેથી પોતાનો પુત્ર રખેને રાજ્યસત્તાના યોગે દુર્વ્યસની બની દુર્ગતિમાં જઇ પડે એવી બ્હીકથી પુત્રને રાજ્ય ઉપર ન બેસાડતા પોતાનો ભાણેજ જે કેશીકુમાર કરીને હતો તેને બેસાડયો. પિતાના આ કૃત્યથી અભીતિકુમાર બહુ નારાજ થયો અને તેથી પોતાની બધી માલમત્તા લઇ તે ત્યાથી ચાલ્યો ગયો અને ચંપાના રાજા કુણિક પાસે (કે જે તેનો માસિયાઈ ભાઈ થતો હતો) જઇ રહ્યો. આ પ્રમાણે આખી જીંદગી તે પિતા ઉપર વૈરભાવ રાખતો થકો ત્યાનો ત્યાં જ મરી ગયો. નમુના ખાતર સૂત્રકારનાં કેટલાક વચનો અહિં આપુ છુ—

तए णं से उदायणे राया समणस्य भगवओ महावीरस्स आतिय धम्म सोच्चा निसम्म हट्ठतुट्ठे उट्ठाए। उट्ठेइत्ता समण भगव महावीर तिक्खुत्तो जाव नमंसित्ता एवं वयासी 'एवमेय भते ! तहमेय ! जहेयं तुब्भे वदह ' त्ति . ...अह देवाणुपियाण अंतिए मुडे भवित्ता जाव पव्वयामि।'...तए ण तस्स उदायणस्स रन्नो अयमेया· रूवे अब्भत्थिए.. समुप्पज्जित्था–' एवं खलु अभीयीकुमारे ममं एगे पुत्ते इट्ठे कंते जाव किमंग पुण पासणयाए, तं जइ णं अह अभीयीकुमारं रज्जे ठावेत्ता समणस्स भगवओ महावीरस्स अंतियं मुडे भवित्ता जाव पव्वयामि; ता ण अभीयीकुमारे रज्जे य रट्ठे य जाव जणवए माणुस्सएसु य कामभोगेसु मुच्छिए गिद्धे

મને જોવા મળી શક્યુ નથી. આ લેખ ઉપરાત, ઉષવદાતના નાસિકના એક પ્રાચીન લેખમા બીજી લીટી· મા દશપુર એ સસ્કૃત નામ વાપરવામા આવેલુ છે. (જુઓ આર્કી. સર્વે. વેસ્ટ ઇં પુ. ૪ પા ૯૯, પ્લે, ૫૨ ન. ૫), તથા મન્દસોરના જ એક બીજા લેખમા એ નામ વપરાયેલુ જોવામા આવે છે. મિતિ (વિક્રમ) સંવત્ ૧૩૨૧ (ઇ. સ. ૧૨૬૪–૬૫) ગુરુવાર ભાદ્રપદ શુક્લ પચમી છે, તથા એ લેખ કિલ્લાના પૂર્વ તરફના પ્રવેશદ્વારના અદરના દરવાજાની ડાબી બાજુએ ભીંત પર ચણી લીધેલા એક શ્વેત પત્થર પર લખેલો છે વળી, બૃહત્સંહિતા ૧૪, ૧૧–૧૬ (જુઓ કર્નનો અહેવાલ જર્ન રૉ એ. સો. નૉ. સ. પુ ૫. પા, ૮૪) મા પણ અવતિ સાથે આ સ્થળનો પણ એ જ નામથી ઉલ્લેખ કરેલો છે.

गढिए अज्झोववन्ने अणाढाय अणवयग्ग दीहमद्ध चाउरंतसंसार कंतार अणुपरियट्टिस्स इ। त नो खलु मे सेय अभीयीकुमार रज्जे ठावेत्ता पव्वइत्तए। से य खलु मे णियग भाइणेज्ज केसि कुमार रज्जे ठावेत्ता पव्वइत्तए। तए ण से केसी कुमारे राया जाए । तए ण से उद्दायणे राया सयमेव पचमुट्ठिय लोय करेइ जाव सव्वदुक्खप्पहीणे।

तए ण तस्स अभीयिस्स कुमारस्स अण्णदा कयाइ पुव्वरत्तावरत्तकालसमयसि कुडुंब जागरिय जागरमाणस्स अयमेयारूवे अब्भत्थिए जाव समुप्पज्जित्था-' एव खलु अह उद्दायणस्स पुत्ते पभावतीए देवीए अत्तए, तए ण से उद्दायणे राया मम अवहाय णियग भाइणिज्ज केसिकुमार रज्जे ठावेत्ता समणस्स महावीरस्स अंतिए पव्वइए।' इमेण एयारूवेण महया अप्पत्तिएण मणो माणसिएण दुक्खेण अभिभूए समाणे अतेपुर परियालसपरिवुडे सभडमत्तोवगरणमायाए वीतीभयाओ नयराओ पडिनिग्गच्छति। पडिनि० २ पुव्वाणुपुव्विं चरमाणे गामाणुगाम दूइज्जमाणे जणेव चपानयरी जणेव कूणिए राया तणेव उवागच्छइ कूणिय राय उवसपज्जित्ताण विहरइ । तत्थ वि ण से विउलभोगसमिइसमन्नागए यावि होत्था । तए ण से अभीयीकुमारे समणोवासए यावि होत्था । अभिगयजीवाजीवे उद्दायणमि रायरिसिमि समणुबद्धवेरे कालमासे काल किच्चा । (भगवती पृष्ठ ६१८ २०)

ઉદાયનના મરણની હકીકત

આવશ્યકચૂર્ણિ, ટીકા આદિ ગ્રંથોમા ઉદાયનના મૃત્યુની નોંધ આ પ્રમાણે લીધેલી મળી આવે છે-ઉદાયન રાજએ દીક્ષા લીધા પછી લૂખાસૂકા મળેલા ભિક્ષાહારને લીધે તેના શરીરમા વ્યાધિ ઉત્પન્ન થયો. વૈદ્યોએ તેને દહીં ખાવાનું જણાવ્યુ તેના માટે તે વ્રજમા રહેતો એક વખતે વીતભયમા ગયો ત્યા તેનો ભાણેજ કેશી રાજ્ય કરતો હતો કે જેને તેણે જ રાજ્ય ઉપર બેસાડયો હતો. કેશીકુમારને તેના દુષ્ટ મંત્રિઓએ ભર માવ્યો કે 'આ ઉદાયન ભિક્ષુજીવનના દુઃખથી કંટાળ્યો છે અને રાજ્ય મેળવવા ચાહે છે' તેણે કહ્યુ-'આપી દઈશ' મંત્રિઓએ કહ્યુ કે 'એ રાજધર્મ નથી મળતું રાજ્ય તે કોઈ આપી દેતુ હશે?' લાંબાકાળે મંત્રિઓએ તેને મમતાથી પકડી રાજ્ય ન આપવા માટે પાકો કર્યો ત્યારે તેણે પૂછ્યુ કે-'તો પછી શુ કરવુ જોઈએ?' મંત્રીઓ કહે- વિષ અપાવવુ જોઈએ' પછી તેની વ્યવસ્થા કરવામા આવી. એક ગોવાળણના હાથે દહીંમા ઝેર નખાવી તે મુનિને અપાવ્યું અને એ રીતે તેના જીવનનો અંત આણવામાં આવ્યો. આ વૃત્તાન્ત જાણી નગરની દેવતાને ભારે ક્રોધ થયો અને તેથી તેણે આખા નગર ઉપર ધૂળની વૃષ્ટિ કરવી શરૂ કરી. ઉદાયન મુનિ ત્યા એક કુંભારના ઘરમા ઉતર્યા હતા અને તે કુંભાર એમની પરિચર્યા કરતો હતો તેથી તેને અનપરાધ જાણી દેવતાએ ત્યાથી ઉપાડી સિનવલ્લી નામના પ્રદેશમા મૂક્યો કે જ્યા તેના નામથી બીજુ નગર વસ્યુ વીતભય પત્તન દેવ

ઉદાયનના મરણની આ કથા-પરંપરા ઘણી પ્રાચીન હોય તેમ જણાય છે, કારણ કે આ હકીકતનું મૂળ સૂચન ખાસ આવશ્યક સૂત્ર-નિર્યુક્તિમાં કરવામાં આવ્યું છે એ સૂત્ર-નિર્યુક્તિ ભદ્રબાહુની રચેલી કહેવાય છે અને પરંપરા તેનો સમય મહાવીર નિર્વાણ પછીની બીજી શતાબ્દી જણાવે છે ઐતિહાસિક દૃષ્ટિએ જોતા નિર્યુક્તિના કર્તા ભદ્રબાહુ એટલા પ્રાચીન હોય તેમ લાગતું નથી તેમનો સમય અપેક્ષાકૃત અર્વાચીન છે, પણ ટીકાકારો કરતા તે સમય ઘણો જ આગળ જાય તેમ છે તેથી ટીકાકારોએ નોંધેલી ઉદાયનની એ હકીકત ઘણા જૂના સમયથી ચાલતી આવી છે એટલું તો ચોક્કસ કહી શકાય તેમ છે,

---

કુળમા ચદ્રસમાન, પ્રચડ પરાક્રમી અને અખડ શાસનવાળો કુમારપાળ નામે ધર્મવીર દાનવીર અને યુદ્ધવીર રાજા થશે તે મહાત્મા પોતાની પ્રજાને પિતાની જેમ પાલન કરીને મોટી સમૃદ્ધિવાન્ કરશ સરળ છતા અતિ ચતુર શાત છતા આજ્ઞામા ઇંદ્ર જેવો અને ક્ષમાવાન્ છતા અધૃષ્ય એવો તે ચિરકાળ આ પૃથ્વી પર રાજ્ય કરશે ઉપાધ્યાય જેમ પોતાના શિષ્યોને વિદ્યાપૂર્ણ કરે તેમ તે પોતાની પ્રજાને પોતાના જેવી ધર્મનિષ્ઠ કરશે શરણેચ્છુઓને શરણ કરવા લાયક અને પરનારીસહોદર તે રાજા પ્રાણથી અને ધનથી પણ ધર્મને બહુ માનશે પરાક્રમ ધર્મ દયા આજ્ઞા અને બીજા પુરુષગુણોથી તે અદ્વિતીય થશે તે રાજા ઉત્તર દિશામા તુરુષ્ક (તુરુસ્થાન) સુધી પૂર્વમા ગગાનદી સુધી દક્ષિણમા વિંધ્યગિરિ સુધી અને પશ્ચિમમા સમુદ્ર સુધી પૃથ્વીને સાધશે એક વખતે વજ્રશાખા અને ચાદ્ર કુળમા થયેલા આચાર્ય હેમચદ્ર તે રાજાના જોવામા આવશે તે ભદ્રિક રાજા મેઘના દર્શનથી મયૂરની જેમ તે આચાર્યના દર્શનથી હર્ષિત થઇ તેમને વદના કરવાની ત્વરા કરશે સૂરિ જિનચૈત્યમા ધર્મદેશના દેતા હતા ત્યા તેમને વદના કરવાને માટે તે રાજા પોતાના શ્રાવક મત્રીઓની સાથે આવશે ત્યા પ્રથમ દેવને નમસ્કાર કરીને પછી તત્ત્વને નહી જાણતા છતા પણ તે રાજા શુદ્ધ ભાવથી આચાર્યને વાદશે પછી તેમના મુખથી શુદ્ધ ધર્મદેશના પ્રીતિપૂર્વક સાભળીને તે રાજા સમ્યક્ત્વ પૂર્વક અણુવ્રત (શ્રાવકના વ્રત) સ્વીકારશે પછી સારી રીતે બોધને પ્રાપ્ત કરીને તે રાજા શ્રાવકના આચારનો પારગામી થશે અને રાજસભામા બેઠો સતો પણ તે ધર્મગોષ્ઠિથી પોતાના આત્માને રમાડશે અર્થાત્ ધર્મચર્ચા કરશે પ્રાય નિરતર બ્રહ્મચર્યને પાળનાર તે રાજા અન્ન, શાક અને ફળાદિ સબધી અનેક નિયમો વિશેષ પ્રકારે ગ્રહણ કરશે સદ્બુદ્ધિવાન્ તે રાજા અન્ય સાધારણ સ્ત્રીઓને ત્યજી દેશે, એટલું જ નહિ પોતાની ધર્મપત્નીઓને પણ બ્રહ્મચર્ય પાળવાનો પ્રતિબોધ કરશે સૂરિના ઉપદેશથી જીવ અજીવ વગેરે તત્ત્વોને જાણનાર તે રાજા આચાર્યની જેમ બીજાઓને પણ બોધ (સમ્યક્ત્વ) પ્રાપ્ત કરાવશે અર્હંત ધર્મના દ્વેષી એવા પાડુરોગી બ્રાહ્મણો પણ તેની આજ્ઞાથી ગર્ભશ્રાવક જેવા થઇ જશે પરમ શ્રાવકપણાને પ્રાપ્ત કરનાર અને ધર્મ જાણનાર તે રાજા દેવપૂજા અને ગુરુવદન કર્યા વગર ભોજન કરશે નહિ તે રાજા અપુત્ર મૃત્યુ પામેલાઓનું દ્રવ્ય લેશે નહી વિવેકનું ફળ એ જ છે અને વિવેકીઓ સદા તૃપ્ત જ હોય છે પાડુ જેવા રાજાઓએ પણ જે મૃગયા (શિકાર) છોડેલ નહીં તેને એ રાજા છોડી દેશે અને તેની આજ્ઞાથી બીજા સર્વ પણ છોડી દેશે હિંસાનો નિષેધ કરનાર એ રાજા રાજ્ય કરતે સતે મૃગયાની વાત તો દૂર રહી પણ માકણ કે જુ જેવા ક્ષુદ્ર પ્રાણીઓને અત્યજ પણ મારી શકશે નહીં પાપર્દ્ધિ (મૃગયા) નો નિષેધ કરનારા એ મહાન્ રાજાના રાજ્યમા અરણ્યમા રહેતી સર્વ મૃગજાતિઓ ગોષ્ઠની ગાયોની જેમ સદા નિર્વિઘ્ને વાગોળશે શાસનમા પાકશાસન (ઇંદ્ર) જેવો તે રાજા સર્વ જળચર, સ્થળચર અને ખેચર પ્રાણીઓની રક્ષા કરવાને માટે કાયમની અમારી ઘોષણા કરાવશે જેઓ જન્મથી જ

મૂર્તિ વિગેરેની હકીકત સંબંધે ગમે તેમ હોય પણ એકંદરે જૈન કથા અને સૂત્રના આધારે આપણે આટલું તો માની શકિએ કે મહાવીરના સમયમાં સિંધુસૌવીરમાં કોઇ વીતિભય કરીને નગર હતું અને ત્યાં ઉદાયન નામે રાજા રાજ્ય કરતો હતો. તેની એક સ્ત્રી પ્રભાવતી હતી જે વૈશાલીના ચેટકની પુત્રી થતી હતી તેને અભીઈ નામે પુત્ર હતો જેને પિતાએ ગમે તે કારણે પોતાનું રાજ્ય સોંપ્યું ન હતું, અને તેટલા માટે તે ચંપામાં

મામના ખાનાર હતા તેઓ પણ તેની આજ્ઞાથી દુઃસ્વપ્નની જેમ માસની વાર્તા પણ ભૂલી જશે. પૂર્વે દેશની રીતિથી શ્રાવકોએ પણ જેને પૂરેપૂરૂં છોડયું નહોતું તેવા મદ્યને આ નિર્દોષ રાજા સર્વત્ર છોડાવી દેશે. તે રાજા આ પૃથ્વીપર મદ્યને એવું રૂંધી દેશે કે જેથી કુંભકાર પણ મદ્યના પાત્રને ઘડવા છોડી દેશે. મદ્યપાનના વ્યસનથી જેમની સંપત્તિ ક્ષીણ થઇ ગઈ છે એવા પુરૂષોએ મહારાજાની આજ્ઞાથી મદ્યને છોડી દેવા વડે સંપત્તિવાન્ થશે. પૂર્વે નળ વગેરે રાજાઓએ પણ જે દ્યુતક્રીડાને છોડી નથી, તે દ્યુતનું નામ પણ શત્રુના નામની જેમ તે ઉન્મૂલન કરી દેશે તેનું ઉદયવાળું શાસન ચાલતાં આ પૃથ્વીપર પારેવાની પણ ક્રીડા અને કૂકડાના યુદ્ધ પણ થશે નહિ. નિ:સીમ વૈભવવાળો તે રાજા પ્રાયઃ પ્રત્યેક ગ્રામે જિનમંદિર કરાવવાથી બધી પૃથ્વીને જિનમંદિરોથી મંડિત કરશે, અને સમુદ્રપર્યંત પ્રત્યેક માર્ગે તથા પ્રત્યેક નગરે અર્હંત પ્રતિમાની રથયાત્રાનો મહોત્સવ કરાવશે દ્રવ્યના પુષ્કળ દાન વડે જગતને ઋણમુક્ત કરીને તે રાજા આ પૃથ્વી ઉપર પોતાનો સંવત્સર ચલાવશે

આવો મહાન્ પ્રતાપી કુમારપાળ રાજા એક વખતે કથાપ્રસંગમાં ગુરુમુખથી કપિલમુનિએ પ્રતિષ્ઠિત કરેલી અને રજમાં ગુપ્ત થયેલી તે પ્રતિમાની વાત સાંભળશે, જેથી તત્કાળ તે ધૂળિનું સ્થાન ખોદાવી એ વિશ્વપાવની પ્રતિમાને બહાર કાઢી લઇ આવવાનો મનોરથ કરશે તે વખતે મનનો ઉત્સાહ અને બીજા શુભ નિમિત્તો વડે એ રાજા પ્રતિમાને હસ્તગામી થવાનો સંભવ માનશે પછી ગુરુની આજ્ઞા લઇ યોગ્ય પુરૂષોની યોજના કરીને વીતભય નગરના તે સ્થળને ખોદાવવાનો આરંભ કરશે. તે વખતે પરમ અર્હંત એવા તે રાજાના સત્ત્વથી શાસનદેવતા ત્યાં આવીને સાન્નિધ્ય કરશે કુમારપાળ રાજાના ઘણા પુણ્યથી ખોદાવવા માંડેલા સ્થળમાં જ તત્કાળ તે પ્રતિમા પ્રકટ થશે. રાજાએ નીમેલા પુરુષો પ્રાપ્ત થયેલી તે પ્રતિમાને નવીન હોય તેમ યથાવિધિ પૂજા કરીને રથમાં બેસારશે. માર્ગમાં તેની અનેક પ્રકારે પૂજાઓ થશે, તેની પાસે અહોરાત્રિ સંગીત થયા કરશે, તેની સમીપે ગામડાની સ્ત્રીઓ તાળીઓ દઇને રાસડા લેશે, પંચશબ્દ વાજીંત્રો હર્ષપૂર્વક વાગશે, અને તેની બન્ને બાજુ ચામરો વીંજાતા જશે એવી રીતે મોટી ધામધૂમ સાથે એ પ્રતિમાને રક્ષકજનો પાટણના સીમાડામાં લાવશે. તે હકીકત સાંભળીને અંતઃપુર પરિવાર સહિત ચતુરંગ સેનાથી પરવરેલો કુમારપાળ રાજા સર્વસંઘની સાથે તે પ્રતિમાની સામે જશે. ત્યાં જઇ તે પ્રતિમાને પોતાને હાથે રથમાંથી ઉતારી હાથી ઉપર બેસારીને મોટા ઉત્સવ સાથે પોતાના નગરમાં પ્રવેશ કરાવશે અને પોતાના રાજભવનની પાસેના ક્રીડા ભવનમાં રાખીને તેની વિધિપૂર્વક ત્રિકાળ પૂજા કરશે પછી તે પ્રતિમાને અર્થે ઉદાયન રાજાએ જે આજ્ઞા લેખ લખી આપ્યો હતો, તે વાંચીને કુમારપાળ તેને પ્રમાણ કરશે નિષ્કપટી કુમારપાળ રાજા તે પ્રતિમાને સ્થાપન કરવા માટે એક સ્ફટિકમય પ્રાસાદ કરાવશે. જાણે અષ્ટાપદ પર રહેલા પ્રાસાદનો યુવરાજ હોય તેવો તે પ્રાસાદ જોવાથી જગતને વિસ્મય પમાડશે પછી તે પ્રાસાદમાં તે પ્રતિમાનું સ્થાપન કરશે- એ પ્રમાણે સ્થાપિત કરેલી તે પ્રતિમાના પ્રભાવથી કુમારપાળ રાજા પ્રતિદિન પ્રતાપ, સમૃદ્ધિ અને આત્મકલ્યાણમાં વૃદ્ધિ પામ્યા કરશે હે અભયકુમાર! દેવ અને ગુરુની ભક્તિ વડે એ કુમારપાળ રાજા આ ભારતવર્ષમાં

અજાતશત્રુના આશ્રયે જઇને રહ્યો હતો તેમ જ મહાસેન રાજા સાથે ઉદાયનને લડાઇનો પ્રસંગ બન્યો હશે, અને તેમાં ઉદાયનને વિજય મળ્યો હશે.[1]

એક વિલક્ષણ પરંપરાસામ્ય

જૈન ગ્રંથોમાં જેમ વીતભયના ઉદાયન સાથે ચંદનકાષ્ઠની બનાવેલી જૈન મૂર્તિનો આ પ્રમાણે સંબંધ લખેલો મળી આવે છે તેવો જ એક સંબંધ કૌશામ્બીના ઉદયન સાથે બૌદ્ધ ગ્રંથોમાં જોડેલો મળી આવે છે. પ્રસિદ્ધ ચીની પ્રવાસી બૌદ્ધશ્રમણ યવનચંગ (કે હ્વેનત્સંગ) જ્યારે હિન્દુસ્થાનમાં આવ્યો ત્યારે બૌદ્ધ લોકોમાં એ વાત ઘણી જાણીતી હોય તેમ લાગે છે. તેણે પોતાના પ્રવાસવૃત્તાંતમાં, કૌશામ્બીનું વર્ણન લખતાં નોંધ કરી છે કે—"કૌશામ્બી શહેરમાં એક જૂનો મહેલ છે જેની અંદર ૬૦૦ ફીટ ઉંચો મોટો વિહાર છે. એ વિહારમાં ચંદનના લાકડામાંથી કોરી કાઢેલી એવી બુદ્ધની મૂર્તિ છે જેના ઉપર પત્થરનું છત્ર કરેલું છે. આ કૃતિ ઉદાયન રાજાની કરેલી કહેવાય છે. આ મૂર્તિ ઘણી ચમત્કારિક છે અને એની અંદર દૈવી તેજ રહેલું છે જે વખતે વખતે ઝગકી

તારા પિતાની જેવો થશે.' [ભાવનગરની જૈન ધર્મ પ્રસારક સભા મારફત પ્રકટ થએલ મહાવીરચરિત્ર ભાષાંતર પાન ૨૬૮-૨૭૨ (બીજી આવૃત્તિ)]

૧ કદાચિત્ સુવર્ણગુલિકા નિમિત્તે ચંડપ્રદ્યોત સાથે થએલા યુદ્ધની કિંવદન્તીમાં પણ પ્રાચીનતાનો પુરાવો હોય એમ એક બીજા સૂત્રના સૂચન ઉપરથી અનુમાન થાય છે. ભગવતી જેટલા જ પ્રાચીન અંગ નામે પ્રશ્ન વ્યાકરણમાં એક ઠેકાણે જેમના નિમિત્તે મોટા યુદ્ધો થયા હતા એવી કેટલીક સ્ત્રીઓના નામો ગણાવ્યા છે જેમાં સુવણ્ણગુલિયા નું નામ પણ લખેલું છે. સૂત્રપાઠ આ પ્રમાણે છે—

'मेहुणमूलं च सुव्वए तत्थ तत्थ वत्तपुव्वा संगामा जणक्खयकरा-सीयाए, दोवइए कए, रुप्पिणीए पउमावईए, ताराए, कंचणाए, रत्तसुभद्दाए, अहिन्नियाए, सुवन्नगुलियाए, किन्नरीए सुरूवविज्जुमतीए, रोहिणीए य, अन्नेसु य एवमादिएसु बहवो महिलाकएसु सुव्वंति अइक्कंता संगामा। [આગમોદય સમિતિ તરફથી પ્રકાશિત પ્રશ્નવ્યાકરણ સૂત્ર (અભયદેવસૂરિની ટીકા સાથે) પૃ ૮૫]

'મૈથુનસંજ્ઞાના મૂળે પ્રાચીનકાળમાં ત્યાં ત્યાં થએલા સંગ્રામો સાંભળીએ છીએ જેમકે સીતા અને દ્રૌપદીના માટે તથા રુક્મિણી, પદ્માવતી, તારા, કંચના, રક્તસુભદ્રા, અહિલિકા, સુવર્ણગુલિકા, કિંનરી, સુરૂપ-વિદ્યુન્મતી રોહિણી આદિ અને બીજી પણ અનેક સ્ત્રીઓ નિમિત્તે સંગ્રામો થએલા છે.'

મૂળ સૂત્રમાં આપેલા આ ઉદાહરણોની વ્યાખ્યા સમજાવતા ટીકાકારે સંક્ષેપમાં તે બધી કથાઓ લખી છે. જે એ સ્ત્રીઓના વિષયમાં બીજા બીજા ગ્રંથો પુરાણો આદિમાં પ્રસિદ્ધ છે. એમાં સુવર્ણગુલિકાની જે હકીકત આપી છે તે ઉપર આપેલી હકીકતને અક્ષરે અક્ષર મળતી છે અને તેથી સાબીત થાય છે કે સુવર્ણગુલિકા નિમિત્તે ઉજ્જયિનીના ચંડપ્રદ્યોત સાથે થએલા સંગ્રામની પરંપરા ઘણી પ્રાચીન છે. (સૂત્રકારે ગણાવેલા સ્ત્રીઓના નામોમાંથી અહિન્નિકા કિન્નરી અને સુરૂપવિદ્યુન્મતીની હકીકત ટીકાકાર અભયદેવસૂરિની જાણમાં ન આવવાથી તેમણે એમની કશી હકીકત લખી નથી ફક્ત अप्रतीता (અજ્ઞાત) એટલીજ નોંધ કરી છે. એ ઉપરથી ટીકાકારની પ્રામાણિકતાનો પુરાવો નોંધવા જેવો.)

ઉઠે છે આ મૂર્તિને ઉપાડી જવા માટે જુદા જુદા દેશના અનેક રાજાઓએ પોતાની શક્તિ વાપરી છે અને ઘણા માણસોએ ભેગા થઇને એને ખસેડવાનો પ્રયત્ન કર્યો છે પણ તેઓ એને જરા પણ હલાવી શક્યા નથી. તેઓ એ મૂર્તિની પ્રતિકૃતિ બનાવીને તેની પૂજા કરે છે* અને તેમ કરી, મૂળ મૂર્તિની જ તેઓ પૂજા કરે છે એમ શ્રધ્ધા રાખે છે. (જુઓ -Beal's Buddhist Records of the Western Countries, Book I. p 234) આવી જ એક મૂર્તિની બીજી નોંધ, એ મુસાફરે ખોતાન પ્રદેશના પિમા શહેરના વૃત્તાતમાં લીધી છે. તે લખે છે કે-" અહીં (પિમા શહેરમાં) ચંદનના લાકડામાંથી બનાવેલી બુદ્ધની એક ઉભી આકૃતિની મૂર્તિ છે. આ મૂર્તિ લગભગ ૨૦ ફીટ ઉંચી છે. આ મૂર્તિ ઘણી ચમત્કારિક છે અને એમાથી તેજ સ્ફુર્યા કરે છે જેમને કોઈ પણ પ્રકારનો રોગ થાય છે તેઓ આ મૂર્તિની સોનાના વરખથી પૂજા કરે છે અને તેમ કરવાથી તેઓ સાજા થઈ જાય છે-એવી અહીંના લોકોની માન્યતા છે જેઓ અંતઃકરણપૂર્વક આ મૂર્તિની પ્રાર્થના કરે છે તેમનું ઇચ્છેલું સફળ થઈ જાય છે. અહીંના લોકો કહે છે કે, આ મૂર્તિ, એ જૂના જમાનામાં કે જ્યારે બુદ્ધ જીવતા હતા ત્યારે, કોશાબીના ઉદાયન રાજાએ બનાવી હતી; બુદ્ધ જ્યારે નિર્વાણ પામ્યા ત્યારે એ મૂર્તિ પોતાની મેળે ત્યાંથી આકાશમાં ઉડીને આ રાજ્યના ઉત્તરે આવેલા હો-લો-લો-કિ-અ નામના શહેરમાં આવીને રહી. આ નગરના લોકો શ્રીમાન્ અને વૈભવશાલી હતા, તેમ જ મિથ્યામતના અનુરાગી હતા. તેમને કોઇપણ બીજા પ્રકારના ધર્મને માટે માન ન હતું. જે દિવસથી એ મૂર્તિ ત્યા આવી હતી ત્યારથી તેની દૈવી ચમત્કૃતિ પ્રકટ થવા લાગી. પણ લોકોએ તેના તરફ જરાએ આદર દેખાડયો નહીં.

ત્યાર પછી એક અર્હતે ત્યા આવીને તેને નમસ્કાર કરી તેની પૂજા કરી. તે દેશના લોકો એ અર્હતનો આકાર અને વેશ જોઇને ભયભીત થયા અને રાજાને જઇને તરત તેની ખબર આપી. રાજાએ એવું ફર્માન કાઢયુ કે એ આગંતુક મનુષ્યને રેતી અને ધૂળથી ઢાકી દેવો. તેથી લોકોએ તેને તેવી રીતે હેરાન કર્યો અને કોઇએ અન્નપાણી આપ્યા નહિ તેની આ સ્થિતિ જોઇને એક માણસ કે જે હંમેશા એ મૂર્તિની પૂજા કરતો હતો તેને ક્રોધ થયો અને તેથી છાની રીતે આવી તેણે એ અર્હતને ખોરાક આપ્યો જતી વખતે તે અર્હતે એ માણસને બોલાવીને કહ્યું કે આજથી સાત દિવસ પછી અહીં રેતી અને ધૂળની ભયંકર વૃષ્ટિ થશે જેથી આ આખું નગર દટાઇ જશે અને કોઇપણ જીવવા પામશે નહીં, એટલા માટે તારે પોતાનો જીવ બચાવવો હોય તો અહીંથી તરત ચાલ્યા જવુ જોઈએ ગામના લોકોએ મને જે રેતી અને ધૂળથી ઢાકી દઇ હેરાન કર્યો છે તેનું આ ફળ મળનાર છે. આવી રીતે કહીને તે અર્હત્ બીજી ક્ષણે અદશ્ય થઇ ગયો. પછી તે માણસે શહેરમા આવીને પોતાના સગા સબધીઓને આ વાત જણાવી પણ

*આવી જાતની એ મૂર્તિની એક પ્રતિકૃતિ યવનચંગ પોતાની સાથે ચીનમા લઇ ગયો હતો તેની નોધ પણ એ જ પુસ્તકમા, પ્રસ્તાવના, પાન ૨૦ ઉપર કરેલી છે.

આપ્યાં. આ રીતે દિવસે દિવસે એ બને રાજાઓની મિત્રાચારી વધારે દૃઢ થતી ગઈ. એક વખતે રાજા બિંબિસારે રોરુકના એ રાજાને ધર્મમાર્ગનો પરિચય કરાવવા માટે ભગવાન્ બુદ્ધની એક ભવ્ય છબી તૈયાર કરાવી, તેના તરફ ઘણા માન પૂર્વક મોકલી આપી. તે છબી જોઈ રુદ્રાયણ રાજા બહુ આશ્ચર્ય પામ્યો અને છબી લાવનાર મનુષ્યોને, તે છબી કોની છે એ વિગેરે પ્રશ્નો પૂછી ભગવાન બુદ્ધના કલ્યાણકર જીવન અને ધર્મમાર્ગથી પરિચિત થયો. પછી તેની ઈચ્છા પણ એ ધર્મના અનુયાયી થઈ જવાની થઈ ત્યાર પછી રાજા બિંબિસારે એ રાજાને વિશેષ ધર્મબોધ આપવા માટે ભગવાન બુદ્ધને વિજ્ઞપ્તિ કરીને મહાકાત્યાયન નામના એક ભિક્ષુ અને શૈલા નામની એક ભિક્ષુણીને એ દેશમાં મોકલાવ્યાં. ભિક્ષુએ રાજાને અને ભિક્ષુણીએ રાજાના અંતઃપુરમાં રહીને રાણીને ભગવાન બુદ્ધના ધર્મનો બોધ આપવા માંડયો. એ બંનેના ઉપદેશથી રાજા અને રાણીની ધર્મ પ્રતિ ઘણી પ્રીતિ થઈ.

એ રાજા વીણા વગાડવામા બહુ પ્રવીણ હતો અને રાણી નૃત્ય કરવામાં કુશલ હતી. એક દિવસે જ્યારે રાજા વીણા વગાડતો હતો અને રાણી નૃત્ય કરતી હતી, ત્યારે રાજાએ રાણીના મરણકાલ નજીક આવ્યાનાં લક્ષણો જોયા, તેથી તેના હૃદયમાં ધ્રાસકો પડયો અને તેના હાથમાથી વીણા જમીન પર પડી ગઈ આ જોઈ રાણી ચમકી અને રાજાને કહેવા લાગી કે 'દેવ! શું મ્હે ખરાબ નાચ કર્યો?' રાજા કહે 'ના, એમ નથી.' પછી તેણે એ જોએલી બધી વાત કહી અને આજથી સાતમે દિવસે તારૂં મૃત્યું થશે એમ કહ્યું. તે સાભળીને રાણીએ કહ્યું 'દેવ! જ્યારે એમ છે તો પછી, જો તમે મને અનુમતિ આપો તો મારૂં કલ્યાણ કરવા માટે હું પ્રવ્રજ્યા લઈ ભિક્ષુણી થઈ જાઉં. રાજાએ એવી શરતે અનુમતિ આપી કે-જો તું મરીને દેવ થાય તો અહીં આવીને પછી મને તારે દર્શન આપવુ રાણીએ તે વાત કબૂલ કરી અને શૈલા નામા ભિક્ષુણીની પાસે પ્રવ્રજ્યા લીધી. સાતમે દિવસે તે રાણી મરણસંજ્ઞાની ભાવના કરતી છતી મરીને ચાતુર્મહારાજિક દેવલોકમા દેવતાપણે ઉત્પન્ન થઈ. કરેલી પ્રતિજ્ઞા પ્રમાણે તે પછી રાત્રે આવીને રાજાને પ્રત્યક્ષ થઈ ત્યારે રાજાએ શય્યામાં સૂતા સૂતા બને હાથો લાંબા કરી તેને આલિંગન કરવા માટે પાસે બોલાવી. દેવી કહે 'મહારાજ! હું તો અહીંથી મરીને સ્વર્ગમાં દેવકન્યા થઈ છું. જો તમારે મારો સમાગમ જોઈતો હોય તો તમે પણ ભગવાન્ બુદ્ધ પાસે પ્રવ્રજ્યા લો જેથી કાળ કર્યા પછી તમે સ્વર્ગમાં ઉત્પન્ન થઈ શકશો અને મારી સાથે સમાગમ કરી શકશો.' એમ કહી દેવી અંતર્ધાન થઈ. રાજાએ આખી રાત સંકલ્પ વિકલ્પમાં વીતાડી, આખરે પ્રવ્રજ્યા લેવાનો નિશ્ચય કીધો, અને તે પ્રમાણે પોતાના પુત્રને શિખંડીને રાજ્ય ઉપર બેસાડી પોતે ત્યાથી રાજગૃહ નગરમાં જ્યા ભગવાન્ બુદ્ધ રહેતા હતા ત્યાં ગયો. જતી વખતે પુત્રને ધર્મનીતિપૂર્વક રાજ્યનું રક્ષણ અને પ્રજાનું પાલન કરવા માટે બે શબ્દો કહેતો ગયો અને પોતાના જે બે મુખ્ય મંત્રિઓ હતા તેમને બધી વ્યવસ્થા સાંભળવાનું સૂચન કરતો ગયો. તેણે પછી ભગવાન્ બુદ્ધ પાસે પ્રવ્રજ્યા લીધી અને તે તેમનો શિષ્ય બન્યો

આ તરફ તેનો પુત્ર શિખંડી બીજા બે દુષ્ટ મંત્રિઓની સંગતિથી અનીતિના માર્ગે ચઢયો અને પ્રજાને પીડા આપવા લાગ્યો. જૂના જે બે સારા મંત્રી હતા તેમને રાજ્યકારભારથી દૂર કર્યા. આ હકીકતની ખબર જ્યારે કેટલાક વ્યાપારિઓ મારફત પ્રવ્રજિત થએલા એ વૃદ્ધ રાજાની જાણમા આવી ત્યારે તે વ્યાપારિઓ સાથે પ્રજાજન જોગો આશ્વાસનનો સંદેશો મોકલ્યો અને જણાવ્યું કે શિખંડીને એ અન્યાયાચરણમાથી દૂર રાખવા માટે હું જાતે જ ત્યા આવીશ. વ્યાપારિઓ સાથે આવેલો એ સંદેશો એક બીજાની કર્ણપરપરાએ એ દુષ્ટ મત્રીઓની જાણમા આવતા તેઓ મનમા ગભરાયા અને એ વૃદ્ધ રાજા રોરુક નગરમા ન આવી શકે તેનો ઉપાય વિચારવા લાગ્યા. પછી તે બને શિખંડી રાજા પાસે જઇને તેને કહેવા લાગ્યા કે-' દેવ, સભળાય છે કે વૃદ્ધ રાજા અહી આવે છે.' રાજા કહે-' તે તો પ્રવ્રજિત થએલા છે, તેને હવે અહી આવવાનું શું પ્રયોજન હોય?' મંત્રીઓ કહે-' દેવ, જેણે એક દિવસ પણ રાજ્ય કર્યું હોય છે તેનુ મન પછી રાજ્ય વિના ક્યાએ રમી શકતું નથી એટલે ફરી એ રાજ્ય મેળવવા પાછો અહીં આવે છે.' રાજા કહે-' જો રાજા થશે તો હું પાછો કુમાર થઈ જઇશ. એમા શો વિરોધ છે!' મંત્રીઓ કહે-' દેવ, એ અયુક્ત છે. જેણે કુમારો, મંત્રીઓ અને પ્રજાજનોના નમસ્કારો ઝીલ્યા હોય તે કેમ પાછો યુવરાજ પદમા દાખલ થઈ શકે?' ઈત્યાદિ ઘણી રીતે તે રાજાને તેમણે ખોટી રીતે ભરમાવ્યો અને આખરે તેની અનુમતિ મેળવી કેટલાક ઘાતક મનુષ્યોને એ આવતા વૃદ્ધ રાજાની સામે મોકલ્યા જેમણે તેનો શિરછેદ કરી તેના જીવનનો અંત આણ્યો. પછી ક્રમે ક્રમે તે શિખંડી રાજા વધારે દુષ્ટ થતો ગયો. એક દિવસે તે શહેર બહાર સઘળા લવાજમા સાથે ફરવા નિકળ્યો. તે વખતે રસ્તામા એક ઠેકાણે એકાતમા ઉભા રહેલા આગળના તે મહાકાત્યાયન ભિક્ષુને જોયો. તેને જોઇને ક્રોધિત થયો અને પોતાના માણસોને તેના ઉપર મૂઠી ધૂળ નાખવાનો હુકમ કર્યો. લોકોએ તેના ઉપર એટલી બધી ધૂળ નાખી કે જેથી તેનુ આખુ શરીર તેમા દટાઈ ગયું.

આ બાબતની ખબર જ્યારે પેલા બે જૂના મંત્રીઓને થઇ ત્યારે તેઓ ત્યા આવ્યા અને તે ભિક્ષુને ધૂળના ઢગલામાથી બહાર કાઢયો. ભિક્ષુએ કહ્યુ, આ નગરનો વિનાશકાળ આવી રહ્યો છે અને આજથી સાતમે દિવસે ધૂળની વૃષ્ટિના લીધે આ આખુ નગર જમીનદોસ્ત થઈ જશે. તેથી તમારે અહીથી બચી જવુ હોય તો ઘરથી માડી નદી સુધી જમીનમા એક સુરંગ ખોદાવી રાખો અને એક નાવ તૈયાર કરી મુકો. પહેલે દિવસે એક મોટો વંટોળિયો થશે જેના લીધે શહેરની બધી ખરાબ ધૂળ આકાશમા ઉડી જશે. પછી બીજે દિવસે ફુલોની વૃષ્ટિ થશે. ત્રીજે દિવસે વસ્ત્રોની વર્ષા થશે. એમ અનુક્રમે રત્નોની વર્ષા થશે અને પછી છેવટે ધૂળની વર્ષા થઇ બધુ શહેર તેમા દટાઇ જશે. તમે પુણ્ય કાર્ય કરનાર હોવાથી એ આફતમાથી ઉગરી શકશો. એટલે તૈયાર કરી રાખેલી નાવ રત્નોથી ભરીને નદી માર્ગે તમે અન્ય દેશમા ચાલ્યા જજો. છેવટે બધુ તેમ થયુ અને તે મંત્રીઓ જે પ્રદેશમા જઇને રહ્યા ત્યા તેમના નામથી ક્રમથી હિરુક અને ભિરુકચ્છ નામના નગરો વસ્યા

મહાકાત્યાયન ભિક્ષુ પણ ત્યાંથી નીકળી લમ્પાક, સ્યામાકગન્ત્ય, વોક્કાણ વગેરેના મુલકમાં થતો સિંધુ નદી ઉતરી મધ્યદેશમા આવેલી શ્રાવસ્તી નગરીમા જ્યાં આગળ ભગવાન્ બુદ્ધ રહેતા હતા ત્યાં સંઘ ભેગો જઇ મળ્યો.

રુદ્રાયણ રાજાની આ હકીકત, જ્યાં સુધી હું જાણુ છું, દક્ષિણના હીનયાન સંપ્રદાયના પાલી સાહિત્યમા ક્યાંએ આવેલી નથી. ઉત્તરના મહાયાન સંપ્રદાયના સંસ્કૃત અને ટીબેટીયન સાહિત્યમાજ આ હકીકત મળી આવે છે. દિવ્યાવદાન સિવાય, ક્ષેમેન્દ્રના અવદાન કલ્પલતા[1] નામક ગ્રંથમાં પણ રુદ્રાયણાવદાન આવેલું છે. અવદાનશતક હાલમાં મારી પાસે નહિ હોવાથી તેમાં એ વૃત્તાંત છે કે નહીં તે હું કહી શકતો નથી. બેજ. એ બીજા ગ્રંથોમાં હોય કે ન હોય તેની ચર્ચા કાંઈ અહીં પ્રસ્તુત નથી. આપણે એ જોવાનુ છે કે, યવનચંગ અને રુદ્રાણુયવદાનની હકીકતમાં કેટલી બધી સમાનતા મળી આવે છે. યવનચંગ અને હો–લો–લો–કિય નગરના નાશની અને આ અવદાનમા જણાવેલી રો–રુ–ક નગરના નાશની હકીકતમાં જરાએ તફાવત નથી. તેથી હું ધારૂં છું કે આ બંને હકીકતોનું મૂળ એક જ હોવું જોઈએ, એટલું જ નહિ પણ મને તો યવનચંગનું હો–લો–લો–કિય એ અવદાનમાંના રો–રુ–ક નામનું જ ચીની ઉચ્ચારણ હોય એમ સ્પષ્ટ જણાય છે. થોમસ્ વૉટર્સ, એ નામની જોડણી o-lao-lo-ka (Rallaka ?) આ પ્રમાણે કરે છે,[2] અને મિ. બીલ Ho-lo-lo-kia આ પ્રમાણે કરે છે. બીલ આનુ બીજું ઉચ્ચારણ (ફુટનોટમા) Ragha or Raghan, or perhaps Ouragha આ પ્રમાણે આપે છે[3] અને વૉટર્સ સંસ્કૃત ઉચ્ચારણ रल्लक આપે છે. પણ આ બંને ઉચ્ચારણો કરતાં મને અવદાનમાનું રો–રુ–ક એ ઉચ્ચારણ વધારે સંગત અને ભાષાશાસ્ત્રને મળતુ લાગે છે. તેથી આ બંને સ્થાનો એક જ હોવાનું મારૂં અનુમાન મને સપ્રમાણ જણાય છે.

પણ, અહીં એક બીજો ભૌગોલિક પ્રશ્ન ઉપસ્થિત થઈ શકે તેમ છે દીઘનિકાય નામના પ્રાચીન પાલી આગમના મહાગોવિંદ નામના સુત્તંતમાં[4] તથા જાતકટ્ઠકથામાં[5]

---

૧. બિબ્લીઓથિકા ઇન્ડિકામા પ્રકાશિત થએલ अवदानकलपलता ભાગ ૧, પાન ૯૭૦ થી ૧૦૨૭.

૨. જુઓ, થોમસ્ વૉટર્સનુ On Yavan Chwang's "Travels in India," પુસ્તક ૨ જુ, પાન ૨૯૮.

૩. બીલનું, Buddhist Records of the western World, પુસ્તક ૨ જુ, પાન ૩૨૨.

૪. दंतपुरं कलिंगान अस्सकानं च पोतनं।
माहीस्सती अवंतीन सोवीरान च रोरुकं॥
मिथिला च विदेहानं चंपा अंगेसु मापिता।
वाराणसी च कासीनं, एते गोविंद्दमापिता ति॥

પાલી ટેક્સ્ટ સોસાયટીએ છપાવેલ, દીઘનિકાય, ભાગ ૨, પૃ૦ ૨૩૫, મહાવસ્તુ ભાગ ૩, પાન ૨૦૮–૨૦૯, મા પણ આ એ ગાથાઓ સંસ્કૃતમા આપેલી છે.

૫. જાતકટ્ઠકથા ભાગ ૩, પા. ૪૭૦–'अतीते सोवीररट्ठे रोरुवनगरे'।

રોરૂકને સૌવીર દેશનું એ પાટનગર જણાવ્યું છે, અને સૌવીરદેશનું સ્થાન, હિન્દુસ્થાનના નકશામાં, પ્રસિદ્ધ બૌદ્ધ વિદ્વાન્ રીસ ડેવિડસ્ ઘણા ભાગે કચ્છના અખાતના નાકા ઉપર મુકે છે[1] ત્યારે બીજી બાજૂ યવનચંગે વર્ણવેલું Ho-lo-lo-kia અગર o-lao-lo-ka એ ખોતાનના પ્રદેશમાં (મધ્ય એશિયામાં) આવેલું હતું તેથી એ બંને સ્થાનોના ઐકયના અનુમાનમાં આ પ્રમાણ બાધક રૂપે ઉભુ રહે છે એના સમાધાનમાં ઘણા સાધક બાધક પ્રમાણો ઉપસ્થિત થાય છે પ્રથમ તો એ કે દીઘનિકાય આદિમાં જણાવેલો સૌવીર દેશ કયાં આવેલો હતો તેનો હજી કાંઈ ચોક્કસ પત્તો લાગ્યો નથી વૈદિક પુરાણો અને જૈન સાહિત્યમાં પણ સૌવીર દેશનું નામ આવે છે અને ઘણી વખતે સિંધુ સૌવીરના ભેગા સામાસિક નામ વડે પણ તેનો ઉલ્લેખ થએલો મળી આવે છે એ સૌવીર દેશ એ જ બૌદ્ધોનો સૌવીર હોય તો તે સિંધુ નદીની આસપાસ આવેલો હોવો જોઈએ પણ જૈન અને બૌદ્ધ બંનેના સૌવીર એક હોય તેમ જણાતું નથી કારણ કે બૌદ્ધ જેટલા જ જૂના જૈન ગ્રંથોમાં સૌવીરના પાટનગર તરીકે, જેમ આપણે ઉપર જોયું, તથા વળી આગળ જોઈશું તેમ, વીતિભય કે વીતભય નામે પત્તન જણાવ્યું છે, ત્યારે બૌદ્ધો તેના ઠેકાણે રોરુવ અગર રોરુક નામ લખે છે વળી એ નામના પાઠમાં પણ જૂદા જૂદા દેશના બૌદ્ધ હસ્તલેખો જૂદા જૂદા પાઠભેદો આપે છે ઉદાહરણાર્થ જાતકટ્ઠકથામાં रोरुवनगर અને रोरुवमनगर એવા બે પાઠો મળે છે, ત્યારે દીઘનિકાયમાં સિંહલીવાચનામાં रोरुव, અને બર્મી વાચનામાં रोरुण પાઠ છે એટલું જ નહી પણ દેશના નામમાં પણ પાઠફેર છે દીઘનિકાયમાં सोवीर ના બદલે એક પાઠાન્તર सोचिर છે અને જાતકટ્ઠકથામાં તો તેના બદલે સ્પષ્ટરૂપે 'शिविरट्ठे' પાઠાન્તર છે જે ખાસ વિચારણીય છે લેખકોના પ્રમાદ અને અજ્ઞાનથી આવા પાઠભેદો થવા સુલભ છે[2] પણ એ પાઠભેદોથી ઐતિહાસિકોને પરંપરા ગોઠવવી કેટલી દુર્લભ થઈ પડે છે એ કયો પુરાતત્ત્વજ્ઞ નથી જાણતો? ટીબેટિયન સાધનો ઉપરથી વળી રોરુક એ, પાલીસાહિત્યપ્રસિદ્ધ કોલિય ક્ષત્રિયોનું ગમગ્રામ હોય એવી શંકા

---

૧ જુઓ 'Buddhist India' પાન ૨૮ તથા છેવટે આપેલો નકશો

૨ આવી જાતના પાઠભેદો અને પાઠફેરો જૈન ગ્રંથોમાં પણ ઘણા થાય છે અને તેથી કેટલીક વખતે તે બહુ ગુંચવાડો ઉભો કરે છે એક ઉદાહરણ આપુ ઉપરની નોટમાં જેમ દીઘનિકાયની ગાથામાં અમુક દેશોની અમુક રાજધાની જણાવેલી છે એવી જ કેટલીક ગાથાઓ જૈનગ્રંથોમાં પણ મળે છે હાલમાં જે આગમો આગમોદયસમિતિ નામે સંસ્થા તરફથી છપાયા છે તેમાંથી પ્રજ્ઞાપનાસૂત્ર (પાન ૫૫) માં કૌશાંબી જેની રાજધાની છે એ દેશ માટે પણ 'વચ્છ' (વત્સ) એ શબ્દ લખ્યો છે અને વૈરાટ જેની રાજધાની છે એ દેશ માટે પણ વચ્છ એ જ શબ્દ આપ્યો છે એની એ જ ગાથાઓ સૂત્રકૃતાગસૂત્ર ની ટીકામાં (પાન ૧૨૩) આપેલી છે જ્યાં वच्छ कोसंबी અને 'वइराड मच्छ' એવા શબ્દો છે જેનો તાત્પર્ય ક્રમથી 'વત્સદેશમાં કૌશાંબી' અને 'મત્સ્યદેશમાં વૈરાટ' નગર મુખ્ય શહેર છે એવો થાય છે ખરો પાઠ આ પાછળના ગ્રંથનો છે ત્યારે પહેલાનો ખોટો છે લેખક અને શોધકના ભ્રમ અગર અજ્ઞાનથી આવા ઘણા પાઠોમાં ગરબડ થઈ જાય છે અને પછી શોધકોને યથાસ્થિત પાઠો જોઈ તેના ઉપરથી અનેક તર્કવિતર્કો કરવા પડે છે

રૅકહીલને થાય છે.[1] આ ઉપરથી એમ ફલિત થાય છે કે પ્રથમ તો રોરુક અને સોવીરનો સંબંધ અને સ્થાનાદિ નિશ્ચિત નથી અને જો તેમ નિશ્ચિત થાય તો પણ, દિવ્યાવદાનવાળું રોરુક અને દીઘનિકાયાદિવાળું રોરુક-બંને જૂદાં જૂદાં માની લેવામાં પણ કાંઈ વધારે બાધ હું જોતો નથી. એક નામનાં અનેક સ્થાનો હતા અને હોય છે. બીજું દિવ્યાવદાનવાળુ રોરુક એ હિંદુસ્થાનની હદની બ્હાર હતું એ બાબતના તેમા કેટલાક ચોક્કસ પુરાવાઓ પણ મળે છે. રોરુક નગરનો નાશ થયા પછી કાત્યાયન ભિક્ષુ જ્યારે પાછો મધ્ય દેશમાં આવવા નિકળ્યો ત્યારે તે લંપાક, સ્યામાક અને વોક્કાણાદિ દેશોમાં થઇ સિંધુ નદીના કાઠે આવ્યો હતો અને પછી એ નદીને પાર કરી ફરતો ફરતો કેટલાક દિવસે શ્રાવસ્તિએ પહોચ્યો હતો. બીજાં બીજાં પ્રમાણો ઉપરથી આપણને જણાય છે કે લંપાક, સ્યામાક અને વોક્કાણ વિગેરે દેશો હિંદુસ્થાનની બ્હાર હોઈ તે અનાર્ય મુલ્કો ગણાતા હતા. સિંધુનદીની પેલીપાર હોવાની બાબત પણ એ વિચારને વધારે મજબ બનાવે છે. તેમ જ અવદાનના વર્ણન ઉપરથી આપણે એ પણ જોઇએ છીએ કે રોરુકમાં જ્યારે રત્ન વિગેરેની ખૂબ પેદાશ થતી ત્યારે વસ્ત્રાદિ ચીજો ત્યા નહોતી થતી[2] હવે, હિંદુસ્થાનના બધા ભાગો તરફ જ્યારે આપણે નજર કરીએ છીએ ત્યારે એમાં એક ભાગ એવો નથી જણાતો કે જ્યાં આગળ રત્નો વિગેરે તો ખૂબ નિપજતાં હોય અને વસ્ત્રાદિ ચીજો ન થતી હોય એનાથી ઉલટુ મધ્યએશિયાના પ્રાંતોમા આવી સ્થિતિ પ્રાચીનકાળથી ચાલી આવતી હતી એ હકીકત પ્રસિદ્ધ જ છે. આ બધા કારણો અને પ્રમાણોથી આપણે માનવુ જોઇએ કે અવદાનવાળું રોરુક નગર હિંદુસ્થાનની બ્હાર હતું, અને, તેમા આપેલી હકીકત સાથે યવનચંગે આપેલી હો-લો-લો-કની હકીકત મળતી આવતી હોવાથી તે બંને સ્થાનો એક જ હતા.

બૌદ્ધ અને જૈનકથામાં સમાનતા.

યવનચંગની અને અવદાનમાંની હકીકતનું સામ્ય તો આપણે ઉપર જોયુ છે પણ એ કરતાયે વધારે સામ્ય બૌદ્ધ અને જૈનકથામાં જણાઇ આવે છે જે એક ખરેખર વિસ્મય ઉપજાવે તેવી બાબત છે. યવનચંગ અને અવદાનમાંની હકીકતમાં તો ફકત રોરુક નગરના નાશવાળી હકીકત સાથે જ સામ્ય રહેલું છે પણ જૈનકથામા વળી અવદાન-માંની બીજી પણ કેટલીક બાબતો સાથે સામ્ય રહેલુ છે, જેનો વિચાર ક્રમથી કરવાની આવશ્યકતા છે.

રોરુક નગરના નાશની અને જૈનકથાવાળા વીતિભય નગરના નાશની હકીકત યવનચંગ, અવદાન અને જૈનકથામાં સમાન છે. ત્રણેમાં ધૂળની વૃષ્ટિ થવાને લીધે નગ-

---

[1] જુઓ-'Rockhill's Life of the Buddha', પાન ૧૪૫

[2] રાજગૃહના વ્યાપારિઓ રોરુકના રાજા રુદ્રાયણને કહે છે કે **देवो रत्नाधिपति, स राजा वस्त्राधिपति, तस्य रत्नानि दुर्लभानि।** રાજગૃહના રાજા બિંબિસાર આગળ વ્યાપારિઓ કહે છે કે-**देवो वस्त्राधिपतिः स राजा रत्नाधिपति, तस्य वस्त्राणि दुर्लभानि। (દિવ્યાવદાન** પાન ૫૪૫)

ગનો નાશ થએલો જણાવ્યો છે જૈનકથામાં ઉદાયન અને અવદાનમાં રુદ્રાયણ રાજા ભિક્ષુ થાય છે તેનું મૃત્યુ તેના ઉત્તરાધિકારીની અનુમતિથી, દુષ્ટ અમાત્યો નિપજાવે છે એકમાં વિષપ્રયોગથી તે કરવામાં આવે છે અને બીજામાં શસ્ત્રાઘાતથી ઉત્તરાધિકારીના સંબંધમાં ફરક છે જૈનો તેને વૃદ્ધ રાજાનો ભાણેજ કહે છે, ત્યારે બૌદ્ધ પુત્ર કહે છે એક ઔરસ પુત્ર દ્વારા પોતાના જ જન્મદાતા પિતાનું આવું જઘન્ય કૃત્ય થાય તેના કરતા ભાણેજ દ્વારા તે કૃત્ય થાય તેમાં મનુષ્ય જાતિના રોજના વ્યવહારને વધારે બંધબેસતું લાગે ખરું (આ માત્ર એક સામાન્ય કથન છે, બાકી આવા દાખલાઓ જગતના ઇતિહાસમાં ઘણાએ મળી આવે છે તેથી એ કથન ઉપર ભાર મુકવાની આવશ્યકતા નથી) આ હકીકતને લગતો જે ઉલ્લેખ બન્ને પક્ષવાળાઓ કરે છે તેનું ભાવસામ્ય ખાસ જોવા જેવું છે રુદ્રાયણ રાજાને આવતો સાંભળીને શિખંડીના દુષ્ટ અમાત્યો તેને કહે છે કે—

देव श्रूयते वृद्धराजा आगच्छतीति। स कथयति प्रव्रजितोऽसौ किमर्थं तस्यागमन प्रयोजनमिति। तौ कथयतः-देव यन्नेदृशमपि राज्यं त्यक्तुं न शक्नोति स चिरं राज्यमभि रम्यत इति मृत पतत्। पुनरप्यसौ राज्यं कारयितुकाम इति।

शिखण्डी कथयति—यद्यसौ राजा भविष्यत्यहं स एव कुमारः को नु विरोध इति। तौ कथयतः -देव अप्रतिरूपमेतत्, कथं नाम समारामारब्धौ जनपदः अस्मिन्नर्क्षिणमस्यमानः राज्यं कारयित्वा पुनरपि कुमारवासेन वस्तव्यम्। स ताभ्यां विप्रलब्धः कथयति-किमत्र युक्तं देव प्रतिपत्तव्यमिति। तौ कथयतः देव प्रघातयितव्योऽसौ, यदि न प्रघातयसि नियतं कुशामात्यविप्रलब्धो देव प्रघातयतीति। न श्रुतं श्रुतम्—

पिता वा यदि वा भ्राता पुत्रो वा स्यादनिष्टकृत् ।
प्रयत्नेनापि तं हन्यात् वनस्था भूमिपधर्मः ॥[1]

એ જ ભાવને આચાર્ય હેમચંદ્ર પોતાના મહાવીરચરિત્રમાં આ પ્રમાણેના શબ્દોમાં પ્રકટ કરે છે—

ज्ञात्वोदायनमायान्तं केशिमाप्तमभणिष्यत।
निर्विण्णस्तपसामेष नियतं तव मातुलः ॥
ऋद्धं राज्यं समभ्येत्य तस्यैवानुगृह्य दधत्।
मर्म राज्यायमायातोऽभिध्यमीमां स्म मर्यथा ॥[2]

---

१ दिव्यावदान, પાન ૫૬૪

૨ આ બે શ્લોકો સાથે ક્ષેમેન્દ્રની અવદાનકલ્પલતામાના આ નીચેના શ્લોકો સરખાવવા જેવા છે—

प्रवाद प्रवृत्ते तस्मिन्नमात्यौ दण्डमुद्गरौ।
अतीतमूलागमनव्रती मूलनिभृतम् ॥ ८३ ॥
सचन भूपत देव प्रवाद माधुनिन्दित ।
वृद्धप्रव्रजितो राजा राज्यार्थी पुनरागत इति ॥ ८४ ॥

(અવદાનકલ્પલતા, ભાગ ૧ પાન ૯૯૫)

केशी वल्यन्यतो राज्य गृह्णात्वद्यापि कोऽन्यदम ।
गोपालस्य हि क. कोपो धन गृह्णाति चेद्गवी ॥
वक्ष्यन्ति मन्त्रिण पुण्यैस्तव राज्यमुपस्थितम् ।
प्रदत्त न हि केनापि राजधर्मोऽपि नेदृश ॥
पितुर्भ्रातुर्मातुलाद्वा सुहृदो वापरादपि ।
प्रसह्याप्याहरेद्राज्यं तदत्तं को हि मुञ्चति ॥[१]

रुद्रायणनी स्त्रीनुं नाम चन्द्रप्रभा छे त्यारे उदायननी स्त्रीनु नाम प्रभावती छे 'प्रभा' शब्द बन्नेमा जे अनुगत छे ते ध्यान खेंचे तेवो छे. पण ते करताये विशेष ध्यान खेंचवा लायक बाबत तो ए छे के-बन्ने कथाओमां राणीना नामनी अने राजानी वीणा वगाडवानी हकीकत तथा राजाने दुश्चिन्ह जोई राणीना आसन्न मरणनी वात जाणी लेवानी. राणीए पछी प्रव्रज्या लई लेवानी अने मरी गया पछी स्वर्गमांथी आवीने, करेली प्रतिज्ञा प्रमाणे, राजाने दर्शन देवानी ए विगेरे हकीकत अक्षरेअक्षर मळती आवे छे. सरखाववा माटे बन्नेनां संस्कृत अवतरणो आपु छु—

रुद्रायणो राजा वीणायां कृतार्थी चन्द्रप्रभा देवी नृत्ये । यावदपरेण समयेन रुद्रायणो राजा वीणां वादयति चन्द्रप्रभा देवी नृत्यति । तेन तस्या नृत्यन्त्या विनाशलक्षणं दृष्टं, स तामितश्चामुतश्च निरीक्ष्य सलक्षयति । सप्ताहस्यात्ययात् काल करिष्यति । तस्य हस्ताद् वीणा स्रस्ता भूमौ निपतिता । चन्द्रप्रभा देवी कथयति—देव मा मया दुर्नृत्यम् । देवि न त्वया दुर्नृत्यं, अपि तु मया तव नृत्यन्त्या विनाशलक्षण दृष्ट सप्तमे दिवसे तव कालक्रिया भवतीति । चन्द्रप्रभा देवी पादयोर्निपत्य कथयति-देव यद्येवं कृतोपस्थानाऽहं देवस्य, यदि देवोऽनुजानीयाद् अहं प्रव्रजेयमिति । स कथयति-चन्द्रप्रभे समयतोऽनुजानामि यदि तावत प्रव्रज्य सर्वक्लेशप्रहाणाद अर्हत्त्वं साक्षात्करोषि एष एव ते दुःखान्त. । अथ सावशेषसयोजना कालं कृत्वा देवेसूपपद्यसे देवभूतया ते ममोपदर्शयितव्यमिति ।[२]

आ ज हकीकत उदायन अने प्रभावतीना संबंधमां थएली जेनुं वर्णन हेमचंद्रना शब्दोमा जोईए.

तामन्यदार्चामर्चित्वा प्रमोदेन प्रभावती । पत्या समेता सगीतमविगीतं प्रचक्रमे ॥
तानोग्रामगतश्रव्य व्यक्तव्यञ्जनधातुकम् । व्यक्तस्वरं व्यक्तराग राजा वीणामवादयत् ॥
तीव्रव्रतपरिक्लिष्टः सभोगाभिमुखादर । लज्जां प्रव्रज्यया सार्द्ध त्यक्त्वा स पुनरेष्यति ॥
व्यक्तांगहारकरण सर्वांगाभिनयोज्ज्वलम् । ननर्त देव्यपि प्रीता लास्य तांडवपूर्वकम् ॥
राजाऽन्यदा प्रभावत्या न ददर्श शिरः क्षणात् । नृत्यन्त्त तत्कबन्ध तु ददर्शाजिकबन्धवत् ॥
